શ્રી ઉમાસ્વાતિવાચક વિરચિત

# તત્ત્વાર્થાધિગમસૂત્ર

## સ્વોપજ્ઞભાષ્ય + ટીકા + અનુવાદસહિત

## ભાગ-૨




શ્રુત સાગર

પ્રેરક-ગિરિવિહાર સંસ્થાના સફળ માર્ગદર્શક ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય હેમપ્રભસૂરીશ્વરજી મહારાજા



२५०० वर्ष प्राचीन श्री आदिनाथ प्रभु
श्री केशरवाडी तीर्थ - चेन्नई



દ્રવ્યગુણ પર્યાયથી જેમને તીર્થંકરોએ તીર્થની અનુજ્ઞા આપી
તેવા અનંત લબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામીને અનંતશઃ વંદના

॥ શ્રી અજાહરા પાર્શ્વનાથાય નમઃ ॥
॥ ણમોત્થુણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ ॥
॥ શ્રી મણિ-બુદ્ધિ-મુક્તિ-કમલ-કેશર-ચંદ્ર-પ્રભવચંદ્ર-હેમપ્રભસૂરિભ્યો નમઃ ॥

*૫૦૦ પ્રકરણના પ્રણેતા વાચકમુખ્ય*
*શ્રી ઉમાસ્વાતિવાચક વિરચિત*
*સ્વોપજ્ઞભાષ્યવિભૂષિત*
*ગંધહસ્તિ શ્રી સિદ્ધસેનગણિ કૃત ગંધહસ્તિ ટીકા અલંકૃત*
*હેમગિરા અનુવાદ સમન્વિત*

# તત્વાર્થાધિગમ સૂત્ર

## ભાગ - ૨

**✿ દિવ્યાશિષ ✿**

યોગનિષ્ઠ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **કેશરસૂરીશ્વરજી** મહારાજા
અધ્યાત્મયોગી પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **ચંદ્રસૂરીશ્વરજી** મહારાજા
પ્રશાંતમૂર્તિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **પ્રભવચંદ્રસૂરીશ્વરજી** મહારાજા

**કૃપાદૃષ્ટિ**

ભોપાલતીર્થોદ્ધારક ગચ્છાધિપતિ પૂજ્યપાદ
આચાર્યદેવ શ્રીમદ્ વિજય **હેમપ્રભસૂરીશ્વરજી** મહારાજા

**✿ અનુવાદક + સંપાદક ✿**

ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદેવ
શ્રીમદ્ વિજય **હેમપ્રભસૂરીશ્વરજી** મહારાજાના શિષ્ય
પંન્યાસ પ્રવર શ્રી **ઉદયપ્રભવિજયજી** ગણિ

**પ્રકાશક**

**શ્રી કેશર-ચંદ્ર-પ્રભવ-હેમ ગ્રંથમાલા**
**શ્રી વિજય કેશર-ચંદ્રસૂરીશ્વરજી ફાઉન્ડેશન, ગિરિવિહાર ટ્રસ્ટ**
**મુક્તિનગર, પાલિતાણા**

## મુખ્ય સંશોધક

પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય
અભયશેખરસૂરીશ્વરજી મહારાજા
વિદ્યાગુરુવર્ય પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય
કલ્યાણબોધિસૂરીશ્વરજી મહારાજા

## માર્ગદર્શક

વિદ્યાગુરુવર્ય પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય
જયસુંદરસૂરીશ્વરજી મહારાજા
વિદ્યાગુરુવર્ય પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય
યશોવિજયસૂરીશ્વરજી મહારાજા

આવૃત્તિ : પ્રથમ વિ. સં. ૨૦૭૨, ઈ. સ. ૨૦૧૬
મૂલ્ય : ૩૫૦/-

સર્વ હક્ક શ્રમણ પ્રધાન શ્રી જૈન સંઘને આધીન

## પ્રાપ્તિ સ્થાન

શા. પોપટલાલ મિશ્રીમલજી
૪૪, ગીરધરનગર સોસાયટી, શાહીબાગ, અમદાવાદ (ગુજ.)
ફોન : (૦૭૯) ૬૫૪ ૧૨૫ ૮૪

Shri Jayeshbhai / Shri Sainikbhai C/o. Shri Prasmal & Sons
Station Road, Opp. Clock Tower, DAVANGERE-577 001 (Karnatak)
M. : 094483 84023 / 098867 15371

ચેતનભાઈ જસાણી
'કેશવ', ૧/૪, સરદારનગર વેસ્ટ, કણસાગરા હોસ્પીટલ પાછળ,
ભગવાન મહાવીર સ્વામી ચોક (એસ્ટ્રોન સિનેમા ચોક), રાજકોટ-૩૬૦ ૦૦૧
મો. : ૯૪૨૭૨ ૨૧૬૯૯ / ૯૪૨૮૮ ૮૯૭૧૧

કૉમ્પ્યુરાઈટ/મુદ્રક : ગોડ'ઝ ગીફ્ટ, રાજકોટ-૩૬૦ ૦૦૧ મો. : ૯૪૨૭૨ ૨૧૬૯૯

II Shri Ajahara Parshwanathaay Namah II
II Namotthunam Samanassa Bhagavao Mahaveerassa II
II Shri Mani-Buddhi-Mukti- Kamal- Kesar- Chandra-Prabhavchandra-
Hemaprabhasuribhyo Namah II

The compiler of 500 scriptures
Vachak Mukhya Shri Umaswatiji Vachaka's

# Tattvarthadhigam Sutra

## Part - 2

**together with Swopagya (his own) Bhashya along with the Gandhahasti commentary written by Gandhahasti**
**Shri Siddhasen Gani**

### Divine Blessing

Yognishtha Pujyapaad Acharyadev
Shrimad Vijay **Kesarsurishwarji** Maharaja

Adhyatmayogi Pujyapaad Acharyadev
Shrimad Vijay **Chandrasurishwarji** Maharaja

Prashantmurti Pujyapaad Acharyadev
Shrimad Vijay **Prabhavchandrasurishwarji** Maharaja

### Merciful Vision

Bhopaltirthoddharak Gachchhadhipati Pujyapaad
Acharyadev Shrimad Vijay **Hemaprabhasurishwarji** Maharaja

### Translator + Editor

Pannyas Pravar **Udayprabhavijayji** Gani
Disciple of
Bhopaltirthoddharak Gachchhadhipati Pujyapad
Acharyadev Shrimad Vijay **Hemaprabhasurishwarji Maharaja**

### Publisher

Shri Kesar-Chandra-Prabhav-Hem Granthmala
Shri Vijay Kesar-Chandrasurishwarji Foundation,
Girivihar Trust, Muktinagar, Palitana (Gujarat) India

First Edition, Year 2016 A. D., Price Rs. 350/-
Copy Right : Shraman Pradhan Shri Jain Sangh

તત્ત્વાર્થાધિગમ સૂત્રના
દ્વિતીય ભાગનો પરિચય

## ગ્રંથાનુક્રમ


સુકૃતના સંપૂર્ણ લાભાર્થી . . . . . . . . . . . . . . . . . . ૫
ગ્રંથ સમર્પણ . . . . . . . . . . . . . . . . . . . . . . . ૬
અંતરના આશીર્વચન : પૂ. આ. શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મહારાજા . . . . ૭
નમઃ સ્યાદ્વાદવાદીને . . . પૂ. આ. શ્રી કલ્યાણબોધિસૂરીશ્વરજી મહારાજા . . . ૮
પ્રકાશકીય સ્ફૂરણા . . . . . . . . . . . . . . . . . . . . . ૯
ભૂમિકા . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૧૦
વિષય માર્ગદર્શિકા . . . . . . . . . . . . . . . . . . . . . ૨૦
પૂજયશ્રી તથા ગિરિવિહાર દ્વારા પ્રકાશિત પુસ્તકોની સૂચિ . . . . . . ૨૭
તત્ત્વાર્થાધિગમ સૂત્રની પ્રસાદી . . . . . . . . . . . . . . . ૨૮
તત્ત્વાર્થાધિગમ સૂત્ર-સટીક-સભાષ્ય-સાનુવાદ- અધ્યાય-૨ . . . . . . . ૧
પરિશિષ્ટ ૧થી૯ માર્ગદર્શિકા . . . . . . . . . . . . . . . . ૩૧૬
પરિશિષ્ટ ૧ થી ૯ . . . . . . . . . . . . . . . . . . . . ૩૧૭
પ. પૂ. યોગનિષ્ઠ આચાર્ય શ્રી વિજય કેશરસૂરીશ્વરજી મ. સા. દ્વારા રચિત રસભરપૂર પ્રકાશિત પુસ્તકોની સૂચિ . . . . . . ૩૪૧


અધ્યયનશીલ
પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોને તથા
જ્ઞાનભંડારોને ભેટ રૂપે મળશે.

આ પુસ્તક જ્ઞાન દ્રવ્ય દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ હોવાથી ગૃહસ્થોએ જ્ઞાનખાતામાં રકમ ભરીને પોતાની માલિકીમાં રાખવું.

# श्रुत - सुकृत के संपूर्ण लाभार्थी

नमुं सूरि राजा सदा तत्त्व ताजा

जिनेन्द्रागमे प्रौढ साम्राज्य भाजा

षड्वर्ग वर्गित गुणे शोभमाना

पंचाचारने पालवे सावधाना

पूज्यपाद गच्छाधिपति आचार्यदेव

**श्रीमद् विजय हेमप्रभसूरीश्वरजी महाराजा**

के शिष्यरत्न

**पूज्य पंन्यास प्रवर श्री उदयप्रभविजयजी म. सा. के**

## आचार्य पदारोहण के अभिवादनार्थ

**श्री आदिनाथ जैन श्वेतांबर मंदिर ट्रस्ट**

**केसरवाडी तीर्थ, चेन्नई - ६६**

एवं

प. पू. गच्छाधिपतिश्री के आज्ञानुवर्तिनी

सा. श्री विनयप्रभाश्रीजी के सुशिष्या

सा. श्री यशप्रभाश्रीजी के सुशिष्या

सा. श्री अरिहंतप्रभाश्रीजी की प्रेरणा से

श्री पुरिषादानीय पार्श्वनाथ सोमेश्वर जैन संघ

(सेटेलाईट) अमदावाद-१५

की ओर से प्रस्तुत ग्रंथ

**श्री तत्त्वार्थाधिगम सूत्र भाग -२**

के प्रकाशन में ज्ञाननिधि में से धनराशि समर्पण की गई है।

पोष शुक्ला - ८ रविवार दि. १७.१.२०१६ गोरेगांव - मुंबई

# સમર્પણ

ઉદારમના

બાલબ્રહ્મચારી

યુવાવયમાં અદ્ભુત વૈયાવચ્ચકારી

વૃદ્ધવયમાં વર્ષીતપાદિ ઉગ્ર તપશ્ચર્યાકારી

નિડરતા, નિખાલસતા, નિઃસ્પૃહતાદિ ગુણવૈભવના સ્વામી

કાવ્યમય શૈલીના વિશિષ્ટ પ્રવચન પ્રભાવક

અજાહરા પાર્શ્વનાથ પ્રભુના અપ્રતિમ પરમોપાસક

સંઘ સેવા વિચારક

સંસ્કૃત પાઠશાળા - આરાધના કેન્દ્રો - ભોજનશાળાદિ દ્વારા

ચતુર્વિધ શ્રી સંઘની અનુપમ સેવા - ભક્તિ - વૈયાવચ્ચ કરતી, તેમજ

અન્નક્ષેત્ર, ગૌશાળા, પાંજરાપોળ, કેન્સર હોસ્પીટલ આદિ દ્વારા

અનેક શાસન પ્રભાવક એવા અનુકંપા, માનવસેવા અને જીવદયાના કાર્યો કરતી

**ગિરિવિહાર સંસ્થાના સફળ માર્ગદર્શક**

મધ્યપ્રદેશની રાજધાની ભોપાલમાં પહાડ ઉપર મહાવીર સ્વામી

મહાતીર્થના સ્થાપક, પ્રતિષ્ઠાકારક

પંચ જિનેશ્વર કૈવલ્યધામ મહાતીર્થ (ઓગણજ-અમદાવાદ) પ્રેરક

પોતાના મહત્ત્વના કાર્યોને ગૌણ કરીને

અનેક પ્રખર વિદ્વાન સંયમીઓ પાસે મને અધ્યયન કરાવનાર

માતાની જેમ મારી ભૂલોને ઉદારતાથી માફ કરીને

વાત્સલ્ય-પ્રેમ-ઉષ્મા આપી મને નિર્મળ સંયમ માર્ગમાં આગળ વધારનારા

મારા જેવા અનેકોના ભવોદધિતારક

૨૫૦ સાધુ-સાધ્વીજી ભગવંતોના સારણા, વારણા આદિકારક

ગચ્છાધિપતિ પૂજ્ય ગુરુદેવ આચાર્ય દેવ શ્રીમદ્ વિજય

## હેમપ્રભસૂરીશ્વરજી મહારાજાને

આપશ્રીના ૮૪મા જન્મદિને સાદર સવિનય સબહુમાન સમર્પણ

કૃપાકાંક્ષી

भवदीयं भवद्भ्यः समर्पयामि

એ જ આપનો શિશુ

**ઉદયપ્રભવિજય**

## અંતરના આશીર્વચન

## શ્રુતના વધામણાં

ચતુર્ગતિરૂપ સંસારમાં પરિભ્રમણ કરી રહેલા મોહના કાળજાળ તાપથી સંતપ્ત માનવીને શ્રુતગંગા જ અનુપમ શીતલતા બક્ષે છે.

સર્વજ્ઞ પરમાત્મા શ્રી તીર્થંકરદેવ કથિત, શ્રી ગણધર ભગવંત રચિત, શ્રુતજળનો વિવિધ સ્વરૂપે સંગ્રહ કરી પૂર્વધર આદિ પૂર્વાચાર્યોએ આ જિનશાસનને સદા નવપલ્લવિત અને આજ સુધી જીવંત રાખેલ છે. એમાંય વળી હુંડા અવસર્પિણીકાળના પ્રભાવે બૌદ્ધિક મંદતાદિ દોષોને કારણે શ્રુતગ્રહણ અતિ કઠિન થઈ પડતા, જેમ યુગપ્રધાનાચાર્ય ભગવંત શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી આદિ પૂર્વાચાર્યોએ દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણકરણાનુયોગ અને ધર્મકથાનુયોગ રૂપ ૪ અનુયોગોમાં શ્રુતને વિભાજિત કરી શ્રુતપ્રાપ્તિને સુગમ કરી, જગત ઉપર મહાન ઉપકાર કરેલ છે; તેમ શ્રુતસંગ્રહ કળાના શિલ્પી એવા વાચક પ્રવર શ્રી ઉમાસ્વાતિજી મહારાજાએ સમસ્ત જૈન સંપ્રદાયોને સુસમ્મત એવા **તત્ત્વાર્થાધિગમ સૂત્ર**ની રચના કરી, જે સમગ્ર જૈન તત્ત્વામૃતના અર્ક = નિચોડ રૂપ છે.

જેના ઉપર શ્વેતાંબર દિગંબર આચાર્યોએ ખૂબ ખેડાણ, ટીકા રચવા દ્વારા કર્યું છે, એમાં શિરમોર ટીકા **ગંધહસ્તિ** સિદ્ધસેનીય છે, જે વર્તમાન કાળે **ગંધહસ્તિ મહાભાષ્ય** તરીકે ઓળખાય છે અને જે ગ્રંથ એક દાર્શનિક સ્વરૂપે પ્રતિષ્ઠિત છે. તેની પંક્તિઓની જટીલતાને લઈ કેટલાક સમયથી તેનુ વાંચન અલ્પ થઈ ગયું છે. એ પંક્તિઓની દુર્ગમતાને સુગમતાનું સ્વરૂપ આપવા આ ટીકાના રહસ્યોને પ્રગટ કરવાનું મહાભારત કાર્ય મારા પરમ વિનયી-વિદ્વાન શિષ્ય **પંન્યાસ શ્રી ઉદયપ્રભવિજયજી ગણિવર્યે** હાથમાં લીધું... અનેક પ્રાચીન તાડપત્ર અને હસ્તપ્રતિઓનું માધ્યમ લઈને ખૂબ ચીવટ અને ધીરજ સાથે પ્રથમ ભાગનું સંશોધન-સંપાદન-પ્રકાશન કર્યું.

**ડગલુ ભર્યું તે ભર્યું હવે પાછું ના હટવું, ના હટવું**..... એવા ઉત્સાહ અને ધૈર્ય સાથે અનુવાદ યાત્રા આગળ વધારી.

સમુદાય-શાસનના અનેક કાર્યો, વિહારો, પ્રભાવક ચાતુર્માસો આદિ સાથે અત્યંત વ્યસ્તતા વચ્ચે પણ બીજા અધ્યાયનો ભાવાનુવાદ પૂર્ણ કર્યો છે, જે મારા માટે અને સમુદાય માટે ગૌરવનો વિષય છે.

આ પરિશ્રમ સાધ્ય ભગીરથ કાર્યમાં **મુનિ શ્રી યુગપ્રભવિજયજી** આદિ સર્વ મુનિ ભગવંતો સહાયક બન્યા એ પણ ખૂબ અનુમોદનીય છે.

એમની ભાવના ભાવિમાં ક્રમશઃ દશે અધ્યાયનો અનુવાદ કરવાની છે. નિર્જરાલક્ષી આ મહાન શ્રુતકાર્ય શીઘ્રાતિશીઘ્ર નિર્વિઘ્નપણે સંપૂર્ણતાના શિખરને આંબે ! એવા મારા અંતરના શુભાશીષ એમને પાઠવું છું.

અને પ્રસ્તુત બીજા અધ્યાયના અધ્યયન-અધ્યાપન દ્વારા મુમુક્ષુ વર્ગ આત્મ કલ્યાણને સાધે એજ અંતરેચ્છા.

**- આચાર્ય વિજય હેમપ્રભસૂરિ**

# નમઃ સ્યાદ્વાદવાદીને

જૈન જગતના ચારે ફિરકાઓને માન્ય શાસ્ત્ર ''**શ્રી તત્ત્વાર્થ સૂત્ર**'' જયાં ગાગરમાં સાગર ઠલવાયો છે, એવા આ સૂત્રની ટીકા અતિ ગંભીર હોય તે સહજ છે. તેમા પણ પ્રખર આગમવાદી મહાવિદ્વાન એવા **શ્રી સિદ્ધસેનગણિ** દ્વારા રચિત ગંધહસ્તિ ટીકા હોય, પછી તો પૂછવું જ શું ? આ ટીકા જૈન ન્યાયનો શિરમોર ગ્રંથ ગણાય છે. પ્રાચીન ન્યાય શૈલી, વિષય ગાંભીર્ય, જટિલ પદાર્થો, શબ્દ સંક્ષેપ વગેરેને કારણે આ ટીકા દુર્ગમ બની છે.

**પંન્યાસ પ્રવર શ્રી ઉદયપ્રભવિજયજી** ગણિવર્યે આ ટીકાના રહસ્યોને પ્રગટ કરવાનું ભગીરથ અને અતિ વિકટ પરિશ્રમસાધ્ય કાર્ય હાથમાં લીધું. પોતાના ગુરુદેવશ્રી પ્રત્યે કૃતજ્ઞતાની અભિવ્યક્તિ કરતા તેમણે એ રહસ્યોદ્ઘાટન કરતી ગુર્જર અનુવાદનું નામ '**હેમગિરા**' રાખ્યું છે. પ્રથમ ભાગનું પ્રકાશન થયું, જાણે મોટા ભાગનું કાર્ય સંપન્ન થયું. કારણ કે તત્ત્વાર્થ સૂત્રનો પહેલો અધ્યાય જ મહાસાગર જેવો છે, એ વિદ્વજ્જગતમાં સુવિદિત છે. પૂ. પંન્યાસજીએ તેમાં જાણે બે હાથોથી મહાસાગર તરવા જેવો પરિશ્રમ કર્યો છે.

પણ શેષ અધ્યાયો પણ કાંઈ કમ નથી. રહસ્યોદ્ઘાટનની તેમની આ યાત્રા આગળ વધતી રહી. આજે બીજા ભાગનું પ્રકાશન થઈ રહ્યું છે. પૂ. પંન્યાસજીનો પરિશ્રમ તો તેઓ સ્વયં જ જાણતા હશે. દુર્ગમ પંક્તિઓ, તેમાં પણ કેટલાંય સ્થળે અશુદ્ધિઓ, શબ્દસંક્ષેપ વગેરે વિકટતાઓમાં ધીરજ ખૂટી ન જાય તો જ નવાઈ. તો પણ અથાગ પરિશ્રમ સાથે અનેક હસ્તપ્રતો-તાડપત્રીઓમાંથી સંશોધન કરવા પૂર્વક તેમણે આ કાર્યને ન્યાય આપવામાં કોઈ કસર છોડી નથી.

પોતાનાથી શક્ય સર્વ પ્રયત્નો કર્યા પછી પણ જે પંક્તિઓના ખંભાતી તાળા ન જ ખુલ્યા, તેની ચાવીઓની તેમણે મારી પાસે માંગણી કરી. હા, આ મારું સૌભાગ્ય જરૂર હતું, પણ આ કાર્ય અત્યંત કઠિન હતું. આમ છતાં જિનશાસનના એક મહાન સર્જન પર થઈ રહેલા એક અતિ ઉપયોગી કાર્યમાં યોગદાન આપવાની ભાવના સાથે યથાશક્તિ પ્રયત્નનો પ્રારંભ કર્યો. કાર્ય જેટલું જટિલ હતું, એટલો જ તે કાર્ય કરવાનો આનંદ પણ આવ્યો છે. સંગતિ, સમન્વય અને સમાધાનમયી દૃષ્ટિ સાથે તે દુર્ગમ અંશોનું પરિશીલન કરવા પૂર્વક મારી મતિ અનુસાર મેં યોગદાન આપવા પ્રયત્ન કર્યો છે. આમ છતાં છદ્મસ્થસુલભ ક્ષતિઓ, મતિમાંદ્ય, અનાભોગ વગેરેને કારણે અન્યથા પ્રરૂપણા થઈ હોય તો તેનું મિચ્છામિ દુક્કડમ્ માંગું છુ.

સંઘ- શાસનના અનેક કાર્યો, વિહારો, શિબિરો, પ્રભાવક ચાતુર્માસો આદિ સાથે અત્યંત વ્યસ્તતા વચ્ચે પણ પૂ. પંન્યાસજી આવા અદ્ભુત સર્જન કરી રહ્યા છે. તેની ખૂબ-ખૂબ અનુમોદના સહ ફરી ફરી આવા સર્જનો પ્રાપ્ત થતાં રહે એવી શુભાભિલાષા સાથે વિરમું છું.

**માગસર સુદ -૧૧**
**વીર સંવત્ ૨૫૪૨**
**વિ. સંવત્ ૨૦૭૨**

**પ. પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ**
**શ્રીમદ્વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી શિષ્ય**
**આચાર્ય વિજય કલ્યાણબોધિસૂરિ**

# પ્રકાશકીય સ્ફૂરણા

**પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રી વિજય હેમપ્રભસૂરીશ્વરજી મ. સા.** ના શિષ્યરત્ન તત્ત્વબોધદાયી પ્રવચનકાર **પંન્યાસ પ્રવર પૂ. શ્રી ઉદયપ્રભવિજયજી મ. સા.**ના આચાર્યપદારોહના મંગલ પ્રસંગે

સકલ શ્રી સંઘ સમક્ષ સ્વોપજ્ઞભાષ્ય અને સિદ્ધસેનીય ગંધહસ્તિટીકાના અનુવાદ સહિત **તત્ત્વાર્થાધિગમ સૂત્રના** દ્વિતીય અધ્યાયને પ્રકાશિત કરતાં અમે અત્યંત હર્ષની લાગણી અનુભવીએ છીએ.

**૫૦૦ ગ્રંથના સર્જનહાર વાચકપ્રવર પૂ. શ્રી ઉમાસ્વાતિજી મહારાજે તત્ત્વાર્થ સૂત્ર ભાષ્યની** રચના કરેલ છે. જેમાં મોક્ષમાર્ગ રૂપ ધર્મની શરૂઆતથી માંડી મોક્ષ પ્રાપ્તિ સુધીનો માર્ગ, એટલે કે આત્મા પરમાત્મા સ્વરૂપ બને તે પર્યંતની આત્મ સાધના માટે ઉપયોગી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનું સ્વરૂપ વગેરે વિષયોનું આ સૂત્રમાં નિરૂપણ કરવામાં આવેલ છે. કુલ ૧૦ અધ્યાયમાં આ સૂત્ર વિભાજિત છે.

આ સૂત્ર + સ્વોપજ્ઞ ભાષ્ય ઉપર, ગંધહસ્તિ તરીકે ઓળખાતા **પૂ. શ્રી સિદ્ધસેન ગણિવર્યે** કુલ **૧૮,૨૮૨** શ્લોક પ્રમાણ ગંધહસ્તિ ટીકા રચેલી છે. આ સુંદર ટીકા સૂત્ર અને ભાષ્યના રહસ્યોને ખુલ્લા કરી ગ્રંથને સ્પષ્ટ કરે છે. તેમ છતાં ટીકાની ગહનતા, વિશાળતાને કારણે કેટલાક મુમુક્ષુ વર્ગને પદાર્થ હૃદયંગમ ન થાય તે સ્વભાવિક છે. તેથી જિજ્ઞાસુ વાચક વર્ગને સ્પષ્ટ વિશદ બોધ થાય તે ધ્યાનમાં રાખી યોગનિષ્ઠ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ **વિજય કેસરસૂરીશ્વરજી મહારાજા**ના સમુદાયના ગચ્છાધિપતિ પરમોપકારી પૂજ્યપાદ ભોપાલ તીર્થોદ્ધારક, આચાર્ય ભગવંત શ્રીમદ્ **વિજય હેમપ્રભસૂરીશ્વરજી મહારાજા**ના શિષ્યરત્ન પૂજ્ય પંન્યાસ **પ્રવર શ્રી ઉદયપ્રભવિજયજી** ગણિવર્યે ''હેમગિરા'' નામે ગુજરાતી વ્યાખ્યા = અનુવાદ કરેલ છે.

આ સરલ + સુબોધ અનુવાદને વાંચ્યા પછી વાસ્તવમાં તે હેમગિરા છે એવું જણાયા વગર રહેશે નહિ. પ્રાચીન મુદ્રિત પ્રકાશનોમાં રહેલી અશુદ્ધિઓને ૧૮ હસ્તલેખિત પ્રતો દ્વારા દૂર કરી મૂળગ્રંથ તથા ટીકાને શુદ્ધ કરવાનું અને અધ્યેતા વર્ગને કુશલ અધ્યાપકની ગરજ સારે તે રીતે સ્પષ્ટ ગુજરાતી વ્યાખ્યા લખવાનું એક અત્યંત આવશ્યક અને ઉપયોગી કાર્ય પંન્યાસશ્રીએ કરેલ છે.

**પૂજ્યપાદ ગચ્છાધિપતિ આચાર્ય દેવ શ્રીમદ્ વિજય હેમપ્રભસૂરીશ્વરજી મ. સા.**ના મંગલ આશીષથી **યોગનિષ્ઠ આચાર્ય દેવ શ્રીમદ્ વિજય કેસરસૂરીશ્વરજી મહારાજા**ના હસ્તે આલેખિત ધ્યાનયોગ, ગૃહસ્થ ધર્માદિ ગ્રંથોનું પ્રકાશન, પુનઃ મુદ્રણ તેમજ કલ્પસૂત્ર, પંચસૂત્ર, ધર્મરત્નપ્રકરણાદિ ગ્રંથોનું સાનુવાદ પ્રકાશન કરાવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. આ જ શૃંખલામાં આજના સમયને અનુરૂપ, સમસ્ત જૈન સમાજને આદરણીય એવા આ **તત્ત્વાર્થાધિગમ સૂત્રના શ્રી સિદ્ધસેનીય ટીકા** (ભાગ-૨)ના સાનુવાદ પ્રકાશનનો લાભ **પૂજ્યશ્રીએ** અમને આપ્યો તે બદલ અમે ગૌરવ અનુભવીએ છીએ.

પ્રસ્તુત પ્રકાશનમાં આર્થિક સહયોગ આપનાર **શ્રી આદિનાથ જૈન શ્વેતાંબર મંદિર ટ્રસ્ટ, (કેશરવાડી તીર્થ) - ચેન્નઈ - ૬૬** ધન્યવાદને પાત્ર છે.

પ્રાન્તે પ્રસ્તુત **તત્ત્વાર્થાધિગમ સૂત્રના** અધ્યયન-પરિશીલન અને પરિણમન દ્વારા સહુ કોઈ પરમપદને વહેલી તકે પ્રાપ્ત કરે એ જ મંગલ કામના.

**શ્રી વિજય કેશર-ચંદ્રસૂરીશ્વરજી ફાઉન્ડેશન, ગિરિવિહાર ટ્રસ્ટ - પાલિતાણા**

## ભૂમિકા

### ❀ તત્ત્વાર્થાધિગમ સૂત્ર = આર્હત્ પ્રવચન સંગ્રહ ❀

તત્ત્વાર્થાધિગમ સૂત્રની પ્રાચીન હસ્તપ્રત અને તાડપત્રોમાં એનું "**આર્હત્ પ્રવચન સંગ્રહ**" એવું પણ એક અપર નામ જોવા મળે છે એ. ખરેખર યથાર્થ છે એવો અનુભવ આ બીજા અધ્યાયની પ્રસ્તુત બૃહદ્ ટીકાનો અનુવાદ કરતી વખતે થયો. કેમકે એમાં સૂત્રમાં છુપાયેલા અનેક સિદ્ધાંતો પ્રગટ કરવામાં આવે છે. એથી જ "**આગમ દરિયો તત્ત્વ રત્નોથી ભરિયો**" એવું કહેવાની જેમ "**તત્ત્વાર્થ દરિયો સિદ્ધાંત રત્નોથી ભરિયો**" એવું કહેવાનું પણ મન થઈ જાય છે. સિદ્ધાંતોનું રહસ્યોદ્ઘાટન એવી ખૂબીથી આ બૃહદ્ ટીકામાં કરવામાં આવ્યું છે કે જેથી આ બૃહદ્ ટીકાને "**ગંધહસ્તિ**" ટીકા તરીકેની મળેલી જે પ્રસિદ્ધિ છે તે સાચે જ અહીં છતી થતી જણાય છે. "**તત્ત્વાર્થાધિગમ સૂત્ર**"એ "**રત્નપોટલી**" સમાન છે. એના નાના અલ્પસંખ્યક સૂત્રો એ અલ્પ ભારવાળા રત્નો સમાન છે. એની મોટામાં મોટી ગંધહસ્તિ જેવી ટીકાઓ એ રત્નોના મૂલ્ય સમાન છે.

**રત્ન તણી જેમ પોટલી, ભાર અલ્પ બહુ મૂલ્ય।**
**૪૫ આગમનો સાર એ, સૂત્ર એહ તેણે તુલ્ય॥**

A. તત્ત્વાર્થાધિગમ સૂત્રનું મહત્ત્વ
B. તત્ત્વાર્થાધિગમ સૂત્રની વિષય-વ્યાપકતા
C. વાચકશ્રી ઉમાસ્વાતિજીની ઉજ્જ્વલ જીવન ઝલક
D. વાચક શબ્દનો તાત્પર્યાર્થ
E. ૫૦૦ ગ્રંથોના રચયિતા વાચકશ્રી
F. વાચકશ્રીની નમ્રતા
G. શ્રીમદ્ વાચક ઉમાસ્વાતિશ્રીજીનો સમય
H. તત્ત્વાર્થ સૂત્રકારનો સંપ્રદાય
I. તત્ત્વાર્થાધિગમ સૂત્રનું ભાષ્ય સ્વોપજ્ઞ છે
J. તત્ત્વાર્થ સૂત્રની ઉપલબ્ધ શ્વેતાંબરીય ટીકા
K. ગુજરાતી વગેરે ભાષામાં અનુવાદિત તત્ત્વાર્થ સૂત્ર અને ભાષ્ય
L. તત્ત્વાર્થ સૂત્રની ઉપલબ્ધ દિગંબરીય ટીકા
M. તત્ત્વાર્થ સૂત્રની અનુવાદિત દિગંબરીય ટીકા
N. તત્ત્વાર્થ સૂત્રની અનુપલબ્ધ શ્વેતાંબરીય ટીકા તથા અનુવાદો
O. સિદ્ધસેન ગણિ વિરચિત ટીકા
P. 'ગંધહસ્તિ' એ કોનું નામ ?
Q. 'ગંધહસ્તિ' પદની મિમાંસા
R. વિવિધ અપેક્ષાએ 'ગંધહસ્તિ' પદ
S. સંશોધન અંગેની માહિતી
T. ઉપલબ્ધ હસ્તપ્રતિઓનો અહેવાલ
U. સંપાદન અંગે કેટલાક સૂચન
V. પરિશિષ્ટોની સમજ
W. હેમગિરાની રચના વિષે
X. ભૂમિકાની પાર્શ્વભૂમિ
Y. ઉપકારીઓનું મંગલ સ્મરણ
Z. ભૂમિકામાં ઉપયુક્ત સાહિત્ય

આ A to Z સુધીના વિષયોની વિસ્તૃત ચર્ચા/વિચારણા પ્રથમ ભાગની ભૂમિકામાં કરી દીધી છે. તે ત્યાંથી જ જોઈ લેવા ભલામણ છે. વિસ્તારના ભયથી અહીં ફરી લખતા નથી.

## ❈ તત્ત્વાર્થ તીર્થની તારક યાત્રા ❈

પ્રથમ અધ્યાય નવરંગપુરામાં પ્રકાશિત થયો હતો. પછી **નવરંગપુરા (અમદાવાદ)**થી **૧) વાપી, ૨) ચેન્નઈ, ૩) બેંગલોર, ૪) વિજયવાડા, ૫) મૈસૂર, ૬) દાવણગિરિ, ૭) ચેન્નઈ, ૮) ભાવનગર, ૯) ઈરલા-મુંબઈ, ૧૦) ગોરેગાંવ-મુંબઈ** આમ ૧૦ વર્ષની સંયમ અને વિહાર યાત્રા વચ્ચે વધુ વ્યસ્તતા છતાં તત્ત્વાર્થ રૂપ જ્ઞાન તીર્થની તારક અનુવાદ યાત્રા ખૂબ જ મંદગતિએ ચાલુ જ રહી. જેથી દેવગુરુના પાવન અનુગ્રહે તથા ચતુર્વિધ શ્રીસંઘના સહાયક બળે આ બીજા અધ્યાયના સંશોધન, સંપાદન અને અનુવાદનું કાર્ય સંપૂર્ણ થયું.

## ❈ શુભસ્ય શીઘ્રમ્ ❈

આમ તો પૂર્વે એક સાથે બધા અધ્યયનો પ્રકાશિત કરવાની ગણતરી હતી પણ એ બધાને એક સાથે પ્રકાશિત કરતાં ઘણો સમય લાગી જાય તેમ હોવાથી, અને પ્રથમ અધ્યાયના અધ્યેતા વર્ગનો શીઘ્રાતિશીઘ્ર દ્વિતીય ભાગ પ્રકાશિત કરવાનો અત્યાગ્રહ હોવાથી તૈયાર થતાંની સાથે આ પ્રકાશિત કરાય છે. ત્રીજો અને ચોથો અધ્યાય પ્રેસમાં છે અને પાંચમા અધ્યાયના અનુવાદનું કાર્ય મંદગતિએ ચાલી રહ્યું છે.

## ❈ ગાગરમાં સાગર ❈

પ્રથમ અધ્યાયના અનુવાદ પ્રકાશન પછી જયારે બીજા અધ્યાયનું કામ હાથમાં લીધું ત્યારે એમ હતું આ તો ફટાફટ થઈ જશે કેમકે જે **પ્રમાણ** પદાર્થો હતા તે તો પ્રથમ અધ્યાયમાં કહેવાઈ ગયા. હવે તો બધા **પ્રમેય** પદાર્થો જ આવવાના છે. પ્રાયઃ કરીને જે જટિલતા અને ક્લિષ્ટતા પ્રમાણ પદાર્થોમાં હોય છે તે પ્રમેય પદાર્થોમાં હોતી નથી. માટે આ બીજા અધ્યાયનું કાર્ય તો શીઘ્રતાથી થઈ જશે એવું લાગતું હતું. પણ અમારી આ કલ્પના ભાંગીને ભુક્કો થઈ ગઈ. કેમકે જેમ જેમ કાર્ય કરતાં ગયા તેમ તેમ અનેક નવી નવી ગુંચવણો ઉભી થવા લાગી. ગાગર સમજી પ્રવેશ્યા હતા પણ આ તો સાગર નિકળ્યો.

## ❈ श्रेयांसि बहुविघ्नानि ❈

૧) એક બાજુ આ ક્લિષ્ટ ટીકાની ઉભી થતી નવી નવી ગુંચવણો કે જેને લીધે એકને ઉકેલીએ ત્યાં બીજી **૧૩** તૈયાર થઈ જાય.

૨) બીજી બાજુ અવારનવાર આવી પડતી ચોમાસા, છ'રી' પાલિત સંઘ, નવ્વાણું, ઉપધાન, આવાસીય શિબિરો, સંસ્કાર સદન, પ્રતિષ્ઠા, દીક્ષા, જોગ, પદવી વગેરે શાસન કાર્યોની જવાબદારીઓ. જેથી આ કાર્ય માટે જોઈએ તેટલો સમય જ ન મળે. સમય ક્યાંથી કાઢવો એના માટે દિગ્મૂઢ થઈ જતા.

૩) ત્રીજી બાજુ દક્ષિણના વિહારોમાં એક પણ સુવ્યવસ્થિત અને સમૃદ્ધ જ્ઞાન ભંડારનો અભાવ કે જેથી રેફરન્સ આદિ માટે આવશ્યક ગ્રંથો/પુસ્તકો કાંઈ ન મળે.

૪) ચોથી બાજુ દક્ષિણના વિહારોમાં સંવિગ્ન-ગીતાર્થ મહાપુરુષોનો સંપર્ક ઘણો ઓછો જેથી કાંઈ પણ શંકા-સમાધાન ન થઈ શકે. આમ ચારેબાજુથી એવા તો ફસાણા કે વાત ન પૂછો.

૫) એમાં અધૂરામાં પૂરું પ્રસ્તુત કાર્ય કરી શકે તેવા અનુભવી મુદ્રણ કર્તા પણ ન મળ્યા જેથી વિલંબ થતો રહ્યો.

૬) દક્ષિણ બાજુના વિહારોમાં કોઈ ગ્રંથ જોઈતો હોય, કોઈ જ્ઞાની ગુરુભગવંતોનું માર્ગદર્શન જોઈતું હોય કે ટાઈપસેટીંગ કરાવવું હોય તો એ બધા માટે ગુજરાતમાં જ **Contact** કરવો પડે. ત્યાંથી એ બધું મંગાવતા/મોકલતા સહજતયા **૧-૨** મહિના પણ ઘણીવાર થઈ જતા.

૭ ) સાધુઓને પાઠો, વાચના, વ્યાખ્યાનો આદિ પ્રવૃત્તિઓમાં પણ ધાર્યા કરતાં વધારે સમયનું વપરાવું.

## ❈ उद्यमेनहि सिद्धयन्ति कार्याणि न मनोरथैः ❈

આ બધા કારણોસર કાચબાની ગતિએ ધીમે ધીમે કાર્ય ચાલતું હતું. એ રીતે આગળ વધતા વધતા કોઈને કોઈ એવો **Short cut** નાનો રસ્તો જડી જતો કે જેનાથી કયારેક ધાર્યા કરતાં વધુ પ્રગતિ થઈ જતી, જેથી પાછો ઉદ્યમમાં ઉત્સાહ, ઉમંગ ભળી જતો.

## ❈ सदा पृच्छकेन भाव्यम् ❈

૧) કેટલાક સ્થાને એવા પદાર્થો આવ્યા કે જેનો સંપ્રદાય જ હમણાં મળતો નથી. એવા કેટલાક જટિલ સ્થાનોનું સમાધાન મહાગીતાર્થ મહાપુરુષોને પૂછાવીને કર્યું જેમકે કેવલદર્શનની ચર્ચા, અજાપાટકનું દ્દષ્ટાંત, નરક અને તિર્યંચોમાં ઔપશમિક ભાવને છોડી ચાર ભાવને સ્વીકારવાની વાત વગેરે.

## ❈ बुद्धे फलं तत्त्वविचारणं ❈

૨) કેટલાક ઠેકાણે એવા ગંભીર પદાર્થો આવ્યા કે જેના ઉકેલ ખૂબ દિવસો સુધી ઉહાપોહ-ચિંતન કરતાં કરતાં છેવટે જડ્યા, જેમકે ભાવોના ક્રમભેદ અને સંખ્યાભેદનું પ્રયોજન.

## ❈ પાનું ફરે સોનું ખરે ❈

૩) કેટલાક સ્થાનો એવા અશુદ્ધ આવ્યા કે જેમાં લહીયાઓની અશુદ્ધિ કારણ હતી જેને ઉકેલવા માટે અનેક હસ્તપ્રતોને ખૂબ ઉથલાવવી પડી, જેમકે અનુશ્રેણિ ગતિઃ, પાંચ શરીરોના **૧૩** વિકલ્પોમાંથી **૧૨**મો વિકલ્પ (પૃષ્ઠ-૨૩૮) વગેરે.

## ❈ વાંચે પણ ન કરે વિચાર, તે પામે નહિ સઘળો સાર ❈

૪) કેટલાક સ્થાનો એવા મતભેદવાળા આવ્યા કે જેના અર્થ બેસાડવા તે બધા મતાંતરોમાં ઉંડા ઉતરવું પડ્યું, જેમકે લેશ્યા અંગેના ૩ મત દર્શાવ્યા છે.

૫) કેટલાક સ્થાન એવા આવ્યા કે જેમાં વિસ્તૃત બાબતોને ''**આદિ**'' શબ્દથી ભલામણ

કરી ટીકાકારશ્રીએ કહી દીધી. જેના ગર્ભિત અર્થ કાઢવા માટે **પન્નવણા, લોકપ્રકાશ** આદિ આકર ગ્રંથોનો સહારો લેવો પડ્યો, જેમકે વનસ્પતિકાય આદિના ભેદના પ્રતિપાદનમાં શરૂઆતના ભેદો કહ્યા પછી બાકી રહેલાનો નિર્દેશ 'આદિ' પદથી કરી દીધો. (પૃષ્ઠ-૮૮)

## ❈ स्याद्वादमुद्रानतिभेदि वस्तु ❈

૬) કેટલાક સ્થાને એવો પૂર્વાપર વિરોધ આવ્યો કે જેનો સમન્વય કરવા અનેક અપેક્ષાઓ/નયો/દષ્ટિકોણોનો સહારો લેવો પડ્યો, જેમકે સાન્નિપાતિક ભાવોના અસંભવિત **૧૫** વિકલ્પો (પૃષ્ઠ-૭૦) ઇત્યાદિ.

## ❈ साधवः शास्त्रचक्षुषः ❈

૭) કેટલાક એવા ક્લિષ્ટ સ્થાનો આવ્યા જેના અર્થ બેસાડવા વ્યાકરણ અને બીજા ગ્રંથો / ટીકાઓનો પણ સહારો લેવો પડ્યો, જેમકે "**लोमपक्षाणां**" વગેરે પ્રયોગો (પૃષ્ઠ-૨૦૦) તથા આહારક શરીર બનાવવાના ૪ પ્રયોજનો. (પૃષ્ઠ-૨૫૪)

૮) કેટલાક એવા સ્થાનો આવ્યા જેમાં તુલના રૂપે **તત્ત્વાર્થ સૂત્ર**ની **હારિભદ્રીય** આદિ **શ્વેતાંબરીય** અને **રાજવાર્તિક** આદિ **દિગંબરીય** ટીકાઓનો તેમજ બીજા ગ્રંથોના પણ અવતરણો પદાર્થની સ્પષ્ટતા અને બુદ્ધિની વિશદતા માટે આપવા ઉપયોગી જણાયા, જેમકે પૃથ્વીકાય આદિમાં જીવતત્ત્વની સિદ્ધિ (પૃષ્ઠ-૮૭) પાંચ ઇન્દ્રિયો કરતાં વધુ ઇન્દ્રિયો માનનારાઓનું નિરાકરણ - (પૃષ્ઠ-૯૫)

આમ બીજા અધ્યાયની અનુવાદ યાત્રામાં પસાર થતાં એ અનુભવ થયો કે **ગંધહસ્તિ પૂ. શ્રી સિદ્ધસેન ગણિજી**ની ટીકાના પદાર્થો સમજવા, એનું રહસ્ય તાત્પર્ય પકડવું એ અતિશય કપરું છે. આ ગ્રંથ ઉપર કોઈએ પણ આજ સુધી ભાષાંતર કર્યું નથી. આ ટીકાનો પ્રથમવાર અભ્યાસ કર્યો ત્યારે તો ઘણાં બધા પદાર્થો સમજાયા જ ન હતા પણ જેમ જેમ વધુને વધુ અભ્યાસ થતો ગયો, તેમ તેમ આ ગ્રંથના પદાર્થો વધુને વધુ સ્પષ્ટ થવા લાગ્યા. આમ આ ગ્રંથનું ભાષાંતર કરવામાં મુખ્યતયા નીચે લખાતા ૩ પરિબળોનો સહારો લેવો પડ્યો.

## ❈ वादे वादे जायते तत्त्वनिर्णयः ❈

૧) **તત્ત્વાર્થ સૂત્ર**ની અન્ય **શ્વેતાંબરીય** અને **દિગંબરીય** ટીકાઓ તેના વિવરણો, લોકપ્રકાશ, આર્હતદર્શન દીપિકા આદિ બીજા વિસ્તૃત ગ્રંથોનો આધાર.

૨) આગળ-પાછળનો વિચાર અને વારંવારનું ચિંતન/પરિશીલન.

૩) વર્તમાનના અનેક મહાગીતાર્થ વિદ્વાન મહાત્માઓને અને પંડિતવર્યોને પૃચ્છા.

## ❈ बहुस्सुअं पज्जुवासेज्जा ❈

પૂજ્યપાદ સિદ્ધાંત દિવાકર ગચ્છાધિપતિ **આચાર્યદેવ શ્રી જયઘોષસૂરીશ્વરજી મ. સા.**

પૂજ્યપાદ સૂક્ષ્મપ્રજ્ઞાના સ્વામી **આચાર્યદેવ શ્રી અભયશેખરસૂરીશ્વરજી મ. સા.** અને

પૂજ્યપાદ શાસન પ્રભાવક, વિદ્યાદાતા **આચાર્યદેવ શ્રી કલ્યાણબોધિસૂરીશ્વરજી મ. સા.**

તેઓશ્રી દ્વારા શાસનના અનેક કાર્યોમાં તેમજ પોતાના ચાલતા શ્રુત સંશોધન આદિ કાર્યોમાં વ્યસ્ત હોવાથી સંપૂર્ણ ભાષાંતર તપાસી આપવું શકય નહોતું, તેમ છતાં જેઓશ્રીએ શ્રુત પ્રત્યેની ભક્તિ અને મારા પ્રત્યેની લાગણીથી તે તે ક્લિષ્ટ પદાર્થોમાં ખૂબજ સુંદર સ્પષ્ટ શાસ્ત્રાનુસારી સમાધાનો દર્શાવ્યા. શાસ્ત્રીય દૃષ્ટિએ સંદિગ્ધ સ્થાનો તપાસી આપવાનું ભગીરથ કાર્ય કરી આપી ખૂબ જ ઉપકાર કર્યો છે. એ રીતે અનુવાદની ઉપાદેયતામાં જબરદસ્ત વધારો કર્યો છે. શાસ્ત્રીય પદાર્થો ઉપરનું તેઓશ્રીનું અપ્રતિમ પ્રભુત્વ જોઈ હૈયામાં હર્ષ ઉછળવા લાગ્યો.

## ❈ परोपकाराय सतां विभूतयः ❈

પૂજ્યપાદ **સિદ્ધિસૂરિ બાપજી મ. સા.**ના પ્રાચીન સાહિત્ય સંશોધક **આચાર્યદેવ શ્રી મુનિચંદ્રસૂરીશ્વરજી મ. સા.**ની આજ્ઞા-સૂચના અનુસાર એમના સમુદાયના વૈયાવચ્ચી, વિદૂષી, નિઃસ્પૃહી **સાધ્વી ભગવંતે** (ક્યાંય પોતાનું નામ નહીં આપવાની શરત સાથે) આખુંય સટીક ભાષાંતર સૂક્ષ્મતાથી તપાસી, મૂલ્યવાન સૂચના, સુધારા-વધારા કરી આપી જે સહાયક ભાવ દર્શાવ્યો તે કદી ભૂલાય તેમ નથી.

## ❈ संहति कार्यसाधिका ❈

મારા નિમ્નલિખિત સહવર્તી, અંતેવાસી, વિદ્યાશિષ્ય એવા સાધુઓએ મહાન કાર્યને પોતાના સ્વાધ્યાયનો જ એક અંગ બનાવી આ આખુંય ભાષાંતર, સંપાદન, સંશોધન કાર્યમાં મહત્ત્વનો સિંહફાળો આપ્યો છે. તેમજ સમુદાયવર્તી સાધ્વીજી ભગવંતોનો સહયોગ આ કાર્યનું ચાલક બળ છે.

આટલી વિશાળ ઉંડી ટીકાનું ભાષાંતર કરવામાં છદ્મસ્થતા આદિ દોષોના કારણે ભૂલો થવાની શકયતા રહે જ. એ જો કોઈ સારી રીતે અક્ષરશઃ તપાસીને ન આપે તો એ છપાવવું શકય ન બને. પણ આ સાધુ-સાધ્વીજી ભગવંતોએ ધીરજતાપૂર્વક સૂક્ષ્મદષ્ટિથી તપાસી આપી ખૂબ સહયોગ આપી ઉપકાર કર્યો છે. એમણે પણ ભાષાંતરમાં જયાં જયાં ક્ષતિઓ જણાઈ તે મને જણાવી, એ ક્ષતિઓ દૂર કરવામાં મદદ કરી છે.

## ❈ संघे शक्ति कलौ युगे ❈

**સંશોધન - સંપાદન કાર્યમાં સહયોગી મહાત્માઓના શુભ નામો : ૧) મુનિરાજ શ્રી યુગપ્રભવિજયજી મ. સા., ૨) મુનિરાજ શ્રી નિર્મોહપ્રભવિજયજી મ. સા., ૩) મુનિરાજ શ્રી દીક્ષિતપ્રભવિજયજી મ. સા., ૪) મુનિરાજ શ્રી અભ્યુદયપ્રભવિજયજી મ. સા., ૫) મુનિરાજશ્રી અર્પણપ્રભવિજયજી મ. સા., ૬) મુનિરાજશ્રી સમર્પણપ્રભવિજયજી મ. સા., ૭) મુનિરાજશ્રી સૌમ્યપ્રભવિજયજી મ. સા., ૮) મુનિરાજશ્રી ધન્યપ્રભવિજયજી મ. સા., ૯) મુનિરાજશ્રી**

**ગોયમપ્રભવિજયજી મ. સા., ૧૦) મુનિરાજશ્રી યશસ્વીપ્રભવિજયજી મ. સા.**

અમારા યોગનિષ્ઠ **આ. પૂ. શ્રી કેશરસૂરીશ્વરજી મ. સા.**ના સમુદાયના **સા. શ્રી વજ્રસેનાશ્રીજી મ. સા.**ના શિષ્યા **સા. શ્રી વિરતિધરાશ્રીજી મ. સા., સા. શ્રી ગુપ્તિધરાશ્રીજી મ. સા., સા. શ્રી આગમરસાશ્રીજી મ. સા., સા. શ્રી હેમરત્નાશ્રીજી મ. સા., સા. શ્રી હર્ષગુણાશ્રીજી મ. સા.**ના શિષ્યા **સા. શ્રી જયરત્નાશ્રીજી મ. સા., સા. શ્રી કાવ્યરત્નાશ્રીજી મ. સા., સા. શ્રી જિતરત્નાશ્રીજી મ. સા., સા. શ્રી યશપ્રભાશ્રીજી** મ.સા.ના શિષ્યા **સા. શ્રી અરિહંતપ્રભાશ્રીજી મ. સા., સા. શ્રી વિરતિપ્રભાશ્રીજી મ. સા., સા. શ્રી કીર્તનપ્રભાશ્રીજી મ. સા. પૂ. શ્રી રામસુરીશ્વરજી** ડહેલાવાળાના સમુદાયના **વિદુષી સા. શ્રી આગમરત્નાશ્રીજીમ. સા., સા. શ્રી અક્ષતરત્નાશ્રીજી મ. સા. તથા પૂ. શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ. સા.ના સમુદાયના વિદુષી સા. દિવ્યપ્રજ્ઞાશ્રીજી મ. સા.** આદિ સાધ્વી ભગવંતોએ જે નિઃસ્વાર્થ સહયોગ આપ્યો છે તે પણ ખરેખર સરાહનીય છે.

સૂરત સ્થિત સ્વર્ગસ્થ નિઃસ્પૃહ **પંડિતવર્ય શ્રી જગદીશભાઈ**એ પણ વ્યાકરણ આદિ સંબંધી કેટલાય અઘરા સ્થાનોને સ્પષ્ટ કરવા પોતાની શક્તિ, બુદ્ધિ અને સમયનો જે અમૂલ્ય સહકાર આપ્યો છે તે પણ ચીરસ્મરણીય રહેશે.

પ્રસ્તુત પ્રકાશનને ટાઈપસેટીંગ આદિ કરવા દ્વારા સર્વાંગ સુંદર બનાવી સમયસર પ્રકાશિત, મુદ્રિત કરવામાં **રાજકોટ**ના **ચેતનભાઈ જસાણી**એ જે કાર્ય કુશળતા દાખવી છે તે ધન્યવાદને પાત્ર છે.

## ❈ हस्तलिपि ❈

સમય અને શ્રમસાધ્ય સંશોધન કાર્યમાં પુસ્તકના ફાઈનલ પ્રૂફનું કરેકશન ચાલતું હતું એ વખતે છેલ્લે છેલ્લે કેટલાક સંદિગ્ધ સ્થાનો જોવા માટે મૂલ પ્રતિ હસ્તપ્રત કે તાડપત્રની જરૂર પડતાં...

૧) ખૂબ જ આત્મીયભાવે અને સહજતયા **પૂજ્યપાદ આચાર્ય દેવ શ્રી શીલચંદ્રસૂરીશ્વરજી મ. સાહેબે ભાવનગર**ના દેવ ગુરુભક્ત **પીયુષભાઈ દોશી** મારફત **ખંભાત શાંતિનાથ જ્ઞાન ભંડાર**નું તાડપત્ર અને **ભાવનગરના મોટા દેરાસર** સ્થિત જ્ઞાનભંડારની હસ્તપ્રત ઉપલબ્ધ કરાવી આપી.

૨) **પાલિતાણા સાહિત્ય મંદિર**માંથી **પ્રવર્તક મુનિરાજ શ્રી જયભદ્રવિજયજી મ. સા.** એમના ભંડારમાંશ્રી પ્રાચીન હસ્તપ્રતની ઝેરોક્સ કરાવીને આપી.

૩) **ભાવનગર આત્માનંદ સભાના ટ્રસ્ટી શ્રી હર્ષદભાઈ**એ પણ ત્યાંના ભંડારની બે હસ્તપ્રતોની ઝેરોક્સ કરાવીને આપી.

૪) **અમદાવાદ** આદિ **પ્રાચીન જ્ઞાનભંડારો**ની હસ્તપ્રતોની ઝેરોક્સ કૉપી ઉપલબ્ધ કરવામાં **અહો શ્રુતજ્ઞાનમ્**ના **તંત્રી શ્રી બાબુલાલજી સરેમલજી** આદિનો પૂર્ણ સહયોગ રહ્યો.

જેથી સંશોધનનું કાર્ય સુચારુ રૂપે થયું તે બદલ તેઓશ્રીનો આ ઉપકાર સદા અવિસ્મરણીય રહેશે.

**"સંશોધન અંગેની માહિતી"** અને **"ઉપલબ્ધ હસ્તપ્રતિઓનો અહેવાલ"** નામના **૧૮** અને **૧૯** નંબરના શીર્ષક હેઠળ પ્રથમ ભાગમાં અથ થી ઇતિ સુધીની વાત કરી જ દીધી છે વિશેષ એ જ કે આ ગ્રંથના પૂર્વ સંપાદક **પં. શ્રી હીરાલાલ રસિકલાલ કાપડિયાને** આ અવસરે કેમ ભૂલી શકાય, એમનો તો મારા ઉપર વિશેષ ઉપકાર છે જ, કેમકે આ પુનઃ સંપાદનના કાર્યમાં એમનું પૂર્વ સંપાદન મને ખૂબ જ ઉપયોગી બન્યું છે તેમજ અનેક કુલની હસ્તપ્રતો અને તાડપ્રતોથી તથા અનેક ગ્રંથોના સંદર્ભોથી આ બીજા અધ્યાયમાં લગભગ **૫૦** જેટલા સ્થળે અશુદ્ધ પાઠોનું શુદ્ધિકરણ તથા **૨૫** જેટલા ત્રુટક પાઠોની પૂર્તિ કરવાનું શક્ય બન્યું છે. શુદ્ધ પ્રાયઃ કહી શકાય તેવા **૬૦**થી વધુ પાઠાંતરો મળ્યા છે. એ ઉપરાંત પણ ક્ષતિ રહી જવી સંભવિત છે જે વિષે વિદ્વજ્જનો મારું ધ્યાન દોરવાની કૃપા કરે.

**A.** પાઠ શુદ્ધિકારણની બાબતમાં ક્યાંક હસ્તપ્રતનો આધાર તો ક્યાંક પૂર્વાપરની અર્થસંગતિ ધ્યાનમાં લીધી છે. જેમકે સૂત્ર - **૧૨ संसारिणस्त्रस-स्थावराः** આ જગ્યાએ **संसारिणस्त्रसाः स्थावराः** આવું ય સૂત્ર જોવા મળે છે પણ યથોક્ત સામાસિક સૂત્ર જ બરોબર છે કારણ ટીકામાં આવું લખ્યું છે. **समास उभयेषां सङ्क्रमार्थम्** અર્થાત્ ત્રસ, સ્થાવર બંને પદમાં રહેલો **સમાસ** બંને (ત્રસ, સ્થાવર) એકબીજામાં જઈ શકે છે તે વાતનો સૂચક છે. વળી ... જો ત્રસ, સ્થાવર જુદા-જુદા હોત તો '**च**'કાર પણ સૂત્રમાં જરૂરી થઈ જાત જે ત્યાં નથી.

**B.** પૂર્વમુદ્રિત સૂત્રોમાં ક્યાંક ભાષ્યનો પદ પણ ભળી ગયેલો દેખાય છે જેમકે સૂત્ર **૨/૨૮ परं परं सूक्ष्मम्**માં **तेषां** પદ ભળી ગયેલો જણાય છે. '**तेषां परं परं सूक्ष्मम्**' આ સૂત્રમાંનું '**तेषां**' પદ પૂર્વ સૂત્ર **૩૭**ના ભાષ્યમાંનું (છેલ્લે મૂકેલું) જણાય છે. એ વાત ટીકાકારશ્રીના આ વચનોથી સ્પષ્ટ થાય છે **तेषामित्यनेन भाष्यकारः सूत्रसम्बन्धमावेदयति**..... ઇત્યાદિ. આ પંક્તિ એ વાત સ્પષ્ટ કરે છે કે '**तेषां**' પદ (૨/૨૭) સૂત્રમાં ઉપદિષ્ટ ઔદારિકાદિ શરીરનો આ સૂત્ર (**૨/૩૮**) સાથે સંબંધ જોડે છે.

**C.** પૂર્વમૂદ્રિત ગ્રંથમાં**૮૦**થી વધુ સ્થળે વિવિધ હસ્તપ્રતિઓ મારફત ઉચિત બંધબેસતાં ફેરફારો કર્યા છે અને તેમાં સંપાદનપદ્ધતિ 'मु. (खं...)' આ પ્રમાણે રાખી છે. જેમકે પા. નં. **૧૦૩માં મુદ્રિતમાં °माचरितं**ની જગ્યાએ સંદર્ભને અનુરૂપ **°मारचितं** પાઠ રાખ્યો છે. આવું અનેક સ્થળે સુધાર્યું અને તે પૂર્વમુદ્રિત પાઠને યથાયોગ્ય નીચે ફૂટનોટમાં દર્શાવ્યો છે. ત્યાં આ પાઠ 'પૂર્વ મુદ્રિત ગ્રંથનો છે' તેવું દર્શાવતાં **मु.** એવી સંજ્ઞા લખીને જે નવો પાઠ ખંભાત વગેરે જ્યાંની હસ્તપ્રત કે તાડપત્રમાંથી લીધો હોય તે હસ્તપ્રતનો ઉલ્લેખ કૌંસમાં (**खं**...) આવા સાંકેતિક સંજ્ઞા રૂપે કરી દીધો છે. આ બધી સાંકેતિક સંજ્ઞાઓનો ઉલ્લેખ પ્રથમ અધ્યાયની ભૂમિકામાં કરી દીધું છે. ત્યાંથી જ જોઈ લેવા ભલામણ છે. આ બીજા ભાગમાં જે નવી હસ્તપ્રતોથી સંશોધન કાર્ય થયું છે તેની '**सा**', '**आ**' અને '**अ**' સંજ્ઞા રાખી છે. ઘણી પ્રતોમાં સરખી પાઠ શુદ્ધિ મળતાં બધાનો ઉલ્લેખ ન કરતાં માત્ર આદર્શ એવી એક કે બે પ્રતોનો જ ઉલ્લેખ કર્યો છે.

D. કોઈક ઠેકાણે આવુંય જોવા મળે છે કે પૂર્વમુદ્રણમાં અમુક પાઠ લુપ્ત જ દેખાય છે. જેમકે સૂ. ૨/૭ (પા. નં. ૪૫)માં **सूत्रस्य, जीववर्ति** આ સ્થળે **सूत्रस्य** પદ પછી **'ये पुनर्'** પાઠ લુપ્ત છે. જેને હસ્તપ્રતોમાંથી લીધેલ છે.

E. કોઈક સ્થળે એવુંય બને છે કે પૂર્વમુદ્રણનો પાઠ કે હસ્તપ્રતમાં મળતા પાઠો બંનેય સંગત ન થતાં હોય તો તેવા સ્થળે અમે અમારી સંભાવના દર્શાવી તે તદ્યોગ્ય ઉચિત પાઠને કૌંસમાં (?) આ રીતે મૂકયો છે.જેમકે સૂત્ર ૨/૬ (પા. નં. ૩૯)માં **लक्ष्यते**ની જગ્યાએ (**लक्ष्येते ?**) સંભાવના કરી છે.

F. કયાંક ટીકાનું વાંચન સરળ રહે તે માટે કૌંસમાં અમુક ઉમેરા કર્યા છે. જેમકે સૂત્ર ૨/૧૫ (પા. નં. ૯૯)માં (**प्रदर्शनीदित्यनेन दृष्टार्थमाख्याति**) વગેરે.

## ❈ साहसात् सिद्धिः ❈

અતિ ગૂઢ પદાર્થોથી ભરપૂર એક મહાન ગ્રંથનું સટીક ભાષાંતર એ એક સાહસ તો છે જ, છતાં એ સાહસ ખેડ્યું છે. કેમકે વાચકશ્રીએ પોતે જ ૨૯, ૩૦, ૩૧મી સંબંધ કારિકામાં કહ્યું છે કે -

**ब्रुवतोऽनुग्रहबुद्ध्या, वक्तुस्त्वेकान्ततो भवति॥२९॥**

**श्रममविचिन्त्यात्मगतं, तस्माच्छ्रेयः सदोपदेष्टव्यम्।**

**आत्मानं च परं च हि, हितोपदेष्टानुगृह्णाति॥३०॥**

**नर्ते च मोक्षमार्गाद्धितोपदेशोऽस्ति जगति कृत्स्नेऽस्मिन्।**

**तस्मात् परमिममेवेति मोक्षमार्गं प्रवक्ष्यामि॥३१॥**

ઉપકાર બુદ્ધિથી સંભળાવનાર વકતાને તો એકાન્તે ધર્મ થાય જ॥૨૯॥

માટે પોતાના પરિશ્રમનો જરાય વિચાર કર્યા વિના શ્રેયઃકારી ઉપદેશ હંમેશા આપવો જોઈએ. કારણકે હિતોપદેશ કરનારો સ્વ અને પરનો અનુગ્રહ કરનાર થાય જ છે॥૩૦॥

આ સમસ્ત જગતમાં મોક્ષમાર્ગના ઉપદેશથી અન્ય કોઈ હિતોપદેશ નથી, તેથી શ્રેષ્ઠ એવા મોક્ષમાર્ગને હું કહીશ॥૩૧॥

વાચકશ્રીના આ ટંકશાળી વચનોના બળે સ્વશક્તિનો વધુ વિચાર કર્યા વિના આ શ્રુત કાર્યને અવિરત ચાલુ જ રાખ્યું, સાહસને દુઃસાહસ ન થવા દીધું. ધીરજપૂર્વકની મહેનતના ફળ હંમેશ મીઠા જ હોય છે. "**કરત કરત અભ્યાસ કે જડમતિ હોત સુજાન**" ખરેખર આ ટીકાના અનુવાદ માટે હું જડમતિ જ હતો.

મારી પાસે એવો કોઈ વિશેષ બોધ નહોતો, છતાં પણ **यथाशक्तिः शुभे यतनीयम्** એ ન્યાયે આ શ્રુત કાર્યના મૂલ પ્રેરણાસ્રોત **વર્ધમાન તપોનિધિ ન્યાયવિશારદ વિદ્યાગુરુવર પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય યશોવિજયસૂરીશ્વરજી મ. સા.**ની પ્રેરણાથી હું આ શુભ કાર્યમાં

ઉત્સાહિત થયો હતો. આ ભાષાંતર લખવામાં અને એમાં ક્ષતિઓ ન રહે એ માટે બનતી મહેનત કરી છે. એ બધાની પાછળ એક માત્ર ભાવ સ્વહિતનો અને મોક્ષમાર્ગદર્શક તત્ત્વાર્થની આ દુર્ગમ ટીકાના ઉંડા પદાર્થોને જાણવાની જિજ્ઞાસાવાળા સંયમીઓના હિતનો જ છે. એટલે આમાં ભૂલો દેખાય તો અવશ્ય ગીતાર્થ મહાપુરુષો એ તરફ ધ્યાન દોરે.

વાચક પ્રવર **પૂ. શ્રી ઉમાસ્વાતિજી મહારાજે** પ્રશમરતિમાં .....

**यच्चासमञ्जसमिह छन्दःसमयार्थतोभिहितम् ।**
**पुत्रापराधवन्मम मर्षयितव्यं बुधैः सर्वम् ॥**

આ જે કહ્યું છે કે તે જ ક્ષમાયાચનાના સૂરમાં મારો સૂર મિલાવીને કહું છું કે ''આ અનુવાદમાં જે કાંઈ અસમંજસ લખાયું હોય, જિનવચન કે ગ્રંથકારના અભિપ્રાયથી વિપરીત લખાયું હોય તે એક પુત્રના અપરાધની જેમ, હે સુજ્ઞપુરુષો ! મને ક્ષમા કરજો.''

## ❉ गच्छतः स्खलनं क्वापि ❉

જે કાંઈ સુધારા વધારા સૂચવશો, તે જ્યારે દ્વિતીય આવૃત્તિ પ્રકાશિત કરવાનો સુઅવસર પ્રાપ્ત થશે ત્યારે તેમાં સુયોગ્ય સુધારા વધારા અવશ્ય કરીશ અને આપ મહાશયોનો આભાર માનીશ.

## ❉ મોટાનો જે આસરો રે જેથી લહિયે લીલવિલાસ ❉

**વિદ્યાગુરુવર સંઘ કૌશલ્યાધાર આચાર્ય દેવ શ્રી જયસુંદરસૂરીશ્વરજી મ. સા.**ની પ્રભાવક નિશ્રામાં પ્રથમ અધ્યાય **નવરંગપુરા અમદાવાદ**માં પ્રકાશિત થયો અને તેઓશ્રી દ્વારા પ્રેરણા-સૂચના આવી કે ''પૂજ્યપાદ સ્વ. **આ. શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા**ની એક પ્રશસ્ત ભાવના હતી કે **તત્ત્વાર્થ સૂત્ર** ઉપરની શ્વેતાંબર-દિગમ્બર વિરચિત ઉપલબ્ધ તમામ વ્યાખ્યાઓનું ઉંડાણથી અધ્યયન-અવગાહન કરી તે બધાનો સંગ્રહ કરી **૩** પ્રકારની વિશિષ્ટ વ્યાખ્યાઓ તૈયાર કરવી. **૧**) '**તત્ત્વાર્થ ઉષા**' બાલ જીવો સહેલાઈથી સૂત્રનો સામાન્ય અર્થ પામી શકે. **૨**) '**તત્ત્વાર્થ પ્રકાશ**' જેનાથી મધ્યમ બુદ્ધિ જીવો દાખલા-દલીલ-યુક્તિ ગર્ભિત સાર પામી શકે. **૩**) '**તત્ત્વાર્થાલોક રહસ્ય**' જેનાથી તીવ્ર મેધાવી અધ્યેતાઓ તુલનાત્મક રીતે ઉંડાણથી એક એક સૂત્રના રહસ્યમય તાત્પર્યો અવધારી શકે. આ યોજનાના મંગલાચરણ રૂપે '**તત્ત્વાર્થ ઉષા**'નું કાર્ય થઈ ગયું. બાકીનું કાર્ય તેઓ અનેકવિધ સંઘ શાસનની જવાબદારીમાં સતત અપ્રમત્તપણે વ્યસ્ત રહેવાના કારણે ન કરી શકયા. આશા છે કે તેમની આ ભાવના તમે લોકો પૂર્ણ કરશો. પૂ. આચાર્ય ભગવંતની આ પ્રેરણા-ભાવનાને ધ્યાનમાં લઈને જ અનેક ગ્રંથોના રેફરન્સો દ્વારા **૫૦૦**થી પણ વધુ તુલનાત્મક તથા રહસ્યોદ્ઘાટક ટીપ્પણીઓ તૈયાર કરી છે. જેનાથી મેધાવી અધ્યેતાઓ તુલનાત્મક રીતે, ઉંડાણથી તે તે પંક્તિઓના રહસ્યમય તાત્પર્યો અવધારી શકે.

## ❈ લડથડતું પણ ગજ બચ્ચું ગાજે ગયવર સાથે રે ❈

પૂજ્યપાદ પ્રખર આગમવાદી અને દિગ્ગજ તાર્કિક પૂ. **શ્રી સિદ્ધસેનગણિજી મહારાજે** વાચક પ્રવર **પૂ. શ્રી ઉમાસ્વાતિજી મહારાજ** વિરચિત સ્વોપજ્ઞ ભાષ્યયુત **તત્ત્વાર્થાધિગમ સૂત્ર**નાં ઉંડા રહસ્યોને પ્રગટ કરતી વિશાળ-ગંભીર ટીકા રચી દીધી છે. એમની એ ટીકા ઉપર ભાવાનુવાદ+ તુલનાત્મક અને રહસ્યોદ્‌ઘાટક ટીપ્પણીઓ જે પ્રગટ થઈ રહી છે, એમાં મારું કાંઈ નથી. જ્યારે તીર્થંકરો એમ કહેતા હોય કે જે અનંતા તીર્થંકરો કહી ગયા, તે હું કહું છું, જ્યારે ગણધર ભગવંતો એમ કહેતા હોય કે "મેં પ્રભુની શુશ્રુષા કરતાં જે શ્રવણ કર્યું, તે જ હું તમને કહું છું. ત્યારે મારા જેવો અલ્પમતિ એવો દાવો કેવી રીતે કરી શકે કે, આ મારું મૌલિક સર્જન છે. હું એટલું કહી શકું કે આમાં જે કાંઈ સુંદર છે તે તીર્થંકર, ગણધરો, ગ્રંથકાર, ટીકાકાર અને વિવેચનકાર પૂર્વ મહાપુરુષોએ કરેલી જે તત્ત્વ મિમાંસા છે તે છે. એને જ ઉઠાવી મેં ગુજરાતી શબ્દોમાં કરેલી રજુઆત તે આ અનુવાદ છે અને જે મારું છે, તે આમાં સ્ખલના કે પ્રમાદ રૂપ છે. તે અંગે મારું હાર્દિક મિચ્છામિ દુકકડમ્.

**અગત્યની સૂચના** : પરિશિષ્ટ-૧૦માં જે જે ટીપ્પણીઓ લખી છે તે ટીપ્પણીઓને **તત્ત્વાર્થાધિગમ સૂત્ર ભાગ - ૨**ના પૂર્તિ રૂપે સ્વતંત્ર પ્રકાશિત કરવામાં આવશે. તેઓને તેમાંથી જ જોવાની ભલામણ છે.

**તત્ત્વાર્થાધિગમ સૂત્ર ભાગ - ૨**ના **પરિશિષ્ટ-૧૦**માં આપેલી તુલનાત્મક રહસ્યોદ્‌ઘાટક ટિપ્પણીઓ અને અનુવાદ બંનેને સાથે પ્રકાશિત કરવાની ગણત્રી હોવાથી અનુવાદ એમને એમ પડી રહ્યો અને અત્યાર સુધીમાં પ્રકાશિત કરવામાં વિલંબ થયો છે પણ ઘણાં ગુરુ ભગવંતો અને વિદ્યાર્થીઓની માંગ હોવાથી દીક્ષાઓ તેમજ આચાર્ય પદારોહણ પ્રસંગે ટીપ્પણીઓ વગર પ્રકાશિત કરવામાં આવી રહ્યો છે. ટૂંક સમયમાં ટીપ્પણી **ભાગ-૨**ની પૂર્તિ રૂપે પ્રકાશિત કરવાની ભાવના છે.

## ❈ गुरु कृपा हि केवलं शिष्यं परं मंगलं ❈

આરંભે શૂરા બની પ્રસ્તુત કાર્યમાં મારો ઉત્સાહ ન ખૂટી પડે અને હું અધવચ્ચે જ ન અટકી જાઉં એ માટે મને સતત ને સતત પ્રેરણા પત્રો દ્વારા પઠાણી ઉઘરાણી કરનાર મારા ભવોદધિતારક ગુરુદેવ પૂજ્યપાદ ગચ્છાધિપતિ ભોપાલ તીર્થોદ્ધારક **આચાર્ય દેવ શ્રીમદ્ વિજય હેમપ્રભસૂરીશ્વરજી મહારાજા**ના આશીષના પ્રતાપે આ બીજા અધ્યાયનું કાર્ય શક્ય બન્યું છે. અરિહંત-સિદ્ધોના અનુગ્રહથી અને જેમનું નામ જ મંત્ર સમાન છે, એવી સુવિહિત ગુરુપરંપરાના આશીર્વાદથી સર્જાયેલ આ **'હેમગિરા'** ભાવાનુવાદ ભવ્ય જીવોના આંખનું આનંદદાયક આંજન, કર્ણયુગનું કુંડલ અને હૃદયભાગે રત્નહાર સમો બની રહે એવી પ્રભુને પ્રાર્થના .....

**માગસર (કારતક) વદ-૧૦**
**વીર દીક્ષા કલ્યાણક**
**વિ. સં. ૨૦૭૨**
**ગોરેગાંવ - મુંબઈ**

**લિ.**
**આચાર્યદેવ શ્રીમદ્ વિજય હેમપ્રભસૂરીશ્વરજી મહારાજાનો**
શિષ્યાણુ **ઉદયપ્રભ વિજય**

## બીજા અધ્યાયની વિષયમાર્ગદર્શિકા


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ત્રણ પ્રકારના સંબંધ | ૨ |
| સંબંધો દર્શાવવા અંગે અનેકાંત | ૩ |
| **સૂત્ર - ૧** | |
| **औपशमिक-क्षायिकौ भावौ** | ૪ |
| જીવના પાંચ ભાવો | ૪ |
| બે પ્રકારના લક્ષણ | ૪ |
| સંખ્યાભેદ + ક્રમભેદ | ૫ |
| ક્રમભેદના અન્ય કારણો | ૬ |
| સંખ્યાભેદનું પ્રયોજન | ૭ |
| સંભવિત **૧૫** વિકલ્પોની ઓળખ | ૭ |
| સમાસ કરવાના અને નહિ કરવાના કારણો | ૮ |
| બે પ્રકારના કર્મ વિઘાત | ૯ |
| ઔપશમિકાદિ ભાવોની વિચારણા | ૧૦ |
| ઉપશમ અને ક્ષયોપશમની ભેદરેખા | ૧૧ |
| બે પ્રકારની વેદના | ૧૨ |
| જીવ શબ્દનો વિવક્ષિત અર્થ | ૧૪ |
| જીવના આરોપ અને અપવાદ રહિત સ્વતત્ત્વની વિચારણા | ૧૪ |
| લક્ષણ અને ઉપલક્ષણનો ભેદ | ૧૫ |
| ઉદયગત કર્મ પણ જીવનું સ્વતત્ત્વ કહેવાય | ૧૬ |
| પારિણામિક ભાવનું સ્વરૂપ | ૧૭ |
| યુક્તિ વિરોધ + આગમ વિરોધ | ૧૮ |
| ત્રણ પ્રકારના પારિણામિક ભાવ | ૧૯ |
| જીવના સ્વરૂપની ઓળખ | ૧૯ |
| **સૂત્ર - ૨** | |
| **द्वि-नवाष्टादशैक.....** | ૨૦ |
| પાંચ ભાવોના ભેદોની સંખ્યા | ૨૦ |
| **'संसारस्थानां'** પદના અધ્યાહારનું નિરાકરણ | ૨૧ |
| સિદ્ધોમાં પણ અનેક ભાવો | ૨૧ |
| ભાષ્યમાં સૂત્ર પદ હોવાના કારણો | ૨૨ |
| વાક્યાંતર દ્વારા નિરૂપણ એ વ્યાખ્યાનનું પ્રધાન અંગ | ૨૩ |
| **સૂત્ર - ૩** | |
| **सम्यक्त्व-चारित्रे** | ૨૪ |
| ઔપશમિક ભાવના ભેદો | ૨૪ |
| ઔપશમિક સમ્યક્ત્વ અને ચારિત્ર | ૨૫ |
| **સૂત્ર - ૪** | |
| **ज्ञान-दर्शन-दान-लाभ-....** | ૨૬ |
| ક્ષાયિક ભાવના ભેદો | ૨૬ |
| સિદ્ધત્વની ક્ષાયિક ભાવમાં મીમાંસા | ૨૬ |
| ક્ષાયિક જ્ઞાનાદિનું સ્વરૂપ | ૨૭ |
| **સૂત્ર - ૫** | |
| **ज्ञानाज्ञान-दर्शन-दानादि ....** | ૩૦ |
| ક્ષાયોપશમિક ભાવના ભેદો | ૩૦ |
| **'च'** કારથી ખેંચાયેલ પદની અનુવૃત્તિ આગળ ન ચાલે | ૩૦ |
| અજ્ઞાન = કુત્સિતજ્ઞાન | ૩૨ |
| ત્રણ દર્શનનું સ્વરૂપ | ૩૨ |
| પુનરૂક્ત દોષનો વિવરણમાં અભાવ | ૩૪ |
| **સૂત્ર - ૬** | |
| **गति-कषाय-लिङ्ग-मिथ्या-** | ૩૫ |
| ઔદયિક ભાવના ભેદો | ૩૫ |
| ઔદયિક ભાવની **૨૧** સંખ્યાનો વિચાર | ૩૫ |
| ઔદયિક ભાવમાં લેશ્યાનો સમાવેશ | ૩૬ |
| ગતિ અને કષાયના ૪ પ્રકાર | ૩૭ |
| વેદના **૩** પ્રકાર | ૩૮ |
| મિથ્યાદર્શનનો એક પ્રકાર | ૩૯ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| અજ્ઞાન, અસંયતત્ત્વ અને અસિદ્ધત્વનો એક પ્રકાર | ૪૦ |
| લેશ્યાના ૬ ભેદ | ૪૦ |
| લેશ્યાની પરિભાષા | ૪૧ |
| જેવી લેશ્યા તેવો ભાવ | ૪૨ |
| **(સૂત્ર - ૭)** | |
| **जीव-भव्याभव्यत्वादीनि च** | ૪૩ |
| પારિણામિક ભાવના ભેદો | ૪૩ |
| ... તો વંધ્યાપુત્ર 'અભવ્ય' ન કહેવાય | ૪૪ |
| કર્તૃત્વ - ભોક્તૃત્વની સંયોજના | ૪૬ |
| અસર્વગતત્વ આદિ ભાવો | ૪૬ |
| ક્રિયાવત્ત્વ આદિ ધર્મો | ૪૭ |
| જીવના પર્યાયોપયોગિતાદિ અસાધારણ ધર્મો | ૪૮ |
| ભાવોની ૫ ગતિમાં યોજના | ૫૦ |
| **(સૂત્ર - ૮)** | |
| **उपयोगो लक्षणम्** | ૫૧ |
| જીવનું લક્ષણ | ૫૧ |
| જીવનું અનપાયી લક્ષણ | ૫૧ |
| ... તો આત્મા નિર્જીવ બની જાય | ૫૩ |
| જ્ઞાન (અનુભવ) અને સ્મૃતિની સમાનાધિકરણતા | ૫૪ |
| અનુમાન દ્વારા સ્વ-પરના શરીરમાં રહેલ આત્માની સિદ્ધિ | ૫૪ |
| જ્ઞાન+અજ્ઞાન વિરોધી હોવાથી એક આધારમાં ન હોય - પૂર્વપક્ષ | ૫૫ |
| સાપેક્ષભાવે બંને આત્મામાં હોય - ઉત્તરપક્ષ | ૫૬ |
| સરોવરનું પાણી અને દર્પણ જેવો નિર્મળ આત્મા | ૫૭ |
| **(સૂત્ર - ૯)** | |
| **स द्विविधोऽष्ट - चतुर्भेद** | ૫૮ |
| ઉપયોગના ભેદો | ૫૮ |
| સૂત્રગત 'સ' પદની વિચારણા | ૫૯ |
| સાકાર અને અનાકારના અર્થની ચર્ચા | ૬૦ |
| કેવળદર્શન શક્તિ શૂન્ય નથી | ૬૧ |
| મનઃપર્યાય દર્શન અનાગમિક છે | ૬૧ |
| ઉપયોગના ક્રમને નિહાળીએ | ૬૨ |
| એકાંત નિર્વિકલ્પ ઉપયોગ નથી | ૬૪ |
| ૮ પ્રકારના આત્મા | ૬૬ |
| વિગ્રહગતિમાં મતિજ્ઞાન આદિની સિદ્ધિ | ૬૭ |
| સાકાર-અનાકાર ઉપયોગની સમજ | ૬૯ |
| સાકાર-અનાકાર ઉપયોગની સૂક્ષ્મ ભેદરેખા | ૭૧ |
| **(સૂત્ર - ૧૦)** | |
| **संसारिणो मुक्ताश्च** | ૭૨ |
| જીવના મુખ્ય બે ભેદો | ૭૨ |
| સંસારી - મુક્ત પદની વિચારણા | ૭૩ |
| **(સૂત્ર - ૧૧)** | |
| **समनस्कामनस्काः** | ૭૪ |
| સંસારી જીવોના બે ભેદો | ૭૪ |
| જીવોના પ્રકારાંતરે બે ભેદ | ૭૪ |
| અન્ય મતે થતી સૂત્ર રચનાનું નિરસન | ૭૫ |
| દ્રવ્યમન અને ભાવમનની ઓળખ | ૭૬ |
| **(સૂત્ર - ૧૨)** | |
| **संसारिणस्त्रस-स्थावराः** | ૭૮ |
| સંસારી જીવો ત્રસ અને સ્થાવર બે પ્રકારના | ૭૮ |
| ત્રસ જીવોના લક્ષણ | ૭૮ |
| **(સૂત્ર - ૧૩)** | |
| **पृथिव्यम्बु-वनस्पतयः स्थावराः** | ૭૯ |
| સ્થિતિશીલ જીવો | ૭૯ |
| સ્થાવર જીવોની અગ્રિમતાના હેતુ | ૮૦ |
| 'પૃથ્વીકાય' પદની વ્યુત્પત્તિ | ૮૧ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| સૂત્રગત પૃથ્વીકાય આદિ પદોમાં ક્રમના હેતુઓ | ૮૨ |
| બાદર પૃથ્વી વિશે મણિના પ્રકારો | ૮૩ |
| આગમથી પૃથ્વીમાં ઉપયોગની સિદ્ધિ | ૮૫ |
| યુક્તિથી પૃથ્વીમાં ઉપયોગની સિદ્ધિ | ૮૫ |
| જલના વિસ્તૃત પ્રકારો | ૮૭ |
| વનસ્પતિના ભેદોની વિશદ પ્રરૂપણા | ૮૮ |
| **સૂત્ર - ૧૪** | |
| **तेजो-वायू द्वीन्द्रियादयश्च त्रसाः** | ૮૯ |
| ગતિશીલ જીવો | ૮૯ |
| સૂક્ષ્મ-બાદર વાયુના સ્થાનો | ૯૦ |
| ત્રસત્વના બે સ્વરૂપો | ૯૧ |
| પ્રથમ અધ્યાયગત સૂત્રની પ્રસ્તુત સૂત્ર સાથે સંકલના | ૯૨ |
| **સૂત્ર - ૧૫** | |
| **पञ्चेन्द्रियाणि** | ૯૩ |
| ઇન્દ્રિયો પાંચ છે | ૯૩ |
| ઇન્દ્ર એટલે જીવ | ૯૪ |
| પાંચથી અધિક ઇન્દ્રિયોનું નિરસન | ૯૪ |
| ઇન્દ્રિય પદમાં પારમેશ્વર્યનું અર્થઘટન | ૯૮ |
| આત્મસિદ્ધિનું પ્રધાન લિંગ જ ઇન્દ્રિય | ૧૦૦ |
| **સૂત્ર - ૧૬** | |
| **द्विविधानि** | ૧૦૧ |
| ઇન્દ્રિયો બે પ્રકારે છે | ૧૦૧ |
| સમસ્ત ઇન્દ્રિયોના પેટાગત મૂળ બે ભેદ | ૧૦૧ |
| **સૂત્ર - ૧૭** | |
| **निर्वृत्त्युपकरणे द्रव्येन्द्रियम्** | ૧૦૨ |
| દ્રવ્યેન્દ્રિયના બે ભેદ | ૧૦૨ |
| રસનેન્દ્રિય આદિના આંતર નિર્વૃત્તિના આકારો | ૧૦૪ |
| અભ્યંતર નિર્વૃત્તિ ઇન્દ્રિયોના આકારો | ૧૦૪ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| નિર્વૃત્તિ ઇન્દ્રિયની પ્રકારાંતરે સમજ | ૧૦૬ |
| ઉપકરણેન્દ્રિયના બે પ્રકાર | ૧૦૮ |
| **સૂત્ર - ૧૮** | |
| **लब्ध्युपयोगौ भावेन्द्रियम्** | ૧૦૯ |
| ઉત્પત્તિ ક્રમનું પ્રતિપાદન | ૧૦૯ |
| ભાવેન્દ્રિયનો બે ભેદો | ૧૧૦ |
| નિર્વૃત્તિ આદિ ઇન્દ્રિયથી નિરપેક્ષ અતિન્દ્રિયનો ઉપયોગ | ૧૧૩ |
| તો અતિન્દ્રિય જ્ઞાનમાં ઉપયોગનો અભાવ નહીં થાય | ૧૧૩ |
| **સૂત્ર - ૧૯** | |
| **उपयोगः स्पर्शादिषु** | ૧૧૪ |
| ઉપયોગના વિષયો | ૧૧૪ |
| બે પ્રકારની ચેતના રૂપ ઉપયોગ | ૧૧૫ |
| ઉપયોગના બીજા અર્થો | ૧૧૫ |
| ઇન્દ્રિયોનો પ્રવૃત્તિ ક્રમ | ૧૧૬ |
| એક સમયમાં એક ઉપયોગ | ૧૧૭ |
| આર્ય ગંગના નિહ્નવના મતનો નિરાસ | ૧૧૮ |
| **સૂત્ર - ૨૦** | |
| **स्पर्शन-रसन-घ्राण-चक्षु-श्रोत्राणि** | ૧૧૯ |
| પાંચ ઇન્દ્રિયોના નામો | ૧૧૯ |
| કરણના બે પ્રકાર | ૧૧૯ |
| **સૂત્ર - ૨૧** | |
| **स्पर्श-रस-गन्ध-वर्ण-शब्दास्तेषामर्थाः** | ૧૨૧ |
| ઇન્દ્રિયોના વિષયો | ૧૨૧ |
| સ્પર્શ વગેરેના પ્રકારો | ૧૨૧ |
| અવસ્થા ભેદે અર્થ ભેદ | ૧૨૩ |
| ઇન્દ્રિયની વિવિધતાની અપેક્ષાએ દ્રવ્યની વિવિધતા | ૧૨૪ |
| ચક્ષુના વિષય ક્ષેત્રની મર્યાદા | ૧૨૪ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| પ્રાપ્ય - અપ્રાપ્ય વિષયતા | ૧૨૫ |
| સ્પર્શનાદિ ત્રણની વિષય - ક્ષેત્રની મર્યાદા | ૧૨૫ |
| વિષય ક્ષેત્રની જઘન્ય મર્યાદા | ૧૨૬ |
| **સૂત્ર - ૨૨** | |
| **श्रुतमनिन्द्रियस्य** | १२७ |
| મનનો વિષય | ૧૨૭ |
| શબ્દને દ્રવ્યશ્રુત કહેવાય | ૧૨૭ |
| અનુદરી કન્યા જેવું અનિન્દ્રિય મન | ૧૨૮ |
| બે પ્રકારનું ભાવશ્રુત જ મનનો વિષય | ૧૨૯ |
| નોઘટ જેવું નોઇન્દ્રિય મન | ૧૩૦ |
| **સૂત્ર - ૨૩** | |
| **वाय्वन्तानामेकम्** | १३१ |
| વાયુ સુધીના જીવોને એક ઇન્દ્રિય હોય છે | ૧૩૧ |
| **સૂત્ર - ૨૪** | |
| **कृमि-पिपीलिका-भ्रमर-मनुष्यादीना** | १३३ |
| ક્યા જીવોને કેટલી ઇન્દ્રિયો હોય છે | ૧૩૩ |
| બેઇન્દ્રિય વગેરે જીવોના દાખલા | ૧૩૫ |
| ભાષ્યમાં નરકના પ્રથમ ઉપન્યાસનું કારણ | ૧૩૭ |
| ... તો કેવળી પણ પંચેન્દ્રિય કહેવાય | ૧૩૮ |
| **સૂત્ર - ૨૫** | |
| **संज्ञिनः समनस्काः** | १३९ |
| સંજ્ઞી જીવો મનવાળા હોય છે | ૧૩૯ |
| સંપ્રધારણ સંજ્ઞા = કાલિકી સંજ્ઞા | ૧૪૦ |
| મનવાળાને જ સંપ્રધારણ સંજ્ઞા સંભવે | ૧૪૧ |
| જ્ઞાનની વિવિધતાનો હેતુ | ૧૪૨ |
| સંજ્ઞી જીવોના નામ નિર્દેશ | ૧૪૩ |
| સંપ્રધારણ સંજ્ઞાનું સ્વરૂપ | ૧૪૪ |
| આહારાદિ ૪ સંજ્ઞાઓ | ૧૪૫ |
| સ્વસિદ્ધ અને પરસિદ્ધ લક્ષણ | ૧૪૫ |
| તો અન્યોન્ય લક્ષણતા પણ દોષ માટે નથી | ૧૪૬ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| **સૂત્ર - ૨૬** | |
| **विग्रहगतौ कर्मयोगः** | १४८ |
| વિગ્રહગતિમાં ક્યો યોગ હોય ? | ૧૪૮ |
| અંતર્ગતિમાં જીવની ગતિમાં બે હેતુ | ૧૪૮ |
| ભવસ્થ અવસ્થામાં ૧૫ યોગ | ૧૫૦ |
| તૈજસ અને કાર્મણ ભિન્ન નથી - નયવાદાચાર્ય | ૧૫૧ |
| ૧૫ યોગ જીવમાં ઘટાડીએ | ૧૫૧ |
| કાર્મણ કાયયોગ વિગ્રહગતિમાં અને કેવળી સમુદ્ઘાતમાં | ૧૫૨ |
| ...... તો સંપૂર્ણ વિગ્રહગતિમાં માત્ર કાર્મણ યોગ નથી | ૧૫૩ |
| કાર્મણમાં વિશિષ્ટ ઉપભાગનો નિષેધ | ૧૫૪ |
| ભગવતી સૂત્રનો તાત્પર્યાર્થ | ૧૫૪ |
| નિરૂપભોગ = અભિવ્યક્ત ઉપભોગનો અભાવ | ૧૫૫ |
| **સૂત્ર - ૨૭** | |
| **अनुश्रेणि गतिः** | १५६ |
| સંસારી જીવોની ગતિ તથા વિગ્રહગતિનો કાળ | ૧૫૬ |
| જીવ - પુદ્ગલની સ્વભાવથી અનુશ્રેણિ ગતિ | ૧૫૬ |
| જીવ અને પુદ્ગલની પરપ્રયોગથીથી વિશ્રેણી ગતિ | ૧૫૭ |
| એક પંથ દો કાજ | ૧૫૮ |
| 'આકાશ' પદનું પ્રયોજન | ૧૬૦ |
| **સૂત્ર - ૨૮** | |
| **अविग्रहा जीवस्य** | १६१ |
| સિદ્ધ થતાં જીવોની ગતિનો નિયમ | ૧૬૧ |
| **સૂત્ર - ૨૯** | |
| **विग्रहवती च संसारिणः प्राक् चतुर्भ्यः** | १६२ |
| જાત્યંતર = જન્માંતરમાં જનારાની બે ગતિ | ૧૬૩ |
| વળાંકનું કારણ | ૧૬૪ |
| ૭ પ્રકારની શ્રેણી | ૧૬૫ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| વિગ્રહ શબ્દના બંને અર્થની સાથે ભગવતીજી સૂત્રનો વિરોધ | ૧૬૭ |
| શ્રી ભગવતીજી સૂત્રનો 'વિગ્રહ' શબ્દ 'વિરામ' અર્થનો વાચક | ૧૬૮ |
| પાંચ સમયવાળી ગતિ | ૧૭૦ |
| ...અવિગ્રહા ગતિ એક સમયની જ હોય | ૧૭૨ |
| વિગ્રહના એકાર્થક નામો | ૧૭૩ |
| સંસારીઓની બે પ્રકારની ગતિ | ૧૭૪ |
| વિગ્રહ પરિમાણની ક્ષેત્રથી ભજના | ૧૭૬ |
| **સૂત્ર - ૩૦** | |
| **एकसमयो विग्रहः** | १७७ |
| ગતિ કાળથી નિયત, ક્ષેત્રથી અનિયત | ૧૭૮ |
| ભંગ પ્રરૂપણાને સમજીએ | ૧૭૯ |
| **સૂત્ર - ૩૧** | |
| **एकं द्वौ वाऽनाहारकः** | १८० |
| અંતરાલગતિમાં આહારનો વિચાર | ૧૮૦ |
| '**वा**' શબ્દ વિકલ્પસૂચક છે | ૧૮૧ |
| ... તો '**वा**' શબ્દ સમુચ્ચયાર્થમાં કહી શકાય | ૧૮૧ |
| અનાહારક = ૩ આહારનો ત્યાગ | ૧૮૨ |
| કાર્મણ પુદ્ગલોનું ગ્રહણ આહાર રૂપ નથી | ૧૮૩ |
| ગતિ કર્મ પ્રેરિત છે, ઈશ્વર પ્રેરિત નથી | ૧૮૫ |
| પુદ્ગલો ચોંટવાનું કારણ | ૧૮૬ |
| **સૂત્ર - ૩૨** | |
| **सम्मूर्च्छन गर्भोपपाता जन्म** | १८८ |
| સમ્મૂર્છિમ જન્મ બે રીતે | ૧૮૮ |
| ગર્ભ જન્મનું સ્વરૂપ | ૧૮૯ |
| ઉપપાત જન્મનું સ્વરૂપ | ૧૯૦ |
| **સૂત્ર - ૩૩** | |
| **सचित्त-शीत-संवृत्ताः सेतरा...** | १९१ |
| યોનિના પ્રકારો | ૧૯૧ |
| યોનિનું સ્વરૂપ | ૧૯૨ |
| યોનિનું પ્રતિપાદન | ૧૯૩ |
| ૯ યોનિનું નિરૂપણ | ૧૯૩ |
| મનુષ્યોની યોનિનું વર્ણન | ૧૯૪ |
| ઉભય યોનિની નરકમાં વિમર્શના | ૧૯૬ |
| ૯ યોનિમાં ૮૪ લાખ યોનિઓનો અંતર્ભાવ | ૧૯૮ |
| **સૂત્ર - ૩૪** | |
| **जराय्वण्ड-पोतजानां गर्भः** | १९९ |
| કોને ક્યા પ્રકારનો જન્મ હોય ? | ૧૯૯ |
| ૩ પ્રકારના ગર્ભ જન્મ | ૧૯૯ |
| **लोमपक्षाणां** પદની વિચારણા | ૨૦૦ |
| **સૂત્ર - ૩૫** | |
| **नारक-देवानामुपपातः** | २०१ |
| નારક-દેવોને ઉપપાત જન્મ હોય | ૨૦૧ |
| પોતજ જન્મની મીમાંસા | ૨૦૧ |
| **સૂત્ર - ૩૬** | |
| **शेषाणां सम्मूर्च्छनम्** | २०२ |
| ક્રમમાં પ્રથમ નરકને રાખવાનો હેતુ | ૨૦૨ |
| બાકીના જીવોને સમ્મૂર્ચ્છન જન્મ હોય છે | ૨૦૪ |
| સૂત્ર રચનામાં અક્રમનું પ્રયોજન | ૨૦૪ |
| **સૂત્ર - ૩૭** | |
| **औदारिक-वैक्रियाहारक-...** | २०५ |
| શરીરના પાંચ પ્રકાર | ૨૦૫ |
| કર્મથી કાર્મણ શરીર એકાંતે ભિન્ન - પૂર્વપક્ષ | ૨૦૭ |
| કર્મથી કાર્મણ શરીર કથંચિત્ ભિન્ન - ઉત્તર પક્ષ | ૨૦૯ |
| દ્રવ્ય વર્ગણાની વિચારણા | ૨૧૦ |
| શરીર જડને અને સિદ્ધોને ન હોય | ૨૧૧ |
| 'શરીર' પદના ઉપન્યાસનો હેતુ | ૨૧૧ |
| ઔદારિકાદિ શરીરોના સંખ્યા ક્રમનું રહસ્ય | ૨૧૨ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| **સૂત્ર - ૩૮** | |
| **परं परं सूक्ष्मम्** | ૨૧૩ |
| શરીરમાં સૂક્ષ્મતાનો વિચાર | ૨૧૩ |
| ઔદારિક વગેરે શરીરોમાં ઉત્તરોત્તર સૂક્ષ્મતાનો | ૨૧૩ |
| વૈક્રિયાદિ આદિ શરીરોની સૂક્ષ્મતા | ૨૧૪ |
| વૈક્રિય શરીર મોટું છતાં સૂક્ષ્મ | ૨૧૫ |
| **સૂત્ર - ૩૯** | |
| **प्रदेशतोऽसङ्ख्येयगुणं प्राक् ...** | ૨૧૬ |
| શરીરમાં પ્રદેશનો વિચાર | ૨૧૭ |
| પ્રદેશ = અનંત અણુવાળો સ્કંધ | ૨૧૭ |
| ... તેથી 'પ્રદેશ'નો 'પરમાણુ' અર્થ કરી શકાય | ૨૧૮ |
| **સૂત્ર - ૪૦** | |
| **अनन्तगुणे परे** | ૨૧૯ |
| તૈજસ અને કાર્મણના પ્રદેશો અનંતગુણા હોય છે | ૨૧૯ |
| **સૂત્ર - ૪૧** | |
| **अप्रतिघाते** | ૨૨૧ |
| ક્રમવૃદ્ધિમાં પદ્ધતિભેદ છે પદાર્થભેદ નહીં | ૨૨૧ |
| તૈજસ-કાર્મણનું અપ્રતિઘાતીપણું | ૨૨૨ |
| **સૂત્ર - ૪૨** | |
| **अनादिसम्बन्धे च** | ૨૨૩ |
| તૈજસ-કાર્મણનો અનાદિ સંબંધ | ૨૨૨ |
| **સૂત્ર - ૪૩** | |
| **सर्वस्य** | ૨૨૫ |
| તૈજસની અનાદિતાનું મતભેદ | ૨૨૬ |
| તેજોલેશ્યા યુક્ત સાધકનું સ્વરૂપ | ૨૨૭ |
| ઔદારિક શરીરમાં તેજસ્વીતા | ૨૩૧ |
| એકીયમતનો સાર | ૨૩૨ |
| **સૂત્ર - ૪૪** | |
| **तदादीनि भाज्यानि युगपदेकस्या** | ૨૩૩ |
| એક જીવને એક સાથે કેટલા શરીરો હોય ? | ૨૩૩ |
| 'तदादीनि' પદનો વિશેષાર્થ | ૨૩૩ |
| પાંચ શરીરના વિવિધ ભંગો | ૨૩૫ |
| સૂત્રગત પાંચમી વિભક્તિનો ફલિતાર્થ | ૨૩૮ |
| એક સમયે બે લબ્ધિનો અભાવ | ૨૩૯ |
| **સૂત્ર - ૪૫** | |
| **निरुपभोगमन्त्यम्** | ૨૪૦ |
| કાર્મણ શરીર ઉપભોગથી રહિત છે | ૨૪૦ |
| કાર્મણ શરીરમાં ઉપભોગનો અભાવ | ૨૪૦ |
| ઉપભોગનો હાર્દ | ૨૪૨ |
| અંતર્ગતિમાં વિશિષ્ટ ઉપભોગનો અભાવ | ૨૪૩ |
| ઔદારિક શરીરોમાં ઉપભોક્તાની સિદ્ધિ | ૨૪૪ |
| આહારક શરીર નિરૂપભોગ નથી | ૨૪૬ |
| તૈજસમાં ઉપભોગ સિદ્ધિ | ૨૪૭ |
| **સૂત્ર - ૪૬** | |
| **गर्भ-सम्मूर्च्छनजमाद्यम्** | ૨૪૯ |
| સંમૂર્ચ્છિમાદિ ૩ જન્મોમાં શરીરની વ્યવસ્થા | ૨૪૯ |
| **સૂત્ર - ૪૭** | |
| **वैक्रियमौपपातिकम्** | ૨૫૦ |
| ઉપપાત જન્મવાળાને વૈક્રિય શરીર હોય | ૨૫૦ |
| **સૂત્ર - ૪૮** | |
| **लब्धिप्रत्ययं च** | ૨૫૧ |
| લબ્ધિવાળાને પણ વૈક્રિય શરીર હોય છે | ૨૫૧ |
| વૈક્રિય શરીરના સ્વામી | ૨૫૧ |
| **સૂત્ર - ૪૯** | |
| **शुभं विशुद्धमव्याघाति ...** | ૨૫૨ |
| આહારક શરીર ૧૪ પૂર્વધર મુનિને હોય | ૨૫૨ |
| લબ્ધિથી થતું વૈક્રિય શરીર | ૨૫૨ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| આહારકનું સ્વરૂપ | ૨૫૩ |
| ૧૪ પૂર્વીમાં મૂળ બે ભેદ | ૨૫૪ |
| તૈજસ શરીર પણ લબ્ધિવાળાને હોય | ૨૫૭ |
| તૈજસ-કાર્મણની વક્તવ્યતા | ૨૫૭ |
| સકલ ભવપ્રપંચનું મૂળ કારણ | ૨૫૯ |
| સ્વ-પર પ્રકાશક જ્ઞાનવત્ કાર્મણ શરીર | ૨૬૦ |
| શરીરના ઔદારિકાદિ નામોનો અર્થ | ૨૬૧ |
| અન્ય દેહોમાંના અવસ્થિતપણાની કારણતા | ૨૬૫ |
| વૈક્રિયના વિવિધ રૂપો | ૨૬૭ |
| વૈક્રિય અંગે આગમિક પાઠો | ૨૬૯ |
| આહારક શરીરનું સ્વરૂપ | ૨૭૩ |
| તૈજસ શરીરનો વિચાર | ૨૭૪ |
| કાર્મણ શરીરનો વિચાર | ૨૭૫ |
| વિષયકૃત વગેરે ભેદોનું સ્વરૂપ | ૨૭૬ |
| શરીરની ભિન્નતાના ૯ કારણ | ૨૭૬ |
| કારણ-વિષય-સ્વામી-પ્રયોજન | ૨૭૬ |
| પ્રમાણ-પ્રદેશ-અવગાહના | ૨૭૬ |
| સ્થિતિ-અલ્પબહુત્વ | ૨૭૮ |
| **સૂત્ર - ૫૦** | |
| **नारक-सम्मूर्च्छिनो नपुंसकानि** | २८१ |
| નારક અને સમ્મૂર્ચ્છિમ જીવો નપુંસક હોય | ૨૮૧ |
| પ્રાયઃ દુઃખ બહુલ જીવોને આ વેદની પ્રાપ્તિ | ૨૮૩ |
| **સૂત્ર - ૫૧** | |
| **न देवा** | २८४ |
| દેવો નપુંસક ન હોય | ૨૮૪ |
| દેવોમા વેદ વ્યવસ્થા | ૨૮૪ |
| નપુંસકવેદની અપેક્ષાએ સ્ત્રીવેદમાં પ્રશસ્તપણું | ૨૮૫ |
| આયુષ્યના ભેદો અપવર્તનીય-અનપવર્તનીય | ૨૮૬ |
| દોરી તૂટી આયુષ્યની ત્યાં સાંધનારું કોણ છે ? | ૨૮૭ |
| પરભવના આયુષ્ય બંધના વિકલ્પો | ૨૮૮ |
| અપવર્તનીય - અનપવર્તનીય આયુષ્યનું મૂળ કારણ | ૨૮૯ |
| સાધ્ય વ્યાધિ જેવું અપવર્તનીય આયુષ્ય | ૨૯૧ |
| અસાધ્ય વ્યાધિ જેવું અનપવર્તનીય આયુષ્ય | ૨૯૧ |
| અપવર્તનાને સમજવા વિવિધ દૃષ્ટાંતો | ૨૯૧ |
| ક્રિયા એક સમય અનેક | ૨૯૨ |
| આયુષ્યની અપવર્તનાની જેમ વૃદ્ધિ ન હોય | ૨૯૩ |
| અનપવર્તનીય સોપક્રમ આયુષ્યની વિચારણા | ૨૯૪ |
| ઉપક્રમ છતાં નિરૂપક્રમ આયુષ્ય | ૨૯૫ |
| અસંખ્ય વર્ષના અનપવર્તનીય આયુષ્યવાળાની કથંચિત્ અપવર્તના | ૨૯૫ |
| ભાષ્ય અને કર્મગ્રંથના વિરોધનો સમન્વય | ૨૯૬ |
| **સૂત્ર - ૫૨** | |
| **औपपातिक-चरमदेहोत्तम ...** | २९७ |
| અનપવર્ત્યાયુના ચોક્કસ પાત્રો | ૨૯૭ |
| ભાષ્યના '**औपपातिक**' પદની સાર્થકતા | ૨૯૯ |
| ૭ પ્રકારના ઉપક્રમો | ૩૦૨ |
| આયુષ્યના અપવર્તન સંબંધી-પૂર્વપક્ષ | ૩૦૫ |
| આયુષ્યના અપવર્તન સંબંધી-ઉત્તરપક્ષ | ૩૦૭ |
| અપવર્તન શબ્દનો રહસ્યાર્થ | ૩૦૮ |
| શુષ્કતૃણરાશિ દહનનું દૃષ્ટાંત | ૩૦૮ |
| ગણિતનું દૃષ્ટાંત | ૩૦૯ |
| મરણ સમુદ્ઘાત સમયે થતી અપવર્તના | ૩૧૧ |
| અપવર્તનાથી કર્મનું ફળ હણાતું નથી | ૩૧૧ |
| ભાષ્ય પદોમાં અન્ય અર્થ | ૩૧૩ |
| ભાવાનુવાદકારની પ્રશસ્તિ | ૩૧૫ |

## પૂજ્યશ્રી દ્વારા સંપાદિત - અનુવાદિત - લેખિત સાહિત્યની સૂચિ

१) बारसा सूत्र - भाषांतर (हिन्दी)
२) कल्पसूत्र - भाषांतर (हिन्दी)
३) अष्टाह्निका प्रवचन (हिन्दी)
४) जैन तत्त्वज्ञान सचित्र भा. - १ (पाठशाला के लिए) (हिन्दी)
५) जैन तत्त्वज्ञान सचित्र भा. - २ (पाठशाला के लिए) (हिन्दी)
६) जैन तत्त्वज्ञान सचित्र भा. - ३ (पाठशाला के लिए) (हिन्दी)
७) जैन तत्त्वज्ञान सचित्र भा. - ४ (पाठशाला के लिए) (हिन्दी)
८) जैन तत्त्वज्ञान सचित्र भा. - ५ (पाठशाला के लिए) (हिन्दी)
९) हेम संस्कार सौरभ (शिबिर के लिए) (हिन्दी) ❋
१०) आर्य मर्यादा ( बहेनों की शिबिर के लिए) (हिन्दी) ❋
११) भक्तियोग (शिबिर के लिए) (हिन्दी) ❋
१२) व्रतदीपिका (१२ व्रत) और भव आलोचना (हिन्दी)
१३) पंचसूत्र (प्रथम सूत्र) सानुवाद (हिन्दी)
१४) उपधान दीपिका (हिन्दी) ❋
१५) नव्वाणु दीपिका (हिन्दी) ❋
१६) अमृत के रम्य बिन्दु (हिन्दी) ❋
१७) बुन्द में समाया समन्दर (हिन्दी)
१८) संस्कार सदन / वाटिका आयोजन दीपिका (हिन्दी)
१९) दैनिक नियम पत्रक (पाठशाला के लिए ) (हिन्दी)
२०) महावीर वंदना करे पाप निकंदना (सचित्र) (भाववाही स्तुतिओ) (हिन्दी)
२१) नवकार जाप चित्र संपुट (हिन्दी)
२२) आहार विचार (हिन्दी) ❋
२३) शब्दों की सफर टेन्सन का ट्रान्सफर (हिन्दी)
२४) समाधि की समृद्धि (हिन्दी)
२५) तत्त्वार्थाधिगम सूत्र सभाष्य सटीक सानुवाद भा. - १ (संस्कृत + गुजराती) ❋
२६) तत्त्वार्थाधिगम सूत्र सभाष्य सटीक सानुवाद भा. - २ (संस्कृत + गुजराती)
२७) तत्त्वार्थाधिगम सूत्र सभाष्य सटीक सानुवाद भा. - ३ (संस्कृत + गुजराती) मुद्रणालयस्थ
२८) तत्त्वार्थाधिगम सूत्र सभाष्य सटीक सानुवाद भा. - ४ (संस्कृत + गुजराती) मुद्रणालयस्थ
२९) तत्त्वार्थाधिगम सूत्र सभाष्य सटीक सानुवाद भा. - ५ (संस्कृत + गुजराती) मुद्रणालयस्थ
३०) जैन तत्त्वज्ञान सचित्र भा.-१ (पाठशाला के लिए) (गुजराती)
३१) स्तुति दर्पणमां प्रभु दर्शन (भाववाही स्तुतिओ) (गुजराती) ❋
३२) गुरु गौतमनी गौरव गाथा (गुजराती) ❋
३३) जैन आहार विचार भा. - १, २ (गुजराती)
३४) जैन आहार विचार भा. - ३, ४ (गुजराती)
३५) वांचना परिमल (साधु-साध्वीजी के लिए) (गुजराती)
३६) उत्तमकुमार चरित्र (गुजराती)

❋ આ નિશાનીવાળા પુસ્તકો અપ્રાપ્ય છે.

## તત્ત્વાર્થાધિગમ સૂત્રની પ્રસાદી
## ગંધહસ્તિ ટીકાની સુરભિ

**अपवर्तनमपि दीर्घकालस्थितितः कर्मणो ह्रस्वस्थितिकरणं विष-शस्त्राद्यल्पता हेतुः, एवमिदमपवर्तनमिहायुरङ्गिकृत्याभिहितमन्यासामपि तु प्रकृतीनाम-निकाचितावस्थानां प्रायोऽ-वसेयम्। तपोऽनुष्ठानात् पुनर्निकाचिता अप्यपवर्त्यन्त इति पारमर्षी श्रुतिः ॥** **(૨/૫૨ સૂત્રની ટીકા)**

અપવર્તના એટલે કર્મની દીર્ઘકાળની સ્થિતિમાંથી હ્રસ્વસ્થિતિ કરવી તે અને નિમિત્ત એટલે અલ્પતાના હેતુ એવા વિષ, શસ્ત્ર વગેરે. આ વાત અહીં અપવર્તન આયુષ્ય કર્મને આશ્રયીને કહેવાઈ છે. પરંતુ આ જ રીતે અનિકાચિત અવસ્થાવાળી અન્ય પણ કર્મ પ્રકૃતિઓનું અપવર્તન પ્રાયઃ સમજી લેવું. તપનાં આચરણ થકી તો નિકાચિત પણ કર્મ પ્રકૃતિઓની અપવર્તના કરાય છે, એવી પરમર્ષિઓની શ્રુતિ છે.

**उपयोगस्तु द्विविधा चेतना → संविज्ञानलक्षणा अनुभवलक्षणा च तत्र घटाद्युप-लब्धिः संविज्ञानलक्षणा, सुख-दुःखादिसंवेदनानुभवनलक्षणा ॥**

**(૨/૧૯ સૂત્રની ટીકા)**

ઉપયોગ → બે પ્રકારની ચેતના સ્વરૂપ છે. → (A) સંવિજ્ઞાન ચેતના સ્વરૂપ, (B) અનુભવ ચેતના સ્વરૂપ. ત્યાં ઘટાદિ પદાર્થોનું જ્ઞાન તે સંવિજ્ઞાન ચેતના છે અને સુખ-દુઃખાદિની સંવેદના એ અનુભવ ચેતના છે.

॥ श्री अजाहरा पार्श्वनाथाय नमः॥ ॥ श्री आदिनाथाय नमः॥ ॥ श्री शङ्खेश्वर पार्श्वनाथाय नमः॥

॥ श्री गौतमगणधराय नमः॥ ॥ चरमतीर्थपतिश्रीवर्धमानस्वामिने नमः॥ ॥ श्री वाचकमुख्याय नमः॥

॥ श्री मणि-बुद्धि-मुक्ति-कमल-केशर-चन्द्र-प्रभवचन्द्र-हेमप्रभसूरीश्वरेभ्यो नमः॥

पञ्चशतप्रकरणप्रणेतृश्री**उमास्वातिवाचक**गुम्फितं **स्वोपज्ञभाष्य**समेतम्

गन्धहस्तिश्री**सिद्धसेनगणि**प्रणीतगन्धहस्ति**वृत्ति**विभूषितम्

# तत्त्वार्थाधिगमसूत्रम्

## द्वितीयोऽध्यायः

**भाष्यम् :-** [1]अत्राह → उक्तं भवता जीवादीनि तत्त्वानीति, तत्र को जीवः कथंलक्षणो वेति ? अत्रोच्यते →

**गन्धहस्ति (संस्कृत टीका)**

[1]अत्राह → उक्तं भवतेत्यादिः [2]सम्बन्धग्रन्थः, स चाध्याय-प्रकरण-सूत्रकृतस्त्रिधा, तत्राध्यायकृतस्तावत् '***सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः***' (अ. - १, सू. - १) इत्यव्यतिरिक्तकरण

**ભાષ્યાર્થ :- પ્રશ્ન :** 'जीवादीनि तत्त्वानी' એ શબ્દો જે આપે (= સૂત્રકારે) (૧/૪ સૂત્રમાં) કહ્યા હતા, ત્યાં (= જીવ વગેરે તત્ત્વોમાં) જીવ કોણ છે ? અને કેવા લક્ષણવાળો છે ?

**ઉત્તર :** આ પ્રશ્નને વિષે (૨/૧ સૂત્ર) કહેવાય છે.

*હેમગિરા (ગુજરાતી અનુવાદ)*

૫૦૦ ગ્રંથના રચયિતા **વાચકપ્રવર પૂ. શ્રી ઉમાસ્વાતિજી મહારાજે** રચેલ **શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર, સ્વોપજ્ઞભાષ્ય** અને તે બન્ને ઉપર **ગંધહસ્તી પૂજ્ય શ્રી સિદ્ધસેન ગણિવરે** રચેલ **ગંધહસ્તી વૃત્તિ**નો ગુર્જર શબ્દાનુવાદ / ભાવાનુવાદ પ્રસ્તુત થાય છે.

શ્રદ્ધા સુરલતાના બળે મતિ માહરી નિર્મળ બને,
સદ્જ્ઞાન શક્તિના બળે વાચાની શક્તિ ઉદ્‌ભવે,
સચ્ચરણના સુતેજથી મુજ દેહ સુદઢતા ધરે,
શ્રી પાર્શ્વ શંખેશ્વર કૃપાથી સિદ્ધિ શ્રુતની સંપજે॥૧॥

વાચક પ્રવર પૂર્વજ્ઞ ઉમાસ્વાતિ ગુરુ મુજ મન વસે,
ગણિરાજ શ્રી સિદ્ધસેન નામે તર્ક શક્તિ નીપજે,
ગુરુ 'હેમ'-જય-યશની કૃપાથી ધૈર્યતા મારી વધે,
દેવી સરસ્વતીના પ્રસાદે શબ્દ શક્તિ સંચરે ॥૨॥

**૨/૧ સૂત્રની અવતરણિકા :** 'अत्राह - उक्तं भवता'... ઇત્યાદિ ભાષ્ય (પૂર્વ અધ્યાયનો આ અધ્યાય સાથે સંબંધ જોડતું હોવાથી) **'સંબંધ ગ્રંથ'** (= અવતરણિકા સ્વરૂપ ગ્રંથ) છે.

१. अथाह-पा.। २. सम्बन्ध स चा°- खं. भां.।

तयाऽऽत्मनः कर्तुस्तद्रूपेण[1] निर्दिष्टानि मोक्षसाधनानि, अधुना तान्येवानेककर्मोपशमादिकारणकलापजन्यानि परिस्फुटविविक्तहेतुभाञ्जि प्रकाशयन्नाह → **औपशमिक** इत्यादि (सूत्रम्)।

तथाऽनुयोगद्वारप्रकरणप्रस्तावे निर्देशादिसूत्रव्याख्यायामुक्तम् →"*तद्यथा → निर्देशः। को जीवः? औपशमिकादिभावयुक्तो द्रव्यं जीवः*", ते चामी जीवस्य औपशमिकादयो भावाः स्वतत्त्वेयत्ताभ्याम-वध्रियन्ते[2]→ **औपशमिक** इत्यादि (सूत्रम्)।

तथा तत्त्वोद्देशः, तत्रादौ जीवपदार्थोपन्यासोऽकारि सूत्रकारेण, तत्स्वरूपावगमेच्छया च परः प्रश्न-यति → **को जीवः कथंलक्षणो वेति ?**

● *હેમગિરા* ●

### ❖ ત્રણ પ્રકારના સંબંધ ❖

વળી અહીં તે સંબંધ ગ્રંથ ૩ પ્રકારે છે :- (૧) અધ્યાયકૃત, (૨) પ્રકરણકૃત, (૩) સૂત્રકૃત. ત્યાં સર્વ પ્રથમ અધ્યાયકૃત સંબંધ આ પ્રમાણે છે.

**૧. અધ્યાયકૃત સંબંધ→ सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः।।** (૧/૧) આ સૂત્રમાં કર્તા એવા આત્માથી અભિન્નકરણ (= સાધકતમ કારણ) રૂપ સમ્યગ્દર્શનાદિ મોક્ષના સાધનો તદ્ (= આત્મ) સ્વરૂપે જ નિર્દેશ કરાયા હતા. હવે કર્મોના ઉપશમ આદિ અનેક કારણોના સમૂહથી ઉત્પન્ન થનારા અને તેથી જ સ્પષ્ટ રીતે જુદા - જુદા હેતુઓને ભજનારા એવા તે જ મોક્ષ સાધનોને દેખાડતાં '**औपशमिक-क्षायिकौ**'... ઇત્યાદિ ૨/૧ સૂત્રને સૂત્રકારશ્રી કહે છે. (આ અધ્યાયકૃત સંબંધ થયો.)

**૨. પ્રકરણકૃત સંબંધ** → ભાષ્યકારે અનુયોગદ્વારના પ્રકરણના અવસરમાં '**निर्देश**'... ઇત્યાદિ (૧/૭) સૂત્રની વ્યાખ્યા કરતાં આ પ્રમાણે કહ્યું હતું કે "આ નિર્દેશ, સ્વામિત્વ આદિ ૬ અનુયોગદ્વારો કહેવાય છે, તેમાં નિર્દેશ દ્વાર આ પ્રમાણે છે →

**પ્રશ્ન :** જીવ કોણ છે ?

**ઉત્તર :** જીવ એ ઔપશમિકાદિ ભાવયુક્ત દ્રવ્ય છે."

અત્યારે જીવના આ ઔપશમિકાદિ ભાવો સ્વતત્ત્વ (સ્વ = આત્મભૂત, તત્ત્વ = સ્વરૂપ) અને ઇયત્તા (= પરિમાણ)થી (સૂત્રકાર) નિર્ધારિત કરે છે, એનું નિર્ધારક '**औपशमिक**'... ઇત્યાદિ ૨/૧ સૂત્ર છે. (આ પ્રકરણકૃત સંબંધ થયો.)

**૩. સૂત્રકૃત સંબંધ** → ૧/૪ સૂત્રમાં જીવાદિ તત્ત્વોનો ઉદ્દેશ (= સામાન્યથી કથન) છે. ત્યાં આદિમાં 'જીવ' પદાર્થનું કથન સૂત્રકારે કર્યું છે અને હવે તેના સ્વરૂપને જાણવાની ઇચ્છાથી અન્ય કોઈ પ્રશ્ન કરે છે → જીવ કોણ છે ? અને કેવા લક્ષણવાળો છે ?

१. °स्ताद्रूप्येण - मु. (रा.)। २. °मभिधीयन्ते-मु. (खं. भां.)।

**किं** पुनरत्र प्रयोजनं यदयमपहायाध्याय-प्रकरणसम्बन्धौ सूत्रकृतमेव सम्बन्धमाविश्चकार भाष्यकारः? **उच्यते** → स्वल्पवक्तव्यत्वात्, सम्बन्धानां चानेकरूपत्वादतो यत् किञ्चिद् घटमानकं सम्बन्धान्तरमुपादाय भाष्यकृत् कृती जायते, न [1]चावश्यमशेषसम्बन्धाभिधानमावर्तव्यमिति क्वचिन्नियमः, यच्च भाष्यकारोपात्तसूत्रसम्बन्धव्यतिरिक्तसम्बन्धद्वयप्रदर्शनमाविष्कृतं तदन्योपनिबन्धकारशैल्या न त्वपूर्वसम्बन्धोद्घट्टनेच्छयेति।

**अत्रे**ति द्वितीयाध्यायावसरे शिष्य **आह** = प्रथमाध्यायेऽभिहितं भवता **जीवादीनि** सप्त **तत्त्वानि**, तत्प्रतिपत्तिः सम्यक्त्वम्, **इति**शब्दः शब्दपदार्थकः[2] उक्तमात्रस्मरणात् **तत्रे**ति तेषु तत्त्वेषु निर्धार्यतामादावुपन्यस्तो **जीवः क** इति किं स्वरूपः किं सत्त्वः[3], किमसौ द्रव्यं, गुणः, कर्मेति सन्दिहानस्य प्रश्नः, **कथंलक्षणो**



(પ્રસ્તુત ભાષ્યમાં સૂત્રકૃત સંબંધને ધ્યાનમાં લઈ આ પ્રશ્ન કરવામાં આવ્યો છે.)

### ❁ સંબંધો દર્શાવવા અંગે અનેકાન્ત ❁

**પ્રશ્ન :** અહીં શું પ્રયોજન છે કે જેથી અધ્યાયકૃત અને પ્રકરણકૃત સંબંધોને છોડી આ સૂત્રકૃત જ સંબંધ ભાષ્યકારશ્રીએ દર્શાવ્યો છે ?

**ઉત્તર :** આ સૂત્રકૃત સંબંધમાં સહુથી અલ્પ વકતવ્યતા હોવાથી આ જ સંબંધ અહીં કહ્યો છે અને સંબંધો અનેક પ્રકારના હોવાથી એમાંથી જે કોઈ ઘટતો સંબંધ હોય તેને ગ્રહણ કરીને ભાષ્યકારશ્રી કૃતાર્થ = ચરિતાર્થ થઈ જાય છે.

વળી બીજી વાત એ છે કે 'સર્વ સંબંધોનું વિધાન અવશ્ય કરવું જ જોઈએ' એવો ક્યાંય નિયમ નથી. ભાષ્યકારશ્રી દ્વારા દર્શાવેલ સૂત્રકૃત સંબંધથી ભિન્ન એવા બે સંબંધો જે અમે (= ટીકાકારે) બતાવ્યા છે તે અન્ય ગ્રંથકારોની સંબંધ દર્શાવવાની શૈલીના આધારે છે તેમ સમજવું, નહિ કે નવા સંબંધોને પ્રગટ કરવાની ઇચ્છાથી.

અહીં બીજા અધ્યાયના અવસરે શિષ્ય પ્રશ્ન કરે છે → પ્રથમ અધ્યાયમાં આપે (= વાચકશ્રીએ) કહ્યું હતું કે જીવાદિ ૭ તત્ત્વો છે અને તે તત્ત્વોનો સ્વીકાર એ સમ્યગ્દર્શન છે. {'**इति**' શબ્દ એ શબ્દવાચક છે, અર્થવાચક નહીં. અર્થાત્ '**इति**' શબ્દ એ '**जीवादीनि तत्त्वानि**' પદોનો વાચક જાણવો. તે પદથી વાચ્ય અર્થનો વાચક નહિ. કેમકે પૂર્વ (૧/૪ સૂત્રના ભાષ્ય)માં કહેવાયેલા શબ્દોનું જ અહીં સ્મરણ થાય છે.}

ત્યાં = તે તત્ત્વોમાં શરૂઆતમાં કહેવાયેલ જીવ એ કોણ છે ? અર્થાત્ કયા સ્વરૂપવાળો છે ? અર્થાત્ કયા અસ્તિત્વનો ધારક છે ? એ જણાવો. શું એ દ્રવ્ય છે ? ગુણ છે ? કે કર્મ છે ? એ પ્રમાણે સંદહ કરનાર શિષ્યનો આ (ઉપરોક્ત) પ્રશ્ન છે.

१. नैवावश्य° - मु. (पा.)। २. °पदार्थः कः? - मु. (खं. भा.)। ३. किं सतत्त्वः प्रा.।

## सूत्रम् :- औपशमिक-क्षायिकौ भावौ मिश्रश्च* जीवस्य स्वतत्त्वमौदयिक-पारिणामिकौ च॥२/१॥

● गन्धहस्ति ●

**वेति** द्वितीयः प्रश्नः, **कथमिति** केन प्रकारेण किमनपायिना सता लक्षणेन सर्वास्ववस्थासु गमकेनाविनाभाविना हुताशन इवोष्णत्वेन लक्षयितव्यः, आहोस्विदपायभाजा व्यतिरिक्तेन धूमेनेव हुतभुगवबोद्धव्य इति पृच्छति।

**कथंलक्षणो वेति** लक्ष्यते अनेनेति लक्षणं = लिङ्गमित्यर्थः, कथं लक्षणमस्येति कथंलक्षणः, **वा**शब्दश्चशब्दार्थे, को जीवः कथंलक्षणश्चेति, **इति**शब्दः शिष्याभिप्रायेयत्ताप्रकाशनार्थः। एवं प्रश्नद्वयप्रदर्शने[1] सति आचार्य आह → **अत्रोच्यते** इति। अत्रास्मिन् प्रश्नद्वयेऽपि भण्यते प्रतिवचनम्, तत्राद्यं प्रश्नमधिकृत्य सूरिः सूत्रमधिजगे → **औपशमिक** इत्यादि (सूत्रम्)। समुदायार्थस्त्वयम् → औपशमिकादिभावयुक्तो द्रव्यं

**સૂત્રાર્થ :- ઔપશમિક અને ક્ષાયિક ભાવ તેમજ મિશ્ર (ભાવ) તથા ઔદયિક અને પારિણામિક (ભાવ) જીવના સ્વતત્ત્વ છે.॥૨/૧॥**

● હેમગિરા ●

### ❁ બે પ્રકારના લક્ષણ ❁

'**कथं लक्षणो वा**' એ ભાષ્ય દ્વારા બીજો પ્રશ્ન કરતાં કહે છે → કે કેવા પ્રકારના લક્ષણથી જીવને ઓળખવો ? અર્થાત્ અનપાયી (= અવ્યાપ્તિ આદિ દોષ રહિત) એટલે કે સર્વ અવસ્થાઓમાં ગમક (= સ્વલક્ષ્યને ઓળખાવનારા) અને અવિનાભાવી (= કાયમ લક્ષ્યની સાથે ને સાથે રહેનાર) એવા સત્ (= વિદ્યમાન) લક્ષણ સ્વરૂપ ઉષ્ણત્વથી જેમ અગ્નિને ઓળખી શકાય છે, તેમ શું જીવને ઓળખી શકાય છે ?

અથવા અપાયવાળા (= અવ્યાપ્તિ આદિ દોષયુક્ત) અર્થાત્ વ્યતિરિક્ત = સ્વલક્ષ્યથી ભિન્ન (અમુક અવસ્થામાં જ ગમક છે) એવા ધૂમ રૂપ લક્ષણથી જેમ અગ્નિ ઓળખાય છે તેમ શું જીવને તેવા પ્રકારના (અપાયવાળા તથા સર્વ અવસ્થામાં ગમક એવા) કોઈ લક્ષણથી ઓળખી શકાય છે ? એ પ્રમાણે સંદેહ કરનાર શિષ્ય પ્રશ્ન કરે છે

જેનાથી વસ્તુ જણાય તે લક્ષણ અર્થાત્ લિંગ (= જ્ઞપ્તિનો હેતુ) કહેવાય. '**कथंलक्षणः**' એમાં અવ્યય વ્યધિકરણ બહુવ્રીહી સમાસ જાણવો અને તેનો વિગ્રહ ટીકામાં સ્પષ્ટ છે. '**वा**' શબ્દ એ '**च**' શબ્દના અર્થમાં છે. આથી જીવ શું છે ? અને કેવા લક્ષણવાળો છે ? એવો અર્થ કરવો. '**इति**' શબ્દ શિષ્યના અભિપ્રાય (પ્રશ્નો)ની સંખ્યા જણાવવા માટે છે કે આટલા જ

१. र्शने प्रबोधने सति - मु. (खं. भां)। * જુઓ પરિશિષ્ટ - ૬ ટીપ્પણી - ૧

जीव इति कर्मगुणनिरासद्वारेण[1] प्रतिपादयति।

नन्वौदयिकौपशमिक-क्षायिक-क्षायोपशमिक-पारिणामिक-सान्निपातिका भावा इति क्रम-सङ्ख्यानियमः प्रावचनोऽयं, स एषः किमर्थं परमर्षिप्रणीतप्रवचनन्यस्तक्रमसङ्ख्याभेदः सूत्रकारेणाकारि ? **अत्रोच्यते** → क्रमभेदस्तावल्लाघवार्थमाश्रितः, कथम् ? औपशमिकभेदद्वयमधीत्य क्षायिकभेदपाठे चशब्दानुकृष्टौ चपूर्वकौ द्वावित्येवं नवभेदमवदत् क्षायिकम्।

**ननु** प्रवचनक्रमेऽप्यौपशमिक-क्षायिकावनन्तराविति न कश्चिद् विशेषः अस्ति ?

विशेषश्चशब्देन किमनन्तरभेदद्वयाकर्षणमुतौदयिकैकविंशतिराकृष्यत इति सन्देहः।

• હેમગિરા •

પ્રશ્નો છે. આ પ્રમાણે બે પ્રશ્ન પૂછાયે છતે આચાર્યશ્રી (= વાચકશ્રી) '**अत्रोच्यते**' એમ ભાષ્યને કહે છે અર્થાત્ અહીં બંનેય પ્રશ્નને આશ્રયી (આચાર્યશ્રી દ્વારા) ઉત્તર કહેવાય છે. તેમાં પ્રથમ પ્રશ્નને આશ્રયીને સૂરિજી ઉત્તરમાં ૨/૧ સૂત્રને કહે છે.

'**औपशमिक**'... ઇત્યાદિ ૨/૧ સૂત્ર છે, તેનો સમુદાયાર્થ આ છ → જીવ એ કર્મ કે ગુણ નથી. એમ નિષેધ કરવા દ્વારા જીવ એ 'ઔપશમિકાદિ ભાવયુકત દ્રવ્ય છે' એમ (આ ૨/૧ સૂત્ર) પ્રતિપાદન કરે છે. (હવે સૂત્રના અવયવાર્થને જણાવતાં કહે છે.)

### ❖ સંખ્યાભેદ + ક્રમભેદ ❖

**શંકા :** ઔદયિક, ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, પારિણામિક અને સાંનિપાતિક ભાવો છે, એ મુજબ આગમમાં (ભાવોનો) ક્રમ અને સંખ્યા (૬)નો આ નિયમ છે, તો મહર્ષિઓથી કથિત/રચિત આગમમાં મૂકેલા ક્રમ અને સંખ્યાનો આ ભેદ (= ફેરફાર) અહીં પ્રથમ સૂત્રમાં સૂત્રકારે શા માટે કર્યો છે ?

**સમાધાન :** પ્રથમ જે ક્રમભેદ કરાયો છે તે લાઘવ કરવા માટે કરાયો છે.

**શંકા :** તે કઈ રીતે ?

**સમાધાન :** ઔપશમિક ભાવ અંગેના બે ભેદ આ અધ્યાયના ત્રીજા સૂત્રમાં કહીને ત્યાર બાદ ચોથા સૂત્રમાં ક્ષાયિક ભાવના નવ ભેદના પાઠમાં (સાક્ષાત્ કહેવાયેલ ૭ ભેદ પછી રહેલા) '**च**' શબ્દથી ખેંચાયેલા અર્થાત્ '**च**' શબ્દથી પ્રાપ્ત થયેલા પૂર્વના બે ભેદો લીધા છે. એમ કુલ (૭+૨=) ૯ ભેદવાળો ક્ષાયિક ભાવ કહ્યો છે. (આમ કરતાં સૂત્ર રચનામાં લાઘવતા થઈ.)

**શંકા :** આગમ કથિત ક્રમમાં પણ ઔપશમિક પછી તરત જ ક્ષાયિક ભાવ આવે છે માટે ક્રમભેદ કરવાનું કોઈ વિશેષ પ્રયોજન નથી તો શા માટે આવું કર્યું ?

---

१. °गुणनिगमद्वा भा.।

• गन्धहस्ति •

नन्वनन्तरभेदद्वयमेवाभिसम्भन्त्स्यते न व्यवहितम् ?

तदेतदेतावद् व्याख्यानमल्पधियः [१]क्रशयति गौरवं च जायते, तस्मादस्तु क्रमभेदः।

अपि च स्वल्पकाल-स्वामित्वादिविशेषादप्यौपशमिकादिर्युज्यते क्रमः, आन्तर्मौहूर्तिकत्वादल्पकाल औपशमिकः, अल्पस्वामिकश्चायम्, यतो न खलु बहुविधाः प्राणिनः प्राप्नुवन्ति तादृशं परिणतिविशेषम्, तदनन्तरं क्षायिकः, [२]तत्सामान्यभेदत्वाद् बहुतर(भेद-)काल-स्वामित्वाच्च, ततः क्षायोपशमिको बहुतरभेद-काल-स्वामित्वात्[३], ततः औदयिकः पूर्वस्वामिसाधर्म्यात् तदन्यकर्माश्रयत्वाच्च, ततः पारिणामिको महाविषयत्वादत्यन्तभेदाच्च पूर्वकेभ्य इति।

• હેમગિરા •

**સમાધાન :** વિશેષ પ્રયોજન એ છે કે પ્રવચનમાં બતાવેલ ઔદયિક, ઔપશમિક, ક્ષાયિક ક્ષાયોપશમિક ઇત્યાદિ ક્રમ જ જો સૂત્રમાં રાખવામાં આવે તો એને જોતાં કોઈને આવો સંદેહ થાય કે ક્ષાયિક ભાવના ભેદ પ્રદર્શક સૂત્રમાં રહેલ '**च**' શબ્દ દ્વારા શું ક્ષાયિક ભાવનાં અનંતરમાં રહેલ ઔપશમિક ભાવનાં બે ભેદ લેવા કે પરંપરમાં રહેલ ઔદયિક ભાવના **૨૧** ભેદ લેવા ?

**શંકા :** એવો સંદેહ કેમ થાય ? કારણકે અનંતર એવા ઔપશમિક ભાવના બે ભેદ જ ગ્રહણ કરાશે ને ? વ્યવહિત એવા ઔદયિક ભાવના ભેદ ગ્રહણ નહીં કરાય.

**સમાધાન :** આ આટલું (ક્રમભેદ વિનાનું) વ્યાખ્યાન અલ્પબુદ્ધિવાળાઓને ક્લેશ પમાડે છે અર્થાત્ સમજવું કઠણ પડે છે અને ગૌરવ થાય છે, તેથી ક્રમભેદ કર્યો તે યોગ્ય છે.

### ❖ ક્રમભેદના અન્ય કારણો ❖

વળી અલ્પકાળ, સ્વામિત્વ આદિ વિશેષતાની અપેક્ષાએ પણ ઔપશમિકાદિ (ભાવોનો જે) ક્રમ (સૂત્રમાં દર્શાવ્યો છે તે) યોગ્ય છે. તે આ પ્રમાણે → ઔપશમિક ભાવ એ અંતર્મુહૂર્તની સ્થિતિવાળો હોવાથી અલ્પકાલીન છે તથા આ ઔપશમિક ભાવ અલ્પ સ્વામીવાળો છે કારણકે ખરેખર ઘણાં પ્રકારના પ્રાણીઓ તેવા પ્રકારની (ઔપશમિક ભાવની) વિશિષ્ટ પરિણતિને પામતાં નથી.

તેના પછી ક્ષાયિક ભાવ કહ્યો છે કારણકે આ ક્ષાયિક ભાવમાં ઔપશમિક ભાવ કરતાં સામાન્ય જ તફાવત છે. તથા (ઔપશમિક ભાવ કરતાં) ઘણાં (= ૯) પ્રકારવાળો, બહુ (= અનંત) કાળ રહેનારો અને ઘણાં (= અનંતા) સ્વામીવાળો છે. ત્યાર પછી ક્ષાયોપશમિક ભાવ કહ્યો કારણકે (ક્ષાયિક ભાવના ૯ ભેદ કરતાં) ઘણાં (= **૧૮**) ભેદવાળો, ઘણાં (= અનંત) કાળવાળો, તેમજ ઘણાં (= અનંતા) સ્વામીવાળો છે.

ત્યારબાદ ઔદયિક ભાવ કહ્યો, કારણકે પૂર્વના (ક્ષાયોપશમિક ભાવના) સ્વામીના સાધર્મ્યવાળો છે. વળી તે ઔદયિક ભાવ તેનાથી (= ઘાતીકર્મથી) અન્ય એવા અઘાતી કર્મના આશ્રયવાળો પણ છે.

१. क्रशयन्ति - मु (खं. भां.)। २. तस्मात् सामान्यभेद° - मु. (खं.)। ३. °त्वाच्च - मु. (खं. भा.)।

सान्निपातिकोऽपि लाघवैषिणा पृथक् नोपात्तः, मिश्रग्रहणादेव प्रतिलब्धः, यत एषामेवौपशमिकादीनां द्विकादिसंयोगेन सान्निपातिको निष्पद्यते षड्विंशतिविकल्पः, तत्रैकादश विरोधित्वादसम्भवतस्त्यक्ता विकल्पाः, पञ्चदशोपात्ताः **प्रशमरतौ** सम्भविनः, "***षष्ठश्च सान्निपातिक इत्यन्यः पञ्चदशभेदः***" (प्रशम. प्र. १९७) इति वचनात्।

ते [1]चामी विकल्पाः पञ्चदश → औदयिक-क्षायोपशमिक-पारिणामिकास्त्रयोऽपि युगपदेकस्मिन् निपतन्ति जन्तौ, नारक-तिर्यङ्-मनुष्य-देवगतिभेदेन चैते चत्वारो विकल्पाः, तथौदयिकौपशमिक-क्षायोपशमिक-पारिणामिकाः क्वचिदकृतत्रिपुञ्जोपशमसम्यक्त्वसद्भावाद् गतिभेदेनैव चत्वारो विकल्पाः, पुनरौदयिक-क्षायिक-क्षायोपशमिक-पारिणामिकाः क्वचित् क्षायिकसद्भावात् **श्रेणिका**दिवद् गतिभेदतः

● હેમગિરા ●

તેના પછી પારિણામિક ભાવ કહ્યો કારણ કે એ મહાવિષયવાળો છે તથા પૂર્વ ભાવો કરતાંઅત્યંત જુદા પ્રકારનો છે. આમ ક્રમ ભેદનું કારણ કહ્યા પછી હવે સંખ્યા ભેદનું (= ૬ને બદલે પાંચ કેમ ? તેનું) કારણ બતાડતાં કહે છે કે :

### ❖ સંખ્યાભેદનું પ્રયોજન ❖

લાઘવ કરવાના ઇચ્છુક એવા આ સૂત્રકારશ્રી દ્વારા સાંનિપાતિક ભાવ (ભાવ રૂપ જ હોવા છતાં) પણ જુદો નથી જણાવાયો, પણ સૂત્રમાં રહેલ "મિશ્ર" પદના ગ્રહણથી જ ગ્રહણ કરાયો છે. કારણકે આ જ ઔપશમિકાદિ ભાવોના બે આદિ સંયોગથી **૨૬** વિકલ્પવાળો સાંનિપાતિક ભાવ બને છે. ત્યાં (= **૨૬** વિકલ્પોમાં) **૧૧** વિકલ્પો વિરોધી હોવાથી, સંભવી શકતા નથી માટે તેઓનો ત્યાગ કરાયો છે. (અને શેષ અવિરોધી, સંભવિત એવા **૧૫** ગ્રહણ કરાયા છે.

બીજી રીતે કર્મગ્રંથ, અનુયોગ દ્વાર વગેરે ગ્રંથોના મતે વિચારતાં **૨૬** ભાંગામાંથી જીવને વિશે **૨૦** અસંભવિત છે અને શેષ **૬** સંભવિત છે, તેના ગતિને આશ્રયીને **૧૫** વિકલ્પો થાય છે.) સંભવતા એવા તે **૧૫** ભાંગાઓ 'પાંચથી અન્ય એવો **૬**ઠ્ઠો સાંનિપાતિક ભાવ **૧૫** ભેદવાળો છે' એવા વચન દ્વારા **પ્રશમરતિ પ્રકરણ** (સૂ. **૧૯૭**)માં ગ્રહણ કરાયા છે અને તે **૧૫** વિકલ્પો આ પ્રમાણે જાણવા →

### ❖ સંભવિત ૧૫ વિકલ્પોની ઓળખ ❖

'ઔદયિક, ક્ષાયોપશમિક અને પારિણામિક' આ ત્રણેય ભાવો એક સાથે એક જીવમાં હોય છે. આ સાંનિપાતિક ભાવના નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિની અપેક્ષાએ **૪** વિકલ્પો બને છે. તથા જ્યારે **૩** પુંજ કર્યા વગર કોઈ જીવ ઉપશમ સમકિત પામે છે, ત્યારે 'ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક અને પારિણામિક' એમ સાંનિપાતિક ભાવ થાય છે અને તેના **૪**

१. ते च विक° - मु. (खं. भां.)।

(चत्वारो विकल्पाः), पुनश्चौदयिकौपशमिक-क्षायिक-क्षायोपशमिक-पारिणामिकाः दर्शनसप्तकवर्जं समस्तमोहनीयोपशमाच्छेषकर्मक्षयोपशमादित्वे सति मनुष्यगतावेवोपशमश्रेणिसद्भावे सत्येको विकल्पः, तथा औदयिक-क्षायिक-पारिणामिका एक एव भङ्गः, केवलिनो मनुष्यत्व-कैवल्य-जीवत्वाप्तेः तथा क्षायिक पारिणामिकावेको भङ्गः, सिद्धे केवलसम्यक्त्वादिजीवत्वतः[1], एवं पञ्चदश सान्निपातिका भावभेदाः पञ्चक-चतुष्क-त्रिक-द्विकसंयोगनिष्पन्नाः चतुरादिगतिभेदैर्मिश्रग्रहणे लब्धा[2], मिश्रग्रहणे न च सान्निपातिकः संयोगमात्रं परिगृह्यते, न क्षयोपशमाविति।

कृतसमासयोश्च पूर्वयोर्निर्देश उत्पत्ति-विगमकालसाम्यात् संहतोत्तरकारणत्वाच्च, औपशमिक-क्षायिकौ हि संहितौ मिश्रस्य कारणीभवतः, मिश्रे चासमासकरणं स्वामिबाहुल्यप्रतिपिपादयिषयाऽकारि,

• હેમગિરા •

ગતિની અપેક્ષાએ જ ૪ વિકલ્પો બને છે. વળી જ્યારે શ્રેણિકાદિની જેમ કોઈક જીવમાં ક્ષાયિક સમકિતનો સદ્ભાવ હોય છે ત્યારે 'ઔદયિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક અને પારિણામિક' એમ સાંનિપાતિક ભાવ થાય છે અને તેના ૪ ગતિની અપેક્ષાએ ૪ વિકલ્પો સમજવા.

વળી 'ઔદયિક, ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક અને પારિણામિક' આ ભાવપંચકનો એક વિકલ્પ મનુષ્યગતિમાં જ ઉપશમ શ્રેણીના સદ્ભાવમાં (ક્ષાયિક સમ્યક્ત્વીને દર્શન સપ્તકનો ક્ષય થઈ ગયો હોવાથી) જ્યારે દર્શનસપ્તક વર્જીને શેષ સમસ્ત મોહનીય કર્મનો ઉપશમ થવાથી શેષ જ્ઞાનાવરણાદિ ૭ કર્મના ક્ષયોપશમ વગેરે હોય ત્યારે થાય છે. તથા 'ઔદયિક, ક્ષાયિક અને પારિણામિક' આવો એક જ વિકલ્પ કેવલીમાં સંભવે છે, કેમકે કેવલી ભગવંતમાં મનુષ્યત્વ (ઔદયિક ભાવ), કેવળજ્ઞાન (ક્ષાયિક ભાવ) અને જીવત્વ (પારિણામિક ભાવ) મળે છે. તથા સિદ્ધ ભગવંતોમાં 'ક્ષાયિક અને પારિણામિક' આવો એક વિકલ્પ છે, કેમકે સિદ્ધ ભગવંતમાં કેવલ (= ક્ષાયિક) સમ્યક્ત્વ વગેરે (ક્ષાયિકભાવ) તથા જીવત્વ (પારિણામિક ભાવ) છે.

આ પ્રમાણે ૪ ગતિ આદિ ગતિના ભેદોથી પંચક, ચતુષ્ક, ત્રિક અને દ્વિકના સંયોગથી બનેલા **૧૫** સાન્નિપાતિક ભાવના ભેદો મિશ્રના ગ્રહણમાં મેળવાયા. (તે આ પ્રમાણે - પંચક સંયોગનો-૧, ચતુષ્ક સંયોગના-૮, ત્રિક સંયોગના-૫, દ્વિક સંયોગનો-૧, કુલ મળીને **૧૫** વિકલ્પો થયા.) પરંતુ સૂત્રમાં મિશ્ર પદનાં ગ્રહણમાં સાંનિપાતિક ભાવ સંયોગ રૂપે હોવા છતાં સંપૂર્ણ ગ્રહણ નથી કરાયો અર્થાત્ સાંનિપાતિક ભાવના છવ્વીસે છવ્વીસ વિકલ્પો ગ્રહણ નથી કરાયા તેમજ 'ક્ષય અને ઉપશમ' એવો દ્વિક સંયોગી વિકલ્પ પણ ગ્રહણ નથી કરાયો.

### ❖ સમાસ કરવાના અને નહીં કરવાના કારણો ❖

પૂર્વના બે ભાવોનો સમાસ કરવાપૂર્વક એક સાથે નિર્દેશ કરાયો છે, કારણકે ક્ષાયોપશમિક ભાવની ઉત્પત્તિ અને વિનાશમાં એ બન્ને ભાવોની ઉત્પત્તિ અને વિનાશ એક સાથે એક જ સમયે

१. °त्वतः पञ्च° - मु. (खं. भां.)। २. °हणाल्लब्धाः - मु. (खं. भां.)।

पूर्वभावद्वयवर्तिजीवेभ्या[1] भूयिष्ठाः क्षायोपशमिकभावभाजः प्राणिनः, चरमयोः पृथक्करणं जीवाजीवसाधारणत्वख्यापनार्थम्[2], पूर्वकास्त्रयो जीवानामेव, इतरौ तु साधारणौ, समासश्चावियोगप्रचिकाशयिषयाऽनयोर्द्वयोरपि।

अत्र चाद्यास्त्रयो भावाः कर्मविघातापेक्षाः प्रादुःष्यन्ति, बहलरजोवितानविघाते सति तिग्मरश्मेर्दीधितिकलापोत्पत्तिवत्, स पुनर्विघातो द्विविधः स्ववीर्यापेक्षो[3]→ देशक्षयः कर्मणः सर्वक्षयश्च, कर्मव्यापारापेक्ष श्चतुर्थः, स्वोपात्तकर्मोदयात् गत्यादयो भावाः समुपजायन्त आत्मनः सुरापानजनित[4]नृत्यादिविकारवत्, मदोद्रेकान्नृत्यति हसति [5]रोदिति गायति क्रुध्यति च यथा शीलवानपि तथा गत्यादिकर्मोद्रेकाज्जीवस्तां तां विक्रियां प्रतिपद्यते गति-कषायादिकाम्। पारिणामिकस्तु निर्निमित्तः, स्वार्थे प्रत्यय-



હોય છે અને ભેગા મળેલા એ બંન્ને ભાવો ઉત્તર (= ક્ષાયોપશમિક ભાવ)નું કારણ બને છે.

વળી મિશ્ર પદનો ઔપશમિક અને ક્ષાયિક પદ સાથે સમાસ નથી કર્યો, કારણકે પૂર્વના બે ભાવોમાં રહેલાં જીવો કરતાં ક્ષાયોપશમિક ભાવમાં રહેલા જીવો અધિક છે. આમ ક્ષાયોપશમિક ભાવના સ્વામીની બહુલતા જણાવવા માટે '**मिश्रः**' એમ સમાસ રહિત અલગ પ્રયોગ કર્યો છે.

ઔદયિક અને પારિણામિક એ બે ભાવો જીવ અને અજીવ બન્નેમાં હોય છે એવી સમજણ આપવા માટે ઔદયિક અને પારિણામિક ભાવોનો અલગ નિર્દેશ કર્યો છે અર્થાત્ પ્રથમ ૩ ભાવો જીવોના જ હોય. પરંતુ છેલ્લા બે ભાવો જીવ અને અજીવ એ બન્નેમાં સાધારણ હોય છે. તથા (ઔદયિક ભાવ જ્યાં હોય ત્યાં પારિણામિક ભાવ અવશ્ય હોય જ એવો) અવિયોગ (= અવિનાભાવ રૂપ સંબંધ)ને જણાવવાની ઇચ્છાથી '**औदयिक-पारिणामिकौ**' એ બે પદ વચ્ચે સમાસ કરાયો છે.

### ❖ બે પ્રકારના કર્મ વિઘાત ❖

જેમ વધુ માત્રામાં ઉડતી ધૂળનો સમૂહ દૂર થવાથી સૂર્યના કિરણોનો સમૂહ સ્પષ્ટપણે પ્રગટ થાય છે (દેખાય છે), તેમ અહીં (ભાવોમાં) કર્મના વિઘાતની અપેક્ષાવાળા આદ્ય ૩ ભાવો કર્મના પડળ દૂર થવાથી પ્રગટ થાય છે. વળી સ્વ (= આત્મ) વીર્યની અપેક્ષાવાળો તે વિઘાત બે પ્રકારે હોય છે, (૧) કર્મના દેશક્ષયરૂપ અને (૨) કર્મના સર્વક્ષયરૂપ.

કર્મના વ્યાપારની (= વિપાકની) અપેક્ષાવાળો ચોથો (ઔદયિક) ભાવ છે. જેમ દારુ પીવાથી નૃત્ય આદિ વિકારો ઉત્પન્ન થાય છે, તેમ જીવના પોતે કરેલા કર્મના ઉદયથી આત્માના મનુષ્યગતિ આદિ ભાવો (= વિકારો) ઉત્પન્ન થાય છે. જેમ દારુના નશાના ઉદ્રેક (= જોર, ઉદય)થી શીલવાન સજ્જન માણસ પણ નાચે છે, ગાય છે, હસે છે, રડે છે, ક્રોધ કરે છે, તેમ ગતિ વગેરે કર્મોના ઉદયથી જીવ તે તે ગતિ, કષાય આદિ વિકૃતિઓ (= વિકારો, ભાવો)ને પામે છે.

१. °वर्तिभ्यो जीवे° - मु. (खं. भा.)। २. °नार्थः - प्रा.। ३. °पेक्षा - पा.। ४. °जनितवृत्त्यादि° क-ख। ५. रौत्ति - भां.।

**भाष्यम् :- औपशमिकः, क्षायिकः, क्षायोपशमिकः, औदयिकः, पारिणामिक* इत्येते पञ्च भावा जीवस्य [1]स्वतत्त्वं भवन्ति॥२/१॥**

● गन्धहस्ति ●

विधानात्, **परिणाम एव पारिणामिको** राक्षसवदिति॥

अधुना भाष्यमनुस्रियते → तत्रोपशमनमुपशमः = कर्मणोऽनुदयक्षयावस्था[2] भस्मपटलावच्छन्नाग्निवत् सः प्रयोजनमस्येत्य**ौपशमिक**स्तेन वा निर्वृत्तः। तथा तदत्यन्तात्ययात् क्षयः स प्रयोजनमस्य तेन वा निर्वृत्त इति **क्षायिकः**, भवनं भावः तेन पर्यायेण आत्मलाभः, कर्मण उपशमाद् यद् दर्शनं चरणं वा श्रद्धानलक्षणं विरतिलक्षणं वा तथोद्भवति तदौपशमिकशब्देनोच्यते, तथा क्षायिकशब्देन त एव दर्शनादिपर्यायाः श्रद्धानादिलक्षणाः शीर्णाशेषस्वविघातिकर्मांशाः प्रतिपाद्यन्त आत्मनः स्वरूप-

**ભાષ્યાર્થ :- ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક, પારિણામિક આ પ્રમાણે આ પાંચ ભાવો જીવના સ્વતત્ત્વ છે.॥૨/૧॥**

● *હેમગિરા* ●

પારિણામિક ભાવ તો કોઈપણ નિમિત્ત વિનાનો છે, અહીં પરિણામ શબ્દને સ્વાર્થમાં '**इकण्**' પ્રત્યય લગાડી પારિણામિક શબ્દ બનાવ્યો છે, આથી અહીં 'રક્ષસ્' શબ્દને સ્વાર્થમાં '**अण्**' લગાડીને 'રક્ષસ્' એ જ રાક્ષસ' એમ રાક્ષસ શબ્દની વ્યુત્પત્તિની જેમ 'પરિણામ એ જ પારિણામિક' એવી વ્યુત્પત્તિ પારિણામિક શબ્દની કરવી, પણ 'પરિણામથી બનેલું તે પારિણામિક' એવી વ્યુત્પત્તિ ન કરવી. (અત્યાર સુધીમાં સૂત્રની પ્રારંભિક ભૂમિકાની વાત કરી તથા પૂર્વાપર અધ્યાય, સૂત્રાદિનો સંબંધ દર્શાવ્યો.)

હવે ભાષ્યને અનુસરે = સવિસ્તાર કથન કરે છે.

### ❁ ઔપશમિકાદિ ભાવોની વિચારણા ❁

**(૧) ઔપશમિક ભાવ :-** ઉપશમાવવું/ઉપશમન કરવું તે ઉપશમ કહેવાય અર્થાત્ ભસ્મના પડલથી ઢંકાયેલા અગ્નિની જેમ જીવની કર્મોના ઉદય અને ક્ષય વિનાની અવસ્થા તે ઉપશમ કહેવાય છે, અને તે ઉપશમ પ્રયોજન છે જેનું તે ઔપશમિક અથવા તેના વડે બનેલ પરિણામ તે ઔપશમિક કહેવાય.

**(૨) ક્ષાયિક ભાવ :-** કર્મોના આત્યંતિક વિનાશ (= કાયમ માટે સંપૂર્ણ વિનાશ) થવાથી પ્રાપ્ત થતી અવસ્થા તે ક્ષય કહેવાય છે અને તે ક્ષય પ્રયોજન છે જેનું તે ક્ષાયિક અથવા તેના વડે બનેલ પરિણામ તે ક્ષાયિક કહેવાય.

થવું તે ભાવ અર્થાત્ તે (ઔપશમિક આદિ) પર્યાય રૂપે વસ્તુનું થવું તે ભાવ તથા કર્મના

१. सतत्त्वं - प्रा. क-ख। २. °नुदयक्षयलक्षणाव° - मु. (खं. भा.)। * જુઓ પરિશિષ્ટ-૬ ટીપ્પણી-૨

तयेति, क्षयोपशमाभ्यां निर्वृत्तो **मिश्रः** दरविध्यात[1]च्छन्नज्वलनवत्, कथं पुनः भाव्यते ? यदुदया-वलिकाप्रविष्टं कर्म तत् क्षीणं शेषमनुद्रेकक्षयावस्थमिमामु[2]भयीमवस्थामाश्रित्य मिश्रः प्रजायते[3]।

**ननु** चायमेवौपशमिकान्न भिद्यते, यतस्तत्राप्युदितं क्षीणमनुदितं चोपशान्तमिति।

**अत्रोच्यते** → क्षयोपशमे ह्युदयोऽप्यस्ति, प्रदेशतया कर्मणो वेदनानुज्ञानात्, न त्वसाविति विघाताय, अनुभावं पुनर्न तत्र वेदयते, उपशमे तु प्रदेशकर्मापि नानुभवति मनागपि नोदयोऽयं विशेष इतियावत्।

• *હેમગિરા* •

ઉપશમથી જે શ્રદ્ધાના લક્ષણવાળું દર્શન અને વિરતિના લક્ષણવાળું ચારિત્ર તે રીતે (= આત્મ પર્યાય રૂપે) પ્રગટ થાય છે તે (દર્શન અને ચારિત્ર) 'ઔપશમિક' શબ્દથી કહેવાય છે. તેમજ જેના સમગ્ર પોતાના આવરણીય વિઘાતી કર્મના અંશો નાશ પામી ગયેલા છે તથા શ્રદ્ધા આદિ લક્ષણવાળા એવા જે સમ્યગ્દર્શનાદિ પર્યાયો છે તે જ દર્શન આદિ પર્યાયો = ભાવો ક્ષાયિક શબ્દથી આત્માના સ્વરૂપ તરીકે પ્રતિપાદન કરાય છે.

(૩) **મિશ્ર ભાવ :-** થોડોક અંશ જેનો ઓલવાઈ ગયો છે અને થોડોક અંશ જેનો ભસ્મથી ઢંકાયેલો છે એવા અગ્નિની જેમ અર્થાત્ અગ્નિ બુઝાઈ ગયા બાદ બાકી રહેલ અગ્નિ જેમ રાખથી ઢંકાઈ જાય તેની જેમ ક્ષય અને ઉપશમથી બનેલ જે ભાવ તે મિશ્ર (= ક્ષાયોપશમિક) કહેવાય.

**પ્રશ્ન :** આ મિશ્ર કઈ રીતે સમજી શકાય ?

**ઉત્તર :** ઉદયાવલિકામાં પ્રવેશ પામેલ જે કર્મ છે તે ક્ષીણ થયેલું છે અને જે શેષ (સત્તાગત) કર્મ છે તે ઉદય અને ક્ષય વિનાની અવસ્થાવાળું છે. આ પ્રમાણે આ બન્ને અવસ્થાઓને આશ્રયી મિશ્રભાવ ઉત્પન્ન થાય છે.

## ❁ ઉપશમ અને ક્ષયોપશમની ભેદરેખા ❁

**શંકા :** આ ક્ષાયોપશમિક ભાવ એ ઔપશમિક ભાવથી અલગ નથી પણ એક જ છે. કારણકે ત્યાં (ઔપશમિક ભાવમાં) પણ ઉદિત કર્મ ક્ષીણ હોય છે અને અનુદિત કર્મ ઉપશાંત હોય છે.

**સમાધાન :** આ વાત યુક્ત નથી કારણકે ક્ષયોપશમમાં પ્રદેશની અપેક્ષાથી કર્મનું (= ઉપશાંત કર્મનું) વેદન જણાવેલું હોવાથી ઉદય (પ્રદેશોદય) પણ છે. પરંતુ આ પ્રદેશોદય આત્મગુણના વિઘાત માટે નથી બનતો કેમકે ત્યાં (= પ્રદેશોદયમાં) જીવ વિપાકને વેદતો નથી. જ્યારે ઉપશમ અવસ્થામાં તો પ્રદેશ - કર્મને પણ અનુભવતો નથી અર્થાત્ થોડોક પણ ઉદય નથી. આ વિશેષ = અંતર ઉપશમ અને ક્ષયોપશમમાં જાણવું અને આ ઉપરોક્ત વાતનો પ્રતિપાદક આગમ પાઠ આ છે કે -

१. °विध्याच्छन्न° - मु (खं) विध्याताविच्छिन्न° हारिभद्रीयटीकायां (पृ. १०९)। २. °मुभयामव° - रा.। ३. प्रज्ञायते - भां.।

आगमश्चायम्→ ❖"*से णूणं भंते ! णेरइयस्स वा तिरिक्खजोणियस्स वा मणुस्सस्स वा देवस्स वा जे कडे (पावे) कम्मे णत्थि णं तस्स अवेइत्ता मोक्खो ? हंता गोयमा ! ▲(नेरइयस्स वा तिरिक्खजोणियस्स वा मणुस्सस्स वा देवस्स वा जे कडे पावे कम्मे नत्थि(णं) तस्स अवेइत्ता मोक्खो।)▲ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ▲(नेरइयस्स वा ४ जाव मोक्खो)▲? एवं खलु गोयमा ! मए दुविहे कम्मे पन्नत्ते, तंजहा→ पएसकम्मे य ❖ अणुभावकम्मे य, तत्थ णं जं तं पएसकम्मं तं नियमा वेएइ, तत्थ णं जं तं अनुभावकम्मं तं [1]अत्थेगतियं वेएइ, [2]अत्थेगतियं नो वेएइ। णायमेयं अरहता, ▲(सुयमेयं अरहया)▲ विण्णायमेयं अरहता → अयं जीवे इमं कम्मं [3]अज्झोवगमियाए*



*પ્રશ્ન : હે પ્રભુ ! શું નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવના જે કરાયેલા પાપ કર્મો છે તેને વેદ્યા વિના તેમનો મોક્ષ = છુટકારો નથી ?*

*ઉત્તર : હા ગૌતમ ! નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવના જે કરાયેલા પાપ કર્મો છે તેને વેદ્યા વિના તેમનો મોક્ષ નથી.*

*પ્રશ્ન : હે પ્રભુ ! તે શા માટે અર્થાત્ કયા પ્રયોજનથી આ પ્રમાણે કહેવાય છે કે નારક વગેરેના જે કરાયેલા પાપ કર્મો છે તેને વેદ્યા વિના તેમનો મોક્ષ નથી ?*

*ઉત્તર : હે ગૌતમ ! મારા વડે બે પ્રકારના કર્મ કહેવાયા છે. તે આ પ્રમાણે → (૧) પ્રદેશકર્મ અને (૨) અનુભાવકર્મ. તે બેમાં જે પ્રદેશ કર્મ છે તેને જીવ નિયમા વેદે (= અનુભવે) છે તથા તેમાં જે અનુભાવ કર્મ છે તેમાંથી કેટલાકને (જીવ) વેદે છે અને કેટલાકને નથી વેદતો.*

### ❖ બે પ્રકારની વેદના ❖

*આ બંને પ્રકારના કર્મને વેદવાના ૨ પ્રકાર છે અને તે અરિહંત પરમાત્મા વડે જણાયેલા છે, એમ દેખાડતાં શાસ્ત્રકાર ભગવંત 'णायमेवं अरहता' ... ઇત્યાદિ પદો કહે છે, તેનો અર્થ આ પ્રમાણે છે → અરિહંત જિનેશ્વર દ્વારા આ જ્ઞાત (= સામાન્યથી જણાયેલું) છે, અરિહંત પ્રભુ દ્વારા આ સ્મૃત છે, (= સ્મરણ કે પ્રતિપાદન કરાયેલું છે) અરિહંત પ્રભુ વડે આ વિજ્ઞાત*

▲...▲ चिह्नद्वयमध्यवर्ती पाठो मुद्रितभगवतीसूत्रे अस्ति।

❖ अथ नूनं भदन्त ! नैरयिकस्य वा तिर्यग्योनिकस्य वा मनुष्यस्य वा देवस्य वा यत् कृतं (पापं) कर्म नास्ति णं तस्यावेदित्वा मोक्षः ? हन्त गौतम ! (नैरयिकस्य वा तिर्यग्योनिकस्य वा मनुष्यस्य वा देवस्य वा यत् कृतं पापं कर्म नास्ति (णं) तस्यावेदित्वा मोक्षः।) तत् केनार्थेन भदन्त ! एवमुच्यते (नैरयिकस्य वा ४ यावत् मोक्षः ?) एवं खलुं गौतम ! मया द्विविधं कर्म प्रज्ञप्तं, तद्यथा प्रदेशकर्म च अनुभागकर्म च। तत्र यत् तत् प्रदेशकर्म तद् नियमेन वेदयति, तत्र णं यत् तद् अनुभागकर्म तदस्त्येककं वेदयति, अस्त्येककं नो वेदयति, ज्ञातमेतदर्हता, (स्मृतमेतदर्हता) विज्ञातमेतदर्हता अयं जीव इदं कर्म अभ्युपगमिक्या .....

१. अत्थेगइयं - मु. (खं. भां.)। २. अत्थेगइयं - मु. (खं. भां.)। ३. अज्झोदगमियाए - ग।

*वेयणाए वेदिस्सति, अयं जीवे इमं कम्मं उवक्कमियाए वेयणाए वेदिस्सति, अहाकम्मं अहाक(निग)रणं, जहा जहा तं भगवया दिट्ठं तहा तहा विपरिणमिस्सतीति, से तेणट्ठेणं गोयमा ! ▲(नेरइयस्स वा ४ जाव मोक्खो)▲ एवं वुच्चति'' (भगवत्यां श.-१, उ.-४, सू.-४०)* अतोऽस्ति विशेषः औपशमिक-क्षायोपशमिकयोरिति।

अत्रापि त एव दर्शनादिपर्यायाः श्रद्धानादिलक्षणाः प्रदेशकर्मोदययुजः[1] क्षायोपशमिकशब्दवाच्या भवन्ति, **च**शब्दः समुच्चयार्थः, औपशमिक-क्षायिकौ स्वतत्त्वं मिश्रश्च स्वतत्त्वमिति।

**जीवस्ये**ति कर्तृलक्षणा षष्ठी, जीवस्यैवैते त्रयो भावाः, नान्यस्य स्तम्भ-कुम्भादेः, वक्ष्यमाण-दर्शनादिकलापानुपलब्धेः, इह च जीवशब्द आत्मपर्यायः शुद्धो गृह्यते, नायुःप्राणसम्बन्धोद्भासितो

• હેમગિરા •

*(= દેશ, કાળ વગેરેના વિભાગ રૂપ વિવિધ પ્રકારોથી જણાયેલું) છે કે (૧) આ જીવ આ કર્મને આભ્યુપગમિકી (= પ્રવ્રજ્યાના સ્વીકારવા સાથે જે બ્રહ્મચર્ય, ભૂમિશયન, કેશલુંચન વગેરે વિશિષ્ટ બાહ્ય અભ્યંતર તપોને સ્વીકારવા તે અભ્યુપગમ અને તેના વડે બનેલી વેદના તે આભ્યુપગમિકી) વેદનાથી વેદશે = ખપાવશે. (૨) આ જીવ આ કર્મને ઔપક્રમિકી વેદના (= કર્મોને વેદવાના ઉપાય રૂપ ઉપક્રમથી થયેલી વેદના અર્થાત્ સ્વયં ઉદયમાં આવેલા કર્મોના કે ઉદીરણા કરવાથી ઉદયમાં લવાયેલા કર્મોના અનુભવ)થી વેદશે / ભોગવશે, તથા આ બંને પ્રકારની વેદનામાં કર્મનો અનુભવ એ યથાકર્મ (= બંધાયેલા કર્મોને નહિ ઓળંગવાથી) અને યથાનિકરણ (= નિયત દેશ, કાળ વગેરે કર્મોના વિપરિણામના હેતુઓને નહિ ઓળંગવા)થી થાય છે. ભાવાર્થ એ છે કે જે જે રીતે તે કર્મ ભગવાન દ્વારા દેખાયું છે તે તે તે રીતે તે કર્મ વિપરિણામને પામશે. તે કારણે હે ગૌતમ ! આ પ્રમાણે કહેવાયું કે નારક વગેરેનો છૂટકારો નથી. (**શ્રી ભગવતી સૂત્ર** શ.-૧, ઉ.-૪, સૂ.-૪૦)* આથી ઔપશમિક અને ક્ષાયોપશમિક ભાવમાં અંતર છે એમ જાણવું.

અહીં (ક્ષાયોપશમિક ભાવમાં) પણ પ્રદેશકર્મોદયથી યુક્ત શ્રદ્ધાદિ લક્ષણવાળા જે સમ્યગ્દર્શનાદિ પર્યાયો છે તે જ ક્ષાયોપશમિક (= મિશ્ર) શબ્દથી કહેવા યોગ્ય છે. સૂત્રનો '**च**' શબ્દ સમુચ્ચયના અર્થમાં છે. (તે આ પ્રમાણે છે →) ઔપશમિક અને ક્ષાયિક, એ બન્ને ભાવો (જીવના) સ્વતત્ત્વ છે અને મિશ્ર ભાવ પણ (જીવનું) સ્વતત્ત્વ છે. સૂત્રગત '**जीवस्य**' પદમાં રહેલી છઠ્ઠી વિભક્તિ કર્તાના અર્થમાં છે. અર્થાત્ (ઔપશમિકાદિ) ૩ ભાવો જીવના જ હોય છે (= જીવ જ આનો કર્તા હોય છે) બીજા કોઈ સ્તંભ, કુંભ વગેરે જડ વસ્તુના નહીં કારણકે આગળ કહેવાતા સમ્યગ્દર્શનાદિ ભાવોના સમૂહની ઉપલબ્ધિ આ સ્તંભાદિ જડ પદાર્થોમાં નથી.

❖ वेदनया वेदयिष्यति। अयं जीव इदं कर्म औपक्रमिक्या वेदनया वेदयिष्यति, यथाकर्म यथाक (निक)रणं यथा यथा तद् भगवता दृष्टं तथा तथा विपरिणमस्यति इति तत् तेनार्थेन गौतम ! (नैरयिकस्य वा४ यावत् मोक्षः) एवमुच्यते।

▲...▲ चिह्नद्वयमध्यवर्ती पाठो मुद्रितभगवतीसूत्रे अस्ति। १. ॰ययुक्तः - खं.।

● गन्धहस्ति ●

जीवनाज्जीव इति, मुक्तानां तदनभिसम्बन्धात्।

अथवा द्रव्य - भावप्राणसामान्याङ्गीकरणे सति प्रतिविशिष्टसम्बन्धापेक्षः शब्दो भवत्येव जीवनाज्जीवः, संसारिणो द्रव्यप्राणाः पञ्चेन्द्रियादयः सिद्धानां भावप्राणा ज्ञानोपयोगादय इति।

**स्वतत्त्वमि**त्ययं स्वशब्द आत्मात्मीयादिषु प्रसिद्धः, तत्रात्मनि वर्तमानोऽङ्गीक्रियते, तत्त्वशब्दो भावाभिधायी, ततश्चायं समुदायार्थः → जीवस्यायमात्मा भावः जीवस्यायमात्मस्वरूपभवनम्, एवमौपशमिकादिरूपेणात्मनैव स तथा भवतीति, अव्यतिरेकलक्षणा चेयं कर्तुरनर्थान्तरं षष्ठी, स्वतत्त्वं च पदार्थानामनध्यारोपितमनपोदितं च भवति, सर्वदा जीवश्चेतनालक्षण इति नाध्यारोपितं, नापोदितं

● હેમગિરા ●

### ❖ જીવ શબ્દનો વિવક્ષિત અર્થ ❖

અહીં 'આત્મા'નો પર્યાયવાચી એવો શુદ્ધ (= વ્યુત્પત્તિ શૂન્ય) 'જીવ' શબ્દ ગ્રહણ કરાય છે પરંતુ 'જીવન થકી જીવ' એવી વ્યુત્પત્તિને આશ્રયીને આયુષ્ય રૂપ દ્રવ્યપ્રાણના સંબંધથી કહેવાયેલો 'જીવ' શબ્દ ગ્રહણ નથી કરાયો કેમકે મુક્ત જીવોને આયુષ્ય વગેરે સ્વરૂપ દ્રવ્યપ્રાણનો સંબંધ નથી હોતો. અથવા તો દ્રવ્ય (= આયુષ્ય વગેરે) અને ભાવ (= જ્ઞાનોપયોગ વગેરે) પ્રાણોનો સામાન્ય રીતે અંગીકાર કરવાથી 'જીવન થકી જીવ' એ વ્યુત્પત્તિને આશ્રયીને પણ, ચોક્કસ પ્રકારના પ્રાણના સંબંધની અપેક્ષા રાખનાર, 'જીવ' શબ્દ જ થાય છે. સંસારીને પાંચ ઇન્દ્રિય વગેરે દ્રવ્ય પ્રાણો હોય છે અને સિદ્ધોને જ્ઞાનોપયોગ વગેરે ભાવ પ્રાણો હોય છે.

હવે સૂત્રગત સ્વતત્ત્વ પદનો અર્થ કરતાં કહે છે કે '**स्वतत्त्वं**' પદમાં રહેલ આ '**स्व**' શબ્દ આત્મા, આત્મીય આદિ અર્થમાં પ્રસિદ્ધ છે. ત્યાં (= આ બંને અર્થમાં) પ્રસ્તુતમાં '**स्व**' શબ્દ 'આત્મા' અર્થમાં રહેલો ગ્રહણ કરાય છે. '**तत्त्व**' શબ્દ ભાવ અર્થ (= હોવું, થવું)ને કહેનારો છે અને તેથી '**जीवस्य स्वतत्त्वं**' પદનો આ સમુદાય અર્થ થયો કે આ ઔપશમિક આદિ ભાવો જીવના આત્મભૂત ભાવો છે (સ્વ = આત્મા = આત્મ સ્વરૂપ = આત્મભૂત, તત્ત્વ = ભાવ) અર્થાત્ આ પાંચ ભાવો જીવના સ્વસ્વરૂપે થાય છે. આ પ્રમાણે ઔપશમિકાદિ રૂપ આત્મભૂત ભાવથી જ તે જીવ તેવા (= ઔપશમિકાદિ ભાવ) રૂપે થાય છે.

તથા '**जीवस्य**' પદમાં રહેલી અવ્યતિરેક લક્ષણાવાળી આ ષષ્ઠી વિભક્તિ કર્તા એવા જીવ સાથે (ઔપશમિકાદિ ભાવોના) અનર્થાંતરને = અભેદને સૂચવનારી છે.

### ❖ જીવના આરોપ અને અપવાદ રહિત સ્વતત્ત્વની વિચારણા ❖

(જીવાદિ) પદાર્થોનું સ્વતત્ત્વ અનધ્યારોપિત (આરોપ રહિત) અને અનપોદિત (= અપવાદ રહિત) હોય છે. (આત્માના પાંચ ભાવો પ્રાયઃ તેવા અનધ્યારોપિત અને અનપોદિત સ્વતત્ત્વ રૂપ નથી કેમકે પ્રાયઃ જીવ સદા એ પાંચ ભાવયુક્ત હોતો નથી.) હંમેશા જીવ ચેતના લક્ષણવાળો જ

किंचित्, चेतनायाः सुख-दुःखादिसाधारणसंवेदनलक्षणायाः प्रतिस्वं प्राणिविशेषप्रतिसंवेद्यत्वात्, तत्राध्यारोपो विभु-निरवयव-निष्क्रियादिधर्मकत्वेन, अपवादो नास्त्यात्मा न प्रमाणविषयो न च त्वक्पर्यन्तशरीरसम्बन्धीति, स्वानुभवविरुद्धत्वात्, अध्यारोपे चाप्रमाणकत्वात्, यदेव प्रत्यात्मप्रसिद्धं तदेवास्य लक्षणम्, वक्ष्यति च द्वितीयप्रश्नमधिकृत्य कथंलक्षणो वेति, '*उपयोगो लक्षणं*' (अ.२, सू.८) इति।

चेतनाविशेषलक्षितस्य च कर्मोदयाद्यपेक्षाणि भावान्तराण्यधिकृत्य '**को जीव**' इत्यत्र प्रश्ने प्रतिपत्तिराहिता आत्मन एकरूपमपि चैतन्यस्वतत्त्वं कर्मक्षयोपशमाद्यवस्थाविशेषनिमित्ताद्[1] व्यपदेशाद् भावेयत्तानियमं प्रतिपद्यते, उपलक्षणभूताश्चैते प्रायः कर्मापेक्षत्वाद् भवन्ति स्वतत्त्वं, यथा चक्षुर्द्वारिकज्ञान-[2]



હોય છે, તેથી જીવનું સ્વતત્ત્વ (= ચેતના લક્ષણ) કોઈના દ્વારા જરાય અધ્યારોપિત નથી અને અપોદિત પણ નથી કારણ કે સુખ, દુઃખ વગેરેની સાધારણ સંવેદન સ્વરૂપ ચેતના દરેક જીવોને સ્વયં વ્યક્તિગત રીતે અનુભવાય છે. (તેમજ) ત્યાં (= આત્મા વિષે) વિભુત્વ, નિરવયવત્વ, નિષ્ક્રિયત્વ વગેરે (આત્મામાં અવિદ્યમાન એવા) ધર્મોથી કરાતો અધ્યારોપ તથા આત્મા નથી, પ્રમાણનો વિષય નથી અને ત્વચા સુધીના સંપૂર્ણ શરીર સાથે સંયુક્ત નથી એમ (આત્મામાં વિદ્યમાન એવા અસ્તિત્વ વગેરે ધર્મોથી) કરાતો અપવાદ સ્વાનુભવથી વિરૂદ્ધ છે. વળી અધ્યારોપમાં (અને અપવાદમાં) પ્રમાણનો પણ અભાવ છે. આ લક્ષણ નહીં હોય ત્યાં ત્યાં ઉપરોકત અધ્યારોપ અને અપવાદ કરી શકાશે. આથી જે દરેક આત્મામાં પ્રસિદ્ધ હોય તે જ આ (આત્મા)નું લક્ષણ બની શકે છે. '**कथंलक्षणो वा**' (જીવ કેવા લક્ષણવાળો છે ?) એવા બીજા પ્રશ્નને આશ્રયી ઉત્તર રૂપે '**उपयोगो लक्षणं**' (= ઉપયોગ લક્ષણવાળો જીવ છે) એમ ૨/૮ સૂત્ર આગળ કહેવાશે. ચેતના વિશેષ (= ઉપયોગ લક્ષણ)થી ઓળખાયેલ એવા આત્માના, કર્મોદય વગેરેની અપેક્ષાવાળા જુદા જુદા (૫) ભાવોને આશ્રયીને 'જીવ કોણ છે ?' એ પ્રથમ પ્રશ્નમાં નિરૂપણ કરાયું કે કર્મની ક્ષયોપશમ આદિ વિશિષ્ટ અવસ્થાના કારણે જીવમાં ઔપશમિક વગેરે ભાવોનું વિધાન થતું હોવાથી એક સ્વરૂપવાળું એવું પણ ચૈતન્ય સ્વતત્ત્વ, ઔપશમિક વગેરે ભાવોની ૫ સંખ્યાના નિયમને પામે છે.

### ❁ લક્ષણ અને ઉપલક્ષણનો ભેદ ❁

વળી જેમ રૂપમાં આવતું 'જ્ઞાનવિષયત્વ' એ ચક્ષુસાપેક્ષ હોવાથી રૂપનું ઉપલક્ષણ છે (લક્ષણ નહીં) તેમ આ 'ઔપશમિકાદિ ભાવો' પ્રાયઃ કર્મસાપેક્ષ હોવાથી જીવના ઉપલક્ષણ રૂપ સ્વતત્ત્વ છે અને જેમ મૂર્તિ (= 'મૂર્તત્વ') એ રૂપનું લક્ષણ છે, તેમ ઉપયોગ એ જીવનું લક્ષણ રૂપ સ્વતત્ત્વ છે.

જેમ ઉષ્ણતા એ અગ્નિનું લક્ષણ રૂપ સ્વતત્ત્વ અહેય છે. તેમ ચૈતન્ય (= ઉપયોગ) એ

१. °ताद्यपदे° - ग। २. °रकविज्ञान° - भां.।

• गन्धहस्ति •

विषयो रूपमिति, उपयोगः पुनः स्वतत्त्वं यथा मूर्ती रूपमिति तथा चाग्नेरुष्णत्ववच्चैतन्यलक्षणमहेयमात्मनः, तस्यैवाग्नेर्धूमवदौपशमिकादि प्रायो हेयमुपलक्षणमिति।

कर्मविपाकाविर्भाव उदयः तत्प्रयोजनस्तन्निर्वृत्तो वा **औदयिको** भावः। तद्यथा→ नरकगतिनामकर्मोदयान्नरकगतिरौदयिकोऽभिधीयते भावः, कषायमोहनीयोदयाच्च क्रोधी मानीत्याद्यौदयिकः, सर्वत्रैवं वासनाऽऽधेया।

**यद्** यत्र नरकगतिनाम विपक्वं सदौदयिकशब्देनोच्यते कषायमोहनीयं च विपक्वं क्रोधादि तत् कथं जीवस्य स्वतत्त्वं स्यात् ? यतः कर्म पौद्‌गलिकं मूर्तमचेतनं, आत्मस्वभावस्तु तद्विपरीत इति।

**उच्यते** → ननूक्तमेव प्राग् उपलक्षणभूताश्चैते प्रायः पार्थक्येनापि वर्तमाना धूमवदग्नेरात्मनो भावा गमका भवन्ति हेयाश्च, अथवा य एते गत्याद्याः परिणामविशेषाः स जीव एव कर्मावष्टम्भजनित-

• હેમગિરા •

આત્માનું લક્ષણ રૂપ સ્વતત્ત્વ અહેય છે. જેમ (ઇંધનાદિ સહકારી સામગ્રી દ્વારા અગ્નિથી જન્ય એવો) 'ધૂમ' એ તે જ અગ્નિનું ઉપલક્ષણ રૂપ સ્વતત્ત્વ હેય છે તેમ કર્મને અપેક્ષીને આત્મામાં થનારા ઔપશમિકાદિ ભાવો પ્રાયઃ ઉપલક્ષણ રૂપ સ્વતત્ત્વ હેય છે.

(ઔપશમિક, ક્ષાયિક અને મિશ્રભાવની વ્યાખ્યા કર્યા બાદ હવે ઔદયિક ભાવને કહે છે.) કર્મોના વિપાકનો આવિર્ભાવ = પ્રગટ થવું તે ઉદય. તે પ્રયોજન છે જે (ભાવ)નું તે અથવા તે (= ઉદય)થી નિર્માણ થયેલો જે ભાવ તે ઔદયિક ભાવ કહેવાય. તે આ પ્રમાણે → નરકગતિ નામ કર્મના ઉદય થકી 'નરકગતિ' ઔદયિક ભાવ કહેવાય અને કષાય મોહનીયના ઉદયથી 'ક્રોધી, માની' ઇત્યાદિ ઔદયિક ભાવ કહેવાય. આ પ્રમાણે સર્વત્ર ભાવના જાણવી.

### ❖ ઉદયગત કર્મ પણ જીવનું સ્વતત્ત્વ કહેવાય ❖

**પ્રશ્ન : यत्र** = જીવમાં ઉદયમાં આવેલું એવું જે નરકગતિ નામ કર્મ અને ઉદયમાં આવેલા એવા જે ક્રોધ વગેરે કષાયમોહનીય કર્મ ઔદયિક શબ્દથી કહેવાય છે, તે જીવના સ્વતત્ત્વ શી રીતે હોઈ શકે ? કારણકે કર્મ એ પૌદ્‌ગલિક, મૂર્ત અને અચેતન છે, જ્યારે આત્માનો સ્વભાવ તો તેનાથી વિપરીત છે.

**ઉત્તર :** આ પ્રશ્નનો જવાબ પૂર્વે કહેવાયેલો જ છે કે આ ગતિ વગેરે ઔદયિક ભાવો લક્ષણ રૂપ નથી જ પણ ઉપલક્ષણરૂપ સ્વતત્ત્વ છે અને ઉપલક્ષણરૂપ એવા આ ભાવો પ્રાયઃ આત્માથી ભિન્નપણે પણ રહેતા આત્માના ગમક અને હેય રૂપ હોય છે. જેમ અગ્નિથી ભિન્ન હોવા છતાં ધૂમ અગ્નિનું ગમક બને છે અને અગ્નિનું હેય રૂપ લક્ષણ છે તેમ અહીં પણ સમજવું. અથવા જે આ ગતિ આદિ વિશિષ્ટ પરિણામો છે તે જીવ (સ્વરૂપ) જ છે કારણકે કર્મની સહાયથી ઉત્પન્ન થયેલા તે પરિણામોથી જીવ અનન્ય (= અભિન્ન) છે અને આનું પણ કારણ એ છે કે

परिणामानन्यत्वात्, अन्योऽन्यानुगतौ सत्यामविभागात्, तदात्मकत्वमुदक-दुग्धयोरिवात्म-कर्मणोः, अतः स्वतत्त्वमात्मनो गत्यादयः, सैव हि चेतनाऽनपायिनी कर्ममलदिग्धाऽनेकावस्थान्तरावस्कन्दिनी तथा व्यपदिश्यते इति न दोषः।

**कश्चिदाढौकते** परिणाम एव हि **पारिणामिक** इति स्वार्थे प्रत्ययो, न **प्रयोजन-निर्वृत्त्योः**, किं कारणम् ? आदिमत्त्वप्रसङ्गाज्जीव-भव्याभव्यत्वादेः, यदि परिणामः प्रयोजनमस्येति व्युत्पत्तिः पारिणामिको जीव इति ततः प्रागवस्थायां नाभूज्जीव इति, युक्त्यागमाभ्यां चैष पक्षो विरुध्यते, एवं [1]निर्वृत्त्यर्थेऽपि प्रागनिर्वृत्तौ निर्वर्त्येत, स एव दोषः, तथा भव्याभव्यत्वादिष्वपि योज्यम्। युक्तिविरोधस्तावत्



આત્મા અને કર્મ પરસ્પર એકમેક (= અનુગત) થયે છતે તેમનો વિભાગ હોતો નથી. વળી પાણી અને દૂધની જેમ આત્મા અને કર્મનું તદાત્મકપણું જાણવું.

આથી ગતિ વગેરે રૂપ (ઔદયિક ભાવો) આત્માના સ્વતત્ત્વ છે. આમ હોવાથી અનપાયી (= ક્યારેય નાશ ન પામનારી = અવ્યાપ્તિ આદિ દોષ રહિત લક્ષણ સ્વરૂપ) એવી તે ચેતના જ ખરેખર કર્મરૂપી મળથી લેપાયેલી અનેક (ઔદયિક ભાવ રૂપ) અવસ્થાંતરોને પામતી તેવી રીતના (ગતિ, ક્રોધ વગેરે રૂપ) વ્યપદેશને પામે છે. આમ હોવાથી દોષ નથી.

### ❁ પારિણામિક ભાવનું સ્વરૂપ ❁

(પૂર્વે ટીકામાં પૃષ્ઠ-૮માં **परिणाम एव पारिणामिक** એમ સ્વાર્થમાં વ્યુત્પત્તિ દર્શાવી એથી) કોઈ પ્રશ્ન કરે છે કે

**પ્રશ્ન :** પરિણામ જ ખરેખર પારિણામિક છે,એવી વ્યુત્પત્તિને આશ્રયીને પારિણામિક શબ્દમાં લાગેલો **इकण्** પ્રત્યય સ્વાર્થમાં છે પણ પ્રયોજન અને નિર્વૃત્તિ અર્થમાં નથી. આમ કહેવા પાછળ શું કારણ છે ?

**ઉત્તર :** (જો એમ ન કહેવાય તો) જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વ વગેરે પારિણામિક ભાવોને આદિવાળા માનવાની આપત્તિ આવે. તે આ રીતે કે જીવ (= જીવત્વ) એવો જે પારિણામિક ભાવ છે એમાં જો પારિણામિક શબ્દની 'પરિણામ પ્રયોજન છે જેનું એ પારિણામિક' આવી વ્યુત્પત્તિ કરશો તો પૂર્વ અવસ્થામાં જીવ ન હતો (અર્થાત્ જીવત્વ એ સાદિમાન્ છે) એમ કહેવાની આપત્તિ આવે. આ વાત યુક્તિ અને આગમથી વિરૂદ્ધ/અયુકત ઠરે છે. આમ પ્રયોજન અર્થની જેમ નિર્વૃત્તિ અર્થમાં (પરિણામથી નિર્માણ થયેલ તે પારિણામિક એમ વ્યુત્પત્તિ કરતાં) પણ જે પૂર્વે બનેલું ન હતું એને બનાવાય છે, આમ તે જ દોષ આવશે. તે જ રીતે ભવ્યત્વ, અભવ્યત્વ આદિને વિષે પણ યોજી લેવું. (અર્થાત્ તેઓને પણ સાદિ માનવાનો દોષ આવશે.)

१. निवृत्तार्थे - पा.।

कथमसन् खरविषाणकल्प आत्मोत्तरकालं सम्भवेत् ?

आगमश्चायम् → *❖"एस णं भंते ! जीवे [1]तीतमणंतं सासयं समयं भुवीति[2] वत्तव्वं सिया ? हंता गोयमा । एस णं भंते ! जीवे पडुप्पण्णं सासयं समयं भवतीति वत्तव्वं सिया ? हंता गोयमा । एस णं भंते जीवे अणागयमणंतं सासतं[3] समयं भविस्सतीति वत्तव्वं सिया ? हंता गोयमा।" (भगवत्यां श.-१४, उ.-४, सू.-५११)* तस्माद् युक्त्यागमविरोधौ मा भूतामिति परिणाम एव[4] पारिणामिकः।

अनादिप्रसिद्धः सकलपर्यायराशेः प्रह्वतामभिमुखतां प्रतिपद्यमानोऽशेषभावाधारतां बिभर्तीति नामुना विना कस्यचिद् भावस्य निष्पत्तिः, अतश्च प्राधान्यमस्यैव भावानां [5]मध्ययिति।

• *હેમગિરા* •

## ❖ યુક્તિવિરોધ + આગમવિરોધ ❖

ઉપર જણાવેલ યુક્તિ અને આગમ, એ બેમાંથી પ્રથમ યુક્તિથી કઈ રીતે વિરોધ આવે તેની સમજ આ પ્રમાણે કે પૂર્વે ગર્દભના શીંગડા જેવો અસત્ એવો આત્મા ઉત્તરકાળમાં કઈ રીતે સંભવી શકે ? અને (જેનાથી આગમ વિરોધ આવે છે તે) આગમ પાઠ આ છે.

***પ્રશ્ન :*** *હે પ્રભુ ! આ જીવ ભૂતકાળ એવા અનંત શાશ્વત સમયમાં હતો એમ કહી શકાય ?*

***ઉત્તર :*** *હા, ગૌતમ.*

***પ્રશ્ન :*** *હે પ્રભુ ! આ જીવ વર્તમાનકાળ એવા શાશ્વત એક સમયમાં છે એમ કહી શકાય ?*

***ઉત્તર :*** *હા, ગૌતમ.*

***પ્રશ્ન :*** *હે પ્રભુ ! આ જીવ ભવિષ્યકાળ એવા અનંત શાશ્વત સમયમાં હશે એમ કહી શકાય ?*

***ઉત્તર :*** *હા, ગૌતમ. (**શ્રી ભગવતીજી**માં શ.-૪, ઉ.-૪, સૂ.-૫૧૧)*

આ રીતે યુક્તિ અને આગમનો વિરોધ ન આવે તે માટે પરિણામ જ પારિણામિક એમ વ્યુત્પત્તિ ઉચિત છે. વળી અનાદિ પ્રસિદ્ધ એવો તે પારિણામિક ભાવ સમગ્ર પર્યાય રાશિની નમ્રતાને = અભિમુખતાને સ્વીકારતો સમગ્ર (ઔપશમિકાદિ) ભાવોની આધારતાને ધારણ કરે છે અર્થાત્ આ પારિણામિક ભાવ વિના ઔપશમિકાદિ કોઈ ભાવની ઉત્પત્તિ થઈ શકતી નથી, આથી ઔદયિકાદિ સર્વ ભાવોમાં આની જ પ્રધાનતા છે.

१. तीयमाणं॰ - ग। २. भवतीति - मु. (ग)। ३. सासयं - ग। ४. एव हि पारिणामिक इति स्वार्थे प्रत्ययो, न प्रयोजन-निर्वृत्योः, किं कारणम् ? आदिमत्त्वप्रसङ्गात्। पारि॰ - मु. (खं.)। ५. मध्यगायिति - मुद्रितशुद्धिपत्रके (मु. खं. भां.)।

❖ एष णं भदन्त ! जीव अतीते अनन्ते शाश्वते समयेऽभवदिति वक्तव्यं स्यात् ? हन्त गौतम ! एष णं भदन्त ! जीवः प्रत्युत्पन्ने शाश्वते समये भवतीति वक्तव्यं स्यात् ? हन्त गौतम ! एष णं जीव अनागतेऽनन्ते शाश्वते समये भविष्यतीति वक्तव्यं स्यात् ? हन्त गौतम !

पारिणामिकशब्देन च द्रव्य-भावप्राणावस्थाख्यः परिणाम (जीव) उच्यते, तथा सेधनयोग्यः परिणामो भव्यः, अभव्यस्तु न कदाचित् सेधनयोग्यः परिणाम इति।

सूत्रपर्यन्तवर्ती **च**शब्दः समुच्चये, औपशमिकादयो भावाः जीवस्य स्वतत्त्वमौदयिक-पारिणामिकौ च स्वतत्त्वमिति, भावानां पर्यन्ते च वृत्ता**विति**शब्दोऽर्थपदार्थकः[1], **एते** = औपशमिकाद्यर्थाः **पञ्च भावा जीवस्य स्वतत्त्वं भवन्ति**, विनाऽप्येवकारेण सङ्ख्याशब्दोपादानादवधृतिर्गम्यते पञ्चैवाऽन्यूनाधिका भावाः पर्यायाः जीवस्य स्वतत्त्वमुपलक्षणद्वारेण भूयसा भवन्ति। एते च सर्वजीवेषु सर्वदा साकल्येन न भवन्तीत्युपलक्षणमात्रमतो द्रष्टव्याः।

एवमौपशमिकादिभावयुक्तो द्रव्यं जीवः सङ्कोच-विकासस्वभावो लोकाकाशप्रदेशमानासंख्येय-



### ❖ ત્રણ પ્રકારના પારિણામિક ભાવ ❖

વળી આ પારિણામિક શબ્દથી, દ્રવ્યપ્રાણ અને ભાવપ્રાણ રૂપ અવસ્થા દ્વારા પ્રસિદ્ધ એવો જીવ (= જીવત્વ) સ્વરૂપ પરિણામ કહેવાય છે તેમજ સિદ્ધિગમનને યોગ્ય એવો ભવ્ય (= ભવ્યત્વ) સ્વરૂપ પરિણામ કહેવાય છે અને ક્યારેય સિદ્ધિ ગમનને અયોગ્ય એવો અભવ્ય (= અભવ્યત્વ) સ્વરૂપ પરિણામ કહેવાય છે.

મૂળ સૂત્રને છેડે રહેલ '**च**' શબ્દ સમુચ્ચય અર્થમાં છે. સમુચ્ચય આ રીતે કરવો ''ઔપશમિક આદિ (૩) ભાવો જીવના સ્વતત્ત્વ છે તથા ઔદયિક અને પારિણામિક ભાવ જીવના સ્વતત્ત્વ છે.'' તથા ભાષ્યમાં ૫ ભાવોના અંતે જે '**इति**' શબ્દ છે તે અર્થવાચક છે, શબ્દવાચક નથી અર્થાત્ ઔપશમિક વગેરે પદોનો ઔપશમિક વગેરે શબ્દો એ અર્થ ન કરવો પરંતુ તે પદોથી વાચ્ય ઔપશમિક વગેરે ભાવો એ અર્થ કરવો એમ '**इति**' શબ્દ દ્વારા ભાષ્યકારશ્રી સૂચન કરે છે. 'આ ઔપશમિકાદિ પદાર્થ રૂપ પાંચ ભાવો જીવના સ્વતત્ત્વ છે.' આ પંક્તિમાં સંખ્યાવાચી '**पञ्च**' શબ્દ ગ્રહણ કરેલો હોવાથી એવકારનો નિર્દેશ ન કરવા છતાં અવધારણ ('જ'કાર) અર્થ જણાય છે કે જીવના સ્વતત્ત્વ પાંચ જ ભાવો = પર્યાયો હોય છે, ન્યૂનાધિક નહિ. વળી ઉપલક્ષણ દ્વારા તો ઘણાં હોય છે. આ ભાવો સર્વ જીવોમાં હંમેશા એક સાથે હોતા નથી. આ પ્રમાણે હોવાથી (આ ભાવોને) માત્ર ઉપલક્ષણ રૂપે જોવા યોગ્ય છે.

### ❖ જીવના સ્વરૂપની ઓળખ ❖

આ પ્રમાણે જીવ ઔપશમિકાદિ ભાવ યુક્ત દ્રવ્ય છે, તેમજ જેમ દીપક (= દીપકનો પ્રકાશ) સ્વ આશ્રયના પ્રમાણ જેટલા પ્રમાણવાળો ભાસે છે તેમ લોકાકાશના પ્રદેશ પ્રમાણ અસંખ્ય પ્રદેશવાળો પણ જીવ સંકોચ અને વિકાસના સ્વભાવવાળો હોવાથી સ્વ આશ્રયભૂત

१. °दार्थः, क एते - मु. (भां. खं.)।

## सूत्रम् :- द्वि-नवाष्टादशैकविंशति-त्रिभेदा यथाक्रमम्॥२/२॥

• गन्धहस्ति •

देशोऽपि प्रदीपवदाश्रयमात्रावभासीप्रमाणत्वात् अमूर्तेभ्योऽप्याकाशादिभ्यो भिन्नजातीय इति ॥२/१॥

एवमेते जीवस्य स्वनिमित्ताः कर्मक्षयाद्यवस्थानिमित्ताश्च भावा मूलभेदतो व्याख्याताः। अधुनैषां प्रत्येकं सम्भविनो भेदाः प्रतायन्ते[1], यथैव निमित्तान्तरादविलक्षणस्यापि जीवस्य भावानां पञ्चत्वं तथा पञ्चानामपि पृथक् पृथक् निमित्तापेक्षा भेदा भवन्ति, ते चामी →

**द्वि-नवाष्टादश**त्यादि सूत्रम्। द्वौ च नव चेत्यादि द्वन्द्वः, पश्चाद् बहुव्रीहिः, द्वि-नवाष्टादशैकविंशतित्रयो भेदा येषां ते द्वि-नवाष्टादशैकविंशति-त्रिभेदा औपशमिकादयः, प्रागुपन्यस्तसूत्रानुपूर्व्यपेक्षं **यथाक्रम**ग्रहणम्। एतच्च व्यतिकरदोषनिवृत्त्यर्थं, मा भूत् पञ्चानामेकस्यैते भेदाः, समस्तानां वैतावन्त एव, किन्त्वेकैकस्य भावस्य वक्ष्यमाणाः सम्यक्त्वचारित्रे इत्यादयो यथा स्युरिति यथाक्रमग्रहणम्।

**સૂત્રાર્થ :- (એ ૫ ભાવોના) અનુક્રમે ૨, ૯, ૧૮, ૨૧ અને ૩ પ્રકાર છે.॥૨/૨॥**

• *હેમગિરા* •

એવા શરીરના પ્રમાણ જેટલા પ્રમાણવાળો ભાસે છે, આથી અમૂર્ત એવા બીજા આકાશ, ધર્માસ્તિકાય વગેરેથી ભિન્ન જાતિવાળો છે. ॥૨/૧॥

**૨/૨ સૂત્રની અવતરણિકા :-** આ પ્રમાણે જીવના સ્વનિમિત્તવાળા (= સ્વયં થનારા) તથા કર્મક્ષયાદિની અવસ્થાના નિમિત્તવાળા (કર્મક્ષયાદિ હેતુઓથી થનારા) આ ભાવો મૂળ ભેદથી વ્યાખ્યા કરાયા. અત્યારે આ ઔપશમિકાદિ ભાવોના દરેકના સંભવતા ભેદો સ્પષ્ટ કરાય છે. જેમ અવિલક્ષણ (એક સ્વરૂપાત્મક) એવા જીવના ભાવોના જુદા જુદા નિમિત્તોને આશ્રયી પાંચ ભેદો પડે છે તેમ આ પાંચેના પણ નિમિત્તોની અપેક્ષાવાળા જુદા જુદા ભેદો થાય છે અને તે આ ભેદો હવેના ૨/૨ સૂત્રમાં કહેવાઈ રહ્યા છે.

**द्वि-नवाष्टादश...** ઇત્યાદિ ૨/૨ સૂત્ર છે. તેના પદોમાં શરૂઆતમાં દ્વન્દ્વ સમાસ કર્યો છે અને ત્યારબાદ પાછળ બહુવ્રીહિ સમાસ છે. ૨, ૯, ૧૮, ૨૧ અને ૩ ભેદવાળા ઔપશમિકાદિ ભાવો કહેવાય છે. પૂર્વમાં ઉપન્યાસ કરાયેલ ૨/૧ સૂત્રની (= સૂત્રગત ભાવોની) આનુપૂર્વીની અપેક્ષાવાળા **'यथाक्रम'** પદનું ગ્રહણ કર્યું છે. (૨/૧ સૂત્રમાં જે ક્રમે દેખાડ્યા છે તે જ ક્રમે તે ભાવો અહીં ગ્રહણ કરવા.) આ **'यथाक्रम'** પદ વ્યતિકર (= ભેળસેળ) દોષની નિવૃત્તિ માટે છે. જો યથાક્રમ પદ ન મૂકે તો પૂર્વે દર્શાવેલા ૫ ભાવોના આ ૫૩ ભેદો એક ભાવના જ છે અથવા સમસ્ત પાંચે ભાવોના આટલા (૫૩-૫૩) જ ભેદો છે એવી ગેરસમજ કોઈને થાય, તેવું ન થાઓ. પરંતુ એક એક ભાવના સમ્યક્ત્વ ચારિત્ર વગેરે કહેવાતા ભેદો બરાબર થઈ શકે અર્થાત્ સુગમતાથી સમજી શકાય તે માટે યથાક્રમનું ગ્રહણ કર્યું છે.

१. प्रतायन्ते- मु. (खं.)।

इह **केचिद्** विद्वांसः [1]संसारस्थानामिति वाक्यशेषमधीयते सिद्धव्यावृत्त्यर्थं, न किलैते द्वयादि-भिन्नास्तेषु सम्भवन्ति भावाः, एकरूपः पारिणामिक एव सम्भवति।

**तदेतदयुक्तम्** → तत्र हि यथासम्भवं ग्रहीष्यन्ते, नावश्यं सर्वैः स्वभेदैः सर्वत्र भवितव्यम्, यथा संसारिणामपि मिथ्यादृष्टीनां न कदाचिदौपशमिक-क्षायिकौ भवतः अभव्यानां वा, तथा सिद्धेष्वपि यथासम्भव-ग्रहणमिति न किञ्चिद्वाक्यशेषेण। तथैक[2]रूपः पारिणामिक एव सम्भवति, **तदेतदयुक्तम्**, यस्मात् क्षायिक-सम्यक्त्व-वीर्य-सिद्धत्व-दर्शन-ज्ञानैरात्यन्तिकैः स युक्तोऽतिनिर्द्वन्द्वेनापि च सुखेन, ज्ञानादयस्तु भावप्राणाः, मुक्तोऽपि जीवति स तैर्हि, तस्माज्जीवत्वं नित्यं सर्वस्य जीवस्येत्येवमादयः पारिणामिका अपि भावाः सन्ति, न परिणाम एवेत्यवधृतिः ॥

• *હેમગિરા* •

### ❖ 'संसारस्थानां' પદના અધ્યાહારનું નિરાકરણ ❖

અહીં સૂત્રમાં કોઈક વિદ્વાનો સિદ્ધ ભગવંતોની બાદબાકી કરવા માટે '**संसारस्थानां**' એ પદનો અધ્યાહાર કરે છે. તેઓનું એવું કહેવું છે કે 'ખરેખર સંસારીની જેમ આ ૨ આદિ પ્રકારવાળા ભાવો તેઓ (= સિદ્ધ ભગવંતો)માં સંભવી શકતા નથી, માત્ર ૧ રૂપવાળો પારિણામિક ભાવ જ સિદ્ધોમાં સંભવે છે.' (તેથી તેમને આશ્રયી સૂત્રમાં યથોક્ત ભાંગાઓ લખવાનો કોઈ અર્થ નથી.) આ વાત અયુક્ત છે કારણકે સિદ્ધોમાં (સૂત્ર નિર્દિષ્ટ ભાવોમાંથી) જેટલા ભાવો ઘટે તેટલાનું ગ્રહણ કરી શકાશે. એવું જરૂરી નથી કે 'પોતાના પેટા ભેદયુક્ત બધા ભાવો સર્વત્ર (= સર્વ જીવોમાં) હોવા જ જોઈએ.' (પણ જેમાં જેટલા ભાવો ઘટતા હોય તેટલા ઘટાડવા.) જેમકે સંસારીઓમાં પણ ભવ્ય અને અભવ્ય મિથ્યાદષ્ટિઓને ક્યારે પણ 'ક્ષાયિક અને ઔપશમિક' આ બે ભાવો હોતા નથી. (પણ માત્ર **૩** જ ભાવો હોય છે.) તે જ રીતે સિદ્ધોમાં પણ યથાસંભવ (= આ **૫** ભાવોમાંથી જે ઘટે તે) ગ્રહણ કરવા, આથી વાક્યશેષથી (= '**संसारस्थानां**' એવો અધ્યાહાર કરવાથી) કોઈ અર્થ સરતો નથી.

### ❖ સિદ્ધોમાં પણ અનેક ભાવો ❖

(તમે ઉપર જે '**संसारस्थानां**' પદ મુકવા પાછળ હેતુ આપતાં કહ્યું હતું કે) સિદ્ધોમાં **૧** રૂપવાળો જ પારિણામિક ભાવ સંભવે (બીજા નહિ), આ વાત બરોબર નથી કારણકે સિદ્ધ ભગવંતો આત્યંતિક (= શાશ્વત) એવા ક્ષાયિક સમકિત, ક્ષાયિક વીર્ય, ક્ષાયિક સિદ્ધત્વ, ક્ષાયિક દર્શન, ક્ષાયિક જ્ઞાન વડે તથા અતિ નિર્દ્વન્દ્વ (= દુઃખલેશ પણ જેમાં નથી) એવા સુખ વડે યુક્ત જ છે; વળી જે જ્ઞાનાદિ ભાવ પ્રાણો છે તેઓના વડે તે મુક્ત જીવ પણ ચોક્કસ જીવે છે, તેથી જીવત્વ સર્વ જીવમાં નિત્ય (= સર્વકાળ) છે. આવા પ્રકારના બીજા પણ પારિણામિક ભાવો સિદ્ધમાં છે, તેથી

१. °स्थायिनाम् सि - रा. ग। २. तथैवरूपः पारिणामिक - मु. (खं. भां.)।

**भाष्यम् :- एते औपशमिकादयः पञ्च भावाः द्वि-नवाष्टादशैकविंशति-त्रिभेदा भवन्ति।**

**● गन्धहस्ति ●**

सम्प्रति भाष्याक्षराणि विव्रियन्ते → **एत** इति प्रत्यक्षासन्नवाचिना सर्वनाम्नाऽनन्तरसूत्रनिर्दिष्टान् भावानभिमुखीकरोति, **औपशमिकादय** इति प्रतिविशिष्टं क्रममाचष्टे, **भावा** इति भवनलक्षणा जन्तोः परिणतिविशेषाः, **पञ्चेति** सङ्ख्यया‌ऽवधारणं तेषाम्, एतावता भाष्येणानूद्य पूर्वकमर्थमधुना भेदान् विधत्ते **द्वि-नवेत्यादिना** (भाष्येण)।

इदं च सूत्रमेकमेवाचार्येण खण्डीकृत्याधीतम्, न पुनर्विवरणमे[1]तत्सूत्रस्य, कुत एतद् भवतीति? सूत्रमध्ययुच्चारणाद् विभक्त्यश्रवणाच्च द्वयादिषु निश्चीयते, पुनः सूत्रपाठे तर्हि किं प्रयोजनम् ? एता-

**ભાષ્યાર્થ :- આ ઔપશમિકાદિ ૫ ભાવો ક્રમશઃ ૨, ૯, ૧૮, ૨૧ અને ૩ ભેદવાળા હોય છે. તે આ પ્રમાણે →**

**● *હેમગિરા* ●**

માત્ર પરિણામ રૂપ જ પારિણામિક ભાવ સિદ્ધોમાં છે એવું '*જ*'કાર પૂર્વક અવધારણ ન કરવું.

હમણાં ભાષ્યના અક્ષરો (પદો)નું વિવરણ કરાય છે, તે આ મુજબ → પ્રત્યક્ષ અને નિકટવર્તી વસ્તુના વાચક '**एते**' એવા સર્વનામ વડે પૂર્વ સૂત્રમાં દર્શાવેલ ભાવોનો ભાષ્યકારશ્રી ઉલ્લેખ કરે છે. '**औपशमिकादयः**' એ પદ ચોક્કસ ક્રમને કહે છે. '**भावा**' એટલે ભવન (ઉત્પન્ન થવાના) લક્ષણવાળી એવી જીવની વિશિષ્ટ પરિણતિઓ. '**पञ्च**' પદ તેઓ (= ભાવો)નું સંખ્યા વડે અવધારણ કરી આપે છે. આટલા ભાષ્ય પદો વડે પૂર્વ સૂત્ર (૨/૧) સંબંધી અર્થનું ફરી કથન કરી અત્યારે '**द्वि-नवाष्टा.....**' ઇત્યાદિ ભાષ્યથી (તે ભાવોના વ્યક્તિગત) ભેદોને કહે છે.

વળી આ એક જ (૨/૨) સૂત્રનો વિભાગ કરીને આચાર્યશ્રીએ ભાષ્યમાં કહ્યું છે પણ ૨/૨ સૂત્રનું આ વિવરણ નથી.

### ❖ ભાષ્યમાં સૂત્ર-પદ હોવાના કારણો ❖

**પ્રશ્ન :** આ ક્યાંથી નક્કી થાય કે આ ભાષ્ય સ્વરૂપ નથી, ને સૂત્રનો જ એક વિભાગ છે ?

**ઉત્તર :** ('**द्वि-नवाष्टा**'... ઇત્યાદિ પદો સૂત્રના એક વિભાગ રૂપ છે) કારણ કે સૂત્રની અંદર પણ '**द्वि-नवाष्टा...**' ઇત્યાદિ પદોનું ઉચ્ચારણ છે.

(**પ્રશ્ન :** સૂત્રમાં હોય તો શું થઈ ગયું ? ભાષ્યમાં ન હોઈ શકે ?

**ઉત્તર :** હોઈ શકે, પરંતુ અક્ષરશઃ એવું જ ન હોય. સમાસ વગેરેનો વિગ્રહ છૂટો પાડીને લખેલો હોય, પણ અહીં વિગ્રહ છૂટો પાડવામાં નથી આવ્યો કારણકે જો તેવું હોય તો વિભક્તિઓ તો દેખાય ને !) અહીં '**द्वि-नव**'... ઇત્યાદિ ભાષ્ય પંક્તિમાં તો વિભક્તિઓ દેખાતી/સંભળાતી

१. ॰रणमस्य - मु. प्रा. (खं. भा.)।

**भाष्यम् :- तद्यथा[1]→ औपशमिको द्विभेदः। क्षायिको नवभेदः। [2]क्षायोपशमिकोऽष्टादशभेदः। औदयिक एकविंशतिभेदः पारिणामिकस्त्रिभेद इति। यथाक्रममिति येन सूत्रक्रमेणात ऊर्ध्वं वक्ष्यामः ॥२/२॥**

● गन्धहस्ति ●

वल्लक्ष्यते पूर्वं सूत्रार्थमनूद्य यथाक्रमं सूत्रं सम्बन्धयति। **औपशमिको द्विभेद** इत्यादि, विवरणं [3]सुगमम्। **पारिणामिकस्त्रिभेद इति,** अयमितिशब्द आदिशब्दार्थे, शेष पारिणामिकभेदसङ्ग्रहार्थम्, **यथाक्रममिति,** अत्रेतिशब्दः शब्दपदार्थकः, अनेन शब्देनायमर्थः प्रत्याय्यते, **येन सूत्रक्रमेणात ऊर्ध्वं वक्ष्यामः,** येनेति वक्ष्यमाणेन '***सम्यक्त्व-चारित्रे***' (२/३) इत्यादिनाऽस्मात् सूत्रादुपरिष्टात् भणिष्यामः तेन

**ભાષ્યાર્થ :- તે આ પ્રમાણે → ઔપશમિક ભાવના બે ભેદ છે, ક્ષાયિક ભાવના ૯ ભેદ છે, ક્ષાયોપશમિક ભાવના ૧૮ ભેદ છે, ઔદયિક ભાવના ૨૧ ભેદ છે અને પારિણામિક ભાવના ૩ ભેદ છે વગેરે. યથાક્રમ એટલે આ સૂત્ર પછી આગળ જે સૂત્રના ક્રમથી અમે ભાવોને કહીશું તે સૂત્રના ક્રમ મુજબ ઔપશમિકાદિ ભાવો જાણવા ॥૨/૨॥**

● *હેમગિરા* ●

જ નથી આથી નિશ્ચય થાય છે કે '**द्वि-नवाष्टा**'... ઇત્યાદિ પદો સૂત્રના જ એક વિભાગ રૂપ છે, ભાષ્ય રૂપ નહીં.

**પ્રશ્ન :** તો (ભાષ્યમાં) ફરી સૂત્ર કહેવામાં શું પ્રયોજન છે ?

**ઉત્તર :** '**एते औपशमिकादयः पञ्च भावाः**' અહીં સુધીના પદો દ્વારા પૂર્વ **૨/૧** સૂત્રના અર્થનું ફરી કથન કરીને તે **૨/૧** સૂત્ર સાથે યથાક્રમે '**द्वि-नवाष्टादश**'... ઇત્યાદિ **૨/૨** સૂત્રનો સંબંધ જોડે છે. આટલું જ પ્રયોજન ભાષ્યમાં અક્ષરશઃ સૂત્ર લખવાનું જણાય છે. '**औपशमिकोद्विभेदः**'... ઇત્યાદિ ભાષ્ય છે અને તેનું વિવરણ સુગમ છે. (માટે તેના ઉપર અહીં ટીકા નથી લખતા.)

## ❖ વાક્યાન્તર દ્વારા નિરૂપણ એ વ્યાખ્યાનું પ્રધાન અંગ ❖

'**पारिणामिकस्त्रिभेद इति**' એ ભાષ્યમાં લખાયેલ '**इति**' શબ્દ એ શેષ પારિણામિક ભેદોનો સંગ્રહ કરવા માટે '**આદિ**' શબ્દના અર્થમાં સમજવો અર્થાત્ આગળ ૨/૭ સૂત્રમાં '**आदि**' પદથી કહેવાતા અસ્તિત્વ, કર્તૃત્વ આદિનું ગ્રહણ '**इति**' શબ્દથી કરવું.

'**यथाक्रममिति**' આ ભાષ્યમાં જે '**इति**' પદ છે, તે શબ્દ વાચક છે અર્થવાચક નહીં અર્થાત્ '**इति**' શબ્દથી યથાક્રમ પદ એ શબ્દભૂત જાણવું પણ અર્થભૂત નહીં. આ (યથાક્રમ) શબ્દ વડે '**येन सूत्रक्रमेणात ऊर्ध्वं वक्ष्यामः**' એવો ભાષ્ય રૂપ અર્થ જણાય છે. તેનો અર્થ આ પ્રમાણે છે → આ (૨/૨) સૂત્રની આગળ કહેવાતા **सम्यक्त्व-चारित्रे** (૨/૩) ઇત્યાદિ જે સૂત્રના ક્રમથી અમે

१. 'यथा'- इति पाठो मुद्रितप्रतौ हस्तादर्शे च दृश्यते, परंतु तत्त्वार्थसूत्रस्य प्रस्तुतबृहट्टीकायां (पृ.-२५) मुद्रितभाष्यप्रतौ च 'तद्यथा' इत्येवं पाठोऽस्ति ततःस एव गृहीतः। २. क्षायिकोपश° - मु. (प्रा. घ)। ३. सुज्ञानम् - भा. खं.।

## सूत्रम् :- सम्यक्त्व-चारित्रे ॥२/३॥

● गन्धहस्ति ●

क्रमेण यथाक्रममौपशमिकादयो द्रष्टव्याः। वाक्यान्तरेण प्रकृतार्थनिगमनमादर्शितम्, वाक्यान्तरनिरूपणं च [1]व्याख्यायाः प्रधानाङ्गमिति, सङ्ख्यानमात्रश्रवणादुद्देशसूत्रमिदं, न तु भेदनिर्देशः ॥२/२॥

सम्प्रति संख्येयान् भावविशेषान् निर्दिशति, औपशमिकस्य तावत् सूत्रक्रमप्रामाण्याद् भेदद्वयं प्रतिपिपादयिषुराह → **सम्यक्त्व-चारित्रे** (इति सूत्रम्)। सम्यक्त्वमुक्तं प्रथमेऽध्याये लक्षण-विधानाभ्याम्, चारित्रं नवमे वक्ष्यते। एतदुभयमपि सिद्धं गृहीत्वा इहौपशमिकभावो [2]नियम्यते, सम्यक्त्व-चारित्रे त्वनियते क्षायिक-क्षायोपशमिकयोरपि भवतः, औपशमिकभावस्तु द्वयमिदमपहाय न भेदान्तरमवरुणद्धि, अयं च नियमो द्वि-नवाष्टादिसूत्रारम्भसामर्थ्याल्लभ्यते, औपशमिको द्विभेद एवेति गम्यते सङ्ख्याशब्दोपादा-

**સૂત્રાર્થ :- સમ્યક્ત્વ અને ચારિત્ર, એ બે ભેદ ઔપશમિક ભાવના છે. ॥૨/૩॥**

● *હેમગિરા* ●

ઔપશમિકાદિ ભાવોને કહીશુ તે ક્રમ મુજબ યથાક્રમે ઔપશમિકાદિ ભાવો જાણવા યોગ્ય છે. અહીં ભાષ્યમાં **येन सूत्रक्रमेण** ઇત્યાદિ બીજા વાકય વડે પ્રસ્તુત (યથાક્રમ એવા પદના) અર્થનું નિગમન (= ઉપસંહાર) દેખાડાયું છે કેમકે વાક્યાન્તર દ્વારા નિરૂપણ કરવું એ તો વ્યાખ્યાનું પ્રધાન અંગ છે એમ જાણવું.

પ્રસ્તુત બીજા સૂત્રમાં તો ભાવોના ભેદોની સંખ્યા માત્રનો ઉલ્લેખ દેખાતો હોવાથી આ ઉદ્દેશ (= સામાન્ય અર્થકથન) સૂત્ર છે પણ ભેદોનો નિર્દેશ (વિશેષ અર્થ કથન) અહીં નથી કરાયો. ॥૨/૨॥

**૨/૩ સૂત્રની અવતરણિકા :** હવે તે તે સંખ્યાથી યુકત ભાવોના ભેદોનો નિર્દેશ કરે છે. સૂત્ર (૨/૧)માં કહેલ ભાવોનો ક્રમ પ્રમાણભૂત હોવાથી તે ક્રમ મુજબ સર્વ પ્રથમ ઔપશમિક ભાવના બે ભેદોને પ્રતિપાદન કરવાની ઇચ્છાવાળા વાચકશ્રી (૨/૩ સૂત્રને) કહે છે.

**'सम्यक्त्व-चारित्रे'** આ ૨/૩ સૂત્ર છે. તેમાં રહેલ સમ્યક્ત્વ પદ લક્ષણ અને વિધાન થકી પ્રથમ અધ્યાયમાં કહેવાઈ ગયું છે તથા ચારિત્રને ૯મા અધ્યાયમાં કહેવાશે અને (પ્રથમ અને ૯મા અધ્યાયમાં સમજાવેલા =) સિદ્ધ એવા આ બંનેને પણ અહીં (= સૂત્રમાં) ગ્રહણ કરીને (એ બંનેમાં) ઔપશમિક ભાવનું નિયમન કરાય છે (કે ઔપશમિક ભાવ માત્ર સમ્યક્ત્વ અને ચારિત્રમાં જ હોય છે, બીજામાં નહીં પણ સમ્યક્ત્વ અને ચારિત્ર તો ઔપશમિક ભાવમાં નિયત નથી કેમકે તે બંને તો ક્ષાયિક અને ક્ષાયોપશમિક ભાવમાં પણ હોય છે, જ્યારે ઔપશમિક ભાવ તો આ બેને છોડી કોઈપણ ભેદમાં વર્તતો/બંધાતો નથી. અને આ નિયમ **'द्वि-नवाष्टा...'** વગેરે બીજા સૂત્રના આરંભના સામર્થ્યથી પ્રાપ્ત થાય છે અને એનાથી જ **'तद्यथा'** ઇત્યાદિ (૨/૨) ભાષ્યમાં માત્ર સંખ્યા શબ્દનું ગ્રહણ હોવા છતાં પણ ઔપશમિક ભાવ ૨ ભેદવાળો જ છે એમ 'જ' કાર (= એવકાર) વડે અર્થ જણાય

१. व्याख्याप्रधा° - खं.। २. निगम्यते - खं.।

**भाष्यम् :- सम्यक्त्वं चारित्रं च द्वावौपशमिकौ भावौ भवत इति॥२/३॥**

**● गन्धहस्ति ●**

नेऽप्येवकारेण **तद्यथे**त्यादिभाष्ये। अनन्तरसूत्रनिर्दिष्टं द्विभेदत्वमौपशमिकस्य तदधुना यथा भवति तथा प्रकाश्यते → **सम्यक्त्वं चारित्रं चे**ति (भाष्येण), तत्त्वरुचिः **सम्यक्त्वम्,** सदसत्क्रियाप्रवृत्ति-निवृत्तिलक्षणं **चारित्रम्, च**शब्दः समुच्चये एतदुभयमपि, इष्टनियमप्रदर्शनार्थम् **द्वा**विति सङ्ख्योपादानम्, स च प्रकटीकृत एव प्राक्।

**औपशमिका**वित्यनेन [1]नियम्यं पदार्थं दर्शयति। **भावा**विति सम्यक्त्व-चारित्रयोरात्मपर्यायत्वं दर्शयति। **भवत इति** श्रद्धान-चरणक्रिययोः क्रियावतः सकाशादनन्यत्वमाह। अतः समुदायार्थोऽयम् → सम्यक्त्वचारित्रे द्व एव औपशमिको भावो भवति, नान्यथेति॥२/३॥

अथ क्षायिको नवभेद उद्दिष्टः सोऽधुना निर्देश्यते →

**ज्ञान-दर्शने**त्यादि सूत्रम्। कृतद्वन्द्वानां निर्देशः, **च**शब्दोऽनन्तरद्वयानुकर्षणार्थः सूत्रोक्ताः सप्त च

**ભાષ્યાર્થ :- સમ્યક્ત્વ અને ચારિત્ર એ બે જ ઔપશમિક ભાવ હોય છે. ॥૨/૩॥**

***● હેમગિરા ●***

ઔપશમિક ભાવના ૨ ભેદ અનંતર ૨/૨ સૂત્રમાં નિર્દિષ્ટ છે. તે જે રીતે છે તે રીતે અત્યારે ભાષ્યકારશ્રી વડે '**सम्यक्त्वं चारित्रं च**' એ ભાષ્ય દ્વારા દેખાડાય છે.

**❁ ઔપશમિક સમ્યક્ત્વ અને ચારિત્ર ❁**

તત્ત્વની રુચિ એ સમ્યક્ત્વ છે તથા સત્ક્રિયામાં પ્રવૃત્તિ અને અસત્ક્રિયાથી નિવૃત્તિના લક્ષણવાળું ચારિત્ર છે. ભાષ્યનો '**च**' શબ્દ સમ્યક્ત્વ અને ચારિત્ર એ બેના સમુચ્ચય અર્થમાં છે. આથી અર્થ આ પ્રમાણે કરવો કે સમ્યક્ત્વ અને ચારિત્ર બન્નેય ઔપશમિક ભાવો છે. '**द्वौ**' આ પ્રમાણે સંખ્યાનું ઉપાદાન ઇષ્ટ નિયમ (= આ બંનેમાં ઔપશમિક ભાવના નિયમ)ને દેખાડવા માટે છે અને તે નિયમ પૂર્વમાં બતાવી જ દીધો છે. '**औपशमिकौ**' આ પદ દ્વારા નિયમન કરવા યોગ્ય એવા ઔપશમિક ભાવરૂપ પદાર્થને દેખાડે છે. '**भावौ**' એ પદ સમ્યક્ત્વ અને ચારિત્રને આત્માના પર્યાય તરીકે દેખાડે છે. '**भवतः**' એ પદ શ્રદ્ધા અને આચરણ કરવા રૂપ ક્રિયાનો ક્રિયાવાન આત્મા સાથેના અભેદ ભાવને કહે છે. આથી ભાષ્યનો સમુદાયાર્થ આ થયો કે 'સમ્યક્ત્વ અને ચારિત્ર એ બે જ ઔપશમિક ભાવ હોય છે, બીજા નહિ.'॥૨/૩॥

**૨/૪ સૂત્રની અવતરણિકા :** હવે જે ૯ ભેદવાળો ક્ષાયિકભાવ ઉદ્દિષ્ટ કરાયો હતો તે હમણા નિર્દેશ કરાય છે.

'**ज्ञान-दर्शन...**' ઇત્યાદિ ૨/૪ સૂત્ર છે. તેમાં જ્ઞાનાદિ પદોનો નિર્દેશ દ્વન્દ્વ સમાસથી કરવામાં

१. नियम्य - खं.।

## सूत्रम् :- ज्ञान-दर्शन-दान-लाभ-भोगोपभोग-वीर्याणि च ॥२/४॥

• गन्धहस्ति •

द्वौ चशब्दानुकृष्टावित्येवं नव भेदाः ॥

**ननु** च सिद्धत्वमपि क्षायिको भावः, स चेह न निर्दिष्टः सूरिणा, कोऽभिप्राय इति ?

**उच्यते→** कर्माष्टकैकदेशक्षयादेते क्षायिकाः सूत्रेण प्रतिबद्धाः, सिद्धत्वं तु सकलकर्मक्षयजं भवप्रपञ्चपारवर्ति[1] परां विशुद्धिकाष्ठामितं परमक्षायिकं कालस्वभावभेदान्मुक्तकाल[2] एव सर्वकर्माभावस्वभाव इत्यतो न प्रतिबद्धम्, ज्ञानादयस्तु संसृतौ मुक्तौ च केचित् सम्भवन्तीति विशेषप्रतिपादनार्थम[3]ग्रहणं सिद्धत्वस्येति ।

कथं पुनरयमाचार्याभिप्रायो गम्यते ?

**સૂત્રાર્થ :- જ્ઞાન, દર્શન, દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય તેમજ 'च' શબ્દથી ખેંચાયેલા ઉપરના બે, એમ ૯ ભેદવાળો ક્ષાયિક ભાવ છે. ॥૨/૪॥**

• *હેમગિરા* •

આવ્યો છે. તેમજ સૂત્રમાં છેલ્લે રહેલ '**च**' શબ્દ એ અનંતર (ત્રીજા સૂત્રમાંના સમ્યક્ત્વ અને ચારિત્ર એ) ૨ ભેદના અનુકર્ષણ (= ગ્રહણ) કરવા માટે છે. આમ સૂત્રોકત ૭ ભેદ અને '**च**' શબ્દથી ખેંચાયેલા ૨ ભેદ, એમ કુલ ૯ ભેદો ક્ષાયિક ભાવના જાણવા.

### ❁ સિદ્ધત્વની ક્ષાયિક ભાવમાં મીમાંસા ❁

**શંકા :** 'સિદ્ધત્વ' પણ ક્ષાયિકભાવ રૂપ છે પણ તેનો આચાર્યશ્રીએ અહીં સૂત્રમાં નિર્દેશ કર્યો નથી, તેવું કરવા પાછળ આચાર્યશ્રીનો શું અભિપ્રાય છે ?

**સમાધાન :** ૮ કર્મના એક દેશના (ઘાતી કર્મના) ક્ષયથી (ઉત્પન્ન થયેલા) આ ક્ષાયિક ભાવો જ પ્રસ્તુત સૂત્ર વડે ગ્રહણ કરાયા છે. સકલ કર્મના ક્ષયથી જન્મેલ, ભવના પ્રપંચની પેલે પાર વર્તનારું, વિશુદ્ધિની શ્રેષ્ઠ કક્ષાને પામેલ, પરમ ક્ષાયિક ભાવના સ્વરૂપવાળુ સિદ્ધત્વ કાળ અને સ્વભાવને આશ્રિત ભેદ થકી (કાળની અપેક્ષાએ) મુકતકાળમાં જ છે અને (સ્વભાવની અપેક્ષાએ) સર્વ = આઠે કર્મના અભાવ રૂપ સ્વભાવમાં છે. આથી સૂત્રમાં તેનું ગ્રહણ કરાયું નથી. જયારે જ્ઞાનાદિ (૯) ક્ષાયિક ભાવો (કાળની અપેક્ષાએ) સંસાર કાળમાં અને કેટલાક મુકત કાળમાં સંભવે છે. (તેમજ આ ક્ષાયિક ભાવો સ્વભાવની અપેક્ષાએ ઘાતી કર્મના ક્ષય સ્વરૂપ સ્વભાવમાં પણ છે. આમ કેવળજ્ઞાનાદિ ક્ષાયિક ભાવ કરતાં સિદ્ધત્વ એ કાળ અને સ્વભાવની અપેક્ષાએ ભિન્ન છે.) એમ વિશેષ પ્રતિપાદન કરવા માટે સિદ્ધત્વનું ગ્રહણ સૂત્રમાં કર્યું નથી. (બાકી સિદ્ધત્વ એ ક્ષાયિક ભાવ તો ખરો જ.)

१. °परिवर्ति - मु. पारिवर्ति - खं. रा. परावर्ति - ग (भां)। २. °भेदोन्मुक्तकाल - मुद्रितशुद्धिपत्रके (मु. खं. भां.)।
३. °नार्थ ग्रहणं सिद्धस्येति प्रा. क-ख।

**भाष्यम् :- ज्ञानं, दर्शनं, दानं, लाभः भोगः, उपभोगः, वीर्यमित्येतानि सम्यक्त्व-चारित्रे च नव क्षायिका भावा भवन्तीति॥२/४॥**

**• गन्धहस्ति •**

**उच्यते** → वक्ष्यति हि दशमे '*औपशमिकादिभव्यत्वा[1]भावाच्चान्यत्र केवलसम्यक्त्व-ज्ञान-दर्शन-सिद्धत्वेभ्यः*' (अ.१०, सू.४) इति, तन्न खलु विस्मृत इहाचार्यस्यायं सिद्धत्वलक्षणो भावः, किन्तु मोक्षकाष्ठा परासाविति तत्रैवोपादास्यामहे → मोक्षाधिकार एव पठिष्यामः इत्यमुनाऽभिप्रायेण नेहाधीतः, ये पुनः कर्माष्टकैकदेशक्षयात् जातास्त इहावध्रियन्ते नवेत्यदोषः॥

भाष्याक्षराण्यधुनाऽनुगम्यन्ते →

ज्ञानमिति केवलं सकलज्ञेयग्राहि समस्तज्ञानावरणक्षयप्रभवं[2] परिगृह्यते, न शेषमसम्भवात्।

**ભાષ્યાર્થ :- જ્ઞાન, દર્શન, દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય આ પ્રમાણે આ (૭) અને સમ્યક્ત્વ અને ચારિત્ર એમ ૯ ક્ષાયિક ભાવો હોય છે. ॥૨/૪॥**

*• હેમગિરા •*

**પ્રશ્ન :** આચાર્યશ્રીનો આ અભિપ્રાય કઈ રીતે જાણી શકાય ?

**ઉત્તર :** ૧૦મા અધ્યાયના ચોથા સૂત્રમાં કહેવાશે જ કે 'ક્ષાયિક સમ્યક્ત્વ, કેવળજ્ઞાન, કેવળદર્શન તેમજ સિદ્ધત્વ એ ૪ ક્ષાયિકભાવો મુકત આત્મામાં હોય છે, કારણકે એ સિવાયના ઔપશમિક આદિ ભાવો તેમજ ભવ્યત્વ રૂપ ભાવનો તેમાં અભાવ હોય છે.' તેથી ચોક્કસ અહીં (સૂત્રમાં) આચાર્યશ્રીને આ 'સિદ્ધત્વ' સ્વરૂપ ક્ષાયિક ભાવ (લખવાનો) ભૂલાઈ ગયો નથી પરંતુ આ (= સિદ્ધત્વ) મોક્ષની શ્રેષ્ઠ કક્ષા (= અવસ્થા) રૂપ છે આથી 'ત્યાં જ અમે (તેને) કહીશું અર્થાત્ મોક્ષના અધિકારમાં એટલે કે ૧૦મા અધ્યાયમાં જ કહીશું' એવા આ અભિપ્રાયથી અહીં સિદ્ધત્વ સ્વરૂપ ભાવ કહેવાયો નથી. પણ જે ૮ કર્મના એક દેશના ક્ષયથી ઉત્પન્ન થયેલા ક્ષાયિક ભાવો છે તે ૯ જ અહીં કહેવાય છે તેથી (સર્વ કર્મના ક્ષયરૂપ સિદ્ધત્વના અગ્રહણમાં) કોઈ દોષ નથી.

હવે ભાષ્યના પદોની વ્યાખ્યા કરે છે.

## ❖ ક્ષાયિક જ્ઞાનાદિનું સ્વરૂપ ❖

**૧. જ્ઞાન :** જ્ઞાન એટલે કેવળજ્ઞાન, જે સકલ જ્ઞેયોનું ગ્રાહક છે. વળી જે સમસ્ત જ્ઞાનાવરણીય કર્મના ક્ષયથી ઉત્પન્ન થનારું છે તે અહીં જ્ઞાન તરીકે ગ્રહણ કરાય છે, શેષ સર્વ (મતિ વગેરે) નહિ કારણકે (તે જ્ઞાનો સમસ્ત જ્ઞાનાવરણના ક્ષયથી ઉત્પન્ન ન થતાં હોવાથી) તેઓનો ક્ષાયિક જ્ઞાનમાં અસંભવ છે.

१. °त्वाभव्यत्वान्यत्र प्रा. क-ख। २. °प्रभावं - भां.।

• गन्धहस्ति •

**दर्शन**मपि केवलाख्यमशेषदर्शनावरणीयक्षयसमुद्भूतमुपात्तम्, न शेषं चक्षुराद्यसम्भवात्।

**दान**मिति वक्ष्यते लक्षणतः ***'स्वस्यातिसर्गो दानं'*** (अ. ७, सू. ३३) तच्च सकलदानान्तराय क्षयादेकस्मादपि तृणाग्रात् त्रिभुवनविस्मयकरं यथेप्सितमर्थिनो न जातुचित् प्रतिहन्यते प्रयच्छत इति।

**लाभ** इति परस्माच्चतुर्वर्गस्यान्यतम समस्तसाधनप्राप्तिः, स चाशेषलाभान्तरायकर्म-क्षयादचिन्त्यमाहात्म्यविभूतिराविर्भवति येन यत् प्रार्थयते तत् समस्तमेव लभते, न तु प्रतिषिध्यते।

शुभविषयसुखानुभवो **भोगः**, अथवा भक्ष्य-पेय-लेह्यादिसकृदुपयोगाद् भोगः, स च कृत्स्न-भोगान्तरायक्षयाद् यथेष्टमुपपद्यते, न तु सप्रतिबन्धः कदाचिद् भवति, न वा न भवत्यभिलषित[1] इति।

विषयसम्पदि सत्यां [2]यथोत्तरगुणप्रकर्षात् तदनुभव **उपभोगः**, पुनः पुनरुपभोगाद् वा वस्त्र-

• *હેમગિરા* •

**૨. દર્શન :** દર્શન એટલે કેવળદર્શન, જે સમસ્ત દર્શનાવરણીય કર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલું છે તે અહીં દર્શન તરીકે ગ્રહણ કરાય છે, શેષ ચક્ષુદર્શન આદિ નહીં કેમકે (તેઓ સમસ્ત દર્શનાવરણના ક્ષયથી ઉત્પન્ન થતાં ન હોવાથી) તેઓનો ક્ષાયિક દર્શનમાં સંભવ નથી.

**૩. દાન :** દાન એ લક્ષણ થકી '**अनुग्रहार्थं स्वस्यातिसर्गो दानं**' (= અનુગ્રહ માટે પોતાની વસ્તુનો સુપાત્રમાં ત્યાગ તે દાન) એવા ૭/૩૩ સૂત્રમાં કહેવાશે અને તે ક્ષાયિક દાન સકલ દાનાંતરાય કર્મનો ક્ષય થવાથી ઉત્પન્ન થાય છે કે જેથી એક તણખલાના માત્રના અગ્રભાગનું માધ્યમ લઈને પણ અર્થીઓને યથેચ્છ રીતે આપનાર વ્યક્તિનું, ત્રણે જગતમાં વિસ્મય કરનારું એવું તે ક્ષાયિક દાન ક્યારે પણ (કોઈના વડે) હણી/અટકાવી શકાતું નથી.

**૪. લાભ :** લાભ એટલે પર વ્યક્તિ દ્વારા ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારે વર્ગના કોઈપણ અથવા સમસ્ત સાધનની પ્રાપ્તિ; અને તે ક્ષાયિક લાભ સમસ્ત લાભાંતરાય કર્મના ક્ષયથી અચિંત્ય માહાત્મ્યની વિભૂતિ રૂપે પ્રગટ થાય છે. જેના (= ક્ષાયિક લાભ) વડે જે વસ્તુની પ્રાર્થના કરાય તે બધી જ વસ્તુઓ મળે છે પરંતુ (તે વસ્તુ તેને આપવા) કોઈના વડે નિષેધ કરાતો નથી.

**૫. ભોગ :** ભોગ એટલે શુભ એવા વિષય સુખોનો અનુભવ અથવા તો ભક્ષ્ય (= ખાવા યોગ્ય), પેય (= પીવા યોગ્ય), લેહ્ય (= ચાટવા યોગ્ય) વગેરે પદાર્થોનો એકવાર ઉપયોગ થતો હોવાથી ભક્ષ્ય વગેરે પદાર્થો ભોગ કહેવાય અને તે ક્ષાયિક ભોગ સમસ્ત ભોગાંતરાય કર્મના ક્ષય થવા થકી ઇચ્છા પ્રમાણે પ્રાપ્ત થાય છે પણ ક્યારેય પ્રતિબંધવાળો હોતો નથી અથવા તો અભિલષિત નથી થતું એમ નથી પણ બધું ય ઇષ્ટ મળી રહે છે.

**૬. ઉપભોગ :** ઉપભોગ એટલે વિદ્યમાન એવી (શબ્દાદિ) વિષય સંપત્તિમાં ઉત્તરોત્તર ગુણના પ્રકર્ષથી થતો તે વિષય (સુખ)નો અનુભવ અથવા ફરી ફરી ઉપયોગ થતો હોવાથી વસ્ત્ર-

१. °भिलाष इति - खं. प्रा.। २. तथोत्त° - मु. प्रा. (खं. भा.)।

पात्रादिरुपभोगः, स च निरवशेष उपभोगान्तरायकर्मणि क्षीणे यथेष्टमुपतिष्ठते।

अप्रतिघः शक्तिविशेष आत्मनो **वीर्यम्**, तच्चाप्रतिहतमपास्ताशेषवीर्यान्तरायकर्मणो भवति, तेन च यदिच्छति तत् सर्वमायत्तीकरोति।

**सम्यक्त्वं** पुनरनन्तानुबन्धिकषाय-[1]मिथ्यात्व-मिश्र-सम्यकृत्वदर्शनसप्तकक्षयादात्यन्तिकाद[2]-प्रतिहतं जीवादिपदार्थश्रद्धानलक्षणमसंहार्यमुपजायते।

**चारित्रं** तु सकलमोहक्षयात् क्षायिकमाविर्भवति। **वीर्यमित्य**त्रायमितिशब्दोऽर्थपदार्थकः, **एतानीति** सूत्रोक्तानि, **च**शब्दः समुच्चये, **सम्यक्त्व-चारित्रे च, नव क्षायिका भावा भवन्तीति**॥२/४॥

उद्दिष्टः क्षायोपशमिकोऽष्टादशधा, स इदानीमाविर्भाव्यते →

• *હેમગિરા* •

પાત્રાદિ તે ઉપભોગ કહેવાય અને તે ક્ષાયિક ઉપભોગ ઉપભોગાંતરાય કર્મ સમગ્ર ક્ષીણ થયે છતે ઇચ્છા પ્રમાણે પ્રાપ્ત થાય છે.

**૭. વીર્ય :** વીર્ય એટલે કોઈનાથી પણ ન હણી શકાય તેવા પ્રકારની આત્માની વિશિષ્ટ શક્તિ અને તે (= ક્ષાયિક વીર્ય) અશેષ વીર્યાંતરાય કર્મ ક્ષીણ થવા થકી અપ્રતિહત થાય છે અને તેના વડે (અર્થાત્ તે વીર્યના પ્રભાવે) આત્મા જેને ઇચ્છે તે સર્વને સ્વાધીન કરે છે.

**૮. સમ્યક્ત્વ :** અનંતાનુબંધી ૪ કષાય, મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય, સમ્યક્ત્વ મોહનીય એમ દર્શન સપ્તકના આત્યંતિક ક્ષયથી અપ્રતિહત (= અસ્ખલિત) તથા અસંહાર્ય (= જે કોઈનાથી પણ નાશ ન કરી શકાય) એવું જે જીવાદિ પદાર્થોની શ્રદ્ધાના સ્વરૂપવાળું સમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે તે ક્ષાયિક સમ્યક્ત્વ કહેવાય છે.

**૯. ચારિત્ર :** સકલ મોહનીય કર્મના ક્ષય થકી ક્ષાયિક ચારિત્ર પ્રગટ થાય.

ભાષ્યમાં '**वीर्यमिति**' એ પ્રમાણે જે શબ્દો છે એમાં રહેલો આ '**इति**' શબ્દ એ અર્થ વાચક છે, શબ્દ વાચક નહીં અર્થાત્ '**ज्ञानं**' વગેરે પદોનો 'જ્ઞાન' વગેરે શબ્દો એ અર્થ ન કરવો કિન્તુ તે પદોથી વાચ્ય જ્ઞાન વગેરે ક્ષાયિક ભાવો એ અર્થ કરવો, એમ '**इति**' શબ્દ દ્વારા ભાષ્યકારશ્રી જણાવે છે.

ભાષ્યગત '**एतानि**' એટલે સૂત્રમાં કહેવાયેલા જ્ઞાનાદિ. ભાષ્યગત '**च**' શબ્દ સમુચ્ચય અર્થમા છે આથી અર્થ આ પ્રમાણે કરવો કે સૂત્રગત જ્ઞાનાદિ ૭ તેમજ સમ્યક્ત્વ અને ચારિત્ર એમ ૯ ક્ષાયિક ભાવો છે. ॥૨/૪॥

**૨/૫ સૂત્રની અવતરણિકા :-** પૂર્વે જે **૧૮** ભેદવાળો ક્ષાયોપશમિક ભાવ ઉદ્દિષ્ટ (= સામાન્યથી કહેવાયો) હતો તે હમણાં (વિશેષથી) કહેવાય છે.

१. °मिथ्यात्वोभयसम्य° - खं. भा.। २. °काप्र° - खं.।

**सूत्रम् :- ज्ञानाज्ञान-दर्शन-दानादिलब्धयश्चतुस्त्रि-त्रि-पञ्चभेदाः यथाक्रमं सम्यक्त्व-चारित्र-संयमासंयमाश्च ॥२/५॥**

• गन्धहस्ति •

**ज्ञानाज्ञाने**त्यादि सूत्रम्। ज्ञानादीनां लब्धिपर्यन्तानां द्वन्द्वः, चतुरादीनामपि [1]पञ्चान्तानां द्वन्द्वं, पश्चाद् बहुव्रीहिः, चतुः-त्रि-त्रि-पञ्च भेदा यासां ताश्चतुस्त्रि-त्रि-पञ्चभेदाः। अत्र च यथासङ्ख्यमभिसम्बन्धो ज्ञानादीनाम्, सम्यक्त्वादीनामपि कृतद्वन्द्वानां बहुवचनेन निर्देशः, अशक्यप्रतिबन्धमन्यथा सूत्रमतो विच्छेदमकरोत् सूत्रकारः।

**ननु** च सम्यक्त्व-चारित्रयोरधिकारादेवानुवृत्तिर्भविष्यतीह सूत्रे, नार्थः शृङ्गग्रहणेनेति।

**उच्यते → 'चानुकृष्टमुत्तरत्र नानुवर्तत'** इत्यभिप्रायः। चशब्दः समुच्चितौ, ज्ञानादयो लब्ध्यन्ताः

**સૂત્રાર્થ :- જ્ઞાન, અજ્ઞાન, દર્શન, દાનાદિ લબ્ધિઓ ક્રમશઃ ૪, ૩, ૩ અને ૫ ભેદે છે તેમજ સમ્યક્ત્વ, ચારિત્ર અને સંયમાસંયમ એ ૩, આમ કુલ ૧૮ ભેદે ક્ષાયોપશમિક ભાવ છે. ॥૨/૫॥**

• *હેમગિરા* •

'**ज्ञानाज्ञान...**' ઇત્યાદિ ૨/૫ સૂત્ર છે. તેમાં '**ज्ञान**'થી માંડીને '**लब्धि**' સુધીના પદોનો દ્વન્દ્વ સમાસ કર્યો છે તથા '**चतुः**'થી માંડીને '**पञ्च**'સુધીના પદોનો પણ દ્વન્દ્વ સમાસ કર્યો છે ત્યાર પછી બહુવ્રીહિ સમાસ છે તેનો વિગ્રહ ટીકામાં સ્પષ્ટ છે, તેમાંથી જ જોઈ લેવો. વળી અહીં (= સૂત્રમાં) જ્ઞાનાદિ પદોનો '**चतुः**' આદિ પદો સાથે યથાસંખ્ય (ક્રમ મુતાબિક) સંબંધ જોડવો. તત્પશ્ચાત્ સમ્યક્ત્વાદિ ૩ પદોનો પણ દ્વન્દ્વ સમાસમાં બહુવચન વડે નિર્દેશ કર્યો છે.

**પ્રશ્ન :** જ્ઞાનાદિની સાથે સમ્યક્ત્વાદિને સળંગ એક દ્વન્દ્વ સમાસ કરી ન કહેતાં અલગ કેમ કહ્યા ?

**ઉત્તર :** બીજી કોઈ રીતથી સૂત્રની બાંધણી શક્ય નથી. આથી સૂત્રકારશ્રીએ સૂત્રમાં **चतुः** આદિ પદો જુદા જુદા કહ્યા.

**❁ 'च' કારથી ખેંચાયેલ પદની અનુવૃત્તિ આગળ ન ચાલે ❁**

**શંકા :** પૂર્વથી સમ્યક્ત્વ અને ચારિત્ર (૨-૩)નો અધિકાર ચાલતો હોવાથી અહીં પ્રસ્તુત સૂત્રમાં પણ એની અનુવૃત્તિ ચાલશે,[*]શ્રૃંગ ગ્રહણ વડે અર્થાત્ સાક્ષાત્ સમ્યક્ત્વ, ચારિત્રને કહેવા દ્વારા કોઈ પ્રયોજન નથી.

१. पञ्चानां - मु. (खं.)।

* જેમ ગાય આપમેળે આવી જાય તો તેનો માલિક તેના શીંગડાં પકડી ન ખેંચે તેમ અહીં સૂત્રમાં સાક્ષાત્ જ સમ્યક્ત્વ અને ચારિત્ર 'च'કારથી સહજતયા આવી જાય છે તો લખવા રૂપ ખેંચાણથી કોઈ પ્રયોજન નથી.

**भाष्यम् :- ज्ञानं चतुर्भेदं → मतिज्ञानं, श्रुतज्ञानं, अवधिज्ञानं, मनःपर्यायज्ञानमिति।**

● गन्धहस्ति ●

सम्यक्त्वादयश्च, क्षायोपशमिकोऽष्टादशधा।

अधुना भाष्यार्थः → **ज्ञानं चतुर्भेदमित्युद्देशभाष्यम्**, **मतिज्ञानमित्यादिनिर्देशः**, एतानि च लक्षण-विधानतः प्रथमे व्याख्यातानि, सम्प्रति तु नियममात्रं भावस्यावद्योत्यते।

अत्र च मत्यादिचतुष्टयज्ञानावरणीयकर्मणां सर्वोपघातीनि देशोपघातीनि च फड्डकानि, तत्र सर्वेषु सर्वघातिफड्डकेषु ध्वस्तेषु देशोपघातिफड्डकानां च समये समये विशुद्ध्यपेक्षं[1] भागैरनन्तैः क्षयमुपगच्छद्भिर्देशोपघातिभागैश्चोपशान्तैः[2] सम्यग्दर्शनसाहचर्याज्ज्ञानी भवति, तच्चास्य क्षयोपशमजं ज्ञानचतुष्टयमुच्यते, **इति**शब्दः क्षायोपशमिकज्ञानेयत्ताप्रतिपत्त्यर्थः।

**ભાષ્યાર્થ :- જ્ઞાન ૪ ભેદે છે → મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યાયજ્ઞાન.**

● *હેમગિરા* ●

**સમાધાન :** '**च**' કારથી ખેંચાયેલ પદ (ની અનુવૃત્તિ) આગળ ન ચાલે એવો અભિપ્રાય (= નિયમ) છે. પ્રસ્તુતમાં પણ ચોથા સૂત્રમાં '**च**' કારથી ખેંચાયેલી ત્રીજા સૂત્રની અનુવૃત્તિ ત્યાં જ અટકી જતી હોવાથી આગળ પાંચમામાં ચાલશે નહીં એમ જાણવું.

સૂત્રના છેડે રહેલ '**च**' શબ્દ સમુચ્ચય અર્થમાં લેવો, તે આ પ્રમાણે કે જ્ઞાનાદિથી માંડીને લબ્ધિ સુધીના ભાવો અને સમકિતાદિ ભાવો, એમ કુલ **૧૮** ભેદે ક્ષાયોપશમિક ભાવ જાણવો.

હમણાં ભાષ્યાર્થ સ્પષ્ટ કરાય છે. '**ज्ञानं चतुर्भेदं**' આ ઉદ્દેશ (= સામાન્ય અર્થ વાચક)વાક્ય છે. '**मतिज्ञानम्**' ઇત્યાદિ પદો નિર્દેશ (= વિશેષાર્થ વાચક) વાક્ય છે. વળી આ (મતિ આદિ ચારે) જ્ઞાનોને લક્ષણ અને ભેદ થકી પ્રથમ અધ્યાયમાં જણાવી દીધા છે. અત્યારે તો ભાવનો નિયમ જ દર્શાવાય છે. અર્થાત્ કયા ભાવમાં કયા જ્ઞાનો છે, તે વાત અહીં પ્રકાશિત કરાય છે.

વળી અહીં મતિ આદિ ચારે જ્ઞાનાવરણીય કર્મોના સર્વોપઘાતી અને દેશોપઘાતી સ્પર્ધકો હોય છે, તેમાં બધાંય સર્વઘાતી સ્પર્ધકો ધ્વંસ થયે છતે અને સમયે સમયે વિશુદ્ધિની અપેક્ષાપૂર્વક (= આત્મ વિશુદ્ધિ દ્વારા) દેશોપઘાતી સ્પર્ધકોમાંથી અનંત ભાગો વડે ક્ષય પામતાં તેમજ ઉપશાંત થયેલા એવા દેશોપઘાતી ભાગો વડે સમ્યગ્દર્શનના સાહચર્ય થકી જીવ જ્ઞાની થાય છે અને તે જ્ઞાનાદિ ચતુષ્ટય આ (= જ્ઞાની જીવ)ને ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલા કહેવાય છે.

'**मनःपर्यवज्ञानमिति**' આવું જે ભાષ્ય છે એમાં રહેલો '**इति**' શબ્દ ક્ષાયોપશમિક-જ્ઞાનની ઇયત્તા (= સંખ્યા)ના બોધ માટે છે.

१. ॰पेक्षं - मु. (खं.)। २. ॰घातिभिर्भागैः खं. भां.।

**भाष्यम् :- अज्ञानं त्रिभेदं → मत्यज्ञानं, श्रुताज्ञानं, विभङ्गज्ञानमिति।**
**दर्शनं त्रिभेदं → चक्षुर्दर्शनं, अचक्षुर्दर्शनं, अवधिदर्शनमिति।**

● गन्धहस्ति ●

**अज्ञानं त्रिभेदमित्युद्देशः**, **मत्यज्ञानादि** निर्देशः, ज्ञानमेव मिथ्यादर्शनसहचरितमज्ञानम्, कुत्सितत्वात् कार्याकरणादशीलवदपुत्रवद् वा, अज्ञानता च प्रपञ्चतः प्रथमे प्रतिपादिता, मिथ्यादृष्टेरवधिर्विभङ्ग उच्यते, भङ्गः = प्रकारः, कुत्सार्थो विरुपसर्गः, विगर्हितो भङ्गः विभङ्गः, विभङ्गं च तज्ज्ञानं च विभङ्गज्ञानम्, अत्र विभङ्गशब्देन कुत्सा गतेति न ज्ञानशब्दादौ [१]नञ्योगस्तेन विभङ्गज्ञानम्। तदेतत् त्रिविधमपि ज्ञानावरणक्षयोपशमजमवसेयम्। अज्ञानेयत्तापरिच्छेदार्थ**मिति**शब्दः।

**दर्शनं त्रिभेदमित्युद्देशः**, **चक्षुर्दर्शनमित्यादि** निर्देशः, चक्षुषा दर्शनम् = उपलब्धिः सामान्यार्थ-

**ભાષ્યાર્થ :- અજ્ઞાન ૩ ભેદે છે → મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, વિભંગજ્ઞાન.**
**દર્શન ૩ ભેદે છે → ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન.**

● *હેમગિરા* ●

### ❖ અજ્ઞાન = કુત્સિતજ્ઞાન ❖

**'अज्ञानं त्रिभेदं'** એ ઉદ્દેશવાક્ય છે. **'मत्यज्ञान'** વગેરે નિર્દેશ વાક્ય છે. મિથ્યાદર્શનથી સહચરિત થયેલું મતિ આદિ જ્ઞાન જ અજ્ઞાન છે કેમકે તે કુત્સિત છે. જેમ કુત્સિત (= ખરાબ) શીલ અશીલ કહેવાય છે તેમ મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન એ પણ અજ્ઞાન કહેવાય છે. અથવા (વિરતિ કે મુક્તિ રૂપ) કાર્યને નહીં કરતું હોવાથી મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન એ અજ્ઞાન કહેવાય છે, જેમ પુત્રને અનુરૂપ (માતા-પિતાની સેવા વગેરે) કાર્ય નહીં કરતો હોવાથી પુત્ર અપુત્ર કહેવાય છે.

તથા અજ્ઞાનતા (કેવા પ્રકારની હોય છે તે) અમારા વડે પ્રથમ અધ્યાય (= પ્રથમ ભાગની સૂત્ર **૧/૩૨**ની ટીકા પૃ. **૨૭૨**)માં સવિસ્તાર બતાવાઈ છે. મિથ્યાદૃષ્ટિનું અવધિજ્ઞાન તે વિભંગજ્ઞાન કહેવાય. (હવે વિભંગજ્ઞાનની વ્યાખ્યા ખોલે છે.) ભંગ એટલે પ્રકાર, 'વિ' ઉપસર્ગ એ કુત્સિત અર્થમાં છે અર્થાત્ વિગર્હિત ભંગ તે વિભંગ કહેવાય. વિભંગ એવું જે જ્ઞાન તે વિભંગજ્ઞાન. અહીં કુત્સાનો અર્થ 'વિભંગ' શબ્દથી જ જ્ઞાત છે તેથી 'જ્ઞાન' શબ્દની આગળ (કુત્સિત અર્થમાં) 'ન' કાર = 'અ' જોડવાની જરૂર નથી, (અર્થાત્ વિભંગજ્ઞાનના બદલે વિભંગઅજ્ઞાન લખવાની જરૂર નથી) તેથી વિભંગજ્ઞાન એ પ્રમાણે લખ્યું છે. તથા આ (મત્યજ્ઞાનાદિ) ત્રણે પણ જ્ઞાનાવરણના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલા જાણવા. **'इति'** શબ્દ અજ્ઞાનોની સંખ્યા જણાવવા માટે છે.

### ❖ ત્રણ દર્શનનું સ્વરૂપ ❖

**'दर्शनं त्रिभेदं'** આ ઉદ્દેશવાક્ય છે. **चक्षुर्दर्शनं** વગેરે નિર્દેશવાક્ય છે.

१. नञ्प्रयोग॰ खं. भां. ग।

**भाष्यम् :- लब्धयः पञ्चविधाः → दानलब्धिः, लाभलब्धिः, भोगलब्धिः, उपभोगलब्धिः वीर्यलब्धिरिति।**

——————— • गन्धहस्ति • ———————

ग्रहणं स्कन्धावारोपयोगवत् तदहर्जातबालदारकनयनोपलब्धिवद् वा व्युत्पन्नस्यापि, **अचक्षुर्दर्शनं** = शेषेन्द्रियैः श्रोत्रादिभिः सामान्यार्थग्रहणम्, अवधिदृगावरणक्षयोपशमनाद् विशेषग्रहणविमुखोऽ**वधिदर्शनमि**त्युच्यते नियमतस्तु तत् सम्यग्दृष्टिस्वामिकम्, एवमेतत् त्रिविधमपि दर्शनावरणकर्मणः क्षयोपशमादुपजायत इति। [1]अत्रापि '**इति**' शब्दः क्षायोपशमिकदर्शनेयत्ताधिगमार्थः।

**लब्धयः पञ्चविधा** इत्यमुना विवरणेन यथासङ्ख्यमुपदर्शयति। **दानलब्धिरि**त्यादिना भाष्येणाऽऽदिशब्दाक्षिप्ताः प्रतिविशिष्टा एव लब्धीरुपवर्णयति, अनेकरुपत्वाल्लब्धीनाम्॥

**नन्वनन्तरसूत्रनिर्दिष्टाः** प्रतिपदमेता एव ग्रहीष्यन्ते न पुनरुपादेया इति।

---

**ભાષ્યાર્થ :- લબ્ધિ ૫ પ્રકારે છે → દાન લબ્ધિ, લાભ લબ્ધિ, ભોગ લબ્ધિ, ઉપભોગ લબ્ધિ, વીર્ય લબ્ધિ.**

——————— • *હેમગિરા* • ———————

**૧. ચક્ષુદર્શન :** ચક્ષુ વડે થતું દર્શન = ઉપલબ્ધિ અર્થાત્ સામાન્ય અર્થનું ગ્રહણ તે ચક્ષુદર્શન. જેમકે સ્કંધાવાર (= છાવણી)નો ચક્ષુથી થતો સામાન્ય બોધ અથવા જેમ તાજા જન્મેલા (= એક જ દિવસના) નાના બાળકને આંખ વડે સામાન્ય બોધ રૂપ ચક્ષુદર્શન થાય તેમ વિદ્વાન માણસને પણ આંખ વડે (નાના બાળક જેવું સામાન્ય બોધ રૂપ) ચક્ષુદર્શન થાય છે.

**૨. અચક્ષુદર્શન :** શેષ શ્રોત્રાદિ ઇન્દ્રિયો વડે થતું સામાન્ય અર્થનું ગ્રહણ તે અચક્ષુદર્શન.

**૩. અવધિદર્શન** : અવધિદર્શનાવરણના ક્ષયોપશમથી થતો વિશેષ અર્થના ગ્રહણથી વિમુખ એવો જે (સામાન્ય માત્રનો) બોધ તે અવધિદર્શન કહેવાય છે. વિશેષ એ કે તે (= અવધિદર્શન)ના સ્વામી નિયમા સમ્યગ્દષ્ટિ હોય છે. આમ આ (ચક્ષુ આદિ) ત્રણે પ્રકારના દર્શનો પણ દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થાય છે. અહીં પણ '**इति**' શબ્દ તે ક્ષાયોપશમિક દર્શનની સંખ્યાના બોધ માટે છે.

'**लब्धयः पञ्चविधा**' આ વિવરણ (= ભાષ્ય)થી લબ્ધિઓને ક્રમ મુતાબિક દર્શાવવામાં આવી છે. સૂત્રમાં રહેલ '**दानादि**' પદના '**आदि**' શબ્દથી અમુક ચોક્કસ જ લબ્ધિઓને કહેવાની છે. તે '**दानलब्धि**'... ઇત્યાદિ ભાષ્ય વડે વર્ણવામાં આવી છે કારણકે લબ્ધિ તો અનેક પ્રકારની છે (તે સર્વનું અહીં વર્ણન નથી કરવાનું).

---

१. अथ अपीति मु. (खं.)।

**भाष्यम् :- सम्यक्त्वं चारित्रं संयमासंयम इत्येतेऽष्टादश क्षायोपशमिका भावा भवन्तीति ॥२/५॥**

— गन्धहस्ति —

**उच्यते →** अत एव सूत्रे नोपात्ताः, प्रतिपदं विवरणे पुनर्न दोषः कश्चित्, यथा यथा सुविवृतं भवति तथा तथा विवृणोति। एताः पञ्चापि लब्धयोऽन्तरायकर्मणः[1] क्षयोपशमाद् भवन्ति, सम्यक्त्व-मनन्तानुबन्धिकषाय-दर्शनमोहक्षयोपशमादाविश्चकास्ति, चारित्रमपि दर्शनमोह-कषायद्वादशकक्षयोप-शमाज्जायते सकलविरतिलक्षणम्, संयमश्चासावसंयमश्च **संयमासंयम** = सङ्कल्पकृतात् प्राणातिपाता-न्निवृत्तिरारम्भकृतादनिवृत्तिः तथा मृषावादादिष्वपि योज्यम्।

सङ्क्षेपतो द्वादशविधः श्रावकधर्मः संयमासंयमो व्यावृत्ति-प्रवृत्तिलक्षणः। स च दर्शनमोहा-पोहादनन्तानुबन्ध्यप्रत्याख्यानकषायाष्टकक्षयोपशमाज्जायते।

**ભાષ્યાર્થ :- સમ્યક્ત્વ, ચારિત્ર અને સંયમાસંયમ આમ (કુલ મળી) ૧૮ ક્ષાયોપશમિક ભાવો હોય છે. ॥૨/૫॥**

— *હેમગિરા* —

## ❁ પુનરુક્ત દોષનો વિવરણમાં અભાવ ❁

**શંકા :** હમણાં ૨/૪ સૂત્રમાં પોતપોતાના નામ થકી કહેવાયેલી આ જ લબ્ધિઓ અહીં (૨/૫ સૂત્રના ભાષ્યમાં) ગ્રહણ કરી શકાશે. ફરીથી નામપૂર્વક કહેવાની જરૂર નથી.

**સમાધાન :** ફરીથી અહીં નથી કહેવી આથી જ સૂત્રમાં તે લાભ વગેરે પ્રત્યેક લબ્ધિઓ ગ્રહણ કરાઈ નથી. પરંતુ ભાષ્યમાં તો પોતપોતાના નામ વડે વિવરણ કરવામાં કોઈ દોષ નથી. કારણ કે જે જે રીતે વિવરણ સારું કરાયેલું અર્થાત્ સરલ થાય તે તે રીતે વિવરણકાર વિવરણ કરતાં હોય છે.

આ પાંચેય લબ્ધિઓ અંતરાયકર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થાય છે. સમ્યગ્દર્શન એ અનંતાનુબંધી કષાય અને (વિવક્ષિત) દર્શન મોહનીયના ક્ષયોપશમથી પ્રગટ થાય છે. સર્વવિરતિના લક્ષણવાળું ચારિત્ર પણ દર્શન મોહનીય તેમજ (અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનીય તથા પ્રત્યાખ્યાનીય રૂપ) ૧૨ કષાયના ક્ષયોપશમથી થાય છે. સંયમ યુક્ત અસંયમ તે સંયમાસંયમ અર્થાત્ દેશવિરતિ. (અહીં ઉભયપદ વિશેષણ કર્મધારય સમાસ છે.) સંકલ્પ વડે થતાં પ્રાણાતિપાત (= જીવવધ) થકી નિવૃત્તિ અને આરંભથી થતા પ્રાણાતિપાત થકી અનિવૃત્તિ તે સંયમાસંયમ છે. તે રીતે મૃષાવાદ વગેરે પાપોમાં પણ સંયમાસંયમને યોજવું.

સંક્ષેપથી નિવૃત્તિ અને પ્રવૃત્તિના લક્ષણવાળો ૧૨ પ્રકારનો શ્રાવક ધર્મ તે સંયમાસંયમ છે. અને તે (સંયમાસંયમ) દર્શનમોહનીયના અપોહથી (મિથ્યાત્વ અને મિશ્ર મોહનીયના સર્વથા

१. °र्मणां मु. प्रा. (खं. भां.)।

## सूत्रम् :- गति-कषाय-लिङ्ग-मिथ्यादर्शनाज्ञानासंयतासिद्धत्व-लेश्या श्चतुश्चतुस्त्र्येकैकैकैक-षड्भेदाः॥२/६॥

• गन्धहस्ति •

**इतिशब्दः** क्षायोपशमिकभेदेयत्ताप्रतिपादनार्थः। **एते**[1] इति ये प्रतिपदमुद्दिष्टाः। **अष्टादशेति**[2] विशिष्टसङ्ख्यावच्छिन्नाः। **क्षायोपशमिका** इति शेषभावव्युदासः। भवनलक्षणास्त्वेते **भावाः** प्रादुष्यन्तीति॥२/५॥

औदयिकस्त्वेकविंशतिविधान उद्दिष्टः, सोऽधुना भण्यते →

**गति-कषायेत्यादि** सूत्रम्। गत्यादीनां लेश्यान्तानां द्वन्द्वः। चतुरादीनां षडन्तानां द्वन्द्वगर्भो बहुव्रीहिः। एवमियमेकविंशतिरौदयिकभेदानामवसेया।

**ननु** च बहवोऽसङ्गृहीताः कर्मभेदाः प्राप्नुवन्त्यौदयिकाः, त्वया च परिसङ्ख्या क्रियते, दर्शनावरणे

**સૂત્રાર્થ :- ગતિ, કષાય, લિંગ, મિથ્યાદર્શન, અજ્ઞાન, અસંયતત્વ, અસિદ્ધત્વ અને લેશ્યાના (ક્રમશઃ) ૪, ૪, ૩, ૧, ૧, ૧, ૧, ૬ ભેદ છે. ॥૨/૬॥**

• *હેમગિરા* •

ઉદયાભાવથી) તેમજ અનંતાનુબંધી તથા અપ્રત્યાખ્યાન સ્વરૂપ ૮ કષાયના ક્ષયોપશમથી થાય છે. '**इति**' શબ્દ એ ક્ષાયોપશમિક ભાવના ભેદોની સંખ્યાનું પ્રતિપાદન કરવા માટે છે.

'**एते**' પદ જે ભાવો પોતપોતાના નામે ભાષ્યમાં કહેવાયા છે તેઓનું સૂચક છે. '**अष्टादश**' પદ દ્વારા ચોક્કસ (૧૮) સંખ્યા જણાવાઈ છે. '**क्षायोपशमिका**' એવું પદ શેષ (ઔદયિકાદિ) ભાવોની બાદબાકી કરનાર છે. વળી **भावाः** માં '**भू**' ધાતુ 'ભવન' અર્થમાં છે. આનો સાર એ છે કે ભવન (= ઉત્પન્ન થવાના) લક્ષણવાળા આ (૧૮ પ્રકારના) ભાવો (આત્મામાં) પ્રગટ થાય છે. આ પ્રમાણે ક્ષાયોપશમિક ભાવનું વિવરણ સમાપ્ત થયું. ॥૨/૫॥

**૨/૬ સૂત્રની અવતરણિકા :** વળી પૂર્વે જે ઔદયિક ભાવ **૨૧** પ્રકારે ઉદ્દેશ કરાયેલો (સામાન્યથી કહેવાયેલો) હતો તે હમણાં (વિશેષથી) કહેવાય છે.

'**गति-कषाय**' ઇત્યાદિ ૨/૬ સૂત્ર છે, તેમાં '**गति**'થી માંડીને '**लेश्या**' સુધીના પદોમાં દ્વન્દ્વ સમાસ કર્યો છે. તથા '**चतुः**' થી માંડીને અને '**षड्**' સુધીના પદોમાં દ્વન્દ્વ સમાસથી ગર્ભિત બહુવ્રીહિ સમાસ કર્યો છે. આ રીતે આ **૨૧** સંખ્યા ઔદયિક (ભાવોના) ભેદોની જાણવી.

### ❖ ઔદયિક ભાવની ૨૧ની સંખ્યાનો વિચાર ❖

**શંકા :** આ સૂત્રમાં નહિ સંગૃહિત એવા ઘણાં ખરા કર્મના ભેદ સ્વરૂપ ઔદયિક ભાવ પ્રાપ્ત થાય છે જ્યારે તમે તો ગણતરીપૂર્વકના સીમિત જ ભાવો ગ્રહણ કર્યા છે.

१. एतत् प्रति° मु. प्रा. (खं. भा.)। २. °शेति संख्या मु. (भा. खं.)।

तावन्निद्रादिपञ्चकं वेदनीयमुभयं मोहनीये हास्यादिषट्कं आयुश्चतुर्विधं नामकर्म सकलम्, गतिरुपात्ता केवलं तत्रत्या, गोत्रमुभयमपि, सर्वे एतयौदयिका भावाः तत् कथमेषां परिगणनेन सङ्ग्रहः ?

**उच्यते** → अज्ञानग्रहणान्निद्रादिपञ्चकमाक्षिप्तम्, यतो ज्ञान-दर्शनावरण-दर्शनमोहनीयोदयादज्ञानं भवति, गतिग्रहणाच्छेषनामभेदाः गोत्र-वेदनीयायूंषि चाक्षिप्तानि, यस्माद् गतिरायुष्क-जात्यादिनाम-गोत्र-वेदनीयानामन्यतमाभावेऽपि न सम्भाव्यते, भवधारणकारणत्वादेषां कर्मणामिति, तथा लिङ्गग्रहणाद् हास्यादिषट्कग्रहणम्, हास्यादिषट्कस्य लिङ्गोपग्रहकारकत्वात्, कषायग्रहणाद् वा हास्यादिपरिग्रहः, यस्मादेते नव नोकषायाः कषायसहवर्तित्वादुच्यन्त इति।

**ननु** च कर्मप्रकृतिभेदानां द्वाविंशत्युत्तरशतं प्रकृतिगणनया प्रसिद्धमाम्नाये, न च तत्र लेश्याः परिपठितास्तदेतत्[1] कथम् ?

**उच्यते** → वक्ष्यते नामकर्मणि मनःपर्याप्तिर्नाम, पर्याप्तिश्च करणविशेषो येन मनोयोग्यान् पुद्गला-

• હેમગિરા •

દર્શનાવરણમાં સર્વ પ્રથમ નિદ્રાદિ ૫, બન્ને વેદનીય, મોહનીયમાં હાસ્યાદિ ષટ્ક, ૪ પ્રકારના આયુષ્ય, સમગ્ર નામ કર્મ (ઔદયિક ભાવમાં ગણાય છે છતાં) તેમાં (= નામ કર્મને વિષે) એક માત્ર ગતિને ઔદયિક ભાવ તરીકે સૂત્રમાં ગ્રહણ કરાઈ છે, તથા બન્નેય ગોત્ર કર્મ, આ બધા ઔદયિક ભાવો છે, તો આ બધાનો સંગ્રહ કઈ ગણતરીથી કરશો ?

**સમાધાન :** (સંગ્રહ આ રીતે કરશું →) 'અજ્ઞાન'ના ગ્રહણથી નિદ્રાદિ પંચક ગ્રહણ કરાયું છે, કારણકે જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને દર્શન મોહનીયના ઉદયથી અજ્ઞાન પેદા થાય છે. તેમજ ગતિ નામ કર્મના ગ્રહણ કર્યાથી શેષ નામ કર્મના ભેદો અને ગોત્ર, વેદનીય, અને આયુષ્ય ગ્રહણ કરાયા છે કારણકે ગતિ એ આયુષ્યકર્મ, જાતિ વગેરે નામકર્મ, ગોત્રકર્મ અને વેદનીયકર્મમાંથી કોઈ એકના પણ અભાવમાં ન હોઈ શકે. આનું પણ કારણ આ છે કે - આ આયુષ્યાદિ અઘાતી કર્મો ભવ (ગતિ) ધારણમાં કારણ છે. તથા લિંગના ગ્રહણથી હાસ્યાદિ ષટ્કનું ગ્રહણ થાય છે કેમકે હાસ્યાદિષટ્ક લિંગના સહાયક (= વેદોદયમાં કારણ) છે અથવા કષાયના ગ્રહણ થકી હાસ્યાદિનું ગ્રહણ થાય છે. કારણકે આ નવે પણ, કષાયોના સહવર્તી હોવાથી નોકષાય કહેવાય છે.

## ❁ ઔદયિક ભાવમાં લેશ્યાનો સમાવેશ ❁

**શંકા :** (કર્મ) પ્રકૃતિઓની ગણનાથી શાસ્ત્રમાં કર્મપ્રકૃતિઓના **૧૨૨** ભેદો પ્રસિદ્ધ છે, ત્યાં લેશ્યા તો કહેવામાં આવેલ નથી, તો આ કઈ રીતે બન્યું ? (એટલે કે જો લેશ્યાઓ પણ ઔદયિક ભાવ હોય તો તેઓની ગણના કર્મપ્રકૃતિઓમાં કેમ ન કરી ?)

**સમાધાન :** આગળ ૮/૧૨ સૂત્રના ભાષ્યમાં નામકર્મના ભેદોમાં (પર્યાપ્તા નામ કર્મની

१. °तत्कथम् - मु. (रा.)।

**भाष्यम् :-** गतिश्चतुर्भेदा → नारक-तैर्यग्यौन[1]-मानुष्य-देवा इति।

• गन्धहस्ति •

**नादाय** चिन्तयति, ते च मन्यमानाः पुद्गलाः सह [2]करणेन मनोयोग उच्यते, मनोयोगपरिणामश्च लेश्याः, **ताश्च नोपात्ताः**, सूत्र-भाष्ययोरिहोत्तरोत्तरभेदत्वादिति।

**अपरे मन्यन्ते** → कर्माष्टकोदयादसिद्धत्व एव लेश्या ग्राह्याः, तदेतत् सर्वं सूत्रकारेण लाघवमिच्छता लेशत उपात्तं न साक्षात्।

अधुना भाष्यमनुस्रियते[3]→ **गतिश्चतुर्भेदा** नारकादिचतुर्विधपर्यायोत्पादनव्यपदेशकारण-समर्थं यत् कर्म तद् गतिशब्देनोच्यते, तस्य कर्मण उदयादयं निर्वर्तते भावो नारकादिः नरक-गतिनाम-कर्मोदयान्नारक इत्येवं सर्वत्र, आत्म-गतिनामकर्मणोश्चाभेदमभिसन्धार्या[4]चार्येण प्रेक्षापूर्वकारिणा नारक

**ભાષ્યાર્થ : ગતિ ૪ ભેદે છે - નારક, તિર્યંચ, મનુષ્ય, દેવ.**

• *હેમગિરા* •

વ્યાખ્યામાં) મનઃપર્યાપ્તિ નામ કર્મ બતાવવાના છીએ (આ નામકર્મ અંતર્ગત લેશ્યાને સમાવી **શકાય છે**). પર્યાપ્તિ એટલે કરણ વિશેષ, જેના વડે મનોયોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરી જીવ **ચિંતન** કરે છે. ચિંતવાતા તે પુદ્ગલો પર્યાપ્તિ રૂપ કરણ સાથે મનોયોગ કહેવાય છે અર્થાત્ કરણ અને પુદ્ગલો બંને મળીને મનોયોગ કહેવાય છે અને મનોયોગનો પરિણામ તે લેશ્યા છે. તે (= લેશ્યાઓ) નામ કર્મના ઉત્તરભેદ રૂપ ન હોવાથી **૧૨૨** કર્મપ્રકૃતિઓમાં તેઓનો સમાવેશ નથી કર્યો પણ ઉત્તરોત્તર (= પેટા) ભેદ રૂપ હોવાથી અહીં તત્ત્વાર્થ સૂત્ર અને ભાષ્યમાં તેઓનું ગ્રહણ કર્યું છે (નામકર્મમાં પર્યાપ્તિ નામકર્મ, તેમાં મનઃ પર્યાપ્તિ, તેમાં આ લેશ્યાઓ આવે).

બીજા કેટલાક એમ કહે છે કે ૮ કર્મોના ઉદયથી થતાં અસિદ્ધત્વમાં જ લેશ્યાઓ ગ્રહણ કરવી. તેથી લાઘવને ઇચ્છતા સૂત્રકાર વડે આ સર્વ કર્મો (ઔદયિક ભાવમાં) સંક્ષેપથી ગ્રહણ કરાયા છે પણ સાક્ષાત્ ગ્રહણ કરાયા નથી.

અત્યારે ('**गतिश्चर्तुभेदा**' ઇત્યાદિ) ભાષ્યને અનુસરાય છે. (અર્થાત્ ભાષ્યની વ્યાખ્યા કરાય છે.)

**ગતિ ૪ પ્રકારે છે** → નારકાદિ ૪ પ્રકારના પર્યાયોની ઉત્પત્તિના વ્યવહાર કરાવવામાં સમર્થ જે કર્મ છે તે '**ગતિ**' શબ્દથી કહેવાય છે અને તે ગતિ (નામ) કર્મના ઉદયથી (જીવના) આ નારકાદિ ભાવ નિર્માણ પામે છે, તે આ પ્રમાણે કે નરકગતિ નામકર્મના ઉદયથી 'નારક' ભાવ બને છે. આ જ રીતે સર્વત્ર સમજી લેવું.

વળી ઔદયિક ભાવને જીવના સ્વતત્ત્વ તરીકે પ્રતિપાદન કરવા માટે ભાષ્યમાં આત્મા

१. तिर्यक्यौन - प्रा. ख। २. करणात् (लु)। ३. °स्रियते खं. रा. ख। ४. °सन्धाया° - मु. (खं. भा.)।

**भाष्यम् :- कषायश्चतुर्भेदः → क्रोधी, मानी, मायी, लोभीति। लिङ्गं त्रिभेदं → स्त्री, पुमान्, नपुंसकमिति।**

**• गन्धहस्ति •**

इति निरदेशि, न तु नरकगतिमात्रमौदयिकस्य जीवस्वतत्त्वप्रतिपादनार्थम्, इतिशब्दः सर्वभेदान्तेष्विय-त्ताप्रदर्शनार्थः।

(**कषायश्चतुर्भेदः →**) कषः = संसारस्तस्यायः[1] = उपादानकारणविशेषः **कषायः**। स चतुर्धा क्रोधादिस्तदुदयात् क्रोध्यादिव्यपदेशः। अत्रापि जीवस्वतत्त्वप्रतिपत्तये क्रोधीति व्यपादेशि न क्रोध इति।

**लिङ्गं त्रिभेदं →** स्त्रीत्वादि, तच्च लीनत्वाल्लिङ्गमुच्यते, यस्मात् पुरुषलिङ्गनिर्वृत्ता-वति प्रकटायामपि कदाचित् स्त्रीलिङ्गमुदेति न च स्पष्टं बहिरुपलभ्यते नपुंसकलिङ्गं वा, तथा स्त्रियाः स्वलिङ्गनिर्वृत्तावतिस्पष्टायामेव जातुचित् पुन्नपुंसकलिङ्गोदयः, नपुंसकस्याप्येवं

**ભાષ્યાર્થ :- કષાય ૪ ભેદે છે → ક્રોધી, માની, માયી, લોભી. લિંગ ૩ ભેદે છે→ સ્ત્રી, પુરુષ, નપુંસક.**

***• હેમગિરા •***

અને ગતિનામકર્મનો અભેદ સંબંધ ધારીને ચતુર એવા આચાર્યશ્રી વડે '**नारक**' એવું પદ નિર્દેશ કરાયું છે, પણ માત્ર નરકગતિ નહીં. નારક વગેરે સર્વે ભેદોના અંતમાં રહેલ '**इति**' શબ્દ તે ગતિના ભેદોની સંખ્યા દર્શાવવા માટે છે. (અહીં કષાય વગેરે ભેદોના અંતમાં રહેલ જે '**इति**' શબ્દ છે, તેમાં પણ આ જ અર્થ સમજવો.)

**કષાય ૪ ભેદે છે →** કષ એટલે સંસાર. તેનો આય એટલે લાભ. તે જેનાથી થાય તે કષાય અર્થાત્ સંસારનું વિશિષ્ટ ઉપાદાન કારણ વિશેષ. તે કષાય ક્રોધાદિ ૪ પ્રકારે છે. આ ક્રોધ આદિના ઉદયને લીધે 'ક્રોધી' ઇત્યાદિ વ્યપદેશ (જીવમાં) થાય છે. અહીં પણ (ઉપરની જેમ) આચાર્યશ્રી વડે ક્રોધાદિને જીવના સ્વતત્ત્વ રૂપે જણાવવા માટે 'ક્રોધ' ન કહેતા 'ક્રોધી' એવો વ્યપદેશ કરાયો છે.

**સ્ત્રીવેદ આદિ ૩ પ્રકારે લિંગ છે →**卐તે ગુપ્ત હોવાથી લિંગ કહેવાય છે કારણકે પુરુષને જ્યારે અતિ પ્રગટપણે પુરુષલિંગની નિર્વૃત્તિ (= રચના) હોય ત્યારે પણ ક્યારેક સ્ત્રીલિંગ અથવા નપુંસકલિંગનો ઉદય થાય છે, પણ તે લિંગ બહાર સ્પષ્ટ રીતે જણાતું નથી. તે જ રીતે સ્ત્રીને પણ જ્યારે અતિસ્પષ્ટ જ સ્વલિંગની રચના હોય ત્યારે પણ ક્યારેક પુરુષલિંગ કે નપુંસકલિંગનો ઉદય થાય છે. નપુંસકને પણ આ રીતે જ્યારે સ્વલિંગની નિર્વૃત્તિ હોય ત્યારે ક્યારેક ઉત્તરકાળમાં

१. °स्यायमुपा° मु. (भां.)। 卐'लीनगमयतीति लिङ्गम्' આ વ્યુત્પત્તિના આધારે ગુપ્ત વસ્તુ - પરોક્ષને જે દર્શાવે તેવી પ્રગટ વસ્તુ 'लिंग' કહેવાય છે. પ્રસ્તુતમાં વ્યુત્પત્તિ બદલીને 'જે સ્વયં લીન છે / ગુપ્ત છે' તે લિંગ એમ અર્થ કર્યો છે કારણ અંતરમાં રહેલી સ્ત્રીવેદાદિની વૃત્તિઓ અવ્યક્ત હોય છે.

**भाष्यम् :- मिथ्यादर्शनमेकभेदं, मिथ्यादृष्टिरिति। अज्ञानमेकभेदं, अज्ञानीति।**

**गन्धहस्ति**

स्वलिङ्गनिर्वृत्तावुत्तरकालभाविनी कदाचित् पुं-स्त्रीलिङ्गे भवतो न च निर्वृत्तितो लक्ष्यते[१], (लक्ष्येते?) **कपिल**वदिति सर्वत्र योज्यम्।

एतदेव त्रिविधं लिङ्गं वेद उच्यते, यस्य कर्मण उदयात् पौंस्नं स्त्रैणं नपुंसकत्वं च भवति तल्लिङ्गम्, अत्राप्यभेदेन निर्देशः **पुमान्, स्त्री, नपुंसकमिति**।

**मिथ्यादर्शनमेकभेदं** → तत्त्वार्थाऽश्रद्धानलक्षणम्, यस्य कर्मण उदयान्न किञ्चित् तत्त्वं श्रद्धते तन्मिथ्यादर्शनम्॥

ननु च अभिगृहीतानभिगृहीत-सन्देहतस्त्रिधोक्तम्, **उच्यते** → सर्वत्राश्रद्धानलक्षणं न भिद्यत इत्येकभेदमुक्तम् अत्राप्यभेदोपचारात् मिथ्यादृष्टिरिति।

**अज्ञानमेकभेदं** → ज्ञान-दर्शनावरण-सर्वघातिदर्शनमोहनीयोदयादज्ञानमनवबोधस्वभावमेक-

**ભાષ્યાર્થ :- મિથ્યાદર્શન ૧ ભેદવાળું છે → મિથ્યાદષ્ટિ. અજ્ઞાન ૧ ભેદવાળું છે → અજ્ઞાની.**

*હેમગિરા*

થનારા પુલ્લિંગ અને સ્ત્રીલિંગ (ઉદયમાં) હોય છે, પણ નિર્વૃત્તિ (= રચના) થકી ઓળખી શકાતા નથી, જેમકે ${}^{\text{फ}}$**'કપિલ'**ને. આ રીતે સર્વત્ર જોડી લેવું. આ જ ત્રિવિધ લિંગને 'વેદ' કહેવાય છે. જે કર્મના ઉદયથી પુરુષપણું, સ્ત્રીપણું અને નપુંસકપણું થાય છે તે 'લિંગ' છે. અહીં પણ વેદ અને વેદવાન્‌નો અભેદ હોવાથી (= પૂર્વની જેમ આત્મા સાથે વેદોનો અભેદ સંબંધ ધારી જીવના સ્વતત્ત્વ તરીકે વેદોને જણાવવા માટે પૌંસ્નં, સ્ત્રૈણં, નપુંસકત્વં એમ ન કહેતાં) પુમાન્, સ્ત્રી, નપુંસક એમ નિર્દેશ કર્યો છે.

**મિથ્યાદર્શન એક ભેદે છ →** તત્ત્વાર્થની અશ્રદ્ધારૂપ આ મિથ્યાદર્શન એક ભેદવાળું છે. જે કર્મના ઉદયથી તત્ત્વ અંગે થોડી પણ શ્રદ્ધા જીવને ન થાય તે મિથ્યાદર્શન છે.

**શંકા :** આ મિથ્યાદર્શન તો અભિગૃહીત, અનભિગૃહીત અને સંદેહ એમ ૩ ભેદે (પ્રથમ અધ્યાયમાં સૂત્ર - **૩૨** પૃ. - **૨૭૩**માં) કહેવાયું છે. (તો તમે એક જ ભેદવાળું કેમ કહ્યું ?)

**સમાધાન :** સર્વત્ર (= ત્રણેમાં) અશ્રદ્ધાન સ્વરૂપ લક્ષણ એક સરખું જ છે, ભિન્ન નથી. એથી મિથ્યાદર્શન ૧ પ્રકારવાળું કહેવાયું છે. અહીં પણ મિથ્યાત્વ અને મિથ્યાત્વીનો અભેદ ઉપચાર થકી (પૂર્વની જેમ આત્માની સાથે આ મિથ્યાદર્શનનો અભેદ સંબંધ ધારી જીવના સ્વતત્ત્વ તરીકે પ્રતિપાદન કરવા માટે મિથ્યાદર્શન એમ ન કહેતાં) મિથ્યાદષ્ટિ એ પ્રમાણે કહેલ છે.

१. लक्ष्येत - खं। फ कपिलनुं दृष्टांत निशिथ ग्रंथनी पीठिकामां उपलब्ध छे.

**भाष्यम् :- असंयतत्वमेकभेदं, असंयतोऽविरत इति। असिद्धत्वमेकभेदं, असिद्ध इति। एकभेदमेकविधमिति।**

• गन्धहस्ति •

रूपम्, तथैवाभेदमाधाय मनसि व्यपादिशद् **अज्ञानीति**।

**असंयतत्वमेकभेदं** → सञ्ज्वलनवर्जकषायद्वादशकोदयादसंयतत्वमेकरूपम्, अत्राप्यभेदेन निर्देशः पर्यायतश्च **असंयतः अविरत इति**।

**असिद्धत्वमेकभेदं** → वेदनीयायुर्नाम-गोत्रोदयादसिद्धत्वमेकरूपम्, तथैवाभेदादसिद्ध इति प्रदर्शितम्। **एकभेद**मित्यस्य पर्यायान्तरं कथयति पर्यन्ते सर्वत्र सम्बन्धनार्थम् → **एकविधमि**ति, व्याख्याधर्मश्चायं पर्यायान्तरकथनमिति।

**लेश्याः षड्भेदाः**। लिश्यन्त इति लेश्याः, मनोयोगावष्टम्भजनितपरिणामः, आत्मना सह

**ભાષ્યાર્થ :- અસંયતપણું ૧ ભેદવાળું છે. અસંયત અર્થાત્ અવિરત. અસિદ્ધત્વ ૧ ભેદવાળું છે → અસિદ્ધ. ૧ ભેદ એટલે એકવિધ એક પ્રકાર સમજવો.**

• *હેમગિરા* •

**અજ્ઞાન ૧ ભેદવાળું છે :-** જ્ઞાનાવરણ, દર્શનાવરણ તથા સર્વઘાતી એવા દર્શન મોહનીયના ઉદયથી નહિ બોધ પામવાના સ્વભાવવાળું એવું અજ્ઞાન ૧ પ્રકારે છે. અહીં પણ તે રીતે જ (= પૂર્વની જેમ) ભાષ્યકારશ્રીએ મનમાં અજ્ઞાન અને અજ્ઞાનીનો અભેદ (સંબંધ) ધારીને ('અજ્ઞાન' એમ ન કહેતાં) 'અજ્ઞાની' એમ વિધાન કર્યું છે.

**અસંયતત્ત્વ ૧ પ્રકારે છે :-** સંજ્વલન કષાય સિવાયના અનંતાનુબંધી આદિ **૧૨** કષાયના ઉદયથી ઉત્પન્ન થનારું અસંયતત્વ એક પ્રકારે છે. અહીં પણ અસંયતત્વ અને અસંયતનો અભેદ હોવાથી (આત્મા સાથે અસંયતત્વનો અભેદ સંબંધ ધારી) 'અસંયત' એવો નિર્દેશ કર્યો છે. તથા પર્યાયવાચી શબ્દ 'અવિરત' એ પ્રમાણે ભાષ્યમાં કહ્યું છે.

**અસિદ્ધત્વ ૧ પ્રકારે છે :-** વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્રના ઉદયથી ઉત્પન્ન થનાર અસિદ્ધત્વ એક પ્રકારે છે. અહીં પણ તે રીતે જ અસિદ્ધત્વ અને અસિદ્ધનો અભેદ સંબંધ ધારી આચાર્યશ્રી વડે 'અસિદ્ધ' એમ કહેવાયું છે.

ભાષ્યમાં મિથ્યાદર્શનાદિ પદોને અંતે જે '**एकभेदं**' પદ છે એના '**एकविधं**'= એક પ્રકારનું એવા પર્યાયવાચી પદને ભાષ્યકારશ્રી અંતમાં કહે છે કેમકે તેનો સર્વત્ર (મિથ્યાદર્શનાદિમાં) સંબંધ કરવાનો છે અને આ રીતે પર્યાયાંતરનું કથન કરવું એ વ્યાખ્યાનો ધર્મ છે અર્થાત્ વ્યાખ્યા કરવાની પદ્ધતિ છે.

**લેશ્યા છ ભેદે છે** → જે ચોંટે તે લેશ્યા અર્થાત્ મનોયોગની સહાયથી ઉત્પન્ન થયેલ

**भाष्यम् :- लेश्याः षड्भेदाः → कृष्णलेश्या, नीललेश्या, कापोतलेश्या, तेजोलेश्या, पद्मलेश्या, शुक्ललेश्येति। एते एकविंशतिरौदयिकभावा भवन्ति॥२/६॥**

• गन्धहस्ति •

लिश्यते एकीभवतीत्यर्थः। अनेकत्वेऽपि परिणामस्य परिस्थूरकतिपयभेदकथनमेव सुज्ञानत्वात् क्रियते, न त्वशेषपरिणामभेदाख्यानमशक्यत्वात्, इत्याह → **षड्भेदा** इति। सम्प्रति तारतम्यविशुद्धिक्रममाविर्भावयन् पठति→ **कृष्णलेश्येत्यादि**। कृष्णा चासौ लेश्या[1] च कृष्णलेश्या सर्वत्रैवमायोज्यम्।

लेश्येति परिणाम उक्तः स कथं कृष्णादिवर्णसम्बन्धी स्यादात्मनः? **उच्यते** → द्विविधा लेश्या द्रव्यभावभेदतः। तत्र द्रव्यलेश्याः कृष्णादिवर्णमात्रम्, भावलेश्यास्तु कृष्णादिवर्ण[2]द्रव्यावष्टम्भजनिता परिणामाः[3] कर्मबन्धस्थितेर्विधातारः[4], श्लेषद्रव्यवद् वर्णकस्य चित्राद्यर्पितस्येति, तत्राविशुद्धोत्पन्न[5]

**ભાષ્યાર્થ :- લેશ્યા ૬ પ્રકારે છે → કૃષ્ણલેશ્યા, નીલ લેશ્યા, કાપોતલેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યા, શુક્લલેશ્યા. આ પ્રમાણે આ ૨૧ ઔદયિક ભાવો હોય છે ॥૨/૬॥**

• *હેમગિરા* •

પરિણામ જે આત્મા સાથે ચોંટે છે, અર્થાત્ એકમેક થાય છે તે લેશ્યા. પરિણામ (= લેશ્યા) અનેક પ્રકારે હોવા છતાંય સુખેથી જાણી શકાય તેથી સ્થૂલ કેટલાક (પરિણામોના) ભેદનું કથન જ અહીં કરાય છે, પણ સર્વ (અનંત) પરિણામોના ભેદનું કથન નથી કરાતું કારણકે તે કરવું અશક્ય છે. એથી (ભાષ્યમાં સ્થૂલ રીતે ભેદોને જણાવવા માટે) '**षड्भेदाः**' એવા પદને ભાષ્યકારશ્રી કહે છે. હમણાં તરતમતાવાળી વિશુદ્ધિના ક્રમને પ્રગટ કરતાં ભાષ્યકારશ્રી **कृष्णलेश्या**... ઇત્યાદિ ભાષ્યને કહે છે. કૃષ્ણ એવી જે લેશ્યા તે કૃષ્ણ લેશ્યા. આ રીતે (આ વિગ્રહ) સર્વત્ર (નીલલેશ્યાદિ સર્વ પદોમાં) યોજી લેવું.

## ❖ લેશ્યાની પરિભાષા ❖

**શંકા :** લેશ્યા એટલે પરિણામ એ પ્રમાણે કહેવાયું છે, તો તે આત્માનો પરિણામ કૃષ્ણ વગેરે વર્ણ સંબંધી = આશ્રિત શી રીતે હોઈ શકે ? (આત્મા તો અરૂપી છે)

**સમાધાન :** લેશ્યા ૨ પ્રકારે છે → દ્રવ્યલેશ્યા અને ભાવલેશ્યા. ત્યાં દ્રવ્યલેશ્યા એ માત્ર કૃષ્ણાદિ વર્ણ રૂપ છે જયારે ભાવલેશ્યા તો કૃષ્ણ વગેરે વર્ણવાળા દ્રવ્યોને સહારે ઉત્પન્ન થયેલી કર્મબંધની સ્થિતિને કરનારા એવા પરિણામ સ્વરૂપ છે. ચિત્ર વગેરેમાં કરાયેલા રંગના શ્લેષ (= ચિકાશવાળા) દ્રવ્ય જેવી ભાવલેશ્યા જાણવી (એટલે કર્મ એ રંગ સરખા છે જયારે એ રંગની અંદર રહેલ શ્લેષદ્રવ્ય જેવી છે એમ જાણવું).

१. लेश्या कृष्णलेश्या - मु. (खं. भा.)। २. °दिद्रव्या° - भां.। ३. °परिणामकर्म° - मु. (खं. भा.)।
४. °बन्धन° - मु. (खं. भा.)। ५. °द्धोत्पन्नमेव - मु. (खं. भा.)।

• गन्धहस्ति •

एव कृष्णवर्णस्तत्सम्बद्धद्रव्यावष्टम्भादविशुद्धपरिणाम उपजायमानः **कृष्णलेश्येति** व्यपदिश्यते। आगमश्चायं → *'*जल्लेस्साइं दव्वाइं आदिअति तल्लेस्से परिणामे भवति*' (प्रज्ञा. लेश्यापदे)।

तथा नीलवर्णद्रव्यावष्टम्भान्**नीललेश्या**, नील-लोहितवर्णद्वययोगिद्रव्यावष्टम्भात् **कापोतलेश्या**, लोहितवर्णद्रव्यावष्टम्भात् **तेजोलेश्या**, पीतवर्णद्रव्यावष्टम्भात् [3]**पद्मलेश्या**, शुक्लवर्णद्रव्यावष्टम्भात् **शुक्ललेश्या**, वर्णाशुद्ध्यपेक्ष्या भावाशुद्धिः तच्छुद्ध्यपेक्ष्या भावविशुद्धिरिति। तेजोलेश्यायाः शुभपरिणामापेक्षा इष्टा इष्टतरा इष्टतमा चेति। कापोतलेश्यायाः प्रातिलोम्येनानिष्टपरिणामापेक्षा अनिष्टा अनिष्टतरा अनिष्टतमा चेति। आसां च षण्णामपि लेश्यानां जम्बूवृक्षफलभक्षकपुरुषषट्कदृष्टान्ते-

• હેમગિરા •

ત્યાં (= ૬ લેશ્યાઓમાં) અવિશુદ્ધ ઉત્પન્ન થયેલો જ જે કૃષ્ણવર્ણ છે, તે કૃષ્ણવર્ણથી યુકત પુદ્ગલ દ્રવ્ય (= દ્રવ્યલેશ્યા)ના સહારે ઉત્પન્ન થતો જે અવિશુદ્ધ પરિણામ છે તે 'કૃષ્ણ લેશ્યા' (= ભાવલેશ્યા) આ પ્રમાણે કહેવાય છે. અને (આ વાતને પુષ્ટ કરનાર) આગમ પાઠ આ છે → *''જે લેશ્યાવાળા દ્રવ્યોને આત્મા ગ્રહણ કરે (તે દ્રવ્યોના આધારે) તેવા તેવા પરિણામો (સ્વરૂપ ભાવલેશ્યા) જીવમાં ઉત્પન્ન થાય છે.'' (શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં લેશ્યા પદ.)*

(આમ આત્મા અરૂપી હોવા છતાંય કૃષ્ણાદિ વર્ણવાળા પુદ્ગલથી જન્ય અવિશુદ્ધ પરિણામ રૂપ કૃષ્ણ આદિ લેશ્યાને આત્માના કૃષ્ણાદિ વર્ણ સંબંધી પરિણામ રૂપે કહી શકાય.) તે રીતે નીલવર્ણવાળા દ્રવ્યના સહારે નીલલેશ્યા(ના પરિણામ) થાય છે. નીલ અને લાલ આ બંને વર્ણથી મિશ્રિત દ્રવ્યના સહારે કાપોતલેશ્યા થાય છે. લાલ વર્ણવાળા દ્રવ્યના સહાયથી તેજોલેશ્યા બને. પીળા વર્ણવાળા દ્રવ્યના લીધે પદ્મલેશ્યા બને. શુકલવર્ણવાળા દ્રવ્યના કારણે શુકલલેશ્યા બને. (આમ સહાયક વર્ણવાળા દ્રવ્યને દ્રવ્યલેશ્યા અને વર્ણયુકત દ્રવ્ય જનિત પરિણામને ભાવલેશ્યા સમજવી.)

## ❖ જેવી લેશ્યા તેવા ભાવ ❖

વર્ણની અશુદ્ધિની અપેક્ષાએ ભાવમાં અશુદ્ધિ થાય તથા વર્ણની શુદ્ધિની અપેક્ષાએ ભાવમાં શુદ્ધિ થાય તેમ જાણવું. તેજોલેશ્યાથી માંડીને ક્રમશઃ શુભ પરિણામોની અપેક્ષાવાળી ૩ (તેજો-પદ્મ-શુકલ) લેશ્યાઓ ઇષ્ટ, ઇષ્ટતર અને ઇષ્ટતમ હોય છે. અર્થાત્ આ ત્રણે લેશ્યા શુભ છે. કાપોતલેશ્યાથી માંડીને ઉંધા ક્રમ વડે અનિષ્ટ પરિણામની અપેક્ષાવાળી ૩ લેશ્યાઓ (કાપોત-નીલ-કૃષ્ણ) અનિષ્ટ, અનિષ્ટતર અને અનિષ્ટતમ હોય છે. વળી આ ૬ એ પણ લેશ્યાઓની પ્રસિદ્ધિ = સમજૂતી આગમ-પ્રસિદ્ધ જંબૂવૃક્ષના ફળ ભક્ષક ૬ પુરુષોના દ્રષ્ટાંતથી તથા ગ્રામ

१. °सम्बन्धिद्रव्या° खं.। २. आदिअंति - मु. (खं. भा.)। ३. पीतलेश्या - मु. (खं. भां.)।
४. °फलभक्षदृष्टा° - मु. (खं. भां.)। ★ यल्लेश्यानि द्रव्याण्याददते तल्लेश्यः परिणामो भवति।

**सूत्रम् :- जीव-भव्याभव्यत्वादीनि च ॥२/७॥**

**भाष्यम् :- जीवत्वं, भव्यत्वं, अभव्यत्वमित्येते त्रयः पारिणामिका भावा भवन्ति।**

**• गन्धहस्ति •**

नागमप्रसिद्धेन ग्रामदाहकपुरुषषट्केन च प्रसिद्धिरापाद्या, एवं सर्वान् भेदानाख्यायोपसंहरति **एत इत्यादिना भाष्येण**। एकविंशतिरेवान्यूनाधिका भावाः कर्मोदयापेक्षाः प्रादुर्भवन्तीति।२/६॥

**पारिणामिकस्त्रिभेद** उद्दिष्टः, स उच्यते →

**जीव-भव्याभव्यात्वादीनि च (इति सूत्रम्)**। अत्र भावे [1]त्वप्रत्ययः प्रत्येकमभिसम्बध्यत इति प्रदर्शयन्नाह → **जीवत्वमित्यादि**। जीवभावो जीवत्वं स्वार्थिको भावप्रत्ययः। जीव एव जीवत्वम-सङ्ख्येयप्रदेशा[2] चेतनेति, भव्या सिद्धिर्यस्यासौ भव्यः, उत्तरपदलोपाद् भीमादिवत्, भव्य एव **भव्यत्वम्**, अभव्यः सिद्धिगमनायोग्यः कदाचिदपि यो न सेत्स्यति, अभव्य एव चा**भव्यत्वम्**[3]॥

**સૂત્રાર્થ :- વળી જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ વગેરે ભેદવાળો પારિણામિક ભાવ છે. ॥૨/૭॥**

**ભાષ્યાર્થ :- જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વ એમ આ ૩ પારિણામિક ભાવો હોય છે.**

**• *હેમગિરા* •**

દાહક ૬ પુરુષો (ચોરો)ના દૃષ્ટાંતથી પ્રતિપાદન કરવી. આ પ્રમાણે (ઔદયિક ભાવોના) સર્વ ભેદોને કહીને 'एते...' ઇત્યાદિ ભાષ્ય દ્વારા ઉપસંહાર કરે છે કે - કર્મોદયની અપેક્ષાવાળા ૨૧ જ (ઔદયિક) ભાવો પ્રગટ થાય છે, ઓછા કે અધિક નહિ. ॥૨/૬॥

**૨/૭ સૂત્રની અવતરણિકા** : પારિણામિક ભાવ એ ૩ ભેદે ઉદ્દેશ કરાયેલો = સામાન્યથી કહેવાયેલો છે તે નિર્દેશ કરાય = વિશેષથી કહેવાય છે.

**'जीव-भव्याभव्यत्वादीनि च'** એ સૂત્ર છે, અહીં (સૂત્રમાં) 'त्व' પ્રત્યય એ ભાવ અર્થમાં છે અને આ ભાવ પ્રત્યય દરેક સાથે જોડાય છે એ પ્રમાણે દેખાડતા ભાષ્યકારશ્રી **'जीवत्वं...'** ઇત્યાદિ ભાષ્ય કહે છે.

**જીવત્વ** → જીવરૂપ ભાવ તે જીવત્વ. અહીં ('जीवत्व' પદમાં રહેલો) ભાવ પ્રત્યય **'त्व'** સ્વાર્થમાં કર્યો છે એટલે (અર્થ એમ કરવો કે) જીવ એ જ જીવત્વ છે, જે અસંખ્યેય પ્રદેશાત્મક ચેતના રૂપ છે.

**ભવ્યત્વ** → સિદ્ધિ થવાની છે જેની એ (સિદ્ધિગમનને યોગ્ય) 'ભવ્ય' કહેવાય. ઉત્તરપદના લોપ થકી જેમ 'ભીમસેન'ની જગ્યાએ 'ભીમ' પ્રયોગ થાય છે તેમ અહીં સૂત્રમાં 'ભવ્યસિદ્ધિ'ની જગ્યાએ 'ભવ્ય' પ્રયોગ કર્યો છે. ભવ્ય એ જ ભવ્યત્વ. (અહીં પણ 'त्व' પ્રત્યય પૂર્વની જેમ

१. भावप्रत्ययः - भां. खं.। २. प्रदेशाः - मु (ख.)। ३. एवाभव्यत्वम् मु. (खं. भा.)।

**भाष्यम् :- आदिग्रहणं किमर्थमित्यत्रोच्यते।**

**• गन्धहस्ति •**

**ननु** वन्ध्यापुत्रोऽप्येवमभव्यः स्यात्, **नैतत्**, कुतः ? तुल्याधिकरणेऽन्यस्मिन् नञ्प्रयोगादब्राह्मणवत्। एतेनाकाशाभव्यत्वं प्रत्यस्तम्, इतिशब्दो व्यवच्छिनत्ति, भावत्रयमप्यसाधारण्येन जीवस्य। **एते त्रयः पारिणामिका भावा भवन्तीत्यनेन** भाष्येणैतत् प्रतिपादयति → न कर्मकृताः, स्वाभाविका एते जीवस्य त्रयोऽपि भवन्ति। **आदिग्रहणं किमर्थमिति** प्रश्नयतः[1] कोऽभिप्रायः ? एवं मन्यते → **द्वि-नवाष्टादिसूत्रेण** (अ. २ सू. २) त्रिपञ्चाशद् भावभेदा नियताः तद्यदि सन्त्यन्येऽपि ततश्चानियतः सङ्ख्याभेदः, तथा चानर्थकं सूत्रम्, अथ तावन्मात्रा एव न सन्त्यन्ये ततोऽनर्थकमादिग्रहणमतः पृच्छति।

**ભાષ્યાર્થ :- (સૂત્રમાં) 'आदि' પદનું ગ્રહણ શા માટે ? એ પ્રમાણેના પ્રશ્નનો ઉત્તર અહીં કહેવાય છે.**

**• *હેમગિરા* •**

સ્વાર્થમાં સમજી લેવો.)

**અભવ્યત્વ →** જે સિદ્ધિગમનને અયોગ્ય છે અર્થાત્ જે (જીવ) ક્યારે પણ સિદ્ધિ પામવાનો જ નથી તે અભવ્ય કહેવાય. અભવ્ય એ જ અભવ્યત્વ. (અહીં પણ '**त्व**' પ્રત્યય પૂર્વવત્ સ્વાર્થિક છે.)

### ❖ ... તો વંધ્યાપુત્ર 'અભવ્ય' ન કહેવાય ? ❖

**શંકા :** આ પ્રમાણે તો વંધ્યાપુત્ર પણ અભવ્ય કહેવાશે, કારણકે આ (વંધ્યાપુત્ર)નો પણ ક્યારેય મોક્ષ નથી થતો.

**સમાધાન :** આ ન કહી શકાય.

**શંકા :** શાથી ન કહી શકાય ?

**સમાધાન :** અબ્રાહ્મણની જેમ પ્રસ્તુતમાં **नञ्** પ્રયોગ (= નિષેધ) અન્ય એવા તુલ્ય અધિકરણમાં કર્યો હોવાથી 'અભવ્યત્વ' કહેવા દ્વારા ભવ્ય સિવાયના જીવનું ગ્રહણ થાય પણ 'અસત્ એવા વંધ્યાપુત્ર'નું નહિ. આમ કહેવા દ્વારા આકાશનું અભવ્યત્વ પણ ખંડિત થયું.

ભાષ્યનો '**इति**' શબ્દ એ વ્યવચ્છેદ (= બાદબાકી) કરે છે, તે આ પ્રમાણે કે જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વ એ ત્રણેય ભાવો અસાધારણપણા વડે જીવના છે, જીવ સિવાય અન્ય કોઈના નથી. **एते त्रयः...** એવા આ ભાષ્ય વડે આ પ્રતિપાદન કરે છે કે આ ત્રણેય ભાવો જીવના સ્વાભાવિક છે, કર્મકૃત નથી.

**પ્રશ્ન :** સૂત્રમાં '**आदि**' પદનું ગ્રહણ શા માટે છે ? એ પ્રમાણે (ભાષ્યમાં) પ્રશ્ન કરનારનો શું અભિપ્રાય છે? એ જણાવતાં ટીકાકારશ્રી કહે છે કે પ્રશ્નકાર એવું માને છે કે '**द्वि-नवा...**'

१. प्रश्नयति - पा।

**भाष्यम् :-** अस्तित्वं, अन्यत्वं, +कर्तृत्वं, भोक्तृत्वं, गुणवत्त्वं, +असर्वगतत्वं, अनादिकर्मसन्तानबद्धत्वं, +प्रदेशवत्त्वं, +अरूपत्वं, नित्यत्वमित्येवमादयोऽप्यनादिपारिणामिका जीवस्य भावा भवन्ति।

— गन्धहस्ति —

**अत्रात्तरमुच्यते → द्वि-नवाष्टादिसूत्रेण** जीववर्तिन एव त्रिपञ्चाशद् भेदाः सङ्गृहीता इति सङ्ख्यानियमो न भिद्यते, न चानर्थक्यं सूत्रस्य[1], ये पुनरजीववर्तिनो जीववर्तिनश्च साधारणाः पारिणामिकास्ते तत्र नोपात्ताः तदुपादानायेदमादिग्रहणम्। अतस्तान् दर्शयति → **अस्तित्वादिना** भाष्येण। **अस्तित्वं** भावानां मौलो धर्मः सत्तारूपत्वम्, तच्चात्मनो ज्ञानादिसद्भावात् [2]प्रसिद्धोऽपह्नोतुम-शक्यमादावुपन्यस्तम्, इदं च परमाण्वादीनामपि सामान्यम्।

**ભાષ્યાર્થ :- અસ્તિત્વ, અન્યત્વ, કર્તૃત્વ, ભોકતૃત્વ, ગુણવત્ત્વ, અસર્વગતત્વ, અનાદિ કર્મસંતાનબદ્ધત્વ, પ્રદેશવત્ત્વ, અરૂપત્વ, નિત્યત્વ અને આવા પ્રકારના બીજા (પણ) અનાદિ પારિણામિક ભાવો જીવના હોય છે.**

— *હેમગિરા* —

એવા **૨/૨** સૂત્રમાં ભાવના **૫૩** ભેદો નિયત (કહ્યા) છે. તેના થકી જો અન્ય પણ ભેદો છે તો આ **૫૩**ની સંખ્યાના પ્રકાર અનિયત જ માનવા પડે અને તેમ કરતાં તે **૨/૨** સૂત્ર અનર્થક ઠરે, હવે જો એમ કહીએ કે તેટલા માત્ર (= **૫૩**ની સંખ્યા) નિયત જ છે, બીજા કોઈ પ્રકાર (ભાવોના) નથી, તો (પ્રસ્તુત સૂત્રમાં) '**आदि**' પદનું ગ્રહણ છે તે અનર્થક = નિરર્થક ઠરે, (કારણકે જો ભાવોની સંખ્યા **૫૩** જ હોય તો '**आदि**' પદથી શું લેવાનું બાકી રહે ?) આથી પ્રશ્નકાર પ્રશ્ન કરે છે કે '**आदि**' પદના ગ્રહણનું શું પ્રયોજન છે ?

**ઉત્તર :** '**द्वि-नव...**' ઇત્યાદિ સૂત્રમાં જીવવર્તિ જ **૫૩** ભેદો સંગ્રહ કરાયા છે, આથી સંખ્યાનો નિયમ ભાંગી પડતો નથી તેમજ સૂત્ર (૨/૨) પણ અનર્થ/વ્યર્થ ઠરતું નથી. વળી (પ્રસ્તુત સૂત્રમાંનું '**आदि**' પદ પણ અનર્થરૂપ નથી કારણકે બીજા સૂત્રમાં માત્ર જીવવર્તિ ભાવો કહ્યા છે પણ) અજીવવર્તિ અને જીવવર્તિ જે સાધારણ પારિણામિક ભાવો છે, તે ત્યાં ગ્રહણ કરાયા નથી, તેઓને ગ્રહણ કરવા માટે સૂત્રમાં આ '**आदि**' પદનું ગ્રહણ કરેલ છે. એથી હવે ('આદિ'થી કયા કયા ભાવો લેવા) તેઓને '**अस्तित्व...**' આદિ ભાષ્યમાં દેખાડે છે.

**અસ્તિત્વ →** પદાર્થોનો સત્તાસ્વરૂપ મૌલિક ધર્મ તે '**અસ્તિત્વ**' કહેવાય છે અને જ્ઞાનાદિ ગુણના સદ્ભાવ = વિદ્યમાનતા થકી આત્માનું જે અસ્તિત્વ સિદ્ધ થાય છે, તે છુપાવવું શકય નથી. તેથી અસ્તિત્વ ધર્મનો આદિમાં ઉપન્યાસ કર્યો છે અને આ (અસ્તિત્વ) પરમાણુ આદિમાં

१. सुत्रस्य, जीववर्तिनोऽजीववर्तिनश्च साधारणाः मु. (खं. भां.)। २. प्रसिद्धम॰ - मु (खं.)।

+ જુઓ પરિશિષ્ટ-૬ ટીપ્પણી-૩થી૬

• गन्धहस्ति •

**अन्यत्वमिति** शरीरादात्मनः, तद्विलक्षणत्वात् परलोकसद्भावाच्चावश्यमन्यत्वमभ्युपेयम्, तथाऽण्वादीनामपि परस्परेणास्ति।

**कर्तृत्वमिति** शुभाशुभकर्मणो निर्वर्तकत्वं[1] योगप्रयोगसामर्थ्यात्, कर्तृत्वादेव च **भोक्तृत्वं** स्वप्रदेशव्यवस्थितशुभाशुभकर्मकर्तृत्वात्, (तत्फलभोक्तृत्वम्) कर्तृत्वं सूर्यकान्तेऽपि सवितृकिरण-गोमयसङ्गमादुपलभ्यतेऽग्निनिर्वृत्तावतः[2] सामान्यम्, भोक्तृत्वं मदिरादिष्वत्यन्तप्रसिद्धं भुक्तोऽनया गुड इति।

क्रोधादिमत्त्वाद्**गुणवत्त्वं** ज्ञानाद्यात्मकत्वाद् वा, परमाण्वादावपि गुणवत्त्वमेकवर्णादित्वात् समानम्। त्वक्पर्यन्तशरीरमात्रव्यापित्वात् **असर्वगतत्वं** संसार्यात्मनः, मुक्तस्यापि समन्ततः परिमितत्वात् स्वदेह-

• હેમગિરા •

પણ સામાન્યથી રહેલું છે.

**અન્યત્વ →** શરીર થકી આત્મામાં 'અન્યત્વ' ધર્મ છે. દેહની અપેક્ષાએ આત્મામાં અવશ્ય 'અન્યત્વ' સ્વીકારવું જોઈએ. કારણકે આત્મા એ શરીરથી વિલક્ષણ છે તેમજ પરલોકમાં આત્માનો સદ્ભાવ છે (આ વર્તમાન ભવના શરીરનો નહીં). તે રીતે અણુ આદિમાં પણ એક બીજાની અપેક્ષાએ **'અન્યત્વ'** ધર્મ છે.

### ❁ કર્તૃત્વ-ભોક્તૃત્વની સંયોજના ❁

**કર્તૃત્વ →** મન, વચન, કાયા એ ૩ યોગના પ્રયોગના સામર્થ્યથી (જીવમાં) શુભ કે અશુભ કર્મનું કર્તૃત્વ છે અને કર્તૃત્વ હોવાથી જ ભોક્તૃત્વ ધર્મ (જીવમાં) છે. અર્થાત્ સ્વ (= આત્મ) પ્રદેશમાં વ્યવસ્થિત (ક્ષીરનીર ન્યાયે એકમેક થયેલ) શુભાશુભ કર્મનું કર્તૃત્વ હોવાથી જ તેના ફળ નું ભોક્તૃત્વ (જીવમાં) હોય છે. એ જ પ્રમાણે કર્તૃત્વ અજીવમાં ય જોવા મળે છે. તે આ રીતે - (અજીવ એવા) સૂર્યકાંતમણિમાં પણ સૂર્યના કિરણો અને છાણનો સંગમ થવાથી અગ્નિની ઉત્પત્તિ વિષયક કર્તૃત્વ પ્રાપ્ત થાય છે. આથી આ કર્તૃત્વધર્મ બંનેમાં હોવાથી સાધારણ છે. તથા મદિરા આદિમાં પણ 'ભોક્તૃત્વ' ધર્મ અતિ પ્રસિદ્ધ છે, જેમકે લોકમાં એમ કહેવાય છે કે આ મદિરા વડે ગોળ ખવાયો છે (અર્થાત્ આ મદિરા પ્રચુર ગોળ વડે નિર્માણ થઈ છે. આમ વ્યવહારથી ભોક્તૃત્વધર્મ એ જડમાં પણ હોય છે. આથી આ ભોક્તૃત્વ ધર્મ સાધારણ છે.)

**ગુણવત્ત્વ →** આત્મા (કર્મજનિત એવા) ક્રોધાદિ અથવા જ્ઞાનાદિ (ગુણ) આત્મક હોવાથી આત્મામાં ગુણવત્ત્વ ધર્મ રહ્યો છે. એ જ રીતે પરમાણુ આદિ પણ એક વર્ણ (વાળા, બે વર્ણવાળા, એમ બીજા પણ વર્ણ, ગંધ, રસ) આદિ ગુણવાળા હોવાથી પરમાણુ આદિમાં પણ ગુણવત્ત્વધર્મ સમાન છે. (એમ આ ગુણવત્ત્વ ધર્મ પણ જડ અને ચેતનમાં સમાન છે.)

**અસર્વગતત્વ →** (સંસારી આત્મા) પોતાની ચામડી સુધીના શરીર માત્રમાં વ્યાપી હોવાથી

१. निर्वर्तकयोग॰ - खं.। २. ॰निर्वृत्तावतत्सामान्यम् - भां.।

प्रमाणत्रिभागहीनावगाहात्मकत्वादसर्वव्यापिता, परमाण्वादिभिस्तुल्या।

**अनादिकर्मसन्तानबद्धत्वमिति** अविद्यमानादिकर्मसन्तत्या वेष्टितः संसारी संसृतौ पर्यटतीति, न मुक्त इति यथासम्भवमेतद् योज्यम्। कार्मणशरीरमप्यनादिकर्मसन्तानबद्धमिति सामान्यः चेतनाचेतनयोर्धर्मः।

**प्रदेशवत्त्वं** तु लोकाकाशप्रदेशपरिमाणप्रदेश एक आत्मा भवति, धर्मादिद्रव्यसामान्यमेतत्।

**अरूपत्वमिति** रूप-रस-गन्ध-स्पर्शविरहितत्वमात्मनः[1], तच्चाकाशादिभिस्तुल्यम्।

**नित्यत्वमिति** '**तद्भावाव्ययं नित्यम्**' (अ. ५, सू. ३०) इति वक्ष्यते, नित्यश्च ततो ज्ञानादिसद्भावादयमात्मा, तुल्यं चैतदाकाशादिभिः। **एवमेते** दश धर्माः साधारणा भाष्यकृतोपदर्शिता आदिशब्दाक्षिप्ताः। पुनरप्यादिग्रहणं कुर्वन् ज्ञापयत्यत्रानन्तधर्मकमेकं[2] वस्तु तत्राशक्याः प्रस्तारयितुं सर्वे



સંસારી આત્માનો અસર્વગતત્વ ધર્મ છે. એ જ રીતે મુક્તાત્માની પણ અસર્વવ્યાપિતા છે કેમકે તેઓ ચારે બાજુથી પરિમિત અવગાહનાવાળા હોય છે અર્થાત્ (અંતિમ ભવ સંબંધી) પોતાના શરીરના પ્રમાણથી ત્રીજો ભાગ ન્યૂન અવગાહનાવાળા હોય છે. પરમાણુ આદિમાં પણ આ અસર્વવ્યાપિતા = અસર્વગતત્વ તુલ્ય છે.

**અનાદિકર્મસંતાનબદ્ધત્વ →** અવિદ્યમાન છે આદિ જેની અર્થાત્ અનાદિ એવી કર્મસંતતિથી વીંટળાયેલ સંસારી આત્મા સંસારમાં પર્યટન કરે છે, પણ મુક્તાત્મા નથી કરતો. એ રીતે આ (અનાદિકર્મસંતાનબદ્ધત્વ) ભાવ યથાસંભવ જોડવા યોગ્ય છે. (સંસારી જીવ સાથે સતતપણે રહેનાર) અજીવ એવું કાર્મણ શરીર પણ અનાદિકર્મસંતાનથી બંધાયેલું છે, તેથી ચેતન અને અચેતન ઉભયની અંદર આ 'અનાદિકર્મસંતાનબદ્ધત્વ' સામાન્ય ધર્મ છે.

**પ્રદેશવત્ત્વ →** લોકાકાશના જેટલા પ્રદેશો છે, તેટલા પ્રમાણ પ્રદેશવાળો (= અસંખ્યાત પ્રદેશવાળો) એક આત્મા હોય છે માટે આત્મામાં પ્રદેશવત્ત્વ ધર્મ ચોક્કસ છે જ, તેમજ આ (પ્રદેશવત્ત્વધર્મ) ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોમાં પણ સમાનપણે હોય છે.

**અરૂપત્વ →** આત્માનું રૂપ, રસ, ગંધ, સ્પર્શથી રહિતપણું તે અરૂપત્વ ધર્મ છે અને તે (અરૂપત્વ) આકાશાદિમાં તુલ્ય છે.

**નિત્યત્વ →** જે પોતાના સત્સ્વરૂપથી ન ફરે તે નિત્ય કહેવાય એમ '**तद्भावाव्ययं नित्यं**' (**५/३०** સૂત્ર)માં કહેવાશે અને આવી વ્યાખ્યાને આશ્રયી તે આ આત્મા નિત્ય છે. કેમકે તેમાં જ્ઞાન વગેરે સત્સ્વરૂપ (હંમેશાં) વિદ્યમાન હોય છે અને આ નિત્યત્વધર્મ આકાશાદિ બધા દ્રવ્યોમાં તુલ્ય છે. આ પ્રમાણે ભાષ્યકારશ્રી દ્વારા દર્શાવેલા આ સાધારણ **૧૦** ધર્મો સૂત્રમાં '**आदि**' શબ્દથી ગ્રહણ કરાયા છે.

१. °हितत्वादात्मनः - मु. (भां.)। २. °कं तत्रा° - प्रा. मु. (खं. भा.)।

**भाष्यम् :- धर्मादिभिस्तु समाना इति, 'आदि'ग्रहणेन सूचिताः ।**

**• गन्धहस्ति •**

धर्माः प्रतिपदं प्रवचनज्ञेन[1] तु पुंसा यथासम्भवमायोजनीयाः, क्रियावत्त्वं, पर्यायोपयोगिता, प्रदेशाष्टक-निश्चलतैवम्प्रकाराः सन्ति भूयांसः ।

**अपिः** समुच्चये → 'एवम्प्रकाराश्च **अनादिपारिणामिका** भवन्ति जीवस्य भावाः **धर्मादिभिस्तु समाना, इति 'आदि' ग्रहणेन सूचिताः**' । **एवमादयोऽपीत्यादि** भाष्यम् । एवम्प्रकाराः = **एवमादयः** क्रियावत्त्वप्रकाराः, **धर्मादिभि**रिति क्वचिद्, पुद्गलद्रव्यं यथासम्भवमुपदर्शितमेव, तथा केचिदात्मन एव वैशेषिका **आदिशब्देनाक्षिप्यन्ते** पर्यायोपयोगितादयः । तुशब्दो विशेषकः → 'धर्मादिविशिष्टास्त-

**ભાષ્યાર્થ : વળી, (તે અસ્તિત્વાદિ ધર્મો) ધર્માસ્તિકાયાદિમાં સમાન છે. આમ 'आदि' પદના ગ્રહણથી (અસ્તિત્વાદિ ધર્મો) સૂચિત કરાયા છે.**

**• હેમગિરા •**

અહીં (ભાષ્યમાં) ફરી પણ '**आदि**' શબ્દને ગ્રહણ કરતાં ભાષ્યકારશ્રી એ જ્ઞાપન કરે છે કે એક વસ્તુ અનંત ધર્માત્મક હોય છે. ત્યાં (વસ્તુમાં) દરેક ધર્મો પોતપોતાના નામથી જુદા પાડી કહેવા અશકય છે. પરંતુ પ્રવચન (= સિદ્ધાંત)ના જ્ઞાતાપુરુષ દ્વારા યથાસંભવ જાણી લેવા. તે આ પ્રમાણે → ક્રિયાવત્ત્વં (આત્મામાં વર્તતી ક્રિયા), પર્યાયોપયોગિતા, પ્રદેશાષ્ટકની નિશ્ચલતા (આત્માના ૮ રૂચક પ્રદેશોની નિશ્ચલતા = કર્મરહિતતા) અને આવા પ્રકારના બીજા પણ ઘણાં ધર્મો છે. (એ શેષ બધા ધર્મોનો સંગ્રહ ભાષ્યના '**आदि**' શબ્દથી થઈ જાય છે.)

(પૃ. ૪૬નો) ભાષ્યગત '**अपि**' શબ્દ સમુચ્ચયના અર્થમાં છે. તે આ પ્રમાણે કે અસ્તિત્વાદિ અને આવા પ્રકારના ક્રિયાવત્ત્વાદિ (પણ) અનાદિ પારિણામિક ભાવો જીવના હોય છે. જે ધર્માસ્તિકાય વગેરેમાં સમાન છે. આમ સૂત્રમાં '**आदि**' શબ્દ વડે (આ ધર્મો) સૂચિત કરાયા છે.

(આ પ્રમાણે '**एवमादय...**' ઇત્યાદિ ભાષ્ય પંક્તિનો સમુદાયાર્થ કરી હવે '**एवमादय...**' ઇત્યાદિ એક એક ભાષ્ય પદને ખોલે છે.) '**एवमादयोऽपि**' ઇત્યાદિ ભાષ્ય છે. તેનો અર્થ આ પ્રમાણે છે કે **एवमादयः** એટલે આવા પ્રકારના બીજા અર્થાત્ ક્રિયાવત્ત્વ વગેરે ધર્મો. '**धर्मादिभि...**' (ઉપર કહેલા અસ્તિત્વ વગેરે જીવના અનાદિ પારિણામિક ભાવોમાંથી) કેટલાક જ ભાવો ધર્માસ્તિકાય વગેરેમાં સમાન છે, બધા જ નહીં. તેમાંથી પુદ્ગલદ્રવ્યની સાથે રીતે તેમની સમાનતા છે તે ટીકામાં બતાવેલી જ છે. (જેમકે સૂર્યકાન્તમણિમાં કર્તૃત્વધર્મને બતાવ્યો.)

## ❖ જીવના પર્યાયોપયોગિતાદિ અસાધારણ ધર્મો ❖

તેમજ પર્યાયોપયોગિતા વગેરે કોઈક વિશેષ ધર્મો એવા છે કે જે આત્મામાં જ ઘટી શકે છે ભાષ્યમાં '**आदि**' શબ્દથી લેવાયા છે. '**धर्मादिभिस्तु**' આ ભાષ્યપંક્તિનો '**तु**' શબ્દ વિશેષનો

१. °ज्ञेन पुंसा – मु. (खं.)।

**भाष्यम् :- ये जीवस्यैव वैशेषिकास्ते[1] स्वशब्देनोक्ता। इत्येते पञ्च भावास्त्रिपञ्चाशद्-भेदा जीवस्य स्वतत्त्वं भवन्ति, अस्तित्वादयश्च ॥२/७॥ किञ्चान्यत्।**

● गन्धहस्ति ●

[2]त्समाश्च'। **इतिः** परिसमाप्तौ, अयमादिग्रहणार्थस्य **आदिग्रहणेन सूचिताः** इति गमयति [3]विधृत-मर्थमनेन ग्रन्थेन॥

**ये जीवस्यैवे**त्यादि ग्रन्थ। आत्मन एवासाधारणा ये धर्मा जीव-भव्याभव्यत्वलक्षणास्त इह सूत्रे स्वशब्देन = यो यस्य वाचकः शब्दो जीवादिस्तेनैवोक्ता इति, एतेनादिशब्दस्य त्रितयर्[4]पर्यन्त-वर्तित्वं व्याख्यातम्, अन्यथा जीवत्वादीनि चेति सूत्रं स्यात्।

सूत्रपर्यन्तवर्ती **च**शब्दः समुच्चये 'सम्यक्त्व-चारित्रादयो' जीवस्य स्वतत्त्वं जीवत्वादयश्च

**ભાષ્યાર્થ :- જે (ભવ્યત્વ વગેરે) વિશિષ્ટ ભાવો જીવના જ છે તે સ્વનામથી કહેવાયા. આ પ્રમાણે ૫૩ ભેદવાળા આ પાંચે ભાવો જીવના સ્વતત્ત્વ છે અને અસ્તિત્વ વગેરે ભાવો પણ જીવના સ્વતત્ત્વ છે એમ સમજવું ॥૨/૭॥ વળી બીજું.**

● *હેમગિરા* ●

દ્યોતક છે. તે આ પ્રમાણે કે કોઈક ભાવો ધર્માસ્તિકાય વગેરે કરતા વિશિષ્ટ છે અને કોઈક તેને સમાન છે. (અસ્તિત્વાદિ જે ભાવો છે તેમાંથી કેટલાક ભાવો ધર્માસ્તિકાયાદિમાં ઘટતા નથી અને કેટલાક ભાવો ઘટે છે.) ભાષ્યમાં '**इति**' શબ્દ એ પરિસમાપ્તિ અર્થમાં છે અર્થાત્ આ ઈતિ શબ્દ તે સૂત્રમાં '**आदि**' શબ્દથી ગ્રહણ કરાયેલા અસ્તિત્વાદિના કથનની પરિસમાપ્તિમાં છે.

'**आदिग्रहणेन सूचिताः**' એવા આ ભાષ્યથી ભાષ્યકારશ્રી મૂળ સૂત્રના આદિ પદથી ગ્રહણ કરાયેલ અર્થનું નિગમન કરે છે.

'**ये जीवस्यैव**' ઈત્યાદિ ભાષ્ય ગ્રંથ છે. (એને સ્પષ્ટ કરતાં ટીકાકારશ્રી કહે છે કે) આત્માના જ જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વ સ્વરૂપ જે અસાધારણ ધર્મો છે, તે અહીં સૂત્રમાં સ્વશબ્દથી અર્થાત્ જેનો જે 'જીવ' વગેરે વાચક શબ્દ છે તે તેનાથી (= તે જીવ વગેરે વાચક શબ્દથી) જ કહેવાયા છે. માટે જ સૂત્રમાં 'જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વ' એ ૩ શબ્દોની પછી 'આદિ' શબ્દ ગ્રહણ કરાયો છે, અન્યથા (= જો આત્માના અસાધારણ ધર્મ સ્વરૂપ આ ૩ ભાવ સ્વ નામથી નહીં કહેવાના હોત તો) '**जीवत्वादीनि च**' આવું સૂત્ર હોત.

પ્રસ્તુત સૂત્રના છેડે રહેલ '**च**' શબ્દ સમુચ્ચયના અર્થમાં છે. સમુચ્ચય આ રીતે કરવો કે (પૂર્વ સૂત્રોમાં કહેલા) સમ્યક્ત્વ, ચારિત્ર વગેરે જીવના સ્વતત્ત્વ છે અને જીવત્વ વગેરે પણ સ્વતત્ત્વ છે.

१. 'विशेषकास्ते' ग। २. °तत्सदृशाश्च रा.। ३. विभृत° रा.। ४. पर्यनुव° - खं।

स्वतत्त्वमिति। **इत्येते पञ्च भावा** इत्यादि भाष्यम्। इतिशब्दः सकलभावोपसंहारार्थः। **एत** इति प्रतिपदं य उद्दिष्टा औपशमिकादयः। **पञ्चै**वाऽन्यूनाधिका **भावाः** = पर्यायान्तराण्यात्मनस्त्रिपञ्चाशद्भेदा येषां ते **त्रिपञ्चाशद्भेदा भवन्ति** आत्मनः **स्वतत्त्वं**, द्वि-नवाष्टादिसूत्रे (अ. २, सू. २) च सङ्ख्या प्राग्नियता **सैवा**नेनोपसंहृतेति।

एते च भावविकल्पा जीवानां यथासम्भवमायोज्याः, न सर्वे सर्वेषामिति, क्षायिक-पारिणामिकावेव सिद्धानाम्, **औपशमिकवर्जा** नारक-तिर्यग्योनीनाम्, देव-मनुष्याणां पञ्चापि, न त्वौपशमिक-क्षायिके सम्यक्त्वचारित्रे **वा** युगपद् भवत इति, एवमयमात्मा परिणामैरेभिरौपशमिकादिभिर्युक्तः परिणामी द्रव्यमिति निश्चेतव्यः, न हि श्रद्धानादिलक्षणाः परिणामाः [1]केनचिद् कदाचिद् घटादिषूपलब्धपूर्वाः, तस्मादेषां भावानामवश्यं केनचिदन्वयिना पदार्थेन भवितव्यम्[2], स चात्मेति॥२/७॥

• હેમગિરા •

'**इत्येते पञ्च भावा**' ઇત્યાદિ ભાષ્યનો અર્થ આ મુજબ છે → '**इति**' શબ્દ એ સમ્યક્ત્વ આદિ સર્વે ભાવોના ઉપસંહાર કરવા માટે છે. '**एते**' પદ એ ઔપશમિક વગેરે જે ભાવો પોતપોતાના નામથી સાક્ષાત્ સૂત્રમાં ઉદ્દિષ્ટ હતા તેઓનો સૂચક છે. '**पञ्च**' પદથી આ ઔપશમિકાદિ **૫ જ** છે, ઓછા કે વધારે નહીં એવું સૂચિત કર્યું છે. '**भावाः**' = ભાવો એટલે કે આત્માના (ઔપશમિકાદિ) જુદા જુદા પર્યાયો. '**त्रिपञ्चाशद्भेदा**' પદમાં બહુવ્રીહી સમાસ થયેલ છે, જેનો વિગ્રહ ટીકામાં સ્પષ્ટ છે. તેથી અર્થ આ પ્રમાણે થયો કે - **૫૩** ભેદવાળા આ ઔપશમિકાદિ **૫** ભાવો આત્માના સ્વતત્ત્વ છે. વળી '**द्वि-नव...**' ઇત્યાદિ આ **૨/૨** સૂત્રમાં જે **૫૩**ની સંખ્યા પૂર્વમાં નિયત કરેલી તે જ સંખ્યાનો આ ભાષ્યમાં ઉપસંહાર કર્યો છે.

## ❁ ભાવોની પાંચ ગતિમાં યોજના ❁

વળી આ (**૫૩**) ભાવના વિકલ્પો જીવોમાં યથાયોગ્ય જોડવા, બધા વિકલ્પો બધામાં ન જોડવા. તે આ પ્રમાણે કે સિદ્ધોમાં ક્ષાયિક અને પારિણામિક બે જ ભાવો ઘટાડવા. નારક અને તિર્યંચ યોનિમાં ઔપશમિક વર્જી શેષ ૪ ભાવો ઘટાડવા, દેવ અને મનુષ્યમાં પાંચેય ભાવો યોજવા. વિશેષ એ ધ્યાનમાં લેવું કે - ઔપશમિક અને ક્ષાયિક એવા સમ્યક્ત્વ અને ચારિત્ર એક સાથે હોતા નથી અર્થાત્ ઔપશમિક સમ્યક્ત્વ અને ક્ષાયિક ચારિત્ર એક સાથે એક જીવમાં હોતા નથી. આ પ્રમાણે અત્યાર સુધીમાં કહેલા ઔપશમિકાદિ પરિણામો (= ભાવો)થી યુક્ત પરિણામી દ્રવ્ય આ આત્મા છે બીજા ઘટ વગેરે નહીં, એમ નિશ્ચય કરવો કારણકે ઘટાદિ જડ પદાર્થોમાં આ શ્રદ્ધાનાદિ સ્વરૂપવાળા (સમ્યક્ત્વાદિ) પરિણામો કોઈના વડે ક્યારેય પૂર્વે મેળવાયા નથી. તેથી આ ભાવો (= પરિણામો)નો ચોક્કસ કોઈ અન્વયી પદાર્થ (= પરિણામી દ્રવ્ય) હોવો જોઈએ અને તે (અન્વયી દ્રવ્ય) આત્મા છે એ પ્રમાણે ફલિત થાય છે.॥૨/૭॥

१. केनचिद् घटादि॰ - मु (खं. भा.)। २. भाव्यम् - रा. भां.।

**सूत्रम् :- उपयोगो लक्षणम्॥२/८॥**

**भाष्यम् :- उपयोगो लक्षणं जीवस्य भवति॥२/८॥**

**● गन्धहस्ति ●**

अधुना द्वितीयप्रश्नमतिबहुग्रन्थप्रतानव्यवच्छिन्नमनुसन्दधान आह → **किञ्चान्य**दिति। भावपञ्चकमव्यापित्वान्न परितोषमाधातुमलमस्य श्रोतुः पश्यन्नाचार्यः सकलजीवपदार्थव्यापीदमव्यभिचारि त्रिकालविषयं लक्षणमात्मनो निर्दिदिक्षुः सम्बन्धयति → भावपञ्चकादन्यच्च किं लक्षणमस्याव्यभिचारीति यदप्राक्षीत् तदिदमुच्यते।

(**उपयोगो लक्षणमिति** सूत्रम्।) **उपयोगो लक्षणं भवति जीवस्ये**त्येतावद् भाष्यमस्य सूत्रस्य। उपयोगः = उपलम्भो ज्ञान-दर्शनसमाधिर्ज्ञान-दर्शनयोः सम्यक् = स्वविषयसीमानुल्लङ्घनेन धारणं

**સૂત્રાર્થ :- ઉપયોગ લક્ષણ છે. ॥૨/૮॥**

**ભાષ્યાર્થ :- જીવનું લક્ષણ ઉપયોગ હોય છે. ॥૨/૮॥**

**● *હેમગિરા* ●**

**૨/૮ સૂત્રની અવતરણિકા :-** (આ અધ્યાયના પ્રારંભના ભાષ્યમાં જે બે પ્રશ્નો કર્યા હતા. તેમાં પ્રથમ પ્રશ્ન '**को जीवः?**' અંગેની વ્યાખ્યા અત્યાર સુધી કરી. હવે બીજો સવાલ '**कथं लक्षणो वा ?**'ને ધ્યાનમાં લઈ કહે છે.) અત્યાર સુધીમાં વર્ણવેલ પ્રથમ પ્રશ્નના ઘણાં લાંબા ઉત્તરગ્રંથના વિસ્તારથી વ્યવચ્છિન્ન (= આંતરાવાળા) એવા બીજા પ્રશ્નનું અનુસંધાન કરતાં વાચકશ્રી '**किञ्चान्यत्**' ભાષ્ય પદને કહે છે. (એનો ભાવાર્થ નીચે મુજબ છે.)

**❖ જીવનું અનપાયી લક્ષણ ❖**

આ જીવના લક્ષણ તરીકે કહેવાતાં **૫** ભાવો જીવમાં અવ્યાપક હોવાથી (= જીવોમાં અમુક ભાવો હોય અને અમુક ન હોય તેવું અવ્યાપકત્વ તે **૫** ભાવોનું હોવાથી) શ્રોતાને સંતોષ પમાડવા સમર્થ નથી એવું જોતાં તેમજ સકળ જીવ પદાર્થોમાં વ્યાપકપણે રહેતા, વ્યભિચાર ન પામતાં તેમજ ત્રિકાળ વિષયવાળા (અર્થાત્ સદાકાળ આત્મા સાથે રહેનારા) એવા આત્માના લક્ષણનો નિર્દેશ કરવાની ઇચ્છાવાળા આચાર્યશ્રી = ભાષ્યકારશ્રી સંબંધ જોડે છે કે શું ભાવપંચકથી જુદું આ જીવનું અવ્યભિચારી લક્ષણ છે ? એમ જે પ્રશ્ન (પૃષ્ઠ-૯માં) કર્યો હતો એના જવાબમાં આ (૨/૮ સૂત્ર) કહેવાય છે.

'**उपयोगो लक्षणम्**' આ (૨/૮) સૂત્ર છે અને '**उपयोगो लक्षणं भवति जीवस्य**' આ પ્રમાણે આટલું ભાષ્ય આ સૂત્રનું છે. ઉપયોગ એટલે ઉપલંભ = ઉપલબ્ધિ અર્થાત્ જ્ઞાન અને દર્શનની સમાધિ એટલે કે જ્ઞાન અને દર્શનને સમ્યગ્ રીતે = સ્વવિષયની સીમાને ઉલ્લંઘન કર્યા વિના જે ધારણ કરવું તે સમાધિ કહેવાય છે. અથવા (બીજી રીતે ઉપયોગ શબ્દનો અર્થ જણાવતાં

समाधिरुच्यते, अथवा [1]युजेर्योजनं योगः = ज्ञान-दर्शनयोः प्रवर्तनं = विषयाव[2]धानाभिमुखता, सामीप्यवर्ती योग **उपयोगो** नित्यसम्बन्ध इत्यर्थः। लक्ष्यतेऽनेनेति **लक्षणम्**, उपयोगेन लक्ष्यत इति। **जीवस्ये**ति कर्मलक्षणा इह षष्ठी द्रष्टव्या। उपयोगेनोपलभ्यते इतियावत्।

समुदायार्थस्त्वयम् → सामान्यविशेषावबोधदर्शनान्निश्चीयतेऽस्त्यत्रात्मा यस्यामू सामान्यविशेषावबोधौ, न चास्ति कश्चित् क्वचिज्जीवो यस्य न स्तः साकारानाकारोपयोगावित्यतोऽनपायीदं लक्षणमस्य जन्तोः, आगमश्चायम् → ★***'सव्वजीवाणंपि य णं अक्खरस्स अणंतभागो निच्चुग्घाडियओ'*** *(श्री नन्दी सूत्र ४२)*। सर्वजीवानामपीति अशेषसर्वकग्रहणेन संसारिणां परिग्रहः पृथिवीकायादीनाम्, अपिः सम्भावनायां, णमिति वाक्यालङ्कारार्थः, अक्षरमिति सामान्य-विशेषरूपोऽवबोधस्तस्यानन्तभागाऽवबोधस्य **नित्यमेव** = सर्वदा, उद्घाटः = प्रकाशो निरावरणः[3], यस्मात् सकलत्रैलोक्यान्त-

• *હેમગિરા* •

કહે છે કે) યુજ્ ધાતુનો યોજન અર્થ છે. માટે યુજ્ ધાતુ પરથી બનેલા યોગ શબ્દનું યોજવું/જોડવું અર્થ કરવો. 'યોગ' એટલે જ્ઞાન અને દર્શનનું પ્રવર્તવું એટલે કે વિષયના અવધાનમાં (= શબ્દાદિ/ઘટાદિ વિષયના બોધમાં) એ જ્ઞાન દર્શનની અભિમુખતા તે યોગ કહેવાય છે અને સામીપ્યવર્તી યોગ તે ઉપયોગ કહેવાય છે અર્થાત્ આત્માની સાથે રહેનાર નિત્ય સંબંધવાળો આ જ્ઞાન-દર્શનનો યોગ તે ઉપયોગ કહેવાય છે.

'જેના વડે વસ્તુ ઓળખાય' તે લક્ષણ કહેવાય છે. ઉપયોગ વડે આત્મા ઓળખાય છે. (તેથી ઉપયોગ એ આત્માનું લક્ષણ છે.) '**जीवस्य**' અહીં ("**कर्मणि कृतः**" सिद्धहेम. - २/२/८३ સૂત્રથી) કર્મને વિષે ષષ્ઠી વિભક્તિ છે. તેથી ભાવાર્થ એ થયો કે આત્મા ઉપયોગ વડે જણાય છે.

આનો સમુદાયાર્થ આ છે → (વસ્તુ માત્રમાં) સામાન્ય અને વિશેષ રૂપ બોધનું દર્શન થતું હોવાથી એ નિશ્ચય કરાય છે કે અહીં આત્મા છે કે જેના આ બે સામાન્ય અને વિશેષ બોધ છે અને ક્યાંય કોઈ જીવ એવો નથી કે જેને સાકાર અને અનાકાર ઉપયોગ નથી. આથી આ જીવનું આ ઉપયોગ લક્ષણ અનપાયી = ક્યારેય નાશ નહિ થનારું = અવ્યાપ્તિ આદિ દોષ રહિત છે. વળી (ઉપરોક્ત વાતને સૂચવનાર) આ આગમ પાઠ છે કે *'બધા જીવોને પણ અક્ષરનો અનંતમો ભાગ નિત્ય ઉઘાડો હોય છે.' (શ્રી નંદી સૂત્ર ૪૨)* (હવે ટીકામાં **શ્રી નંદીસૂત્ર**નો અર્થ ખોલે છે.) '**सर्वजीवानामपि**' એવા પદથી અશેષ સર્વ (= સમગ્ર) જીવોનું ગ્રહણ કરવા વડે પૃથ્વીકાયાદિ સંસારી જીવોનું ગ્રહણ કર્યું છે. '**अपि**' શબ્દ એ સંભાવનાના અર્થમાં છે. બધા જીવોમાં ઓછામાં ઓછું આટલું તો જ્ઞાન સંભવે જ. '**णं**' શબ્દ એ વાક્યના અલંકાર માટે છે. સામાન્ય અને વિશેષ રૂપ જે બોધ તે અક્ષર, તે અવબોધનો = જ્ઞાનનો અનંતમો ભાગ

१. युञ्जनं योगः मु (खं)।२. °याविधा° खं.। ३. निरावरणं - खं।

★ सर्वजीवानामपि च णं अक्षरस्यानन्तभागो नित्यमुद्घाटितकः।

र्वर्तिनोऽपि हि पुद्गलाः कर्मतया परिणताः सन्तोऽपि न समावरीतुमलमेकस्यात्मनः सर्वात्मनाऽवबोधम्, यथा च नितान्तघनपटलपिहितेऽपि सवितुर्मण्डले ज्योतिर्लेशः कियानपि चकास्त्येव, न सर्वथैव प्रणश्यति तथाऽऽत्मनोऽप्यवबोधलेशः स्फुरत्येव कियानपि सर्वदा, यदि [1]चावृणुयुस्ते पुद्गलाः सर्वात्मना ततो निर्जीवतैव स्यादात्मनः, तस्माद् या च यावती च [2]मात्राऽवरतः प्रबोधस्य सर्वजीववर्तिनी स्वभावादेव निरावरणा समस्ति, सा च सर्वजघन्योपयोगमात्रा प्रथमसमये सूक्ष्मनिगोदापर्याप्तानामेव भवति, ततः परं तु सैवोपयोगमात्रा शेषैकेन्द्रिय-द्वि-त्रि-चतुः-पञ्चेन्द्रियभेदेन भिद्यमाना सम्भिन्नश्रोत्रत्वादिलब्धि-कलापेन च लब्धि-निमित्त-करण-शरीरेन्द्रिय-वाङ्-मनःसापेक्षा प्रवर्धमाना नानारूपक्षयोपशमा-पादितवैचित्र्याऽवग्रहादिभेदात्[3] सर्वकर्मक्षयमवाप्य सकलज्ञेयग्राहिणीं परां विशुद्धि काष्ठां समासादयति केवलज्ञानसंज्ञिताम्, अत एव जीवस्वभावचैतन्यविशेषाणां सर्वेषां प्रमाणाख्यानामुपयोगरूपाणां स्व-



સર્વદા ઉઘડેલો = આવરણ વગરનો પ્રકાશમાન હોય છે. કારણકે આખા ત્રણ લોકમાં રહેલા પણ પુદ્ગલો ખરેખર કર્મ તરીકે પરિણત થઈ જવા છતાં પણ એક આત્માના બોધને સર્વાત્મના (= સંપૂર્ણતયા) ઢાંકવા માટે સમર્થ નથી.

### ❖ ... તો આત્મા નિર્જીવ બની જાય ❖

જેમ સમસ્ત વાદળાઓના પડળથી આવરાયેલા પણ સૂર્યના મંડળમાં કાંઈક અલ્પ પણ જ્યોતિ (= તેજ) ચમકે જ છે. (પણ) સર્વથા જ નાશ પામતી નથી. તેમજ આત્મામાં પણ હંમેશા કંઈક થોડો જ્ઞાનનો અંશ તો ઉઘાડો જ હોય છે. જો તે પુદ્ગલો જ્ઞાનને સંપૂર્ણપણે આવરી શકતા હોત તો આત્માની નિર્જીવતા જ થાય (પણ એવું નથી). તેથી જઘન્યથી જ્ઞાનની સર્વ જીવોમાં જે અને જેટલી માત્રા સ્વભાવથી જ આવરણ રહિત રહેલી છે, તે સર્વ થકી જઘન્ય કક્ષાની ઉપયોગમાત્રા ખરેખર પ્રથમ સમયમાં અપર્યાપ્ત એવા સૂક્ષ્મ નિગોદિયા (સાધારણ વનસ્પતિકાય) જીવોને જ હોય છે. પરંતુ ત્યાર પછી તે જ ઉપયોગની માત્રા શેષ એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિયના ભેદથી અને સંભિન્નશ્રોત આદિ લબ્ધિના સમૂહ વડે ભેદાતી અનેક પ્રકારે થાય છે તથા લબ્ધિ, નિમિત્ત (= અરિહંતની પ્રતિમા, સદ્ગુરુ આદિ), કરણ, શરીર, ઇન્દ્રિય, વાચા અને મનની અપેક્ષા રાખનારી એવી તે જ ઉપયોગની માત્રા વિવિધ પ્રકારના ક્ષયોપશમ વડે પ્રાપ્ત થયેલ વિચિત્ર અવગ્રહાદિના ભેદ થકી વધતી સર્વ (ઘાતી) કર્મના ક્ષયને પ્રાપ્ત કરી સકળ જ્ઞેયને (જાણનારી) તથા કેવળજ્ઞાન એવા નામથી કહેવાયેલી એવી વિશુદ્ધિની પરાકાષ્ઠાને પ્રાપ્ત કરે છે. આથી જ પ્રત્યક્ષાદિ પ્રમાણ (= જ્ઞાન)ના નામવાળી, ઉપયોગ રૂપ એવી જીવના સ્વભાવાત્મક સર્વ વિશિષ્ટ ચેતનાઓનું અવશ્ય સ્વસંવેદ્યપણું સ્વીકારવું જોઈએ,

१. वावृ° रा. ख। २. मात्राऽऽवरतः -मु. (खं.)। ३. °दिभेदाः - रा.।

संवेद्यत्वमवश्यमभ्युपगन्तव्यम्, उत्तरकालं तदनुस्मरणोपपत्तेः, अनुस्मरणं हीदं स्वयमनुभूतस्यार्थस्य दृष्टं नान्यथा, तस्माज्ज्ञात्वा योऽनुस्मरत्युत्तरकालं स एक आत्माऽन्वयी प्रतिपत्तव्यः।

न खलु ज्ञान-स्मृती भिन्नपदार्थाधारे क्वचिद् दृष्टे, तस्मादस्त्येक आत्मेति, तथा परत्र हिताहित-प्राप्तिपरिहारविषयां क्रियां दृष्ट्वा बुद्धिपूर्वकत्वानुमानं स्वदेह इव, ताश्च बुद्धयः प्रमाणं जीव इत्येकोऽर्थ इति। यथाऽऽह → *"***आया भंते ! नाणे अण्णाणे ? गोयमा ! आया सिय नाणे सिय अण्णाणे, णाणे पुण नियमा आया***" (भगवत्यां)। बुद्धिरूपस्य चात्मनोऽनुमानगम्यत्वमवसेयम्, स्वदेहे च क्रिया बुद्धिपूर्वा स्वानुभवसिद्धा, तत्क्रियाजनिते च सुखदुःखे रूपाद्यर्थज्ञानानि चानुभवसिद्धत्वात् प्रत्यक्ष-

• *હેમગિરા* •

કારણકે (સ્વસંવેદ્ય માનીએ તો જ એકવાર વસ્તુનો ઉપયોગ = બોધ થયા બાદ) ઉત્તરકાળમાં તેનું અનુસ્મરણ (= પછીથી થતું સ્મરણ) ઉત્પન્ન થાય છે.

### ❖ જ્ઞાન (અનુભવ) અને સ્મૃતિની સમાનાધિકરણતા ❖

આ અનુસ્મરણ આત્માએ સ્વયં અનુભવેલા પદાર્થનું જ થાય છે અન્યથા નહીં અર્થાત્ અનનુભૂત વસ્તુનું સ્મરણ ન સંભવે તેથી જે વ્યક્તિ પહેલા જાણીને ઉત્તરકાળમાં તે વસ્તુનું સ્મરણ કરે છે. તે (અનુભવી અને સ્મર્તા રૂપે) એક જ અન્વયીઆત્મા જાણવો છે. કારણ કે જ્ઞાન (અનુભવ) અને સ્મૃતિ એ ભિન્ન પદાર્થના આધારવાળા ક્યાંય દેખાયા નથી અર્થાત્ એક જ બાબતનો અનુભવ કોઈ એક વ્યક્તિને થાય અને તેનું સ્મરણ કોઈ બીજી વ્યક્તિને થાય, એવું જોવા મળતું નથી, તેથી (આ બંનેનો આધારભૂત) એક આત્મા છે.

### ❖ અનુમાન વડે પોતાના અને બીજાના શરીરમાં રહેલ આત્માની સિદ્ધિ ❖

તેમજ પોતાના શરીરની જેમ પરત્ર (= બીજાના શરીરમાં), હિતને પ્રાપ્ત કરવાના અને અહિતનો પરિહાર કરવાના વિષયવાળી ક્રિયાને જોઈને, બુદ્ધિપૂર્વકતાનું અનુમાન કરવામાં આવે છે અર્થાત્ સામી વ્યક્તિના શરીરમાં બુદ્ધિ છે એવું અનુમાન થાય છે અને તે બુદ્ધિ, પ્રમાણ અને જીવ આ ત્રણે શબ્દો એક અર્થ રૂપ = પર્યાયવાચી છે. (આથી આમ બીજાના શરીરમાં પણ આત્માની સિદ્ધિ થઈ ગઈ.) જેમ કે **શ્રી ભગવતી સૂત્ર**માં શાસ્ત્રકાર મહર્ષિ કહે છે કે

***પ્રશ્ન :*** *હે ભગવાન ! આત્મા જ્ઞાનરૂપ છે કે અજ્ઞાનરૂપ છે ?*

***ઉત્તર :*** *હે ગૌતમ ! આત્મા અપેક્ષાએ જ્ઞાનરૂપ છે, અપેક્ષાએ અજ્ઞાનરૂપ છે, પરંતુ જ્ઞાન એ નિયમા આત્મા હોય છે.*

આ પ્રમાણે બુદ્ધિરૂપ (= જ્ઞાનરૂપ) આત્મા અનુમાન પ્રમાણથી સિદ્ધ થાય છે એ જાણવું.

★ आत्मा भदन्त ! ज्ञानं अज्ञानं ? गौतम ! स्यात् ज्ञानं स्यात् अज्ञानं, ज्ञानं पुनर्नियमादात्मा।

प्रमाणविषयत्वं बुद्धीनाम्, स एव चात्मेति, स्वदेहव्यापी स्वात्मा, परदेहेव्यापी पर इति। तथा शरीर-कारणयोः शुक्रौजसोर्धात्विन्द्रियाङ्गोपाङ्गादिपरिणामगतेरभिसन्धिमानाहर्ताऽनुमीयते, तथाऽऽहारपरिणामित्वात् (आहाराऽपरिणामित्वात् ?) तच्छवशरीरं केनाप्यभिसन्धिमता क्वापि गच्छतोत्सृष्टं, स चोत्स्रष्टाऽऽत्मेति निश्चीयते, एवमयमुपयोगलक्षितः कर्ता भोक्ता चात्माऽध्यवसातव्यः।

**अथा**त्र पर आरेकते → ज्ञानरूप आत्मा चेत् अनवरतमेव कस्मान्न पश्यति हि [1]सोऽर्थान् ? जानानं हि ज्ञानमुच्यते, 'ज्ञानं च न जानीते च' विप्रतिषिद्धमिदम्, आत्मा च [2]ज्ञानस्वरूपोऽतः सर्वदा तेन जानानेनैव भवितव्यम्, न जातुचिदन्यथेति, कस्माद् विज्ञानात्मकत्वे पूर्वोपलब्धार्थ[3]विषयमस्य विस्मरणमविनष्टज्ञानस्य सतो भवति ? किं वा कारणमव्यक्तबोधो भवत्यात्मा ? नाव्यक्तमिष्यते ज्ञानमुप-


પોતાના શરીરમાં બુદ્ધિપૂર્વકની ક્રિયા પોતાને અનુભવસિદ્ધ છે. અને તે ક્રિયાથી ઉત્પન્ન થયેલ સુખ અને દુઃખ તેમજ રૂપાદિ અર્થોનું જ્ઞાન અનુભવ (= પ્રત્યક્ષ) સિદ્ધ હોવાથી બુદ્ધિ (= જ્ઞાન) પ્રત્યક્ષ પ્રમાણનો વિષય છે અને તે (બુદ્ધિ) જ આત્મા છે એમ જાણવું. સ્વદેહવ્યાપી આત્મા એ સ્વાત્મા કહેવાય છે તથા પરદેહવ્યાપી આત્મા તે પર (= પરાત્મા) કહેવાય.

તેમજ જીવંત શરીરમાં શરીરના કારણ એવા શુક્ર અને ઓજસ્‌નું ધાતુ, ઇન્દ્રિય અને અંગોપાંગ આદિ રૂપે પરિણમન થતું હોવાથી તેનો કોઈ બુદ્ધિમાન ગ્રાહક હોવો જોઈએ, એમ અનુમાન કરાય છે. વળી મૃત શરીરમાં આહારનું તથારૂપે પરિણમન ન થતું હોવાથી, તે દેહમાંથી કોઈપણ બીજી ગતિમાં જતા કોઈપણ બુદ્ધિમાન વડે, તે મૃત શરીર ત્યાગ કરાયું છે (એવું પણ અનુમાન થાય છે) અને તે ત્યાગ કરનાર આત્મા છે એવું નિશ્ચય કરાય છે. આ પ્રમાણે ઉપયોગ રૂપ લક્ષણથી લક્ષિત (= ઓળખાયેલ), કર્તા અને ભોક્તા એવો આ આત્મા જાણવો.

### ❖ જ્ઞાન+અજ્ઞાન વિરોધી હોવાથી એક આધારમાં ન હોય - પૂર્વપક્ષ ❖

હવે અહીં અન્ય કોઈ **શંકા** કરે છે કે ખરેખર જો આત્મા જ્ઞાન (ચેતના) રૂપ છે તો તે (= આત્મા) અર્થોને નિરંતર જ કેમ જોતો (= જાણતો) નથી ? કહેવાનો આશય એ છે કે જે જાણનારું છે એ જ્ઞાન કહેવાય છે, પણ 'જ્ઞાન છે અને જાણતું નથી' એમ કહેવું એ તો વિપર્યય (**'माता मे वन्ध्या'**ની જેમ પરસ્પર વિરૂદ્ધ) વાત છે અને આત્મા એ જ્ઞાન સ્વરૂપ છે, એથી તે આત્મા હંમેશા જાણનાર જ રહેવો જોઈએ, ક્યારેય પણ અન્યથા (= અજ્ઞાની) રૂપે નહીં. બીજું એ કે આત્મા વિજ્ઞાનાત્મક હોય તો સદા અવિનષ્ટ જ્ઞાનવાળા એવા આ (= આત્મા)ને પૂર્વે ઉપલબ્ધ થયેલ અર્થવિષયક વિસ્મરણ (= અર્થનું વિસ્મરણ) શાથી થાય ? (જેથી અનુસ્મરણ

१. °ति सो° - मु. - खं (भां. रा.)। २. ज्ञानरुपो° - मु. (भां. खं.)।
३. °लब्धार्थे विषयम° - मुद्रितशुद्धिपत्रके (भां. खं. मु.)।

लब्धिस्वरूपत्वात्, न च ज्ञानात्मकत्वात् संशयेनास्य कदाचिदुत्पत्तव्यम्, अशेषविषयग्रहणं च स्यात् निरङ्कुशत्वाज्ज्ञानस्येति ?

**अत्रोच्यते** → ज्ञानात्मत्वे सत्यपि नानवरतोपयोगप्रसङ्गः, कथम् ? कर्मवशादयमात्मा सर्व-प्रदेशेषु प्रदेशाष्टकमपहाय मध्यवर्ति पिठरान्तर्वर्तिज्वलनज्वालाकलापतप्तोद्वर्तमानवारिवच्चलः सततमेव कृकलाशवदर्थान्तरेषु परिणमते, अनवस्थितोद्भ्रान्तमनस्त्वाच्च कथमुपयुज्येत स चिरमेकस्मिन्नर्थे ? स्वभावादेव चोपयोगस्थितिकालोऽन्तर्मुहूर्तपरिमाणः प्रकर्षाद् भवति, ज्ञानावरणकर्मपटलावच्छन्नत्वाच्च न सर्वदाऽवैति, यथा प्रकाशमयत्वेऽपि [1]भास्वान् बहलाभ्रपटलाभिभूतमूर्तिर्न प्रकाशते स्पष्टं तथाऽय-मात्मेति, स्मृतिरप्यत एव नावश्यम्भाविनी भवति तस्येति प्रत्येतव्यम्। अव्यक्तबोध-संशया[2]सर्वार्थ-



માનવું પડે) અથવા તો વિજ્ઞાનાત્મક એવો આત્મા અવ્યકત બોધવાળો શા કારણે થાય ? કારણ કે જ્ઞાન એ ઉપલબ્ધિ (= સ્પષ્ટ બોધ) સ્વરૂપ હોવાથી જ્ઞાનને અવ્યકત ઇચ્છાયું નથી. વળી આત્મા જ્ઞાનાત્મક હોવાથી આ આત્માને ક્યારે પણ સંશય ઉત્પન્ન થવો જોઈએ નહિ. વળી જ્ઞાનને કોઈ અંકુશ = પ્રતિબંધ ન હોવાથી આત્માને સઘળાં વિષયોનું જ્ઞાન થવું જોઈએ ? (પૂરી શંકાનો ભાવાર્થ એ થયો કે વિજ્ઞાનાત્મક આત્મામાં અનુપયોગિતા, વિસ્મરણ, અવ્યકતબોધ, સંશય કે અધૂરાશને કોઈ સ્થાન નથી.)

### ❁ સાપેક્ષભાવે બંને આત્મામાં હોય - ઉત્તરપક્ષ ❁

આ શંકાને વિષે સમાધાન કહેવાય છે કે આત્મા જ્ઞાનાત્મક હોવા છતાં તેમાં (એક કે સમગ્ર પદાર્થ વિશે તમે કહ્યા મુજબ) નિરંતર ઉપયોગ માનવાનો પ્રસંગ નથી આવતો.

**પ્રશ્ન :** તે કઈ રીતે ?

**ઉત્તર :** અગ્નિની જવાળાઓના સમૂહથી, હાંડીની અંદર રહેલા, અત્યંત ગરમ થઈ ગયેલા ઉકળતાં પાણીની જેમ, મધ્યવર્તી ૮ રૂચક પ્રદેશોને છોડી, શેષ સર્વ આત્મપ્રદેશોમાં, કર્મ (રૂપી જવાળા)ના વશ થકી ચંચળ એવો આ આત્મા નિરંતર જ કૃકલાશ (= કાચીંડા)ની જેમ જુદા જુદા રંગો = અર્થોને વિષે પરિણમે છે અને આ પ્રમાણે તે (આત્મા) અનવસ્થિત અને ભ્રમિત મનવાળો હોવાથી કઈ રીતે એક પદાર્થ વિશે ચિરકાળ સુધી ઉપયોગ રાખી શકે ? વળી સ્વભાવથી જ ઉપયોગનો ઉત્કૃષ્ટ સ્થિતિકાળ અંતર્મુહૂર્તના પરિણામવાળો હોય છે તેમજ જ્ઞાનાવરણ કર્મના પડલથી ઢંકાયેલો હોવાથી આત્મા નિરંતર જાણી શકતો નથી જે રીતે પ્રકાશમય હોવા છતાં પણ ઘન વાદળાના પડળથી ઢંકાઈ ગયેલ બિંબવાળો સૂર્ય સ્પષ્ટ રીતે પ્રકાશ પાથરી શકતો નથી. તે રીતે આ આત્મા કર્મપડલથી ઢંકાયેલ હોવાથી નિરંતર જાણી શકતો નથી એમ સમજવું. આથી

१. भास्करो - रा.। २. संशयसर्वार्थाग्र° - खं. संशयसर्वार्थग्र° - मुद्रितशुद्धिपत्रके (भां. मु.)।

ग्रहणानि चावरणशीलज्ञानावरणकर्मसद्भावादभ्युपेयानि।

यदा च [1]लब्धिस्वरूपान्तःकरणेन्द्रियाभोगिकानाभोगिकवीर्यसम्पन्नस्य ज्ञानावरणक्षयोपशमो भवति करणानुरूपस्तदा च ज्ञानं तत्क्षयोपशमानुरूपमाविर्भवति, लब्ध्यनुरूप[2]करणवीर्यानुसारितया, वीर्यापगमे च पुनरपि तदेव कर्मावृणोति सद्यस्तमात्मानं प्रागपाकीर्णशै[3]वालमलानामपामच्छत्वमिव, पुरुषकार-व्यापारोपरमसमनन्तरमेव शैवालपटलानि यथा [4]पुनराच्छादयन्ति, यथा वा भस्माद्यनेकद्रव्योद्घृष्टविमल-दर्पणतलमागन्तुकश्यामिकामलीमसमाशु जायते तथाऽस्यात्मनो मुहुर्मुहुर्ज्ञानावरणजलधौ निमज्जनोन्मज्जने (उन्मज्जन-निमज्जने ?) कुर्वतः स्पष्टः स्पष्टतरः स्पष्टतमो मलीमसो मलीमसतरो मलीमसतमश्च बोधः प्रादुरस्ति, अभ्यन्तरीकृतोभ[5]यनयविशेषसामर्थ्यस्थित्युत्पत्ति[6]निरोधानेकधर्माजहद्वृत्तिः सोऽय-



જ (= કર્મપડલથી ઢંકાયેલ હોવાથી જ) અનુભૂત પદાર્થની ''સ્મૃતિ પણ જીવને અવશ્ય થાય જ એવું નથી'' એમ સ્વીકારવું જોઈએ. તેમજ જ્ઞાનને આવરણ કરવાના સ્વભાવવાળા જ્ઞાનાવરણીય કર્મની વિદ્યમાનતાના લીધે અવ્યક્ત બોધ, સંશય અને અસર્વ = અલ્પ અર્થનું ગ્રહણ (આત્મામાં) સ્વીકારવું જોઈએ.

### ❁ સરોવરનું પાણી અને દર્પણ જેવો નિર્મળ આત્મા ❁

લબ્ધિ સ્વરૂપ અન્તઃકરણ (= મન) અને પાંચ ઇન્દ્રિય અર્થાત્ જ્ઞાનનું સામર્થ્ય તેમજ આભોગિક અને અનાભોગિક કરણવીર્યથી યુક્ત જીવને જ્યારે કરણવીર્યને અનુરૂપ એવો જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થાય છે ત્યારે જ તે ક્ષયોપશમને અનુરૂપ જ્ઞાન પ્રગટ થાય છે, અને જ્ઞાન એ લબ્ધિ (= જ્ઞાનશક્તિ)ને અનુરૂપ કરણવીર્ય (= વ્યાપૃત વીર્ય = પ્રયત્ન)ને અનુસરનારું હોવાથી વીર્ય નાશ કે હ્રાસ થતાં ફરી તે જ કર્મ જલ્દીથી તે આત્માને આવરી લે છે, આને દાખલાથી સમજાવતાં કહે છે કે જેમ જે રીતે સરોવરના પાણી ઉપરથી પેલા શેવાળ (= નીલવનસ્પતિ) સ્વરૂપ મળ દૂર કરાયું પણ બાદમાં તે પાણીની નિર્મળતાને ટકાવી રાખનાર પુરુષનો પ્રયત્ન રૂપ વ્યાપાર (= પાણીને સ્વચ્છ રાખવાની હલેસા લગાડવા આદિ પ્રવૃત્તિ રૂપ વ્યાપાર) અટકી જાય તો ધીમે ધીમે શેવાળના થરો ફરીથી સરોવરને ઢાંકી લે છે.

જેમ રાખ આદિ અનેક દ્રવ્યોથી ઘસેલ એવું નિર્મળ દર્પણતળ, એ ફરીથી આવી પડેલી કાલિમાથી શીઘ્ર મલિન થાય છે તેવી રીતે આ આત્માને જ્ઞાનાવરણીય કર્મરૂપી સમુદ્રમાં વારંવાર બહાર નીકળતા અને ડૂબકી લગાવતા ક્રમશઃ સ્પષ્ટ, સ્પષ્ટતર, સ્પષ્ટતમ તેમજ મલિન, અતિમલિન, અત્યંત વધુ મલિન તેમજ બોધ પ્રગટે છે.

१. लब्धिरुपा° - मु. (भां. खं.)। २. °करणरूपवी° - खं.। ३. °शैवल° - मु (खं.)। ४. °प्रच्छाद° प्रा. रा.।
५. °भयविशे° मु. (भां. खं.)। ६. °त्तिव्ययाने° - मु. (खं. रा.)।

## सूत्रम् :- स द्विविधोऽष्ट-चतुर्भेदः ॥२/९॥

**भाष्यम् :- स उपयोगो द्विविध → साकारोऽनाकारश्च।**

• गन्धहस्ति •

मात्मा प्रकाशस्वभावतिग्मांशुरिव चैतन्यस्वतत्त्वः स्व-परविभासी साकारा-नाकारोपयोगद्वयलाञ्छनोऽस्तीति प्रतिपद्यध्वमपास्तसमस्तशङ्कमिति॥२/८॥

एतावज्जीवस्वतत्त्वं विचार्यम्, नातः परं किञ्चिदस्ति स्वनिमित्तानां परनिमित्तानां च जीवधर्माणामभिहितव्यतिरेकेणासम्भवात्, स चोपयोगो यावता भेदेन वर्तते तावता सङ्गृह्यतेऽधुनेत्यत आह → **स द्विविधोऽष्ट-चतुर्भेदः** (इति सूत्रम्)। तच्छब्देन भाष्यकारोऽनन्तरमुपयोगं सम्बन्धयति, **स उपयोगः** सकलजीवराशेश्चिह्नभूतो **द्विविधो** = द्विप्रकारो भवति। **अपरे** पुनस्तच्छब्दं नाधीयतेऽनन्तरत्वात् किल स एव सम्भन्त्स्यते नार्थस्तत्पाठेन। **तदेतदयुक्तम्** → अन्यत्रापि हि तच्छब्दोपन्यासे-

**સૂત્રાર્થ :- ૮ અને ૪ ભેદે તે (ઉપયોગ) બે પ્રકારે છે. ॥૨/૯॥**

**ભાષ્યાર્થ :- તે ઉપયોગ બે પ્રકારે છે → (૧) સાકાર અને (૨) અનાકાર.**

• *હેમગિરા* •

(દ્રવ્યાસ્તિક તથા પર્યાયાસ્તિક નયોને આશ્રયી આત્મા ક્રમશઃ દ્રવ્યરૂપ પણ છે તથા પર્યાયરૂપ પણ છે. દ્રવ્યરૂપ હોવાથી આત્મામાં સ્થિતિરૂપ ધર્મ છે તથા પર્યાયરૂપ હોવાથી ઉત્પત્તિ તથા વિનાશરૂપ ધર્મ ઘટે છે.) આમ આગળ કરાયેલા બંને વિશિષ્ટ નયના સામર્થ્યથી ધ્રુવ-ઉત્પાદ-વ્યય રૂપ અનેક (અનંત) ધર્મોની અજહત્ વૃત્તિ (સદા અવસ્થિતિ)વાળો તે આ આત્મા ચૈતન્ય સ્વતત્ત્વવાળો (= ચૈતન્યાત્મક), પ્રકાશ કરવાના સ્વભાવવાળા સૂર્યની જેમ સ્વપરને જણાવનારો તથા સાકાર અને અનાકાર એમ બે ઉપયોગ રૂપ લક્ષણથી યુક્ત છે. એ પ્રમાણે તમારે સમસ્ત શંકા દૂર કરવા પૂર્વક સ્વીકારવું જ જોઈએ. ॥૨/૮॥

**૨/૯ સૂત્રની અવતરણિકા :** (આ પ્રમાણે સૂત્ર ૨/૧થી માંડીને ૨/૮ સૂત્ર સુધીમાં જેટલું જીવનું સ્વતત્ત્વ = સ્વરૂપ કહેવાયું.) એટલું જીવનું સ્વતત્ત્વ વિચારવું, આનાથી બીજું કોઈ (જીવનું સ્વતત્ત્વ) નથી, કારણકે ઉપર કહ્યા સિવાયના બીજા કોઈ સ્વનિમિત્તવાળા કે પરનિમિત્તવાળા જીવના ધર્મો અસંભવિત છે. હમણાં તે ઉપયોગ જેટલા ભેદે વર્તે છે, તેટલા ભેદનો સંગ્રહ કરી ૨/૯ સૂત્રને કહે છે.

'**स द्विविधोऽष्ट-चतुर्भेदः**' ૨/૯ સૂત્ર છે, તેમાં રહેલ '**तत्**' શબ્દથી ('**स**' એ '**तत्**' સર્વનામનું પુલ્લિંગ એકવચનનું રૂપ છે.) ભાષ્યકારશ્રી → હમણાં પૂર્વમાં (૨/૮ સૂત્રમાં) કહેલ '**ઉપયોગ**' પદને જોડે છે અર્થાત્ ગ્રહણ કરે છે. તે આ પ્રમાણે '**स**' એટલે કે ઉપયોગ (અને તે ઉપયોગ) સમગ્ર જીવરાશિના લક્ષણભૂત બે પ્રકારે હોય છે.

ऽनन्तर एव [1]सम्बध्येत ततश्च न क्वचित् तच्छब्दः प्रयोक्तव्यः स्यात् तथा च, '*काय-वाङ्-मनःकर्म योगः*', '*स आस्रवः*' (अ. ६, सू. १-२) इति, '*सकषायत्वाज्जीवः कर्मणो योग्यान् पुद्गलानादत्ते*', '*स बन्धः*' (अ. ८, सू. २-३) इति।

**पुनस्त एवाहुः** → न हि योगाः[2] भेद्यत्वेन विवक्षिताः[3] किन्त्वास्रवता विधीयते योगानां तत्र, अयं पुनरुपयोगो विभित्सितस्तत्र किमन्यः स्याद् यो द्विविधत्वादिना भिद्येत ? तथेतरत्रापि पुद्गलादानस्यात्मसात्कृतस्य बन्धविधानम्, अतो न समानम्।

**उच्यते** → कः खल्वयं नियमो यत्र भेदविधिस्तत्र तच्छब्दो न प्रयुज्यते इति ? रुचिमात्रमेव-



### ❁ સૂત્રગત 'स' પદની વિચારણા ❁

બીજાઓ સૂત્રના આ '**स**' શબ્દને સૂત્રમાં કહેતા નથી કેમકે તેઓનું કહેવું છે કે હમણાં જ પૂર્વના ૨/૮ સૂત્રમાં ઉપયોગ સંબંધી વ્યાખ્યા થઈ હોવાથી એના પછીના આ ૨/૯ સૂત્રમાં તે (ઉપયોગ) જ ગ્રહણ કરાશે. તેથી '**स**' શબ્દના પાઠનો કોઈ અર્થ નથી અર્થાત્ '**स**' પદ લખવાની જરૂર નથી.

**ઉત્તર :** તમારું આ કથન અયુકત છે કારણકે બીજે બધે પણ '**स**' (**= तत्**) શબ્દનો ઉપન્યાસ કરતી વખતે અનંતર (= તેની પૂર્વમાં કહેવાયેલો) પદાર્થ જ સંગત કરાય છે અને તેથી જો તમે કહ્યું એ રીતે હોય તો કયાંય પણ '**स**' તે રીતે સર્વનામ લખવો જોઈએ નહીં પરંતુ આગળના સૂત્રોમાં તો '**स**' શબ્દ લખ્યો છે, તે આ મુજબ કે - '**काय-वाङ्-मनःकर्म योगः,स आश्रवः**' (અ. ૬, સૂ. ૧-૨) એ જ રીતે '**सकषायत्वाज्जीवः कर्मणो योग्यान् पुद्गलानादत्ते, स बन्धः**' (અ. ૮, સૂ. ૨/૩) (તેથી '**स**' શબ્દ લખવામાં કોઈ આપત્તિ નથી.)

**પ્રશ્ન :** ત્યાં (= '**स आश्रवः**' સૂત્રમાં) યોગના ભેદ કહેવાનું વિવક્ષિત નથી (અર્થાત્ ત્યાં યોગના ભેદ નથી દર્શાવવા) પરંતુ યોગોની આશ્રવતાનું વિધાન કર્યું છે અર્થાત્ યોગોને આશ્રવ કહ્યા છે. (આમ ત્યાં (૬/૨ સૂત્રમાં યોગોની આશ્રવતા બતાડવા ખાતર '**स**' પદનો પ્રયોગ કર્યો છે.) જ્યારે પ્રસ્તુતમાં તો ઉપયોગના ભેદ પાડવા ઇષ્ટ છે. ત્યાં ઉપયોગ સિવાય અન્ય શું હોય જે દ્વિવિધાદિ ભેદ વડે ભેદી શકાય ? (માટે '**स**' લખવાની જરૂર નથી.)

તેમજ બીજા ઠેકાણે (૮/૩ સૂત્રમાં) પણ આત્મસાત્ કરાયેલ પુદ્ગલોના ગ્રહણનું બંધરૂપે વિધાન કર્યું છે, (પણ કોઈ પ્રકારો નથી જણાવ્યા. તેથી ત્યાં પણ '**स**' પદ એ યોગ્ય જ છે. પણ પ્રસ્તુતમાં તો ઉપયોગના ભેદ કહ્યા હોવાથી '**स**' પદનું કોઈ પ્રયોજન નથી.) આથી (પ્રસ્તુત '**स**' પદની વાતમાં ઉપરોકત બે દાખલા) સમાન નથી.

१. सम्बध्यते - खं. रा. क - ख। २. योगः - मु (खं. भा.)। ३. विवक्षितः - मु. (खं. मां.)।

• गन्धहस्ति •

मङ्गीकृतं स्यात्, अविगानेन च भाष्यमेवं पठ्यते → **स उपयोगो द्विविधस्त**देतदगमितं स्यात्, तस्मादस्तु तच्छब्दः। द्विविध एवोपयोगो भवतीत्यवधार्यते मूलभेदतः तच्च द्वैविध्यमाचार्यः स्पष्टयति → **साकारो ऽनाकारश्चेति**। आकारो = विकल्पः सह आकारेण साकारः, अनाकारस्तद्विपरीतः, निर्विकल्प इत्यर्थः।

एतद् व्याख्यान**मन्येऽपवदन्ते**[1] → साकारानाकारयोर्यत्केवलदर्शने शक्त्यभावः प्रसज्यते मनःपर्याये च दर्शनप्रसङ्गः, तयोर्हि घटादिसामान्यग्रहणेऽपि ज्ञानमेव तन्न दर्शनमिति, तस्मादाकारो लिङ्गम्, स्निग्ध-मधुरादि-शङ्खशब्दादिषु यत्र लिङ्गेन ग्राह्यार्थान्तरभूतेन ग्राह्यैकदेशेन वा साधकेनोपयोगः स साकारः, यः पुनर्विना लिङ्गेन साक्षात् सोऽनाकारः एवं सति पूर्वकं दोषद्वयं परिहृतं भवति।

• *હેમગિરા* •

**ઉત્તર :** શું ખરેખર એવો નિયમ છે કે જ્યાં ભેદનું વિધાન કરવું હોય ત્યાં જ '**तत्**' (**स**) શબ્દનો પ્રયોગ નથી કરાતો ? અર્થાત્ આવો કોઈ નિયમ નથી. આથી આ વાત તો માત્ર તમારી રુચિ માત્રથી જ ગ્રહણ કરાયેલી થાય છે અર્થાત્ સૈદ્ધાંતિક નથી યદિ જો સૂત્રમાં '**स**' પદ ન માનીએ તો બધે નિર્વિવાદ જે '**स उपयोग द्विविधः**' ભાષ્ય વંચાય છે / સ્વીકાર્ય છે. તેમાં આ 'સ'નો પ્રયોગ અગમિત = નિરર્થક સાબિત થશે તેથી તે '**स**' શબ્દ (જે સૂત્રમાં કહ્યો છે તે) રહો અર્થાત્ યોગ્ય છે.

(દરેક વાક્ય અવધારણ સાથેના હોય છે એ ન્યાયે પ્રસ્તુતમાં પણ) '**द्विविध एव**' બે પ્રકારે જ ઉપયોગ હોય છે, એમ મૂળ ભેદની અપેક્ષાએ અવધારણ કર્યું છે અને તે બે પ્રકારને આચાર્યશ્રી (ભાષ્યમાં) સ્પષ્ટ કરે છે (૧) સાકાર અને (૨) અનાકાર. આકાર એટલે વિકલ્પ, આ વિકલ્પ સાથે જે વર્તે તે સાકાર = સવિકલ્પ. આનાથી વિપરીત તે અનાકાર અર્થાત્ નિર્વિકલ્પ.

### ❖ સાકાર અને અનાકારના અર્થની ચર્ચા ❖

**શંકા :** (સાકાર અને અનાકાર ઉપયોગની) આ વ્યાખ્યાને બીજાઓ દોષ યુક્ત કહે છે તે આ પ્રમાણે → સાકાર અને અનાકારની તમારી વ્યાખ્યા પ્રમાણે તો જે કેવળદર્શન છે તેમાં શક્તિનો અભાવ પ્રાપ્ત થાય છે અને મનઃપર્યાયમાં દર્શનનો પ્રસંગ માનવો પડશે ! કેમકે આ બંનેમાં (કેવળદર્શન અને મનઃપર્યાયમાં) ઘટાદિ સામાન્યના ગ્રહણમાં પણ જ્ઞાન જ છે, તે દર્શન નથી. તેથી (આ દોષને દૂર કરવા માટે) આકાર એટલે કે લિંગ એવો અર્થ કરવો. (૧) સાકાર → સ્નિગ્ધ, મધુરાદિ, શંખના શબ્દ આદિ વિષયોમાં ગ્રાહ્ય પદાર્થથી અર્થાંતરભૂત (= ભિન્ન) એવા લિંગ વડે અથવા ગ્રાહ્ય પદાર્થના જ એક દેશરૂપ એવા સાધક લિંગ (= હેતુ) વડે જે ઉપયોગ (વર્તે) છે તે સાકારોપયોગ સમજવો. (૨) અનાકાર → જે લિંગ (= હેતુ)

१. °मन्ये एवं वदन्ते - प्रा. क - ख।

• गन्धहस्ति •

**तदेतदयुक्तम्**, यत् तावदुच्यते → ''केवलदर्शने शक्त्यभावः प्रसजति इति'' का पुनरसौ शक्तिः ? यदि तावद् विशेषविषयः परिच्छेदः शक्तिशब्दवाच्यस्तस्याभावोऽभ्योद्यते ततोऽभिलषितमेव सङ्गृहीतं स्यात्। अथ सामान्यार्थग्रहणशक्त्यभावो नोद्यते ततस्तस्य दर्शनार्थतैवानुपपन्ना स्यात्, किं हि तेन दृश्यते ? यदप्युक्तं''मनःपर्याये दर्शनप्रसङ्ग'' इति तदागमानवबोधादयुक्तम्। न ह्यागमे मनःपर्यायदर्शन-मस्ति, चतुर्विधदर्शनश्रवणात्, आगमप्रसिद्धं चेहोपनिबध्यते, न स्वमनीषिका प्रतन्यत इति। मनःपर्याय-ज्ञानिनो हि **भगवत्यामा**शीविषोद्देशके (श. ८, उ. २, सू. ३१९-३२०) द्वे त्रीणि वा दर्शनान्युक्तानि, अतो गम्यते यो मनःपर्यायविदवधिमांस्तस्य त्रयमन्यस्य द्वयम्, अन्यथा हि त्रयमेवाभविष्यदिति।

• *હેમગિરા* •

વિનાનો સાક્ષાત્ ઉપયોગ છે તે અનાકારોપયોગ સમજવો. આવી સાકાર અને અનાકારની વ્યાખ્યા કરવાથી તે પૂર્વના બે દોષનો પરિહાર થાય છે.

### ❁ કેવળદર્શન શક્તિ શૂન્ય નથી ❁

**સમાધાન :** 'કેવળદર્શનમાં શક્તિના અભાવનો પ્રસંગ આવશે' એવું જે પ્રથમ તમે કહો છો તે અયુક્ત છે કેમકે શક્તિ એ વળી શું છે ? જો 'વિશેષ વિષયવાળો બોધ' એ શક્તિ શબ્દનો અર્થ કરી અને તેનો અભાવ (કેવળદર્શનમાં) કહેવાય તો એ તો અમોને ઇચ્છિત જ છે અર્થાત્ આ અમને ઇષ્ટાપત્તિ છે.

હવે જો શક્તિ શબ્દનો બીજો અર્થ 'સામાન્ય વિષયવાળો બોધ' એવો કરવામાં આવે અને એવી શક્તિનો અભાવ કેવળદર્શનમાં કહેવામાં આવે તો તેની (કેવળદર્શનની) દર્શનાર્થતા જ અનુપપન્ન થાય છે અર્થાત્ કેવળદર્શનને દર્શન તરીકે જ નહીં કહી શકાશે, કારણકે (સામાન્ય વિષયના બોધ રૂપ શક્તિના અભાવમાં હવે) તે કેવળદર્શન વડે શું દેખાશે ? અર્થાત્ કાંઈ નહીં દેખાય.

### ❁ મનઃપર્યાય દર્શન અનાગમિક છે ❁

બીજું તમે જે કહ્યું હતું કે 'મનઃપર્યાયમાં દર્શનનો પ્રસંગ આવશે' તે પણ (તમોને) આગમનો બોધ નહી હોવાથી અયુક્ત છે. તે આ પ્રમાણે કે ખરેખર આગમમાં મનઃપર્યાય દર્શન ક્યાંય કહેવાયેલું નથી. કેમકે ૪ પ્રકારના (ચક્ષુ, અચક્ષુ, અવધિ અને કેવલ) દર્શન આગમમાં સંભળાય છે અને અહીં દરેક વાત આગમમાં પ્રસિદ્ધ હોય તે જ લખાય છે, સ્વૈચ્છિક કોઈ વાત લખાતી નથી. કારણકે એવા **શ્રી ભગવતીજી સૂત્ર**ના ૮મા શતકના આશીવિષ નામના બીજા ઉદ્દેશા (સૂ. - **૩૧૯-૩૨૦**)માં મનઃપર્યાય જ્ઞાનીઓને **૨** અથવા **૩** દર્શન કહેવાયા છે, આ વાત ઉપરથી એમ જણાય છે કે જે અવધિજ્ઞાન સહિત મનઃપર્યાયજ્ઞાની છે તેમને **૩** દર્શન (ચક્ષુ, અચક્ષુ અને અવધિ) હોય, અન્યને (= અવધિજ્ઞાન રહિત મનઃપર્યાયજ્ઞાનીને) **૨** દર્શન (ચક્ષુ અને અચક્ષુ) હોય. અન્યથા (જો મનઃપર્યાયદર્શન માન્યું હોત તો) નિશ્ચે (અવધિરહિત મનઃપર્યાય-

तत्रागमप्रसिद्धस्य व्याख्या क्रियते → निर्विकल्पोऽर्थोऽनाकारार्थः यद् दर्शनं तन्निर्विकल्पम्, अतो न मनःपर्यायदर्शनप्रसङ्गः, तस्मात् तदेवास्तु पूर्वव्याख्यानम्, पर्यायाः = विकल्पास्तैः सहवर्ति साकारम्, अनाकारमालोचनमात्रं निर्विकल्पमिति[1]। उपयोगक्रमश्च द्रष्टव्यः → प्रागनाकारः[2] पश्चात् साकार इति प्रवृत्तौ क्रमनियमः, यतस्तु नापरिमृष्टसामान्यो[3] विशेषाय धावति।

यद्येवं ततः सूत्रमित्थमध्येयं → **स द्विविधश्चतुरष्टभेद** इति।

**उच्यते** → पारमर्षप्रवचनप्रसिद्धक्रमानुवृत्त्या सूत्रं [4]न्यबध्नीत सूत्रकारः → ❖''*कतिविधे[5] णं भंते! [6]उपओगे पण्णत्ते ? गोयमा ! दुविहे पण्णत्ते,▲ तं जहा → सागारो [7]पओगे य अणागारो[8]*



જ્ઞાનીમાં) ૩ દર્શન જ કહ્યા હોત. (પણ તેવું તો શાસ્ત્રમાં કહ્યું નથી.)

ત્યાં (= ઉપયોગ વિષે) આગમ પ્રસિદ્ધ (૪ પ્રકારવાળા અનાકાર ઉપયોગ)ની વ્યાખ્યા આ પ્રમાણે કરાય છે કે (અનાકારજ્ઞાન એ નિર્વિકલ્પ જ્ઞાન છે એટલે) જે દર્શન (= અનાકાર ઉપયોગ) છે તે નિર્વિકલ્પ કહેવાય છે આથી મનઃપર્યાય દર્શન માનવાનો પ્રસંગ આવતો નથી. તેથી તે જ પૂર્વની વ્યાખ્યા રહો અર્થાત્ વ્યાજબી છે.

વિકલ્પ એટલે પર્યાય, તે વિકલ્પોની સાથે રહેનારો જે ઉપયોગ છે તે સાકાર ઉપયોગ તથા જે ઉપયોગ વિકલ્પ વગરનો હોય અર્થાત્ માત્ર આલોચન = દર્શન રૂપ જ હોય તે અનાકારોપયોગ કહેવાય.

### ❁ ઉપયોગના ક્રમને નિહાળીએ ❁

ઉપયોગનો ક્રમ આ પ્રમાણે જાણવો → ''પ્રથમ અનાકાર પછી સાકાર'' આવો ક્રમનો નિયમ ઉપયોગની પ્રવૃત્તિમાં જાણવો કારણકે જીવ એ સામાન્ય ઉપયોગનો પરામર્શ કર્યા વિના વિશેષ ઉપયોગ માટે પ્રવૃત્ત થતો નથી.

**પ્રશ્ન :** જો આ પ્રમાણે તમે કહ્યા મુજબનો ક્રમ ઉપયોગમાં હોય તો સૂત્ર '**स द्विविधश्चतुरष्टभेदः**' આ પ્રમાણે કહેવું. (પણ તેવું તો નથી અર્થાત્ તમે કહેલ ઉપયોગના ક્રમથી વિપરીત સૂત્રનો ક્રમ છે.)

**ઉત્તર :** તીર્થંકરના પ્રવચનમાં પ્રસિદ્ધ ક્રમને અનુસરવા વડે સૂત્રકારે સૂત્રને રચ્યું છે. શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં આ પ્રમાણે કહ્યું છે કે -

***પ્રશ્ન :*** *હે ભગવાન ! ઉપયોગ કેટલા પ્રકારના કહેવાયા છે ?*

१. °कल्पकमि° मु. - (भां. खं. पा. रा.)। २. प्रागनधिकारः - रा। ३. °परिमृषसा° प्रा. पा.। ४. न्यवधात् - रा.।
५. कतिविहे णं - मु. (खं. भा.)। ६. उवओगे - मु. (खं. भा.)। ७. °गारोवओ° - मु. (खं. भा.)।
८. °गारोवओ° - मु. (खं. भा.)। ▲...▲ चिह्नितोऽयं पाठः खं. भां. प्रतौ नास्ति।
❖ कतिविधो भदन्त ! उपयोगः प्रज्ञप्तः ? गौतम ! द्विविधः (उपयोगः) प्रज्ञप्त तद्यथा साकारोपयोगश्चानाकारोपयोगश्चेति।

**भाष्यम् :- ज्ञानोपयोगो दर्शनोपयोगश्चेत्यर्थः ।**

**गन्धहस्ति**

*पओगे य'' (श्री प्रज्ञापना पद - २९, सूत्र - ३१२) ।*

**अथार्ष** एव कैमर्थक्यात् क्रमभेदः ? **उच्यते** → बहुभेदत्वाद् बहुवक्तव्यत्वाच्च प्राक् साकारोपन्यासस्ततोऽनाकारः स्वल्पभेदवक्तव्यत्वात्, मत्यादिज्ञानेषु च व्याख्यातेषु प्रायश्चक्षुर्दर्शनाद्यपिव्याख्यातमेवेति यत्किञ्चिदुत्तरत्र व्याख्येयं स्यात्, अतोऽपि युज्यते प्रथमतः साकारोपयोग इति। **चशब्दः** समुच्चितौ। साकारश्चोपयोगोऽनाकारश्च[1]। एतदेवोपयोगद्वयं प्रसिद्धतरवाक्यान्तरेण निरूपयन्नाह → **ज्ञानोपयोगो दर्शनोपयोगश्चेत्यर्थः**। एतावानुपयोगो भवन् भवेद् यदुत ज्ञानरूपो दर्शनरूपश्चेति, नातोऽन्य उपयोगः समस्ति।

**ननु** च ज्ञान-दर्शनाभ्यामर्थान्तरभूत उपयोगोऽस्त्येकान्तनिर्विकल्पः, एवं च विग्रहगतिप्राप्तानां

**ભાષ્યાર્થ :- અર્થાત્ જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ.**

*હેમગિરા*

*ઉત્તર : હે ગૌતમ ! ૨ પ્રકારના કહેવાયા છે. તે આ પ્રમાણે → સાકારોપયોગ અને અનાકારોપયોગ.* ***(શ્રી પ્રજ્ઞાપના પદ-૨૯, સૂત્ર-૩૧૨)*** આ પ્રમાણે આગમમાં ક્રમભેદ હોવાથી સૂત્રમાં પણ સૂત્રકારે ક્રમ ભેદ કર્યો છે.

**પ્રશ્ન :** આર્ષ (= પ્રવચન)માં આવો ક્રમભેદ કયા કારણથી કર્યો છે ?

**ઉત્તર :** ઘણાં ભેદવાળો અને ઘણી વકતવ્યતા (= વિસ્તાર)વાળો હોવાથી સાકારોપયોગનો ઉપન્યાસ પ્રથમ કર્યો છે. તેના કરતાં અત્યંત અલ્પ ભેદવાળો તથા અલ્પ વકતવ્યતાવાળો હોવાથી અનાકાર ઉપયોગ તેની પછી ઉપન્યાસ કરાયો છે. વળી બીજી વાત એ છે કે (શરૂઆતમાં) મતિ આદિ જ્ઞાનો (સાકાર)ની વ્યાખ્યા કર્યે છતે ચક્ષુદર્શન આદિ (અનાકાર)ની પણ પ્રાયઃ વ્યાખ્યા કરાયેલી જ થાય છે, આથી પછી સામાન્ય વ્યાખ્યા જ કરવી યોગ્ય રહે. એ કારણથી પણ શરૂઆતમાં સાકારોપયોગ આગમમાં લખાય છે. '**साकारोऽनाकारश्च**' એ ભાષ્યમાં રહેલ '**च**' શબ્દ સમુચ્ચયના અર્થમાં છે. તે આ પ્રમાણે કે ''સાકારોપયોગ અને અનાકારોપયોગ''.

આ ૨ ઉપયોગને જ અત્યંત પ્રસિદ્ધ બીજા વાકય વડે દર્શાવતાં ભાષ્યકારશ્રી કહે છે, તે આ પ્રમાણે - સાકારોપયોગ એટલે જ્ઞાનોપયોગ અને અનાકારોપયોગ એટલે દર્શનોપયોગ. આત્મામાં થતો ઉપયોગ આટલો (આ બે પ્રકારે) જ થાય છે - જ્ઞાનરૂપ અને દર્શનરૂપ. આ બે સિવાય અન્ય ત્રીજો કોઈ ઉપયોગ આત્મામાં હોતો નથી.

**પ્રશ્ન :** જ્ઞાન અને દર્શનથી ભિન્ન એક એકાંત નિર્વિકલ્પ રૂપ ઉપયોગ છે અને આ પ્રમાણે એ એકાંત નિર્વિકલ્પ રૂપ ઉપયોગ સ્વીકારવાથી વિગ્રહગતિને પ્રાપ્ત થયેલ જીવોમાં જ્ઞાન

१. °कारोपयोगश्च - मु. (खं. भा.)।

ज्ञान-दर्शनोपयोगासम्भवेऽपि जीवलक्षणव्याप्तिरन्यथा ह्यव्यापकं लक्षणं स्यात्, तेषां हि द्रव्येन्द्रिय-मनसामभावादुपयागोऽस्त्येकान्तनिर्विकल्पः, एवं च विग्रहगतिप्राप्तानां ज्ञान-दर्शनोपयोगासम्भवेऽपि तन्निमित्तं मतिज्ञानं नास्ति, ततश्च तत्पूर्वकं श्रुतमपि न सम्भवति, अतस्तेषां ज्ञानदर्शनोपयोगाभावाद[1]-जीवत्वं स्यादिति।

**तदेतत्** सर्वमयुक्तमुक्तम्, स्वसिद्धान्तानवबोधात्, इह प्रवचने मत्यादीनि लब्धित उपयोगतश्च चिन्त्यन्ते, तत्र सम्यग्दृष्टेरविरतो जघन्यतरोऽन्तर्मुहूर्तपरिमाणकालः[2] प्रकर्षतः षट्षष्टिसागरोपमाणि साधिकानि लब्धिमङ्गीकृत्याधीतः, उपयोगतोऽन्तर्मुहूर्तमेव जघन्योत्कर्षाभ्याम्, मिथ्यादृष्टेरनादिमत्यज्ञानादि कस्यचित्, कस्यचित् तु सादि भवति लब्धितः, उपयोगतस्तु तस्याप्यन्तर्मुहूर्तमवस्थानम्।

तत्र यदेतदुच्यते → ''द्रव्येन्द्रिय-मनसामभावान्मतिज्ञानं नास्ति तत्पूर्वकं श्रुतमपि नास्ति'' तन्मिथ्या,



અને દર્શનના ઉપયોગનો અસંભવ હોવા છતાં પણ જીવના લક્ષણની વ્યાપ્તિ છે અર્થાત્ અવ્યાપ્તિ થતી નથી. અન્યથા (= જો એકાંત નિર્વિકલ્પ સ્વરૂપ ત્રીજો ઉપયોગ ન સ્વીકારો તો) ખરેખર જીવનું લક્ષણ અવ્યાપક થાય કારણકે વિગ્રહગતિમાં રહેલા જીવોમાં દ્રવ્યેન્દ્રિય અને મનનો અભાવ હોવાથી એકાંત નિર્વિકલ્પ ઉપયોગ સંભવે છે (પણ જ્ઞાન-દર્શન ઉપયોગ નહીં). આ રીતે વિગ્રહગતિ પ્રાપ્ત જીવોને જ્ઞાન ઉપયોગ અને દર્શન ઉપયોગનો અસંભવ હોવાથી તે ઉપયોગ નિમિત્તે થતું મતિજ્ઞાન નથી. અને તેથી મતિજ્ઞાનપૂર્વક થનારું શ્રુતજ્ઞાન પણ ન સંભવે. આમ આ જ્ઞાન અને દર્શન ઉપયોગના અભાવે (તથા અમને સમ્મત નિર્વિકલ્પ ઉપયોગને પણ સ્વીકાર્યું ન હોવાથી તેના પણ અભાવે) તેઓમાં અજીવત્વ સિદ્ધ થઈ જશે.

### ❖ એકાંત નિર્વિકલ્પ ઉપયોગ નથી ❖

**ઉત્તર :** તમે આ સઘળું ય અયુક્ત કહ્યું છે, કારણ કે સ્વ (= જૈન) સિદ્ધાંતનો તમને બોધ નથી. અહિં જિન પ્રવચનમાં મતિ આદિ જ્ઞાનોને લબ્ધિથી અને ઉપયોગથી (એમ બે રીતે) વિચારાય છે. ત્યાં લબ્ધિને આશ્રયીને સમ્યગ્દષ્ટિ જીવના મત્યાદિનો આંતરા વિનાનો અંતર્મૂહૂર્ત પ્રમાણ કાળ જઘન્યતર (= નાનામાં નાનો) છે, ઉત્કૃષ્ટથી (આંતરા વિનાનો કાળ) સાધિક ૬૬ સાગરોપમ પ્રમાણ હોય છે. ઉપયોગની અપેક્ષાએ તો મત્યાદિ જ્ઞાનનો આંતરા વિનાનો કાળ જઘન્યથી કે ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત પ્રમાણ જ છે.

તે જ રીતે લબ્ધિની અપેક્ષાએ કોઈ (અનાદિ) મિથ્યાદષ્ટિને મતિ-અજ્ઞાન વગેરે અનાદિકાલીન હોય છે. વળી કોઈ (સાદિ) મિથ્યાત્વીને મતિઅજ્ઞાન વગેરેની સાદિ હોય છે. ઉપયોગની અપેક્ષાએ તો તે (સાદિ અને અનાદિ) મિથ્યાત્વીને પણ મતિઅજ્ઞાન વગેરેની સ્થિતિ અંતર્મુહૂર્તની હોય છે.

१. °दजीवादिति – पा। २. °कालं मु. (खं. भां.)।

आगमविरोधश्च ★"[1]*जातिस्सरो उ भगवं, अप्पडिवडितेहिं तिहिं तु नाणेहिं*" (*आव. नि. गा. १९३ ऋषभजन्माधिकारे*)। यदि तदा मति-श्रुते न स्तः कथमप्रतिपतितज्ञानश्चुच्युवे भगवान् नाकपृष्ठतः ?

तथाऽमुनाऽप्याचार्येणोक्तम् → '*ज्ञानैः पूर्वाधिगतैः*' (सम्बन्ध-का. १२) इत्यादि, तथा **भगवत्या**माशीविषोद्देशके (श. ८, उ. २, सू. ३१८)

★"[2]***अपज्जत्तगा णं भंते ! जीवा किं नाणी अण्णाणी ? ▲तिन्नि▲ गोयमा ! नाणा तिन्नि अण्णाणा भयणाए***", तथा तस्यामेवैकोनविंशतिशते ★"***मति [3]अण्णाणी णं भंते ! मतिअण्णाणभावेणं किं पढमे, अपढमे ? गोयमा ! नो पढमे, अपढमे, एवं [4]सुतअण्णाणीवि***"॥

• હેમગિરા •

ત્યાં ઉપયોગના પ્રસ્તાવમાં તમે (પૂર્વપક્ષીએ) જે ઉપર કહ્યું કે વિગ્રહગતિમાં દ્રવ્યેન્દ્રિય અને મનનો અભાવ હોવાથી મતિજ્ઞાન નથી અને મતિજ્ઞાનપૂર્વકનું શ્રુતજ્ઞાન પણ નથી તે વાત ખોટી છે અને આગમ વિરૂદ્ધ છે, તે આ મુજબ – "*જાતિસ્મરણ જ્ઞાનવાળા ભગવાન, અપ્રતિપાતી એવા ૩ જ્ઞાનથી યુક્ત જ દેવલોકમાંથી ગર્ભમાં અવતર્યા હતા.*" તેમ આવશ્યક નિર્યુક્તિમાં શ્રી ઋષભજિન જન્માધિકારમાં (ગાથા **૧૯૩**માં) કહ્યું છે. ત્યારે જો (વિગ્રહગતિમાં) મતિ અને શ્રુતજ્ઞાન ન હોય તો ભગવાન કઈ રીતે અપ્રતિપાતી જ્ઞાન સહિત દેવલોકના ભૂમિતલથી ચ્યવ્યા ? તથા આ આચાર્યશ્રી એ પણ સંબંધ કારિકાના '**ज्ञानैः पूर्वाधिगतैः**' ઇત્યાદિ એવા **૧૨**મા શ્લોકમાં કહેવાયું છે કે "*પૂર્વભવથી જ અપ્રતિપાતી અને શુદ્ધ એવા ૩ જ્ઞાનને પ્રાપ્ત એવા તીર્થંકર (વીરપ્રભુ) ચંદ્રની શીતલતા, ધૃતિ અને કાંતિ જેવા હતા.*" તથા શ્રી ભગવતીસૂત્રમાં પણ **૮**મા શતકના આશીવિષ નામના બીજા ઉદ્દેશાના **૩૧૮**મા સૂત્રમાં કહ્યું છે કે →

*__પ્રશ્ન :__ હે ભગવાન ! અપર્યાપ્ત જીવો શું જ્ઞાની હોય કે અજ્ઞાની ?*

*__ઉત્તર :__ હે ગૌતમ ! "અપર્યાપ્તા જીવમાં ૩ જ્ઞાનો અથવા ૩ અજ્ઞાનો ભજના વડે છે.*

*વળી તે જ ભગવતીજી સૂત્રમાં **૧૯**મા શતકમાં કહ્યું છે કે →*

*__પ્રશ્ન :__ હે પ્રભુ ! મતિઅજ્ઞાની એ મતિઅજ્ઞાનના ભાવ વડે શું પ્રથમ હોય કે અપ્રથમ ?*

*__ઉત્તર :__ હે ગૌતમ ! મતિઅજ્ઞાની એ મતિઅજ્ઞાનના ભાવ વડે પ્રથમ નથી હોતો પણ અપ્રથમ હોય છે. આ જ પ્રમાણે શ્રુતઅજ્ઞાની વિશે પણ જાણવું. આમ ભગવતી સૂત્રના બંને*

१. जाइस्सरो उ भगवं, अप्पडिवडिएहिं तिहिं उ नाणेहिं - मु. (खं. भां.)। २. अपज्जतका णं - पा.।
३. मइ अण्णा॰ - मु. (खं. भा.)। ४. सुअण्णा॰ - मु. (खं. भा.)।

★ जातिस्मरस्तु भगवान्, अप्रतिपतितैस्त्रिभिर्ज्ञानैर्युक्त एव। ▲...▲ चिह्नितोऽयं पाठः खं. भां. प्रतौ नास्ति।

★ अपर्याप्ता भदन्त ! जीवाः किं ज्ञानिनोऽज्ञानिनः? त्रीणि गौतम ! ज्ञानानि त्रीणि अज्ञानानि भजनया।

★ मत्यज्ञानी भदन्त ! मत्यज्ञानभावेन किं प्रथमोऽप्रथमः ? गौतम ! न प्रथमः, अप्रथमः, एवं श्रुताज्ञानान्यपि।

ननु चागम एवोपयोगात्मा ज्ञान-दर्शनव्यतिरिक्त उक्तः, **भगवत्यां** द्वादशशते → द्रव्य-कषाय-योगोपयोग-ज्ञान-दर्शन-चरण-वीर्यात्मानोऽष्टौ भवन्ति, अत्र चोपयोगात्मा पृथगुपात्तः, स च विग्रहगतौ जीवानां भविष्यति।

एतदपि वार्तम्, यस्मात् तस्मिन्नेवात्माऽष्टकाधिकारे (श. १२, उ. १०, सू. ४६७) उक्तम् → ★"***जस्स दवियाता तस्स उवयोगाता णियमा अत्थि, जस्स उवयोगाता[1] तस्स नाणाता[2] वा दंसणाता[3] वा णियमा अत्थि***" एवं सूत्रेऽतिस्पष्टेऽपि विभक्ते न विद्मः कुत इदं तेषां मोहमलीमसधियामागतम् ? अपि च → सूत्रे ज्ञान-दर्शने एवोपयोगतामापन्ने बहिरर्थाकारपरिणतिनी सती समुपात्ते उपयोगग्रहणेन, न पुनर्ज्ञान-दर्शनव्यतिरिक्तः कश्चिदुपयोग इति, तथा तु ज्ञान-दर्शनात्मैव क्रोधादि-



*પાઠથી સિદ્ધ થાય છે કે વિગ્રહગતિમાં રહેલા જીવને દ્રવ્યેન્દ્રિય અને મનનો અભાવ હોવા છતાંય ૩ જ્ઞાન હાજર હોય છે.*

### ❖ આઠ પ્રકારના આત્મા ❖

**પ્રશ્ન :** આગમમાં જ જ્ઞાન અને દર્શનથી જુદો એવો ઉપયોગાત્મા કહેવાયેલ છે. શ્રી ભગવતીજી સૂત્રમાં **૧૨**મા શતકમાં આત્મા ૮ પ્રકારે હોય છે એમ કહ્યું છે. તે આ રીતે કે - (૧) દ્રવ્યાત્મા, (૨) કષાયાત્મા, (૩) યોગાત્મા, (૪) ઉપયોગાત્મા, (૫) જ્ઞાનાત્મા, (૬) દર્શનાત્મા, (૭) ચરણાત્મા = ચારિત્રાત્મા, (૮) વીર્યાત્મા. અહીં (૮ પ્રકારમાં) ઉપયોગાત્મા જુદો દર્શાવ્યો છે અને તે (ઉપયોગાત્મા) વિગ્રહગતિમાં જીવોને હશે.

**ઉત્તર :** આ વાત પણ નકામી છે. કારણ કે તે જ ભગવતીસૂત્રમાં **૧૨**મા શતકના આત્મઅષ્ટકના અધિકારમાં આ પ્રમાણે કહ્યું છે કે *'જેને દ્રવ્યાત્મા છે તેને ઉપયોગાત્મા નિયમા છે, જેને ઉપયોગાત્મા છે તેને જ્ઞાનાત્મા અને દર્શનાત્મા નિયમા છે.'* આ પ્રમાણે સૂત્રમાં અત્યંત સ્પષ્ટપણે વિભાગ કર્યો હોવા છતાં પણ મોહથી મલિન થયેલ બુદ્ધિવાળા તેઓ આ (નિર્વિકલ્પ ઉપયોગ) ક્યાંથી લાવ્યા ? તે અમે જાણી શકતા નથી.

વળી બીજી વાત એ કે લબ્ધિ રૂપ જ્ઞાન અને દર્શન (= જ્ઞાનાત્મા અને દર્શનાત્મા) જ ઉપયોગ અવસ્થાને પામેલા અર્થાત્ બાહ્ય પદાર્થ રૂપ આકાર (= વિષય)ની પરિણતિને પામેલા (= બાહ્ય પદાર્થનો બોધ કરનારા) ઉપયોગ (= ઉપયોગાત્મા) શબ્દના ગ્રહણથી આગમ સૂત્રમાં ગ્રહણ કરાયા છે પણ જ્ઞાન અને દર્શન (= જ્ઞાનાત્મા-દર્શનાત્મા)થી ભિન્ન કોઈ ઉપયોગ (= ઉપયોગાત્મા) ગ્રહણ કરાયો નથી. વળી જે રીતે જ્ઞાનાત્મા અને દર્શનાત્મા જ ક્રોધ વગેરે

१. उपयोगाया° - पा. खं.। २. नाणाया° - मु. (खं. भा.)। ३. दंसणाया - मु (खं. भा.)।

★ यस्य द्रव्यात्मा तस्य उपयोगात्मा नियमादस्ति, यस्योपयोगात्मा तस्य ज्ञानात्मा वा दर्शनात्मा वा नियमादस्ति।

कषायपरिणतः कषायात्मोच्यते, न तद्व्यतिरिक्तोऽन्यस्तथाऽयमपि भविष्यति।

**एतेन** कर्मानावृतप्रदेशाष्टका[१]विकृतचैतन्यसाधारणावस्थोपयोगभेदः प्रत्यस्तोऽवगन्तव्यः तथा विग्रहगतिभाजामपर्याप्तकानां च जीवानामागमे लब्धीन्द्रियमुक्तम् →

★ ***"जीवे णं भंते ! गब्भातो [२] गब्भं वक्कमाणो [३] किं सइंदिए वक्कमति [४] अणिंदिए वक्कमति [५]? गोयमा ! सिय सइंदिए ▲वक्कमइ▲ सिय अणिंदिए वक्कमइ, से केणट्ठेणं भंते ! एवं वुच्चति [६]? गोयमा ! दव्विन्दियाइं पडुच्च अणिंदिए वक्कमति, लद्धिन्दियाइं ▲भाविंदियाइं▲ पडुच्च सइंदिए वक्कमतिसे तेणट्ठेणं एवं वुच्चइ"*** *(भग. श. १, उ. ७. सू. ६१)* / तस्मादात्मनोऽवस्थाद्वयवर्तिनोऽवश्यं लब्धीन्द्रियमभ्युपेयम्, तदाश्रितं च मतिज्ञानादि,



કષાયોથી પરિણત થયેલો કષાયાત્મા કહેવાય છે, તેનાથી (= જ્ઞાનાત્મા કે દર્શનાત્માથી) ભિન્ન કોઈ જુદો કષાયાત્મા નહીં તે રીતે આ ઉપયોગાત્મામાં પણ સમજવું.

આ બધી હકીકત કહેવા દ્વારા કર્મથી અનાવૃત્ત (= નહિ ઢંકાયેલા) એવા ૮ આત્મપ્રદેશના અવિકૃત ચૈતન્યની સાધારણ અવસ્થાવાળા ઉપયોગને જેઓ જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગના **૧૨** ભેદથી ભિન્ન **૧૩**મા ભેદ રૂપ માને છે તે મત ખંડિત થયેલો જાણવો.

### ❖ વિગ્રહગતિમાં મતિજ્ઞાનાદિની સિદ્ધિ ❖

તથા આગમમાં વિગ્રહગતિમાં રહેલા (અપર્યાપ્તા) અને શેષ અપર્યાપ્તા જીવને (ક્ષયોપશમ રૂપ) લબ્ધિ ઇન્દ્રિય કહેવાયેલી છે તે આ મુજબ →

***પ્રશ્ન :*** *હે પ્રભુ ! ગર્ભમાંથી ગર્ભમાં વ્યતિક્રાંત (= સંક્રમણ) થતાં જીવો શું સેન્દ્રિય (= ઇન્દ્રિય સહિત) સંક્રમે કે અનિન્દ્રિય (= ઇન્દ્રિય રહિત) સંક્રમે ?*

***ઉત્તર :*** *હે ગૌતમ ! ઇન્દ્રિય સહિત પણ સંક્રમે અને ઇન્દ્રિય રહિત પણ સંક્રમે.*

***પ્રશ્ન :*** *હે ભગવન્ ! એ પ્રમાણે કઈ રીતે કહેવાય છે ?*

***ઉત્તર :*** *હે ગૌતમ ! દ્રવ્યેન્દ્રિયોને આશ્રયીને ગર્ભમાં ઇન્દ્રિય રહિત સંક્રમે છે અને લબ્ધિ ઇન્દ્રિયરૂપ ભાવેન્દ્રિયને આશ્રયી ગર્ભમાં ઇન્દ્રિય સહિત સંક્રમે છે, તેથી એ પ્રમાણે કહેવાય છે. (ભગ. શ. ૧, ઉ. ૭, સૂ. ૬૨)* તેથી (= આ આગમ પાઠથી) બંને અવસ્થામાં વર્તનારા એવા

१. °शाष्टविकृ° खं.। २. गब्भाओ - मु. (खं. भां.)। ३. वक्कमाणे - मु. (खं. भां.)।
४./५. वक्कमई - मु. (खं. भां.)। ६. वुच्चइ - मु. (खं. भा.)। ▲...▲ चिह्नद्वयमध्यवर्ती पाठो मुद्रितभगवती दृश्यते।

★ जीवो णं भदन्त ! गर्भाद् गर्भं व्युत्क्रामन् किं सेन्द्रियो व्युत्क्रामति अनिन्द्रियो व्युत्क्रामति ?
गौतम ! स्यात् सेन्द्रिय (व्युत्क्रामति) स्यादनिन्द्रियः (व्युत्क्रामति) तत् केनार्थेन भदन्त! एवमुच्यते ?
गौतम ! द्रव्येन्द्रियाणि प्रतीत्य अनिन्द्रियो व्युत्क्रामति, लब्धीन्द्रियाणि (भावेन्द्रियाणि) प्रतीत्य सेन्द्रियो व्युत्क्रामति। (तत् तेनार्थेनैवमुच्यते)

**भाष्यम् :- स पुनर्यथासङ्ख्यमष्ट-चतुर्भेदो भवति। ज्ञानोपयोगोऽष्टविधः (तद्यथा → ) मतिज्ञानोपयोगः, श्रुतज्ञानोपयोगः, अवधिज्ञानोपयोगः, मनःपर्यायज्ञानोपयोगः, केवलज्ञानोपयोग इति, मत्यज्ञानोपयोगः, श्रुताज्ञानोपयोगः, विभङ्गज्ञानोपयोग इति।**

● गन्धहस्ति ●

केवलं बाह्यकरणानिवृत्तौ ज्ञानविभागो नास्ति करणकृतस्तत्रेति।

**अथैतत्** स्यात्, न ज्ञानसद्भावमपह्नुमहे तदा वयम्, किन्तु ज्ञाने सत्यप्युपयोगो नास्तीति ब्रूमः।

**तदेतत्** → सुप्ताद्यवस्थास्वपि समानम्, अथवा [1]विलक्षणवचनमित्यपकर्ण्यम्। तस्मादवस्थितमिदम् द्विविध एवोपयोगो ज्ञान-दर्शनाख्यस्तद्व्यतिरिक्तस्तु नास्ति।

स इदानीं द्विविध उपयोगो **यथासङ्ख्यं** = यथानिर्देश**मष्टभेदश्चतुर्भेदश्च भवति। पुनः**

**ભાષ્યાર્થ :- વળી તે (ઉપયોગ) નિર્દેશના ક્રમ મુજબ ૮ અને ૪ ભેદે હોય છે. જ્ઞાનોપયોગ ૮ ભેદે છે, તે આ મુજબ → (૧) મતિજ્ઞાનોપયોગ, (૨) શ્રુતજ્ઞાનોપયોગ, (૩) અવધિજ્ઞાનોપયોગ, (૪) મનઃપર્યાયજ્ઞાનોપયોગ, (૫) કેવલજ્ઞાનોપયોગ, (૬) મતિ અજ્ઞાનોપયોગ, (૭) શ્રુત અજ્ઞાનોપયોગ, (૮) વિભંગ જ્ઞાનોપયોગ.**

● *હેમગિરા* ●

આત્માને લબ્ધિરૂપ ભાવેન્દ્રિય અવશ્ય સ્વીકારવી જોઈએ અને તેને આશ્રિત જે મતિજ્ઞાન વગેરે છે, તે પણ અવશ્ય સ્વીકારવા જોઈએ, માત્ર જે બાહ્યેન્દ્રિય (દ્રવ્યેન્દ્રિય) છે તેની ઉભય અવસ્થામાં અનિવૃત્તિ (= અનિર્માણ) હોવાથી કરણથી (= દ્રવ્યેન્દ્રિયથી) કરાયેલ જ્ઞાનનો પ્રકાર ત્યાં હોતો નથી એમ જાણવું.

**પ્રશ્ન :** ઉભય અવસ્થામાં તમારી આ વાત ભલે રહો. (અર્થાત્ વિગ્રહગતિમાં અને અપર્યાપ્ત અવસ્થામાં જ્ઞાનનો સદ્ભાવ છે.) જ્ઞાનના સદ્ભાવનો ત્યારે (= બંને અવસ્થામાં) અમે અપલાપ નથી કરતા, પરંતુ 'જ્ઞાન હોવા છતાં પણ ઉપયોગ નથી' એવું અમે કહીએ છીએ.

**ઉત્તર :** તમારી આ વાત સુપ્ત (પ્રમત્ત, મૂર્ચ્છિત આદિ) અવસ્થાઓમાં પણ સમાન છે. અથવા તો **'माता मे वन्ध्या'** આ વાક્યની જેમ 'જ્ઞાન છે અને ઉપયોગ નથી' એવું તમારું વચન વિલક્ષણ (= પરસ્પર વિરોધી) છે માટે સાંભળવા યોગ્ય નથી. તેથી આ નક્કી થયું કે જ્ઞાન અને દર્શન નામના બે જ ઉપયોગ છે, વળી તેનાથી ભિન્ન (એકાંત નિર્વિકલ્પ નામનો) કોઈ ઉપયોગ નથી.

અત્યારે (કહેવાયેલો) તે બે પ્રકારનો ઉપયોગ યથાસંખ્ય = યથાનિર્દેશ = નિર્દેશના ક્રમ મુજબ = **'साकारोऽनाकारश्च'** એ નિર્દેશ વાક્ય રૂપ ભાષ્યના ક્રમ મુજબ, (સાકાર) ૮ ભેદવાળો

१. विलक्ष्य - मु (खं. भां.)।

**भाष्यम् :- दर्शनोपयोगश्चतुर्भेदः, तद्यथा → चक्षुर्दर्शनोपयोगः, अचक्षुर्दर्शनोपयोगः, अवधिदर्शनोपयोगः, केवलदर्शनोपयोग इति ॥२/९॥**

**● गन्धहस्ति ●**

शब्दः संख्यानियमार्थः। नातः परं विकल्पमर्हति, ज्ञानोपयोगो दर्शनोपयोगो वा। तमेवाधुना सङ्ख्यानियममाविष्करोति **ज्ञानोपयोगोऽष्टभेद** इत्यादिना भाष्येणोद्देश-निर्देशरूपेण। **मतिज्ञानोपयोग** इति। मतिज्ञानाकारपरिणामस्तदात्मकत्वमात्मनः, तथा **श्रुतज्ञानादिष्वपि** योज्यम्। **इति** शब्दः साकारोपयोगपरिसमाप्त्यर्थः। **इतरत्राप्य**ज्ञानपरिसमाप्तये।

**चक्षुर्दर्शनोपयोग** इति चक्षुरालोचनाकारपरिणाम आत्मनस्तदात्मकत्वं तद्रूपता, औपचारिकनयश्च ज्ञानप्रकारमेव दर्शनमिच्छति, शुद्धनयः पुनरनाकारमेव सङ्गिरते दर्शनमाकारवच्च विज्ञानम्। आकारश्च [1]विशेष्यनिर्देशो भावस्य पर्यायतः प्रोक्तः, स [2]च दर्शनसमनन्तरमेव सम्पद्यतेऽन्तर्मुहूर्तकाल-

**ભાષ્યાર્થ :- દર્શનોપયોગ ૪ ભેદે છે, તે આ મુજબ → (૧) ચક્ષુદર્શનોપયોગ, (૨) અચક્ષુદર્શનોપયોગ, (૩) અવધિદર્શનોપયોગ, (૪) કેવલદર્શનોપયોગ. ॥૨/૯॥**

**● *હેમગિરા* ●**

અને (અનાકાર) ૪ ભેદવાળો હોય છે. '**पुनः**' શબ્દ સંખ્યાનું નિયમન કરવા માટે છે, તે આ પ્રમાણે કે - '*જ્ઞાનોપયોગ કે દર્શનોપયોગ આ ૮ કે ૪ ભેદથી અલગ બીજા કોઈ વિકલ્પ (= ભેદ)ને પામતો નથી.*' અત્યારે તે જ સંખ્યાના નિયમને '**ज्ञानोपयोगोऽष्टभेद**' ઇત્યાદિ ઉદ્દેશ અને નિર્દેશ રૂપ ભાષ્ય વડે પ્રગટ કરે છે. મતિજ્ઞાનોપયોગ એટલે મતિજ્ઞાન સ્વરૂપ આત્માનો પરિણામ અર્થાત્ આત્માનું તદ્ (= મતિજ્ઞાન) આત્મકપણું.

તે જ રીતે શ્રુતજ્ઞાનોપયોગ આદિમાં પણ સમજી લેવું. ભાષ્યગત '**इति**' શબ્દ એ (જ્ઞાનરૂપ) સાકારોપયોગની પરિસમાપ્તિ માટે છે. (આના પછી) બીજે ઠેકાણે રહેલો '**इति**' શબ્દ પણ અજ્ઞાન (રૂપ સાકાર ઉપયોગ)ની પરિસમાપ્તિ માટે છે. (છેલ્લે રહેલો '**इति**' શબ્દ પણ દર્શન રૂપ અનાકાર ઉપયોગની પરિસમાપ્તિ માટે છે એમ જાણવું.) ચક્ષુઃદર્શન ઉપયોગ એટલે ચક્ષુ વડે આલોચન (= દર્શન) સ્વરૂપ આત્માનો પરિણામ અર્થાત્ આત્માનું તદાત્મકપણું (= ચક્ષુદર્શનાત્મકપણું), અર્થાત્ તદ્રૂપપણું (= ચક્ષુદર્શન રૂપપણું).

### ❖ સાકાર - અનાકાર ઉપયોગની સમજ ❖

ઔપચારિક (= વ્યવહાર) નય એ દર્શનને જ્ઞાનનો પ્રકાર જ માને છે. વળી શુદ્ધ (= નિશ્ચય) નય તો દર્શનને અનાકાર જ કહે છે અને વિજ્ઞાનને આકારવાળું (= સાકાર) કહે છે. પર્યાય થકી વિશેષિત કરીને ભાવ (= પદાર્થ) નો નિર્દેશ (= બોધ) તે આકાર કહેવાયેલો છે.

१. विशिष्य निर्दे° मु. (खं. भां.) / विशेषनिर्दे° (लोकप्रकाशे -३/१०५३)। २. प्रोक्तस्य च - (लोकप्रकाशे -३/१०५३)।

● गन्धहस्ति ●

भावित्वात्। आकार परिज्ञानाच्च प्रागालोचनमवश्यमभ्युपेयम्, अन्यथा प्रथमत एव पश्यतः किमपीदमिति कुतोऽव्यक्तबोधनं स्यात् ? यदि चालोचनमन्तरेणाकारपरिज्ञानमुत्पातत[1] एव पुंसः स्यात् तथा सत्येकसमयमात्रेण स्तम्भ-कुम्भादीन् [2]विशिष्य गृह्णीयात्, न च तथोपलभ्यते, अपि च समयमपि [3]स गृह्णीयात् ? न च केवलिनमन्तरेण समयग्रहणमस्ति।

**अपरे वर्णयन्ति** → वर्तमानकालविषयं तु[4] सदर्थग्रहणं दर्शनम्, त्रिकालविषयं साकारं ज्ञानमिति। **एतदपि वार्तम्** → वर्तमानस्य परमनिरुद्धसमयरूपत्वाद् विवेचनाभावः, तस्माच्छद्मस्थानामनाकाराद्धाऽल्पत्वादेवाव्यक्ता, साकाराद्धा[5] चान्तर्मुहूर्तिकी व्यक्ता भवति, न चान्तर्मुहूर्तादुपर्येकत्रावधानमस्ति [6]वस्तुनि, स्वप्रत्यक्षमेतत्, अनाकाराद्धा साकाराद्धा द्वयपरावृत्तिश्च प्राणिनां स्वभावादुपजायमाना स्वसंवेद्या

● હેમગિરા ●

(અથવા લોકપ્રકાશગત પાઠાંતરની અપેક્ષાએ પર્યાયની અપેક્ષાએ ભાવ (= પદાર્થ)નો વિશેષ નિર્દેશ તે આકાર) અને તે (આકાર) દર્શન બાદ તરત જ થાય છે. કારણ કે આ સાકાર ઉપયોગનો સ્થિતિકાળ અંતર્મુહૂર્ત હોય છે. (એક વસ્તુનો સાકારોપયોગ છદ્મસ્થને વધુમાં વધુ અંતર્મુહૂર્ત હોય.) વળી આકારસ્વરૂપ વિશેષ જ્ઞાનની પહેલા દર્શન અવશ્ય સ્વીકારવું જોઈએ, જો ન સ્વીકારીએ તો શરૂઆતમાં જ જોનારને 'આ કાંઈક પણ છે' એવો (સામાન્ય) અવ્યકતબોધ ક્યાંથી થાય ? અને જો ઉત્પાતથી (= આરંભથી) જ દર્શન વિના માણસને આકાર સ્વરૂપ વિશેષ જ્ઞાન થાય તો તે રીતે થતાં પુરુષ એક સમયમાં જ સ્તંભ, કુંભાદિઓને વિશેષિત કરીને ગ્રહણ કરે, પણ તે રીતે તો ગ્રહણ થતું જોવાતું નથી, અને બીજું એ કે ઉપરોકત (દર્શન વિના વિશેષ જ્ઞાન થાય એ) વાત માનીએ તો તે પુરુષ સમયને પણ ગ્રહણ કરી શકે એવું માનવું પડશે, પરંતુ તે તો શકય નથી કેમકે સમયનું જ્ઞાન કેવળી વિના (કોઈ છદ્મસ્થને) થઈ શકતું નથી.

બીજાઓ એમ કહે છે કે વર્તમાનકાળના વિષયવાળું સત્ (= વિદ્યમાન) અર્થનું ગ્રહણ તે દર્શન (= અનાકાર) કહેવાય તથા ત્રણે કાળના વિષયવાળું અને આકાર સહિતનું (= સાકાર) તે જ્ઞાન કહેવાય. (અહીં ઉત્તર આ પ્રમાણે છે -) આ પણ વાત (જ) છે (વાસ્તવિકતા નહીં) કારણ કે વર્તમાન એ પરમનિરુદ્ધ અર્થાત્ અત્યંત સૂક્ષ્મ સમયરૂપ હોવાથી તેમાં થનારા બોધનું વિવેચન ન થઈ શકે. તેથી નિષ્કર્ષ એ થયો કે છાદ્મસ્થિકોનો અનાકાર ઉપયોગકાળ અવ્યકત હોય છે કેમકે તે અત્યંત અલ્પ જ છે અને સાકાર (જ્ઞાન)નો કાળ વ્યકત રૂપે હોય છે કેમકે તે અંતર્મુહૂર્ત પ્રમાણ છે. વળી (એ વાત ધ્યાનમાં લેવી કે) એક વસ્તુ વિષયક અવધાન (= ઉપયોગ) એ અંતર્મુહૂર્તથી વધુ ન હોઈ શકે એ (આપણને સહુને) પ્રત્યક્ષ છે. અનાકાર ઉપયોગ અને સાકારોપયોગનો કાળ અને આ બંનેની પરાવૃત્તિ (= ક્રમથી પરાવર્તન) એ જીવમાત્રને સ્વભાવથી

१. °त्पादत मु. सं. (भां.)। २. विशे° खं. भां.। ३. °मपि सङ्गृह्णी° मु. (खं.)। ४. °षयं सदर्थ° - खं.।
५. °राद्धाऽधिक्याच्चान्त° मु. (खं. भां.)। ६. वस्तुनि प्रत्यक्ष° प्रा. मु. (खं.)।

च [1]नोपहन्तुं शक्याऽतिबहुभिरपि हेतुभिः। अत्र च यथा साकाराद्धायां सम्यग्मिथ्यादृष्ट्योर्विशेषः, नैवमस्ति दर्शने, अनाकारत्वे द्वयोरपि तुल्यत्वादित्यर्थः।

चक्षुर्दर्शनवदचक्षुर्दर्शनं वाच्यं शेषेन्द्रियविषयम्, अथवेन्द्रियनिरपेक्षमेव तत् कस्यचिद् भवेद् यतः पृष्ठत उपसर्पन्तं सर्पं बुद्ध्यैवेन्द्रियव्यापारनिरपेक्षः[2] पश्यतीति।

अवधिदर्शनं तु सम्यग्दृष्टेरेव, न मिथ्यादृष्टेः, चक्षुर्दर्शनमेव किल तस्येति पारमर्षी श्रुतिः। केवलज्ञानोपयोगप्रवाहविच्छेदेऽनाकाराद्धा केवलदर्शनमुच्यते स्वाभाविकम्, अनाकारग्रहणकालश्च[3] तत्र नाकर्तुमलमल्पत्वाद् भावात्, न पुनस्तन्नाकरोति, यथा समयमात्रेणागृह्णानः पुमान् घटकमन्य इति न व्यपदिश्यते तद्ग्रहणशक्तियुक्तत्वाद्, अल्पिष्ठकालत्वादशक्तस्तद्ग्रहे तथा भगवानपीति ॥२/९॥

• હેમગિરા •

ઉત્પન્ન થનારી અને સ્વસંવેદ્ય હોવાથી (કાળ અને પરાવૃત્તિ) ઘણાં બધા પણ હેતુઓ થકી ખંડિત કરવી શકય નથી. વળી અહીં જે રીતે સાકારોપયોગના કાળમાં (લબ્ધિને આશ્રયીને) સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિમાં તફાવત છે એ રીતે દર્શનમાં (= અનાકાર ઉપયોગના કાલમાં) કોઈ તફાવત નથી કારણ કે સમકિતી કે મિથ્યાત્વી બંનેને અનાકાર ઉપયોગમાં તો તુલ્યતા હોય છે. ચક્ષુદર્શનની જેમ શેષ (ચક્ષુ સિવાયની) ઇન્દ્રિયવિષયક અચક્ષુદર્શનની પણ વ્યાખ્યા કરવી. અથવા તે અચક્ષુદર્શન કોઈકને ઇન્દ્રિયથી નિરપેક્ષ જ હોય છે કેમકે ઇન્દ્રિયના વ્યાપારથી નિરપેક્ષ પુરુષ પીઠ પાછળથી જતાં સર્પને બુદ્ધિ (= આત્મા) વડે જ જોઈ લે છે.

## ❖ સાકાર - અનાકાર ઉપયોગની સૂક્ષ્મ ભેદરેખા ❖

'અવધિદર્શન તો સમ્યગ્દષ્ટિને જ હોય, મિથ્યાદષ્ટિને ન હોય કારણ કે તે (= મિથ્યાદષ્ટિ)ને (વિભંગજ્ઞાનની અવસ્થામાં પણ) ચક્ષુદર્શન જ હોય' એવી પરમ ઋષિઓની શ્રુતિ (= વ્યાખ્યા) છે. (અર્થાત્ આ કાર્મગ્રન્થિક મત છે.) કેવલીને કેવલજ્ઞાનના ઉપયોગના પ્રવાહના વિચ્છેદમાં અનાકારોપયોગનો કાળ તે કેવલદર્શન કહેવાય છે અને તે સ્વાભાવિક છે. વળી જે કેવલદર્શન રૂપ અનાકાર ઉપયોગનો કાળ છે તેમાં આકારને ગ્રહણ કરવા માટે કેવળી સમર્થ નથી કેમકે અનાકાર ઉપયોગનો કાળ અત્યંત અલ્પ પરિમાણવાળો છે પણ એનો અર્થ એવો નથી કે ફરી બીજા સમયમાં પણ એ કેવળી ભગવંત તે આકારને ગ્રહણ કરતાં નથી. જેમ એક સમય માત્રમાં ઘટને નહીં ગ્રહણ કરનારો પુરુષ એ અન્ય (= જડ) છે એ પ્રમાણે નથી કહેવાતું કેમકે તે પુરુષ તેને (= ઘટને) ગ્રહણ કરવાની શક્તિથી યુક્ત છે પણ કાળ અત્યંત અલ્પ હોવાથી તેને ગ્રહણ કરવાને સમર્થ નથી. તેમ ભગવાન પણ અનાકાર ઉપયોગના ગ્રહણ કાળમાં આકારને ગ્રહણ કરવાની શક્તિયુક્ત હોવા છતાં કાળ અલ્પ હોવાથી તેને (= આકારને) ગ્રહણ કરવા (= જાણવા)ને સમર્થ નથી. ॥૨/૯॥

१. नाप° मु. (खं. भा.)। २. °पेक्षं प्रा. मु. (खं.)। ३. कालस्य - पा।

## सूत्रम् :- संसारिणो मुक्ताश्च ॥२/१०॥

• गन्धहस्ति •

एवमेतत् सर्वगतिवर्तिनां जीवानामिन्द्रिय-कषाय-लेश्यादिविशेषवतामप्यविलक्षणं लक्षणमुक्तम्, ते पुनरुपयोगलक्ष्याः कतिविधा जीवा इति प्रकारान्तरेण तावद् द्वैविध्यं वर्णयितुकाम आह →

**संसारिणो मुक्ताश्च** (इति सूत्रम्)। यदवष्टम्भेनात्मनः संसरणम् = इतश्चेतश्च गमनं भवति स संसारः = कर्माष्टकरूपः, स येषां विद्यते ते संसारिणः। अथवा बलवतो मोहस्याख्या संसारस्तत्सम्बन्धात् संसारिणः, नारकाद्यवस्था वा संसारः, तदवस्थायोगात् संसारिणः। मुच्यन्ते स्म मुक्ताः। कुत इति चेत् ? अनन्तरत्वात् संसारादिति वाच्यम्। अतो निर्धूताशेषकर्माणः संसारान्मुक्ता[1] मुक्ता इति व्यपदिश्यन्ते।

**સૂત્રાર્થ :- જીવના સંસારી અને મુક્ત એમ બે ભેદ હોય છે ॥૨/૧૦॥**

• *હેમગિરા* •

**૨/૧૦ સૂત્રની અવતરણિકા :** આ પ્રમાણે સર્વગતિમાં રહેનારા, ઇન્દ્રિય, કષાય, લેશ્યા આદિથી વિશેષ અર્થાત્ ભિન્ન ભિન્ન સ્વરૂપને ધારણ કરનારા પણ જીવોનું આ સાધારણ અર્થાત્ બધા જ જીવોમાં એકસરખું વ્યાપ્ત એવું ઉપયોગ લક્ષણ કહેવાયું. વ્યાખ્યાના પ્રથમ પ્રકાર એવા સ્વરૂપથી જીવના **સ્વરૂપની ૨/૧-૨/૯** સૂત્રમાં વ્યાખ્યા કર્યા પછી હવે તે ઉપયોગ લક્ષણથી ઓળખવા યોગ્ય જીવો કેટલા પ્રકારના છે ? એ પ્રમાણેના પ્રશ્નના ઉત્તર રૂપે વ્યાખ્યાના બીજા પ્રકારથી સર્વ પ્રથમ જીવના બે ભેદને વર્ણન કરવાની ઇચ્છાવાળા શાસ્ત્રકાર **૨/૧૦** સૂત્રને કહે છે.

**संसारिणो मुक्ताश्च** આ **૨/૧૦** સૂત્ર છે. તેના અવયવાર્થને ખોલે છે → જેના આધારથી આત્માનું સંસરણ = અહીંથી અહીં (એટલે કે એક ગતિમાંથી બીજી ગતિમાં) ગમન કરવાનું થાય છે તે સંસાર અને તે **૮** કર્મ સ્વરૂપ છે. તે સંસાર વિદ્યમાન છે જેઓને તેઓ સંસારી કહેવાય અથવા બળવાન એવા મોહનું નામ સંસાર, તે મોહરૂપ સંસારના સંબંધને લઈને જીવો સંસારી કહેવાય છે. અથવા નારક આદિ અવસ્થા તે સંસાર. તે અવસ્થાઓ રૂપ સંસારને લઈને જીવો સંસારી કહેવાય છે.

જેઓ મુકાય છે તેઓ મુક્ત.

**શંકા :** કોના થકી મુકાય છે ?

**સમાધાન :** સૂત્રમાં 'મુક્ત' શબ્દની નજીકમાં તરત જ સંસારી (સંસાર) શબ્દ રહ્યો હોવાથી તેનું ગ્રહણ કરી, સંસારથી મુકાયેલા એ પ્રમાણે કહેવું.

આથી ખંખેરી નાંખેલા સમસ્ત કર્મવાળા અર્થાત્ સંસારથી મુકાયેલા જીવો '**મુક્ત**' એ

१. संसारान्मुक्ता इति - मुं. प्रा.।

**भाष्यम् :- ते जीवाः समासतो द्विविधा भवन्ति → संसारिणो मुक्ताश्च॥२/१०॥ किञ्चान्यत्।**

**● गन्धहस्ति ●**

[1]समस्य कस्माल्लाघवैषिणा निर्देशो नाकारि सूरिणेति ? **उच्यते** → भिन्नस्वभावप्रतिपादनार्थमुभयेषाम्, संसारिणो हि प्रागभिहितौपशमिकादिस्वभावास्तद्विनिर्मुक्तास्तु मुक्ताः। तथोभयत्रोभयोर्बहुवचनमानन्त्यप्रतिपत्तये, संसारिणोऽनन्ताः मुक्ताश्चेति। संसारिणामादावुपन्यासः प्रत्यक्ष-बहुभेदवाच्यार्थं[2], तदनु मुक्तवचनं संसारिपूर्वकत्वप्रसिद्ध्यर्थं तत्साहचर्यादभावनिषेधार्थं च। एकैकानेकविकल्पज्ञापनार्थश्चशब्दः। संसारिणां तावत् समनस्कादिभेदोऽनन्तर एव वक्ष्यते, मुक्तानामप्यनन्तर-परम्परतद्भेदाः

**ભાષ્યાર્થ :- તે જીવો સંક્ષેપથી બે પ્રકારે હોય છે → સંસારી અને મુક્ત॥૨/૧૦॥ વળી બીજું એ કે**

**● *હેમગિરા* ●**

પ્રમાણે કહેવાય છે.

## ❁ સંસારી - મુક્ત પદની વિચારણા ❁

**પ્રશ્ન :** લાઘવના ઇચ્છુક એવા વાચકપ્રવરશ્રીએ ('સંસારી' અને 'મુક્ત' પદ વચ્ચે) સમાસ કરીને નિર્દેશ કેમ નથી કર્યો ?

**ઉત્તર :** 'બંને ભિન્ન સ્વભાવવાળા છે' તેવું પ્રતિપાદન કરવા માટે સમાસ કર્યો નથી. તાત્પર્ય એ છે કે - સંસારી જીવો ખરેખર પૂર્વે કહેવાયેલ ઔપશમિકાદિ સ્વભાવવાળા છે વળી તેનાથી (= ઔપશમિકાદિ સ્વભાવથી) મૂકાયેલા મુક્ત છે, એવું પ્રતિપાદન કરવા માટે સમાસ કર્યો નથી.

સૂત્ર તથા ભાષ્ય એમ બંને ઠેકાણે સંસારી અને મુક્ત એમ બંને પદોમાં બહુવચન એ બંને જીવોની અનંતી સંખ્યાને જણાવવા માટે છે, તે આ મુજબ કે સંસારી જીવો અનંતા છે અને મુક્ત જીવો (પણ) અનંતા છે. વળી સંસારી જીવોનો પ્રથમ ઉપન્યાસ કરવા પાછળ એ પ્રયોજન છે કે આ જીવો તો પ્રત્યક્ષ છે અને ઘણાં ભેદથી વાચ્ય (= ઘણાં ભેદવાળા) છે. ત્યારબાદ મુક્ત પદ છે, એ સંસાર પૂર્વકતાને અર્થાત્ મુક્ત જીવો પહેલા સંસારી હતા એ વાતને જણાવવા માટે અને સંસારી જીવોનું મુક્ત જીવોમાં સાહચર્ય હોવાથી, જેમ સંસારી જીવોનો અભાવ નથી તેમ મુક્ત જીવોનો પણ અભાવ નથી. એમ મુક્તાત્માના અભાવનો નિષેધ કરવા માટે છે.

સૂત્રનો 'च' શબ્દ એક એકના (= સંસારી અને મુક્ત બંને જીવોના) અનેક પ્રકારને જણાવવા માટે છે તેમાં શરૂઆતમાં સંસારીઓના સમનસ્ક વગેરે ભેદો હમણાં જ (આ પછીના

**१. समासं कृत्वा इत्यर्थः। २. वाच्यार्थः प्रा. मु. (खं. भां.)।**

## सूत्रम् :- समनस्कामनस्काः ॥२/११॥

• गन्धहस्ति •

शास्त्रपरिसमाप्तिदेशे वक्ष्यन्ते, प्रधान-गुणभावख्यापनार्थो वा चशब्दो द्रष्टव्यः। **ते जीवाः समासत** इत्यादि भाष्यम्। त इति औपशमिकादिभावभाजः समनन्तरव्यावर्णितोपयोगलाञ्छना **जीवाः** परामृश्यन्ते, **समासतः** = संक्षेपात् **द्विप्रकारा भवन्ति**, न तु विस्ताराभिधानतः, तच्च द्वैविध्यं दर्शयति → संसारभाजो मुक्तिप्राप्ताश्चेति ॥२/१०॥

**किञ्चान्यदित्यनेन** सम्बन्धमाचष्टे सूत्रस्य भाष्यकारः, जीवाधिकारानु[1]प्रवृत्तावन्यदपि किञ्चिद् भेदान्तरमुपदिश्यते।

**समनस्कामनस्काः** (इति सूत्रम्)। कृतसमासनिर्देशात् संसारिण एव सम्बध्यन्ते न मुक्ताः, यदि च मुक्ता अपि सम्बध्येरन् न तर्हि समस्य निर्दिशेदाचार्यः, विशकलीकृत्य पूर्ववत् स्पष्टमभिदध्याद-

**सूत्रार्थ :- સમનસ્ક (= મનવાળા સંજ્ઞી) અને અમનસ્ક (= મનરહિત અસંજ્ઞી) એ બે પ્રકારે જીવ છે. ॥૨/૧૧॥**

• *હેમગિરા* •

સૂત્રમાં)કહેવાશે તથા મુકતાત્માઓના પણ અનંતર-પરંપર એવા ભેદો શાસ્ત્રની પરિસમાપ્તિના સ્થાનમાં (સૂત્ર ૧૦/૭) કહેવાશે અથવા તો '**च**' શબ્દ એ પ્રધાન અને ગૌણભાવને દર્શાવવા માટે છે એવું જાણવું. (ભાવાર્થ એ છે કે જીવની પ્રધાન અવસ્થા મુકતાવસ્થા છે અને બીજી ગૌણાવસ્થા છે.)

'**ते जीवाः समासतः**' ઇત્યાદિ ભાષ્ય છે તેને સ્પષ્ટ કરતા કહે છે કે '**ते**' એવા પદથી ઔપશમિકાદિ ભાવોને ધારણ કરનારા તથા હમણાં જ વર્ણન કરાયેલા એવા ઉપયોગના લક્ષણવાળા જીવોની વિચારણા કરાય છે તે જીવો સંક્ષેપથી બે પ્રકારે હોય છે પણ વિસ્તાર કથનથી નહિ. (કારણકે વિસ્તારથી તો સંસારી/મુકત જીવના પોતપોતાના અનેક ભેદો પડે છે.) અને તે બે પ્રકારને ભાષ્યકારશ્રી દેખાડે છે, તે આ પ્રમાણે → (૧) સંસારી અને (૨) મુકત. ॥૨/૧૦॥

### ❖ જીવોના પ્રકારાંતરે બે ભેદ ❖

**૨/૧૧ સૂત્રની અવતરણિકા :** '**किञ्चान्यत्**' એવા ભાષ્ય પદ દ્વારા વાચકશ્રી આગળના સૂત્રના સંબંધને કહે છે. તે આ મુજબ કે - જીવનો અધિકાર આગળથી ચાલે છે, તે જીવાધિકારની અનુપ્રવૃત્તિમાં (= અનુસંધાનમાં) બીજા પણ કેટલાક ભેદ જણાવાય છે.

'**समनस्कामनस्का**' આ ૨/૧૧ સૂત્ર છે. તેમાં સમાસયુકત નિર્દેશ કર્યો હોવાથી (**समनस्का-मनस्का** પદ દ્વારા) સંસારી જીવો ગ્રહણ કરાય છે, મુકત જીવો નહીં. વળી જો મુકત જીવોને

१. °नुवृत्ता° - मु (खं. भां.)।

**भाष्यम् :- समासतस्त एव जीवा द्विविधा भवन्ति → समनस्काश्च अमनस्काश्च।**

● गन्धहस्ति ●

समस्तमेव। कृतसमास निर्देशे चायमभिप्रायः → नैष सङ्घातो [1]विशकलीभूतः प्रयुज्यते विशेषणतया, किन्तु संहतरूप एवैकस्य सम्भवतो विशेषणमिति, उभयसम्भवश्च संसारिणाम्, न मुक्तानाम्, अथवा व्याख्यानाद् विशेषप्रतिपत्तिः → संसारिणोऽभिसम्बध्यन्ते, न मुक्ताः, अथवा नेदं विधायकम्, किन्त्वनुवादकम्, येषां नामाम्नायेऽभिहितं समनस्कामनस्कत्वं तेषामेवानूद्यते सिद्धानां पुनरमनस्कत्वमेव, नोभयमिति।

**अपरे** पुनर्योगमुत्तरं विभजन्ते → '**संसारिण**' इति, यथोक्तलक्षणाः संसारिणो भवन्ति, ततः संसारिण इत्यनुवर्तमाने '**त्रस-स्थावरा**' इति, **अन्ये** पुनः सूत्रमेव विपर्यासयन्ति विभज्य, प्राक् तावत्

**ભાષ્યાર્થ :- સંક્ષેપથી તે જ જીવો બે પ્રકારે હોય છે → સમનસ્ક (= મનવાળા) અને અમનસ્ક (= મન વિનાના).**

● *હેમગિરા* ●

પણ ગ્રહણ કરવા હોત તો આચાર્યશ્રી સૂત્રમાં સમાસ કરીને નિર્દેશ ન કરત, પણ (બંને પદોને) છૂટા પાડીને પૂર્વના સૂત્રની જેમ સ્પષ્ટ રીતે અસમસ્ત = અલગ-અલગ જ કહ્યા હોત. તથા (સૂત્રમાં) સમાસ યુકત પદનો નિર્દેશ કરવામાં આ અભિપ્રાય છે કે આ સમૂહ રૂપ જે વિશેષણ છે, તેને છૂટું પાડી વિશેષણ તરીકે તેનો પ્રયોગ ન કરવો કિન્તુ સમાસ રૂપે જ પ્રયોગ કરવો, કેમકે આ બંને ભેદો બેમાંથી જે એક પ્રકારના જીવના વિશેષણ તરીકે સંભવે છે તે એકનું વિશેષણ છે અને આ બંને ભેદો સંસારીઓને સંભવે, મુકત જીવોને નહીં અથવા તો સૂત્રના વ્યાખ્યાન થકી જ વિશેષ પ્રતિપત્તિ થાય છે કે આ બે ભેદ દ્વારા સંસારી જીવો ગ્રહણ કરાય છે, મુકત જીવો નહિ અથવા તો એમ સમજવું કે આ સૂત્ર નવા લક્ષણ કે ભેદનું વિધાન નથી કરતું (= વિધાયક નથી) પણ અનુવાદ કરે છે અર્થાત્ શાસ્ત્રોકત વાતને ફરી કહે છે. તે આ પ્રમાણે કે - જે જીવો (= સંસારી જીવો) શાસ્ત્રમાં 'સમનસ્ક અને અમનસ્ક' તરીકે કહેવાયા છે તે (સંસારી) જીવો જ સમનસ્ક અને અમનસ્ક તરીકે અહીં ફરી કહેવાય છે. વળી સિદ્ધ ભગવંતો તો અમનસ્ક જ છે પણ ઉભય સ્વરૂપે નથી.

### ❁ અન્ય મતે થતી સૂત્ર રચનાનું નિરસન ❁

બીજા કેટલાક આગળના ૨/૧૨ સૂત્રનો વિભાગ કરે છે અર્થાત્ ૨/૧૧ સૂત્રમાં '**समनस्कामनस्का**' પછી '**संसारिणः**' એવું ૨/૧૨ સૂત્ર જોડે છે અને તેનો અર્થ આ પ્રમાણે કરે છે કે - યથોકત (= સમનસ્ક અને અમનસ્ક) સ્વરૂપવાળા સંસારીઓ હોય છે (એવો ૨/૧૨ સૂત્રનો અર્થ કરી) ત્યાર પછી '**संसारिणः**' પદની અનુવૃત્તિ આગળના ૨/૧૩૨ સૂત્રમાં લઈ '**त्रस-स्थावरा**'

१. विकली° - पा।

'**संसारिणः**' पश्चात् '**त्रस-स्थावराः**' ततः '**समनस्कामनस्का**' इति, तदेतदयुक्तमनाचार्यत्वात्।

अधुना सूत्रार्थः → **समासतस्त एवे**त्यादि भाष्यम्। पुनरपि सङ्क्षेपादेव द्वैविध्यमभिधीयते, **जीवा** इति प्रेक्षापूर्वकारितयोदचीचरद्, इदं कषति चेतसि सूरेर्मुक्तानामप्यभिसम्बन्धप्रसङ्गः समनस्का-मनस्कत्वेनेत्यतो जीवाः प्रतिविशिष्टायुर्द्रव्यसहिताः परिगृह्यन्त इति सिद्धव्युदासः। **समनस्काश्चेति** सह मनसा समनस्काः, तद्विरहितास्त्वितरे।

**किं पुनस्तन्मनो** येन सम्बन्धात् समनस्का इति व्यपदिश्यन्ते ? **उच्यते** → द्विविधं तद् द्रव्य-भावभेदात्, तत्र मनोऽभिनिर्वृत्त्यै[1] यद् दलिकद्रव्यमुपात्तमात्मना सा मनःपर्याप्तिर्नाम करणविशेषः, तेन

● *હેમગિરા* ●

(૨/૧૨) એ પ્રમાણેનું સૂત્ર સ્વીકારે છે. અન્ય કેટલાક તો વળી સૂત્રને અલગ કરીને સૂત્રનો જ વિપર્યાસ કરે છે તે આ રીતે કે પ્રથમ '**संसारिणः**' ૨/૧૧ સૂત્ર એની પછી '**त्रसस्थावराः**' ૨/૧૨ ત્યારબાદ '**समनस्कामनस्का**' ૨/૧૩ એ પ્રમાણે સૂત્રો બનાવે છે પણ આ વાત અયુક્ત છે કારણકે અન્ય રીતે સૂત્ર રચનાર એ આચાર્ય નથી અર્થાત્ પ્રામાણિક વ્યક્તિ નથી. (સૂત્ર રચના અંગેની પ્રાસંગિક વિચારણા કરી.)

હમણાં સૂત્રનો અર્થ વિચારાય છે. સૂત્રના અર્થરૂપે '**समासतस्त एव**' ઇત્યાદિ ભાષ્યને કહે છે. તે આ પ્રમાણે કે ફરી પણ ટુંકમાં જ જીવના બે પ્રકાર કહેવાય છે. ભાષ્યમાં '**जीवाः**' એવું પદ ચતુરાઈપૂર્વક કહેવાયું છે. તે આ મુજબ → આચાર્યશ્રીના મનમાં એ સ્ફૂરિત છે કે જો માત્ર '**ते एव**' લખીએ અને '**जीवा**' પદ ન લખીએ તો પૂર્વ સૂત્રમાં સંસારી અને મુક્ત જીવોનું પ્રકરણ ચાલતું હોવાથી સમનસ્ક અને અમનસ્ક તરીકે '**ते एव**' પદથી મુક્તાત્માઓને પણ ગ્રહણ કરવાનો પ્રસંગ આવશે. આથી વિશિષ્ટ એવા આયુષ્યકર્મ રૂપ દ્રવ્ય સહિતના સંસારી જીવોને ગ્રહણ કરવા માટે '**जीवा**' એવું પદ ગ્રહણ કરાય છે. આ પ્રમાણે સિદ્ધોની બાદબાકી થઈ. હવે '**समनस्काश्च**' ઇત્યાદિ ભાષ્યના અર્થને કહે છે તે આ પ્રમાણે → મન સહિતના જીવો સમનસ્ક કહેવાય છે અને મનથી રહિત જીવો અમનસ્ક કહેવાય છે.

### ❖ દ્રવ્ય મન અને ભાવ મનની ઓળખ ❖

**પ્રશ્ન :** તે 'મન' એ શું વસ્તુ છે કે જેની સાથે સંબંધ થવાથી જીવોમાં 'સમનસ્કા' એ પ્રમાણે વિધાન કરાય છે ?

**ઉત્તર :** તે 'મન' દ્રવ્ય અને ભાવના ભેદથી બે પ્રકારે છે. તેમાં પ્રથમ દ્રવ્યમનનું સ્વરૂપ દેખાડતાં કહે છે કે (ઉત્પત્તિના પ્રથમ અંતર્મુહૂર્તમાં જ) મનના નિર્માણ માટે (કાયયોગના માધ્યમે) જે (ઔદારિક કે વૈક્રિય વર્ગણા રૂપ) દલિક દ્રવ્ય આત્મા દ્વારા ગ્રહણ કરાયું હોય તે મનપર્યાપ્તિ

१. °निर्वृत्तौ (लु)।

**भाष्यम् :- तान् [1]पुरस्ताद् (अ. २, सू. २५) वक्ष्यामः ॥२/११॥**

**गन्धहस्ति**

करणविशेषण सर्वात्मप्रदेशवर्तिना याननन्तप्रदेशान् मनोवर्गणायोग्यान् स्कन्धां [2]श्चिन्तार्थमादत्ते ते करण-विशेषपरिगृहीताः स्कन्धाः द्रव्यमनोऽभिधीयते। भावमनस्तु जीवस्योपयोगश्चित्तचेतनायोगाध्यवसाना-वधानस्वान्तमनस्काररूपः परिणामः। श्रुतज्ञानावरणक्षयोपशमनाय[3] चैतन्मनो रूपं करणमिष्यतेऽर्हद्भिः, धारणा च मनोयुक्तस्यैव[5] जन्तोर्भवति, नेतरस्येति। अत्र ये द्रव्य-भावमनोभ्यामुभाभ्यामपि युक्तास्ते समनस्काः, ये पुनर्भावमनसैवोपयोगमात्रेण मनःपर्याप्तिकरणविशेषनिरपेक्षेण युक्तास्तयमनस्काः, [6]एषां मनःपर्याप्तिकरणनिर्वृत्त्यभावात्[7] चेतना [8]तु न तथा पटीयसी भवति यथेतरेषां द्रव्य-मनोऽवष्टम्भाद्, वृद्धयष्टिस्थानीयद्रव्यमनोऽवष्टम्भेन संज्ञिनः स्पष्टमनुचिन्तयन्ति।

तत्प्रविभागश्चायम् → नारक-देव-गर्भव्युत्क्रान्तिकमनुष्य-तिर्यञ्चः समनस्काः, शेषास्त्वमनस्काः,

**ભાષ્યાર્થ :- તેઓને આગળ (૨/૨૫ સૂત્રમાં) કહીશું. ॥૨/૧૧॥**

***હેમગિરા***

નામનું કરણ વિશેષ છે. આત્માના સર્વ પ્રદેશોમાં રહેલા તે કરણ વિશેષથી જે અનંત પ્રદેશવાળા મનોવર્ગણા યોગ્ય સ્કંધોને જીવ ચિંતન = મનન કરવા માટે ગ્રહણ કરે છે, તે કરણ વિશેષથી ગ્રહણ કરાયેલા એવા સ્કંધો દ્રવ્યમન કહેવાય છે. વળી જીવનો ઉપયોગ તે ભાવમન કહેવાય છે અર્થાત્ ચિત્ત, ચેતના (અંતર્મન સ્વરૂ, યોગ, અધ્યવસાન, અવધાન, સ્વાંત, મનસ્કાર રૂપ પરિણામ તે જીવનો ઉપયોગ કહેવાય છે. વળી શ્રુતજ્ઞાનાવરણના ક્ષયોપશમ માટે આ ભાવમન રૂપ 'કરણ' તીર્થંકરો દ્વારા ઇચ્છાય છે.

વળી (કોઈપણ વિષયની) ધારણા (પણ) મનયુકત જીવને જ હોય છે, બીજા (મનરહિત જીવો)ને ન હોય. અહીં (પ્રસ્તુતમાં) જે જીવો દ્રવ્ય અને ભાવ એમ બંને મનથી યુકત હોય તેઓ 'સમનસ્ક' જાણવા, પણ જે જીવો મનઃપર્યાપ્તિ રૂપ કરણવિશેષથી નિરપેક્ષ એવા માત્ર ઉપયોગરૂપ ભાવમનથી જ યુકત છે તેઓ અમનસ્ક કહેવાય છે. વળી આ જીવોને (દ્રવ્યમનને બનાવનારી) મનઃપર્યાપ્તિરૂપ કરણ (= શકિત વિશેષ)ની નિર્વૃત્તિનો અભાવ હોવાથી તેમની ચેતના તેવી વધુ પટુ નથી હોતી કે જેવી દ્રવ્ય મનના સહાયથી બીજાઓની (= સમનસ્કોની) હોય છે. જેમ વૃદ્ધ પુરુષ લાકડીના સહારે સુગમતાપૂર્વક ચાલે છે તેમ સંજ્ઞી જીવો દ્રવ્ય મનના સહારે સ્પષ્ટ રીતે ચિંતન કરે છે. (વૃદ્ધની લાકડી સરખું સંજ્ઞી જીવનું દ્રવ્યમન છે.) સમનસ્ક અને અમનસ્ક જીવોનો વિભાગ આ છે નારક, દેવ, ગર્ભજ મનુષ્ય અને ગર્ભજ તિર્યંચ સમનસ્ક હોય

१. चितार्थ° (खं. भां.)। २. परस्ताद् - पा। ३. °पशमजतया - मु. (भां.)। ४. °णमुच्यते - पा.।
५. °स्यैव च जन्तो° - मु. (खं. भां.)। ६. एषां च मनः° भां. खं. रा.। ७. °वात् सा चेतना - मु. (खं. भां.)।
८. तु तथा पटी° - मु. (खं. भां.)।

## सूत्रम् :- संसारिणस्त्रस-स्थावराः[1]॥२/१२॥

● गन्धहस्ति ●

**तान् पुरस्ताद् वक्ष्याम** इति (भाष्येण) 'संज्ञिनः समनस्काः', पुरो भविष्यति सूत्रे (अ. २, सू. २५) [2]व्याख्यास्यामः समनस्कामनस्कविशेषमिह पुनर्भेदमात्राख्यानमित्यावेदयति भाष्यकार इति॥२/११॥

अथ जीवप्रकारान्तरसङ्ग्रहप्रस्तावमेवोपजीवयन्[3]नाहाचार्यः →

**संसारिणस्त्रस-स्थावराः**[4] (इति सूत्रम्)। इतः प्रभृति संसार्यधिकार एव आ अजीवकायाध्यायाद् वेदितव्यः। मुक्ताः पुनर्दशमेऽध्याये वक्ष्यन्ते। उक्तलक्षणः संसारः, स येषामस्ति ते तथोच्यन्ते॥

**ननु** च संसारिणो मुक्ताश्चेति इह सूत्रे यत् संसारिग्रहणं तदेवानन्तरसूत्रसम्बन्धितमधिकरिष्यते नार्थः पुनः संसारिग्रहणेन। **उच्यते** → पूर्वकं संसारिग्रहणं भेदकथनाभिप्रायेण जीवानामवाचि, तच्च

## સૂત્રાર્થ :- સંસારી ત્રસ અને સ્થાવર એમ બે ભેદે છે. ॥૨/૧૨॥

● *હેમગિરા* ●

છે, વળી શેષ જીવો અમનસ્ક હોય છે.

**૨/૧૨ સૂત્રની અવતરણિકા:-** હવે જીવોના અન્ય (અન્ય) ભેદોના સંગ્રહના અવસરનો જ આશ્રય કરતા આચાર્યશ્રી ૨/૧૨ સૂત્રને કહે છે.

**'तान् पुरस्ताद् वक्ष्याम'** એ ભાષ્ય દ્વારા ભાષ્યકારશ્રી જણાવે છે કે - **'संज्ञिनः समनस्काः'** એવા આગળ આવનારા સૂત્ર ૨/૨૫માં અમે સમનસ્ક અને અમનસ્કના વિશેષ (= તફાવત)ને કહીશું, અહીં તો માત્ર તેઓનું ભેદ રૂપે જ કથન છે. ॥૨/૧૧॥

**'संसारिणस्त्रस-स्थावराः'** આ ૨/૧૨ સૂત્ર છે. આ સૂત્રથી માંડી સંસારી જીવોનો અધિકાર જ ચાલુ થશે, જે અજીવકાય નામના પાંચમા અધ્યાય સુધી જાણવા યોગ્ય છે, વળી મુક્ત જીવો તો ૧૦માં અધ્યાયમાં કહેવાશે. (હવે ૨/૧૨ સૂત્રની વ્યાખ્યા કરે છે તે આ પ્રમાણે કે) સંસાર શાસ્ત્રોમાં કથિત સ્વરૂપવાળો છે. તે સંસાર જેઓને છે તેઓ સંસારીઓ કહેવાય છે.

### ❖ ત્રસ જીવોના લક્ષણ ❖

**પ્રશ્ન :** અહીં **'संसारिणो मुक्ताश्च'** એવા ૨/૧૦ સૂત્રમાં જે **'संसारिणः'** પદનું ગ્રહણ કર્યું છે અને જેનો અનંતર ૨/૧૧ સૂત્રમાં અનુવૃત્તિ દ્વારા સંબંધ કરાયો છે તે જ **'संसारिणः'** પદનો અહીં અધિકાર ચાલશે, માટે ફરી (પ્રસ્તુત સૂત્રમાં) **'संसारिणः'** પદનું ગ્રહણ કરવાનો કોઈ અર્થ નથી ?

**ઉત્તર :** જીવોના ભેદ કહેવાના અભિપ્રાયથી પૂર્વે (૨/૧૦) સૂત્રમાં **'संसारिणः'** પદનું ગ્રહણ કરેલું છે અને તે સંસારી પદનો સંબંધ (= અનુવૃત્તિ) એના પછીના **'समनस्कामनस्काः'**

१. °त्रसाः स्थावराः॥२/१२॥ - रा। २. व्याख्यामः पा.। ३. °वन्ना° - पा। ४. °त्रसाः स्थावराः - मु. (खं. भा)।

**सूत्रम् :- [1]पृथिव्यम्बु-वनस्पतयः स्थावराः ॥२/१३॥**

**भाष्यम् :- संसारिणो जीवा द्विविधा भवन्ति→ त्रसाः स्थावराश्च ॥२/१२॥**

• गन्धहस्ति •

समनस्कामनस्कसूत्रे प्रयत्नतः सम्बन्धमुपनीतं नोत्तरत्र प्रवर्तितुमुत्सहते, इदं [2]पुनर्न भेदप्रतिपत्तये, किन्तु यदितः प्रभृति वक्ष्यते आ चतुर्थाध्यायपरिसमाप्तेस्तत् सर्वं संसारिणामित्यधिक्रियते। ते च **संसारिणो जीवा द्विविधा भवन्ति**, तद्यथा → **त्रसाः स्थावराश्चेति**। परिस्पष्टसुख-दुःखेच्छा-द्वेषादिलिङ्गास्त्रसनामकर्मोदयात् त्रसाः, अपरिस्फुटसुखादिलिङ्गाः स्थावरनामकर्मोदयात् स्थावराः, आदौ च त्रसाभिधानं सुखग्रहणार्थम्, स्पष्टलिङ्गत्वात्, समास उभयेषां परस्परसङ्क्रमार्थम्, त्रसाः स्थावरेषु स्थावराः त्रसेषु [3]मृत्वोपजायन्त इति॥२/१२॥

एवं तावत् संसारिणो द्वैविध्येन विकल्पिताः → त्रसाः स्थावराश्चेति। तत्र स्थावरानेव तावद् वच्मः → [4]**पृथिव्यम्बु-वनस्पतयः स्थावराः**(इति सूत्रम्) ॥

**સૂત્રાર્થ :- પૃથ્વી, પાણી અને વનસ્પતિ એ સ્થાવર જીવો છે. ॥૨/૧૩॥**

**ભાષ્યાર્થ :- સંસારી જીવો બે પ્રકારે હોય છે → ત્રસ અને સ્થાવર. ॥૨/૧૨॥**

• *હેમગિરા* •

(૨/૧૧) સૂત્રમાં પ્રયત્નથી ગ્રહણ કરેલ છે પરંતુ તે એના પછીના (૨/૧૨) સૂત્રમાં આગળ પ્રવૃત્ત થવા માટે ઉત્સાહી થતું નથી, એ કારણે આ સૂત્રમાં '**संसारिणः**' પદ ફરી ગ્રહણ કરાયું છે. વળી વિશેષ એ જાણવું કે આ '**संसारिणः**' પદ એ (અહીં ૨/૧૨ સૂત્રમાં) સંસારીઓના ભેદની પ્રતિપત્તિ (= બોધ) કરાવવા માટે નથી કહેવાયું, પરંતુ આ સૂત્રથી માંડી છેક ચોથા અધ્યાયની સમાપ્તિ સુધીમાં જે કહેવાશે તે સર્વે સંસારી જીવ અંગે કહેવાશે, આ પ્રમાણે સંસારી જીવોનો અધિકાર સૂચવવા ગ્રહણ કરાયું છે.

(હવે **संसारिणो**... ઇત્યાદિ ભાષ્યનો અર્થ કરાય છે, તે આ પ્રમાણે) તે સંસારી જીવો બે પ્રકારે છે, તે આ મુજબ કે ત્રસ અને સ્થાવર. ત્રસ નામકર્મના ઉદયથી અતિ સ્પષ્ટ એવા સુખની ઇચ્છા અને દુઃખનો દ્વેષ વગેરે ચિહ્નો જેમાં છે તેવા જીવો 'ત્રસ' કહેવાય. તેમજ સ્થાવર નામકર્મના ઉદયથી જેમના સુખ-દુઃખાદિ ચિહ્નો અસ્પષ્ટ છે તે જીવો 'સ્થાવર' કહેવાય છે. વળી ત્રસ જીવો ઉપર કહ્યા મુજબ સ્પષ્ટ ચિહ્નવાળા હોવાથી તેઓનો બોધ સુખેથી થાય તે માટે તેનું વિધાન પ્રથમ કર્યું છે. ત્રસ જીવો મરી સ્થાવરોમાં અને સ્થાવર જીવો ત્રસોમાં પેદા થાય છે એવું બંનેનું પરસ્પર સંક્રમણ જણાવવા માટે '**त्रस-स्थावराः**' એવો સમાસ કર્યો છે ॥૨/૧૨॥

**૨/૧૩ સૂત્રની અવતરણિકા:** આ પ્રમાણે હમણાં સંસારી જીવના ત્રસ-સ્થાવર એમ

१./४. पृथ्व्यब्वन° - पा (खं. भां.)। २. पुनर्भेद° खं. पा.। ३. मृत्वोपयात पा (भां. खं. रा.)।

**भाष्यम् :- तत्र पृथ्वीकायिकाः, अप्कायिकाः, वनस्पतिकायिकाः इत्येते त्रिविधाः स्थावरा जीवा भवन्ति।**

**• गन्धहस्ति •**

**ननु** च यथोद्देशं निर्देशः कर्तव्यः, [1]प्रथमतः त्रसा वक्तव्याः ततः स्थावराः। [2]**उच्यते** → प्रेक्षापूर्वकारितयाऽऽचार्येण स्वरचितव्यवस्थां भित्त्वा स्थावरास्तावदभिहिताः। **का** पुनरसौ प्रेक्षापूर्वकारिता ? **भण्यते** → वक्ष्यत्युत्तरसूत्रं '*तेजो-वायू द्वीन्द्रियादयश्च त्रसाः*' (२/१४), तत्र इन्द्रियप्रकरणमधीत्य वक्ष्यति '*वाय्वन्तानामेकम्*' (अ. २, सू. २३) तत्रायमर्थः → पृथिव्यादीनां वाय्वन्तामेकेन्द्रियं स्पर्शनं भवति, यदि पुनः पूर्वं त्रसाभिधानं कुर्यात् पश्चात् स्थावरानभिदध्यात् तथा[3] सति गौरवं जायेत, [4]अतो

**ભાષ્યાર્થ :- ત્યા (= ત્રસ અને સ્થાવર એ બે ભેદોમાં) પૃથ્વીકાયિક, અપ્કાયિક અને વનસ્પતિકાયિક એમ આ ૩ પ્રકારે સ્થાવર જીવો હોય છે.॥૨/૧૨॥**

***• હેમગિરા •***

બે વિકલ્પો કહ્યા. ત્યાં (= જીવના બે વિકલ્પોમાં) પ્રથમ સ્થાવરોને જ અમે (૨/૧૩ સૂત્રમાં) કહીએ છીએ.

**'पृथिव्यम्बु-वनस्पतयः स्थावराः'** આ ૨/૧૩ સૂત્ર છે, એના અવયવાર્થને કહે છે.

**શંકા :** જે પ્રમાણે ઉદ્દેશ કરેલ હોય તે મુજબ જ નિર્દેશ કરવો જોઈએ, (તમે પૂર્વ સૂત્રમાં પ્રથમ ત્રસનો ઉદ્દેશ કરેલ છે ત્યારબાદ સ્થાવરનો) તેથી પ્રથમ ત્રસ જીવો કહેવા યોગ્ય છે, ત્યાર બાદ સ્થાવર જીવો કહેવા યોગ્ય છે.

**સમાધાન :** ચતુરાઈ પૂર્વક આચાર્યશ્રી દ્વારા પોતે રચેલા સૂત્રની વ્યવસ્થા તોડીને પ્રથમ સ્થાવર જીવો કહેવાયા છે.

**પ્રશ્ન :** આ કઈ બુદ્ધિમત્તા છે ?

**ઉત્તર :** આગળ **"तेजोवायू द्वीन्द्रियादयश्च त्रसाः"** (= તેઉકાય, વાયુકાય અને બેઇન્દ્રિય વગેરે જીવો ત્રસ છે) એમ **૨/૧૪** સૂત્રને આચાર્યશ્રી કહેવાના છે. ત્યાર પછી ત્યાં (= બીજા અધ્યાયમાં જ) (સૂત્ર ૧૫થી ૨૨ દ્વારા ) ઇન્દ્રિય પ્રકરણને કહી **'वाय्वन्तानामेकम्'** એમ **૨/૨૩** સૂત્રને કહેશે. ત્યાં આ અર્થ છે → પૃથ્વીકાયથી માંડીને વાયુકાય સુધીના જીવોને સ્પર્શનાત્મક = સ્પર્શન સ્વરૂપ એક ઇન્દ્રિય હોય છે (આમ પૂર્વમાં સ્થાવર કહ્યા બાદ ત્રસનું વિધાન કરતાં આગળ જીવોમાં ઇન્દ્રિયની સંખ્યા બતાવવામાં સૂત્ર લાઘવ થાય છે). જો વળી પૂર્વમાં ત્રસ જીવનું વિધાન (વ્યાખ્યા) કરે અને પછીથી સ્થાવર જીવોને કહે તો તે રીતે થવાથી ગ્રંથ ગૌરવ થાય. આથી લાઘવને ઇચ્છનારા આચાર્યશ્રી દ્વારા (આ રીતે) ક્રમનો ભેદ કરાયો છે.

१. प्रथमं - मु (भां. खं. पा.)। २. उच्यन्ते - मु (खं. भां.)। ३. तथा (तदा) गौरवं - मु. (खं. भां.)।
४. अर्थलाघ° - मु. (खं. भां.)।

• गन्धहस्ति •

लाघवैषिणा सता क्रमो भिन्नः। **तत्रेत्यनेन** सूत्रं सम्बन्धयति, तत्र = द्वितये प्रस्तुते स्थावरास्ताव-दुच्यन्ते प्रयोजनार्थम्। **पृथिवीकायिका** इत्यादि भाष्यम्।

**ननु** च सूत्रे कायग्रहणं नास्ति, भाष्ये [1]कथमकस्माद् विहायसोऽपतदिति ? **उच्यते →** [2]लाघवार्थिना सूत्रे नोपात्तम्, विनाऽपि तेन सिद्धेः, भाष्ये तु यथेष्टमधिकमप्युच्चार्यते सूत्रार्थममुञ्चतेति। तत्र पृथिव्येव कायः पृथिवीकायः, स येषां विद्यते ते **पृथिवीकायिकाः** ॥

**ननु** च लघुत्वात् प्रक्रमस्य बहुव्रीहौ सति तदभिहितत्वान्मत्वर्थीयेन न भाव्यम्, ततश्च पृथिवी कायो येषां ते पृथिवीकायाः। **सत्यमेवमेतत् →** तथाप्यनरवन्ति चक्राणीत्येवमाद्यनेकप्रयोगदर्शनात् साधुत्व-मत्रापि प्रतिपत्तव्यम्। अथवा पृथिवीकायादयो जातिशब्दास्ततश्च मत्वर्थीयः सिद्धः कृष्णसर्पवद्वल्मीक-

• હેમગિરા •

**'तत्र'** એવા આ શબ્દ દ્વારા ભાષ્યકારશ્રી સૂત્રનો સંબંધ જોડે છે, તે આ પ્રમાણે કે ત્યાં એટલે કે (પૂર્વ સૂત્રના) પ્રસ્તુત બે ભેદમાં (= ત્રસ-સ્થાવરમાં) લાઘવ કરવાના પ્રયોજનાર્થે સર્વ પ્રથમ સ્થાવરો કહેવાય છે.

### ❁ 'પૃથ્વીકાય' પદની વ્યુત્પત્તિ ❁

**'पृथिवीकायिकाः'... પ્રશ્ન :** મૂળ સૂત્રમાં તો **'काय'** પદનું ગ્રહણ કરેલ નથી તો ભાષ્યમાં કઈ રીતે આ પદ અકસ્માત (= એકાએક) આકાશમાંથી આવી પડ્યું ?

**ઉત્તર :** લાઘવના અર્થી વાચકપ્રવરશ્રીએ સૂત્રમાં **'काय'** પદ મુક્યું નથી કારણકે તેના વિના પણ અર્થબોધ થાય છે. વળી ભાષ્યમાં તો સૂત્રના અર્થને નહીં છોડતાં એવા ભાષ્યકારશ્રી પોતાની ઇચ્છાનુસાર (= સૂત્રનો અર્થ જે રીતે વધુ સ્પષ્ટ થાય તે રીતે) અધિક પણ ઉચ્ચારી/લખી શકે છે એમ જાણવું.

ત્યાં(= સ્થાવરમાં) પ્રથમ પૃથ્વીકાય શબ્દનો વિગ્રહ આ રીતે છે - પૃથ્વી એ જ કાય તે પૃથ્વીકાય. તે પૃથ્વીકાય વિદ્યમાન છે જેઓને તે પૃથ્વીકાયિક જીવો.

**પ્રશ્ન :** બહુવ્રીહિ સમાસ કહેતાં તેની અંતર્ગત 'મતુપ્' અર્થ કહેવાઈ જતો હોવાથી પ્રસ્તુત (ઉપરોક્ત) સામાસિક પદમાં લાઘવ છે તેથી 'મતુપ્' (સ્વામિદર્શક) પ્રત્યયથી વિગ્રહ ન કરવો પરંતુ પૃથ્વીકાય છે જેઓને તે પૃથ્વીકાય જીવો (આ પ્રમાણે વિગ્રહ કરવો) પર્યાપ્ત છે.

**ઉત્તર :** તમારી આ વાત સાચી છે. તો પણ **'अनरवन्ति चक्राणि'** (= આરા વગરના ચક્રો) ઇત્યાદિ અનેક પ્રકારના પ્રયોગો દેખાતા હોવાથી અહીં (= **'पृथिवीकायिकाः'** પદ) પણ (મત્વર્થીય **इक** પ્રત્યય ઉપર મુજબ) નિર્દોષપણે સ્વીકારવા યોગ્ય છે. અથવા (= બીજી

१. कथनं कस्माद्विहा° खं. भां.। २. लाघवार्थं रा.।

**भाष्यम् :- तत्र पृथिवीकायोऽनेकविधः शुद्धपृथिवी-शर्करा-वालुकादिः।**

● **गन्धहस्ति** ●

न्यायेनेति, एवमितरयोरपि[1] योज्यमेतत्। **इतिशब्दो**ऽर्थपदार्थकः। **त्रिविधा** एव स्थानशीला भवन्ति जीवाः पृथिव्यादयः, न पुनः स्थावरनामकर्मोदयनिर्वृत्तानां त्रैविध्यं [2]निर्धार्यते, तेजो-वाय्वोरपि तन्निर्वृत्तेरितित।

स्थूलोत्तरद्वयाधारत्वादादौ न्यस्ता पृथिवी, तदन्वापस्तदाधेयत्वाल्लेश्या-प्रत्येकशरीरा-सङ्ख्येयत्वसाम्याच्च, ततो वनस्पतिरनन्तत्वात्, समासश्च परस्परसङ्क्रमज्ञापनार्थः[3]।

अधुना स्वस्थान एव पृथिव्यादीनामनेकं [4]भेदमाचिख्यासुराह → **पृथिवीकायोऽनेकविध**

**ભાષ્યાર્થ :- ત્યાં (= ૩ સ્થાવરમાં) પૃથ્વીકાય શુદ્ધ પૃથ્વી, શર્કરા, વાલુકા = રેતી આદિ અનેક પ્રકારે છે.**

● *હેમગિરા* ●

રીતે સમજીએ તો) પૃથ્વીકાય આદિ જાતિવાચક શબ્દો છે અને તેથી તેમાં મત્વર્થીય પ્રયોગ પ્રસિદ્ધ જ છે, જેમ **कृष्णसर्पवद्वल्मीकः** (= કાળા સર્પવાળો રાફડો). આ પ્રમાણે ઇતર (અપ્કાય અને વનસ્પતિકાય રૂપ) બે ભેદોમાં પણ આ મતુપ્ સ્વયં યોજી લેવો. '**इति**' શબ્દ એ તે અર્થવાચક છે શબ્દવાચક નહીં. અર્થાત્ **पृथिवीकायिकाः** વગેરે પદોનો 'પૃથિવીકાય વગેરે શબ્દો' એ અર્થ ન કરવો પરંતુ પૃથિવીકાયિક વગેરે જીવો એ અર્થ કરવો, એમ '**इति**' શબ્દ દ્વારા ભાષ્યકારશ્રી જણાવે છે.

પૃથ્વી આદિ **૩** પ્રકારના જ જીવો સ્થિર સ્વભાવી હોય છે (અર્થાત્ એક જ સ્થાન પર રહેવાના સ્વભાવવાળા હોય છે), એમ નિર્ધારણ કરવું પણ 'સ્થાવર નામકર્મના ઉદયથી (સ્થાવર રૂપે) બનેલા (= ઉત્પન્ન થયેલા) જીવોના ૩ પ્રકાર હોય છે' એમ નિર્ધારણ ન કરવું કારણકે તૈજસકાય અને વાયુકાય પણ સ્થાવર નામકર્મના ઉદયથી બનેલા/ઉત્પન્ન થયેલા છે.

### ❖ સૂત્રમાં રહેલ પૃથ્વીકાય આદિ પદોમાં ક્રમના હેતુઓ ❖

પૃથ્વીકાય એ સ્થૂલ અને પછીના બંનેનો (= અપ્કાય અને વનસ્પતિકાયનો) આધાર હોવાથી (સૂત્રના ક્રમમાં) પૃથ્વીકાયનો પ્રથમ ઉપન્યાસ કરેલ છે. તેના પછી અપ્કાયને દર્શાવેલ છે. કારણકે તે અપ્કાય પૃથ્વી ઉપર રહેનાર (= આધેય) છે તથા લેશ્યા, પ્રત્યેક શરીર અને અસંખ્યાતપણું આ **૩**ની દષ્ટિએ પૃથ્વી અને અપ્કાય સમાન છે. ત્યાર પછી વનસ્પતિકાયને કહ્યાં કેમકે તે અનંત છે. વળી ત્રણેમાં પરસ્પર સંક્રમણ થઈ શકે છે, તે જણાવવા માટે ત્રણેનો સમાસ કરેલ છે.

અત્યારે સ્વસ્થાનમાં જ (= પૃથ્વીકાય આદિની વાત ચાલે છે, એમાં જ) પૃથ્વી આદિના અનેક ભેદને જણાવવાની ઇચ્છાવાળા ભાષ્યકારશ્રી '**पृथ्विकायोऽनेकविध...**' ઇત્યાદિ ભાષ્યને

१. °मितरेतरयोरपि प्रा.। २. निर्धारयति प्रा. मु. (खं. भा.)। ३. °ज्ञानार्थः प्रा. मु. (भां.)। ४. °नेकभेद° मु.(खं. भा.)।

इत्यादि भाष्यम्। पृथ्वीकायजात्यनतिक्रमेणानेकभेदता दर्श्यते [1]**शुद्धपृथिवी** वक्ष्यमाणशर्करादिभेदरहिता मृत्तिकारूपा गोमयकचवराद्यनेकेन्धनरहिता वा, तथा [2]**शर्करापृथिवी** = परिलघुकाश्म-शकलव्यतिमिश्रा, [3]**वालुकापृथिवी** = [A]वालुकाव्यतिमिश्रा मृत्तिकेति। आदिशब्देनोपल[4]-शिला[5]-[6]लवणो[7]षाऽय[8]स्त्रपु[9]ता[10]-म्रसीसक[11]-रजत[12]-सुवर्ण[13]-वैरवज्र[14]-हरिताल[15]-हिङ्गुलक[16]-मनःशिला[17]-[18]सस्यकाञ्जन[19]-प्रवाला[20]भ्रपट[21] लाभ्रवालिका[22]-[1]गोमेदक[B]-[2]रुचकाङ्[C][3]क्-[4]स्फटिक-[5]लोहिताक्ष-[6]मरकत-[7]मसारगल्ल-[8]भुजगेन्द्रनील-[10]चन्द[9]न-[11]गैरिक-[12]हंसगर्भ-[13]पुलक-[14]सौगन्धिक[15]- [D]चन्द्रकान्त[16]-सूर्यकान्त-[17]वैडुर्य-



કહે છે → પૃથ્વીકાયની જાતિને ઓળંગ્યા વગર અર્થાત્ પૃથ્વીકાય જાતિ જેમની છે તે પૃથ્વીકાયના અનેક ભેદ (ભાષ્યમાં) દર્શાવાય છે. તે આ મુજબ : (૧) **શુદ્ધ પૃથ્વી** = આગળ કહેવાતાં કાંકરા વગેરે ભેદથી અન્ય એવી માટી રૂપ પૃથ્વી અથવા છાણ, કચરો વગેરે અનેક પ્રકારના ઈંધન વિનાની પૃથ્વી (શુદ્ધ પૃથ્વી તરીકે જાણવી), (૨) **શર્કરા પૃથ્વી** = અત્યંત નાના પત્થરના ટુકડાથી મિશ્રિત પૃથ્વી, (૩) **વાલુકા પૃથ્વી** = વાલુકા (નદી આદિમાં ઉત્પન્ન થનાર, સૂક્ષ્મ કણી/ઝીણી રેતી)થી મિશ્રિત માટી. ભાષ્યના **आदि** શબ્દથી હવે કહેવાતાં સર્વે ભેદો લેવા તે આ પ્રમાણે : (૪) **ઉપલ** = ગોળ પત્થર, નાના નાના પત્થરો તેમજ પાષાણો, (૫) **શિલા** = મોટા પત્થરો, ચટ્ટાનો, લાકડાના આધારભૂત પત્થર, (૬) **લવણ** = નમક (= ખાણમાં ઉત્પન્ન થયેલા સેંધા, સંચળ વગેરે અને સમુદ્રમાં ઉત્પન્ન થયેલું મીઠું), (૭) **ઉષ** = ઉખર ભૂમિ (= ખારી જમીન/ધાન્ય ઉગવાને અયોગ્ય ભૂમિ), (૮) **અયસ્** = લોઢું, (૯) **ત્રપુ** = રાંગો (= જસત) નામની ધાતુ, (૧૦) **તામ્ર** = તાંબુ, (૧૧) **સીસક** = સીસું, (૧૨) **રજત** = ચાંદી, (૧૩) **સુવર્ણ** = સોનું, (૧૪) **વૈરવજ્ર** = હીરો, (૧૫) **હરિતાલ** = હરતાલ, (૧૬) **હિંગલોક** = હિંગુલ, (૧૭) **મનઃશીલ** = મનસીલ, (૧૮) **સસ્યક** = પારો, (૧૯) **અંજન** = સૌવિર નામનું અંજન (= સૂરમો), (૨૦) **પ્રવાલ** = **વિદ્રમ** = મુંગા, (૨૧) **અભ્રપટલ** = અભ્રકના પડ, (૨૨) **અભ્રવાલિકા** = અભ્રક મિશ્રિત રેતી (= જીરોલિકા, જે ચમકતી હોય છે).

## ❁ બાદર પૃથ્વી વિશે મણિના પ્રકારો ❁

(બાદર પૃથ્વી અંગે મણિના **૧૮** પ્રકારો છે) (૧) **ગોમેદક** = ગોમેધ (= કર્કેતન રત્ન), (૨) **રૂચક** = રૂચક રત્ન (= અતસી પુષ્પના વર્ણવાળું રાજવર્તિમણિ), (૩) **અંક** = અંક (= કાંક) રત્ન, (૪) **સ્ફટિક** = સ્ફટિક રત્ન, (૫) **લોહિતાક્ષ** = લોહિતાક્ષ રત્ન, (૬) **મરકત** = મરકત રત્ન, (૭) **મસારગલ્લ** = મસારગલ્લ રત્ન, (૮) **ભુજગ** = ભુજગમોચક રત્ન (જેના જળ છંટકાવના પ્રભાવે સર્પનું ઝેર દૂર થાય), (૯) **ઈન્દ્રનીલ** = ઈન્દ્રનીલ મણિ, (૧૦) **ચંદન**

A. वालिका° भं. खं.रा.। B. °गोमेद मु. (खं. भां.)। C. °रुचकाह्व° रा। D. °चन्द्रसूर्य° मु. (खं.रा.)।

[18]जलकान्तप्रकाराः सर्वे बादरपृथिवीकायभेदा ग्राह्याः।

एते च शुद्धपृथिव्यादयः स्वाकरस्था एव प्रायश्चैतन्यं बिभ्रति, गोमय-कचवरसवितृतापादिसम्पर्कात् तु [A]गतचेतना अपि जायन्ते, एषां च बादराणां यत्रैको जीवस्तत्रासङ्ख्येयैर्नियमतो भाव्यम् स्थानमपि चैषां पृथिव्यष्टका[B]धोलोकपाताल-भवन-नरकप्रस्तरादि, अपरं सूक्ष्मपृथिवीकायाः सर्वलोकव्यापिनः।

उभयेषामपि चैषाममी परमर्षिप्रणीतप्रवचनप्रसिद्धा भेदा वेदितव्याः पर्याप्तकापर्याप्तक-शरीरत्रयाङ्गुलासङ्ख्येयभागशरीर-सेवार्तसंहनन-मसूरचन्द्रक[C]संस्थान-कषाय-संज्ञाचतुष्काद्य-लेश्यात्रय-स्पर्शनेन्द्रिय-वेदना-कषाय-मारणान्तिकसमुद्घातासंज्ञित्व[D]-नपुंसकवेद-पर्याप्तिचतुष्टय-मिथ्यादर्शना-

• હેમગિરા •

= ચંદન રત્ન (= ચંદન સમાન ગંધ, વર્ણવાળું રત્ન), (**૧૧**) **ગૈરિક** = ગેરુ રત્ન, (= રૂધિર નામનું લાલવર્ણનું મણિ), (**૧૨**) **હંસગર્ભ** = હંસગર્ભ રત્ન (= હંસ રત્ન), (**૧૩**) **પુલક** = પુલક રત્ન, (**૧૪**) **સૌગંધિક** = સૌગંધિક રત્ન, (**૧૫**) **ચંદ્રકાંત** = ચંદ્રકાંત (= ચંદ્રપ્રભ) મણિ, (**૧૬**) **સૂર્યકાંત** = સૂર્યકાંત (= રવિપ્રભ) મણિ, (**૧૭**) **વૈડૂર્ય** = વૈડૂર્ય રત્ન (= મયૂરના કંઠના વર્ણવાળો મણિ), (**૧૮**) **જલકાંત** = જળકાંત (= પાણીના વર્ણવાળો = પાણીમાં લઈને જતાં પાણીના બે ભાગ થઈ જાય તે) મણિ આદિ સર્વે બાદર પૃથ્વીકાયના ભેદો જાણવા.

વળી આ શુદ્ધ પૃથ્વી આદિ જીવો પોતાની ખાણમાં રહેલા હોય ત્યાં સુધી જ પ્રાયઃ ચૈતન્યને ધારણ કરનારા (= સચિત્ત) હોય છે. વળી ખાણમાં જ છાણ, કચરો કે સૂર્યના તાપ આદિના સંપર્કથી વિનષ્ટ ચેતનાવાળા (= અચિત્ત) પણ થાય છે. વળી જ્યાં (= જે સ્થાનમાં) આ બાદર પૃથ્વીકાય જીવોનો (= જીવોમાંથી) એક જીવ હોય ત્યાં નિયમા અસંખ્યાત જીવો હોય છે.

આ બાદર પૃથ્વીકાય જીવોનું સ્થાન ૮ પૃથ્વી તથા અધોલોકના પાતાળ કળશો, અસુર વગેરેના ભવનો અને નરકના પ્રતર વગેરે જાણવા. વળી સૂક્ષ્મ-પૃથ્વીકાય જીવો સર્વ લોકમાં વ્યાપીને રહેલા છે. તથા આ (સૂક્ષ્મ અને બાદર) બંને પૃથ્વીકાય જીવોમાં શ્રી તીર્થંકર પરમાત્મા પ્રણિત પ્રવચનમાં પ્રસિદ્ધ એવા આ ભેદો (= વિશેષતાઓ) જાણવા. તે આ રીતે → પર્યાપ્તક, અપર્યાપ્તક ૩ (ઔદારિક, તૈજસ, કાર્મણ) શરીર, અંગુલના અસંખ્યાતમાં ભાગ જેવડું શરીર, છેવટ્ઠું સંઘયણ, મસુરની દાળ અને ચંદ્રમા જેવો આકાર, કષાય ચતુષ્ક, સંજ્ઞા ચતુષ્ક તથા કૃષ્ણ, નીલ, કાપોત એમ આદ્ય ૩ લેશ્યા, સ્પર્શનેન્દ્રિય, વેદના, કષાય અને મારણાંતિક (એમ ૩) સમુદ્ઘાત, અસંજ્ઞીપણું, નપુંસકવેદ, ૪ (આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ) પર્યાપ્તિ, મિથ્યાદર્શન, અચક્ષુદર્શન, અજ્ઞાન, કાયયોગ, સાકાર અને અનાકાર ઉપયોગ, આહાર આદિ

A. विगत° रा.। B. °काधोऽधः पाताल° - मु. पा. (खं. भा.)।
C. °चन्द्र° प्रा. मु. (खं. भा.)। D. °संज्ञिनपु° प्रा. मु. (खं. भा.)।

चक्षुर्दर्शनाज्ञान-काययोग-साकारानाकारोपयोगाहारादिप्रकाराः, विशेषस्तु[1] बादरपृथिवीकायानामाद्याश्चतस्रो लेश्याः, शेषं समानम्, असङ्ख्येयाश्च प्रत्येकमुभये। **कथं** पुनरिदं विज्ञायते साकारानाकारोपयोगादि-जीवलिङ्गकलापोऽत्राशेषप्राणिचिह्नभूतोऽस्तीति ? **उच्यते** → आगमतो युक्तितश्च, आगमस्तावत्→

★ ***"पुढविकाइया णं भंते ! किं सागारोवओगोवउत्ता [3]अणागारोवओगोवउत्ता ? गोयमा! सागारोवओगोवउत्तावि अणागारोवओगोउत्तावि"*** *(प्रज्ञा. सू. ३१२)॥ तथा*

★ ***"पुढविकाइए णं भंते ! अक्कंते समाणे केरिसयं वेदणं [4]पच्चणुभवति ? गोयमा! से जहा नामते [5] केइ पुरिसे तरुणे बलवं जुवाणे जाव निउणसिप्पोवगते [6] एगं पुरिसं जुण्णं जराजज्जरियदेहं परिहीणसगलिंदियवियारं (वावारं ?) दुब्बलं किलंतं जमलपाणिणा मुद्धाणंसि***

● હેમગિરા ●

ભેદો (બંનેય પૃથ્વીકાયમાં જોવા મળે છે). વળી વિશેષ એ જાણવું કે બાદર પૃથ્વીકાય જીવોમાં પ્રારંભની ૪ લેશ્યાઓ હોય છે (સૂક્ષ્મને ૩ જ હોય). શેષ વસ્તુઓ (સૂક્ષ્મ અને બાદરમાં) સરખી હોય છે. વળી સૂક્ષ્મ અને બાદર પૃથ્વીકાય એ દરેક અસંખ્યાતા છે (બાદર કરતા સૂક્ષ્મનું અસંખ્યાતું વિશેષાધિક જાણવું.)

### ❖ આગમ અને યુક્તિથી પૃથ્વીમાં ઉપયોગ સિદ્ધિ ❖

**પ્રશ્ન :** સમસ્ત પ્રાણીઓના ચિહ્ન (= લક્ષણ) ભૂત એવો સાકાર-અનાકાર ઉપયોગ વગેરે જીવના લિંગ (= લક્ષણ)નો સમૂહ પૃથ્વીકાયમાં છે એવું કઈ રીતે જાણી શકાય ?

**ઉત્તર :** આગમ અને યુક્તિથી જાણી શકાય છે. ત્યાં પ્રથમ (આ વાતને સિદ્ધ કરનાર) આગમ આ મુજબ છે → *'હે ભગવાન ! પૃથ્વીકાય જીવો શું સાકાર ઉપયોગથી ઉપયુક્ત છે કે અનાકાર ઉપયોગથી ઉપયુક્ત છે ? હે ગૌતમ ! પૃથ્વીકાય જીવો સાકાર ઉપયોગથી પણ ઉપયુક્ત છે અને અનાકાર ઉપયોગથી પણ ઉપયુક્ત છે' (**પ્રજ્ઞાપના** સૂ. ૩૧૨)*. વળી પૃથ્વીકાય જીવોની વેદના કેવી હોય તે દર્શાવતાં આગમમાં કહ્યું છે :-

**પ્રશ્ન :** *હે પ્રભુ ! પૃથ્વીકાય (કોઈનો) સંઘટ્ટો થતાં કેવા પ્રકારની વેદનાને અનુભવે છે ?*

**ઉત્તર :** *હે ગૌતમ ! જેમ કોઈ તરુણ (= ચઢતી યુવાનીવાળો), બળવાન જુવાન*

१. विशेषास्तु - मु (रा)। २. °चिह्नी° - खं। ३. अणागारोवउत्ता-भां.खं..।
४. पच्चणुभवमाणे विहरति-मुद्रित भगवतिसूत्रे। ५. °मए - मु (खं. भां.)। ६. °वगए - मु (खं. भां.)।

★ पृथ्वीकायिका णं भदन्त ! किं साकारोपयोगोपयुक्ताः अनाकारोपयोगोपयुक्ताः? गौतम ! साकारोपयोगोपयुक्ता अपि अनाकारोपयोगोपयुक्ता अपि।

★ पृथ्वीकायिकः णं भदन्तः ! किं आक्रान्त सन् कीदृशीं वेदनां प्रत्यनुभवति ? गौतम ! 'तद्यथा नामकःकश्चित् पुरुषस्तरुणो बलवान् युवा यावत् निपुणशिल्पोपगत एकं पुरुषं जीर्णं जराजर्जरितदेहं परिहीनसकलेन्द्रियव्यापारं दुर्बलं क्लाम्यन्तं पाणियमलेन मूर्ध्नि ...

*★अभिहणेज्जा, से णं गोयमा! पुरिसे तेणं[1] पुरिसेण जमलपाणिणा मुद्धाणंसि अभिहते समाणे[2] केरिसयं वेयणं पच्चणुभवति ? अणिट्ठं समणाउसो ! तस्स णं गोयमा ! पुरिसस्स वेयणाहिंतो पुढविकाइए अक्कंते समाणे एत्तो [3]अणिट्ठतरियं[4] ▶चेव अक्कंदिततरियं चेव अमणामतरियं चेव वेयणं◀ [5]पच्चणुभवति।' (भग. श. १९, उ. ३, सू. ३१)*

एवमेवाप्-तेजो-वायु-वनस्पतिकाया अपि वक्तव्याः। युक्तिरपि सास्ना-विषाणादिसङ्घाता हि छेद्य-भेद्योत्क्षेप्य-भोज्य[6]-भोग्याघ्रेय-रसनीय-स्पृश्य-दृश्यद्रव्यत्वे सति जीवशरीरतया प्रसिद्धाः, पृथिव्यादीनां च छेद्यत्वादि[7] दृष्टमपह्नोतुं न शक्यते, जीवशरीरत्वेन निरूपितत्वात् पाणि-पाद-सङ्घातानामिव पृथिव्यादीनामपि कदाचिच्चैतन्यं, न चात्यन्तमचित्ततेति, कदाचित् किञ्चिदचेतन-

• હેમગિરા •

*(= હૃષ્ટપુષ્ટ) યાવત્ શિલ્પકળામાં નિપુણતાને પ્રાપ્ત કરેલ પુરુષ તે વૃદ્ધાવસ્થાથી જર્જરિત દેહવાળા, શિથિલ થઈ ગયેલી સર્વ ઇન્દ્રિયોના વ્યાપારવાળા, દુર્બળ અને થાકી ગયેલા એક વૃદ્ધ પુરુષને બંને હાથથી મસ્તક પર હણે, હે ગૌતમ ! તે વખતે તે બળવાન પુરુષ થકી બે હાથથી માથામાં હણાયેલો તે વૃદ્ધ પુરુષ કેવા પ્રકારની વેદનાને અનુભવે છે ? **ગૌતમસ્વામી →** હે શ્રમણાયુષ્મન્ ! અનિષ્ટ વેદનાને અનુભવે છે. **પ્રભુવીર →** હે ગૌતમ ! તે વૃદ્ધ પુરુષની આ વેદના કરતાં સંઘટ્ટનને પામેલા એવા પૃથ્વીકાય વધુ અનિષ્ટ, વધુ આક્રંદવાળી અને વધુ અમનોજ્ઞ એવી વેદનાને અનુભવે છે* (ભગવતી શ. ૧૯, ઉ. ૩, સૂ. ૩૧). આ પ્રમાણે જ અપ્કાય, તૈજસકાય, વાયુકાય અને વનસ્પતિકાય જીવો પણ વેદનાના અનુભવવાળા કહેવા (આ પ્રમાણે આગમથી પૃથ્વીકાયાદિમાં ઉપયોગની સિદ્ધિ કરી). હવે યુક્તિ પણ છે તેને જણાવતાં કહે છે →

જેમ સાસ્ના (= ગાયના ગળામાં રહેલી જાડી ગોદડી જેવી ચામડી), શિંગડા વગેરેના સમૂહ (રૂપ ગાયનું શરીર) છેદવા યોગ્ય (= છેદ્ય), ભેદવા યોગ્ય, ઊંચકવા યોગ્ય, ખાવા યોગ્ય, ઉપભોગ કરવા યોગ્ય, સુંઘવા યોગ્ય, ચાખવા યોગ્ય, સ્પર્શવા યોગ્ય, જોવા યોગ્ય દ્રવ્ય રૂપ હોવાથી (સાસ્નાદિ) જીવના શરીર તરીકે પ્રસિદ્ધ છે, અને એ જ પ્રમાણે પૃથ્વી વગેરેનું પ્રત્યક્ષ એવું છેદવા યોગ્યપણું આદિ છુપાવવું શકય નથી. (આથી જ પૃથ્વીકાય આદિ પણ સજીવ શરીરો છે.) પૃથ્વીકાયાદિ એ જીવના શરીર રૂપે દેખાયેલ હોવાથી હાથ, પગ (રૂપ શરીરના અવયવો)ના સમૂહની જેમ પૃથ્વીકાયાદિમાં પણ કયારેક ચેતના હોય છે, અત્યંત અચેતનતા

१. तेणं जमल - मु (खं. भां.)। २. °माणे अणि° - मु. (खं. भा.)। ३. तरियं अक्कं - मु. (खं. भां.)।
४. अणिट्ठतरियं चेव अकंततरियं जाव अमणामतरियं। ५. पच्चणुब्भवमाणे विहरति - मुद्रित भगवति सूत्रे।
६. °भोग्यं° - मु (खं)। ७. त्वादिष्टम° रा.। ▶.....◀ चिह्नितोऽयं पाठः भां प्रतौ नास्ति।

★ अभिहन्यात्, स णं गौतम ! पुरुषस्तेन पुरुषेन पाणियमलेन मुर्ध्नि अभिहतः सन् कीदृशीं वेदनां प्रत्यनुभवति ? अनिष्टां श्रमणायुष्मन्! तस्य णं गौतम ! पुरुषस्य वेदनायाः (सकाशात्) पृथ्वीकायिक आक्रान्त सन् एतस्याः अनिष्टातरां चैव आक्रान्ततरां चैव अमनोज्ञतसरां चैव वेदनां प्रत्यनुभवति।

भाष्यम् :- अप्कायोऽनेकविधः हिमादिः ।

● गन्धहस्ति ●

मपि शस्त्रोपहतत्वात् पाण्यादिवदेवेति, अर्शोविकाराङ्कुरवच्च समानजातीयाङ्कुरोत्पत्तिमत्त्वे सति स्वाश्रयावस्था विद्रुमलवणोपलादयः पृथिवीविकाराश्चेतना ततश्च विद्रुम-लवणादिवत् पृथिवीविकारे[1] सत्यभ्रपटलाञ्जन-हरिताल-मनःशिला-शुद्धपृथिवी-शर्कराप्रभृतयश्चैतन्यमव्यक्तं मत्तसुप्त-मूर्च्छितपुरुषवदनुभवन्तीत्यागमतो युक्तितश्चैषामुपयोगो[2] लक्षणं प्रतिपत्तव्यमितरत्रापि च यथासम्भवमेतदुभयमायोजनीयम्। **अप्कायोऽनेक** इत्यादिग्रन्थः। अत्राप्यादिग्रहणेनावश्याय-महिका-करक-हरतनु-शुद्ध-शीतोष्ण-क्षाराम्ल-लवण-क्षीर-घृतोदकप्रकाराः परिगृह्यन्ते, बादराणां समुद्र-ह्रद-

ભાષ્યાર્થ :- અપ્કાય હિમ વગેરે અનેક ભેદે છે.

● *હેમગિરા* ●

નથી હોતી તથા જેમ શસ્ત્રથી હણાઈ જવાના કારણે હાથ વગેરે ક્યારેક કોઈક અચેતન પણ થાય છે તેમજ શસ્ત્રથી હણાઈ જવાના કારણે ક્યારેક કોઈક પૃથ્વી આદિ અચેતન પણ થાય છે.

જેમ સ્વાશ્રયમાં રહેનારા (સ્વના = અંકુરના, આશ્રયમાં = શરીરમાં રહેનારા) એવા હરસ રોગના વિકાર રૂપ અંકુરા = મસા/હરસ એ સચિત્ત છે કેમકે તેમાંથી સમાન જાતિવાળા અંકુરા (= નવા મસા)ની ઉત્પત્તિ થાય છે. તેમજ સ્વાશ્રયમાં રહેનારા (સ્વના = વિદ્રુમાદિના આશ્રયમાં = ખાણમાં રહેનારા) પૃથ્વીના વિકાર રૂપ વિદ્રુમ, લવણ, ઉપલ = નાના ગોળ પથરા વગેરે પણ સચિત્ત છે, કારણકે તેમાંથી પણ સમાન જાતિવાળા અંકુરા (= નવા નવા વિદ્રુમાદિ)ની ઉત્પત્તિ થાય છે અને તેથી વિદ્રુમ, લવણ વગેરેની જેમ અભ્રકપડ, સૂરમો, અંજન, હડતાલ, મનઃશિલા, શુદ્ધ પૃથ્વી, શર્કરા = કાંકરા વગેરે પૃથ્વીના વિકાર સ્વરૂપે હોવાથી મત્ત, સુપ્ત અને મૂર્ચ્છિત માણસની જેમ અવ્યક્ત ચૈતન્યને અનુભવે છે. આ પ્રમાણે આગમ અને યુક્તિથી આ પૃથ્વીકાયમાં ઉપયોગ લક્ષણ સ્વીકારવું અને આ જ પ્રમાણે અન્યત્ર (= અપ્કાય આદિમાં) પણ યથાયોગ્ય આ (= આગમ અને યુક્તિ) બંને યોજી લેવા.

## ❖ જળના વિસ્તૃત પ્રકારો ❖

હવે '**अप्कायोऽनेक**' ઇત્યાદિ ભાષ્યગ્રંથ છે. (તેનો અર્થ આ પ્રમાણે) અહીં (= અપ્કાયના ગ્રંથ '**हिमादि**'માં) પણ, આદિ પદના ગ્રહણથી, નીચે બતાવેલ પાણીના પ્રકારો ગ્રહણ કરાય છે. તે આ પ્રમાણે → (૧) **અવશ્યાય** = ઓસ (= ઝાકળનું પાણી), (૨) **મહિકા** = ધુમ્મસનું પાણી, (૩) **કરક** = કરા (ઓળા), (૪) **હરતનુ** = પૃથ્વીને ભેદીને ઘાસના અગ્રભાગ પર રહે છે એ 'હરતનુ' નામનું જળ, (૫) **શુદ્ધોદક** = વરસાદનું અર્થાત્ અંતરિક્ષથી પડતું પાણી અથવા

१. °विकारत्वे - खं. भां (प्रा)। २. °योगलक्षणत्वं भां. रा।

भाष्यम् :- वनस्पतिकायोऽनेकविधः शैवलादिः ॥२/१३॥

● गन्धहस्ति ●

नदीप्रभृतिस्थानमितरेषां सर्वलोकस्तथैवा सङ्ख्येयतापर्याप्तकादिभेदश्चाशेषस्तथैव, केवलं शरीरसंस्थानं स्तिबुकबिन्दुकसंस्थितमेवावसेयम्[1]।

**वनस्पतिकाय** इत्यादिग्रन्थः। शैवलादिरिति साधारणशरीरबादरवनस्पतिकायोपादानात् तदुपलक्षितास्ते चान्ये च ग्राह्याः, शैवालावक-पणक-हरिद्रार्दक-मूलकाॅलुका-सिंहकर्णिप्रभृतयः, तथा प्रत्येकशरीरा वृक्ष-गुच्छ-गुल्म-लता-वितानप्रभृतयः। अत्र साधारणवनस्पतेरनन्तजीवानामेकं शरीरमुच्छ्वास-

**ભાષ્યાર્થ :- વનસ્પતિકાય શેવાળાદિ અનેક પ્રકારે છે. ॥૨/૧૩॥**

● *હેમગિરા* ●

નદી તળાવ વગેરે ભૂમિનું પાણી, (૬) **શીતોદક** = શીતળ જળ, (૭) **ઉષ્ણોદક** = ઉષ્ણ જળ, (૮) **ક્ષારોદક** = ખારું પાણી, (૯) **આમ્લોદક** = ખાટું પાણી, (૧૦) **લવણોદક** = જે લવણ જેવું ખારું હોય (= લવણ સમુદ્રનું પાણી), (૧૧) **ક્ષીરોદક** = દૂધ જેવા સ્વાદવાળું (= ક્ષીરસમુદ્રનું પાણી), (૧૨) **ઘૃતોદક** = ઘી જેવા સ્વાદવાળું (= ઘૃતવર સમુદ્રનું પાણી). સમુદ્ર, સરોવર, નદી આદિ સ્થાનો બાદર અપ્કાય જીવોના જાણવા. સૂક્ષ્મ પૃથ્વીકાયની જેમ જ સૂક્ષ્મ અપ્કાયના જીવોનું સ્થાન સર્વલોક જાણવું તથા અસંખ્યેયત્વ અને અપર્યાપ્તા આદિ બધાય ભેદ પૃથ્વીકાયની જેમ જાણવા. કેવળ તેના કરતાં વિશેષ એ જાણવું કે અપ્કાયના શરીરનો આકાર સ્તિબુક બિંદુના = પરપોટાના આકાર જેવો હોય છે.

## ❁ વનસ્પતિના ભેદોની વિશદ પ્રરૂપણા ❁

'**वनस्पतिकाय...**' અહીં '**शैवालादिः**' પદમાં શૈવાલ નામના સાધારણ શરીરવાળા બાદર વનસ્પતિકાયનું ગ્રહણ કર્યું હોવાથી, તેનાથી ઉપલક્ષિત એવા તેઓ (= સાધારણ શરીરવાળા બાદર વનસ્પતિકાય) અને અન્ય (= પ્રત્યેક શરીરવાળા બાદર વનસ્પતિકાય) ગ્રહણ કરવા. તેમાં પ્રથમ સાધારણ શરીરવાળા બાદર વનસ્પતિ આ મુજબ છે → (૧) **શૈવાલ** = તળાવાદિના ઉપરના ભાગમાં જામેલી (નીલ) વનસ્પતિ, (૨) **અવક** = સ્નુહિ વગેરે, (૩) **પણક** = પાંચ પ્રકારની નિગોદ, (૪) **લીલી હળદર**, (૫) **લીલુ આદુ**, (૬) **મૂળા**, (૭) **બટાકા**, (= આલુ), (૮) **સિંહકર્ણી** આવા પ્રકારના બીજા પણ ભેદો જાણવા.

તેમજ પ્રત્યેક શરીરવાળા વનસ્પતિ આ મુજબ છે → (૧) **વૃક્ષ**, (૨) **ગુચ્છ** = ગુચ્છા, (૩) **ગુલ્મ** = પૌધા (= છોડવા), (૪) **લતા**, (૫) **વલ્લી** = વેલડી આવા પ્રકારના બીજા પણ ભેદો જાણવા. અહીં (= વનસ્પતિકાયના ભેદમાં) સાધારણ વનસ્પતિમાં અનંત જીવોનું

१. °तमवसेयं भां. रा.। २. °काल्लुका° प्रा. मु. (खं.)।

**सूत्रम् :- [1]तेजो-वायू* द्वीन्द्रियादयश्च त्रसाः ॥२/१४॥**

**भाष्यम् :- तेजःकायिका अङ्गारादयः ।**

**गन्धहस्ति**

निःश्वाससमता समाहारादानता चेत्यादिलक्षणमागमतोऽनुसर्तव्यम्। प्रत्येकशरीरास्त्वसङ्ख्येयजीवाः सङ्ख्येयजीवा वा बहुभेदाः, पर्याप्तकादिर्भेदस्तथैव, केवलमनित्थंस्थं[2] शरीरसंस्थान-मेषामवसेयम्, शेषमन्यत् समानम्। स्थानं घनोदधि-घनवलयाद्येषां, सङ्ख्यानङ्गीकृत्यानन्ताः सर्वे वनस्पतयः, सूक्ष्माः सर्वलोकव्यापिनो वनस्पतयः ॥२/१३॥

उक्ताः स्थावराः, त्रसा उच्यन्ते →

**तेजो-वायू** इत्यादि[3] (सूत्रम्)। अङ्गारार्चिरलात-शुद्धाग्न्यादिभेदं बादरं तेजः, बादरस्य[4] मनुष्य-

**સૂત્રાર્થ :- તેઉકાય, વાયુકાય અને બેઇન્દ્રિય આદિ જીવો ત્રસ છે. ॥૨/૧૪॥**

**ભાષ્યાર્થ :- અંગારા વગેરે તેઉકાયો,**

***હેમગિરા***

એક શરીર, (અનંત જીવોનું) ઉચ્છવાસ-નિઃશ્વાસ સાથે કરવું અને એક સાથે આહારનું ગ્રહણ કરવું ઇત્યાદિ લક્ષણ આગમથી જાણી લેવા. એક જ સ્થાનમાં પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાય જીવો તો અસંખ્યાત અથવા સંખ્યાત હોય છે. આમ પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાયની એક સ્થાનમાં અવસ્થિતિ અનેક પ્રકારે હોય છે. (કેમકે અસંખ્યાત અને સંખ્યાતના પણ અનેક પ્રકાર છે.) પર્યાપ્તા, અપર્યાપ્તા ઇત્યાદિ (પૂર્વે કહેલા) ભેદ તો (સાધારણ, પ્રત્યેક બંનેમાં) પૃથ્વીકાયની જેમ જ જાણવા. માત્ર એઓના શરીરનું સંસ્થાન અનિત્થંસ્થ (= પરિમંડળ આદિ નિયત સંસ્થાન વિનાનું) જાણવું, બીજું શેષ પૃથ્વીકાય આદિની જેમ સમાન જાણવું.

આ બાદર વનસ્પતિના સ્થાન ઘનોદધિ અને ઘનોદધિ વલય વગેરે જાણવા. સંખ્યાને આશ્રયી (સૂક્ષ્મ-બાદર) સર્વ સાધારણ વનસ્પતિ જીવો અનંત છે. વળી સૂક્ષ્મ વનસ્પતિ જીવો સર્વલોક વ્યાપી છે. ॥૨/૧૩॥

**૨/૧૪ સૂત્રની અવતરણિકા :-** ઉપર સ્થાવરો જીવો કહેવાયા. હવે ત્રસ જીવો (૨/૧૪ સૂત્રમાં) કહેવાય છે. '**तेजो-वायू**' ઇત્યાદિ ૨/૧૪ સૂત્ર છે. તેમાં '**तेजो-वायू**' પદ સ્પષ્ટ છે તેથી તેનો અર્થ ન કરતાં સીધા તે પદના **तेजः कायिका...** ઇત્યાદિ ભાષ્યને જ સ્પષ્ટ કરતાં ટીકામાં કહે છે કે **તેઉકાય :** અહીં તેઉકાયના ભાષ્ય **अङ्गारादय**માં પણ '**आदि**' પદના ગ્રહણથી નીચે બતાવેલ તેઉકાયના પ્રકારો ગ્રહણ કરાય છે. તે આ પ્રમાણે → (૧) **અંગારા** =

१. तेजो-वायु-द्वीन्द्रियादयस्त्रसाः प्रा. रा.। २. °नित्यं स्वशरी°. प्रा.। ३. °वायू इति - मु (खं. भा.)।
४. बादरस्य तु मन°. - मु (भां. खं.)। ❖ જુઓ પરિશિષ્ટ-૬ ટીપ્પણી - ૭

**भाष्यम् :- वायुकायिका उत्कलिकादयः। द्वीन्द्रियास्त्रीन्द्रियाश्चतुरिन्द्रियाः पञ्चेन्द्रिया इत्येते त्रसा भवन्ति।**

**• गन्धहस्ति •**

क्षेत्रमेव स्थानम्, न ततः परमस्ति, सूक्ष्मं सर्वलोकपर्यापन्नम्, शरीरसंस्थानं सूचीकलापाकृति, शेषपर्याप्तकादिभेदः पूर्वकैः समानः, प्रमाणतोऽसङ्ख्येयः[1]। प्राच्य-प्रतीच्याद्युत्कलिका-मण्डलिकादिभेदो वायुः, बादरस्य स्थानं घनवात-तनुवात-तद्वलयाधोलोकपाताल-भवनादि, सूक्ष्मः सर्वलोकपर्यापन्नः, प्रमाणतोऽसङ्ख्येयजीवः, पूर्वकैः पर्याप्तकादिभेदः समानः, शरीरसंस्थानं तु पताकाकृति द्रष्टव्यम्॥

द्वे इन्द्रिये येषां ते द्वीन्द्रियाः, ते **द्वीन्द्रिया** आदौ येषां ते द्वीन्द्रियादय इति **तद्गुणसंविज्ञानो**

**ભાષ્યાર્થ :- ઉત્કલિક આદિ વાયુકાયો, બેઈન્દ્રિયો, તેઈન્દ્રિયો, ચઉરિન્દ્રિયો, પંચેન્દ્રિયો આટલા જ આ જીવો ત્રસ હોય છે.**

**• *હેમગિરા* •**

ધૂમાડા અને જ્વાળા વિનાનો અગ્નિ, (२) **અર્ચિ** = જ્વાળાનો અગ્નિ, (३) **અલાત** = કોલસાનો અગ્નિ, (४) **શુદ્ધ અગ્નિ** આદિ ભેદવાળો બાદર અગ્નિ જાણવો. વળી આ બાદર અગ્નિકાયનું સ્થાન તો મનુષ્યક્ષેત્ર જ છે, આના સિવાય બીજે કયાંય નથી. સૂક્ષ્મ અગ્નિકાય તો સર્વલોક વ્યાપી છે. (અગ્નિના જીવોના) શરીરનો આકાર સોયના સમૂહની આકૃતિ જેવો છે. શેષ પર્યાપ્તક આદિ ભેદ પૂર્વોક્ત પૃથ્વીકાય આદિની જેમ અગ્નિકાયમાં સમાન જાણવા તથા સંખ્યાથી 'અસંખ્યાત' છે.

### ❁ બાદર - સૂક્ષ્મ વાયુના સ્થાનો ❁

**વાયુકાય :** અહીં વાયુકાયના ભાષ્ય **उत्कलिकादयः**માં પણ આદિ પદના ગ્રહણથી નીચે બતાવેલ વાયુકાયના પ્રકારો ગ્રહણ કરાય છે. તે આ પ્રમાણે - (१) **પ્રાચ્યવાયુ** = પૂર્વ દિશાનો વાયુ, (२) **પ્રતીચિવાયુ** = પશ્ચિમ દિશાનો વાયુ આદિ. (३) **ઉત્કલિકવાયુ** = સમુદ્રનાં તરંગોની જેમ જે વાયુથી રેતીમાં તરંગો પડતાં સ્પષ્ટ જણાય છે, એવા તરંગવાળો અર્થાત્ રહી રહીને તરંગોથી ચાલનારો વાયુ, (४) **મંડલિકવાયુ** = મૂળમાંથી જ ગોળ ફરતો વાયુ આવા બીજા પણ વાયુના પ્રકાર છે. બાદર વાયુના સ્થાન રત્નપ્રભાદિ પૃથ્વીની નીચે રહેલ ઘનવાત, તનવાત, ઘનવાતવલય, તનવાતવલય, અધોલોકના પાતાળકુંભો અને ભવન આદિ છે. સૂક્ષ્મ વાયુકાય સર્વલોક વ્યાપી છે. વાયુકાયના જીવો સંખ્યાથી અસંખ્યાત છે. શેષ પર્યાપ્તક આદિ પ્રકાર પૃથ્વીકાય આદિની જેમ વાયુકાયમાં પણ સમાન જાણવા. વળી (વાયુકાયના) શરીરનો આકાર પતાકા (= ધ્વજા)ની આકૃતિ સરખો જાણવો.

**દ્વીન્દ્રિય :-** (ટીકામાં સૂત્રગત '**द्वीन्द्रियादयः**' પદના સમાસનો વિગ્રહ કરે છે.) બે ઇન્દ્રિય છે જેઓને તે બેઇન્દ્રિયવાળા જીવો, તે બેઇન્દ્રિય શરૂઆતમાં છે જેઓની (= ત્રસ

१. °ख्येयजीवः मु (खं. भा.)।

बहुव्रीहिः, पञ्चेन्द्रियपर्यवसानाः, वक्ष्यति → '**पञ्चेन्द्रियाणि**' (अ. २, सू. १५) इति। पञ्चैव नातः परमिन्द्रियम् नियमाद्धि तद्वतामवच्छेदः। **च**शब्दः समुच्चितौ, सर्वयेते त्रसा भवन्ति। **इति**शब्दोऽवधृतौ एतावन्त एव सामान्यत इति।

त्रसत्वं च द्विविधं → क्रियातो लब्धितश्च। तत्र क्रिया = कर्म = चलनं = देशान्तरप्राप्तिः। अतः क्रियां प्राप्य तेजो-वाय्वोस्त्रसत्वम्, लब्धितस्तु त्रसनामकर्मोदयः, यस्माद् द्वीन्द्रियादीनां क्रिया च देशान्तरप्राप्तिलक्षणेति लब्ध्या। पृथिव्यप्-तेजो-वायु-वनस्पतयः सर्वे स्थावरनामकर्मोदयात् स्थावरा एव, आदिवचनं तेजसश्चक्षुःप्रत्यक्षाल्पत्वात्, ततो वायोस्तदधिकसूक्ष्मत्वात्, असमासकरणं तेजो-वाय्वोः संज्ञाद्वैविध्यप्रतिपादनार्थम् → त्रसौ स्थावरौ चेति, तेजो-वाय्वोः समासकरणं स्थावरैः सहैकेन्द्रिय-

• હેમગિરા •

જીવોની) તે બેઇન્દ્રિયાદિ (ત્રસ જીવો) એમ 'તદ્ગુણ સંવિજ્ઞાન' બહુવ્રીહિ સમાસ જાણવો. તે ત્રસ જીવો બેઇન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના જાણવા. (તે વાતનું સમર્થન કરનાર) '**पञ्चेन्द्रियाणि**' એમ **૨/૧૫** સૂત્ર કહેવાશે. તેમાં ઇન્દ્રિયો પાંચ જ છે એ સિવાય બીજી (છઠ્ઠી) કોઈ ઇન્દ્રિય નથી એવા નિયમથી તેવા પાંચ ઇન્દ્રિયવાળા જીવોનો અવચ્છેદ (= નિયમન) થાય છે અર્થાત્ પંચેન્દ્રિયથી આગળ કોઈ જીવ નથી. સૂત્રનો '**च**' શબ્દ સમુચ્ચય અર્થમાં છે, તે આ પ્રમાણે → તેજો, વાયુ અને બેઇન્દ્રિય આદિ સર્વે ત્રસ હોય છે. (ભાષ્યનો '**इत्येते**' પદમાંનો) '**इति**' શબ્દ અવધારણના અર્થમાં છે અર્થાત્ સામાન્યથી ત્રસો આટલા જ છે તેમ જાણવું.

### ❁ ત્રસત્વના બે સ્વરૂપો ❁

ક્રિયા અને લબ્ધિની અપેક્ષાએ ત્રસપણું બે ભેદે છે. ત્યાં ક્રિયા એટલે કર્મ = ચાલવું = દેશાંતરની પ્રાપ્તિ. આથી ક્રિયાને આશ્રયી તૈજસ અને વાયુમાં ત્રસપણું સમજવું. વળી લબ્ધિથી ત્રસપણું એ ત્રસ નામકર્મના ઉદય સ્વરૂપ છે કેમકે દેશાંતર પ્રાપ્તિ સ્વરૂપ એવી ક્રિયા બેઇન્દ્રિયાદિમાં લબ્ધિથી (= ત્રસ નામકર્મના ઉદયથી) પણ હોય છે. પૃથ્વી, અપ્, તેઉ, વાયુ અને વનસ્પતિ એ બધા સ્થાવર નામકર્મના ઉદય થકી સ્થાવર જીવો જ હોય છે. (ક્રિયાની અપેક્ષાએ તેજો-વાયુ ત્રસ છે) (સૂત્રમાં) પ્રથમ અગ્નિ = તૈજસ ને કહ્યું છે. તેનું કારણ એ છે કે તેઉકાય ચક્ષુથી પ્રત્યક્ષ છે તથા (વાયુકાય કરતાં) અલ્પ સંખ્યામાં છે. ત્યારબાદ વાયુકાયનું ગ્રહણ છે કેમકે વાયુકાય અગ્નિકાય કરતાં અધિક છે તથા સૂક્ષ્મ (= ચક્ષુથી અપ્રત્યક્ષ) છે.

(**પ્રશ્ન :** '**तेजो-वायू**' પદનો '**द्वीन्द्रियादयः**' પદ સાથે સમાસ કેમ નથી કર્યો ?

**ઉત્તર :**) સમાસ ન કરવા પાછળ એ પ્રતિપાદન કરવું છે કે તેઉ અને વાયુ 'ત્રસ' અને 'સ્થાવર' એમ બંને સંજ્ઞાવાળા છે. '**तेजस्**' અને '**वायुः**'નો સમાસ (**तेजो-वायू**) કર્યો છે. તેમાં કારણ એ છે કે તૈજસ અને વાયુનું સ્થાવરો સાથે 'એકેન્દ્રિયત્વ'નું સાધર્મ્ય છે અર્થાત્

**भाष्यम् :- संसारिणस्त्रसाः स्थावरा इत्युक्ते एतदुक्तं भवति→ मुक्ता नैव त्रसा नैव स्थावरा इति॥२/१४॥**

गन्धहस्ति

त्वसाधर्म्यात्, द्वीन्द्रियाद्युत्तरवचनमिन्द्रियक्रमवृद्धेः।

**संसारिणस्त्रसा** इत्यादि भाष्यम्। कोऽभिप्रायः ? अर्थापत्तिरपि प्रमाणान्तरं नयवादान्तरेणेति प्रागुक्तम्, तस्याः प्रामाण्यद्वारेण विषयप्रदर्शनं क्रियते → संसारिणां त्रस-स्थावरत्वविधाने; मुक्तानामुभयमपोदितं भवतीति, न ते त्रसाः स्थावरा वा, तल्लक्षणानुपपत्तेरिति॥२/१४॥

निर्दिष्टा उपयोगिनः, सम्प्रतीन्द्रियाण्युच्यन्ते। कः पुनरस्य सम्बन्ध सूत्रस्य ? **उच्यते** → उक्तं प्रथमे '***तदिन्द्रियानिन्द्रियनिमित्तं***' (अ. १, सू. १४) मतिज्ञानं, अनन्तरं च '***द्वीन्द्रियादयस्त्रसाः***' (अ. २, सू. १४) तत्र कियन्तीन्द्रियाणि ? कतिविधानि वा तानि ? तेषां वा मध्ये कस्य किमिन्द्रिय-

**ભાષ્યાર્થ :- 'સંસારીના ત્રસ અને સ્થાવર (બે ભેદ) છે' એમ સૂત્રમાં કહેતાં એ ફલિત થાય છે કે સિદ્ધો ત્રસ પણ નથી અને સ્થાવર પણ નથી ॥૨/૧૪॥**

*હેમગિરા*

તૈજસ અને વાયુ એ બે અને સ્થાવરોમાં એકેન્દ્રિયત્વ ધર્મ સમાન છે. વળી ઇન્દ્રિયોની ક્રમશઃ વૃદ્ધિ થતી હોવાથી બેઇન્દ્રિય આદિને (તેઉ, વાયુ) પછી કહ્યા છે.

'**संसारिणस्त्रसा**' ઇત્યાદિ ભાષ્ય છે. આ ભાષ્યનો શું અભિપ્રાય છે ? (એ પ્રશ્નના ઉત્તરમાં કહે છે કે) અમુક નયવાદને આશ્રયી અર્થાપત્તિ પણ એક પ્રમાણ છે એમ પૂર્વે (પ્રથમ અધ્યાય સૂત્ર **૧૨**માં) કહેવાયેલું છે. તે અર્થાપત્તિ પ્રમાણ દ્વારા પ્રસ્તુતનું વિષયનું પ્રદર્શન કરાય છે. તે આ પ્રમાણે → સંસારીઓ ત્રસ અને સ્થાવર બે ભેદવાળા છે તેમ કહેવાથી તે મુક્તાત્માઓમાં ત્રસત્વ-સ્થાવરત્વ એમ ઉભયની (અર્થાપત્તિથી) બાદબાકી કરાયેલી થાય છે અર્થાત્ તે મુક્ત જીવો ત્રસ અને સ્થાવર નથી કેમકે તેઓમાં તેનું (= ત્રસ અને સ્થાવરનું) લક્ષણ ઘટતું નથી. (આમ અર્થાપત્તિ પ્રમાણ દ્વારા વિષયનું નિરુપણ કરવું તે જ આ ભાષ્યનું પ્રયોજન છે.) ॥૨/૧૪॥

**૨/૧૫ સૂત્રની અવતરણિકા :-** ઉપયોગવાળા જીવો નિર્દેશ કરાયા, હમણાં (તે જીવોની) ઇન્દ્રિયો કહેવાય છે.

### ❖ પ્રથમ અધ્યાયગત સૂત્રની પ્રસ્તુત સૂત્ર સાથે સંકલના ❖

**પ્રશ્ન :** આ (૨/૧૫) સૂત્રનો પૂર્વના અધ્યાયાદિની સાથે શું સંબંધ છે →

**ઉત્તર :** પૂર્વે પ્રથમ અધ્યાયમાં '**तदिन्द्रियानिन्द्रियनिमित्तं**' (૧/૧૪) સૂત્ર (= મતિજ્ઞાન એ ઇન્દ્રિય અને અનિન્દ્રિય નિમિત્તે થનારું છે એમ કહેલું છે, વળી હમણાં **૨/૧૪** સૂત્ર '**द्वीन्द्रियादयस्त्रसा**' = બેઇન્દ્રિયાદિ જીવો ત્રસ છે એમ કહ્યું છે. (આ પ્રમાણે બંને સૂત્રોમાં ઇન્દ્રિયોની વાત કરી છે,

**सूत्रम् :- पञ्चेन्द्रियाणि ॥२/१५॥**

**भाष्यम् :- पञ्चेन्द्रियाणि भवन्ति। आरम्भो नियमार्थः षडादिप्रतिषेधार्थश्च।**

**• गन्धहस्ति •**

मुपयोगिन इति ? तत्रादौ सङ्ख्यानमेव तावन्निरूपयितुमाह → (**पञ्चेन्द्रियाणि**।)

अथवा येयं चैतन्यव्यक्तिर्जीवानां सेन्द्रियद्वारेणेति, तानि च न सर्वाणि सर्वस्येति विभागो वक्ष्यते, इन्द्रियनियमः पुनः पञ्चधैवेत्यत आह → **पञ्चेन्द्रियाणि**। अथवा जीवानामुपयोगो लक्षणमन्वयि सर्वत्र [1]गदितम्, तस्योपयोगस्य निमित्तान्यमून्युपदिश्यन्ते[2] → **पञ्चेन्द्रियाणि** (इति सूत्रम्)॥

**ननु च** सूत्रारम्भो निष्फल एव लक्ष्यते, किमनेनोक्तेन भवति '**पञ्चेन्द्रियाणि**' इति ? इन्द्रिय-

**સૂત્રાર્થ :- પાંચ ઇન્દ્રિયો હોય છે. ॥૨/૧૫॥**

**ભાષ્યાર્થ :- આ સૂત્રનો આરંભ પાંચ જ ઇન્દ્રિય હોય છે એવો નિયમ દર્શાવવા માટે અને ૬ વગેરે (સંખ્યા)ના પ્રતિષેધ માટે છે.**

**• *હેમગિરા* •**

તેથી) ત્યાં (= આ બંને સૂત્રમાં) પ્રશ્ન થાય કે ઇન્દ્રિયો કેટલી છે ? અથવા તે ઇન્દ્રિયો કેટલા પ્રકારે છે ? અથવા તે ઇન્દ્રિયોમાંથી કઈ ઇન્દ્રિય કયા ઉપયોગવાળા જીવને હોય છે ? ત્યાં (= ઇન્દ્રિયના નિરૂપણમાં) શરૂઆતમાં પ્રથમ ઇન્દ્રિયોની સંખ્યાને જ દર્શાવવા માટે સૂત્રકારશ્રી અત્યારે **૨/૧૫** સૂત્રને કહે છે.

(આ સૂત્રની બીજી રીતે અવતરણિકા કરતાં ટીકાકારશ્રી કહે છે કે) અથવા જીવોના ચૈતન્યની જે આ અભિવ્યક્તિ છે તે ઇન્દ્રિય દ્વારા થાય છે અને તે સર્વે ઇન્દ્રિયો સર્વ જીવોને હોતી નથી, એથી આ વિશેનો વિભાગ (અર્થાત્ કોને કેટલી ઇન્દ્રિય હોય છે તે) કહેવાશે, પરંતુ ઇન્દ્રિયોનું નિયમન (= સંખ્યા) તો પાંચ પ્રકારે જ છે, આથી તે દર્શાવવા માટે '**पञ्चेन्द्रियाणि**' એ પ્રમાણે સૂત્રને કહે છે.

(આ સૂત્રની ત્રીજી રીતે અવતરણિકા કરતાં ટીકાકારશ્રી કહે છે કે) અથવા તો જીવોનું સર્વત્ર (= સદા) અન્વયી (= જીવ સાથે રહેનાર) એવું 'ઉપયોગ' લક્ષણ કહેવાયેલું છે. હવે તે ઉપયોગની (અભિવ્યક્તિમાં) નિમિત્તભૂત એવી આ ઇન્દ્રિયોનો ઉપદેશ કરાય છે.

'**पञ्चेन्द्रियाणि**' એ **૨/૧૫** સૂત્ર છે. એનું વિવેચન કરે છે →

**પ્રશ્ન :** આ સૂત્રનો આરંભ નિષ્ફળ જ જણાય છે. કારણકે '**पञ्चेन्द्रियाणि**' (= ઇન્દ્રિયો પાંચ છે) આ પ્રમાણે કહેવાથી શું અર્થબોધ થાય છે ? અર્થાત્ જેનું સ્વરૂપ જ ખબર ન હોય તેની સંખ્યાનો નિયમ દર્શાવતાં શું અર્થબોધ થાય ?

१. निगदितम् - मु (भां. खं.)। २. °न्यपदिशन्ति - मु. प्रा. (खं. भां.)।

स्वरूपमेवात्र वक्तव्यम् द्रव्येन्द्रियमित्थंलक्षणमेवंप्रकारं च भावेन्द्रियम् इत्याशङ्कायामाह भाष्यकारः → **पञ्चेन्द्रियाणि भवन्तीति आरम्भो नियमार्थः**। अन्यूनाधिकतयाऽवधार्यन्ते → एतावन्तीन्द्रियाणि प्रकर्षतो [1]भवन्त्येकस्य जन्तोरित्येवंप्रकारो नियमः प्रतिपिपादयिषितः, तथा **षडादिप्रतिषेधार्थश्च**। षट् आदौ येषां तानि षडादीनि सामर्थ्यादिन्द्रियाण्येव सम्बध्यन्ते, अस्मादुपात्तेन्द्रियपञ्चकव्यतिरेकेण यावन्ति परैरभ्युपेयन्ते सर्वेषामत्र प्रतिषेधः सूत्रारम्भादेव।

**ननु च** नियमादेवेदमवाप्तमन्यूनानधिकानि पञ्चैवेति, पुनः किमुच्यते षडादिप्रतिषेधार्थश्चेति? **उच्यते** → नियमस्यैतावत् फलं पञ्चैवेति सिद्धान्तोऽयं जैनः, तद्व्यतिरिक्तेन्द्रियान्तराभ्यु-

• હેમગિરા •

આના કરતાં ઇન્દ્રિયોનું સ્વરૂપ જ અહીં સૂત્રમાં કહેવું જોઈએ કે દ્રવ્યેન્દ્રિય આવા પ્રકારના લક્ષણવાળી અને ભાવેન્દ્રિય આવા પ્રકારના લક્ષણવાળી છે. (પ્રથમ ઇન્દ્રિયોનું સ્વરૂપ = લક્ષણ કહીને ત્યારબાદ સંખ્યા નિયમ દર્શાવવો જોઈએ.)

**ઉત્તર :** આ આશંકા વિશે સમાધાન આપતાં ભાષ્યકારશ્રી '**पञ्चेन्द्रियाणि भवन्ति। आरम्भो नियमार्थः षडादिप्रतिषेधार्थश्च।**' આ ભાષ્યને કહે છે.

પાંચ ઇન્દ્રિયો હોય છે એ પ્રમાણેનો નિયમ દર્શાવવા માટે સૂત્રનો આરંભ છે અર્થાત્ ઇન્દ્રિયોની સંખ્યા અન્યૂન અને અનધિક તરીકે અવધારણ કરાય છે એટલે કે વધુમાં વધુ એક જીવને ઇન્દ્રિયો આટલી જ (= પાંચ) જ છે, આવા પ્રકારનો નિયમ પ્રતિપાદન કરવા માટે સૂત્રમાં ઇચ્છાયેલો છે. તેમજ ६ આદિ ઇન્દ્રિયોનો નિષેધ કરવા માટે આ સૂત્રનો આરંભ છે. (તે વાતને જ હવે જણાવે છે.)

ભાષ્યના '**षडादि**' પદનો વિગ્રહ આ મુજબ છે કે ६ આદિમાં છે જેને તે ६ ની આદિવાળી (**षट् आदौ येषां तानि = षडादीनि**), ઇન્દ્રિયનું પ્રકરણ ચાલતું હોવાથી સામર્થ્યથી તે '**षडादिनि**' પદ સાથે '**इन्द्रियाणि**' પદનો જ અન્વય થાય છે. ६ આદિમાં છે જેઓની તે '६'ની આદિવાળી ઇન્દ્રિયો જ ચાલતા પ્રકરણના સામર્થ્યથી જણાય છે. આ સૂત્રમાં ગ્રહણ કરાયેલી પાંચ ઇન્દ્રિયો સિવાયની ६ આદિ જેટલી ઇન્દ્રિયો અન્ય દર્શનકારો વડે સ્વીકારાય છે તે સર્વેનો આ સૂત્ર બનાવવા માત્રથી જ નિષેધ થઈ જાય છે.

### ❖ પાંચથી અધિક ઇન્દ્રિયોનું નિરસન ❖

**પ્રશ્ન :** ઇન્દ્રિયો પાંચ જ છે ન્યૂન કે અધિક નથી અર્થાત્ છ આદિ નથી, એમ આ નિયમ થકી જ પ્રાપ્ત થયેલું છે, તો ફરી ભાષ્યમાં '**षडादिप्रतिषेधार्थश्च**' એવું પદ કેમ કહેવાય છે.

**ઉત્તર :** નિયમનું આટલું ફળ છે કે ઇન્દ્રિયો પાંચ જ છે (ન્યૂનાધિક નહીં) આ પ્રમાણે

१. भवन्तीत्येक°. मु (खं. भां.)।

पगमवादी तु निराकार्योऽवश्यं दूषणमुत्प्रेक्ष्य सिद्धान्तवादिना, अतस्तद्बीजभूतमिदं वचनं षडादिप्रतिषेधार्थश्चेति।

तत्र मनस्तावदिन्द्रियं न भवति इन्द्रियाणि, चक्षुरादीनि स्वतन्त्राणि सन्ति रुपाद्यर्थग्रहणेषु प्रवर्तन्तेऽन्यनिरपेक्षाणि, मनः पुनश्चक्षुरादीन्द्रियकलापविषयीकृतमनुपतति रूपाद्यर्थं, न साक्षादित्यतश्चक्षुरादिवन्नेन्द्रियं मनः, किन्त्वनिन्द्रियम् एतच्चोपरिष्टाद् वक्ष्यते।

तथा वागादयः किल वचनादिव्यापारपरायणत्वादिन्द्रियव्यपदेशभाज इत्येतदप्ययुक्तम्, नहि यथा चक्षुरादिद्वारजन्यविज्ञानं परिणमतेऽर्थग्रहणायैवं वागादिद्वारजन्यविज्ञानं[1] वचनादिषु परिणतिमुपैति, न च वाग्वचनयोः कश्चिद् भेदोऽस्ति, शब्दात्मिका चेयमात्मप्रयत्नसंस्कारप्रयोगक्रमवर्तिनीत्वात्, स च श्रोत्रेन्द्रियविषयः, न चेन्द्रियमिन्द्रियान्तरमास्कन्ददिष्यते[2], नियतविषयत्वात्।

• હેમગિરા •

આ જૈન સિદ્ધાંત છે (અહીં નિયમ દ્વારા માત્ર સ્વમત દેખાડીને અટકી નથી જવાનું) સિદ્ધાંતવાદી એ, તો દૂષણ વિચારીને આ (પાંચ)થી અતિરિકત અન્ય ઇન્દ્રિયનું અસ્તિત્વ સ્વીકાર કરનાર વાદીનું પણ અવશ્ય નિરાકરણ કરવું જોઈએ, આથી **षडादिप्रतिषेधार्थश्च** એવું આ વચન તે નિરાકરણનું બીજ ભૂત = કારણ રૂપ છે. (અન્ય વાદીઓ મન, વચન આદિને ઇન્દ્રિય માને છે. તેમાં પ્રથમ મનનું નિરાકરણ કરતાં ટીકાકારશ્રી કહે છે કે :-)

ત્યાં (ઇન્દ્રિયોના પ્રકરણમાં) પ્રથમ મન એ ઇન્દ્રિય નથી. અન્ય કોઈની અપેક્ષા વિનાની ચક્ષુ આદિ ઇન્દ્રિયો સ્વતંત્ર રહી છતી રૂપ, રસાદિ અર્થને ગ્રહણ કરવામાં પ્રવર્તે છે. વળી મન તો ચક્ષુ આદિ ઇન્દ્રિયના સમૂહ દ્વારા વિષય કરાયેલ રૂપ વગેરે અર્થને અનુસરે છે, પણ (સ્વતંત્ર રીતે) સાક્ષાત્ નહિ. આ પ્રમાણે હોવાથી ચક્ષુ આદિની જેમ મન એ ઇન્દ્રિય નથી પરંતુ અનિન્દ્રિય છે અને આ વાત આગળ કહેવામાં આવશે.

તથા 'વચનાદિના વ્યાપારમાં પરાયણ (= તત્પર) હોવાથી વાણી આદિ તો ખરેખર ઇન્દ્રિયના વ્યપદેશવાળી છે અર્થાત્ ઇન્દ્રિયના નામને યોગ્ય છે' આ વાત પણ બરાબર નથી. કારણકે જે રીતે ચક્ષુ આદિ દ્વારા ઉત્પન્ન થયેલું વિજ્ઞાન રૂપાદિ અર્થને ગ્રહણ કરવા માટે પરિણમે છે, તે રીતે વાણી આદિ દ્વારા જન્ય વિજ્ઞાન પરિણમતું નથી. વળી (ચક્ષુ અને રૂપાદિ વચ્ચે જેમ ભેદ છે તેમ) વાણી અને વચનમાં કોઈ ભેદ નથી. આ વાણી એ આત્માના પ્રયત્ન, સંસ્કાર અને પ્રયોગના ક્રમ મુજબ વર્તનારી હોવાથી શબ્દ સ્વરૂપ છે અને શબ્દ એ શ્રોત્રેન્દ્રિયનો વિષય છે. વળી 'એક ઇન્દ્રિય બીજી ઇન્દ્રિય પર ચઢી બેસે એટલે કે એકના વિષયને અન્ય ગ્રહણ કરે' એ માન્ય નથી, કારણ કે ઇન્દ્રિયો નિયત (સ્વ આશ્રયી) વિષયવાળી હોય છે.

१. °द्वारजन्मविज्ञानं - मु. (खं.)। २. °स्कन्दिष्य° मु. प्रा. (खं. भां.)।

**भाष्यम् :- 'इन्द्रियमिन्द्रलिङ्गमिन्द्रदिष्टमिन्द्रदृष्टमिन्द्रसंसृष्टमिन्द्रजुष्टमिति 'वा' (पा. अ. २, पा. ५, सू. १३)**

● गन्धहस्ति ●

तथा पाण्याद्यवयवक्रियाणामिन्द्रयत्वे भ्रूक्षेप-स्तन-भुज[२]-शिखर-शिरस्फुरणक्रियाणामपीन्द्रियत्वं स्यात्, अथैता एव प्रतिविशिष्टावयवसाध्याः क्रियाः प्रदिश्यन्त इन्द्रियाकारेण नान्यास्ततो रुचिरेव युक्तितयाऽङ्गीकृता स्यात्, अपि च छिन्नपाणिः पादाभ्यामादत्ते, ध्वस्तचरणश्च पाणिभ्यां विहरति, विनष्टपायुप्रदेशा च भगन्दरव्याधिना योषिदुपस्थेनाप्युत्सृजतीत्येवमतिसङ्कीर्णता स्यात्, न चैवं कदाचिदन्धीभूतः श्रोत्रेण रूपमाददान उपलभ्यते, तस्माद् यत्किञ्चिदेतत्।

प्रकृतमुच्यते → सङ्ख्याशब्दो व्याख्यातः। पञ्चैवेन्द्रियाणि भवन्ति। अधुनेन्द्रियाणीत्यस्यावय-

**ભાષ્યાર્થ :- ઇન્દ્રિય એટલે ઇન્દ્રનું લિઙ્ગ, ઇન્દ્રથી દિષ્ટ, ઇન્દ્રથી દૃષ્ટ, ઇન્દ્રથી સંસૃષ્ટ અથવા ઇન્દ્રથી જુષ્ટ (= આસેવિત). (पा. अ. २, पा. ५, सू. १३)**

● *હેમગિરા* ●

તથા હાથ-પગ આદિ અવયવોની ક્રિયામાં પણ જો ઇન્દ્રિયત્વ માનીએ તો ભૂવાની ક્ષેપન (= કંપન) તથા સ્તનની, ભુજાના અગ્ર ભાગની અને મસ્તકની સ્ફૂરણ ક્રિયાઓમાં પણ ઇન્દ્રિયત્વ માનવું પડે. હવે જો એમ કહેતા હો કે - (હાથ પગ આદિ) શરીરના ચોક્કસ અવયવો/અંગોથી સાધ્ય એ ક્રિયાઓ જ ઇન્દ્રિયના આકારે અર્થાત્ ઇન્દ્રિય તરીકે નિર્દિષ્ટ કરાય છે, (ભૂવાકંપન આદિ) અન્ય ક્રિયાઓ નહિ, તો આ વાતમાં તમારા વડે પોતાની રુચિ (= સ્વેચ્છા) જ યુક્તિ તરીકે સ્વીકારાયેલી થાય છે અર્થાત્ આ વાત યુક્તિ વિનાની છે.

બીજી વાત એ પણ છે કે ભાંગેલા હાથવાળો માણસ બે પગથી વસ્તુનું ગ્રહણ કરે છે અર્થાત્ હાથની પ્રવૃત્તિ કરે છે અને ભાંગેલા પગવાળો બે હાથના સહારે ચાલે છે. તથા ભગંદર (= ગુદાના સ્થાને થતાં મોટા ફોડા/વ્રણરૂપ) વ્યાધિથી વિનષ્ટ થયેલ પાયુ પ્રદેશ (= ગુદા = મળદ્વાર)વાળી સ્ત્રી ઉપસ્થ (મૂત્રદ્વાર)થી પણ મળ વિસર્જન કરે છે. આ રીતે અતિ સંકીર્ણતા (= મિશ્રતા) થઈ જશે (અર્થાત્ હાથ પગાદિની ક્રિયાઓને ઇન્દ્રિય રૂપે સ્વીકારતાં એક જ ઠેકાણે અનેક ક્રિયાઓ (રૂપી ઇન્દ્રિયો) આવતાં અતિસંકીર્ણતા થઈ જશે અને આ પ્રમાણે ક્યારે પણ અંધ થયેલો માણસ શ્રોત્રેન્દ્રિય વડે રૂપને ગ્રહણ કરતો દેખાયો નથી, તેથી (હાથ-પગ વગેરેની ક્રિયાઓને ઇન્દ્રિય તરીકે સ્વીકારવાની) આ વાત તુચ્છ (= યુક્તિ શૂન્ય) છે અર્થાત્ 'ઇન્દ્રિયો પાંચ જ હોય છે.'

હવે પ્રસ્તુત વાત કહેવાય છે. ભાષ્યકારશ્રીએ સૂત્રગત '**પञ्च**' એવા સંખ્યા શબ્દની વ્યાખ્યા

१. 'इन्द्रियमिन्द्रलिङ्गमदृष्टमसंसृष्टमिन्द्रजुष्टमिन्द्रदत्तमिति वा' इति पाठः मुद्रितपुस्तके हारिभद्रीयटीकायां पाणीनिव्याकरणे च दृश्यते (खं. भां.)। २. °भुजशिर° मु. रा. (खं. भां.)।

**भाष्यम् :- इन्द्रो जीवः सर्वद्रव्येष्वैश्वर्ययोगात् विषयेषु वा परमैश्वर्ययोगात्,**

**गन्धहस्ति**

वस्य शब्दनिर्भेददिदर्शयिषयाऽऽह → **इन्द्रियमिन्द्रलिङ्गमिति**। एतावता शब्दप्राभृतप्रसिद्धं लक्षणमुपलक्षयति, स्वयमेव च पुनर्व्याचष्टे → **इन्द्रो जीवः सर्वद्रव्येष्वैश्वर्ययोगात्**, इन्द्रनादिन्द्रः सर्वभोगोपभोगाधिष्ठान सर्वद्रव्यविषयैश्वर्योपभोगाज्जीवः[1] तच्च पर्यायतोऽस्य सम्भवत्यनादौ संसारेऽनेकजन्मान्तरवृत्तेर्देवादिस्थानापेक्षया, न चास्ति किल कश्चित् प्रदेशो लोकेऽणुमात्रोऽपि यत्रैकेन जन्तुना न जन्म-मरणे समनुभूते प्राणापान-शरीराहारादिग्रहणं वा नाकारीति, प्रवचने चोपदिष्टमजापाटकनिदर्शनम्, अत एव भगवद्भिरालोकितसकललोकस्वभावैः[2], अतः परमेश्वरोऽयं सर्वत्र सर्वस्य सर्वदेश्वरत्वाद्। यो वा सर्वद्रव्यविषयमुक्तन्यायेन परमेश्वरत्वमस्यापह्नुते प्रवचनाद् बहिर्वर्तमानस्तं प्रति प्रकारान्तरेण परमेश्वरतामाविष्करोति विषयेषु वा - **परमैश्वर्ययोगादिति** (भाष्येण)। प्रसिद्धाः खलु विषयाः

**ભાષ્યાર્થ :- ઇન્દ્ર એટલે જીવ કારણકે (તેને) સર્વ દ્રવ્યો વિષયક ઐશ્વર્યનો યોગ (= ઉપભોગ) છે અથવા (તેને) વિષયોમાં પરમ ઐશ્વર્યનો યોગ છે.**

*હેમગિરા*

કરી કે - પાંચ જ ઇન્દ્રિયો હોય છે. હવે '**इन्द्रियाणि**' એવા સૂત્રગત આ અવયવના શાબ્દિક રહસ્યને જણાવવાની ઇચ્છાથી વાચકશ્રી '**इन्द्रियमिन्द्रलिङ्गं...**' ઇત્યાદિ ભાષ્યને કહે છે.

આટલા ભાષ્ય વડે શબ્દ પ્રાભૃતમાં (= પૂર્વનો એક વિભાગ, જેમાંથી વ્યાકરણનું નિર્માણ થયું છે તેમાં) પ્રસિદ્ધ એવા ઇન્દ્રિયના લક્ષણને દેખાડે છે અને ફરી સ્વયં જ (વાચકશ્રી) '**इन्द्रो जीवः...**' ઇત્યાદિ ભાષ્યમાં (આ લક્ષણને) કહે છે કે **इन्दनात्** (= ઐશ્વર્યના યોગ થકી) ઇન્દ્ર કહેવાય છે અર્થાત્ સર્વ ભોગ અને ઉપભોગના સ્થાન રૂપ એવા સર્વ દ્રવ્ય વિષયક ઐશ્વર્યના ઉપભોગ થકી જીવ ઇન્દ્ર કહેવાય છે.

આ જીવનો તે ઉપભોગ અનાદિ સંસારમાં પર્યાયની અપેક્ષાએ અનેક જુદા જુદા જન્મમાં જીવની વૃત્તિ હોવાથી દેવાદિ સ્થાનની અપેક્ષાએ સંભવે છે. વળી લોકમાં અણુ જેટલો પણ એવો કોઈ પ્રદેશ નથી કે જ્યાં એક જીવ વડે જન્મ-મરણની અનુભૂતિ કરાઈ નથી અથવા ઉચ્છવાસ-નિઃશ્વાસ, શરીર, આહારાદિનું ગ્રહણ કરાયું ન હોય ! અને આથી (જીવ વડે સર્વત્ર જન્મ મરણ શરીર આહારાદિનું ગ્રહણ કરાયું હોવાથી) જ પ્રકાશિત કરાયો છે સકલ લોકનો સ્વભાવ જેમના વડે એવા તીર્થંકર ભગવાને (આ વસ્તુને સમજાવવા માટે) પ્રવચનમાં '**અજાપાટક**'નું દૃષ્ટાંત દેખાડ્યું છે. આમ આ જીવ પરમેશ્વર કહેવાય છે કારણકે સર્વત્ર સર્વ દ્રવ્ય વિષયક ઐશ્વર્ય સર્વદા જીવમાં રહ્યું છે.

१. °र्यपरिभोगा° रा.। °तिप्राणा° - मु (खं. भां.)। २. °लोकभावै° रा.।

**भाष्यम् :- तस्य लिङ्गमिन्द्रियम्, लिङ्गनात् सूचनात् प्रदर्शनादुपष्टम्भनाद् (दुपलम्भ-नाद् ?) व्यञ्जनाच्च जीवस्य लिङ्गमिन्द्रियम्॥२/१५॥**

**गन्धहस्ति**

शब्दादयस्तद्विषयश्चात्मनः परिभोगोऽविगानेन प्रतिपन्नः प्रवादिभिरतस्तदेवास्य[1] परमैश्वर्यं, विषयपरिज्ञानाधिकत्वात् न खलु तं विहायात्मानमन्यो विषयान् [2]भुङ्क्ते अत्र कश्चिज्जानीते वा।

वाशब्दो विकल्पार्थः। तमेवमुभाभ्यां प्रकाराभ्यामात्मानमिन्द्रतायामवस्थाप्य सर्वनाम्ना परामृशति → **तस्य लिङ्गमिन्द्रियमिति**। तस्यैवंप्रकारस्यात्मन = इन्द्रस्य लिङ्गं = चिह्नमविनाभाव्यत्यन्त[3]-लीनपदार्थावगमकारीन्द्रियमुच्यते, तदेव च लिङ्गमात्मावगमहेतुतयाऽनेकप्रसिद्धतरपर्यायभेदेन दर्शयति → **लिङ्गनादित्यादिभाष्येण**। **लिङ्गनात्** = अवगमनात्, तद्यथा → कश्चिच्छ्रोत्रेणोपलभ्य शब्दान्

**ભાષ્યાર્થ :- તે (= ઈન્દ્ર)નું લિઙ્ગ તે ઈન્દ્રિય છે. કારણ કે જીવને ઓળખાવનારી, સૂચવનારી, દેખાડનારી, જણાવનારી અને પ્રગટ કરનારી છે, તેથી જીવનું લિઙ્ગ (= ગમક) ઈન્દ્રિય છે.॥૨/૧૫॥**

*હેમગિરા*

### ❁ ઈન્દ્રિય પદમાં પારમૈશ્વર્યનું અર્થ ઘટન ❁

જિનશાસનથી બહાર વર્તતો એવો જે વ્યક્તિ = અન્ય મતકાર, ઉપર કહેલા ન્યાયથી (= અનાદિ સંસારમાં જન્માંતરોમાં પર્યાયને આશ્રયીને સર્વ પુદ્ગલના ઉપભોગની અપેક્ષાએ) સર્વ દ્રવ્યના વિષયવાળા પરમેશ્વરપણાનો અપલાપ કરે છે તે વ્યક્તિને આશ્રયીને પ્રકારાંતરથી પરમેશ્વરતાને ભાષ્યકારશ્રી '**विषयेषु...**' ઇત્યાદિ ભાષ્ય દ્વારા પ્રગટ કરે છે. શબ્દાદિ વિષયો તો પ્રસિદ્ધ છે અને આત્માનો તે શબ્દાદિ વિષયોનો પરિભોગ વાદીઓએ નિર્વિવાદપણે સ્વીકાર્યો છે એથી તે પરિભોગ જ આ (જીવ)નું પરમેશ્વરપણું છે. આ વિષયના બોધ સ્વરૂપ ધર્મ જીવ માત્રમાં જ હોય છે, અન્ય દ્રવ્યમાં નહીં. આથી અહીં (= પંચાસ્તિકાય સ્વરૂપ કે ષડ્દ્રવ્યાત્મક લોકમાં) તે આત્માને છોડીને કોઈ અન્ય (= ધર્માસ્તિકાય આદિ દ્રવ્ય) ખરેખર વિષયોને ભોગવતો અને જાણતો નથી.

ભાષ્યમાંનો '**वा**' શબ્દ ઉપરોક્ત (= દ્રવ્ય અને વિષય એમ બે રીતે જણાવેલા પરમૈશ્વર્યના) વિકલ્પને સૂચવનાર છે. આ પ્રમાણે બંને પ્રકારે તે જીવને ઇન્દ્ર તરીકે વ્યવસ્થાપિત કરી, તે ઇન્દ્ર સ્વરૂપ જીવનો '**तद्**' સર્વનામથી '**तस्य लिङ्गम्...**' ઇત્યાદિ ભાષ્યમાં જણાવતાં કહે છે કે તે આવા પ્રકારના (સંસારી) આત્માના = ઇન્દ્રના અવિનાભાવિ તેમજ અત્યંત લીન / અંદરમાં રહેલા (પરોક્ષ) પદાર્થને (= આત્માદિને) જણાવનાર એવા લિંગને = ચિહ્નને ઇન્દ્રિય કહેવાય

१. °भिस्तदे° मु. प्रा. (खं.)। २. भुङ्क्ते कश्चि° प्रा. मु. (खं.)।
३. °भाव्युत्पन्नलीन°. रा. °भाव्यन्तर्लीन° इति पाठः हारिभद्रीयटीकायां दृष्यते।

मनोहरानुत्फुल्ललोचनयुगस्तदभिमुखदत्तावधानः सुखास्वादनिर्भरहृदयः सहसोपजायते रोमाञ्चकञ्चुकितच्छविः, तदत्रावगमयति विद्वन्मनांसि श्रोत्रमस्त्यत्रान्तर्वर्ती शरीरादिसङ्घातविलक्षणः कोऽपि परमात्मा यस्यैवंविधा विकाराः समुपलक्ष्यन्ते शब्दमागृहीतवतः। एषैव च भावना [1]सूचनादीनामपि, लिङ्गपर्यायत्वात्।

[2]अथवेन्द्रियमिन्द्रलिङ्गमित्यत्र पञ्चार्थास्तान् पञ्चापि दर्शयत्यनेन भाष्येण। लिङ्गार्थोऽभिहित एव, **सूचनादि**त्यनेन दिष्टार्थमाख्याति → जीवेन **दिष्टानि** = सूचितानि लेशतः प्रवर्तितानि तस्मिन् सत्यर्थग्रहणनिमित्तानि[3] राजपुरुषवत्, (**प्रदर्शनादि**त्यनेन दृष्टार्थमाख्याति →) जीवेन **दृष्टानि** = प्रकर्षेण दर्शनमुपलब्धिं ग्राहितानि नित्यसम्पृक्तत्वात् (**उपलम्भनादि**त्यनेन संसृष्टार्थमाख्याति →)

● હેમગિરા ●

છે.વળી આત્માની જાણકારીમાં હેતુ હોવાથી તે જ લિંગને અનેક પ્રસિદ્ધ પર્યાયવાચી શબ્દથી '**लिङ्गनात्**' ઇત્યાદિ ભાષ્ય દ્વારા દેખાડે/જણાવે છે.

**लिङ्गनात्** = અવગમ (= બોધ) કરાવતો હોવાથી તે '**લિંગ**' કહેવાય, દા.ત. કોઈ વ્યકિત શ્રોતેન્દ્રિય દ્વારા મનોહર એવા શબ્દોને સાંભળીને (પ્રસન્નતાથી/વિસ્મયથી) વિકસિત બે આંખવાળો, તે શબ્દના તરફ દત્ત અવધાનવાળો (= અતિ એકાગ્ર), તથા સુખના આસ્વાદથી ભરેલા હૃદયવાળો એકાએક રોમાંચથી વિકસિત કાંતિવાળો થાય છે. અહીં (= આ અવસ્થામાં) તે શ્રોત્રેન્દ્રિય, વિદ્વાનોના મનમાં (એવો) નિર્ણય કરાવે છે કે અહીં (= શરીરની) અંતર્વર્તી, શરીરાદિના સમૂહથી સાવ જુદો એવો કોઈ બીજો આત્મા છે, કે જેના શબ્દોને સાંભળતાં આવા પ્રકારના વિકારો દેખાય છે અને આ જ ભાવના સૂચનાદિ શેષ શબ્દોમાં પણ કરવી. કારણકે આ સૂચનાદિ શબ્દો લિંગના જ પર્યાયવાચી છે.

અથવા અહીં '**इन्द्रियमिन्द्रलिङ्गं...**' ઇત્યાદિ ભાષ્યમાં ઇન્દ્રિયના પાંચ અર્થો કહેવાયા, તે પાંચેય અર્થોને આ ('**लिङ्गनात्**' ઇત્યાદિ) ભાષ્યમાં દેખાડે છે. તેમાં લિङ्ગનો અર્થ ('**लिङ्गनात्**' ભાષ્યથી) કહેવાઈ જ ગયો છે. અત્યારે '**सूचनात्**' એવા આ ભાષ્યથી દિષ્ટના અર્થને કહે છે, તે આ રીતે કે→ જીવ વડે દિષ્ટ = સૂચિત કરાયેલી અર્થાત્ લેશતઃ પ્રવર્તાયેલી આ ઇન્દ્રિયો તે આત્માની હાજરીમાં જ સ્પર્શાદિ અર્થના ગ્રહણમાં નિમિત્ત (= પ્રવૃત્ત) બને છે. જેમ રાજપુરુષો રાજાની હાજરી પ્રવર્તે છે તેમ ઇન્દ્રિયો જીવ હોય ત્યારે જ પ્રવર્તે છે.

('**प्रदर्शनात्**' એવા આ ભાષ્ય વડે દષ્ટના અર્થને કહે છે -) જીવ દ્વારા પ્રકર્ષતાપૂર્વક દર્શન રૂપ ઉપલબ્ધિને ગ્રહણ કરનારી ઇન્દ્રિયો છે કેમકે ઇન્દ્રિયો જીવ સાથે સતત જોડાયેલી છે.

('**उपलम्भनात्**' એવા આ ભાષ્ય વડે સંસૃષ્ટ અર્થને કહે છે -) જીવ વડે સંસૃષ્ટ અર્થાત્

१. स्तवनादिनाम मु. (लि. पा.)। २. अथ चेन्द्रियं लिङ्ग° लि.। ३. °निर्मितानि° रा. पा.।

जीवेन [1]**संसृष्टानि** उपलम्भहेतुतया परिणामितानि, अन्यथा तदभावे तदनुत्पत्तिरेव (**व्यञ्जनादित्यनेन** जुष्टार्थमाख्याति→) जीवेन **जुष्टानि** = शब्दादीनां [2]व्यञ्जकहेतुत्वादासेवितानि तदत्यये5र्थानामग्राहकत्वात्। **च**शब्दः समुच्चये। **जीवस्य लिङ्गमिन्द्रियमि**त्यनेनाभिहितार्थनिगमन[3]मावेदयति→ तस्माज्जीवस्य यल्लिङ्गं तदिन्द्रियमिति।

एवं तर्हि सुख-दुःखेच्छादयोऽपि जीवलिङ्गत्वादिन्द्रियाणि स्युः, न खल्वेवमवध्रियते जीवलिङ्गं सर्वमिन्द्रियं किन्तु यदिन्द्रियं तज्जीवलिङ्गमिति नियमः, जीवलिङ्गं पुनर्जातुचिदिन्द्रियमथवा सुखादीनि॥२/१५॥

उक्तानीन्द्रियाणि सङ्ख्यातः, प्रकारवचनेनाधुनाभिधित्सुराह→

**द्विविधानि** (इति सूत्रम्)। अविशेषोपादानात् पञ्चापि द्विप्रकाराणि भवन्ति। उत्तरसूत्रद्वया-

• *હેમગિરા* •

ઉપલંભ (અર્થબોધ)ના હેતુ તરીકે નિમાયેલી = પરિણત કરાયેલી ઇન્દ્રિયો છે. જો આ રીતે પરિણમાઈ ન હોય તો ઇન્દ્રિયના અભાવમાં અર્થબોધની ઉત્પત્તિ જ ન થઈ શકે. ('**व्यञ्जनात्**' એવા ભાષ્ય વડે જુષ્ટના અર્થને કહે છે) જીવ વડે જુષ્ટ અર્થાત્ શબ્દ આદિના અભિવ્યંજન (= અભિવ્યક્તિ)માં હેતુભૂત તે ઇન્દ્રિયો હોવાથી જીવ વડે સેવાયેલી છે એમ કહેવાય છે. કેમકે સામાન્યથી તે ઇન્દ્રિયના નાશમાં શબ્દાદિ અર્થોનો ગ્રાહક જીવ નહીં બની શકે. '**व्यञ्जनाच्च**'માંનો '**च**' શબ્દ સમુચ્ચય અર્થમાં છે. ભાષ્યમાં પ્રાંતે '**जीवस्य लिङ्गमिन्द्रिय**' એ પંક્તિથી (અત્યાર સુધીમાં) કહેવાયેલા (ઇન્દ્રિયની વ્યુત્પત્તિ રૂપ) અર્થોના ઉપસંહારને જણાવે છે કે તેથી (= કથિત અર્થોને લીધે) જીવનું જે લિંગ છે તે ઇન્દ્રિય છે.

### ❖ આત્મસિદ્ધિનું પ્રધાનલિંગ જ ઇન્દ્રિય ❖

**પ્રશ્ન :** આ પ્રમાણે જીવનું જે લિંગ છે તે ઇન્દ્રિય કહેવાય તો પછી સુખદુઃખ અને ઇચ્છા આદિ પણ જીવના લિંગ હોવાથી ઇન્દ્રિય થાય અર્થાત્ ઇન્દ્રિય કહેવાશે ?

**ઉત્તર :** આ પ્રમાણે અવધારણ વ્યાપ્તિ નથી કરાઈ કે જેટલા જીવના લિંગ છે તે બધા ઇન્દ્રિય રૂપ છે પરંતુ જે ઇન્દ્રિય છે તે જીવનું લિંગ છે એવો નિયમ નક્કી કર્યો છે. વળી જીવનું લિંગ તો ક્યારેક ઇન્દ્રિય અથવા સુખ આદિ હોઈ શકે છે ॥**૨/૧૫**॥

**૨/૧૬ સૂત્રની અવતરણિકા :** આ પ્રમાણે સંખ્યા થકી (પાંચ) ઇન્દ્રિયો કહેવાઈ. હમણાં ઇન્દ્રિયોને પ્રકાર સૂચક વચન શબ્દ દ્વારા કહેવાની ઇચ્છાવાળા સૂત્રકારશ્રી (૨/૧૬) સૂત્રને કહે છે. '**द्विविधानि**' આ ૨/૧૬ સૂત્ર છે. સૂત્રમાં '**द्विविधानि**' (= બે પ્રકારે) એમ

१. सृष्टानि- पा। २. °व्यञ्जनक° भां.। ३. °निगममा° मु. (खं.)।

सूत्रम् :- द्विविधानि॥२/१६॥

भाष्यम् :- द्विविधानीन्द्रियाणि भवन्ति→ द्रव्येन्द्रियाणि भावेन्द्रियाणि च॥२/१६॥

गन्धहस्ति

पेक्षया पञ्चापि द्वाभ्यां विशेषाभ्यां भिद्यन्ते निर्वृत्त्युपकरणविशेषेण लब्ध्युपयोगविशेषेण चेति।

**ननु** चैवं दशेन्द्रियाणि प्रसजन्ति द्विपञ्चकाभिधानात् ततश्च नियमोऽनर्थकः षडादिप्रतिषेधश्चेति। **उच्यते** → यद्येवमभविष्यद् 'दशेन्द्रियाणीति' सूत्रमकरिष्यत् प्राक्तनम् न चैवमारचितं[1] तस्मादाश्रयप्रकार-कथनमेतद् विवक्षितमेकस्यैव द्वित्वेन, यथा हि भवनद्वारं दार्वाकाशपरिच्छेदवदपि न द्वय्यामवतिष्ठते द्वित्वेऽप्याकाश-दारुणोः, प्रयोजनं चास्य निर्गम-प्रवेशलक्षणमेकस्यैव हि तथा लब्धि-निर्वृत्त्युपकरणो-पयोगाः क्रमेणामुना चतुष्टयमिन्द्रियलक्षणमविशकलितम्, न चेन्द्रियबहुत्वम्, अत एव निर्वृत्त्यभावाच्छेष-

સૂત્રાર્થ :- ઇન્દ્રિયો બે પ્રકારે છે.॥૨/૧૬॥

**ભાષ્યાર્થ : ઇન્દ્રિયો બે પ્રકારે હોય છે, તે આ પ્રમાણે - ૧) દ્રવ્યેન્દ્રિયો અને ૨) ભાવેન્દ્રિયો॥૨/૧૬॥**

*હેમગિરા*

સામાન્ય રીતે કહ્યું હોવાથી પાંચેય ઇન્દ્રિયો બે પ્રકારે હોય છે એમ જાણવું. આના પછીના બે સૂત્રો (માં કહેવાતા ભેદો)ની અપેક્ષાએ આ પાંચેય ઇન્દ્રિયો બે વિશેષ = ભેદમાં વિભાજિત કરાય છે. ૧) નિર્વૃત્તિ-ઉપકરણ ભેદ અને ૨) લબ્ધિ-ઉપયોગ ભેદ એમ વિભાજિત કરાય છે.

### ❋ સમસ્ત ઇન્દ્રિયના પેટાગત મૂળ બે ભેદ ❋

**પ્રશ્ન :** આ પ્રમાણે (= ઉપરોક્ત રીતે દ્રવ્ય અને ભાવ વડે બે વાર પાંચ ઇન્દ્રિયો કહેતાં **૧૦** ઇન્દ્રિયો કહેવાનો પ્રસંગ આવે અને તેથી (પૂર્વના ભાષ્યમાં દર્શાવેલ ઇન્દ્રિયો પાંચ જ હોવાનો) નિયમ અને **૬** આદિ ઇન્દ્રિયોનો નિષેધ અનર્થક (= નિરર્થક) ગણાશે.

**ઉત્તર :** આ રીતે જો ઇન્દ્રિયો **૧૦** પ્રકારે હોત તો પહેલાં જ '**दशेन्द्रियाणि**' એવું સૂત્ર વાચકપ્રવરશ્રી એ બનાવ્યું હોત પરંતુ આ પ્રમાણે રચાયું તો નથી. તેથી બે સંખ્યા દ્વારા એક (= ઇન્દ્રિય)ના જ આશ્રયના બે પ્રકાર કહેવા ઇષ્ટ છે. જેમ લાકડા અને આકાશના પરિચ્છેદ (= મર્યાદા = આશ્રય)વાળો એવો પણ ભવનનો દરવાજો, આકાશ (= દરવાજો ખુલવાની ખાલી જગ્યા) અને લાકડામાં દ્વિત્વ સંખ્યા હોવા છતાં પણ બે સંખ્યામાં રહેતો નથી (એ તો એક સંખ્યામાં જ રહે છે) કેમકે આ એક (દરવાજા)નું જ નિર્ગમ અને પ્રવેશ સ્વરૂપ બંને પ્રયોજન = કાર્ય છે. તે જ રીતે લબ્ધિ, નિર્વૃત્તિ, ઉપકરણ અને ઉપયોગ આ ક્રમ વડે રહેલ ચતુષ્ટય (= ૪નો સમુદાય) એ ઇન્દ્રિયનું અખંડિત લક્ષણ છે (અર્થાત્ આ ૪ મળીને જ એક ઇન્દ્રિય

१. माचरितं - मु (खं. भां.)।

## सूत्रम् :-*निर्वृत्त्युपकरणे द्रव्येन्द्रियम् ॥२/१७॥

**भाष्यम् :- तत्र निर्वृत्तीन्द्रियमुपकरणेन्द्रियं च द्विविधं द्रव्येन्द्रियम्।**

• गन्धहस्ति •

त्रययोगाच्च मनोऽनिन्द्रियमुक्तं तस्मादयमदोषः,अतः सुष्ठूचे **द्विविधानीन्द्रियाणि भवन्ति (भाष्यम्)।**

सामान्यतः द्रव्यमयानि द्रव्यात्मकानि **द्रव्येन्द्रियाणि, भावेन्द्रियाणि** तु भावात्मकान्यात्मपरिणतिरूपाणीति। अत्र च पुद्गलद्रव्यमेवानन्तप्रदेशस्कन्धमात्मप्रयोगापेक्षमायतते निर्वृत्त्युपकरणरुपतया, सर्वाणीन्द्रियाण्यनन्तप्रदेशानि असङ्ख्येयात्मप्रदेशाधिष्ठितानि च द्रव्यात्मकानि भवन्ति, इतरत्र द्वय आत्मपरिणामो भावः प्रयत्नमातिष्ठत इति॥२/१६॥

उक्तमिन्द्रियं द्रव्य-भावभेदतो द्विविधम् अधुना स्वरुपतो निरुपयितुकाम आह →

**तत्र निर्वृत्त्युपकरणे द्रव्येन्द्रियम्** (इति सूत्रम्)। **तत्रे**त्यनेन भाष्यकारः सूत्रं सम्बन्धयति, तत्र

**સૂત્રાર્થ : નિર્વૃત્તિ અને ઉપકરણ એ બે દ્રવ્યેન્દ્રિય છે. ॥૨/૧૭॥**

**ભાષ્યાર્થ : ત્યાં (= દ્રવ્ય અને ભાવ ઇન્દ્રિયમાં) દ્રવ્યેન્દ્રિય એ નિર્વૃત્તિ ઇન્દ્રિય અને ઉપકરણ ઇન્દ્રિય એમ બે પ્રકારે છે.**

• *હેમગિરા* •

થાય છે) પણ અધિક ઇન્દ્રિય સ્વરૂપ નથી (અર્થાત્ આ ૪ એ સ્વતંત્ર ઇન્દ્રિય સ્વરૂપ નથી). એથી જ નિર્વૃત્તિનો અભાવ હોવાના કારણે અને શેષ ૩નો સંબંધ હોવાના કારણે મનને અનિન્દ્રિય કહેવાયું છે. તેથી (= દ્રવ્ય અને ભાવ એ બે પ્રકારો એક જ ઇન્દ્રિયના આશ્રય રૂપ હોવાથી) આ ઇન્દ્રિયની અધિકતા દોષ રૂપ નથી. એથી '**द्विविधानीन्द्रियाणि भवन्ति**' એવું જે ભાષ્ય કહ્યું તે બરાબર જ કહ્યું છે. સામાન્યથી દ્રવ્યેન્દ્રિય દ્રવ્યમય અર્થાત્ દ્રવ્યાત્મક છે વળી ભાવેન્દ્રિય ભાવાત્મક અર્થાત્ આત્મ પરિણામ સ્વરૂપ છે. વળી અહીં (= વિષયના ગ્રહણમાં) આત્મ પ્રયોગની અપેક્ષાવાળું અનંત પ્રદેશના સ્કંધવાળું પુદ્ગલ દ્રવ્ય જ નિર્વૃત્તિ અને ઉપકરણ તરીકે કાર્ય કરે છે, આથી સર્વ (દ્રવ્ય) ઇન્દ્રિયો અનંત પ્રદેશવાળી અને અસંખ્ય આત્મપ્રદેશમાં પ્રતિષ્ઠિત દ્રવ્યાત્મક હોય છે. જ્યારે બીજી બે (લબ્ધિ અને ઉપયોગ સ્વરૂપ) ભાવ ઇન્દ્રિયોમાં આત્મપરિણામ સ્વરૂપ ભાવમાં પ્રયત્ન કરે છે (આથી તે ભાવાત્મક છે). ॥૨/૧૬॥

**૨/૧૭ સૂત્રની અવતરણિકા :** આ પ્રમાણે દ્રવ્ય અને ભાવ એમ બે ભેદે ઇન્દ્રિય કહેવાઈ. હમણાં સ્વરૂપથી નિરૂપણ કરવાની ઇચ્છાવાળા સૂત્રકારશ્રી (૨/૧૭) સૂત્રને કહે છે.

'**निर्वृत्त्युपकरणे द्रव्येन्द्रियम्**' આ ૨/૧૭ સૂત્ર છે. તેના ભાષ્યને ખોલે છે → '**तत्र**' એવા ભાષ્યપદથી ભાષ્યકારશ્રી સૂત્રના સંબંધને કહે છે, (= પૂર્વ સૂત્રમાં જણાવેલ સ્વરૂપવાળી

* तत्र निर्वृत्त्यु° - मु (खं.)। ❖ જુઓ પરિશિષ્ટ-૬ ટીપ્પણી - ૮

द्वितये द्रव्येन्द्रियं तावन्निर्धार्यते स्वरुप-भेदाभ्यां, निर्वर्तनं निर्वृत्तिः प्रतिविशिष्टसंस्थानोत्पादः, उपक्रियतेऽनेनेत्युपकरणं, निर्वृत्तिरवेन्द्रियं **निर्वृत्तीन्द्रियम्, उपकरणेन्द्रियम**प्येवम्। उभयमेतत् पुद्गलपरिणामरुपमपि सदिन्द्रियव्यपदेशमश्नुते भावेन्द्रियोपयोगकारणत्वात्, यस्मात् हि तत्साचिव्यं भावस्यैवोपलिङ्गने[१] समायाति, आत्मभावपरिणामस्य भाविनो यत् सहायतया क्षमं द्रव्यं तदिह **द्रव्येन्द्रियं** प्रस्थदारुवदेषितव्यम्। तत्र निर्वृत्त्युपकरणयोः स्वरुपमाविष्करोति भाष्येणैव **निर्वृत्तिरङ्गोपाङ्गनामेत्यादिना**। निर्माणनाम नामकर्मान्तर्गतः कर्मभेदो वर्धकिस्थानीयः कर्णशष्कुल्याद्यवयवसन्निवेशविशेषरचनायामाहितनैपुणः, तथौदारिकादिशरीरत्रयाङ्गोपाङ्गनाम कर्मभेदो यदुदयादङ्गान्युपाङ्गानि च निष्पद्यन्ते शिरोङ्गुल्यादीनि, एतत् कर्मद्वयमुभयरुपं द्रव्येन्द्रियप्रसाधनाय यतते। भाष्यभावना चैवं कार्या →



બે પ્રકારની ઇન્દ્રિયમાં) પ્રથમ દ્રવ્યેન્દ્રિય (આ સૂત્રમાં) સ્વરૂપ અને ભેદ થકી કહેવાય છે. 'નિર્વર્તન પામવું' (=નિર્માણ થવું) અર્થાત્ પ્રતિવિશિષ્ટ (= અમુક ચોક્કસ પ્રકારના) આકારનું ઉત્પાદન તે નિર્વૃત્તિ કહેવાય. 'જેના વડે ઉપકાર કરાય તે ઇન્દ્રિય ઉપકરણેન્દ્રિય કહેવાય. 'નિર્વૃત્તિ' એ જ ઇન્દ્રિય તે નિર્વૃત્તિ ઇન્દ્રિય. ઉપકરણ ઇન્દ્રિય વિશે પણ આ પ્રમાણે જ વિગ્રહ જાણવો. (આ બંનેમાં અવધારણ તત્પુરુષ સમાસ જાણવો) આ બંને પુદ્ગલ પરિણામ રૂપ હોવા છતાં પણ ઇન્દ્રિયના વ્યપદેશ = નામને પ્રાપ્ત કરે છે કારણ કે તે ઉપયોગ સ્વરૂપ ભાવેન્દ્રિયમાં કારણ છે. અર્થાત્ જેથી કરીને ભાવેન્દ્રિયની જ ઉપલબ્ધિમાં તે બંનેની પ્રધાનતા રહી છે તેથી કરીને ઉપયોગ સ્વરૂપ ભાવેન્દ્રિયમાં નિર્વૃત્તિ અને ઉપકરણને કારણ કહ્યું છે.

(આ ઉપરોકત વાતને દૃષ્ટાંત દ્વારા બતાવે છે →) જેમ પ્રસ્થ (કાષ્ઠ નિર્મિત માપવાનું સાધન વિશેષ)નું કારણ કાષ્ઠ હોય છે, તેથી તે કાષ્ઠને પણ દ્રવ્ય પ્રસ્થ કહેવાય. તેમ અહીં પણ ઉત્પન્ન થનારા આત્માના ભાવરૂપ પરિણામમાં = ઉપયોગ રૂપ ભાવેન્દ્રિયમાં સહાય તરીકે જે સમર્થ દ્રવ્ય હોય તે દ્રવ્યેન્દ્રિય તરીકે સમજવું. ત્યાં (= દ્રવ્ય, ભાવ ઇન્દ્રિયમાં) દ્રવ્યેન્દ્રિય અંતર્ગત નિર્વૃત્તિ અને ઉપકરણના સ્વરૂપને '**निर्वृत्तिरङ्गो ...**' ઇત્યાદિ ભાષ્યથી જ પ્રગટ કરે છે. →

કર્ણશષ્કુલિ (કાનમાં રહેલ આકાર વિશેષ) આદિ અવયવોને વિશિષ્ટ સમ્યક્ સ્થાનમાં રચવામાં / મુકવામાં નિપુણ એવા નામકર્મના અંતર્ગત એક નિર્માણ નામનો કર્મનો ભેદ છે જે સુથારના સ્થાને છે. તેમજ બીજું (નામકર્મની અંતર્ગત) ઔદારિક આદિ ૩ (= ઔદારિક, વૈક્રિય અને આહારક) શરીર સંબંધી અંગોપાંગ નામકર્મનો ભેદ છે, જેના ઉદયથી ઔદારિકાદિ શરીરમાં જીવને મસ્તક અને આંગળી આદિ અંગ અને ઉપાંગોની નિષ્પત્તિ થાય છે. આ બન્ને (નિર્માણ અને અંગોપાંગ) નામકર્મ મળીને નિર્વૃત્તિ રૂપ દ્રવ્યેન્દ્રિયને બનાવા માટે યત્ન કરે છે.

१. 'वोलिङ्गने' क. ख। 'वोपलिङ्' खं. रा. ग।

**भाष्यम् :- निर्वृत्तिरङ्गोपाङ्गनामनिर्वर्तितानीन्द्रियद्वाराणि,**

**गन्धहस्ति**

**निर्वृत्तिः** किं रूपेत्यत आह → **अङ्गेति** (भाष्यम्)। अङ्गोपाङ्गनाम्ना प्रतिविशिष्टेन कर्मभेदेन **निर्वर्तितानि** = जनितानि = घटितानि, **इन्द्रियद्वाराणि** = इन्द्रियविवराणि, इन्द्रियशब्देन चात्र भावेन्द्रिय-मुपयोगरूपं विवक्षितं, तस्येन्द्रियस्य द्वाराण्यवधानप्रदानमार्गाश्चित्राः, शष्कुल्यादिरूपा बहिरुपलभ्यमानाकारा निर्वृत्तिरेका, अपरा त्वभ्यन्तरनिर्वृत्तिः, नानाकारं कायेन्द्रियमसङ्ख्येयभेदत्वादस्य चान्तर्बहिर्भेदो निर्वृत्तेर्न कश्चित् प्रायः, प्रदीर्घ-त्र्यस्रसंस्थितं कर्णाटकायुधं क्षुरप्रस्तदाकारं रसनेन्द्रियम्, अतिमुक्तकपुष्पदल-चन्द्रकाकारं किञ्चित् सकेसरवृत्ताकार-मध्यविनतं घ्राणेन्द्रियम्, किञ्चित् समुन्नतमध्यपरिमण्डलाकारं धान्यमसूरवच्चक्षुरिन्द्रियम्, पाथेयभाण्डक-यवनालिकाऽऽकारं श्रोत्रेन्द्रियं नालिककुसुमाकृति चावसेयम्।

**ભાષ્યાર્થ : નિર્વૃત્તિ એટલે અંગોપાંગ નામકર્મથી નિર્માણ પામેલ ઇન્દ્રિયના દ્વારો,**

*હેમગિરા*

ભાષ્યમાં કહેલા પદોની ભાવના = વિચારણા આ મુજબ કરવી → નિર્વૃત્તિ કેવા પ્રકારની છે ? એના ઉત્તરમાં **अङ्ग** ... ઇત્યાદિ ભાષ્યને કહે છે → અંગોપાંગ નામના ચોક્કસ કર્મના ભેદથી બનેલા અર્થાત્ નિર્માણ થયેલા = ઘડાયેલા એવા જે ઇન્દ્રિયના દ્વારો = ઇન્દ્રિયના વિવરો છે તે નિર્વૃત્તિ છે. વળી અહીં (ઇન્દ્રિય દ્વારમાં) 'ઇન્દ્રિય' શબ્દથી ઉપયોગ સ્વરૂપ ભાવેન્દ્રિય કહેવી ઇષ્ટ છે, તે ભાવેન્દ્રિયના દ્વારો એટલે અવધાન (= ઉપયોગ) આપવાના માર્ગો ઘણાં છે, તે આ મુજબ → પહેલી બાહ્ય નિર્વૃત્તિ ઇન્દ્રિય એ શષ્કુલી આદિ રૂપે બહાર દેખાતા આકારવાળી છે. બીજી અભ્યંતર નિર્વૃત્તિ ઇન્દ્રિય એ બહારથી નહીં દેખાતી, અંદરમાં રહેલી છે. (આને જ સવિસ્તાર કહે છે →)

**૧. સ્પર્શનેન્દ્રિય :** નાનાવિધ આકારવાળી સ્પર્શનેન્દ્રિય છે. કેમકે (તે શરીર વ્યાપી હોવાથી પોતપોતાના શરીરના આકારવાળી હોય છે અને આથી) તેના અસંખ્ય ભેદ છે. આ સ્પર્શનેન્દ્રિયની નિર્વૃત્તિના પ્રાયઃ કરીને કોઈ આંતર કે બાહ્ય ભેદ નથી.

### ❊ રસનેન્દ્રિય આદિના આંતર નિર્વૃત્તિના આકારો ❊

**૨. રસનેન્દ્રિય :** લાંબું અને ત્રિકોણ આકારવાળું ખુરપા (= અસ્ત્રા) નામનું કર્ણાટક પ્રાંતમાં પ્રખ્યાત જે શસ્ત્ર વિશેષ છે તેના આકારવાળી રસનેન્દ્રિય છે.

**૩. ઘ્રાણેન્દ્રિય :** કેસરાઓ (રેસા) સહિતની ગોળાકારવાળી અને મધ્યથી કાંઈક નમેલી ઘ્રાણેન્દ્રિય અતિમુક્ત (= તાડના અથવા માધવી લતાના) પુષ્પના પાંદડાં અને ચંદ્રક (= મોરની પાંખમાં રહેલ આંખનો આકાર) જેવા આકારવાળી છે.

**૪. ચક્ષુરિન્દ્રિય :** મધ્યનો પરિમંડલાકાર જેનો કાંઈક ઉન્નત છે એવા મસુર ધાન્યના

तत्राद्यं स्वकायपरिमाणं द्रव्यमनश्च शेषाण्यङ्गुलासङ्ख्येयभागप्रमाणानि सर्वजीवानाम्।

तथा चागमः → * *"फासिंदियं णं भंते ! [1]किं संठिए पण्णत्ते ? गोयमा ! नाणासंठाण-संठिए, जिब्भिन्दिए णं भंते ! किं संठिए पण्णत्ते ? गोयमा ! खुरप्पसंठिए, घाणिन्दिए णं भंते ! किं संठिए पण्णत्ते ? गोयमा ! अतिमुत्तयचंदकसंठिए, चक्खुरिंदिए णं भंते ! किं संठिए पण्णत्ते ? गोयमा ! मसुरय-चंदसंठिए पण्णत्ते, सोइंदिएणं भंते ! किं संठिए पण्णत्ते? गोयमा ! कलंबुयापुप्फसंठिए पण्णत्ते"* (प्रज्ञा. सू. १९१)।



આકાર જેવી ચક્ષુરિન્દ્રિય છે.

૫. **શ્રોત્રેન્દ્રિય :** પાથેય ભાણ્ડક (= વાટકાં જેવું ભાજન વિશેષે). યવનાલિકાના આકારવાળી અને નાલિક કુસુમના (= કદંબ કે કમલના પુષ્પના) આકારવાળી શ્રોત્રેન્દ્રિય જાણવી. ત્યાં (= આ પાંચે ઇન્દ્રિયોમાં) પહેલી સ્પર્શનેન્દ્રિય તેમજ દ્રવ્યમન એ સ્વકાયના પરિમાણવાળા છે. શેષ સર્વ ઇન્દ્રિયો અંગુલના અસંખ્યાતમાં ભાગના પ્રમાણવાળી સર્વ જીવોને હોય છે. વળી ઉપરોક્ત વાતને બતાવનાર શ્રી પ્રજ્ઞાપના આગમનો પાઠ (પ્રજ્ઞા. સૂ. ૧૯૧) આ પ્રમાણે છે →

*"**પ્રશ્ન :** હે ભગવન્ ! સ્પર્શનેન્દ્રિય કયા સંસ્થાનમાં (= આકારમાં) રહેલી કહેવાય છે ?*

***ઉત્તર :** હે ગૌતમ ! સ્પર્શનેન્દ્રિય વિવિધ આકારમાં રહેલી કહેવાય છે.*

***પ્રશ્ન :** હે ભગવન્ ! જીહ્વેન્દ્રિય કયા આકારમાં રહેલી કહેવાય છે ?*

***ઉત્તર :** હે ગૌતમ ! ખુરપા = અસ્ત્રા જેવા આકારમાં રહેલી કહેવાય છે*

***પ્રશ્ન :** હે ભગવન્ ! ઘ્રાણેન્દ્રિય કયા આકારમાં રહેલી કહેવાય છે ?*

***ઉત્તર :** હે ગૌતમ ! અતિમુક્તક પુષ્પના પાંદડા અને ચંદ્રક જેવા આકારમાં રહેલી કહેવાય છે.*

***પ્રશ્ન :** હે ભગવન્ ! ચક્ષુરિન્દ્રિય કયા આકારમાં રહેલી કહેવાય છે ?*

***ઉત્તર :** હે ગૌતમ ! મસુરના દાળ અને ચંદ્ર જેવા આકારમાં રહેલી કહેવાય છે.*

***પ્રશ્ન :** હે ભગવન્ ! શ્રોત્રેન્દ્રિય કયા આકારમાં રહેલી કહેવાય છે ?*

***ઉત્તર :** હે ગૌતમ ! કદંબના પુષ્પ જેવા આકારમાં રહેલી કહેવાય છે."*

---

१. किं संठाण (खं.)।

* स्पर्शनेन्द्रियं णं भदन्त ! किं संस्थानं प्रज्ञप्तम् ? गौतम ! नानासंस्थानसंस्थितम्, जिह्वेन्द्रियं णं भदन्त ! किं संस्थानं प्रज्ञप्तम् ? गौतम ! क्षुरप्रसंस्थितम्, घ्राणेन्द्रियं णं भदन्त ! कि संस्थानं प्रज्ञप्तम् ? गौतम ! अतिमुक्तचन्द्रकसंस्थितम्, चक्षुरिन्द्रियं णं भदन्त ! किं संस्थानं प्रज्ञप्तम् ? गौतम ! मुसरक-चन्द्रसंस्थितम्, श्रोतेन्द्रियं णं भदन्त ! किं संस्थानं प्रज्ञप्तम् ? गौतम ! कदम्बपुष्पसंस्थितं प्रज्ञप्तम्।

**भाष्यम् :- कर्मविशेषसंस्कृताः शरीरप्रदेशाः निर्माणनामाङ्गोपाङ्गप्रत्यया मूलगुण-निर्वर्तनेत्यर्थः।**

• गन्धहस्ति •

अभ्यन्तरां निर्वृत्तिमङ्गीकृत्य सर्वाण्यमूनि सूत्राण्यधीतानि, बाह्या पुनर्निर्वृत्तिश्चित्राकारत्वान्नोप निबद्धुं शक्या, यथा मनुष्यस्य श्रोत्रं भ्रूसमं नेत्रयोरुभयपार्श्वतः, अश्वस्य मस्तके नेत्रयोरुपरिष्टात् तीक्ष्णाग्र-मित्यादिजातिभेदाद्[1] बहुविधाकारा। इममेव चातिक्रान्तभाष्यार्थं पर्यायान्तरेण स्पष्टयति भाष्यकारः **कर्मविशेषसंस्कृताः शरीरप्रदेशाः** (इति भाष्ये)।

अथवाङ्गोपाङ्गनामैवोपात्तमतीतभाष्ये न तु निर्माणकर्म तदुपादानायेदमुच्यते → **कर्मविशेष** इत्यादि (भाष्यम्)। कर्मविशेषो नामकर्म तस्यापि विशेषः अङ्गोपाङ्गनाम निर्माणकर्म च आभ्यां कर्मविशेषाभ्यां संस्कृता = विशिष्टावयवरचनया निष्पादिता = निर्वर्तिताः औदारिकादिशरीराणां त्रयाणां प्रदेशाः = प्रतिविशिष्टा देशाः कर्णशष्कुल्यादयः प्रदेशाः।

**ભાષ્યાર્થ : આ નિર્વૃત્તિ કર્મ વિશેષથી સંસ્કારિત શરીરના અનેક પ્રદેશ સ્વરૂપ છે એટલે નિર્માણ અને અંગોપાંગ નામકર્મના નિમિત્તવાળી છે અર્થાત્ મૂલગુણની રચનાવાળી છે.**

• *હેમગિરા* •

## ❊ નિર્વૃત્તિ ઇન્દ્રિયની પ્રકારાંતરે સમજ ❊

આ સર્વ (આકાર દર્શક) સૂત્રો અભ્યંતર નિર્વૃત્તિ ઇન્દ્રિયને આશ્રયી કહેવાયા છે વળી બાહ્ય નિર્વૃત્તિ ઇન્દ્રિય તો (વિવિધ જીવને આશ્રયી) વિચિત્ર (= ઘણાં) આકારે હોવાથી તેને કહેવી શકય નથી. જેમકે મનુષ્યના કાન તે ભ્રૂવાંને સમપણે બંને નેત્રોના બંને પડખે રહેલા છે જયારે ઘોડાના કાન મસ્તકમાં બંને નેત્રોની ઉપર તીક્ષ્ણ અગ્રભાગવાળા હોય છે અને એવા પ્રકારની બીજી જાતિઓના ભેદને લઈ બાહ્ય નિર્વૃત્તિ ઇન્દ્રિય વિવિધ આકારવાળી છે.

નિર્વૃત્તિનો હમણાં જે અર્થ ભાષ્યમાં કહેવાયો એ જ કથિત અર્થને "**कर्मविशेष ...**" ઇત્યાદિ ભાષ્યમાં સરલ શબ્દો દ્વારા ભાષ્યકારશ્રી સ્પષ્ટ કરે છે. અથવા પહેલાના ભાષ્યમાં અંગોપાંગ નામકર્મ જ ગ્રહણ કરાયું છે પરંતુ નિર્માણ નામકર્મ નહીં, તેથી તેનું ગ્રહણ કરવા માટે આ '**कर्मविशेष**' ઇત્યાદિ ભાષ્ય કહેવાય છે. **कर्मविशेष** શબ્દમાં કર્મ એટલે નામકર્મ સમજવું અને તેના પણ વિશેષ ભેદ તરીકે અંગોપાંગ નામકર્મ અને નિર્માણ નામકર્મ ગ્રહણ કરવા, આ બંને વિશેષ નામકર્મથી સંસ્કારિત = વિશિષ્ટ પ્રકારના અવયવની રચના વડે બનેલા અર્થાત્ રચાયેલા, ઔદારિક આદિ ૩ (= ઔદારિક, વૈક્રિય, આહારક) શરીરના પ્રદેશો અર્થાત્ ચોક્કસ પ્રકારના કર્ણ-શષ્કુલી આદિ દેશો તે નિર્વૃત્તિ ઇન્દ્રિય સ્વરૂપે જાણવા.

१. °दिभेदा° मु. (खं. सं.)।

कर्मविशेषाभिधानश्रवणादतिसम्प्रमुग्धबुद्धेर्व्यामोहस्तदवस्थ एव चेतसीत्यतस्तदवबोधार्थं भूयोऽ-प्याह → **निर्माणनामाङ्गोपाङ्गप्रत्यया मूलगुणनिर्वर्तनेत्यर्थः** (इति भाष्यम्)। कर्मविशेषं नामग्राहमाचष्टे निर्माणनाम च अङ्गोपाङ्गं च निर्माणनामाङ्गोपाङ्गे, मध्यव्यवस्थितो नामशब्द उभयं विशेष्यतया क्षिपति, ते कर्मणी प्रत्ययः = कारणं = निमित्तं [1]यस्या निर्वृत्तेः सा निर्माणनामाङ्गोपाङ्गप्रत्यया, मूलगुणनिर्वर्तना उत्तरगुणनिर्वर्तनापेक्षयोच्यते।

उत्तरगुणनिर्वर्तना हि श्रवणयोर्वेधः प्रलम्बतापादनं, चक्षुर्नासिकयोरञ्जन-नस्याभ्यामुपस्कारः तथा भेषजप्रदानाज्जिह्वाया जाड्यापनयः, स्पर्शनस्य विविधचूर्णगन्धवासप्रघर्षादिति[2] विमलत्वकरणम्, एवंविधानेकविशेषनिरपेक्षा यथोत्पन्नवर्तिनी औदारिकादिप्रायोग्यद्रव्यवर्गणा मूलकारणव्यवस्थितगुण-निर्वर्तनोच्यते। **इति**शब्द [3]एवं शब्दार्थः एवमेषोऽर्थः प्रवचनविद्भिराख्यात इति॥

• *હેમગિરા* •

અહીં જણાવેલ કર્મ વિશેષનું નામશ્રવણ કરવા થકી અતિમુગ્ધ બુદ્ધિવાળાના મનમાં વ્યામોહ ઉભો જ છે (કે કર્મવિશેષથી કોનું ગ્રહણ કરવું), એથી તે મુગ્ધ બુદ્ધિવાળાને સમજણ આપવા માટે ફરી પણ ભાષ્યકારશ્રી '**निर्माणनाम**' ઇત્યાદિ ભાષ્યને કહે છે -

એ ભાષ્યમાં કર્મ વિશેષનો નામોલ્લેખ કરવાપૂર્વક કહે છે કે કર્મ વિશેષથી નિર્માણ નામ અને અંગોપાંગ કર્મ લેવા. (તે બે પદમાં રહેલ દ્વન્દ્વ સમાસનો વિગ્રહ ટીકામાં સ્પષ્ટ જ છે) મધ્યમાં રહેલ 'નામ' શબ્દ ઉભયમાં (અંગોપાંગ અને નિર્માણમાં) વિશેષ્ય તરીકે રહેલો છે.

બંને (નિર્માણ અને અંગોપાંગ નામ) કર્મો પ્રત્યય = કારણ અર્થાત્ નિમિત્ત છે જે નિર્વૃત્તિના તે નિર્વૃત્તિ નિર્માણ અને અંગોપાંગ નામકર્મના પ્રત્યયવાળી કહેવાય.

ઉત્તરગુણની રચનાની અપેક્ષાએ આ નિર્વૃત્તિ ઇન્દ્રિય મૂળગુણની રચનાવાળી કહેવાય છે. ઇન્દ્રિયોમાં ઉત્તરગુણની નિર્વર્તના આ મુજબ છે :- બંને કાનોને વિંધવા અને કાનના છીદ્રોને લંબાવવા / (બ્રાહ્મી આદિ), ચક્ષુને અંજન વડે અને નાસિકાને નથની વડે શણગારવા, તથા ઔષધ પ્રદાન કરવા વડે જીભની જડતાને દૂર કરવી તેમજ વિવિધ અરિઠા આદિના ચૂર્ણ, સુગંધિત અત્તરાદિ દ્રવ્ય ચોળીને તે સ્પર્શનની = ચામડીની નિર્મળતા કરવી તે ઉત્તરગુણ નિર્વર્તના કહેવાય છે. આવા પ્રકારના અનેક વિશેષોથી (= ઉત્તરગુણોથી) નિરપેક્ષ અર્થાત્ જે રીતે ઉત્પન્ન થઇ તે રીતે જ રહેનારી એવી જે ઔદારિક આદિ પ્રાયોગ્ય દ્રવ્યવર્ગણા છે, તે મૂળ કારણથી વ્યવસ્થિત (= નિર્મિત) ગુણની રચના અર્થાત્ મૂળગુણ નિર્વર્તના કહેવાય છે.

'**इत्यर्थ**' ભાષ્યપદમાં રહેલ '**इति**' શબ્દ '**एवं**' શબ્દના અર્થમાં છે. આથી અર્થ આ થયો કે (નિર્વૃત્તિ ઇન્દ્રિયનો) 'આ અર્થ પ્રવચનજ્ઞોએ આ પ્રમાણે કહ્યો છે.' હમણાં ઉપકરણેન્દ્રિયનું

१. यस्य - मु (भां)। २. प्रघर्षात् तदिति - मु (खं)। ३. एव शब्दा° मु. (खं)।

**भाष्यम् :- उपकरणं बाह्यमभ्यन्तरं च निर्वर्तितस्यानुपघातानुग्रहाभ्यामुपकारीति ॥२/१७॥**

• गन्धहस्ति •

सम्प्रत्युपकरणेन्द्रियस्वरूपमाख्यातुमाह → **उपकरणं बाह्यमभ्यन्तरं च निर्वर्तितस्यानुपघातानुग्रहाभ्यामुपकारीति** (इति भाष्यम्)। निर्वृत्तौ सत्यां कृपाणस्थानीयायामुपकरणेन्द्रियमवश्यमपेक्षितव्यम्, तच्च स्वविषयग्रहणशक्तियुक्तं खड्गस्येव धारा छेदनसमर्था, तच्छक्तिरूपमिन्द्रियान्तरं, निर्वृत्तौ [1]सत्यामपि शक्त्युपघातैर्विषयं न गृह्णाति, तस्मान्निर्वृत्ते श्रवणादिसंज्ञिके[2] द्रव्येन्द्रिये [3]सद्भावादात्मनोऽनुपघातानुग्रहाभ्यां यदुपकारि तदुपकरणेन्द्रियं भवति, तच्च बहिर्वर्ति अन्तर्वर्ति च, निर्वृत्तिद्रव्येन्द्रियापेक्षयाऽस्यापि द्वैविध्यमावेद्यते। यत्र निर्वृत्तिद्रव्येन्द्रियं तत्रोपकरणेन्द्रियमपि, न भिन्नदेशवर्ति तस्येति कथयति। तस्याः स्वविषयग्रहणशक्तेर्निर्वृत्तिमध्यवर्तिनीत्वात्।

**ભાષ્યાર્થ : ઉપકરણ ઇન્દ્રિય બાહ્ય અને અભ્યંતર એમ બે પ્રકારે છે. નિર્માણ પામેલ ઇન્દ્રિયને (= નિર્વૃત્તિ ઇન્દ્રિયને) (આ બાહ્ય ઉપકરણેન્દ્રિય) અનુપઘાત વડે તથા (અભ્યંતર ઉપકરણ ઇન્દ્રિય) અનુગ્રહ વડે 'ઉપકારી' છે.** ॥૨/૧૭॥

• *હેમગિરા* •

સ્વરૂપ કહેવા માટે '**उपकरणं** .....' ઇત્યાદિ ભાષ્યને કહે છે → તલવાર સમાન નિર્વૃત્તિ ઇન્દ્રિયના સદ્ભાવમાં (ધાર સમાન) ઉપકરણ ઇન્દ્રિયની અપેક્ષા રાખવી યોગ્ય છે. જેમ ખડ્ગ એ છેદવામાં સમર્થ એવી ધારથી યુક્ત હોય છે તેમ નિર્વૃત્તિ ઇન્દ્રિય પણ સ્વવિષયમાં સમર્થ એવી ગ્રહણ કરવાની શક્તિથી યુક્ત હોય છે. અને ઇન્દ્રિયાંતર અર્થાત્ ઉપકરણ ઇન્દ્રિય તે નિર્વૃત્તિમાં રહેલી શક્તિ સ્વરૂપ છે અર્થાત્ ધાર રૂપ છે. નિર્વૃત્તિ ઇન્દ્રિયના સદ્ભાવમાં પણ શક્તિ સ્વરૂપ ઉપકરણ ઇન્દ્રિયના ઉપઘાતના કારણે જીવ વિષયને ગ્રહણ કરતો નથી, તેથી નિર્માણ પામેલી શ્રોત્ર વગેરે નામવાળી દ્રવ્યેન્દ્રિયો વિશે પોતાના સદ્ભાવ થકી ઉપઘાત નહીં થવા દેવા (સુરક્ષિત રાખવા દ્વારા) અને (વિષય બોધમાં) અનુગ્રહ કરવા વડે જે ઉપકાર કરનારી છે તે ઉપકરણ ઇન્દ્રિય છે.

## ❊ ઉપકરણેન્દ્રિયના બે પ્રકાર ❊

બાહ્યનિર્વૃત્તિમાં રહેલી અભ્યંતર નિર્વૃત્તિની સુરક્ષા કરવાની શક્તિ તે બાહ્ય ઉપકરણ અને અભ્યંતર નિર્વૃત્તિમાં રહેલી સ્વવિષયના બોધની શક્તિ તે અભ્યંતર ઉપકરણ. આમ તે ઉપકરણેન્દ્રિય બાહ્યવર્તિ અને અભ્યંતરવર્તિ છે. નિર્વૃત્તિ રૂપ દ્રવ્યેન્દ્રિયની અપેક્ષાએ આ ઉપકરણ ઇન્દ્રિયના પણ (બાહ્ય અને અભ્યંતર એવા આ) બે ભેદો કહેવાય છે. એટલે કે જ્યાં નિર્વૃત્તિ રૂપ દ્રવ્યેન્દ્રિય હોય છે ત્યાં ઉપકરણ રૂપ દ્રવ્યેન્દ્રિય પણ હોય છે, કિન્તુ તેનાથી (= નિર્વૃત્તિ ઇન્દ્રિયના) ભિન્ન દેશમાં રહેનારી ઉપકરણ ઇન્દ્રિય નથી એમ તાત્પર્ય છે. કેમકે ઇન્દ્રિયની જે સ્વવિષયને ગ્રહણ કરવાની (ઉપકરણ ઇન્દ્રિય રૂપ) શક્તિ છે તે નિર્વૃત્તિ ઇન્દ્રિયની મધ્યમાં રહેનારી છે. આ જ

१. सत्यपि मु. (खं. भां.)। २. °संज्ञके - मु (भा. खं. रा.)। ३. तद्भावादा° - मु (खं.)।

## सूत्रम् :- लब्ध्युपयोगौ भावेन्द्रियम् ॥२/१८॥

● गन्धहस्ति ●

एतदेव स्फुटयति → **निर्वर्तितस्य** = निष्पादितस्य स्वावयवविभागेन यदनुपहत्याऽनुग्रहेण चोपकरोति ग्रहणमात्मनः स्वच्छतरपुद्गलजालनिर्मापितं तदुपकरणेन्द्रियमध्यवस्यन्ति विद्वांसः, आगमे तु नास्ति कश्चिदन्तर्बहिर्भेद उपकरणस्येत्याचार्यस्यैव कुतोऽपि सम्प्रदाय इति। एवमेतदुभयं द्रव्येन्द्रियमभिधीयते तद्भावेऽप्यग्रहणात् उपकरणत्वान्निमित्तत्वाच्चेति। निर्वृत्तेरादावभिधा जन्मक्रमप्रतिपादनार्थं तद्भावे ह्युपकरणसद्भावाच्छस्त्रशक्तिवदिति॥२/१७॥

अथ भावेन्द्रियं किमित्यत्रोच्यते →

**लब्ध्युपयोगौ भावेन्द्रियम्** (इति सूत्रम्)। **लब्धिः** = प्रतिस्वमिन्द्रियावरणकर्मक्षयोपशमः,

## સૂત્રાર્થ : લબ્ધિ અને ઉપયોગ એ ભાવેન્દ્રિય છે. ॥૨/૧૮॥

● *હેમગિરા* ●

વાતને ભાષ્યકારશ્રી સ્પષ્ટ કરે છે કે પોતાના અવયવના વિભાગથી નિર્માણ થયેલ જે ઇન્દ્રિય અભ્યંતર નિર્વૃત્તિ ઇન્દ્રિયને ઉપઘાત ન થવા દઈને અને પોતાના વિષયના ગ્રહણમાં = સ્પર્શાદિ વિષયના બોધમાં અનુગ્રહ કરવા વડે ઉપકાર કરે છે તથા સ્વચ્છતર પુદ્ગલના સમૂહથી જે બનેલ છે તે ઉપકરણેન્દ્રિય છે એ પ્રમાણે વિદ્વાનો માને છે.

વળી અહીં દર્શાવેલ ઉપકરણ ઇન્દ્રિયનો અભ્યંતર કે બાહ્ય એવો કોઈ ભેદ આગમમાં દર્શાવેલ નથી, માટે ક્યાંયથી પણ પ્રાપ્ત થયેલો આ બે ભેદનો સંપ્રદાય એ આચાર્યશ્રીનો જ જણાય છે.

આ પ્રમાણે આ નિર્વૃત્તિ અને ઉપકરણ બંને દ્રવ્યેન્દ્રિય કહેવાય છે કેમકે બંનેના સદ્ભાવમાં પણ બોધ થતો નથી, આ બંને ઉપકરણરૂપ (= પુદ્ગલમય) છે અને નિમિત્ત કારણ રૂપ છે.

### ❋ ઉત્પત્તિ ક્રમનું પ્રતિપાદન ❋

અહીં સૂત્રમાં પ્રથમ જે નિર્વૃત્તિ ઇન્દ્રિયનું વિધાન કર્યું છે, તે ઉત્પત્તિના ક્રમનું પ્રતિપાદન કરવા માટે છે, કેમકે આ નિર્વૃત્તિ હોય તો જ ઉપકરણનું નિર્માણ થાય છે. જેમ તલવાર હોય તો જ તેની શકિત = ધાર પણ હોય, તલવારના અભાવમાં તેની શકિત = ધાર સંભવિત નથી, તેવી રીતે નિર્વૃત્તિના અભાવમાં ઉપકરણ સંભવિત નથી. ॥૨/૧૭॥

**૨/૧૮ સૂત્રની અવતરણિકા :** હવે ભાવેન્દ્રિય શું છે ? એ પ્રશ્નનો ઉત્તર અહીં (= ૨/૧૮ સૂત્રમાં) કહેવાય છે.

**'लब्ध्युपयोगौ भावेन्द्रियम्'** આ ૨/૧૮ સૂત્ર છે. તેના વિવેચનને કરે છે. લબ્ધિ એટલે

**भाष्यम् :- लब्धिरुपयोगस्तु भावेन्द्रियं भवति। लब्धिर्नाम गति-जात्यादिनामकर्म-जनिता तदावरणीयकर्मक्षयोपशमजनिता च इन्द्रियाश्रयकर्मोदयनिर्वृत्ता च जीवस्य भवति।**

**गन्थहस्ति**

स्वविषयव्यापारः = प्रणिधानं = वीर्यं = **उपयोगः** एतदुभयं **भावेन्द्रियं** = आत्मपरिणतिलक्षणं **भवति**। अत्राचार्यो लब्धिस्वरूपनिर्वर्णनायाह→ **लब्धिर्नामे**त्यादि भाष्यम्। [1]**लब्धिः** = लाभो = प्राप्तिः। **नामशब्दो** वाक्यालङ्कारार्थः। **अथवा लब्धि**रिति यदेतन्नामाभिधानं तस्यायमर्थः → **गतिजात्यादिनामकर्मजनिता** लब्धिरुच्यते। गति-जाती आदिर्यस्य तद् गति-जात्यादि, गति-जात्यादि च तन्नामकर्म च गति-जात्यादिनामकर्म तेन जनिता = निर्वर्तिता, मनुष्यगतिनामोदयान्मनुष्यस्तथा पञ्चेन्द्रियजातिनामोदयात् पञ्चेन्द्रिय इत्यतो मनुष्यत्व-पञ्चेन्द्रियत्वादिलाभे प्रतिस्वं तदावरणकर्मक्षयोपशमो [2]निर्वर्तते, तस्य क्षयोपशमस्य गति-जातिप्रभृतिनामकर्मकारणत्वान्निर्दिष्टमाचार्येण। **आदिग्रहणेन** यत् तदत्र नान्तरीयकं शरीरादिक्षयोपशम-

**ભાષ્યાર્થ : લબ્ધિ અને ઉપયોગ એ ભાવેન્દ્રિય છે. ગતિ, જાતિ આદિ નામ કર્મથી ઉત્પન્ન થયેલી તેમજ તદાવરણીય (મતિજ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય) કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલી અને ઇન્દ્રિયોના આશ્રયવાળા કર્મના ઉદયથી બનેલી લબ્ધિ જીવને હોય છે.**

*હેમગિરા*

તે તે દરેક ઇન્દ્રિયથી જન્ય તે તે સ્પર્શાદિના જ્ઞાનની શક્તિને આવરણ કરનાર કર્મનો ક્ષયોપશમ. ઉપયોગ એટલે સ્વ = પોતાના (= ઇન્દ્રિયના) વિષય (= સ્પર્શાદિ)નો બોધરૂપ વ્યાપાર = પ્રણિધાન = વીર્ય. આ (લબ્ધિ અને ઉપયોગ) બંને ભાવેન્દ્રિય = આત્મપરિણતિ સ્વરૂપ હોય R > i. I h i A I ] '**लब्धिर्नाम**' ઇત્યાદિ ભાષ્યને કહે છે. લબ્ધિ એટલે લાભ અર્થાત્ પ્રાપ્તિ. (ભાષ્યમાં આપેલ '**लब्धि**' પછીનો) '**नाम**' શબ્દ વાક્યના અલંકાર માટે છે અર્થાત્ તેનાથી વાક્ય સાંભળવામાં મધુર લાગે છે અથવા તો લબ્ધિ એવું જે આ નામ = અભિધાન છે, (અર્થાત્ 'નામ' શબ્દનો 'એટલે' અર્થ કરવો) તેનો આ અર્થ છે - ગતિ, જાતિ આદિ નામકર્મથી ઉત્પન્ન થયેલી 'લબ્ધિ' કહેવાય છે. '**गति .....**' ઇત્યાદિ સામાસિક પદનો વિગ્રહ ટીકામાં દર્શાવેલ છે. તે આ પ્રમાણે છે → ગતિ, જાતિ આદિમાં છે જેને તે '**गति-जात्यादि**', ગતિ, જાતિની આદિવાળું એવું નામ કર્મ તે '**गति-जात्यादिनामकर्म**', તે નામ કર્મ વડે બનેલી અર્થાત્ નિર્માણ પામેલ તે '**गति-जात्यादिनामकर्मजनिता**' (લબ્ધિ). ભાવાર્થ આ પ્રમાણે છે - જીવ મનુષ્યગતિ નામકર્મના ઉદયથી મનુષ્ય તથા પંચેન્દ્રિયજાતિ નામકર્મના ઉદયથી પંચેન્દ્રિય થાય છે અને મનુષ્યપણા તથા પંચેન્દ્રિયપણા આદિના લાભમાં જીવનો પોત-પોતાનો, તે (લબ્ધિ)ને આવરણ કરનાર કર્મનો ક્ષયોપશમ ઉત્પન્ન થાય છે. આવી રીતે તે ક્ષયોપશમના

१. लाभो लब्धिः प्राप्तिः - मु. (खं)। २. निर्वर्त्यते- मु (रा)।

लब्धेर्नामान्तःपाति तत् सकलमादीयते।

**अपरे** [1]त्वायुष्कमपि तदाश्रयत्वात् कारणमाचक्षते क्षयोपशमस्य, एवं विदूरवर्ति कारणमपदिश्याधुना प्रत्यासन्नतरकारणान्तरमाविष्करोति → **तदावरणीयकर्मक्षयोपशमजनिता चे**ति (भाष्ये)। तस्याः खलु रूपादिग्रहणपरिणतेरावरणीयं = आवारकं = आच्छादकं, बाहुलकात् कर्तरि व्युत्पत्तिः, तदावरणीयं च तत् कर्म च **तदावरणीयकर्म** मतिज्ञान-दर्शनावरणकर्मेत्यर्थः, तस्योभयस्य **क्षयोपशमो**ऽभिहितलक्षणस्तज्**जनिता च** तन्निष्पादिता चेत्यर्थः। चशब्दः पूर्वकं कारणं समुच्चिनोति।

**ननु च** क्षयोपशम एव लब्धिरुक्ता तेन जनितान्या का भवेल्लब्धिः ?

**उच्यते** → मतिज्ञान-दर्शनावरणक्षयोपशमावस्थानिर्वृत्तौ यो ज्ञानसद्भावः क्षायोपशमिकः सोऽत्र



ગતિ-જાતિ વગેરે નામકર્મ કારણ બનતા હોવાથી ભાષ્યકારશ્રીએ લબ્ધિને ગતિ-જાતિ વગેરે નામકર્મ - જનિત કહી છે. વળી નામકર્મની અંતર્ગત જે કોઈ શરીરાદિ નામકર્મ ક્ષયોપશમ સ્વરૂપ લબ્ધિને નાંતરીયક (= હંમેશા સાથે રહેનાર) હોય, તે સર્વ '**आदि**' પદના ગ્રહણથી અહીં ગ્રહણ કરાય છે.

બીજા કેટલાક તો આયુષ્યને પણ ગતિ, જાતિ, શરીરાદિનું આશ્રય હોવાથી ક્ષયોપશમના કારણ તરીકે કહે છે.

આ પ્રમાણે લબ્ધિના અત્યંત દૂરવર્તી (= પરંપર) કારણને જણાવીને અત્યારે નજીકવર્તી (= અનંતર) બીજા કારણને '**तदावरणीय** .....' ઇત્યાદિ ભાષ્યમાં જણાવે છે → તે રૂપાદિના જ્ઞાનની શક્તિ રૂપ પરિણતિ (= લબ્ધિ)નું આવરણીય = આવરણ કરનાર = આચ્છાદન કરનાર તે 'તદાવરણીય'. અહીં **बहुलकात् = 'कृत्यल्युटो बहुलम्'** પાણિની - **૩/૩/૧૧૩** સૂત્રથી '**कृत्य**' પ્રત્યય નિર્દિષ્ટ અર્થ સિવાય બીજા અર્થમાં પણ થાય છે. આથી અહીં પ્રસ્તુતમાં '**अनीय**' એવા કૃત્ય પ્રત્યયથી યુક્ત '**आवरणीय**' શબ્દની કર્તરિ અર્થમાં વ્યુત્પત્તિ કરવી. તદાવરણીય એવું જે કર્મ તે તદાવરણીય કર્મ અર્થાત્ મતિજ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મ તદાવરણીય કર્મ રૂપે જાણવા. તે બંને કર્મોનો કહેવાયેલા સ્વરૂપવાળો જે ક્ષયોપશમ છે તે ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલી લબ્ધિ છે. ભાષ્યનો '**च**' શબ્દ પૂર્વોક્ત કારણનો સમુચ્ચય કરે છે અર્થાત્ લબ્ધિ સ્વરૂપ કાર્યના આ બંને કારણો છે.

**પ્રશ્ન :** ક્ષયોપશમ એ જ લબ્ધિ કહેવાય છે, તો પછી તે ક્ષયોપશમથી જન્ય અન્ય કઈ લબ્ધિ છે જેથી '**क्षयोपशमजनिता**' એમ કહ્યું ?

**ઉત્તર :** મતિજ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમની અવસ્થાના નિર્માણમાં જે ક્ષાયોપશમિકજ્ઞાનનો સદ્ભાવ છે તે અહીં લબ્ધિ કહેવાય છે. પૂર્વે ક્ષયોપશમ એ લબ્ધિ છે

१. चायु° प्रा.।

**भाष्यम् :- सा पञ्चविधा। तद्यथा → स्पर्शनेन्द्रियलब्धिः, रसनेन्द्रियलब्धिः, घ्राणेन्द्रियलब्धिः, चक्षुरिन्द्रियलब्धिः श्रोत्रेन्द्रियलब्धिरिति॥२/१८॥**

● गन्धहस्ति ●

लब्धिरुच्यते, कथंकृत्वोक्तं प्राक् क्षयोपशमो लब्धिरिति कारणे कार्योपचारमालम्ब्य नड्वलोदकं पादरोगवदित्यभिहितमतो न दोषाय। **अन्ये** पुनराहुः → अन्तरायकर्मक्षयोपशमापेक्षा इन्द्रियविषयोपभोगज्ञानशक्तिर्लब्धिरुच्यते।

पुनः प्रत्यासन्नतमकारणनिर्दिदिक्षया भाष्यकृत् प्रतनुते ग्रन्थम् → **इन्द्रियाश्रयकर्मोदयनिर्वृत्ता च जीवस्य भवतीति**। इन्द्रियाण्याश्रयः = अवकाशो येषां कर्मणां तानीन्द्रियाश्रयाणि कर्माणि यावन्ति कानिचिन्निर्माणाङ्गोपाङ्गादीनि यैर्विना तानि न निष्पद्यन्ते **तदुदयेन** = तद्विपाकेन निर्वृत्ता = जनिताऽऽत्मनो लब्धिरुद्भवति, स्वच्छे हि दर्पणतले प्रतिबिम्बोदयो भवति, न मलीमसे, तथा निर्माणाङ्गोपाङ्गादिभिरत्यन्तविमलतद्योग्यपुद्गलद्रव्यनिर्मापितानीन्द्रियाणि तस्याः क्षयोपशमलब्धेरतुलं बलमुपयच्छन्ति, कारणतां बिभ्रतीति।

सैषा लब्धिः कारणत्रयापेक्षा पञ्चप्रकारा भवति। **तद्यथा → स्पर्शनेन्द्रियलब्धि**रित्यादि भाष्यम्।

**ભાષ્યાર્થ : આ લબ્ધિ પાંચ પ્રકારે છે, તે આ મુજબ - સ્પર્શનેન્દ્રિય લબ્ધિ, રસનેન્દ્રિય લબ્ધિ, ઘ્રાણેન્દ્રિય લબ્ધિ, ચક્ષુરિન્દ્રિય લબ્ધિ, શ્રોત્રેન્દ્રિય લબ્ધિ ॥૨/૧૮॥**

● *હેમગિરા* ●

એવું કહેવાયું હતું. તે કયા કારણથી કહેવાયું હતું ? તેને જણાવે છે → કારણમાં કાર્યના ઉપચારને આશ્રયીને કહેવાયું હતું. જેમ રોગના કારણ ભૂત ▲'**નડ્વલોદક**'ને પગનો રોગ કહેવાય છે.

આથી હમણાં જે કહ્યું કે ક્ષયોપશમ જન્ય લબ્ધિ છે તે દોષ માટે નથી. બીજા કેટલાક કહે છે કે અંતરાય કર્મના ક્ષયોપશમની અપેક્ષાવાળી (= ક્ષયોપશમથી ઉત્પન્ન થતી) ઇન્દ્રિયના વિષયના ઉપભોગ અંગેની જ્ઞાનશક્તિ તે લબ્ધિ કહેવાય છે.

હવે ફરી લબ્ધિના અત્યંત નજીકના કારણને દર્શાવવાની ઇચ્છાથી ભાષ્યકારશ્રી '**इन्द्रियाश्रयः .....**' ઇત્યાદિ ગ્રંથનો વિસ્તાર કરે છે → ઇન્દ્રિયો એ આશ્રય = અવકાશ છે જે કર્મોની, તે ઇન્દ્રિયના આશ્રયવાળા કર્મો. અહીં કર્મ તરીકે જેઓના વિના તે ઇન્દ્રિયો નિષ્પન્ન થઈ શકતી નથી, એવા જે કોઈ નિર્માણ, અંગોપાંગાદિ કર્મો છે, તે જાણવા. અને તે (નિર્માણાદિ) નામ કર્મના ઉદય = વિપાકથી ઉત્પન્ન થયેલી લબ્ધિ આત્મામાં ઉદ્ભવે/ પ્રગટે છે. જેમ સ્વચ્છ એવા દર્પણતળમાં પ્રતિબિંબનો ઉદય થાય છે/ઝીલાય છે પણ મલિન દર્પણમાં નહીં. તે રીતે પ્રસ્તુતમાં ય નિર્માણ, અંગોપાંગાદિ નામકર્મો વડે અત્યંત નિર્મળ એવા તદનુરૂપ (= તે ઇન્દ્રિયને

▲ નડ્વલ નામનું ઘાસ જ્યાં ઉગેલું ત્યાં રહેલું પાણી. આ પાણીમાં પગ મૂકવાથી પગનો રોગ થાય છે.

यथा तत् पञ्चविधत्वं तस्यास्तथा दर्श्यते → स्पृष्टिः = स्पर्शनं, स्पर्शनं च तदिन्द्रियं चेति स्पर्शनेन्द्रियम्, एतदेव लब्धिः **स्पर्शनेन्द्रियलब्धिः** शीतोष्णादिस्पर्शपरिज्ञानसामर्थ्यमनभिव्यक्तमुपयोगात्मनेतियावत्। एवं जिह्वेन्द्रियादिलब्धयोऽपि वाच्याः। **इति**शब्दो लब्धेरियत्तामावेदयति॥२/१८॥

उक्ता लब्धिः अधुनोपयोग उच्यते → यदि लब्धि-निर्वृत्त्युपकरणक्रमेणोपयोगस्ततोऽतीन्द्रियोपयोगाभावो निर्वृत्त्याद्यपेक्षाभावात्, एतदुक्तं भवति → अवध्यादीनामतीन्द्रियत्वादत्यन्ताभाव एव विशेषो वाच्यः ? **उच्यते** → न खलु सर्व उपयोगो लब्धिनिर्वृत्त्युपरकरणेन्द्रियकृतः, किं तर्हि, स एवैकस्त्रितयनिमित्त इत्यत आह →

• *હેમગિરા* •

યોગ્ય) પુદ્ગલ દ્રવ્યોથી નિર્માણ કરાયેલી ઇન્દ્રિયો, તે ક્ષયોપશમ રૂપ લબ્ધિને અતુલ બળ (= સામર્થ્ય) આપે છે આથી તે પણ એક કારણ છે. (અત્યાર સુધીમાં કહેલા → (૧) ગતિ, જાત્યાદિ નામકર્મ, (૨) તદાવરણીયકર્મનો ક્ષયોપશમ (૩) ઇન્દ્રિયાશ્રય કર્મોદય એવા) ૩ કારણની અપેક્ષાવાળી તે આ લબ્ધિ પાંચ પ્રકારે હોય છે. આ જે રીતે છે તેને **'तद्यथा'** ... ઇત્યાદિ ભાષ્યમાં દેખાડે છે, તે આ પ્રમાણે → સ્પૃષ્ટિ એટલે સ્પર્શન. સ્પર્શન એવી ઇન્દ્રિય તે સ્પર્શનેન્દ્રિય અને સ્પર્શનેન્દ્રિય એ જ લબ્ધિ તે **'સ્પર્શનેન્દ્રિય લબ્ધિ'** કહેવાય. અર્થાત્ ઉપયોગ રૂપે નહી પ્રગટ થયેલું એવું શીત, ઉષ્ણ આદિ સ્પર્શોના પરિજ્ઞાનનું સામર્થ્ય **'સ્પર્શનેન્દ્રિય લબ્ધિ'** કહેવાય. આ પ્રમાણે રસનેન્દ્રિય આદિ લબ્ધિઓ પણ કહેવી. ભાષ્યનો **'इति'** શબ્દ એ લબ્ધિની ઇયત્તા (= સંખ્યાના પ્રમાણ)ને જણાવે છે અર્થાત્ લબ્ધિ આટલી જ છે.॥૨/૧૮॥

**૨/૧૯ સૂત્રની અવતરણિકા :** લબ્ધિ કહેવાઈ ગઈ, અત્યારે ઉપયોગ કહેવાય છે.

### ❋ તો અતીન્દ્રિય જ્ઞાનમાં ઉપયોગનો અભાવ નહીં થાય ❋

**પ્રશ્ન :** જો લબ્ધિ ઇન્દ્રિય, નિર્વૃત્તિ ઇન્દ્રિય, ઉપકરણ ઇન્દ્રિય એવા ક્રમે ઉપયોગ સંભવતો હોય તો અતીન્દ્રિય ઉપયોગનો અભાવ થશે, કેમકે અતીન્દ્રિય ઉપયોગ માટે નિર્વૃત્તિ આદિ ઇન્દ્રિયની અપેક્ષા નથી રહેતી. કહેવાનો આશય એ છે કે અવધિ આદિ જ્ઞાનો અતીન્દ્રિય હોવાથી તે અવધિ આદિ જ્ઞાનોનો વિશેષ પ્રકારનો અત્યંતાભાવ જ કહેવો જોઈએ ?

**ઉત્તર :** આ બરોબર નથી. કારણ બધાય ઉપયોગ લબ્ધિ, નિર્વૃત્તિ અને ઉપકરણ ઇન્દ્રિય વડે કરાયેલ નથી.

**પ્રશ્ન :** તો શું ?

**ઉત્તર :** તે જ ૧ (મતિજ્ઞાનોપયોગ) ૩ (= લબ્ધિ, નિર્વૃત્તિ, ઉપકરણ) નિમિત્તવાળો છે એમ જણાવતાં ૨/૧૯ સૂત્રને કહે છે →

## सूत्रम् :- उपयोगः स्पर्शादिषु ॥२/१९॥

**भाष्यम् :- स्पर्शादिषु मतिज्ञानोपयोग इत्यर्थः ।**

• गन्धहस्ति •

**उपयोगः स्पर्शादिषु** (इति सूत्रम्)। स्पर्श-रस-गन्ध-वर्ण-शब्देषु ग्रहणरुपो व्यापार उपयोगो गृह्यते स्पर्शनेन्द्रियादिनिमित्तो नावध्याद्युपयोगः। अमुमेवार्थं स्पष्टयन् भाष्यकृदाह → **स्पर्शादिषु मतिज्ञानोपयोग इत्यर्थः** (इति भाष्यम्)। स्पर्शादिविषयो मतिज्ञानव्यापारः प्रतिनियतविषयानुभवनमुपलम्भनमिति, अनेन शेषज्ञानव्युदासमादर्शयति → मतिज्ञानोपयोग एव लब्धि-निर्वृत्त्युपकरणापेक्षः प्रवर्तते न शेष इति।

अत्रोपयोगसामान्यश्रुत्यपह्नुता**वधानः नोदयति** → स्पर्शादिविषयो य उपयोगः परिसमाप्ति-व्यापार इत्युक्तम् एतच्च परमाणु-द्व्यणुकादिष्वपि दृष्टम्, परमाणुरपि हि सर्वात्मनोपयुज्यते द्व्यणुकादि-स्कन्धपरिणामे, ततश्च सोऽप्युपयोगलक्षणं प्राप्नोतीत्यत आह भाष्यकारः → **उक्तमेतदुपयोगो लक्षणमिति**

**સૂત્રાર્થ : ઉપયોગ સ્પર્શાદિ વિષયક હોય છે. ॥૨/૧૯॥**

**ભાષ્યાર્થ : 'મતિજ્ઞાનનો ઉપયોગ સ્પર્શાદિ વિષયક હોય છે' એમ સૂત્રનો અર્થ છે.**

• *હેમગિરા* •

'**उपयोगः स्पर्शादिषु**' આ ૨/૧૯ સૂત્ર છે. તેનું વિવેચન કરે છે → સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દોને વિશે સ્પર્શનેન્દ્રિય આદિના નિમિત્તવાળો બોધ રૂપ વ્યાપાર ઉપયોગ સ્વરૂપે ગ્રહણ કરાય છે. પણ અવધિ આદિનો ઉપયોગ નહીં. આ જ અર્થને સ્પષ્ટ કરતાં ભાષ્યકારશ્રી '**स्पर्शादिषु मतिज्ञानोपयोग इत्यर्थः**' એવા ભાષ્યને કહે છે. તેનો અર્થ આ પ્રમાણે છે → 'સ્પર્શાદિના વિષયવાળો મતિજ્ઞાનનો વ્યાપાર પ્રતિનિયત (સ્વ ઇન્દ્રિયને અનુરૂપ) વિષયને અનુભવવા રૂપ અર્થાત્ જાણવા રૂપ હોય છે' આવું કહેવા દ્વારા શેષ જ્ઞાનના વ્યુદાસ (= નિષેધ)ને દેખાડે છે કે લબ્ધિ, નિર્વૃત્તિ અને ઉપકરણની અપેક્ષાવાળો મતિજ્ઞાનોપયોગ જ પ્રવર્તે છે, શેષ અવધિ આદિ જ્ઞાનનો ઉપયોગ નહીં.

અહીં (= સૂત્ર નિર્દિષ્ટ) 'ઉપયોગ' એવા સામાન્ય (= વિશેષણ રહિત) શબ્દના શ્રવણથી નાશ પામેલ એકાગ્રતાવાળો શિષ્ય પ્રશ્ન કરે છે કે (શિષ્ય સમજતો નથી કે આ ઉપયોગ મતિજ્ઞાનસ્વરૂપ છે પણ સંપૂર્ણપણે વ્યાપવું / ભળવું એ અર્થમાં નથી માટે પ્રશ્ન કરે છે કે →) સંપૂર્ણપણે વ્યાપવું / ભળવું એવી ક્રિયા રૂપ જે ઉપયોગ છે તેનો સ્પર્શાદિ વિષય છે એમ અહીં સૂત્રમાં કહેવાયું છે. પરંતુ એ (= સંપૂર્ણપણે વ્યાપવા સ્વરૂપ ઉપયોગ) પરમાણુ અને દ્વ્યણુક આદિમાં પણ દેખાયો છે, કારણકે દ્વ્યણુકાદિ સ્કંધના પરિણામમાં (= રચનામાં) પરમાણુ પણ સર્વાત્મના = સર્વાંશે વ્યાપી / ભળી જાય છે / ઉપયોગી બની જાય છે અને તેથી તે પરમાણુ પણ ઉપયોગ રૂપ લક્ષણને પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે હોવાથી આ પ્રશ્નના ઉત્તરમાં ભાષ્યકારશ્રી '**उक्तमेतद् ...**'

**भाष्यम् :- उक्तमेतदुपयोगो लक्षणम् (अ. २, सू. ८)। उपयोगः = प्रणिधानं = आयोगः = तद्भावः = परिणाम इत्यर्थः।**

— गन्धहस्ति —

(भाष्यम्)। अथवा भाष्यकारः स्वयमेवोपयोगविशेषव्याख्यामातितनिषुराह → **उक्तमेत**दित्यादि (भाष्यम्)। अभिहितमेतदुपयोगश्चैतन्यपरिणामो जीवस्य वैशेषिकं लक्षणं कः परमाण्वादिष्वत्र प्रसङ्गः ? अत्यन्तासम्बन्ध एव। तमेवोपयोगं पर्यायतः कथयति चैतन्यलक्षणं विशेषव्याख्यानदर्शनद्वारेण **उपयोग** इत्यादि (भाष्ये)। **उपयोग**स्तु द्विविधा चेतना → संविज्ञानलक्षणा अनुभवनलक्षणा च, तत्र घटाद्युपलब्धिः संविज्ञान लक्षणा, सुख-दुःखादिसंवेदनाऽनुभवनलक्षणा, एतदुभयमुपयोगग्रहणाद् गृह्यते। **प्रणिधानं** = अवहित-मनस्कत्वम्, एतदुत्कीर्तयति → स्पष्टो हि मतिज्ञानोपयोगो मानसोपयोगावश्यम्भावी द्रव्येन्द्रियाद्यपेक्षश्च नावध्याद्युपयोगस्तथेति। **आयोग** इति स्वविषयमर्यादया स्पर्शादिभेदनिर्भासो ज्ञानोदयः स्पर्शने-

**ભાષ્યાર્થ : (જીવનું) આ ઉપયોગ સ્વરૂપ લક્ષણ ૨/૮ સૂત્રમાં કહેવાયુ હતું. ઉપયોગ પ્રણિધાન, આયોગ, તદ્ભાવ, પરિણામ એ ઉપયોગના પર્યાયવાચી શબ્દો છે. આમ ઉપયોગ ઇન્દ્રિયનું સ્વરૂપ કહેવાયું.**

— *હેમગિરા* —

એવા ભાષ્યને કહે છે અથવા (તો બીજી રીતે અવતરણિકા કરે છે) 'ઉપયોગ'ની વિશેષ વ્યાખ્યાને કહેવાની ઇચ્છાવાળા ભાષ્યકારશ્રી સ્વયં જ '**उक्तमेतद्** ...' ઇત્યાદિ ભાષ્યને કહે છે → ચૈતન્ય પરિણામ સ્વરૂપ, જીવના વિશેષ લક્ષણ રૂપે પૂર્વે (૨/૮ સૂત્રમાં) કહેવાયેલો આ ઉપયોગ અહીં પરમાણુ આદિમાં શું પ્રાપ્ત થઈ શકે ? ન જ પ્રાપ્ત થઈ શકે, એટલે કે પરમાણુ આદિમાં ઉપયોગ લક્ષણનો અત્યંત અસંબંધ જ પ્રાપ્ત થાય છે.

### ❋ બે પ્રકારની ચેતના રૂપ ઉપયોગ ❋

હવે વિશેષ વ્યાખ્યાને દેખાડવાના હેતુથી '**उपयोग** .....' ઇત્યાદિ ભાષ્યમાં તે જ ચૈતન્ય લક્ષણવાળા ઉપયોગને પર્યાય (= અન્ય પર્યાયવાચી શબ્દો)થી કહે છે તેનો અર્થ આ પ્રમાણે છે - (૧) **ઉપયોગ** → બે પ્રકારની ચેતના સ્વરૂપ છે. → (A) સંવિજ્ઞાન ચેતના સ્વરૂપ, (B) અનુભવ ચેતના સ્વરૂપ. ત્યાં (= બે પ્રકારની ચેતનામાં) ઘટાદિ પદાર્થોની ઉપલબ્ધિ (=જ્ઞાન) તે સંવિજ્ઞાન લક્ષણા ચેતના છે અને સુખ-દુઃખાદિની સંવેદના એ અનુભવલક્ષણા ચેતના છે. ઉપયોગ શબ્દને ગ્રહણ કરવાથી આ બંને (ચેતના) ગ્રહણ કરાય છે.

### ❋ ઉપયોગના બીજા અર્થો ❋

(૨) **પ્રણિધાન** → એકાગ્ર મનોદશા. આ પ્રણિધાન પદ દ્વારા આ વાતને સ્પષ્ટ કરે છે કે - સ્પષ્ટ એવો મતિજ્ઞાનોપયોગ એ માનસિક ઉપયોગથી જ અવશ્ય થનાર છે અર્થાત્ મનના

**भाष्यम् :- एषां च सत्यां निर्वृत्तावुपकरणोपयोगौ भवतः सत्यां च लब्धौ निर्वृत्त्युपकरणोपयोगा भवन्ति। निर्वृत्त्यादीनामेकतराभावेऽपि विषयालोचनं न भवति॥२/१९॥**

• गन्धहस्ति •

न्द्रियादिजन्माऽभिधीयते। **तद्भाव** इति उपयोगलाञ्छनो जन्तुस्तच्छब्देनामृश्यते तस्य **भावः** = स्पर्शनादिद्वारजन्मज्ञानमात्मनो भूतिरुद्भव इतियावत्। **परिणामो**ऽप्यात्मन एव तद्भावलक्षणो नार्थान्तरप्रादुर्भावलक्षणः, स्पर्शनादिनिमित्तज्ञानस्यात्मपरिणतिरूपत्वादित्यर्थः॥

सम्प्रति प्रवृत्तौ क्रमनियममापादयन्नाह → **एषामित्यादि** भाष्यम्। **एषा**मिति व्याख्यातस्वरूपाणां निर्वृत्त्युपकरण-लब्ध्युपयोगेन्द्रियाणामयं प्रवृत्तिक्रमो यदुत निर्वृत्तिः प्राक् तस्यां सत्यामुपकरणमुपयोगश्च भवति निर्वृत्त्याश्रयत्वादुपकरणस्य तद्द्वारजन्मत्वाच्चोपयोगस्य। एतच्च निर्वृत्त्यादित्रयं लब्धीन्द्रिय-

**ભાષ્યાર્થ : વળી આ ૪ ઈન્દ્રિયોમાં નિર્વૃત્તિ હોતે છતે ઉપકરણ અને ઉપયોગ હોય. તથા લબ્ધિ હોતે છતે નિર્વૃત્તિ, ઉપકરણ અને ઉપયોગ હોય. અગર જો નિર્વૃત્તિ આદિ ચારમાંથી કોઈ એકનો પણ અભાવ હોય તો વિષયનું આલોચન (= જ્ઞાન) થતું નથી.** ॥૨/૧૯॥

• *હેમગિરા* •

વ્યાપાર દ્વારા મતિજ્ઞાન પ્રવર્તે છે તથા દ્રવ્યેન્દ્રિય આદિની અપેક્ષાવાળો છે. અવધિ આદિ જ્ઞાનનો ઉપયોગ તેવો નથી. (૩) **આયોગ** → ઇન્દ્રિયોના પોતપોતાના વિષયની મર્યાદા વડે સ્પર્શાદિ ભેદના બોધરૂપ, સ્પર્શનેન્દ્રિય આદિથી જન્ય એવો જ્ઞાનનો ઉદય આયોગ કહેવાય છે. (૪) **તદ્ભાવ** → અહીં '**तद्**' શબ્દથી ઉપયોગ લક્ષણવાળા જીવનો વિચાર કરાય છે. તે (જીવ)નો ભાવ એટલે સ્પર્શનેન્દ્રિય આદિ દ્વારા જન્ય જ્ઞાન. કહેવાનો ભાવાર્થ એ છે કે સ્પર્શેન્દ્રિય આદિ દ્વારા આત્મામાં જ્ઞાનનું પ્રગટ થવું એ તદ્ભાવ છે. (૫) **પરિણામ** → આત્માનો પરિણામ પણ તદ્ભાવ સ્વરૂપ (= આત્મ સ્વભાવ સ્વરૂપ) જ છે પણ અર્થાંતર (= ભિન્ન)ભાવ સ્વરૂપ નથી, કેમકે સ્પર્શનેન્દ્રિય આદિના નિમિત્તે થતું જ્ઞાન (= ઉપયોગ) આત્મપરિણતિ રૂપ હોય છે. આમ ઉપયોગ ઇન્દ્રિયનું સ્વરૂપ કહેવાયું.

## ❈ ઇન્દ્રિયનો પ્રવૃત્તિ ક્રમ ❈

હમણાં (નિર્વૃત્તિ આદિ ચારેની) પ્રવૃત્તિને વિશે ક્રમના નિયમનું પ્રતિપાદન કરતાં '**एषां**' ઇત્યાદિ ભાષ્યને કહે છે. → **एषां** = પૂર્વે વ્યાખ્યા કરાયેલા સ્વરૂપવાળી નિર્વૃત્તિ, ઉપકરણ, લબ્ધિ અને ઉપયોગ ઇન્દ્રિયોનો આ પ્રવૃત્તિક્રમ છે કે પ્રથમ નિર્વૃત્તિ ઇન્દ્રિય બને. તે થયા બાદ ઉપકરણ અને ઉપયોગ ઇન્દ્રિય બને છે, કારણકે ઉપકરણેન્દ્રિયનો આશ્રય નિર્વૃત્તિ ઇન્દ્રિય છે અને ઉપયોગ એ તેના (= ઉપકરણ) દ્વારા જન્ય છે. વળી આ નિર્વૃત્તિ આદિ ત્રણે ઇન્દ્રિયની

पूर्वकं दर्शयति → श्रोत्रादिक्षयोपशमलब्धौ सत्यां निर्वृत्तिः शष्कुल्यादिका भवति, यस्य तु लब्धिर्नास्त्येवं-प्रकारा न खलु तस्य प्राणिनः शष्कुल्यादयोऽवयवा निर्वर्त्यन्ते, तस्माल्लब्ध्यादयश्चत्वारोऽपि समुदिताः शब्दादिविषयपरिच्छेदमापादयन्त इन्द्रियव्यपदेशमश्नुवते।

एकेनाप्यवयवेन विकलमिन्द्रियं नोच्यते, नैव स्वविषयग्रहणसमर्थं भवति। अमुमर्थं ('**निर्वृत्त्यादी**' इति) भाष्येण दर्शयति → **निर्वृत्त्यादीनामिति** → सूत्रोपन्यस्तक्रममङ्गीकृत्योच्यते। निर्वृत्त्युपकरण-लब्ध्युपयोगानामन्यतमाभावे एकेनाप्यङ्गेन विकले सति समुदाये न जातुचित् शब्दादिविषयस्वरूपावबोधो भवत्यात्मनः, विकलकरणत्वात्।

अत्र च यदा शब्दोपयोगवृत्तिरात्मा भवति तदा न शेषकरणव्यापारः स्वल्पोऽप्यन्यत्र, कान्त-द्विष्टाभ्यस्तविषयकलापात् अर्थान्तरोपयोगे हि प्राच्यमुपयोगबलमाव्रियते कर्मणा, शङ्खशब्दोपयुक्तस्य

• *હેમગિરા* •

પૂર્વમાં લબ્ધિ ઇન્દ્રિય હોય એ દર્શાવે છે' → શ્રોત્રાદિ અંગેની ક્ષયોપશમ રૂપ લબ્ધિ હોય છતે શષ્કુલી (= કર્ણ વિવર) આદિ અવયવ રૂપ નિર્વૃત્તિ નિર્માણ પામે છે પરંતુ જે જીવને આવા પ્રકારની લબ્ધિ નથી તે પ્રાણીને શષ્કુલી આદિ અવયવો નિર્માણ પામતાં નથી, અને તેથી (= ઉપરોક્ત વાતથી) એ સિદ્ધ થયું કે શબ્દાદિ વિષયના બોધને કરાવતાં ઉપરોક્ત લબ્ધિ આદિ ચારે પણ સમુદિત (= એકત્રિત) થયેલા ઇન્દ્રિયના વ્યપદેશને (= નામને) પામે છે. આ ચારમાંથી એક પણ અવયવ વડે વિકલ (= ન્યૂન) એવો સમુદાય ઇન્દ્રિય તરીકે કહેવાતો નથી કેમકે તે સ્વવિષયને ગ્રહણ કરવામાં સમર્થ થતો જ નથી.

આ અર્થને (**निर्वृत्त्यादीनामेकतराभावे .....**) ભાષ્યથી દર્શાવે છે → પૂર્વ સૂત્રમાં મૂકેલા ઇન્દ્રિયના ક્રમને અંગીકાર કરી ભાષ્યમાં (**लब्ध्यादीनाम्** એવું ન કહેતાં) **निर्वृत्त्यादीनाम्** એ પ્રમાણે કહે છે તેનો અર્થ → નિર્વૃત્તિ, ઉપકરણ, લબ્ધિ અને ઉપયોગ આ ચારમાંથી કોઈપણ એકના અભાવમાં અર્થાત્ એક પણ અંગથી વિકલ એવો (ઇન્દ્રિય રૂપ) સમુદાય થયે છતે ક્યારે પણ શબ્દાદિ વિષયનાં સ્વરૂપનો બોધ આત્માને થતો નથી કારણ કે તે સમુદાય વિકલ સામગ્રીવાળો છે.

## ❊ એક સમયમાં એક ઉપયોગ ❊

અહીં (= ઉપયોગમાં) જ્યારે શબ્દનાં ઉપયોગમાં વર્તનારો આત્મા હોય છે ત્યારે અન્યત્ર (= શબ્દ સિવાયના અન્ય રૂપાદિ વિષયોમાં) સ્વલ્પ પણ શેષ કરણનો (= ઇન્દ્રિયનો) વ્યાપાર (= ઉપયોગ) હોતો નથી કારણકે રાગ-દ્વેષથી અભ્યસ્ત વિષયના સમૂહથી અર્થાંતર (= બીજા પદાર્થના) ઉપયોગમાં ખરેખર પૂર્વ પદાર્થ વિષયક ઉપયોગનું બળ કર્મથી આવરાઈ જાય છે. 'શંખ'ના અવાજમાં ઉપયુક્ત થયેલા જીવને જ્યારે શંખના અવાજ સંબંધી જ્ઞાન નાશ પામે છે ત્યારે જ શૃંગ (વાજિંત્ર)ના અવાજનું જ્ઞાન પ્રગટ થાય છે, આથી એક જ ઇન્દ્રિયનાં વિષયમાં પણ ક્રમપૂર્વક

शृङ्ग-शब्दविज्ञानमस्तमिततन्निर्भासं भवति। अतः क्रमेणोपयोग एकस्मिन्नपीन्द्रियविषये, किमुत बहुविध विशेषभाजीन्द्रियान्तरे, तस्मादेकेनेन्द्रियेण सर्वात्मनोपयुक्तः सर्वः प्राण्युपयोगं प्रत्येकेन्द्रियो भवति। एवं शेषविषयपरिच्छेदपरिणतावपि वाच्यम्, ये पुनरत्यन्तकान्त-द्विष्टाभ्यस्ता विषयास्तानन्यमनस्कोऽपि विस्मर्तुमपि[1] चेच्छन् न विस्मरति, अतः सहैवोपयोगो भवति उपयोगान्तरेणेति।

एतच्चोपयोगद्वयमेकस्मिन् काले पारमर्षप्रवचनाभ्यासाहितनैपुणाः न बाढमभ्युपयन्ति, [2]अत **आर्यगङ्गनिह्नवके**[3] युगपत् क्रियाद्वयोपयोगः प्रपञ्चतः प्रतिषिद्धो न चागमान्तरे क्वचिदुपनिबद्धः। क्रमस्तु तत्रोत्पलदलशतभेदवदतिशुष्कशष्कुलीभक्षणोपलब्धिवद् वाऽतिसूक्ष्मत्वात् समयादिकृतो दुर्लक्षश्छद्मस्थेनेति। '***उपयोगः स्पर्शादिषु***' इति केचिद् भाषन्ते सूत्रमिदं न भवति, भाष्यमेव सूत्रीकृत्य केचिदधीयते, तदेतदयुक्तम्, अविगानेन सूत्रमध्येऽध्ययनात् प्रतिविशिष्टाचार्यसम्प्रदायगम्यत्वाद् विवरणाच्च



ઉપયોગ હોય છે, તો પછી ઘણાં પ્રકારની વિશેષ વિષયવાળી એવી અન્ય ઇન્દ્રિયોને વિશે તો શું કહેવું ? અને તેથી (= ઉપયોગ ક્રમપૂર્વક થતો હોવાથી) એક ઇન્દ્રિય વડે સંપૂર્ણપણે ઉપયુકત એવા સર્વ પ્રાણી ઉપયોગની અપેક્ષાએ એકેન્દ્રિય હોય છે. આ રીતે શેષ (રૂપાદિ) વિષયના બોધની પરિણતિ (= ઉપયોગ)માં પણ કહેવું.

વળી જે વિષયો અત્યંત રાગ-દ્વેષને લઈ જીવમાં અભ્યસ્ત થયા હોય તે વિષયોને જીવ અન્યમનસ્ક (= અન્ય વિષયમાં ઉપયોગવંત) હોવા છતાં પણ અને (તે વિષયોને) ભૂલવાને ઇચ્છતો પણ ભૂલી શકતો નથી, એથી જીવને ઉપયોગાંતર સાથે જ ઉપયોગ હોય છે અર્થાત્ બે ઉપયોગ સાથે હોય છે. (આવું જો કોઈ કહેતું હોય તો આ માન્યતા ભૂલ ભરેલી છે કેમકે) પરમર્ષિનાં પ્રવચનનાં અભ્યાસથી પ્રાપ્ત કરેલી નિપુણતાવાળા નિપુણ પુરુષો આ ઉપયોગદ્વયને એક કાળમાં નિશ્ચયથી સ્વીકારતાં નથી. અને આથી (પ્રભુ મહાવીરનાં શાસનમાં થયેલ) **આર્ય** ગંગ નામના નિહ્નવને વિશે અર્થાત્ નિહ્નવના વાદમાં એકી સાથે બે ક્રિયાનો ઉપયોગ વિસ્તારપૂર્વક પ્રતિષેધ કરાયો છે અને આગમની અંદર પણ ક્યાંય એકી સાથે બે ઉપયોગની વાત કહેવાયેલી નથી. વળી જેમ કમળની ૧૦૦ પાંખડીને વિંધવાનો ક્રમ તથા જેમ કડક જલેબીના ભોજનમાં સ્પર્શાદિ પાંચે વિષયના બોધનો ક્રમ એ અતિ સૂક્ષ્મ હોવાથી છદ્મસ્થ વડે જાણી શકાતો નથી તેમ સમયાદિ વડે થયેલો ઇન્દ્રિય વિષયક ઉપયોગનો ક્રમ પણ અતિ સૂક્ષ્મ હોવાથી છદ્મસ્થ વડે જાણી શકાતો નથી.

**'उपयोगः स्पर्शादिषु'** આ સૂત્ર નથી એવું કેટલાક બોલે છે અને કેટલાક એવું કહે છે કે આ ભાષ્ય જ છે જે સૂત્ર બનાવીને બોલાય છે. આ વાત અયુકત છે કારણકે કોઈપણ વિવાદ વગર સૂત્રની મધ્યમાં આ પદો બોલાય છે તેમજ વિશિષ્ટ કોટીના આચાર્યોની પરંપરા થકી ગમ્ય

१. विस्मर्तुं चे° - मु (भां. खं.)। २. यतः आर्य° मु (खं. भां.)। ३. °निह्नवकैर्यु° मु. प्रा. (खं. भां.)।

**सूत्रम् :- स्पर्शन-रसन-घ्राण-चक्षुः-श्रोत्राणि ॥२/२०॥**

**भाष्यम् :- अत्राह→ उक्तं भवता पञ्चेन्द्रियाणि (अ. २, सू. १५) इति। तत् कानि तानीन्द्रियाणीति ? उच्यते॥**

**● गन्धहस्ति ●**

निश्चीयते सूत्रतेति॥२/१९॥

**अत्राह उक्त**मित्यादि सम्बन्धप्रदर्शनपरमिदं भाष्यम्, अत्रावसरे शिष्य **आह→** अभिहितमेतद् **भवता पञ्चैवेन्द्रियाणि** भवन्ति सङ्ख्यातः **तत् कानि** पुनस्तानि नामतः ? **उच्यते→** स्वरूपतोऽवधृत्य नामविषयं प्रश्नमकृतेत्यतोऽत्र प्रश्ने अभिधीयते प्रतिवचनम्॥

**स्पर्शने**त्यादि सूत्रम्। स्पृश्यतेऽनेनेति स्पर्शनम्, सर्वाणि करणकारकसाधनान्यात्मनः कर्तुरभेदेन वर्तमानान्यतिशयवत्प्रयोजन[1]प्रसाधनं प्रत्याहितपाटवानि ज्ञाने निर्वर्त्ये करणानि, कथञ्चिज्जीवाद-

**સૂત્રાર્થ : સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ તથા શ્રોત્ર (એ ઇન્દ્રિયો) છે. ॥૨/૨૦॥**

**ભાષ્યાર્થ : પ્રશ્ન :- અ. ૨, સૂત્ર ૧૫માં આપે જણાવ્યું છે કે ઇન્દ્રિયો પાંચ છે, તેથી હવે નામથી તે ઇન્દ્રિયો કઈ છે તે કહો ? ઉત્તર :- કહેવાય છે.**

**● હેમગિરા ●**

(= જાણી શકાય) છે તેમજ આ સૂત્રનું વિવરણ (= ભાષ્ય) પણ ઉપલબ્ધ છે આથી (આ પદો) સૂત્ર તરીકે નક્કી થાય છે. ॥૨/૧૯॥

**૨/૨૦ સૂત્રની અવતરણિકા : 'अत्राह उक्तं'** ઇત્યાદિ ભાષ્ય (હવે પછીના સૂત્રનો) સંબંધ દેખાડવામાં તત્પર છે. તે આ રીતે :- અહીં (= ૨૦મા સૂત્ર કહેવાને પ્રસંગે) શિષ્ય પૂછે છે.

**પ્રશ્ન :** આપે સંખ્યાની અપેક્ષાએ ઇન્દ્રિયો પાંચ જ હોય છે એ કહી દીધું. તેથી હવે એ કહો કે નામથી તે ઇન્દ્રિયો કઈ છે ?

**ઉત્તર :** શિષ્યે (ઇન્દ્રિયોનો) સ્વરૂપથી બોધ કર્યા બાદ નામ વિષયક પ્રશ્ન કર્યો હોવાથી અહીં પ્રશ્નના ઉત્તર રૂપે ૨/૨૦ સૂત્ર કહેવાય છે.

### ❁ બે પ્રકારના કરણના દાખલા ❁

**'स्पर्शन'** ઇત્યાદિ ૨/૨૦ સૂત્ર છે. તેનું વિવેચન કરે છે. જેના વડે સ્પર્શ કરાય તે સ્પર્શન. અતિશયવાળા કાર્યને સાધવામાં પ્રાપ્ત પટુતાવાળી સઘળી, કરણસ્વરૂપ કારક એવી જે ઇન્દ્રિયો છે (**કરણ કારક** = તૃતીયા વિભક્તિ, **साधनानि** એટલે ઇન્દ્રિયો સ્વરૂપ સાધનો) તે જ્ઞાન રૂપ કાર્યને પ્રગટ કરવામાં કર્તા એવા આત્મા સાથે અભેદપણે રહેનારી કરણ (= સાધન) રૂપે બને છે, કેમકે તે (= ઇન્દ્રિયો) જીવથી અપેક્ષાએ અભિન્ન હોય છે. જેમ 'દેવદત્ત બે પગ

१. °प्रयोजनसाधनं - मु (खं. भां.)।

**भाष्यम् :- स्पर्शनं, रसनं, घ्राणं, चक्षुः श्रोत्रमित्येतानि पञ्चेन्द्रियाणि॥२/२०॥**

**गन्धहस्ति**

नन्यत्वाद्, गमने प्रसाध्ये[1] पादवद् देवदत्तो मांसपिण्डः पादाभ्यां गच्छति ग्राममिति। अपराणि भेदभाञ्जि करणान्यस्य कर्तुरसि-परशु-वास्यादीनि, एवं भिन्नाभिन्नकरणकलापग्रामणीरयमात्मा निरवशेषक्रियानुष्ठानशक्तियुक्तः कर्ता, अन्यथोभयकरणग्रामव्युदासानुगृहीतस्तृणमपि कुटिलयितुमयोग्यः स्यात्, किमुतैहिकामुष्मिकानेककार्यविषयव्यापारानुष्ठानमिति[2], यथैव च प्रतिविशिष्टज्ञाननिर्वृत्त्याधाने करणत्वमिन्द्रियाणाम्, एवं वीर्यबलेन[3] निर्वर्त्य योगा मनोवाक्कायलक्षणाः करणान्यात्मनो वेदितव्यानि।

इतिशब्द एवं शब्दार्थे। एवमेतानि नामग्राहमुपदिष्टानि[4] **पञ्चेन्द्रियाणि** भवन्ति। स्पर्शनादिक्रमनियमो बुद्धिपूर्वं सूरेरमुतो नियोगाज्जन्तवो वाय्वन्ताः स्पर्शनकरणभाज इति सुखमेव वक्ष्यामि, तथा

**ભાષ્યાર્થ : સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ તથા શ્રોત્ર આ પ્રમાણે પાંચ ઇન્દ્રિયો છે. ॥૨/૨૦॥**

*હેમગિરા*

વડે ગામમાં જાય છે.'' અહીં પગ રૂપ સાધન, માંસપિંડ સ્વરૂપ દેવદત્ત એવા કર્તાથી અભિન્ન થઈ ગમન રૂપ ક્રિયાને કરે છે. (તેમ અહીં ઇન્દ્રિય પણ કર્તા એવા આત્મા શરીરથી અભિન્નપણે રહી જ્ઞાન રૂપ કાર્યનું સાધન બને છે.) તથા તલવાર, કુહાડી, આરી વગેરે બીજા કરણો (= સાધનો) કર્તા એવા આત્મા (શરીર)થી ભિન્નપણે રહેલા (છેદન આદિ કાર્યના કરણ = સાધન બને) છે. આ પ્રમાણે ભિન્ન અને અભિન્ન કરણના સમૂહનો સ્વામી એવો આ આત્મા સમગ્ર ક્રિયાને આચરવાની શક્તિથી યુક્ત એવો કર્તા છે. અન્યથા (ઉક્ત ઉભય કરણથી યુક્ત આત્મા ન સ્વીકારીએ તો) ઉભય કરણના સમૂહના અભાવથી યુક્ત કર્તા એવો જીવાત્મા તૃણને પણ મોડવા માટે અયોગ્ય/અસમર્થ થાય, તો પછી આ ભવ કે પરભવ સંબંધી અનેક કાર્ય વિષયક પ્રવૃત્તિને કરવાની તો શું વાત ?

વળી જે રીતે પ્રતિવિશિષ્ટ જ્ઞાનની પ્રાપ્તિ કરવામાં ઇન્દ્રિયો કરણ સ્વરૂપ છે એ રીતે વીર્ય - બળ અર્થાત્ આત્મિક શક્તિથી જન્ય એટલે પ્રવૃત્ત થતાં મન, વચન અને કાયાના યોગો પણ (જ્ઞાન પ્રાપ્તિ)માં કરણ તરીકે જાણવા.

c p 6 '**इति**' શબ્દ '**एवं**' શબ્દના અર્થમાં છે, આથી અર્થ આમ કરવો → આ પ્રમાણે નામ ગ્રહણ કરવાપૂર્વક કહેવાયેલી આ પાંચે ઇન્દ્રિયો છે. વળી (ઇન્દ્રિયોના નામમાં) સ્પર્શનાદિના ક્રમનો નિયમ વાચકસૂરિજીએ બુદ્ધિપૂર્વક કર્યો છે, તે આ કે → **स्पर्शनादि** ... એ પ્રમાણે ઇન્દ્રિયના ક્રમનું નિયોજન કરવાથી ''(પૃથ્વીકાયથી માંડી) વાયુકાય સુધીના (= પૃથ્વી, અપ્, વનસ્પતિ, તેજસ્ અને વાયુ) જીવો એક સ્પર્શન ઇન્દ્રિયવાળા હોય છે'' એવું હું

१. प्रसाध्यो - मु. (खं. भां.)। २. °नुष्ठातुमिति - मु. (भां. खं.)। ३ बले निर्व° - मु. (खं. भां.)।
४. °मपदि° मु (खं. भां. रा.)।

## सूत्रम् :- स्पर्श-रस-गन्ध-वर्ण-शब्दास्तेषामर्था ॥२/२१॥

• गन्धहस्ति •

परे स्पर्शनमादौ वर्णयन्ति सर्वजीवस्वामिकत्वात् सर्वशरीरव्यापित्वादल्पशक्तित्वाच्च, ततो रसनादीनि तरतमयोगेनाल्पस्वाम्यणुशरीरदेशस्थ-बहुशक्तित्वादिति ॥२/२०॥

**अथात्मनो** लिङ्गान्येतानीत्युक्तं तत् केन पुनः प्रयोजनविशेषेणोपकुर्वन्त्यात्मनः ?

उच्यते → विषयोपभोग-तदादानकरणतयेति। विषयाश्च स्पर्शादयोऽर्थास्ते चामी यथाक्रममेषाम-वसातव्याः ॥

**स्पर्श-रसे**त्यादि सूत्रम्। स्पृश्यतेऽसाविति **स्पर्शः** शीतोष्णादिभेदलक्षणोऽष्टधा, **रसः** पञ्चधा तिक्तादिभेदलक्षणः, लवणस्य मधुरान्तर्गतत्वात्, **गन्धो** द्विधा → सुरभिरितरश्च, साधारणश्चेत्यपरे,

**सूत्रार्थ : સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દ તેઓના (= ઇન્દ્રિયોના) અર્થો છે. ॥૨/૨૧॥**

• *હેમગિરા* •

(= સૂત્રકાર આગળ કહેવાતાં **वाय्वन्तानामेकम्** ૨/૨૩ સૂત્રમાં) સુખપૂર્વક જ કહીશ અર્થાત્ કહી શકીશ. (તાત્પર્ય એ છે કે આ રીતે ઇન્દ્રિયોનો ક્રમ મુકવાથી આગળ સૂત્રો કરવામાં સરળતા (લાઘવતા રહેશે) તથા બીજાઓ 'સ્પર્શનેન્દ્રિય'નું શરૂઆતમાં (કહેવાના કારણોનું આ મુજબ) વર્ણન કરે છે → કેમકે આ સ્પર્શનના સ્વામી સર્વ (સંસારી) જીવો છે, સંપૂર્ણ શરીરમાં (આ સ્પર્શન) વ્યાપીને રહેનારી છે તથા (બીજી ઇન્દ્રિય કરતાં આ સ્પર્શન) અલ્પ શક્તિવાળી છે.( માટે પ્રથમ દર્શાવી છે.) આના પછી રસનેન્દ્રિય વગેરે કહી છે, કારણકે સ્પર્શન ઇન્દ્રિય કરતાં ક્રમશઃ આ રસન આદિ ઇન્દ્રિયો અલ્પ સ્વામીવાળી, અલ્પ અણુ (પ્રદેશ) વાળી, શરીરના અત્યંત અલ્પ દેશમાં રહેલી અને વધુ શક્તિવાળી છે. ॥૨/૨૦॥

**૨/૨૧ સૂત્રની અવતરણિકા : પ્રશ્ન :** આ ઇન્દ્રિયો આત્માનું લિંગ (ચિહ્ન) છે એ પ્રમાણે આપે કહ્યું તો હવે એ કહો કે (આ ઇન્દ્રિયો) કયા પ્રયોજન વિશેષથી આત્માનો ઉપકાર કરે છે ?

**ઉત્તર :** વિષયોનો ઉપભોગ કરવામાં તેમજ તે વિષયોનો બોધ કરવામાં કરણ રૂપે (= સાધન રૂપે) આ ઇન્દ્રિયો જીવને ઉપકારી છે. વળી વિષયો એટલે સ્પર્શાદિ અર્થો અને તે આ (અર્થો) યથાક્રમે **(૨/૨૧** સૂત્ર દર્શિત ક્રમ મુજબ) આ સ્પર્શનાદિ ઇન્દ્રિયોના જાણવા.

### ❁ સ્પર્શ વગેરેના પ્રકારો ❁

**'स्पर्श-रस .....'** ઇત્યાદિ ૨/૨૧ સૂત્ર છે. તેનું વિવેચન કરે છે → સ્પર્શ કરાય એ સ્પર્શ. આ સ્પર્શ **શીત, ઉષ્ણ** આદિ ભેદ સ્વરૂપે ૮ પ્રકારે છે. રસ તે તિકતાદિ ભેદ સ્વરૂપે (૫) પ્રકારે છે, કેમ કે લવણ રસ (એ વસ્તુમાં સ્વાદનું કારણ બને છે તેથી) મધુર રસમાં

**भाष्यम् :- एतेषामिन्द्रियाणामेते स्पर्शादयोऽर्था भवन्ति यथासङ्ख्यम्॥२/२१॥**

• गन्धहस्ति •

**वर्णः** पञ्चधा शुक्लादिभेदलक्षणः, वाग्योगप्रयत्ननिसृष्टोऽनन्तानन्तप्रदेशिकपुद्गलस्कन्धप्रतिविशिष्ट-परिणामः **शब्दः**, पुद्गलद्रव्यसङ्घात-भेदजन्यो वा गर्जितादिरूपः।

एते स्पर्शादयो यथोक्तलक्षणास्**तेषाम**नन्तरातीतसूत्रन्यस्तानां स्पर्शनादिकरणाना**मर्थाः** परिच्छेद्याः प्रयोजनानि निर्वर्त्यानीतियावत्। एनमेवार्थं स्पष्टयन् भाष्यकृदाह →**एतेषामि**त्यादि (भाष्यम्)। **एतेषाम्** = आत्मलिङ्गतया निरूपितानां स्पर्शनादीनां **एते स्पर्शादयो**ऽनेकभेदभाजोऽर्यमाणस्वरूपत्वाद् **यथा-सङ्ख्यमर्था भवन्त्य**व्यतिकररूपेण[1] ग्रहणविशेषात्। '**तेषामर्था**' इत्यसमासकरणं सम्बन्धस्य स्पष्टता-प्रतिपत्त्यर्थम्, समासे तु चतुर्थ्यर्थरिकाऽपि स्यात् सा चानिष्टा तस्मादसमासः।

**ભાષ્યાર્થ : આ ઇન્દ્રિયોના આ સ્પર્શાદિ અર્થો (= વિષયો) ક્રમશઃ હોય છે.॥૨/૨૧॥**

• *હેમગિરા* •

સમાવિષ્ટ છે. ગંધ સુરભિ અને દુરભિ એમ બે પ્રકારે છે. વળી કેટલાક 'સાધારણ ગંધ' એવો ત્રીજો ભેદ પણ સ્વીકારે છે.

શુક્લાદિ ભેદ સ્વરૂપે વર્ણ = રૂપ ૫ પ્રકારે છે. વચનયોગના પ્રયત્નથી નીકળેલો શબ્દ એ અનંતાનંત પ્રદેશવાળા પુદ્ગલ સ્કંધોના વિશિષ્ટ પરિણામવાળો છે અથવા પુદ્ગલ દ્રવ્યના સંઘાત અને ભેદથી ઉત્પન્ન થયેલા ગર્જના આદિ સ્વરૂપવાળો છે.

કથિત લક્ષણવાળા આ સ્પર્શાદિ, અનંતર એવા અતીત (૨/૨૦મા) સૂત્રમાં મુકાયેલી (= જણાવેલી) તે સ્પર્શનાદિ ઇન્દ્રિયોના પરિચ્છેદ્ય (= ઇન્દ્રિયોથી જ્ઞેય વિષય) છે, ઇન્દ્રિયના પ્રયોજન છે, ઇન્દ્રિયથી જન્ય / પ્રગટે છે. આ જ અર્થને સ્પષ્ટ કરતાં ભાષ્યકારશ્રી '**एतेषाम्** ...' ઇત્યાદિ ભાષ્યને કહે છે →

આત્માના ચિહ્ન (લિંગ) તરીકે દર્શાવેલ એવી આ સ્પર્શનાદિ ઇન્દ્રિયોના અનેક ભેદવાળા આ સ્પર્શાદિ અર્થમાન (= જ્ઞાયમાન = જણાતાં) હોવાથી અર્થો છે = વિષયો છે અને ઇન્દ્રિયના આ સ્પર્શાદિ અર્થો યથાક્રમે જાણવા, કેમકે પ્રત્યેક ઇન્દ્રિય દ્વારા અવ્યતિકર રૂપે (= પરસ્પર મિશ્રણ વિના પોતપોતાના સ્પર્શાદિ વિષયોનો) વિશેષ બોધ થાય છે.

સૂત્રમાં '**तदर्थाः**' એમ સમાસ ન કરતાં '**तेषामर्थाः**' એમ ષષ્ઠી પ્રયોગ (અસમાસ) કર્યો છે. તે ઇન્દ્રિયો અને અર્થોના સંબંધને સ્પષ્ટપણે જણાવવા માટે છે. વળી સમાસમાં તો કોઈને '**तदर्थाः**' = તે ઇન્દ્રિયો માટે અર્થો છે, એમ ચતુર્થી વિભક્તિના અર્થવાળી શંકા પણ થઈ શકે અને તે અનિષ્ટ છે તેથી સમાસ નથી કર્યો.

१. °व्यतिरेक° - पा।

अर्थग्रहणं च विषयशब्दमपहाय यदकारि सूरिणा तदेतज्ज्ञापयितुमभिप्रेतमावस्थिकमेतदर्थत्वम्, एकमेव हि वस्त्वर्यमाणत्वादवस्थाभेदेन तथा तथार्थतामियर्ति, तथाहि → यदेवाङ्गुल्यग्रेण स्पृश्यते तदेव च विद्रुमद्रुमच्छायानुकारिणा जिह्वाग्रेण रस्यते, मोदकद्रव्यमाघ्रायते च नासिकाविवरेण, चक्षुषा तदेवालोक्यते, तदेव चातिबहुकालपर्युषितमतिकठिनीभूतमभ्यवहियमाणमातनोति ध्वनिम्, न खलु तत्र क्वचिद् देशे स्पर्शः क्वचिद् रसादिरवस्थितः किन्तु य एव देशः शीत उष्णो वा स्पर्शनेनोपलब्धः स एव पुनर्मधुरो रसनेनास्वाद्योपलभ्यते, तस्मात् तदेवैकमभिन्नं पुद्गलद्रव्यमनेकग्रहणापेक्षया भेदमासादयति, पित्राद्यनेकविशेषापेक्षपुरुषभेदप्रतिपत्तिवत्। तद् हि चक्षुर्ग्रहणगोचरतामितं[1] द्रव्यमभेदमपि नीलाद्याकारेण परिणतिमुपागच्छद् रूपमिति व्यपदिश्यते, रसनग्रहणविषयतामापन्नं तिक्तादिपरिणाममास्कन्दद् रस इति तदेवाभिधीयते, एवमितरेन्द्रियप्राप्तावपि[2] वाच्यम्।

द्रव्यमिन्द्रियनानात्वान्नानाकारस्पर्शादिभेदमापद्यते। स्वनिमित्ततस्त्वेकाकारद्रव्यस्व (? द्रव्यं



## ❊ અવસ્થા ભેદે અર્થ ભેદ ❊

વળી વાચકશ્રીએ સૂત્રમાં **विषयाः** શબ્દ છોડીને 'अर्थाः' શબ્દનું ગ્રહણ જે કર્યું છે, તેનાથી તેઓશ્રી એ જણાવા માંગે છે કે આ સ્પર્શાદિ અર્થો = વસ્તુઓ અવસ્થાને આશ્રયીને છે અર્થાત્ જુદી જુદી અવસ્થા દ્વારા એક જ વસ્તુ જણાતી હોવાથી તે તે પ્રકારની અર્થતાને પામે છે. તે આ પ્રમાણે કે જે મોદક દ્રવ્ય આંગળીના અગ્રભાગ વડે સ્પર્શાય છે, તે જ મોદક દ્રવ્ય વિદ્રુમ = પરવાળાના વૃક્ષની કાંતિ (= લાલાશ)નું અનુકરણ કરનારી એવી જીહ્વાના અગ્રભાગ વડે ચખાય છે અને નાસિકાના વિવરથી તે જ સુંઘાય છે, ચક્ષુ વડે તે જ જોવાય છે અને ઘણાં કાળ સુધી પડ્યો રહેલો હોવાથી અતિ કઠણ થઈ ગયેલો એવો તે જ (લાડવો) ખવાતો અવાજને કરે છે. (આ પ્રમાણે એક જ પદાર્થ પાંચે ઇન્દ્રિયોનો વિષય બને છે.) ખરેખર એવું નથી કે ત્યાં (લાડવાના) કોઈ દેશમાં (= અમુક ભાગમાં) સ્પર્શ છે, તો ક્યાંક (= અમુક બીજા ભાગમાં) રસાદિ રહેલો છે. પરંતુ જે (લાડવાનો) દેશ, સ્પર્શન ઇન્દ્રિય વડે શીત કે ઉષ્ણ જણાયેલો છે તે જ દેશ પાછો જિહ્વાથી આસ્વાદ કરતાં મધુર જણાય છે, તેથી જેમ એક જ પુરુષમાં પિતૃત્વ, પુત્રત્વ આદિ અનેક વિશેષ ધર્મોની અપેક્ષાએ અનેકત્વ (= ભેદ)ની પ્રાપ્તિ થાય છે, તેમ અભિન્ન (= ભેદ વિનાનું) એક એવું જે પુદ્ગલ દ્રવ્ય છે તે જ અનેક (ભિન્ન-ભિન્ન) બોધની અપેક્ષાએ ભેદને પ્રાપ્ત કરે છે.

આ જ વાતને સ્પષ્ટ કરે છે → ભેદ વિનાનું એક એવું પણ જે (ઘટાદિ) પુદ્ગલ દ્રવ્ય છે તે જ ચક્ષુ દ્વારા બોધના વિષય તરીકે પ્રાપ્ત થયેલું એટલે કે નીલાદિ રંગ (= આકાર) તરીકે (જીવમાં) પરિણતિને પામતું અર્થાત્ નીલાદિ રૂપે જણાતું દ્રવ્ય 'રૂપ' એ પ્રમાણે વ્યપદેશ કરાય છે તથા તે

१. °र्ग्रहणागो° - प्रा.। २. °प्राप्तानामपि - मु (खं. भां.)।

स्व) लक्षणविशिष्टत्वात्, यदेवास्यान्तरङ्गं लक्षणं तदेव स्वरूपं त एव हि तस्य धर्माः सर्वदाऽजहद्वृत्तित्वात् स्वलक्षणम्, परनिमित्तास्तु [1]द्रव्य-क्षेत्र-कालादयोऽपगच्छन्तोऽनुगच्छन्तश्च न स्वलक्षणं, तदनादिपारिणामिकधर्माविष्कृतस्वरूपं वस्त्विन्द्रियादिव्यपदेशाद् भिद्यते, यश्च स्वरूपावस्थितस्य पश्चादिन्द्रियसम्बन्धो नासौ वस्तुनः स्वरूपं भवति, तेन स्पर्शादयो न द्रव्यादर्थान्तरमथ[2]च परनिमित्त एषां भेदो द्रव्याभेदेऽपीति। **एतेन** दार्शन-स्पार्शनमेव च द्रव्यमिति **प्रत्यस्तम्**।

अत्र चात्माङ्गुलप्रमितसातिरेकयोजनलक्षावस्थितं चक्षुः प्रकाशनीयरूपं गृह्णाति प्रकर्षत इति सिद्धान्तः। **एतेन** पुष्करार्धवर्तिपुरुषसातिरेकैकविंशतिलक्षाऽऽप्रमितप्रदेशोत्कृष्टदिवसोदयकाल-

• *હેમગિરા* •

જ દ્રવ્ય રસનેન્દ્રિય દ્વારા બોધના વિષય તરીકે પ્રાપ્ત થયેલું અર્થાત્ તિક્તાદિ તરીકે જીવમાં પરિણામને પામતું 'રસ' એ પ્રમાણે કહેવાય છે. એ જ રીતે ઘ્રાણ આદિ અન્ય ઇન્દ્રિયોની પ્રાપ્તિમાં પણ તે જ દ્રવ્ય 'ગંધ' આદિ રૂપે પણ કહેવા યોગ્ય છે.

## ❊ ઇન્દ્રિયની વિવિધતાની અપેક્ષાએ દ્રવ્યની વિવિધતા ❊

'એક' એવું પણ દ્રવ્ય, (પરનિમિત્ત સ્વરૂપ) ઇન્દ્રિયના વિવિધ પ્રકારોને આશ્રયી સ્પર્શાદિ વિવિધ પ્રકારો દ્વારા ભેદ (= અનેકતા)ને પામે છે. વળી સ્વનિમિત્તને આશ્રયી તો દ્રવ્ય એક જ છે, કેમકે તે પોતાના લક્ષણથી (હંમેશાં) યુક્ત છે. વસ્તુનું જે અંતરંગ લક્ષણ છે તે જ તેનું સ્વરૂપ છે અને જે ધર્મો સ્વરૂપભૂત છે તે જ ધર્મો તેના (= વસ્તુના) સ્વલક્ષણ છે, કેમકે તેઓ વસ્તુની સાથે જ હંમેશાં રહેનારા છે પરંતુ જતાં અને આવતાં (જહત્ વૃત્તિવાળા) એવા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ વગેરે પરનિમિત્તો સ્વલક્ષણ કહેવાતા નથી. તે અનાદિ પારિણામિક ધર્મથી આવિર્ભૂત સ્વરૂપવાળી એવી જે એક વસ્તુ છે તે ઇન્દ્રિય વગેરે (સંબંધ)થી થતાં (સ્પર્શ વગેરે) વિધાન દ્વારા ભેદને પામે છે પણ સ્વરૂપમાં અવસ્થિત વસ્તુને પછીથી થતો જે ઇન્દ્રિયનો સંબંધ છે એ (સંબંધ) વસ્તુનું સ્વરૂપ બનતો નથી, તેથી સ્પર્શાદિ એ દ્રવ્ય = ઘટાદિ થી અર્થાંતર = ભિન્ન નથી. આમ દ્રવ્યથી સ્પર્શાદિ અભિન્ન હોવા છતાં પણ જે આ સ્પર્શાદિનો ભેદ જણાય છે તે પર નિમિત્તક જાણવો અને આમ કહેવા દ્વારા દ્રવ્ય એ ચક્ષુ અને સ્પર્શનેન્દ્રિયનો જ વિષય છે એવી માન્યતાનું ખંડન થયું.

## ❊ ચક્ષુના વિષય ક્ષેત્રની મર્યાદા ❊

અહીં (= ઇન્દ્રિયો દ્વારા વિષયગ્રહણની બાબતમાં) ઉત્કૃષ્ટથી આત્માંગુલથી મપાયેલ સાધિક ૧ લાખ યોજન સુધીમાં અવસ્થિત પ્રકાશનીય (= અભાસ્વર) રૂપને ચક્ષુ ગ્રહણ કરે છે એવો સિદ્ધાંત (= નિયમ) છે. એથી (એ નિયમથી) પુષ્કરાર્ધદ્વીપમાં રહેતા પુરુષ દ્વારા સાતિરેક

१. क्षेत्र - द्रव्य - काला° मु. (रा.)। २. °मथ न पर° मु. (खं. भां.)।

वर्ति सूर्यदर्शननोद्यमपास्तमध्यवसातव्यम्। अप्राप्तकारित्वाच्च योग्यदेशव्यवस्थितमेव रूपमागृह्णाति शरीरदेशस्थम्। अप्राप्तकारिता चास्य मनोवदनुग्रहोपघातशून्यत्वात्, न चास्य हुतभुग्-जल-शूलाद्यालोकनाद् दहन-क्लेदन-पाटनादयो दृश्यन्ते।

आवृताग्रहणात् प्राप्तविषयमिति **चेत्, असदेतत्,** मनोऽपि हि विष-गराद्यावृतं न गृह्णात्यथ चाप्राप्तकारीति ? स्पर्श-रस-गन्धास्तु योजननवकप्रमिताद् देशादागताः प्रकर्षतः स्पर्शनादिभिः शरीरव्यवस्थितैरुपलभ्यन्ते, स्पर्शन-रसन-घ्राणानां प्राप्तकारित्वात्, प्राप्तकारित्वं चोपघातानुग्रहदर्शनादग्निचन्दनादिभिरवगन्तव्यम्।

*હેમગિરા*

૨૧ લાખ યોજન જેટલા દૂર ક્ષેત્રમાં રહેલા અને સહુથી મોટા દિવસ (કર્ક સંક્રાંતિ)ના ઉદયકાળમાં (= સવારના સમયે) રહેલા એવા સૂર્યને જોવાની શંકા ખંડિત થયેલી જાણવી. (કેમકે સાતિરેક ૧ લાખ યોજનથી દૂરની અભાસ્વર વસ્તુનું રૂપ ચક્ષુથી ગ્રાહ્ય ભલે નથી, પણ સૂર્ય વગેરે ભાસ્વર = પ્રકાશક વસ્તુનું રૂપ ગ્રાહ્ય હોય તો તેમાં કોઈ બાધ નથી.) શરીરના દેશમાં રહેલી (નેત્ર ઇન્દ્રિય) અપ્રાપ્તકારી હોવાથી યોગ્ય દેશમાં રહેલા જ રૂપને ગ્રહણ કરે છે. વળી આની (= ચક્ષુની) અપ્રાપ્તકારિતા મનની જેમ જાણવી, કેમકે તે (મનની જેમ) અનુગ્રહ અને ઉપઘાતથી શૂન્ય છે અર્થાત્ આ આંખનું અગ્નિના દર્શનથી દહન, જળના દર્શનથી ભીંજાવું અને ત્રિશૂલાદિના દર્શનથી કપાવું વગેરે દેખાતું નથી.

**પ્રશ્ન :** મીંચાયેલી આંખ વિષયને ગ્રહણ કરતી નથી (પણ ખુલ્લી જ આંખો વિષયને જાણે છે તેથી આંખોને વિષય પ્રાપ્ત થાય તો જ તે ચક્ષુ તે વિષયને ગ્રહણ કરી શકે છે એમ સિદ્ધ થાય છે) તેથી તે પ્રાપ્તકારી છે. (મનની જેમ અપ્રાપ્તકારી નહીં.)

**ઉત્તર :** આ વાત બરોબર નથી, કારણકે વિષ અને ગર = ધીમા ઝેર (અથવા વિષને ગળી જવા) આદિથી આવૃત્ત = શૂન્ય થયેલું મન પણ તે તે વિષયોને જાણી શકતું નથી આમ (આ કારણથી મન શું) અપ્રાપ્તકારી છે ? (ના આ કારણથી મન અપ્રાપ્તકારી નથી ! અનુગ્રહ કે ઉપઘાતને લઈ પ્રાપ્તકારિતા કે અપ્રાપ્તકારિતા સિદ્ધ થાય છે, નહિ કે આવૃત્ત = મિંચાયેલાના અગ્રહણથી કે અનાવૃતના ગ્રહણથી.)

## ❋ સ્પર્શનાદિ ત્રણની વિષય - ક્ષેત્રની મર્યાદા ❋

ઉત્કૃષ્ટથી ૯ યોજન સુધી સીમિત (૯ યોજન દૂર રહેલા) દેશથી આવેલા સ્પર્શ, રસ અને ગંધ શરીરમાં રહેલી સ્પર્શનાદિ ૩ ઇન્દ્રિયો વડે ગ્રહણ કરાય છે, કારણકે સ્પર્શન, રસન અને ઘ્રાણ આ ૩ ઇન્દ્રિયો પ્રાપ્તકારી છે અને ત્રણેમાં અગ્નિ, ચંદનાદિ દ્રવ્યોથી ઉપઘાત અને અનુગ્રહ દેખાતો હોવાથી પ્રાપ્તકારીપણું જાણવું.

शब्दोऽपि स्वपरिणाममजहद् योजनद्वादशकप्रमितात् प्रदेशादागतः श्रोत्रेण प्राप्तकारिणोत्कर्षाद् गृह्यते, स चायाति श्रोत्रदेशमाशु पुद्गलमयत्वे सति सक्रियत्वात्, सक्रियत्वं वायुनोह्यमानत्वाद् धूमस्येव, गृहादिषु तु पिण्डीभवनाद् विशेषतश्च द्वारानुविधानात् तोयवत्, प्रतिघाताच्च नितम्बादिषु वायुवदिति। प्राप्तकारित्वं चानुग्रहोपघातपाटव-बाधिर्यादिदर्शनादस्यावसेयम्। अवरतश्चक्षुरङ्गुलसङ्ख्येयभाग-प्रमितदेशवर्ति रूपं परिच्छिनत्ति, शेषाण्यङ्गुलासङ्ख्येयभागप्रमितप्रदेशादागतं विषयमाददते करणा-नीति॥२/२१॥

यथा चैषां स्पर्शादयोऽर्थास्तैर्ग्रहणादेवमिदमर्हत्प्रणीतं यथास्थितजीवपदार्थख्यापनपरम् प्रयोजना-पेक्षया द्वयनेकद्वादशभेदं श्रुतज्ञानं मनसोऽर्थ इत्याचिख्यासुराह →

• હેમગિરા •

પોતાના પરિણામ (= સ્વસ્વરૂપ)ને નહીં ત્યજતો ઉત્કૃષ્ટથી **૧૨ યોજન** જેટલા દૂર રહેલ પ્રદેશમાંથી આવેલો એવો શબ્દ પણ પ્રાપ્તકારી એવી શ્રોત્રેન્દ્રિય વડે ગ્રહણ કરાય છે અને તે શબ્દ શ્રોત્રેન્દ્રિયના દેશમાં શીઘ્ર આવી જાય છે કારણકે શબ્દ પુદ્ગલમય હોવા સાથે સક્રિય હોય છે.

(શબ્દમાં સક્રિયપણું દષ્ટાંતો દ્વારા દેખાડાય છે → ) **ધૂમની** જેમ વાયુથી વહન કરાતો હોવાથી વળી **પાણીની** જેમ શબ્દ ગૃહ આદિમાં એકઠો થતો હોવાથી (બહાર નીકળી શકતો નથી) અને વિશેષથી દ્વાર = વિવરને અનુસરતો હોવાથી (જેમ પાણી નીકળવાનો રસ્તો શોધે તેમ શબ્દો પણ એને નીકળવાના માર્ગને ગોતે છે) અને **વાયુની** જેમ પર્વતની શ્રેણી આદિઓમાં અથડાતો હોવાથી 'શબ્દ' સક્રિય છે એ સિદ્ધ થાય છે, વળી (શબ્દના શ્રવણથી) શ્રોત્રેન્દ્રિયમાં પટુતા થવી વગેરે અનુગ્રહ અને બહેરાપણું થવા રૂપ ઉપઘાત દેખાતો હોવાથી આ શ્રોત્રેન્દ્રિયનું પ્રાપ્તકારીપણું જાણવું.

## ❋ વિષય ક્ષેત્રની જઘન્ય મર્યાદા ❋

ચક્ષુ જઘન્યથી (પોતાનાથી) અંગુલના સંખ્યાતમાં ભાગ પ્રમાણ દૂર રહેલ જે ક્ષેત્ર છે, તેમાં રહેલા રૂપને જોઈ શકે છે. જ્યારે શેષ ઇન્દ્રિયો અંગુલના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ દૂર પ્રદેશમાંથી આવેલા વિષય (= રસ, ગંધ વગેરે)ને ગ્રહણ કરે છે॥૨/૨૧॥

**૨/૨૨ સૂત્રની અવતરણિકા :** જેમ તે સ્પર્શનાદિ ઇન્દ્રિયો વડે ગ્રહણ થતાં હોવાથી સ્પર્શાદિ એ આ સ્પર્શનાદિ ઇન્દ્રિયોના અર્થો (= વિષયો) કહેવાય છે, એ પ્રમાણે અર્હત્ પ્રણીત (= કથિત), યથાસ્થિત (= વાસ્તવિક) જીવ પદાર્થને કહેવામાં તત્પર, પ્રયોજનની અપેક્ષાએ ૨, અનેક અને ૧૨ ભેદવાળું એવું શ્રુતજ્ઞાન એ મનનો અર્થ = વિષય છે એવું જણાવવાની ઇચ્છાવાળા વાચકશ્રી આગળના ૨/૨૨ સૂત્રને કહે છે.

## सूत्रम् :- श्रुतमनिन्द्रियस्य ॥२/२२॥

● गन्धहस्ति ●

**श्रुतमनिन्द्रियस्य** (इति सूत्रम्)। **श्रुतं** = ज्ञानावरणक्षयोपशमप्रभवं द्रव्यश्रुतानुसारि प्रायो-[1]निजार्थोक्तिसामर्थ्यसङ्गतमात्मनः परिणतिप्रसादरूपं तत्त्वार्थपरिच्छेदात्मकं भावश्रुतं **तदनिन्द्रियस्य** = मनसोऽर्थः, अथवाऽर्थावग्रहसमयात् परतो मतिज्ञानमेव श्रुतज्ञानं भवति तच्च न सर्वेषामिन्द्रियाणामर्थावग्रहात् परतः, किन्तु मनोऽर्थावग्रहादेव परतो मतिः श्रुतीभवति विशेषतस्तु श्रुतग्रन्थानुसारेणेति, द्वयनेक-द्वादशविध विशेषणाद् भावश्रुतविशेषपरिग्रहो न पुनर्भावश्रुतमात्रम्, एकेन्द्रियादीनाम् अनिन्द्रियाभावेऽपि तत्सद्भावात्॥

**ननु** च शब्द एव श्रूयमाणत्वाच्छ्रुतव्यपदेशमवरोत्स्यति, किमन्येनान्तर्वर्तिना [2]गणविधविशेषण क्लेशलभ्येन श्रुतेन परिकल्पितेन कारणान्तरेण च तद्विषयेणेति ?

## સૂત્રાર્થ : અનિન્દ્રિય (= મન)નો અર્થ (= વિષય) શ્રુત છે. ॥૨/૨૨॥

● *હેમગિરા* ●

**'श्रुतमनिन्द्रियस्य'** એ ૨/૨૨ સૂત્ર છે. તેનું વિવચેન કરે છે → શ્રુત = જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ, દ્રવ્યશ્રુતને અનુસરનારું, પ્રાયઃ પોતાના અર્થ (વિષય)ને કહેવાના સામર્થ્યથી યુક્ત, આત્માની પરિણતિમાં ઉપકાર કરનારું તત્ત્વાર્થના બોધ સ્વરૂપ એવું ભાવશ્રુત તે અનિન્દ્રિય = મનનો અર્થ (= વિષય) છે. અથવા બીજી રીતે એમ કહી શકાય કે અર્થાવગ્રહના સમય પછી (ઈહાદિ અવસ્થાવાળું) મતિજ્ઞાન જ શ્રુતજ્ઞાન રૂપે થાય છે, વિશેષ એ છે કે તે (મતિજ્ઞાન) સર્વ ઇન્દ્રિયોના અર્થાવગ્રહ પછી શ્રુતજ્ઞાન રૂપે નથી થતું પણ મનના અર્થાવગ્રહ પછી જ મતિ એ સામાન્યથી (ભાવ) શ્રુત રૂપે થાય છે, એમાંય જ્યારે શ્રુતગ્રંથાનુસારે મનના અર્થાવગ્રહ પછી મતિજ્ઞાન થાય છે ત્યારે તે વિશેષથી ભાવશ્રુત રૂપે થાય છે. પ્રસ્તુત ગ્રંથ (ના ૧/૨૦)માં શ્રુતજ્ઞાનનું '૨, અનેક અને ૧૨ પ્રકાર' એ વિશેષણ હોવાથી વિશિષ્ટ એવું ભાવશ્રુત ગ્રહણ કરવું પણ સામાન્ય એવું ભાવશ્રુત નહીં, કેમકે એકેન્દ્રિય આદિને મનનાં અભાવમાં પણ સામાન્ય ભાવશ્રુતનો સદ્ભાવ હોય છે.

### ❋ શબ્દને દ્રવ્યશ્રુત કહેવાય ❋

**પ્રશ્ન :** (**'श्रूयते तदिति श्रुतम्'** એવી વ્યુત્પત્તિ અનુસાર) શબ્દ જ સંભળાતો હોવાથીશ્રુત તરીકે વિધાનને પ્રાપ્ત કરશે અર્થાત્ શ્રુત તરીકે કહેવાશે, તો પછી જે ('જ્ઞાનાવરણના ક્ષયોપશમથી થયેલું' વગેરે) ઘણાં બધા વિશેષણોની કલ્પના કરવા રૂપ ક્લેશથી સમજાય છે તેવા કલ્પિત અંતર્વર્તિ એવા (ભાવશ્રુત રૂપ) બીજા શ્રુતની અને તે (= ભાવશ્રુત) જેનો વિષય છે એવા (મનરૂપ)

१. °निजार्थोपसङ्ग° मु. (खं. भां.)। २. गणतिथ° - मु (खं. भां.)।

**उच्यते →** श्रुतमिति ज्ञानमत्र प्रस्तुतमात्मनः परिणतिविशेषः शब्दस्तु प्रतिघाताभिभवयुक्तत्वात् मूर्तिमान् रूपाद्यात्मकः श्रोत्रग्रहणलक्षणः स कथं भवितुमर्हति ज्ञानम् ? अयमपि हि जातुचिद् द्रव्यश्रुतव्यपदेशमासादयति भावश्रुतकारणत्वाद् भावश्रुतपूर्वकत्वाद् वा उपचारवशात्, एतच्च प्रथमाध्याये प्रायो निरूपितमिह तु मनसस्तद्विषयत्वेन नियम्यते।

अनिन्द्रियं मनोऽभिधीयते रूपग्रहणादावस्वतन्त्रत्वादसम्पूर्णत्वादनुदरकन्यावत्, इन्द्रियकार्याकरणाद्वाप्यपुत्रव्यपदेशवत्, तच्चाप्राप्तकारि लोचनवत्, तोय-ज्वलनचिन्ताकालेऽनुग्रहोपघातशून्यत्वात्।

तत्र च द्रव्यमनः स्वकायपरिमाणमात्मापि भावमनः, सोऽपि त्वक्पर्यन्तदेशव्यापी, भावमनश्च



અન્ય કારણની કલ્પના કરવાની શી જરૂર છે ? અર્થાત્ 'શબ્દ' એ જ શ્રુત હોવાથી અને તે શ્રોત્રેન્દ્રિયનો વિષય હોવાથી તમારે આ બધી કલ્પના કરવાની કોઈ આવશ્યકતા નથી.

**ઉત્તર :** અહીં પ્રસ્તુતમાં શ્રુત એટલે જ્ઞાન સમજવું. જે આત્માની વિશિષ્ટ પરિણતિ રૂપ છે. વળી પ્રતિઘાત સ્વરૂપ અભિભવ (= પરાભવ)થી યુક્ત હોવાથી મૂર્તિમાન (મૂર્ત) અર્થાત્ રૂપ, રસ, ગંધ, સ્પર્શમય એવો અને શ્રોત્રેન્દ્રિયથી ગ્રહણ થવાના સ્વભાવવાળો એવો તે શબ્દ શી રીતે (અમૂર્ત) જ્ઞાનાત્મક બનવા સમર્થ હોઈ શકે ? આ શબ્દ પણ કયારેક ભાવશ્રુતનું કારણ બનતો હોવાથી અથવા તો ભાવશ્રુતપૂર્વક હોવાથી (= શબ્દને બોલવામાં ભાવશ્રુત એ કારણ હોવાથી) ઉપચારવશાત્ દ્રવ્યશ્રુતના વિધાનને પ્રાપ્ત કરે છે અને આ દ્રવ્ય અને ભાવશ્રુત પ્રથમ અધ્યાયમાં પ્રાયઃ ઘણાં અંશે વર્ણવાઈ ગયો છે. અહીં (= પ્રસ્તુત સૂત્રમાં) તો તે ભાવશ્રુતને મનના વિષય તરીકે કહેવાયો છે.

## ❁ અનુદરી કન્યા જેવું અનિન્દ્રિય મન ❁

જેમ ગર્ભ નહીં ધારણ કરતી પરિણિત સ્ત્રીને અનુદર કન્યા કહેવાય. કેમકે તે ગર્ભના કારણે ફૂલાઈ જતાં ઉદર વિનાની એટલે અસંપૂર્ણ ઉદરવાળી કે ગર્ભધારણ કરવામાં પોતે અસમર્થ એટલે અસ્વતંત્ર ઉદરવાળી છે. તેમ આ મન રૂપાદિને ગ્રહણ કરવામાં અસ્વતંત્ર (= પરાધીન) અને અસંપૂર્ણ હોવાથી (= ઇન્દ્રિયનું લક્ષણ ન ઘટતું હોવાથી) અનિન્દ્રિય કહેવાય છે અથવા તો પોતાને (સ્વકર્તવ્યને) અનુરૂપ પ્રવૃત્તિ ન કરનારો પુત્ર જેમ અપુત્રના વિધાનને પ્રાપ્ત કરે છે, તેમ ઇન્દ્રિયના સાક્ષાત્ રૂપાદિ ગ્રહણ રૂપ કાર્યને ન કરતું હોવાથી પણ મન અનિન્દ્રિય કહેવાય છે. વળી તે મન નયનની જેમ અપ્રાપ્તકારી છે. કારણકે પાણી અને અગ્નિના ચિંતન કરવાના સમયે તેનાથી (= પાણી અને અગ્નિથી) થતાં અનુગ્રહ અને ઉપઘાત મનને હોતા નથી.

(આ મન દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારે છે.) ત્યાં (= મનના બે પ્રકારમાં) દ્રવ્યમન એ સ્વકાયના પરિમાણવાળું છે અને આત્મા એ ભાવમન છે, તે પણ ત્વચા સુધીના દેશમાં

**भाष्यम् :- श्रुतज्ञानं द्विविधम् → अनेकद्वादशविधं नोइन्द्रियस्यार्थः* ॥२/२२॥**

• गन्धहस्ति •

मनुते द्रव्यमनःसमालम्बनद्वारेण यदिन्द्रियपरिणामं तस्य व्यापारानुविधानात् अतस्तस्यैवंरूपस्यानिन्द्रियस्य श्रोत्रप्रणालिकोपात्तशब्दवाच्यविचारिणोऽर्थः श्रुतज्ञानम्, तच्च प्रयोगविशेषसंस्कृतं वर्ण-पद-वाक्य-प्रकरणाध्यायादिभेदं मनोऽन्तरेण न करणान्तरं परिच्छेत्तुमलम्, एतद्धिहिताहितानुभयप्राप्ति-परिहारोपेक्षा-लक्षणपुरुषार्थनिर्वर्तनक्षमत्वात् मनसा वीक्ष्यमाणं, तस्यैवार्थो नेन्द्रियान्तरस्य। यथा धर्मास्तिकायशब्दोच्चारण-समनन्तरमेव पूर्वकृतसङ्केतापेक्षो द्राग् नित्यैकामूर्त-गत्यर्थ-लोकाकाशव्याप्यक्रियार्थं द्रव्यं मनसोपलभ्यते तत् श्रुतमनिन्द्रियस्यार्थ इति स्थितमेतद् भाष्यकारेण च भाष्ये विशिष्टश्रुतपरिग्रहार्थं विशेषण-मुपात्तम् **श्रुतज्ञानमित्यादि**। **श्रुतज्ञान**मित्यात्मपरिणामाख्यानं शब्दव्युदासार्थम्, **द्विविधम्** = अङ्गबाह्य-

**ભાષ્યાર્થ : ક્રમશઃ અનેક અને બાર ભેદવાળા એવા બે ભેદવાળું શ્રુતજ્ઞાન એ નોઈન્દ્રિયનો અર્થ છે.॥૨/૨૨॥**

• *હેમગિરા* •

વ્યાપીને રહેનાર છે. જે વખતે જે ઇન્દ્રિયનો પરિણામ હોય અર્થાત્ જે ઇન્દ્રિય પોતાના વિષયનો બોધ કરવા વ્યાપૃત હોય, તે વ્યાપારને અનુસારે દ્રવ્યમનનું આલંબન લઈને ભાવમન વિચારે છે અર્થાત્ તે વિષયનો બોધ કરે છે. આથી આવા પ્રકારના (= દ્રવ્યમનનું આલંબન લેવા દ્વારા વિચારનારા) અને શ્રોત્રેન્દ્રિયની પ્રણાલિકા = માધ્યમથી પ્રાપ્ત થયેલા શબ્દના વાચ્ય અર્થને વિચારનારા એવા તે મનનો અર્થ (= વિષય) એ શ્રુતજ્ઞાન છે. પ્રયોગવિશેષથી સંસ્કાર પામેલા તેમજ વર્ણ, પદ, વાક્ય, પ્રકરણ, અધ્યાય આદિ પ્રકારવાળા તે શ્રુતજ્ઞાનને મન વિના કોઈ અન્ય કરણ (= ઇન્દ્રિય) જાણવાને સમર્થ નથી, કારણકે મનથી વિચારાતું એવું આ શ્રુતજ્ઞાન આત્માને હિતની પ્રાપ્તિ, અહિતનો પરિહાર અને જેમાં હિત પણ નથી અને અહિત પણ નથી એવા પદાર્થની ઉપેક્ષા કરવા સ્વરૂપ પુરુષાર્થ કરાવવામાં સમર્થ હોય છે. આથી શ્રુતજ્ઞાન તેનો (= મનનો) જ વિષય છે, અન્ય ઇન્દ્રિયોનો નહિ. જેથી 'ધર્માસ્તિકાય' એવા શબ્દના ઉચ્ચારણ બાદ તરત જ પૂર્વકૃત સંકેતની અપેક્ષાવાળો જીવ જલ્દીથી દ્રવ્યાત્મક એવા નિત્ય, એક, અમૂર્ત, ગતિના પ્રયોજનવાળું, લોકાકાશ વ્યાપી, નિષ્ક્રિય (ધર્માસ્તિકાય) પદાર્થને મનથી જાણી લે છે. તેથી એ નક્કી થયું કે શ્રુત તે અનિન્દ્રિય (= મન)નો વિષય છે.

### ❊ બે પ્રકારનું ભાવશ્રુત જ મનનો વિષય છે ❊

ભાષ્યકારશ્રી વડે ભાષ્યમાં વિશિષ્ટ ભાવશ્રુતને ગ્રહણ કરવા માટે **श्रुतज्ञानं** ઇત્યાદિ વિશેષણ ગ્રહણ કરાયું છે. વિશિષ્ટ આત્મ પરિણામ રૂપ ભાવશ્રુતનું ખ્યાપન કરનાર '**श्रुतज्ञान**' એવું પદ શબ્દ રૂપ દ્રવ્યશ્રુતની બાદબાકી કરવા માટે છે. આ શ્રુતજ્ઞાન અંગબાહ્ય અને અંગાંતરગત

१. °तापेक्षो° - मां °तं प्रेक्षो°. प्रा.। ★ જુઓ પરિશિષ્ટ-૬ ટીપ્પણી - ૯

**भाष्यम् :- अत्राह उक्तं भवता पृथिव्यब्वनस्पति-तेजो-वायवो द्वीन्द्रियादयश्च** (अ. २, सू. १३/१४) **नव जीवनिकायाः, पञ्चेन्द्रियाणि** (अ. २, सू. १५) **चेति। तत् किं कस्येन्द्रियमिति ?**

**• गन्धहस्ति •**

मङ्गान्तरगतं च, आद्य**मनेकभेदमावश्यका**दि, इतरदाचारादिद्वादशभेदम्, अनेन श्रुतविशेषाख्यानं न पुनः सर्वमेव श्रुतमनिन्द्रियार्थः। **नोइन्द्रियस्यार्थ** इत्यनेन पर्यायशब्देन नञर्थं स्फुटयति, न खल्वेतदिन्द्रियमिन्द्रियलक्षणानुपपत्तेः, एकदेशस्त्विन्द्रियलक्षणस्य समस्ति। अत एवासम्पूर्णत्वान्नोघटवन्नोइन्द्रियमुच्यत इति॥२/२२॥

उक्तानीन्द्रियाणि सङ्ख्यातः प्रकारतः स्वरूपतो विषयतश्च। अधुना तानि कति कस्य जन्तोर्भवन्तीति निरूपयन्नाह → (वाय्वन्तानामेकमिति सूत्रम्)

तत्र सम्बन्धमेव तावदापादयति सूत्रस्य भाष्यकारः **अत्राहोक्तं भवते**त्यादिना भाष्येण।

अत्रेन्द्रियप्रकरणप्रस्तावे पर आह → प्रतिपादितं **भवता** भू-जल-तरु-हुताशनानिला द्वि-

**ભાષ્યાર્થ : પ્રશ્ન : આપના વડે પૃથ્વી, અપ્, વનસ્પતિ, તેજસ અને વાયુ તથા બેઇન્દ્રિય આદિ એ ૯ જીવનિકાય (જે આ અધ્યાયના ૧૩/૧૪માં સૂત્રમાં જણાવ્યાં છે) તથા (૧૫માં સૂત્રમાં) ૫ ઇન્દ્રિયો જણાવાઈ છે, તો હવે એ જણાવો કે તેમાંથી કયા જીવને કઈ ઇન્દ્રિય છે ?**

**• *હેમગિરા* •**

(= અંગપ્રવિષ્ટ) એમ બે ભેદે છે. (તેમાં) પહેલું (અંગબાહ્ય) આવશ્યકાદિ અનેક ભેદે છે તથા બીજું (= અંગપ્રવિષ્ટ) આચારાંગાદિ ૧૨ ભેદે છે. આવું કહેવા દ્વારા મનના વિષય રૂપે (અંગબાહ્ય અને અંગપ્રવિષ્ટ આદિ) વિશિષ્ટ શ્રુતનું કથન છે, પણ બધું જ શ્રુત (= સામાન્ય શ્રુત) મનનો વિષય નથી.

### ❊ નોઘટ જેવું નો ઇન્દ્રિય મન ❊

ભાષ્યના '**नोइन्द्रियस्यार्थः**' આ પદમાં 'નોઇન્દ્રિય' એમ (અનિન્દ્રિયના = મનના) આ પર્યાયવાચી શબ્દથી **नञ्** (= નકાર)ના અર્થને સ્પષ્ટ કરે છે. તે આ મુજબ → ઇન્દ્રિયનું લક્ષણ મનમાં ઘટતું ન હોવાથી મન એ ઇન્દ્રિય નથી પરંતુ ઇન્દ્રિયના લક્ષણનો એક દેશ તો મનમાં છે. આથી જ ઇન્દ્રિયનું લક્ષણ મનને વિશે અસંપૂર્ણ હોવાથી 'નોઘટ'ની જેમ મનને 'નોઇન્દ્રિય' કહેવાય છે. નોઇન્દ્રિયમાં **नञ्** = નકાર દેશનિષેધવાચક સમજવો સર્વનિષેધ વાચક નહીં. ॥૨/૨૨॥

**૨/૨૩ સૂત્રની અવતરણિકા :** સંખ્યા, પ્રકાર, સ્વરૂપ અને વિષય થકી ઇન્દ્રિયો જણાવાઈ. હવે તે ઇન્દ્રિયો કયા જીવને કેટલી હોય છે એ જણાવતાં **वाय्वन्तानामेकम्** ૨/૨૩ સૂત્રને કહે

सूत्रम् :- वाय्वन्तानामेकम् ॥२/२३॥

भाष्यम् :- अत्रोच्यते → पृथिव्यादीनां वाय्वन्तानां जीवनिकायानामेकमेवेन्द्रियम्,

• गन्धहस्ति •

त्रि-चतुः-पञ्चेन्द्रियाश्च **नव जीवभेदाः, पञ्चेन्द्रियाणि** सङ्ख्यातो निरूपितानि **तत् किं कस्येन्द्रियमिति** स्पर्शनादीनां मध्ये पञ्चानां किमिन्द्रियं स्पर्शनादि कस्य पृथिव्यादेरिति संशयानः प्रश्नयति॥

नन्वनुपपन्न एव संशयः श्रोतुर्यतः प्राङ्निरचायि तेनेदं स्थावर-त्रसविधाने '*पृथिव्यम्बु-वनस्पतयः स्थावराः*' (अ. २, सू. १३) '*तेजो-वायू द्वीन्द्रियादयश्च त्रसाः*' (अ. २, सू. १४), तत्र द्वे एव इन्द्रिये येषां ते द्वीन्द्रियास्ते आदौ येषां ते द्वीन्द्रियादयः द्वि-त्रि-चतुः-पञ्चेन्द्रिया इत्यर्थः, सामर्थ्याच्च पृथिव्यादीनामेकमेवेन्द्रियं भविष्यति वाय्वन्तानामेवं च सिद्धे सूत्रमपि नारब्धव्यमिति।

**उच्यते** → द्वीन्द्रियादीनां सत्यं द्वीन्द्रियादिता निश्चिता द्वित्वादिसामान्यान्न विशेषतः द्वे इन्द्रिये

**સૂત્રાર્થ : વાયુકાય સુધીના જીવોને એક (= પ્રથમ) ઇન્દ્રિય જ હોય છે. ॥૨/૨૩॥**

**ભાષ્યાર્થ : ઉત્તર : પૃથ્વી આદિથી માંડી વાયુ સુધીના જીવસમૂહને એક જ ઇન્દ્રિય હોય છે.**

• *હેમગિરા* •

છે. ત્યાં (૨/૨૩ સૂત્રના વિવરણમાં) સર્વ પ્રથમ સૂત્રના સંબંધને જ ભાષ્યકારશ્રી '**अत्राहोक्तं भवता ...**' ઇત્યાદિ ભાષ્ય વડે જણાવે છે.

**પ્રશ્ન :** અહીં ઇન્દ્રિય પ્રકરણના પ્રસ્તાવ અંગે બીજા કોઈ કહે છે કે આપે ૨/૧૩-૧૪ સૂત્રમાં કહ્યું છે કે - 'પૃથ્વી, પાણી, વનસ્પતિ, અગ્નિ અને વાયુ તેમજ બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય' એમ જીવના ૯ ભેદો છે તથા 'ઇન્દ્રિય ૫ છે' એ પ્રમાણે ઇન્દ્રિય સંખ્યાથી ૨/૧૫ સૂત્રમાં નિરૂપણ કરાઈ છે. તો હવે એ જણાવો કે તેમાંથી કયા જીવને કઈ ઇન્દ્રિય હોય છે એટલે સ્પર્શનાદિ ૫ ઇન્દ્રિયોની મધ્યમાં સ્પર્શનાદિ કઈ ઇન્દ્રિય પૃથ્વી આદિ કયા જીવને હોય છે ? આ પ્રમાણે સંશય કરનાર શ્રોતા પ્રશ્ન કરે છે.

**શંકા →** આ ઉપરોકત પ્રશ્ન વિશે કોઈ શંકા ઉઠાવતાં કહે છે કે શ્રોતાનો સંશય અનુપપન્ન જ છે (જેથી કે તે સંશયના નિવારણાર્થ આ સૂત્ર કહેવું પડે). કારણકે પૂર્વે ત્રસ અને સ્થાવરના વિધાનમાં તે સૂત્રકાર શ્રીએ આ પ્રમાણે સૂત્ર રચના કરી હતી કે - 'પૃથ્વી, પાણી, વનસ્પતિ એ સ્થાવર છે' (૨/૨૩) તેમજ 'તેજસ, વાયુ અને બેઇન્દ્રિય આદિ ત્રસ છે' (૨/૧૪). ત્યાં (= ૨/૧૪ સૂત્રમાં) '**द्वीन्द्रियादयः**' પદ દ્વારા આ અર્થ પ્રાપ્ત થાય છે કે - બે જ ઇન્દ્રિયો છે જેઓને તે બેઇન્દ્રિય જીવો અને તે આદિમાં છે જેઓની તે બેઇન્દ્રિય આદિ, અર્થાત્ 'બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય જીવો' આ અર્થના સામર્થ્યથી એ જણાઈ જ આવે છે કે પૃથ્વીકાયથી (માંડીને) વાયુકાય સુધીના જીવોને એક જ ઇન્દ્રિય હશે અને આ રીતે ઉપરોકત અર્થ સિદ્ધ હોતે છતે આ (પ્રસ્તુત) સૂત્ર પણ આરંભ કરવા યોગ્ય નથી.

**भाष्यम् :- सूत्रक्रमप्रामाण्यात् प्रथमं स्पर्शनमेवेत्यर्थः ॥२/२३॥**

**गन्धहस्ति**

येषामिति, के पुनस्ते द्वे इति न निश्चिनुमः। एवं त्रीन्द्रियादिष्वपि योज्यम्, तथा सामर्थ्यादिलाद्य-निलान्तानामेकं [1]कतमदिन्द्रियं भवतु किं न निर्दिश्यते अतस्तदवस्थः संशयस्तस्मादुपपन्नः प्रश्नः सूत्रारम्भश्चेति। अपि च नोदनाऽनवकाशैव, यतः **किमिन्द्रियं कस्य** जीवस्य [2]विशेष्याभिहितम्।

**पृथिव्यादीना**मित्यादि भाष्यम्। **वाय्वन्तानामित्युक्ते** न ज्ञायते किमादीनामेकं भवत्यतः सामर्थ्यलभ्यपृथिवीग्रहणमकरोद् भाष्यकारः, ततः परमपरस्य जीवनिकायस्यासम्भवादिति। अथैवमाशङ्केत परतो मा भूत् सम्भव, आरात् किं न सम्भवति वाय्वन्तानां वनस्पत्यादीनामबादीनां वा भवत्वेकमिति।

**ભાષ્યાર્થ : સૂત્ર (૨૦માં સૂત્ર)નો ક્રમ પ્રમાણ હોવાથી 'एकम्' પદથી પ્રથમ સ્પર્શન ઇન્દ્રિય જ જાણવી. ॥૨/૨૩॥**

*હેમગિરા*

**સમાધાન :** વાત સાચી છે કે બે ઇન્દ્રિયો છે જેઓને તે બેઇન્દ્રિય એમ સામાન્યથી દ્વિત્વ આદિ (= બે આદિ સંખ્યા)ની સમાનતાથી બેઇન્દ્રિય આદિ જીવોનું બેઈન્દ્રિયાદિપણું નિશ્ચિત કરાયું હતું, પણ જેઓને બેઇન્દ્રિય છે તેઓની બેઇન્દ્રિય વિશેષ થકી જણાઈ નથી અર્થાત્ તે બે ઇન્દ્રિયો કઈ છે એમ અમે નિશ્ચય કર્યો નથી. એવી જ રીતે તેઇન્દ્રિયાદિ જીવોને વિષે પણ સમજવું. (વિશેષથી તે ત્રણ ઇન્દ્રિય કઈ છે એમ અમે નિશ્ચય કર્યો નથી. એમ પંચેન્દ્રિય સુધી જાણવું.) તથા પૃથ્વીકાયથી માંડી વાયુકાય સુધીના જીવોને સામર્થ્યથી પ્રાપ્ત થયેલી એક ઇન્દ્રિય પણ કેટલામી અર્થાત્ પાંચમાંથી કઈ ઇન્દ્રિય હોય છે એ નિર્દેશ કરાયો નથી આથી પ્રસ્તુત સંશય ઊભો જ છે અને તેથી કરાયેલ પ્રશ્ન તથા (તેને અનુરૂપ ઉત્તર રૂપ) સૂત્રનો આરંભ યુક્ત છે.

વળી બીજી વાત એ પણ છે કે પ્રસ્તુત પ્રશ્નમાં ઉક્ત શંકાને સ્થાન જ નથી કેમકે પ્રસ્તુત ૨/૨૩ સૂત્રની અવતરણિકા રૂપ ભાષ્યમાં '**કઈ / કેટલામી ઇન્દ્રિય કયા જીવને હોય છે**' એમ વિશેષિત કરીને પ્રશ્ન કરાયો છે (પણ કેટલી ઇન્દ્રિય કયા જીવને હોય છે એમ પ્રશ્ન કરાયો જ નથી.)

'**पृथिव्यादीनाम्** ...' 'વાયુ સુધીના જીવોને એક ઇન્દ્રિય છે' એમ સૂત્રમાં કહેવાયે છતે પણ જણાતું નથી કે કયા જીવથી માંડીને વાયુ સુધીના જીવોને એક ઇન્દ્રિય હોય છે, આથી સામર્થ્યથી પ્રાપ્ત થયેલ પૃથ્વીનું ગ્રહણ અહીં ભાષ્યકારશ્રીએ કર્યું છે, અને પૃથ્વીકાય ગ્રહણ કરવાનું કારણ પણ એ છે કે – તે પૃથ્વીકાયથી પૂર્વે અન્ય (કોઈ) જીવનિકાયનો સંભવ નથી.

**પ્રશ્ન :** હવે આ મુજબ કોઈને આશંકા થાય કે પૃથ્વીકાયથી પૂર્વે ભલે કોઈ જીવનિકાય ન સંભવે પણ એની પછી કેમ સંભવે નહીં ? અર્થાત્ એની પછી તો વાયુકાય સુધીમાં વનસ્પતિકાય કે અપ્કાય તો સંભવે જ છે, તો પછી વનસ્પતિકાયના કે અપ્કાયના જીવોથી માંડીને વાયુકાય

१. कतममिन्द्रियं मु. खं. (भां.)। २. विशेषोऽभि॰ सं.।

**सूत्रम् :- कृमि-पिपीलिका-भ्रमर-मनुष्यादीनामेकैकवृद्धानि ॥२/२४॥**

**गन्धहस्ति**

एवं व्याचक्षणेन[1] शेषजीवभेदपरित्यागे प्रयोजनं वक्तव्यमतो निष्फलत्वान्नैवमभिसम्बद्धुं शक्यम्।

**जीवनिकायानामि**त्यचेतनपृथिव्यादिव्युदासः, जीवनिकायानां = जीवसङ्घातानामे**कमेवेन्द्रियं** भवति न द्वयादीनि न विनिश्चितमेकं स्पर्शनादीनां मध्ये कतमदित्यत आह → **सूत्रक्रमप्रामाण्यात् प्रथमं स्पर्शनमेवेत्यर्थः** (इति भाष्यम्)। इन्द्रियनामनिर्देशसूत्रक्रमं प्रमाणीकृत्येकं प्रथममवसेयम्, पुनस्तदेव विशिनष्टि नामतः→ **स्पर्शनमेवेति**। न चाप्रसिद्ध एकशब्दः प्रथमार्थे, 'एको गोत्रे' इत्यादिदर्शनादिति॥२/२३॥

उक्तः क्षित्युदक-तरु-ज्वलन-पवनानामिन्द्रियनियमः सम्प्रति द्वीन्द्रियादीनामुच्यते इत्याह-

**સૂત્રાર્થ : કૃમિ, કીડી, ભમર અને મનુષ્યાદિને (ક્રમશઃ) એક એક ઇન્દ્રિયથી વૃદ્ધિ પામેલી ઇન્દ્રિયો જાણવી.** ॥२/२४॥

*હેમગિરા*

સુધીના જીવોને એક ઇન્દ્રિય થાઓ આ પ્રમાણે તો કહી શકાય છે, તો પછી પૃથ્વીકાયના જીવોને ગ્રહણ કરવાની શું જરૂર છે ?

**ઉત્તર :** તમે કહ્યું એ મુજબ વ્યાખ્યાન કરવા દ્વારા (પૃથ્વીકાયને છોડીને વનસ્પતિ કાયાદિનું જો ગ્રહણ કરાય તો તેઓની પૂર્વે રહેલ) શેષ પૃથ્વીકાયાદિ જીવના ભેદોના પરિત્યાગમાં પ્રયોજન કહેવું પડે (જે છે જ નહીં). આમ નિષ્પ્રયોજન હોવાથી પૃથ્વીકાયાદિનો ત્યાગ કરીને સૂત્ર રચના કરવી શક્ય નથી (પણ સામર્થ્યથી પ્રથમ તરીકે પૃથ્વીકાયનું જે ભાષ્યમાં ગ્રહણ કર્યું છે તે જ બરોબર છે).

ભાષ્યમાં '**जीवनिकाय...**' એમ કહી અચેતન પૃથ્વી આદિની બાદબાકી કરી છે. જીવનિકાયને એટલે પૃથ્વીથી વાયુ સુધીના જીવોના સમૂહને એક જ ઇન્દ્રિય હોય છે. બે આદિ ઇન્દ્રિયો નહિ. આ પ્રમાણે વાયુકાય સુધીના જીવોને એક ઇન્દ્રિય હોય છે તે નિશ્ચય કરાયું પણ સ્પર્શનાદિની મધ્યમાં કઈ એક ઇન્દ્રિય ગ્રહણ કરવી તે નિશ્ચય થયો નથી, આથી (તેના ઉત્તરમાં ભાષ્યકારશ્રી) '**सूत्रक्रम...**' ઇત્યાદિ ભાષ્યને કહે છે. ઇન્દ્રિયના નામના નિર્દેશક સૂત્ર (૨૦)માં જણાવેલ ક્રમને પ્રમાણ તરીકે ગણી અહીં એક (ઇન્દ્રિય) એ પ્રથમ ઇન્દ્રિય જાણવા યોગ્ય છે. તે 'પ્રથમ'ને જ નામથી વિશેષિત કરતાં કહે છે '**स्पर्शनमेव**' અર્થાત્ પ્રથમ તરીકે સ્પર્શન ઇન્દ્રિયનું જ ગ્રહણ કરવું. 'એક' શબ્દ 'પ્રથમ'ના અર્થમાં અપ્રસિદ્ધ નથી, કેમકે '**एको गोत्रे**' -: તે ગોત્રમાં પ્રથમ છે અર્થાત્ પ્રથમ ક્રમે છે ઇત્યાદિ પ્રયોગ લોક વ્યવહારમાં/વ્યાકરણમાં દેખાય છે. ॥२/२३॥

१. °णेन दोषः जीवभेद° - सं.।

**भाष्यम् :- कृम्यादीनां पिपीलिकादीनां भ्रमरादीनां मनुष्यादीनां च यथासङ्ख्यमेकैक-वृद्धानीन्द्रियाणि भवन्ति यथाक्रमम्।**

**तद्यथा → कृम्यादीनां [1]अपादिक-नूपुरक-गण्डूपद-शङ्ख-शुक्तिका-शम्बूका-[2]जलूका-प्रभृतीनामेकेन्द्रियेभ्यः पृथिव्यादिभ्य एकेन वृद्धे स्पर्शन-रसनेन्द्रिये भवतः।**

● गन्धहस्ति ●

**कृमि-पिपीलिकादि** सूत्रम्। अयमादिशब्दः प्रत्येकमभिसम्बध्यते कृम्यादिषु, न समुदाय इति भाष्येण दर्शयति **कृम्यादीनामि**त्यादिना गतार्थमेतत्। **यथासङ्ख्यमेकैकवृद्धानीन्द्रियाणि भवन्ति** (इति भाष्यम्)। सूत्रे **त्वेकैकवृद्धानीत्युक्तं**, तत्र न ज्ञायते प्रथममेकेन कतमेन वृद्धमिति सन्देहव्यवच्छेदार्थमाह → **यथासङ्ख्यम्**, येन क्रमेणोपन्यस्तानि तमेवोररीकृत्यैकैकेन वृद्धानि भवन्ति, न क्रमोल्लङ्घनेन। एतदेव पुनः स्पष्टयति → **यथाक्रमं** = यथानुपूर्वी, **तद्यथे**त्यनेन तामानुपूर्वीमादर्शयितुमुप-

**ભાષ્યાર્થ : કૃમિ આદિ, કીડી આદિ, ભમર આદિ અને મનુષ્યાદિને યથાસંખ્ય એક એક ઇન્દ્રિય વડે યથાક્રમે વૃદ્ધિ પામેલી ઇન્દ્રિયો હોય છે, તે આ મુજબ :- કૃમિ આદિ એટલે અપાદિક, નૂપુરક, ગણ્ડૂપદ, અળસિયા, શંખ, છીપ, શંબૂકા, જલૌકા આદિ જીવોને, પૃથ્વી આદિ એકેન્દ્રિય જીવો કરતાં અધિક = વધેલી એક રસન ઇન્દ્રિય હોય છે એટલે સ્પર્શન અને રસન એમ બે ઇન્દ્રિયો હોય છે.**

● *હેમગિરા* ●

**૨/૨૪ સૂત્રની અવતરણિકા :** પૃથ્વી, પાણી, વનસ્પતિ, અગ્નિ તથા વાયુની ઇન્દ્રિયનો નિયમ કહેવાયો. અર્થાત્ પૃથ્વી આદિને સ્પર્શન ઇન્દ્રિય એક જ હોય એમ કહેવાયું. હમણાં બેઇન્દ્રિય આદિ જીવોની ઇન્દ્રિયનો નિયમ કહેવાય છે. આથી માટે ૨/૨૪ સૂત્રને વાચકવર્યશ્રી કહે છે.

'**कृमि-पिपीलिकादि**' આ ૨/૨૪ સૂત્ર છે. તેમાં **कृमि..... मनुष्यादीनां** પદમાં રહેલ આ '**आदि**' શબ્દ કૃમિ વગેરે પ્રત્યેકને વિશે જોડાય છે પણ સમુદાયમાં નહીં, એ પ્રમાણે '**कृम्यादीनां**' ઇત્યાદિ ભાષ્યથી દર્શાવે છે, એનો અર્થ સ્પષ્ટ છે. '**यथासङ्ख्य.....**' સૂત્રમાં ''એક - એક ઇન્દ્રિયથી વૃદ્ધિ પામેલી ઇન્દ્રિયો હોય છે'' આ પ્રમાણે કહેવાયું છે. ત્યાં એ જણાતું નથી કે પાંચમાંથી કઈ એક (ઇન્દ્રિય)થી પ્રથમ (= સ્પર્શન) ઇન્દ્રિય વૃદ્ધિ પામેલી છે. આ સંશયને દૂર કરવા માટે ''**यथासङ्ख्यम्**' પદને કહે છે. ભાવાર્થ આ મુજબ છે કે જે ક્રમથી ઇન્દ્રિયો (પૂર્વ સૂત્રમાં) ઉપન્યાસ કરાઈ હતી તે જ ક્રમને સ્વીકારીને એક એક ઈન્દ્રિયથી વૃદ્ધિ પામેલી ઈન્દ્રિયો હોય છે, નહીં કે ઉક્ત ક્રમને ઓળંઘીને. આ હકીકતને જ ફરીથી ભાષ્યમાં '**યથાક્રમ**' શબ્દ દ્વારા સ્પષ્ટ કરે છે → યથાક્રમ એટલે આનુપૂર્વીને ઓળંગ્યા વગર(વૃદ્ધિ જાણવી),

१. अपादिका (लु.)। २. °जलौका° - ग, पा।

**भाष्यम् :- ततोऽप्येकेन वृद्धानि पिपीलिका-रोहिणिका-उपचिका-[1]कुन्थु-तुंबुरुक-त्रपुस-बीज[2]-कर्पासास्थिका-*शतपद्युत्पतक-तृणपत्र-काष्ठहारक-प्रभृतीनां त्रीणि स्पर्शन-रसन-घ्राणानि। ततोऽप्येकेन वृद्धानि भ्रमर-वटर-सारङ्ग-मक्षिका-पुत्तिका-दंश-मशक-वृश्चिक* - [3]नन्द्यावर्त्त-कीट-पतङ्गादीनां चत्वारि स्पर्शन- रसन-घ्राण-चक्षूंषि।**

● गन्धहस्ति ●

क्रमते **कृम्यादीनां** = कृमिप्रकाराणाम्, आदिशब्दस्य प्रकारार्थत्वात्। अपादिकादयः प्रायः प्रसिद्धाः, एषाम् **एकेन वृद्धे स्पर्शन-रसने भवतः**, पृथिव्यादिभ्यः सकाशादेकेनेन्द्रियेण (रसनेन) वृद्धे सति स्पर्शने द्वे स्पर्शन-रसने भवतः, अन्यथा यद्येकेन वृद्धे स्पर्शन-रसने सम्बध्येते ततस्त्रीणि प्राप्नुवन्ति, **ततोऽप्येकेन** [4]**वृद्धानीत्यादिभाष्यम्**। **ततोऽपि** = द्वीन्द्रियेभ्यः **पिपीलिकादीना**मेकेन घ्राणेन सहिते

**ભાષ્યાર્થ :- કીડી, રોહિણિકા, ઉપચિકા, કુંથુ, તુંબુરુક, ત્રપુસ, બીજ, કર્પાસાસ્થિકા, શતપદિ, ઉત્પતક, તૃણપત્ર, કાષ્ઠહારક આદિ તેઈન્દ્રિય જીવોને તે બેઈન્દ્રિય જીવો કરતાં પણ અધિક = વધેલી એક ઘ્રાણ ઈન્દ્રિય હોય છે એટલે સ્પર્શન, રસન અને ઘ્રાણ એમ ૩ ઈન્દ્રિયો હોય છે. ભ્રમર, વટર, સારંગ, માખી, પુત્તિકા, વીંછી, ડાંસ, મચ્છર, નંદ્યાવર્ત, કીટ, પતંગિયું આદિ જીવોને તે તેઈન્દ્રિય જીવ કરતાં પણ અધિક = વધેલી એક ચક્ષુ ઈન્દ્રિય હોય છે એટલે સ્પર્શન, રસન, ઘ્રાણ અને ચક્ષુ એમ ૪ ઈન્દ્રિયો હોય છે.**

● *હેમગિરા* ●

'**तद्यथा**' આ પદ દ્વારા તે આનુપૂર્વી (= પરિપાટી)ને જણાવવા માટે પ્રારંભ કરે છે. →

## ❊ બેઈન્દ્રિય વગેરે જીવોના દાખલા ❊

કૃમિ આદિ એટલે 'કૃમિ અને તેવા પ્રકારના બીજા' એવો અર્થ કરવો કેમકે (અહીં જણાવેલ) '**आदि**' શબ્દ પ્રકારના અર્થમાં છે. અપાદિક આદિ જીવો પ્રાયઃ (લોકમાં) પ્રસિદ્ધ છે. આમ આઓને (= કૃમિ વગેરેને) એક વડે વધેલી સ્પર્શન હોતે છતે સ્પર્શન અને રસન હોય છે અર્થાત્ આ કૃમિ આદિ જીવોને પૃથ્વી આદિ જીવો કરતાં એક (રસન) ઇન્દ્રિય વડે વધેલી સ્પર્શન હોતે છતે સ્પર્શન અને રસન એમ બે ઇન્દ્રિયો હોય છે. અન્યથા (= **एकेन वृद्धे 'सति' स्पर्शने** એવો '**सति**'નો અધ્યાહાર કરી સતિ સપ્તમીનો અર્થ ન સ્વીકારાય પણ) જો 'એક ઇન્દ્રિય વડે વધેલી સ્પર્શન-રસન' એમ (**वृद्धे** પદને પ્રથમા દ્વિવચન કરી **स्पर्शन-रसने** પદ સાથે) સંબંધ કરાય છે તો (બેઇન્દ્રિય જીવોને) ત્રણ ઇન્દ્રિયો પ્રાપ્ત થાય છે, જે ઇષ્ટ નથી. (આવી અનિષ્ટની પ્રાપ્તિ ન થાઓ માટે ઉપરોક્ત અધ્યાહાર કરી યોગ્ય અર્થ કરવો.)

**ततोऽप्येकेन** ..... → ઇત્યાદિ. તે બેઇન્દ્રિય જીવો કરતાં પણ કીડી આદિ જીવોને એક ઘ્રાણ

१. °कुन्थुचछुरक° प्रा.। २. °बीजककपा° प्रा.। ३. °नद्यावर्त° प्रा.। * જુઓ પરિશિષ્ટ-૬ ટીપ્પણી - ૧૦,૧૧
४. वृद्धादीनि°. प्रा. वृद्धजात्यादिभाषितेनापि - मु (खं. भां.)।

**भाष्यम् :- शेषाणां च तिर्यग्योनिजानां मत्स्योरग-भुजङ्ग-पक्षि-चतुष्पदानां सर्वेषां च नारक-मनुष्य-देवानां पञ्चेन्द्रियाणीति॥२/२४॥**

**• गन्धहस्ति •**

स्पर्शन-रसने त्रीणि सन्ति, ततो वृद्धानि भवन्ति इति। **ततोऽप्येकेन वृद्धानि भ्रमरादीनां** सुज्ञानम्।

[1]**शेषाणां च तिर्यग्योनिजानामिति** एकेन्द्रियादितिर्यग्योनिजापेक्षया शेषग्रहणम्। एतद्व्यतिरिक्ताः शेषास्तिर्यग्योनयस्तान् विस्तरतो मत्स्यादीन् दर्शयति। **सर्वेषां च नारक-मनुष्य-देवानां पञ्चेन्द्रियाणि**, अतिर्यग्योनित्वात् पृथगुपादानं नारकादीनाम्।

**किं पुनरत्र** मनुष्यादीनामित्यभिधाय सूत्रे नारक-मनुष्य-देवानामिति [2]विवृतं तथा शेषाणां च तिर्यग्योनिजानामिति, न यथा कृम्यादिषु प्रदीर्घैकदण्डकपाठस्तथेह ?

**उच्यते** → कृम्यादिष्वेकजातीया एव सर्वे दण्डकेन निर्दिष्टा इति युक्तम्, इह पुनस्तिर्यग्योनयोऽ-

**ભાષ્યાર્થ :- વળી શેષ તિર્યંચયોનિમાં ઉત્પન્ન થયેલા મત્સ્ય (= જલચર), ઉરગ (= ઉરપરિસર્પ સ્થલચર), ભુજંગ (= ભુજપરિસર્પ સ્થલચર), પક્ષી (= ખેચર) અને ચતુષ્પદો (= ચતુષ્પદ સ્થલચરો)ને તેમજ સર્વે નારક, મનુષ્ય અને દેવોને પાંચ ઇન્દ્રિયો હોય છે.॥૨/૨૪॥**

**• હેમગિરા •**

ઇન્દ્રિય સહિત સ્પર્શન અને રસન હોતે છતે ૩ ઇન્દ્રિય હોય છે. તેથી બેઇન્દ્રિય જીવો કરતાં વધેલી ઇન્દ્રિયો (તેઇન્દ્રિય જીવોને) હોય છે. '**ततोऽप्येकेन वृद्धानि भ्रमरादीनां**' ઇત્યાદિ ભાષ્ય સુગમ જ છે. હવે **शेषाणां** ..... ઇત્યાદિ પદોને સ્પષ્ટ કરે છે. **शेषाणां** વગેરે ભાષ્યમાં 'શેષ' પદનું ગ્રહણ એકેન્દ્રિય આદિ તિર્યગ્યોનિજની અપેક્ષાએ છે. ભાવાર્થ આ પ્રમાણે કે → એકેન્દ્રિય, વિકલેન્દ્રિયથી અન્ય એવા શેષ જે મત્સ્ય આદિ પંચેન્દ્રિય તિર્યગ્યોનિજ જીવો છે તે મત્સ્ય આદિ જીવોને '**मत्स्योरग...**' ઇત્યાદિ ભાષ્ય દ્વારા દર્શાવે છે. મત્સ્ય આદિ પાંચ પ્રકારના તિર્યંચોને તેમજ સર્વે નારક, મનુષ્ય, દેવોને પાંચ ઇન્દ્રિય હોય છે. અહીં નારક આદિ ૩નું (તિર્યંચો કરતાં) જુદું વિધાન કર્યું છે, કેમકે આ ત્રણે તિર્યગ્યોનિજ રૂપ નથી.

**પ્રશ્ન :** સૂત્રમાં '**मनुष्यादीनां**' એ પ્રમાણે કહીને અહીં (ભાષ્યમાં) '**नारक-मनुष्य-देवानाम्**' તથા '**शेषाणां च तिर्यग्योनिजानाम्**' એમ અલગ-અલગ વ્યાખ્યા કરાઈ પણ જેવી રીતે સૂત્રગત કૃમ્યાદિ, પિપીલિકાદિ અને ભ્રમરાદિ શબ્દોના વિવરણમાં લાંબો એવો એક દંડક કહેવાયો તે રીતે અહીં (= મનુષ્યાદિ શબ્દને વિશે) કેમ નથી કહેવાયું ?

**ઉત્તર :** કૃમ્યાદિ વગેરે શબ્દોના વિવરણમાં એક સમાન (બેઇન્દ્રિયાદિ તિર્યંચ) જાતિવાળા જ બધા જીવો ('**कृम्यादीनां** .....' એવા) દંડક સૂત્ર વડે નિર્દેશ કરાયા હતા માટે તે યુકત છે.

१. विशेषाणां रा.। २. विवृतं शेषा° मु. (खं. भां.)।

वश्यं पृथग् निर्देश्याः[1] भिन्नजातीयत्वान्नारकादिभ्यः, तथा नारकादयोऽपि भिन्नगतिवर्तित्वात् भेदेनैवोपात्ताः।

**एवं तर्हि** मनुष्य-नारक-देवानामिति किं नोक्तमादौ मनुष्योपन्यासात्[2] ?

**उच्यते →** लोकक्रमसन्निवेशमाचार्येणाधाय चेतसि नारक-मनुष्य-देवानामित्युक्तम्। अथवा विवरणग्रन्थो यथेष्टमारभ्यत इति नातिदोषाय। **अपरे**ऽतिविसंस्थुलमिदमालोक्य भाष्यं विषण्णाः सन्तः सूत्रे मनुष्यादिग्रहणमनार्षमिति सञ्जिरन्ते, गौरवहेतुत्वात्, विनापि किल मनुष्यादिग्रहणेन चत्वार्येकेन वृद्धानि येषां ते सामर्थ्यान्मनुष्यादयो भविष्यन्ति, **तदेतदयुक्तप्रायं** लक्ष्यते, अविगानेनैवंविधसूत्राध्ययनात्, सामर्थ्यलाभे वा भ्रमरादिग्रहणमपि न कर्तव्यम्, त्रीण्येकेन वृद्धानि स्पर्शन-रसन-घ्राण-चक्षूंषि

• *હેમગિરા* •

પણ અહીં (= મનુષ્યાદિ શબ્દના વિવરણમાં) તો તિર્યંચયોનિવાળા જીવો નારક આદિથી ભિન્ન (તિર્યંચ) જાતિવાળા હોવાથી અવશ્ય અલગ નિર્દેશ કરવા યોગ્ય છે. તેમજ નારકાદિ પણ (= મનુષ્ય, દેવ અને નારક એમ ૩ પણ) ભિન્નગતિમાં રહેલા હોવાથી જુદા જ કહેવાયા છે.

## ❊ ભાષ્યમાં નરકના પ્રથમ ઉપન્યાસનું કારણ ❊

**શંકા :** આમ મનુષ્ય વગેરે ૩ જીવોનો જો અલગ-અલગ નિર્દેશ કરવાનો હોય તો '**मनुष्य-नारक-देवानाम्**' એ પ્રમાણે કેમ કહેવાયું નહીં ? કારણકે સૂત્રમાં તો શરૂઆતમાં 'મનુષ્ય'નું ગ્રહણ કર્યું છે.

**સમાધાન :** લોકની રચનાના ક્રમને મનમાં રાખી આચાર્યશ્રી વડે '**नारक-मनुष्य-देवानाम्**' એ પ્રમાણે (ભાષ્યમાં) કહેવાયું છે અથવા વિવરણ સ્વરૂપ ગ્રંથ સ્વતંત્ર રીતે (= જે અવસરે જે રીતે યોગ્ય જણાય તે રીતે) કર્તા આરંભી શકે છે, આથી (સૂત્ર કરતાં ભિન્ન ક્રમે કરેલ ભાષ્ય) મોટા દોષ માટે થતું નથી.

**શંકા :** વધુ વિસ્તારવાળા આ ભાષ્યને જોઈ વિષાદવાળા બીજા કેટલાક તો 'સૂત્રમાં '**मनुष्यादि**' પદનું ગ્રહણ અનાર્ષ = અર્વાચીન = પાછળથી કોઈ બીજાએ ઉમેરેલ છે', આ પ્રમાણે કહે છે, કેમકે તે ગૌરવનું કારણ છે અર્થાત્ '**मनुष्यादि**' પદનો ઉલ્લેખ કર્યા વિના પણ સામર્થ્યથી જ એક (શ્રોત્ર) ઇન્દ્રિયથી અધિક ૪ ઇન્દ્રિય (સ્પર્શન, રસન, ઘ્રાણ અને ચક્ષુ) વાળા (= પંચેન્દ્રિય) જીવો તરીકે તે મનુષ્ય વગેરે જ પ્રાપ્ત થશે. (આથી **मनुष्यादि** પદ લખવાની કોઈ આવશ્યકતા નથી અને આથી જ અનાર્ષ છે !)

**ઉત્તર :** આ વાત અયુકત પ્રાયઃ જણાય છે કેમકે કોઈ પણ વિવાદ વિના આ રીતના (અમે કહેલા) સૂત્રનું અધ્યયન (= પઠન-પાઠન) થાય છે અથવા (બીજી રીતે ઉત્તર આ છે કે) તમારા કથન પ્રમાણે જો સામર્થ્યથી જ પંચેન્દ્રિય જીવ તરીકે મનુષ્ય વગેરે જીવોનું ગ્રહણ થતું

१. निवेश्याः मु. प्रा. (खं. भां.)। २. °पन्यसनात् - ग।

**भाष्यम् :- अत्राह→ उक्तं भवता → द्विविधा जीवाः समनस्का अमनस्काश्चेति। तत्र के समनस्का इति ? अत्रोच्यते ।।**

**• गन्धहस्ति •**

भ्रमरादीनामेवेति।

इदमन्तरालमुपजीव्यापरे वातकिनः स्वयमुपरभ्य सूत्रमधीयते → **'अतीन्द्रियाः केवलिनः'** येषां मनुष्यादीनां ग्रहणमस्ति सूत्रेऽनन्तरे[1] त एवमाहुः → मनुष्यग्रहणात् केवलिनोऽपि पञ्चेन्द्रियत्वप्रसक्तिः[2] अतस्तदपवादार्थमतीत्येन्द्रियाणि केवलिनो वर्तन्त इत्याख्येयम्।

**तदेतद् वार्तम्,** भगवतो द्रव्येन्द्रियसद्भावात्, भावेन्द्रियाभावश्चात्यन्तिको मत्यादिचतुष्टय-

**ભાષ્યાર્થ : પ્રશ્ન : આપના વડે (સંસારી) જીવો સમનસ્ક અને અમનસ્ક એમ બે પ્રકારે કહેવાયા હતા. ત્યાં (= બે પ્રકારમાં) સમનસ્ક જીવો કયા છે તે કહો ?**

**ઉત્તર : આ પ્રશ્નને વિશે ૨/૨૫ સૂત્ર કહેવાય છે.**

**• હેમગિરા •**

હોવાથી **मनुष्यादि** પદ લખવાની કોઈ આવશ્યકતા નથી, તો **भ्रमरादि** પદને લખવાની પણ કોઈ આવશ્યકતા નથી કેમકે એક (ચક્ષુ) ઇન્દ્રિયથી અધિક = વધેલી એવી ૩ (સ્પર્શન, રસન અને ઘ્રાણ) ઇન્દ્રિય અર્થાત્ સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ એમ ૪ ઇન્દ્રિયો ભમરાદિ જીવોને જ હોય છે, આથી આ પદને પણ અનાર્ષ માનવું પડશે.

### ❋ ..... તો કેવળી પણ પંચેન્દ્રિય કહેવાય ❋

આ અંતરાલને (= સ્થાનને) આશ્રયી કેટલાક બીજા વાતકી (= વાયડા સ્વભાવના = બુદ્ધિના વિપર્યાસથી યુક્તિયુક્ત વાતને નહીં સ્વીકારનારા) સ્વયં **'अतीन्द्रियाः केवलिनः'** (= 'કેવલીઓ અતીન્દ્રિય છે') એ પ્રમાણેનું સૂત્ર રચીને અધ્યયન કરે છે અર્થાત્ ૨/૨૪ સૂત્રમાં **'मनुष्यादीनां'** પદને આર્ષ માનનારા એવા જે વ્યક્તિઓ છે, તેઓ આ પ્રમાણે કહે છે →

**પ્રશ્ન :** અનંતર (૨/૨૪) સૂત્રમાં જે મનુષ્ય આદિનું ગ્રહણ કર્યું છે તે મનુષ્યના ગ્રહણથી કેવલી ભગવંતોને પણ પંચેન્દ્રિય તરીકે માનવાની આપત્તિ આવશે કેમકે કેવલી પણ મનુષ્ય છે. આથી તેઓની પંચેન્દ્રિયમાં બાદબાકી કરવા માટે 'કેવલીઓ ઈન્દ્રિયને ઓળંગીને રહેલા = અતીન્દ્રિય છે.' એમ કહેવું જોઈએ.

**ઉત્તર :** તે આ પ્રશ્ન પણ કથન માત્ર છે. કારણકે કેવલી ભગવાનને દ્રવ્યેન્દ્રિયનો સદ્ભાવ હોય છે અર્થાત્ કેવલી ભગવંતો મતિજ્ઞાન આદિ ૪ જ્ઞાનથી રહિત હોવાથી તેમને ભાવ ઇન્દ્રિયનો આત્યંતિક (= કાયમી સંપૂર્ણપણે) અભાવ હોય છે પણ દ્રવ્ય ઇન્દ્રિયનો નહીં, આથી અહીં

१. °तरे अत एव° प्रा.। २. °सक्ते मु. (प्रा. खं.)।

**सूत्रम् :- संज्ञिनः* समनस्काः ॥२/२५॥**

**भाष्यम् :- सम्प्रधारणसंज्ञायां संज्ञिनो जीवाः समनस्का भवन्ति।**

**● गन्धहस्ति ●**

विनिर्मुक्तत्वात् केवलस्येति किमत्रानिष्टमापद्यत इति न विद्मः ॥२/२४॥

**अत्राह → उक्तं भवतेत्यादिः** सम्बन्धग्रन्थः। इन्द्रियनियम आपादिते मनोनियमाभिधापनेच्छयाऽत्र = अवसरे शिष्य **आह** → अभिहितं त्वया प्राग् द्विप्रकारा **जीवाः** संसारिणः → **'समनस्का अमनस्काश्च'** (अ. २, सू. ११) **तत्र** = नारकादिषु के **समनस्का इति** विभक्तमिच्छामि ज्ञातुम्, के वाऽमनस्का इति नोक्तम्, अन्यतरसमूहाभिधानेऽन्यतरस्य सुज्ञानत्वात्, अत्र शिष्यप्रश्नावसायेऽभिधीयते →

**संज्ञिनः समनस्काः** (इति सूत्रम्)। [२]संज्ञा येषां विद्यन्ते ते संज्ञिनः, [३]शिक्षादित्वाद् व्रीह्यादित्वाद् वा, विद्यमानं मनो येषां ते समनस्काः सपुत्रादिवत्, संज्ञामात्रसम्बन्धात् सर्वे पृथिव्यादयः संज्ञिनो दशविध-

**સૂત્રાર્થ : સંજ્ઞી જીવો સમનસ્ક (= મન સહિતના) હોય છે. ॥૨/૨૫॥**

**ભાષ્યાર્થ : સંપ્રધારણ સંજ્ઞા વિશે વર્તતા સંજ્ઞી જીવો સમનસ્ક = મનવાળા હોય છે.**

**● *હેમગિરા* ●**

કેવલી ભગવંતોને પંચેન્દ્રિય તરીકે ગ્રહણ કરવામાં શું અનિષ્ટ આપત્તિ આવે છે, જેથી નવીન સૂત્રની રચના કરવી પડે, એ અમે જાણતા નથી. ॥૨/૨૪॥

**૨/૨૫ સૂત્રની અવતરણિકા :** 'अत्राह - उक्तं भवता' ઇત્યાદિ ભાષ્ય સંબંધ ગ્રંથ રૂપ છે. જે આ પ્રમાણે કે ઇન્દ્રિયનો (કોને કઈ ઇન્દ્રિય હોય છે ? ઇત્યાદિ) નિયમ પ્રતિપાદન થએ છતે 'મન'ના નિયમને કહેવડાવવાની ઇચ્છાથી અહીં = ૨/૨૫ સૂત્ર કહેવાના પ્રસંગે શિષ્ય પ્રશ્ન કરે છે કે આપે પૂર્વે (આ બીજા અધ્યાયના **૧૧**મા સૂત્રમાં) સંસારી જીવો સમનસ્ક અને અમનસ્ક એમ બે પ્રકારે છે તેમ કહ્યું હતું, ત્યાં નારક આદિમાં કોણ સમનસ્ક (= મનવાળા) છે એમ વિભાગપૂર્વક જાણવા માટે ઇચ્છું છું. અહીં શિષ્યે 'के वाऽमनस्काः' (અમનસ્ક જીવો કોણ છે ?) એમ બીજો પ્રશ્ન કર્યો નથી કેમકે (સમનસ્ક કે અમનસ્ક એ બે જીવ સમૂહ માંથી) કોઈ એક જીવ સમૂહ કહેવાય છતે એ સિવાયના અન્ય સમૂહને જાણવું સુકર બની જાય છે. અહીં શિષ્યે કરેલા પ્રશ્નના ઉત્તરમાં (૨/૨૫) સૂત્ર કહેવાય છે.

'**संज्ञिनः समनस्काः**' એ ૨/૨૫ સૂત્ર છે. તેના અવયવાર્થને ખોલે છે. જેઓને સંજ્ઞા વિદ્યમાન છે તેઓ સંજ્ઞી છે. સં+જ્ઞા ધાતુ 'શિક્ષા આદિ' તથા 'વ્રીહિ આદિ' (વ્યાકરણ કથિત) ગણપાઠમાં આવતો હોવાથી સ્વામીદર્શક અર્થમાં '**इन**' પ્રત્યય થયો છે. 'વિદ્યમાન છે મન જેઓને'

१. °भिधाने° - प्रा. मु. (खं. भां.)। २. संज्ञा विद्यते येषां ते - मु. (भां. खं.)। ३. शिखादि° - खं. रा.।

*જુઓ પરિશિષ્ટ-૬ ટીપ્પણી - ૧૨

संज्ञाभ्यनुज्ञानात् इत्यागममनुपश्यन्नाचार्य **आह→ सम्प्रधारणसंज्ञायामित्यादि** (भाष्यम्)। अथवा काल-हेतु-दृष्टिवादोपदेशाख्यास्तिस्रः संज्ञास्तत्र कतमां संज्ञामधिकृत्योच्यते संज्ञिनः समनस्का इति ? आह **- सम्प्रधारणसंज्ञायामित्यादि** (भाष्यम्), न सर्वा संज्ञाऽऽगमोक्ताऽत्र गृह्यते, किन्तु या सम्प्रधारणात्मिका तस्याः परिग्रहः। किं पुनः कारणमूह-लोकाहारादिसंज्ञास्त्यज्यन्ते ? [1]ओघादिसंज्ञाः तावदतिस्तोकत्वादशोभनत्वाच्चाहारादिसंज्ञा नाधिक्रियन्ते, नहि कार्षापणमात्रेण धनवान्, मूर्तिमात्रेण वा रूपवानिति व्यपदिश्यते, यथा च प्रभूतद्रविणो धनवान्, प्रशस्तरूपः [2]सुरूपवानुच्यते तथा महत्या शोभनया चेह संज्ञया संज्ञिनो ग्रहीष्यन्ते, भूम-प्रशंसातिशयनादिषु मत्वर्थीयविधानात्। काल-हेतु-दृष्टिवादोपदेशसंज्ञानां च मध्ये कालिक्येव परिगृह्यते नेतरे, निरूपितमिदं **नन्द्यां** सूत्रव्याख्याने (हारिभद्रीये) → हेतु-काल-दृष्टिवादोपदेशक्रम-

• *હેમગિરા* •

તે '**समनस्काः**' આ સમાસ '**सपुत्र**'(વિદ્યમાન છે પુત્ર જેને તે સપુત્ર) આદિની જેમ જાણવો. સંજ્ઞા સામાન્યના સંબંધથી પૃથ્વી આદિ સર્વ જીવો સંજ્ઞી છે કેમકે આહારાદિ **૧૦** પ્રકારની સંજ્ઞા આગમમાં કહેવાયેલી છે. આ પ્રમાણે આગમને જોતા આચાર્યશ્રી '**सम्प्रधारणसंज्ञायां**' ઇત્યાદિ ભાષ્યને કહે છે અથવા (= બીજી રીતે '**सम्प्रधारण**' ઇત્યાદિ ભાષ્યની અવતરણિકા આ પ્રમાણે છે કે →) કાલિકી, હેતુવાદોપદેશિકી અને દષ્ટિવાદોપદેશિકી નામની **૩** પ્રકારે સંજ્ઞા છે, ત્યાં (= ત્રણમાંથી) કઈ સંજ્ઞાને આશ્રયી સંજ્ઞીઓ સમનસ્ક છે ? એવા પ્રશ્નના ઉત્તરમાં '**सम्प्रधारणसंज्ञायां**' ઇત્યાદિ ભાષ્યને કહે છે. આનો ભાવાર્થ એ છે કે - સંજ્ઞા તરીકે આગમમાં કહેલી સર્વ સંજ્ઞાઓ અહીં ગ્રહણ કરાતી નથી પણ જે સંપ્રધારણા (= વિશિષ્ટ ધારણા) આત્મક સંજ્ઞા છે તેને ગ્રહણ કરવી.

**પ્રશ્ન :** શા માટે ઉહ (= ઓઘ), લોક, આહાર આદિ સંજ્ઞાઓ (પ્રસ્તુતમાં) ત્યાગ કરાય છે ?

**ઉત્તર :** જેમ એકાદ રૂપિયો હોવા માત્રથી વ્યક્તિ ધનવાન છે એમ કહેવાતું નથી તેમ ઓઘાદિ સંજ્ઞાઓ અતિ સ્તોક (= અલ્પ = મંદ) હોવાથી પ્રસ્તુતમાં સંજ્ઞા તરીકે ગ્રહણ કરાઈ નથી અને જેમ સામાન્ય આકાર = રૂપ હોવા માત્રથી વ્યક્તિ રૂપવાન છે એમ કહેવાતું નથી. તેમ આહારાદિ સંજ્ઞા અશોભન હોવાથી પ્રસ્તુતમાં સંજ્ઞા તરીકે ગ્રહણ કરાઈ નથી. જેમ ઘણાં દ્રવ્યવાળો ધનવાન કહેવાય છે અને પ્રશસ્ત રૂપવાળો રૂપવાન કહેવાય છે તેમ અહીં વિશાળ અને શોભન એવી સંજ્ઞા વડે સંજ્ઞીઓ (= સંજ્ઞાવાળા જીવો) ગ્રહણ કરાશે. કેમકે **भूम** = બહુત્વ, પ્રશંસા અને અતિશય આદિ અર્થમાં '**मतुप्**' અર્થવાળા પ્રત્યયનું વિધાન થાય છે. (પ્રસ્તુતમાં સંજ્ઞા શબ્દને શોભન = પ્રશંસા અને અતિશય ના અર્થમાં '**इन**' પ્રત્યય લગાડ્યો છે.)

## ❊ સંપ્રધારણ સંજ્ઞા = કાલિકી સંજ્ઞા ❊

કાલિકી, હેતુવાદોપદેશિકી અને દષ્ટિવાદોપદેશિકી એ **૩** સંજ્ઞાઓની મધ્યમાં સંજ્ઞા તરીકે

१. उहादि॰ - मु. (खं. भां.)। २. स्वरूप॰ - मु (खं. भां.)।

मुत्तरोत्तरविशुद्धमपहाय किं कारणं कालिक्यादौ व्यवस्थापितेत्येवमाक्षिप्तेऽभिहितमुत्तरं (हारिभद्रीये) → "[1]**संज्ञसंज्ञीति सर्वत्र श्रुते कालिक्याः संज्ञायाः प्रायः संव्यवहारः क्रियते, अतः क्रमविशुद्धिमनादृत्य सूत्रमुपनिबद्धम्**" अतस्तां कालिकीं संज्ञामधिकृत्य भाष्यकृद् व्याख्यानयति → **सम्प्रधारणसंज्ञायां ये वर्तन्ते जीवास्ते समनस्का भवन्ति।**

सम्प्रधारणम् = आलोचनं, येन सुदीर्घमपि कालमनुस्मरति भूतमागामिनं चानुचिन्तयति - कथं नु कर्तव्यं किं वा तत्रानुष्ठेयम्, अतः एव दीर्घकालिकीत्युक्ताऽऽगमे, पूर्वपदलोपात्।

तच्च सम्प्रधारणमेवरूपं कस्य सम्भवति ? योऽनन्तानन्तान् मनोयोग्यान् स्कन्धान् आदाय मन्यते [2]तल्लब्धिसम्पन्नो मनोविज्ञानावरणक्षयोपशमादिसमेतः[3], [4]यथा च रूपोपलब्धिश्चक्षुष्मतः प्रदीपादि-प्रकाशपृष्ठेन तद्वत् क्षयोपशमलब्धिमतो मनोद्रव्यप्रकाशपृष्ठेन मनःषष्ठैरिन्द्रियैरर्थोपलब्धिः, यथा वाऽ-

• હેમગિરા •

સંપ્રધારણ સંજ્ઞાના નામે) કાલિકી જ ગ્રહણ કરાય છે, ઈતર બે ગ્રહણ કરાતી નથી. **શ્રી નંદીસૂત્ર**માં આ અંગેના સૂત્રની **હારિભદ્રીય** વ્યાખ્યામાં આ નિરૂપણ કરાયું છે કે :-

**પ્રશ્ન :** 'હેતુવાદોપદેશિકી, કાલિકી અને દૃષ્ટિવાદોપદેશિકી' એમ વધતી વિશુદ્ધિને આશ્રિત સંજ્ઞાના ક્રમને છોડી દઈ શા માટે કાલિકી સંજ્ઞા આદિમાં કહેવાઈ છે ?

**ઉત્તર :** 'સંજ્ઞી અને અસંજ્ઞી એવો શબ્દવ્યવહાર શ્રુતમાં સર્વ ઠેકાણે પ્રાયઃ કાલિકી સંજ્ઞા થકી કરાય છે. માટે ક્રમશઃ થતી વિશુદ્ધિને ધ્યાનમાં લીધા વિના સૂત્રની રચના કરાઈ છે.' આ પ્રમાણે હોવાથી તે કાલિકી સંજ્ઞાને આશ્રયી ભાષ્યકારશ્રી વ્યાખ્યા કરે છે કે 'સંપ્રધારણ સંજ્ઞા'માં જે જીવો વર્તે છે, તેઓ સમનસ્ક હોય છે.

સંપ્રધારણ એટલે આલોચન, જેના વડે જીવ લાંબા કાળ સુધી પણ ભૂતકાળનું અનુસ્મરણ કરે છે અને દીર્ઘ એવા આગામી કાળનું અનુચિંતન કરે છે, તે આ મુજબ કે - આ કાર્ય કઈ રીતે કરવું ? અથવા ત્યાં શું આચરવા લાયક છે ? આથી જ સંપ્રધારણ સંજ્ઞા આગમમાં દીર્ઘકાલિકી એવા નામે કહેવાયેલી છે. 'સત્યભામા'ના બદલે પૂર્વપદનો લોપ કરી જેમ 'ભામા' કહેવાય તેમ પૂર્વપદનો લોપ કરવાથી દીર્ઘ કાલિકીના બદલે 'કાલિકી' આ પ્રમાણે પણ કહેવાય છે.

### ❊ મનવાળાને જ સંપ્રધારણ સંજ્ઞા સંભવે ❊

**પ્રશ્ન :** તે આવા પ્રકારનું સંપ્રધારણ કોને સંભવે છે ?

**ઉત્તર :** ભૂતકાળ અને ભવિષ્યકાળને વિચારવાની લબ્ધિથી સંપન્ન અર્થાત્ મનોવિજ્ઞાનને આચ્છાદન કરનાર કર્મના ક્ષયોપશમાદિથી યુક્ત એવો જે (જીવ) અનંતાનંત મનોયોગ્ય પુદ્ગલ સ્કંધોને ગ્રહણ કરીને વિચારે છે તેમને આવા પ્રકારનું સંપ્રધારણ સંભવે છે. (તે આ મુજબ) જે

१. संज्ञासंज्ञीति - खं. भां.। २. मन्यते, लब्धि॰ - खं। ३. ॰समेतं रा.। ४ तथा च - प्रा।

**भाष्यम् :- सर्वे नारक-देवा गर्भव्युत्क्रान्तयश्च मनुष्यास्तिर्यग्योनिजाश्च केचित्।**

**गन्धहस्ति**

विशुद्धचक्षुषो मन्दमन्दप्रकाशे रूपोपलब्धिरेवमसंज्ञिनः पञ्चेन्द्रियसम्मूर्च्छनजस्यात्यल्प मनोद्रव्य-ग्रहणशक्तेरर्थोपलब्धिः, यथा चेह मूर्च्छितादीनामव्यक्तं सर्वविषयविज्ञानमेवमतिप्रकृष्टावरणोदयादेकेन्द्रि-याणाम्, अतः शुद्धतरं शुद्धतमं च द्वीन्द्रियादीनामा पञ्चेन्द्रियसम्मूर्च्छनजेभ्यः, ततस्तत्संज्ञिनामतिप्रकृष्ट-तरमिति।

**आह** → कुतः पुनश्चैतन्यसमानतायामात्मनो[1] यदिदमुपलब्धिनानत्वम् ? **उच्यते** → सामर्थ्यभेदात्, स च क्षयोपशमानन्तत्वाद्[2]। यथा चेह छेदनत्वे तुल्ये चक्रवर्तिनश्चक्रस्य यत् सामर्थ्यं तत् क्रमशो हीयमानसामर्थ्यानां न शर-पत्रादीनामस्ति, एवमेव हि [3]मनोविषयिणां संज्ञिनां[4] चैतन्ये (तुल्ये) सति या

**ભાષ્યાર્થ : સર્વે નારકો અને દેવો તથા ગર્ભજ મનુષ્યો અને કેટલાક તિર્યંચો સંજ્ઞી છે.**

*હેમગિરા*

રીતે ચક્ષુઈન્દ્રિયવાળાને પ્રદીપ આદિના પ્રકાશના પીઠબળથી રૂપની ઉપલબ્ધિ થાય છે, તેની જેમ ક્ષયોપશમ સ્વરૂપ (મનો) લબ્ધિવાળા જીવને મનોદ્રવ્ય રૂપ પ્રકાશના પીઠબળથી મન અને પાંચ ઇન્દ્રિય વડે પદાર્થનો બોધ થાય છે અથવા જે રીતે અવિશુદ્ધ (અસ્પષ્ટ) ચક્ષુવાળાને મંદ-મંદ પ્રકાશમાં રૂપની ઉપલબ્ધિ અલ્પ થાય છે, એ રીતે અતિ અલ્પ મનોદ્રવ્યોને ગ્રહણ કરવાની શક્તિવાળા એવા અસંજ્ઞી પંચેન્દ્રિય સંમૂર્ચ્છિમ જીવને અર્થની ઉપલબ્ધિ (અતિ અલ્પ) થાય છે.

વળી જેમ અહીં (= સંજ્ઞી જીવોમાં) મૂર્ચ્છિતાદિ જીવોને સર્વ વિષયનું વિજ્ઞાન અવ્યકત હોય છે, તેમ અતિપ્રકૃષ્ટ જ્ઞાનાવરણના ઉદયને લીધે એકેન્દ્રિયોનું સર્વ વિષયનું વિજ્ઞાન અવ્યકત હોય છે. આ એકેન્દ્રિય જીવો કરતાં બેઈન્દ્રિયથી માંડી સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય સુધીના જીવોને શુદ્ધતર અને શુદ્ધતમ સર્વ વિષયનું વિજ્ઞાન હોય છે. તે સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય જીવો કરતાં ગર્ભજ સંજ્ઞી જીવોને સર્વ વિષયનું વિજ્ઞાન અત્યંત વિશુદ્ધતમ હોય છે.

## ❊ જ્ઞાનની વિવિધતાનો હેતુ ❊

**પ્રશ્ન :** ચૈતન્યની સમાનતા હોવા છતાં આત્માના જ્ઞાનોમાં જે આ વૈવિધ્ય છે તે શાથી છે ?
**ઉત્તર :** પોતપોતાના સામર્થ્યના ભેદથી જ્ઞાનમાં વૈવિધ્ય છે અને તે સામર્થ્યનો ભેદ ક્ષયોપશમના અનંત પ્રકારના લીધે હોય છે. જેમ અહીં (બહિર્જગતમાં) ચક્રવર્તીનું ચક્ર અને સામાન્ય બાણ, છરી આદિ સાધનોની છેદનત્વ = છેદનપણું = છેદવાની ક્રિયા તુલ્ય હોવા છતાં ચક્રવર્તીના ચક્રનું જે સામર્થ્ય છે તે, ક્રમશઃ હીયમાન/ઘટતાં સામર્થ્યવાળા બાણ, છરી આદિનું નથી હોતું. એવી

१. °त्मनामिदमुपलब्धिनानाम् - प्रा। २. °मानन्त्याद् - मु (खं. भां.)। ३. °षयाणां° - भां.। ४. संज्ञानां खं.।

पटुता सम्प्रधारणायां नासौ क्रमशो हीयमानानामसंज्ञिनामिति। एवं तावद् विशिष्टसंज्ञाभाज एव संज्ञिन इति प्रतिपादितम्॥

इदानीं नामग्राहमाचष्टे तान् [1]संज्ञिनः → **सर्वे नारक**-देवा इत्यादिना (भाष्येण)। पृथिवीसप्तक-वर्तिनो नारकाः, भवन-वनचर-ज्योतिषिक-वैमानिकाश्च देवाः, गर्भेण व्युत्क्रान्तिर्येषां मनुष्याणां ते गर्भव्युत्क्रान्तयः, उपरिष्टात् (अ. २, सू. ३२) त्रिविधं जन्म वक्ष्यते, तत्र मातृ-पितृसंयोगाज्जीवस्योत्पादो गर्भजन्मोच्यते, तेन गर्भजन्मना विविधमुत्क्रमणं = उद्गमनं = प्रादुर्भावो येषां कदाचिच्छिरसा कदाचित् पादाभ्यां मातुरुदरान्निःसरणमित्येवंविधमनुष्याणां च समनस्कत्वम्। गर्भव्युत्क्रान्तिग्रहणात् सम्मूर्च्छनजन्म-मनुष्यव्यावृत्तिः।

**तिर्यग्योनिजास्त्वि**त्यादि (भाष्यम्)। पञ्चेन्द्रियतिर्यग्योनिजाः गो-महिषी-अजाविक-करि-केसरि-व्याघ्रादयः। केचिद्ग्रहणाद् गर्भव्युत्क्रान्तय एव परिगृह्यन्ते, न सम्मूर्च्छनजन्मभाजः।

• હેમગિરા •

રીતે જ ચૈતન્ય સમપણે રહ્યું હોવા છતાં મનના વિષયવાળા સંજ્ઞી જીવોની સંપ્રધારણ સંજ્ઞામાં જે પટુતા હોય છે તે પટુતા, ક્રમશઃ હીયમાન સંજ્ઞાવાળા અસંજ્ઞી જીવોની સંજ્ઞામાં નથી હોતી. આ રીતે વિશિષ્ટ સંજ્ઞાવાળા જ જીવો સંજ્ઞી હોય છે એમ પ્રતિપાદન કરાયું.

## ❁ સંજ્ઞી જીવોના નામ નિર્દેશ ❁

અત્યારે '**सर्वे नारक** .....' ઇત્યાદિ ભાષ્યમાં તે સંજ્ઞી જીવોને નામગ્રહણ કરવા પૂર્વક કહે છે. તે આ પ્રમાણે કે - ૭ પૃથ્વીમાં રહેનારા નારકો, તેમજ ભવનપતિ, વનચર = વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવો તથા ગર્ભ દ્વારા વ્યુત્ક્રાંતિ છે જે મનુષ્યોની તે ગર્ભજ મનુષ્યો સંજ્ઞી જાણવા. આગળ આ બીજા અધ્યાયના **૩૨**મા સૂત્રમાં જન્મ ૩ પ્રકારે કહેવાશે. ત્યાં (= જન્મના પ્રકારમાં) માતપિતાના સંયોગથી જીવની ઉત્પત્તિ તે ગર્ભજન્મ કહેવાય છે.

તે ગર્ભજન્મથી વિભિન્ન પ્રકારે ઉત્ક્રમણ = ઉદ્‌ગમન = ઉત્પત્તિ થાય છે અર્થાત્ માતાના પેટમાંથી ક્યારેક મસ્તિષ્કથી, તો ક્યારેક બે પગ વડે નીકળવાનું બને છે જેઓનું તે ગર્ભવ્યુત્ક્રાંતિ (= ગર્ભજ) કહેવાય અને આવા પ્રકારના ગર્ભજ મનુષ્યોને સમનસ્ક તરીકે જાણવા. ગર્ભવ્યુત્ક્રાંતિ પદનું ગ્રહણ કરવાથી સંમૂર્ચ્છિમ જન્મવાળા મનુષ્યોની બાદબાકી કરી છે. '**तिर्यग्योनिजास्तु** .....' → ગાય, ભેંસ, બકરો, ઘેટો, હાથી, સિંહ, વાઘ વગેરે પંચેન્દ્રિય તિર્યંચયોનિજ જાણવા. ભાષ્યમાં '**केचित्**' પદનું ગ્રહણ કર્યું હોવાથી પંચેન્દ્રિય તિર્યંચોમાં પણ ગર્ભવ્યુત્ક્રાંતિવાળા તિર્યંચો જ સમનસ્ક તરીકે ગ્રહણ કરાય છે, સંમૂર્ચ્છિમ જન્મવાળા તિર્યંચો નહિ.

१. तत्संज्ञिनः प्रा.।

**भाष्यम् :- ईहापोहयुक्ता गुण-दोषविचारणात्मिका सम्प्रधारणसंज्ञा। तां प्रति संज्ञिनो विवक्षिताः। अन्यथा ह्याहार-भय-मैथुन-परिग्रहसंज्ञाभिः सर्व एव जीवाः संज्ञिन इति॥२/२५॥**

• गन्धहस्ति •

**ईहापोहयुक्ता** इति (भाष्यम्)। सामान्यार्थग्रहणानन्तरभाविनी सदर्थमीमांसा ईहा किमयं शङ्खध्वनिरुताहो शृङ्गध्वनिरिति, मधुरादिगुणयोगादयं शङ्खस्यैव ध्वनिः न शृङ्गस्येत्यन्वय-व्यतिरेकवद् विज्ञानमपोह उच्यते, ईहापोहाभ्यां युक्ता ईहापोहयुक्ता **गुण-दोषविचारणात्मिका सम्प्रधारणसंज्ञा, तां प्रति** [1]संज्ञिनोऽत्र **संज्ञिनो विवक्षिताः**, गुणाश्च दोषाश्च गुणदोषाः, स्वार्थपुष्टिहेतवो गुणाः तदपचयहेतवो दोषाः, तेषां विचारणम् = आलोचनं = कथं गुणावाप्तिर्दोषपरिहारश्चेति तदेवात्मा = स्वरूपं यस्याः सम्प्रधारणसंज्ञायाः सा गुण-दोषविचारणात्मिका सम्प्रधारणसंज्ञा, तामेवंविधां संज्ञामभिमुखीकृत्य संज्ञिनो वक्तुमभिप्रेताः।

**ભાષ્યાર્થ : ઈહા અને અપોહ (= અપાય) વડે યુકત ગુણ અને દોષની વિચારણા આત્મક 'સંપ્રધારણા સંજ્ઞા' હોય છે. તે સંપ્રધારણ સંજ્ઞાની અપેક્ષાએ (જીવોને) સંજ્ઞી તરીકે કહેવા અહીં વિવક્ષિત છે. અન્યથા તો આહાર, ભય, મૈથુન, પરિગ્રહ રૂપ સંજ્ઞાની અપેક્ષાએ બધા જ સંસારી જીવો સંજ્ઞી કહેવાશે. ॥૨/૨૫॥**

• *હેમગિરા* •

## ❊ સંપ્રધારણ સંજ્ઞાનું સ્વરૂપ ❊

'**इहापोहयुक्ता ...**' → સામાન્ય અર્થનું ગ્રહણ (= અવગ્રહ) થયા બાદ થનારી વિદ્યમાન અર્થની વિચારણા તે ઈહા કહેવાય છે. જેમકે ધ્વનિને સાંભળીને એ પ્રમાણે વિચાર આવે કે 'શું આ શંખનો ધ્વનિ છે કે શૃંગ (વાદ્ય વિશેષ)નો ?' ત્યારબાદ મધુરાદિ ગુણોથી યુકત હોવાથી આ ધ્વનિ શંખનો જ છે, શૃંગનો નહિ. આ પ્રમાણેના અન્વય અને વ્યતિરેક (વિધાન અને પ્રતિષેધ)વાળું વિજ્ઞાન તે અપોહ (= અપાય = નિશ્ચય) કહેવાય છે. '**इहापोहयुक्ता**' આ પદમાં તૃતીયા તત્પુરુષ સમાસ થયો છે (વિગ્રહ ટીકામાં સ્પષ્ટ છે). ઈહા અને અપોહથી યુકત, ગુણ અને દોષની વિચારણા આત્મક સંપ્રધારણ સંજ્ઞા હોય છે, તે (સંપ્રધારણ સંજ્ઞા)ની અપેક્ષાએ જે સંજ્ઞી જીવો છે તે અહીં સંજ્ઞી રૂપે વિવક્ષિત છે.

ભાવાર્થ આ પ્રમાણે છે → જે પોતાના પ્રયોજનની પુષ્ટિમાં હેતુ હોય તે ગુણ. જે તેના (= પોતાના પ્રયોજનના) હ્રાસમાં હેતુ હોય તે દોષ. તે બે અંગેની વિચારણા = આલોચના અર્થાત્ કઈ રીતે ગુણ પ્રાપ્તિ થાય અને દોષ નાશ થાય એવા પ્રકારની આલોચના. તે (ગુણ દોષની વિચારણા) જ આત્મા એટલે કે સ્વરૂપ છે જે સંપ્રધારણ સંજ્ઞાનું, તે ગુણ દોષની વિચારણાના સ્વરૂપવાળી સંપ્રધારણ સંજ્ઞા હોય છે. તે આવા પ્રકારની સંજ્ઞાને આગળ કરીને

१. संज्ञिनो विवक्षिताः खं. भां.।

**अन्यथा हीत्यादि** (भाष्यम्)। यदि प्रतिविशिष्टा संज्ञा नाङ्गीक्रियते ततः सर्व एव जन्तवः पृथिव्यादिभेदाः समनस्काः स्युः, आहारादिसंज्ञाभिः संज्ञिन इतिकृत्वा, तस्माद् विशिष्टसंज्ञाभाजः संज्ञिनः समनस्का भवन्ति।

तत्रासद्वेदनीयोदयादोज-लोम-प्रक्षेपभेदेनाहाराभिलाषपूर्वकं विशिष्टपुद्गलग्रहणमाहारसंज्ञा, संज्ञा नाम [1]परिज्ञानम्, तद्विषयमाहारमभ्यवहरामीति, मोहनीयोदयात् साध्वसलक्षणा भयसंज्ञा = भयपरिज्ञानं बिभेमीति, पुरुषादिवेदोदयाद् दिव्यौदारिकशरीरसम्बन्धाभिलाषासेवनं[2] मैथुनसंज्ञा, ततोऽन्यथा वाऽपि, मूर्च्छालक्षणा परिग्रहसंज्ञा, भावतोऽभिष्वङ्गो मूर्च्छा, तस्मात् सिद्धं प्रणिधानविशेषाहितसंस्कार-विज्ञानपाटवादरविजृम्भितपरिणामाः संज्ञिनः॥

**ननु** च सम्प्रधारणसंज्ञा मनोलक्षणा, मनश्च सम्प्रधारणसंज्ञारूपम्, ततश्चायुक्तं लक्षणमन्योन्य-



(જીવોને) સંજ્ઞી તરીકે કહેવા ઇષ્ટ છે.

'**अन्यथा हि .....**' → જો આ પ્રમાણે આ વિશિષ્ટ કોટીની સંજ્ઞાનો સ્વીકાર ન કરાય તો પૃથ્વી આદિ ભેદવાળા બધા જ જીવો સમનસ્ક થઈ જાય કેમ કે આહારાદિ સંજ્ઞાની અપેક્ષાએ (બધા) સંજ્ઞી છે. તેથી વિશિષ્ટ સંજ્ઞાથી યુકત સંજ્ઞી જીવો સમનસ્ક હોય છે.

### ❋ આહાર આદિ ચાર સંજ્ઞાઓ ❋

ત્યાં (= સંજ્ઞાઓમાં) અશાતાવેદનીયના ઉદયથી આહારની અભિલાષાપૂર્વક ઓજ, લોમ અને કવલના ભેદ વડે વિશિષ્ટ પુદ્ગલોનું ગ્રહણ કરવું તે આહારસંજ્ઞા કહેવાય. સંજ્ઞા એટલે પરિજ્ઞાન. 'આહારને હું ખાઉં છું' એવું આહારના વિષયવાળું જે જ્ઞાન તે સંજ્ઞા કહેવાય. મોહનીય કર્મના ઉદયથી ભયના લક્ષણવાળી ભયસંજ્ઞા કહેવાય છે અર્થાત્ 'મને ડર લાગે છે' એવા પ્રકારના ભયનું પરિજ્ઞાન તે ભયસંજ્ઞા કહેવાય. પુરુષ આદિ વેદના ઉદયથી દિવ્ય (= વૈક્રિય) કે ઔદારિક શરીરના સંબંધની અભિલાષા કરવી એ મૈથુન સંજ્ઞા કહેવાય અથવા તો તેનાથી જુદા પ્રકારની (ઈષ્ટ શબ્દાદિની અભિલાષા એ) પણ મૈથુન સંજ્ઞા કહેવાય છે. મૂર્ચ્છા લક્ષણવાળી જે સંજ્ઞા તે પરિગ્રહ સંજ્ઞા કહેવાય છે. પરિણતિમાં રાગ આવવો તે મૂર્ચ્છા છે. તેથી આ સિદ્ધ થયું કે પ્રણિધાન (= એકાગ્રતા - સંકલ્પ) વિશેષથી પ્રાપ્ત થયેલ સંસ્કાર અને વિજ્ઞાનની પટુતાના આસેવનથી પ્રકટ થયેલ પરિણામવાળા જીવો સંજ્ઞી કહેવાય છે.

### ❋ સ્વસિદ્ધ અને પરસિદ્ધ લક્ષણ ❋

**પ્રશ્ન :** સંપ્રધારણસંજ્ઞા મન સ્વરૂપ છે અને મન સંપ્રધારણસંજ્ઞા રૂપ છે તેથી 'હાથ' અને

१. विज्ञानं मु - (खं. भां.)। २. °सेवने खं.।

लक्षणत्वाद् हस्त-करवत् संज्ञिनः समनस्का इति।

**उच्यते** → [1]लक्ष्यः पदार्थो द्विविधेन लक्षणेन लक्ष्यते स्वसिद्धेन परसिद्धेन वा, स्वसिद्धेनाग्निरुष्णत्वेन, परसिद्धेनाभिनववारिवाहपटल-स्निग्धतरवनखण्ड-बलाका-कमलसौरभादिना महान् जलाशयः, तत्रेहापि लक्ष्याः समनस्काः प्रसिद्धेन गुण-दोषादान-परिहाररूपेण बहिर्वर्तिना प्रत्यक्षप्रमाणसमधिगम्येन सम्प्रधारणसंज्ञाफलेन लिङ्गभूतेन[2] संज्ञित्वेनाऽनुमीयन्तेऽन्तःकरणवत्तया विद्वद्भिः, न चाग्नेर्न लक्षणमुष्णता तदभेदवर्तिन्यपि यथा तथा सम्प्रधारणसंज्ञाऽपि [3]बहिरतिस्फुटहिताहितप्राप्तिपरिहाररूपफला लिङ्गिनोऽभेदेनापि वर्तमाना लक्षणमेव।

अथवा पर्यायकथनेनेदं व्याख्यानं समनस्कानाम्, के समनस्का इति पृष्टे संज्ञिनः समनस्का

• હેમગિરા •

'કર'ની જેમ સંજ્ઞી અને સમનસ્ક બંને પરસ્પર એક બીજાના લક્ષણ છે અને તેથી સમનસ્ક જીવોનું સંજ્ઞી લક્ષણ અયુક્ત છે.

**ઉત્તર :** જેનું લક્ષણ કહેવું છે તેવો લક્ષ્ય પદાર્થ સ્વસિદ્ધ અથવા પરસિદ્ધ એમ બે લક્ષણ વડે જણાય (= લક્ષિત કરાય) છે. તે આ મુજબ કે અગ્નિ એ 'ઉષ્ણત્વ' સ્વરૂપ સ્વસિદ્ધ લક્ષણથી જણાય છે તથા નવા વાદળાના સમૂહ, અત્યંત સ્નિગ્ધ (= લીલુંછમ) વન ખંડ, બગલાઓ તથા કમળોની સુગંધાદિ સ્વરૂપ પરસિદ્ધ લક્ષણથી મોટું સરોવર જણાય છે. આ બે લક્ષણોના વિષયમાં અહીં પ્રસ્તુતમાં પણ લક્ષ્ય સમનસ્ક જીવો છે. અહીં જીવો મનવાળા તરીકે અનુમાન કરાય છે. આમાં લિંગ = હેતુ કયો છે ? તો કે પ્રત્યક્ષ પ્રમાણથી જણાતું સંજ્ઞિત્વ કે જે ગુણ રૂપ વસ્તુના સ્વીકાર અને દોષ રૂપ વસ્તના પ્રતિકારવાળી બાહ્ય પ્રવૃત્તિ રૂપ છે, એ જ અહીં હેતુ જાણવો...

આ સંજ્ઞિત્વ જીવોમાં રહેલી સંપ્રધારણ સંજ્ઞાનું ફળ છે એટલે કે સંપ્રધારણ સંજ્ઞાના ફળ રૂપ સંજ્ઞિત્વ જીવમાં મન હોવાની સાબિતી કરે છે. વિદ્વાનો આ સંજ્ઞિત્વ હેતુ દ્વારા જ જીવોને 'મનવાળા' કહે છે. જેમ અગ્નિથી અભેદપણે રહેનારી પણ ઉષ્ણતા અગ્નિનું (સ્વસિદ્ધ) લક્ષણ નથી એમ નથી (પણ લક્ષણ જ છે) તેમ સંપ્રધારણસંજ્ઞા પણ અત્યંત સ્પષ્ટપણે હિત પ્રાપ્તિ અને અહિત પરિહાર સ્વરૂપ બાહ્ય ફળવાળી, લિંગી (= લક્ષ્ય) થકી અભિન્નપણે રહેનારી (સ્વસિદ્ધ) લક્ષણ જ છે.

## ❊ તેથી અન્યોન્ય લક્ષણ પણ નથી ❊

અથવા તો (બીજી રીતે ઉપરોક્ત પ્રશ્નનો ઉત્તર આ પ્રમાણે જાણવો →) સમનસ્કોના = પર્યાયવાચી કહેવા માટે વ્યાખ્યાન કરે છે. તે આ મુજબ કે - સમનસ્ક કોણ છે ? એવું પૂછીએ ત્યારે 'સંજ્ઞી અને સમનસ્ક એ બંને એકાર્થક શબ્દો છે' એમ ઉત્તર કહેવાય છે. જેમ બીજે

१. लक्ष्यपदा° मु (खं. भां.)। २. °भूतेनाऽनुमी° खं. भां. / °भूतेनानुभूयते रा.। ३. बहिरिति° प्रा.।

इत्येकोऽर्थः यथाऽन्यत्र[1] → '*मतिः स्मृतिः संज्ञाः चिन्ताऽभिनिबोध इत्यनर्थान्तर*' (अ. १, सू. १३), '***सम्यग्योगनिग्रहो गुप्तिः***' (अ. ९, सू. ४) इति, इहापि गुण-दोषविचारणाफलयोगात् प्रसिद्धतरः संज्ञिशब्दस्तेन प्रत्यायनमप्रसिद्धस्य समनस्कशब्दार्थस्य।

एवं च हस्त-करवदित्यप्युपपन्नं भवति। कस्यचिदन्यतरप्रसिद्धावन्यतरो व्याख्यायते→ कः करः? हस्त इति, विवक्षावशाद् वा कदाचित् [2]कारणेन तत्कार्यमनुमीयते जातुचित् कार्येण कारणम्, अत्र च मनःकारणं सम्प्रधारणसंज्ञाकार्यतया लक्ष्यते इति, कदाचिद् वा सैव मनसा लक्ष्यत इत्यन्योन्यलक्षणताऽपि न दोषायेति॥२/२५॥

उक्तः प्रतिविशिष्टानामेव भवस्थानां मनोयोगनियमः। अथ येऽन्तर्गतौ वर्तन्ते प्राणिनस्तेषां कतमो योगः ?। **उच्यते** → (विग्रहगतौ कर्मयोगः इति सूत्रम्।)



ઠેકાણે (= પ્રથમ અધ્યાયના **૧૩**મા સૂત્રમાં) મતિ, સ્મૃતિ, સંજ્ઞા, ચિંતા અને અભિનિબોધ એ બધા એકાર્થક શબ્દો કહેવાયા હતા અથવા **૯**મા અધ્યાયના **૪**થા સૂત્રમાં અપ્રસિદ્ધ એવા ગુપ્તિ શબ્દને પ્રસિદ્ધ એવા સમ્યગ્ રીતે યોગનો નિગ્રહ શબ્દથી કહેવાશે. તે રીતે અહીં (**૨/૨૬** સૂત્રમાં) પણ ગુણ-દોષની વિચારણા રૂપ ફળ (કાર્ય)ના કારણે અત્યંત પ્રસિદ્ધ એવો જે સંજ્ઞી શબ્દ છે તેનાથી અપ્રસિદ્ધ એવા સમનસ્ક શબ્દના અર્થની પ્રતીતિ = બોધ થાય છે.

અને એ જ રીતે 'હસ્ત અને કરની જેમ' એવું (તમે આપેલું) દષ્ટાંત પણ ઉપપન્ન (= યુક્તિયુકત) થાય છે, તે આ રીતે - કોઈક જીવને બેમાંથી કોઈ એક શબ્દ પ્રસિદ્ધ (= જાણીતો) હોય તો તેના વડે બીજો અપ્રસિદ્ધ (= અજાણ્યો) શબ્દ કહી શકાય છે જેમ કે 'કર શું છે ?' તેના ઉત્તરમાં 'હાથ' છે (કોઈને 'હાથ' શબ્દ અજાણ્યો હોય તો 'હાથ શું છે ?' એના જવાબમાં 'કર' છે) એમ કહેવાય છે. અથવા તો (ત્રીજી રીતે પ્રશ્નનો ઉત્તર આ પ્રમાણે છે →) વિવક્ષાની અપેક્ષાએ ક્યારેક કારણથી કાર્યનું અનુમાન કરાય છે, તો ક્યારેક કાર્યથી કારણનું અનુમાન કરાય છે અને અહીં મન રૂપ કારણ તે સંપ્રધારણ સંજ્ઞા રૂપ કાર્ય થકી જણાય છે અથવા મન રૂપ કારણથી સંપ્રધારણ સંજ્ઞા રૂપ કાર્યનું અનુમાન કરાય છે, આથી અન્યોન્ય લક્ષણતા પણ દોષ માટે નથી એમ જાણવું.॥**૨/૨૫**॥

**૨/૨૬ સૂત્રની અવતરણિકા :** સંસારમાં વર્તતા અમુક વિશેષ કક્ષાના જ જીવોમાં મનોયેગનો નિયમ (= મનયોગની અવસ્થિતિ) કહેવાયો. હવે જે જીવો અંતર્ગતિ (= વિગ્રહગતિ)માં રહેનારા છે તેઓમાં (ત્રણમાંથી) કયો યોગ હોય છે ? એવા પ્રશ્નના ઉત્તરમાં **૨/૨૬** સૂત્ર કહેવાય છે. એ **विग्रहगतौ कर्मयोगः ૨/૨૬** સૂત્ર છે, તેનું વિવેચન કરતાં પૂર્વે બીજી રીતે

१. मतिस्मृतिसंज्ञा° - खं. भां.। २. कारणेन कार्य° प्रा.।

## सूत्रम् :- *विग्रहगतौ कर्मयोगः ॥२/२६॥

● गन्धहस्ति ●

अथवा संसारिणोऽधिकृतास्ते च संसरणधर्माणो [1]भवाद् भवान्तरप्राप्तेः, तच्च तेषां संसरणं द्विधा → देशान्तरप्राप्तिलक्षणं भावान्तरप्राप्तिलक्षणं च।

तत्र ये पूर्वशरीरपरित्यागाद् देशान्तरं गत्वा जन्म लभन्ते तेषां देशान्तरप्राप्तिलक्षणम्, ये पुनः स्वशरीर एवोत्पद्यन्ते मृताः सन्तः कृम्यादिभावेन तेषां भावान्तरप्राप्तिलक्षणम्, एतदुभयमपि न चेष्टालक्षण-योगमन्तरेण संसरणमस्ति, त्यक्तपूर्वकशरीरस्य जन्तोर्गतेरभावाद् गतिपूर्विका चोभयप्राप्तिरिति ?

**उच्यते** → गतिहेतुसद्भावान्न गमनप्रतिषेधः, सा गतिरन्तरालवर्तिनी द्विधा → ऋज्वी वक्रा च, ऋज्वी तावत् पूर्वशरीरयोगोत्थापितप्रयत्नविशेषादेव गतिरिष्यते धनुर्ज्याविमोक्षाहितसंस्कारेषुगमनवत्, तस्यां च पूर्वकः स एव योगो वाच्यः, अतोऽन्यस्यां तु **विग्रहगतौ कर्मयोगः**, विग्रहो

**સૂત્રાર્થ : વિગ્રહગતિમાં કાર્મણ શરીરનો વ્યાપાર હોય છે. ॥૨/૨૬॥**

● *હેમગિરા* ●

અવતરણિકા કરતાં કહે છે કે અહીં પ્રસ્તુતમાં સંસારી જીવોનો અધિકાર ચાલી રહ્યો છે અને તે સંસારી જીવો સંસરણ કરવાના ધર્મવાળા છે, કેમકે તેઓ એક ભવમાંથી અન્ય ભવને પ્રાપ્ત કરે છે. વળી તે સંસારી જીવોનું સંસરણ (૧) દેશાંતરની પ્રાપ્તિના લક્ષણવાળું અને (૨) ભાવાંતરની પ્રાપ્તિના લક્ષણવાળું એમ બે પ્રકારે છે.

### ❊ અંતર્ગતિમાં જીવની ગતિમાં બે હેતુ ❊

**પ્રશ્ન :** ત્યાં (= બે સંસરણમાં) જે જીવો પૂર્વ શરીરના ત્યાગથી દેશાંતરમાં જઈને જન્મ મેળવે છે, તેઓનું સંસરણ દેશાંતર પ્રાપ્તિ સ્વરૂપ છે. વળી જેઓ મૃત્યુ પામેલા, કૃમિ આદિ તરીકે સ્વશરીરમાં જ ઉત્પન્ન થાય તેઓનું સંસરણ ભાવાંતર પ્રાપ્તિ સ્વરૂપ છે. આ બન્નેય પ્રકારના સંસરણ ચેષ્ટા સ્વરૂપ યોગ વિના થતા નથી, પરંતુ ત્યાગ કર્યો છે પૂર્વ શરીરનો જેણે એવા જીવને તો ગતિનો અભાવ હોવાથી ગતિપૂર્વક જ થતાં ઉભય પ્રકારનાં સંસરણની પ્રાપ્તિ કઈ રીતે ઘટે ?

**ઉત્તર :** ઉપરોક્ત સંસરણોમાં ગતિ અંગેનો હેતુ રહેલો હોવાથી ગમનનો પ્રતિષેધ નથી. તે અંતરાલવર્તિ ગતિ ઋજુ અને વક્ર એમ બે પ્રકારે છે. તે બે ગતિમાં પ્રથમ ઋજુગતિ એ ધનુષની દોરીથી છૂટવા દ્વારા પ્રાપ્ત થયેલ સંસ્કારવાળા બાણની ગતિની જેમ પૂર્વ ભવના શરીરના યોગ (= વ્યાપાર) વડે ઊભા કરાયેલ વિશિષ્ટ પ્રયત્નથી જ ઈચ્છાઈ છે. અને તે (ઋજુગતિ)માં પૂર્વનો (= પૂર્વભવના શરીર સંબંધી) જે યોગ છે તે જ યોગ કહેવો.

આથી (= ઋજુગતિથી) અન્ય એવી વિગ્રહગતિમાં કર્મયોગ હોય છે. વિગ્રહ એટલે વક્ર

१. भावाद् भावा° खं.। *જુઓ પરિશિષ્ટ-૬ ટીપ્પણી - ૧૩

**भाष्यम् :- विग्रहगतिसमापन्नस्य जीवस्य कर्मकृत एव योगो भवति। कर्मशरीरयोग इत्यर्थः।**

**गन्धहस्ति**

वक्रमुच्यते, विग्रहेण युक्ता गतिर्विग्रहगतिः अश्वरथन्यायेन, विग्रहप्रधाना वा गतिः विग्रहगतिः शाक-पार्थिवादिवत्, तस्यां विग्रहगतौ[1] कर्माष्टकेनैव योगः, न शेषौदारिकादिकाय-वाङ्-मनोव्यापार इति, कर्मणो योगः कर्मयोगः, कार्मणशरीरकृतैव चेष्टेत्यर्थः। एतदेव [2]व्यक्तं भाष्येण दर्शयति **विग्रहगतीत्यादिना।**

समासादितवक्रगतेर्जन्तोः कर्माष्टकं कर्मशब्देनोच्यते। **कर्मकृत एव योगो भवतीत्यवधारणेन** व्युदासमावेदयति शेषयोगानाम्, पुनः स्पष्टतरमसन्देहार्थं विवृणोति → **कर्मशरीरयोग इत्यर्थः** (इति भाष्येण)। कर्मैव शरीरं कर्मशरीरं = कार्मणमिति स्फुटयति, स्वार्थे च व्युत्पत्तिमावेदयति कर्मैव कार्मणम्, न पुनर्जात-भवाद्यर्थसम्बन्धोऽत्र कश्चित् समस्ति।

**ભાષ્યાર્થ : વિગ્રહગતિને પ્રાપ્ત થયેલા જીવનું (વચલા સમયોમાં) કર્મકૃત જ યોગ હોય છે અર્થાત્ કાર્મણ શરીરનો યોગ હોય છે.**

*હેમગિરા*

કહેવાય છે. અશ્વ વડે યુકત રથ જેમ 'અશ્વરથ' કહેવાય છે તેમ વિગ્રહ વડે યુકત ગતિ વિગ્રહગતિ કહેવાય છે અથવા (બીજી રીતે વિગ્રહ આ પ્રમાણે છે -) વિગ્રહ પ્રધાન ગતિ તે વિગ્રહગતિ. અહીં 'શાકપાર્થિવ' વગેરેની જેમ મધ્યમપદલોપી સમાસ થયેલ જાણવો. (**शाकप्रियः पार्थिवः = शाकपार्थिवः। विग्रहप्रधाना गतिः = विग्रहगतिः** અથવા **विग्रहयुक्ता गतिः = विग्रहगतिः।**)

તે વિગ્રહગતિમાં ૮ કર્મ (= કાર્મણ શરીર) દ્વારા જ વ્યાપાર હોય છે, શેષ ઔદારિકાદિ કાય, વચન અને મન દ્વારા વ્યાપાર હોતો નથી, એ ધ્યાનમાં લેવું. કર્મયોગ એટલે કર્મનો યોગ અર્થાત્ કાર્મણ શરીરથી કરાયેલી જ ચેષ્ટા. આ જ વિવેચન કરાયેલ પદાર્થને **विग्रहगति ...** ઇત્યાદિ ભાષ્યથી દર્શાવે છે. →

અહીં 'કર્મ' શબ્દથી ૮ કર્મ (કાર્મણ શરીર) સમજવું. પ્રાપ્ત કરાયેલી વક્રગતિવાળા એવા જીવને કર્મકૃત જ યોગ હોય છે એમ અવધારણ (= 'જ' કાર) દ્વારા શેષયોગોના વ્યુદાસ (= નિષેધ)ને ભાષ્યકારશ્રી જણાવે છે. કર્મયોગ શબ્દના અર્થ અંગે કોઈ શંકા ન રહે તે માટે ફરી અત્યંત સ્પષ્ટતાપૂર્વક **कर्मशरीरयोग ...** એ પદથી વિવરણ કરે છે → કર્મ એ જ શરીર તે કર્મશરીર અર્થાત્ 'કાર્મણ' શરીર, આ પ્રમાણેનો અર્થ અહીં સ્પષ્ટ થાય છે. વળી **अत्र** = 'કાર્મણ' શબ્દ વિશે 'કર્મ એ જ કાર્મણ' એમ સ્વાર્થમાં વ્યુત્પત્તિ છે પણ '**कर्मणा जातं इति कार्मणम्, कर्मणि भवं इति कार्मणम्**' ઇત્યાદિ '**जात, भव**' વગેરે અર્થવાળી કોઈ વ્યુત્પત્તિ નથી, એમ જણાવે છે.

१. वक्रगतौ च इत्यधिको पाठः भां. प्रा. प्रतौ दृश्यते। २. विविक्तं भाष्येण खं. रा.।

**भाष्यम् :- अन्यत्र तु यथोक्तः काय-वाङ्-मनोयोग इति ॥२/२६॥**

• गन्धहस्ति •

अयं च नियमोऽन्तर्गतेरेव क्रियते न कार्मणस्येति ख्यापयन्नाह → **अन्यत्र तु यथोक्तः कायवाङ् - मनोयोग इति** (भाष्यम्)। अन्तर्गतेरन्यत्र यथाभिहित आगमे कायादियोगो भवति, **तु**शब्दो गत्यन्तरविशेष-प्रदर्शनपरतयोक्तः। तद्यथा → नारक-गर्भव्युत्क्रान्तितिर्यग्-मनुष्य-देवानां त्रयोऽपि योगाः, सम्मूर्च्छनजन्मभाजां तिर्यग्-मनुष्याणां काय-वाग्योगावेव। अथवा **यथोक्त** इति येन प्रकारेणोक्तः कायादियोगः पञ्चदशभेदः स तथा समायोजनीयो गत्यन्तरभेदेष्विति सूचयति, तत्र मनोयोगश्चतुर्धा सत्यः, असत्यः, सत्यासत्यः, असत्यामृषा इति, एवं वाग्योगेऽपि, काययोगः सप्तभेदः → औदारिकः, औदारिकमिश्रः, वैक्रियः, वैक्रियमिश्रः, आहारकः, आहारकमिश्रः, कार्मणश्चेति॥

**ભાષ્યાર્થ : વળી (= આ વિગ્રહગતિ સિવાય) અન્યત્ર તો આગમમાં કહેવાયેલ અનુસારે કાયયોગ, વચનયોગ અને મનોયોગ એમ ત્રણે હોય છે. ॥૨/૨૬॥**

• *હેમગિરા* •

### ❁ ભવસ્થ અવસ્થામાં ૧૫ યોગ ❁

'વિગ્રહગતિમાં કર્મયોગ હોય છે' એવો આ નિયમ વિગ્રહગતિને આશ્રયીને જ કરાય છે, કાર્મણ શરીરને આશ્રયીને નહિ અર્થાત્ વિગ્રહગતિમાં વચલા સમયોમાં કર્મયોગ જ હોય છે પણ કર્મયોગ વિગ્રહગતિના વચલા સમયોમાં જ હોય છે એમ નહિ. આ પ્રમાણે જણાવતાં **अन्यत्र तु ...** ઇત્યાદિ ભાષ્યને કહે છે → અંતર્ગતિ (= વિગ્રહગતિ) સિવાય અન્યત્ર (= ભવસ્થાવસ્થામાં) તો આગમમાં જે રીતે કહેવાય છે તે રીતે જ કાયાદિ યોગ હોય છે (પણ એકલો કર્મયોગ ન હોય). અહીં પ્રસ્તુતમાં ભાષ્યનો 'તું' શબ્દ ચાર ગતિની અંદર રહેલ ૩ યોગના વિશેષ (= ફરક)ને દેખાડવા માટે કહેવાયો છે, તે આ મુજબ :-

નારક, ગર્ભજ તિર્યંચ, ગર્ભજ મનુષ્ય અને દેવોને ત્રણેય (મન, વચન, કાય) યોગો હોય છે. જ્યારે સંમૂર્ચ્છિમ જન્મવાળા તિર્યંચ અને મનુષ્યોને વચન અને કાયયોગ જ હોય છે અથવા '**तु**' શબ્દ એમ સૂચવે છે કે **યથોક્ત** એટલે જે રીતે આગમમાં ૪ ગતિની અંદર રહેલા જીવના ભેદોને વિશે પંદર પ્રકારનો કાયાદિ યોગ કહેવાયો છે તેને તે રીતે તેઓને વિશે જોડી લેવો.

ત્યાં (= **૧૫** યોગમાં) મનોયોગ ૪ પ્રકારે છે. તે આ મુજબ → સત્ય, અસત્ય, સત્યાસત્ય, (= મિશ્ર), અસત્યામૃષા. એ રીતે વાગ્યોગમાં પણ ૪ પ્રકાર જાણવા. કાયયોગ ૭ પ્રકારે છે, તે આ મુજબ → ઔદારિક, ઔદારિક મિશ્ર, વૈક્રિય, વૈક્રિયમિશ્ર, આહારક, આહારકમિશ્ર અને કાર્મણ.

ननु च '*अनादिसम्बन्धे च*' (अ. २, सू. ४२), '*सर्वस्य*' (अ. २, सू. ४३) इति वचनात् तैजसयोगसद्भावोऽपि, अतोऽष्टविधेन काययोगेन भवितव्यम्, ततश्च षोडशभेदो योगः स्यात्, अवधारणं च भाष्ये कर्मकृत एवेति तदप्यसमीक्ष्य कृतं स्यात्।

**तत्रोच्यते** → **'सर्वस्य'** (अ. २, सू. ४३) इत्यत्र सूत्रे तैजसयोगमाचार्योऽन्यमतेन निराकरिष्यति **'एके त्वाचार्याः नयवादापेक्षम्'** इत्यादिना भाष्येण, (पृ. २२६) अतः क्रममुदीक्षस्व मा त्वरिष्ठाः, तत्रैवेदं [1]निश्चेष्यते, समासतस्तावद् गृहाण तैजसं कार्मणान्न भिन्नमेकमेवेदमित्यतः पञ्चदशधा योगः, अवधारणमपि भाष्ये नासमञ्जसमिति।

सोऽयमधुना जीवेषु पञ्चदशविधो योग आयोज्यते → संज्ञिमिथ्यादृष्टेरारब्धौ यावत् सयोग-

• *હેમગિરા* •

## ❈ તૈજસ અને કાર્મણ ભિન્ન નથી - નયવાદાચાર્ય ❈

**પ્રશ્ન :** આ બીજા અધ્યાયના **'अनादि सम्बन्धे च'** એવા સૂત્ર ૪૨માં તૈજસ અને કાર્મણ એ બે શરીર જીવ સાથે અનાદિ સંબંધવાળા છે તથા ૪૩મા **'सर्वस्य'** સૂત્રમાં સર્વ જીવને આ બે શરીર સદા સંસારમાં હોય જ છે, આ પ્રમાણેના વચનથી તૈજસ કાયયોગનો પણ સદ્ભાવ છે. આથી (= કાયયોગમાં તૈજસનો સદ્ભાવ હોવાથી) કાયયોગ (તૈજસ સહિત) ૮ પ્રકારે હોવો જોઈએ અને તેથી (= કાયયોગ ૮ પ્રકારે થવાથી) યોગ **૧૬** પ્રકારે થાય (**૧૫** પ્રકારે નહિ) અને **'कर्मकृत एव'** એવું જે અવધારણ (પ્રસ્તુત સૂત્રના) ભાષ્યમાં કર્યું છે તે પણ વિચાર્યા વિના કરાયેલું ગણાય.

**ઉત્તર :** અહીં (બીજા અધ્યાયમાં) **'सर्वस्य'** એવા ૨/૪૩ સૂત્રમાં વાચકશ્રી તૈજસયોગનો **'एके त्वाचार्याः नयवादापेक्षम्'** ઇત્યાદિ ભાષ્ય દ્વારા અન્ય મત વડે નિરાકરણ કરશે. એથી → (હે મતિમાન્ !) ક્રમને જો (= ક્રમની રાહ જુઓ = ક્રમશઃ કહેવાતા સૂત્રને બરાબર સાંભળો) ઉતાવળ ન કર ! ત્યાં (= આગળ ૨/૪૩ સૂત્રના ભાષ્યમાં) જ આ વાતનો સારી રીતે નિશ્ચય કરાશે. હમણાં સંક્ષેપમાં આટલું ગ્રહણ કર (= સમજ) કે - તૈજસ એ કાર્મણથી ભિન્ન નથી, પરંતુ એક (= અભિન્ન) જ છે. આ પ્રમાણે હોવાથી **૧૫** પ્રકારના યોગ થયા તથા ભાષ્યમાં કરાયેલું અવધારણ અસમંજસ (= દોષ) રૂપ નથી.

## ❈ ૧૫ યોગ જીવમાં ઘટાડીએ ❈

હમણાં આ **૧૫** પ્રકારના યોગ જીવમાં યોજાય છે - પ્રથમ (સત્ય) અને ચોથો (અસત્યામૃષા) મનોયોગ સંજ્ઞી મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકથી આરંભાયેલા જ્યાં સુધી સયોગી કેવળી ગુણઠાણું આવે ત્યાં સુધી (જીવ વડે) મેળવાય છે અને આ જ સ્થાનોને વિશે સત્યવાગ્યોગ પણ હોય છે. પરંતુ

१. विशेष्यते-रा.।

केवली तावदाद्य-तुर्यौ मनोयोगौ लभ्यते, एतेष्वेव च स्थानेषु सत्यवाग्योगोऽपि, तुरीयः पुनर्वाग्योगो द्वीन्द्रिय मिथ्यादृष्टेरारब्धो यावत् सयोगिकेवली तावत् समस्ति, द्वितीय-तृतीयवाग्योगौ संज्ञिमिथ्यादृष्टेरारब्धौ यावत् क्षीणकषायवीतरागच्छद्मस्थैस्तावल्लभ्येते[२]। एवं मनोयोगावपि द्वितीय-तृतीयौ। ऋजुगत्यां यावद् भवान्तरसम्प्राप्तिस्तावदन्तराले यथासम्भवमौदारिक-वैक्रियकाययोगौ भवतः, वक्रायां तु पुनस्तौ विनिवर्तेते, नारक-सुरा वैक्रिययोगभाजः, तिर्यग्मनुष्या औदारिक-वैक्रिययोगिनः, आहारकयोगः प्रमत्तेन निष्पाद्यते पश्चादप्रमत्तस्य भवति, एत एव हि नारकादयोऽपर्याप्तकावस्थावर्तिनो मिश्रयोग-भाजो भवन्ति, औदारिक-वैक्रिये येषां ग्राह्ये पुरोजन्मनि तेषां कार्मणेन मिश्रः, यस्याहारकं ग्राह्यं तस्यौदारिकेण मिश्रः, सम्यग्मिथ्यादृशमपहाय मिथ्यादृष्टेरारब्धोऽन्तर्गतौ कार्मण एव योगस्तावल्लभ्यते यावदुपशान्तकषाय-वीतरागच्छद्मस्थ इति। केवलिसमुद्घातकाले च तृतीय-चतुर्थ-पञ्चमसमयेषु कार्मण एव। सूत्रे चावध्रियते



ચોથો (અસત્યામૃષા) વાગ્યોગ બેઇન્દ્રિય મિથ્યાદષ્ટિથી આરંભાયેલો સયોગી કેવલી ગુણઠાણું આવે ત્યાં સુધી હોય છે. તથા બીજો (અસત્ય) અને ત્રીજો (સત્યાસત્ય) વચનયોગ સંજ્ઞી મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકથી આરંભાયેલા જ્યાં સુધી ક્ષીણકષાય (મોહ) વીતરાગ છદ્મસ્થ (૧૨મું) ગુણઠાણું આવે ત્યાં સુધી (જીવવડે) મેળવાય છે. આ જ પ્રમાણે બીજો (અસત્ય) અને ત્રીજો (સત્યાસત્ય) મનોયોગ પણ સંજ્ઞી મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકથી આરંભાયેલા જ્યાં સુધી ક્ષીણ કષાય વીતરાગ છદ્મસ્થ ગુણઠાણું આવે ત્યાં સુધી જીવ વડે મેળવાય છે.

ઋજુગતિમાં (વર્તતા જીવને) જ્યાં સુધી બીજા ભવની પ્રાપ્તિ થાય છે ત્યાં સુધી વચમાં યથાસંભવ ઔદારિક કાયયોગ અને વૈક્રિય કાયયોગ હોય. વક્રગતિમાં (વચલા સમયોમાં) તો આ બંને કાયયોગો નિવૃત્ત થઈ જાય છે. નારક અને દેવો વૈક્રિય કાયયોગવાળા હોય છે. તિર્યંચ અને મનુષ્યો ઔદારિક અને વૈક્રિય એમ બે કાયયોગવાળા હોય છે. આહારકયોગનું પ્રમત્તસંયતિ નિર્માણ કરે છે, નિર્માણ થયા પછી અપ્રમતસંયતિને હોય છે. અપર્યાપ્ત અવસ્થામાં રહેતા આ જ નારકાદિ જીવો ખરેખર મિશ્રયોગવાળા હોય છે. જેઓને આગળના જન્મમાં ઔદારિક, વૈક્રિય શરીર ગ્રહણ કરવાના હોય છે તેઓને કાર્મણ સાથે (ઔદારિક - વૈક્રિયનો) મિશ્રયોગ હોય છે. જેને આહારક શરીર ગ્રહણ કરવાનું હોય તેને ઔદારિક સાથે (આહારકનો) મિશ્રયોગ હોય છે.

## ❊ કાર્મણ કાયયોગ વિગ્રહગતિમાં અને કેવળી સમુદ્ઘાતમાં ❊

(જીવને) અંતર્ગતિમાં ત્રીજા મિશ્ર સમકિત ગુણસ્થાનકને છોડી મિથ્યાદષ્ટિ (પ્રથમ) ગુણસ્થાનકથી માંડી જ્યાં સુધી **૧૧મું** ઉપશાંત કષાય વીતરાગ છદ્મસ્થ ગુણસ્થાનક આવે ત્યાં સુધી કાર્મણ યોગ જ હોય છે.

१. °द्मस्थास्ता° - °प्रा.। २. लभ्यते - मु. खं.।

विग्रहगतिः[1], न कर्मयोगः, ततोऽन्यत्रापि दर्शनादिति, द्वितीय-षष्ठ-सप्तमेष्वौदारिक-कार्मणमिश्रः, प्रथमाष्टमयोरौदारिक एव, एवमन्यत्र तु यथोक्तः कायादियोगः समायोजितो भवति।

**अथ विग्रहगतौ कर्मयोग** (२/२६) इतिवचनादेकविग्रहायामपि गतौ कार्मण एव योगः कस्मान्न भवति ? साऽपि हि विग्रहगतिर्भवत्येवेति।

**उच्यते →** विग्रहगताविति न व्याप्तिर्विवक्षिता तिलतैलवत्, किन्तु विषयो विवक्षितः खे शकुनिरूदके मत्स्य इति यथा, अवश्यं चैतदेवं ग्रहीतव्यम्, अन्यथा द्विविग्रहायां त्रिविग्रहायां वा गताद्यन्तयोरपि समययोः कार्मणयोगः प्राप्नोति, इष्यते च द्विविग्रहायां मध्यमसमये त्रिविग्रहायां मध्यमयोर्द्वयोरिति॥

● *હેમગિરા* ●

કેવલી ભગવંતને કેવલી સમુદ્ઘાતના કાળે ત્રીજા, ચોથા અને પાંચમા સમયોમાં કાર્મણ યોગ જ હોય છે. વળી સૂત્રમાં વિગ્રહગતિ અવધારણ કરાઈ છે, કાર્મણયોગ નહિ અર્થાત્ કાર્મણયોગમાં વિગ્રહગતિના સમયો જ હોય એવું નથી પણ વિગ્રહગતિના વચલા સમયોમાં એક કાર્મણયોગ જ હોય છે. કેમકે તેનાથી (= વિગ્રહગતિથી) અન્યત્ર (= કેવલી સમુદ્ઘાતના ત્રીજા, ચોથા, પાંચમાં સમયમાં) પણ આ કાર્મણયોગ જોવા મળે છે. કેવલી સમુદ્ઘાતનાં બીજા, છઠ્ઠા અને સાતમા સમયને વિશે ઔદારિક-કાર્મણ મિશ્ર કાયયોગ હોય છે અર્થાત્ કાર્મણ એ ઔદારિક સાથે મિશ્ર હોય છે તથા પ્રથમ અને આઠમા સમયે ઔદારિક-કાયયોગ જ હોય છે. આ પ્રમાણે અન્યત્ર (= વિગ્રહગતિ સિવાયની ગતિઓમાં) યથોક્ત કાયાદિ યોગની યોજના થઈ છે.

### ❊ ..... તો સંપૂર્ણ વિગ્રહગતિમાં માત્ર કાર્મણયોગ નથી ❊

**પ્રશ્ન :** 'વિગ્રહગતિમાં કાર્મણ યોગ હોય છે' એવું ૨/૨૬ સૂત્રનું વચન હોવાથી એક વળાંકવાળી ગતિમાં પણ કાર્મણ જ યોગ કેમ નથી હોતો ? કારણકે તે (બે સમયવાળી, એક વળાંકવાળી) ગતિ પણ વિગ્રહગતિ તો હોય છે જ ?

**ઉત્તર :** 'તલમાં તેલ હોય છે' એમ કહેવા દ્વારા જેમ તલમાં તેલની વ્યાપ્તિ વિવક્ષિત છે કે 'જ્યાં જ્યાં તલ હોય ત્યાં ત્યાં તેલ હોય' તેમ અહીં 'વિગ્રહગતિમાં કર્મયોગ હોય છે' એમ કહેવા દ્વારા વ્યાપ્તિ નથી દર્શાવી કે 'જ્યાં જ્યાં વિગ્રહગતિ હોય ત્યાં ત્યાં કર્મયોગ હોય' પરંતુ જેમ આકાશમાં પક્ષી છે, પાણીમાં માછલી છે એમ વિગ્રહગતિમાં કાર્મણયોગ છે, એમ જાણવું અને આ પ્રમાણે જ આ અર્થ માન્ય કરવો, અન્યથા (= જો આ રીતે અર્થ ન સ્વીકારો તો) તમારા કહેવા મુજબ (૩ સમયવાળી) બે વિગ્રહવાળી ગતિમાં અને (૪ સમયવાળી) ૩ વિગ્રહવાળી ગતિમાં પ્રથમ અને અંત સમયે પણ કાર્મણયોગ પ્રાપ્ત થાય અર્થાત્ કાર્મણયોગ સ્વીકારવાની

१. ॰गतौ - मु. प्रा. (खं. रा.)। २. ॰नाद् द्विती - ॰खं. भां.।

• गन्धहस्ति •

**ननु** च विग्रहगतिसमापन्नः कार्मणेन योगेन भवान्तरं सङ्क्रामति तत् कथं *'निरुपभोगमन्त्यम्* (अ. २, सू. ४५) इति वक्ष्यते अयमेव हि तस्योपभोगो यदुत भवान्तरसङ्क्रान्तिरिति ?।

**उच्यते** → विशिष्टः सूत्रे सुख-दुःखयोरुपभोगः कर्मबन्धानुभव-निर्जरालक्षणश्च प्रतिषेत्स्यते, न चेष्टारूप इति।

**अथ** कथं सूत्रमिदम् ? → *"*जावं च णं भंते ! अयं जीवे एयति वेयति चलति फंदति तावं च णं णाणावरणिज्जेणं जाव अंतराइएणं बज्झतित्ति ? हंता गोयमा !*"

कार्मणयोगकाले चास्ति चलनं, तत् कथं बन्धादिलक्षणोपभोगप्रतिषेधः ?

• *હેમગિરા* •

આપત્તિ આવશે. હકીકતમાં (૩ સમયવાળી) દ્વિવિગ્રહગતિમાં મધ્યના ૧ સમયમાં અને (૪ સમયવાળી) ત્રિવિગ્રહગતિમાં મધ્યના બે સમયમાં (જ) કાર્મણયોગ ઈચ્છાય છે.★

## ❁ કાર્મણમાં વિશિષ્ટ ઉપભોગનો નિષેધ ❁

**પ્રશ્ન :** વિગ્રહગતિને પ્રાપ્ત થયેલો જીવ કાર્મણયોગ વડે ભવાંતરમાં સંક્રમણ કરે છે, તો પછી ૨/૪૫મા સૂત્રમાં 'અંતિમ (કાર્મણ) શરીર નિરુપભોગ (= સુખદુઃખાદિના ભોગ વિનાનું) હોય છે' એ પ્રમાણે કઈ રીતે કહેવાશે ? કેમકે જે અન્ય ભવમાં સંક્રાતિ છે એ જ તે (કાર્મણ શરીર)નો ઉપભોગ છે.

**ઉત્તર :** ૨/૪૫ સૂત્રમાં સુખદુઃખનો વિશિષ્ટ ઉપભોગ, વિશિષ્ટ કર્મનો બંધ, વિશિષ્ટ કર્મનું વેદન અને વિશિષ્ટ કર્મની નિર્જરા સ્વરૂપ વિશિષ્ટ ઉપભોગનો નિષેધ કરવામાં આવશે, પરંતુ ચેષ્ટા રૂપ (= ભવાંતરમાં સંક્રાતિ રૂપ) ઉપભોગનો નિષેધ કરાશે નહિ.

## ❁ ભગવતી સૂત્રનો તાત્પર્યાર્થ ❁

**શંકા :** વિગ્રહગતિને વિશે કાર્મણયોગના કાલમાં જો ચલન ક્રિયા છે તો તેના સદ્ભાવમાં તમે કર્મબંધ આદિ સ્વરૂપ ઉપભોગનો નિષેધ કઈ રીતે કરો છો કેમકે તે રીતે નિષેધ કરતાં ચલન આદિ ક્રિયામાં કર્મબંધનું પ્રતિપાદક આ નિમ્નલિખિત સૂત્ર કઈ રીતે ઘટશે ? તે આ મુજબ →

**પ્રશ્ન :** હે પ્રભુ ! જ્યારે આ જીવ ચાલે છે, કંપે છે, સ્પંદન કરે છે ત્યારે જ્ઞાનાવરણીયથી માંડી અંતરાય સુધીના કર્મથી બંધાય છે ?

**ઉત્તર :** હે ગૌતમ ! હા. (જ્ઞાનાવરણીયાદિ કર્મથી બંધાય છે.)

વિગ્રહગતિને વિશે કાર્મણયોગના કાલમાં ચલન છે તેથી ઉપરોક્ત આગમ પાઠના અનુસારે ત્યાં કર્મબંધ આદિ સ્વરૂપ ઉપભોગ સંભવે, તો પછી ૨/૪૨ સૂત્રમાં કાર્મણ શરીરમાં બંધાદિ

★*'यावच्च णं भदन्त ! अयं जीव एजते व्यजते चलति स्पन्दते तावच्च णं ज्ञानावरणीयेन यावद् अन्तरायिकेण बध्यते इति ? हन्त गौतम !*

**उच्यते** → भवस्थमाश्रित्य भगवता सूत्रं प्राणायि ज्ञानावरणाद्यास्रवाणां तदैव सद्भावात्, अपि च अल्पः कालः समयद्वयं कस्तत्रोपभोगेनाभिसम्बन्ध इति, स्याद् वा काययोगप्रत्ययस्तत्र बन्धः स तु न विवक्ष्यते भाष्यकारेण, ज्ञानावरणाद्यास्रवविशेषाहितबन्धनिराकारसूत्रं व्याख्यास्यत इति,

**एवं** तर्ह्यानुपूर्वीनामकर्मोपभोगस्तदैव नान्यदा जन्तोः, अन्यत्र केवलिद्विचरमसमयात् ज्ञानावरणाद्युपभोगश्च यथासम्भवमतः कथमुपभोगप्रतिषेध इति ?

**उच्यते** → पुनः पुनर्विरुवन्मुधा कदर्थयसि त्वमस्मान्, तत्रैव सूत्रे [1]निश्चायिष्यत एतदभिव्यक्तरूपा हिंसादयो न तत्र सन्ति, न च तदनुरूपफलोपभोग इति व्यक्तमावेश्य चेतसि प्राणैषीत् सूत्रम्

● *હેમગિરા* ●

સ્વરૂપ ઉપભોગનો નિષેધ કઈ રીતે કરાયો છે ?

**સમાધાન :** ભગવાને ઉપરોકત આગમ સૂત્ર ભવસ્થ (= ભવમાં રહેનાર) જીવને આશ્રયીને રચેલ છે, કારણકે જ્ઞાનાવરણ આદિ કર્મના આશ્રવો (= પ્રાણાતિપાતાદિ)નો ત્યારે જ (= ભવસ્થકાળને વિશે જ) સદ્ભાવ છે અને વિગ્રહગતિનો જે બે સમય રૂપ અલ્પકાળ છે ત્યાં કર્મબંધ સ્વરૂપ ઉપભોગ સાથે જીવનો સંબંધ શું સંભવી શકે ? ન સંભવે (કેમકે બે સમય રૂપ અલ્પકાળમાં પ્રાણાતિપાત વગેરે આશ્રવો સંભવી શકે નહીં). અથવા ત્યાં (= વિગ્રહગતિમાં) કાયયોગના પ્રત્યય (= નિમિત્ત)વાળો બંધ ભલે હોય પરંતુ તેની ભાષ્યકારશ્રીએ અહીં વિવક્ષા કરી નથી. જ્ઞાનાવરણ આદિ કર્મોના વિશિષ્ટ આશ્રવથી થયેલ બંધના (અંતર્ગતિમાં) નિષેધ કરનાર સૂત્રની (આગળ) વ્યાખ્યા કરાશે.

## ❊ અભિવ્યકત ઉપભોગનો અભાવ = નિરુપભોગ ❊

**શંકા :** એ રીતે વિચારતાં વિગ્રહગતિમાં વિશિષ્ટ કર્મબંધને આશ્રયીને ભલે ઉપભોગ નથી ઘટતો પરંતુ કર્માનુભવની (= વિપાકોદયની) અપેક્ષાએ તો ઉપભોગ ઘટશે જ, કેમકે આનુપૂર્વી નામકર્મનો ઉપભોગ = ઉદય તો ત્યારે (= વિગ્રહ ગતિની ક્ષણમાં) જ રહેલો છે અન્ય સમયે નહિ. વળી અન્ય ગ્રંથોમાં બતાવેલ છે કે કેવળી અવસ્થાના પૂર્વે **૧૨**માં ગુણઠાણાના દ્વિચરમ સમય સુધી જ્ઞાનાવરણાદિ કર્મોનો ઉદય-રૂપ ઉપભોગ યથાસંભવ હોય છે.

આથી ઉપભોગનો પ્રતિષેધ શા માટે કરાયો છે ?

**સમાધાન :** ફરી ફરી મોટેથી અવાજ કરતો તું ફોગટ અમારી કદર્થના કરે છે. ત્યાં જ આગળના **૨/૪૫** સૂત્રમાં આ નિશ્ચય કરાશે કે ત્યાં વિગ્રહગતિમાં અભિવ્યકત રૂપ (= સ્પષ્ટ રૂપે દેખાતા) હિંસાદિ આશ્રવદ્વારો નથી અને તેને અનુરૂપ ફળનો ઉપભોગ પણ નથી. એમ વ્યકત (= સ્પષ્ટ) એવા ઉપભોગને મનમાં રાખી વાચકશ્રીએ '**निरूपभोगमन्त्यम्**' એવા ૨/**૪૫** સૂત્રની

१. निश्चयिष्यते - मु (खं. भां.)।

## सूत्रम् :- [1]अनुश्रेणि गतिः ॥२/२७॥

गन्धहस्ति

(२/४५) आचार्यस्तस्मादवस्थितमिदम् → विग्रहगतौ कार्मण एव योगः, न शेष इति॥२/२६॥

**अथ** येषां जीवानां गतिर्भवान्तरप्रापिणी सा किं यथाकथञ्चिद् भवति, आहोस्विदस्ति कश्चिन्नियमः ?। अस्तीत्यु**च्यते** →

अथवा किं पुनरयमात्मा भवान्तरप्राप्तौ वक्रां गतिं प्रतिपद्यते गतिनियमात् कुतश्चिदुताहो यथाकथञ्चिदिति ? गतिनियमात् **इत्याह**। कः पुनरसौ गतिनियमः ? **उच्यते** → [2]**अनुश्रेणि गतिः**। श्रेणिः = आकाशप्रदेशपङ्क्तिः स्वशरीरावगाहप्रमाणा, प्रदेशाश्चामूर्ताः क्षेत्रपरमाणवोऽत्यन्तसूक्ष्मा नैरन्तर्यभाजः, सा चासङ्ख्येयप्रदेशा जीवगतिविवक्षायाम्, अन्यत्र[3] तु मौक्तिकहारलतेवैकैकाकाशप्रदेशरचनाहित-

**સૂત્રાર્થ : અનુશ્રેણી (આકાશશ્રેણી મુજબની) ગતિ હોય છે. ॥૨/૨૭॥**

*હેમગિરા*

રચના કરી છે (વિગ્રહગતિમાં ઉપરોક્ત બંધ - ઉદયાદિની અપેક્ષાએ સિદ્ધ કરેલો ઉપભોગ તે અનભિવ્યક્ત છે), તેથી આ સિદ્ધ થયું કે વિગ્રહગતિમાં (વચલા સમયોમાં) કાર્મણ જ યોગ હોય છે, શેષ યોગ નહિ. ॥૨/૨૬॥

**૨/૨૭ સૂત્રની અવતરણિકા : પ્રશ્ન :** જે જીવોની ભવાંતરને પ્રાપ્ત કરાવનારી ગતિ હોય છે તે ગતિ શું જેમ તેમ હોય છે કે ગતિ માટેનો કોઈ નિયમ છે ?

**ઉત્તર :** નિયમ છે, તે નિયમને બતાવતાં ૨/૨૭ સૂત્રને સૂત્રકારશ્રી કહે છે અથવા (બીજી રીતે અવતરણિકા આ પ્રમાણે છે કે) શું આ આત્મા ભવાંતરની પ્રાપ્તિને વિશે કોઈક ગતિના નિયમથી વક્રગતિને પામે છે કે અનિયમિતપણે જેમ તેમ પામે છે ? જો ગતિના નિયમથી પામે છે એમ કહો છો તો એ ગતિનો નિયમ કયો છે ? તે કહો આ પ્રશ્નના ઉત્તરમાં આ ૨/૨૭ સૂત્ર કહે છે.

### ❊ જીવ - પુદ્ગલની સ્વભાવથી અનુશ્રેણિ ગતિ ❊

**'अनुश्रेणि गतिः'** આ ૨/૨૭ સૂત્ર છે. અહીં તેનું વિવેચન કરે છે → શ્રેણી એટલે પોતાના શરીરની અવગાહના પ્રમાણ આકાશ પ્રદેશની પંક્તિ અને પ્રદેશો એટલે અત્યંત સૂક્ષ્મ, અમૂર્ત (= અરૂપી) એવા ક્ષેત્ર પરમાણુઓ જે નિરંતરપણાને ભજનારા છે અર્થાત્ વ્યવધાન વગર એક પછી એક એમ નિરંતર એક પંક્તિથી સતત જોડાઈને રહેલા છે. જીવની ગતિની વિવક્ષામાં તે શ્રેણી અસંખ્યેય પ્રદેશાત્મક જાણવી. (અર્થાત્ જીવ એ અસંખ્યેય પ્રદેશાત્મક હોવાથી ગતિ કરતી વેળાએ તે અસંખ્ય આકાશ પ્રદેશને સ્પર્શીને ગતિ કરે છે.)

१. अनुश्रेणिर्गतिः - मु. (भाव.)। २. अनुश्रेणिर्गति - मु. (खं)। ३. °यत्र मौ° - मु. (खं. भां.)।

स्वरूपाऽपि ग्राह्या, परमाणोस्तावत्यामेव [1]अवस्थानात् द्व्यणुकादेस्तावत्यामधिकायां चेत्येवमनन्त-प्रदेशिकस्कन्धपर्यवसानं पुद्गलद्रव्यमुपयुज्य वाच्यम्। तत्रानु**श्रेणीति** श्रेणिमनु अनुश्रेणि श्रेण्यामनु-सारिणी गतिरितियावत्, अनुगङ्गं वाराणसी यथा। गमनं = **गतिः** = देशान्तरप्राप्तिः, सा चाकाशश्रेण्य-भेदवर्तिनी स्वयमेव समासादितगतिपरिणतेर्जन्तोर्गतिहेतुसकललोकव्यापिधर्मद्रव्यापेक्षा प्रादुरस्ति।

भवान्तरसङ्क्रान्त्यभिमुखो जीवो मन्दक्रियावत्त्वात् कर्मणो यानेवाकाशप्रदेशानवष्टभ्य शरीर-वियोगं करोति तानेवाभिन्दन् देशान्तरं गच्छत्यूर्ध्वमधस्तिर्यग् वा, विश्रेणिगत्यभावाद्, धर्मास्तिकाय-



વળી અન્યત્ર તો (= જીવની ગતિ સિવાયની વિવક્ષામાં) આ શ્રેણી મોતીના પાતળા હારની જેમ એક એક આકાશ પ્રદેશની રચના વડે બનેલા સ્વરૂપવાળી પણ ગ્રાહ્ય છે કારણકે એક પરમાણુની અવસ્થિતિ તો તેટલામાં (= એક આકાશ પ્રદેશવાળી શ્રેણીમાં) જ છે. દ્વયણુકાદિની અવસ્થિતિ તેટલામાં (= એક આકાશ પ્રદેશવાળી શ્રેણીમાં) અને અધિકમાં (= બે આકાશ પ્રદેશવાળી શ્રેણીમાં) હોય છે. આ પ્રમાણે અનંત પ્રદેશિક સ્કંધ સુધી પુદ્ગલ દ્રવ્યને આશ્રયીને કહેવું.

ત્યાં (= **अनुश्रेणि गतिः** ૨/૨૭ સૂત્રમાં રહેલ) 'શ્રેણી' શબ્દનો અર્થ કર્યા પછી હવે અનુશ્રેણી શબ્દની વ્યાખ્યા કરતાં કહે છે કે - અનુશ્રેણી એટલે 'શ્રેણીની પાછળ રહે તે' અર્થાત્ શ્રેણીને વિશે અનુસરણ કરનારી (= શ્રેણી તરફ જનારી) ગતિ તે અનુશ્રેણી ગતિ. '**अनुगङ्गम् वाराणसी**' (= ગંગા તરફ કે ગંગાની પાસે (= કાંઠે) વારાણસી નગરી છે.) એ વાકયમાં જેમ '**अनुगङ्गम्**' પદમાં અવ્યયીભાવ સમાસ છે તેમ પ્રસ્તુત '**अनुश्रेणि**' પદમાં પણ સમજવો. ગતિ એટલે ગમન અર્થાત્ દેશાંતર પ્રાપ્તિ અને તે ગતિ આકાશ શ્રેણીની સાથે અભેદ રૂપે વર્તનારી, ગતિમાં હેતુભૂત અને સકલ લોક વ્યાપી એવા ધર્માસ્તિકાય દ્રવ્યની અપેક્ષાવાળી, આપ મેળે જ ગતિ કરવાને પરિણત થયેલા જીવને ઉત્પન્ન થાય છે.

### ❊ જીવ અને પુદ્ગલની પરપ્રયોગથી વિશ્રેણીગતિ ❊

ભવાંતરમાં સંક્રમણ કરવાને અભિમુખ થયેલો જીવ કર્મની મંદક્રિયાવાળો હોવાથી જે આકાશ પ્રદેશોનો આશ્રય લઈને (ઔદારિકાદિ) શરીરનો ત્યાગ કરે છે, તે જ આકાશ પ્રદેશને નહિ ભેદતો = છોડતો, અર્થાત્ એઓનો જ આશ્રય લેતો ઊંચે, નીચે અથવા તિર્યગ્ દિશાએ દેશાંતરમાં જાય છે કેમકે આ ૩ દિશાની શ્રેણી સિવાયની વિશ્રેણીમાં જીવની ગતિનો અભાવ હોય છે. તેમજ લોક પૂર્ણ થયા પછી ધર્માસ્તિકાય દ્રવ્યનો અભાવ હોવાથી જીવ વધુમાં વધુ લોકના પર્યંતે જ સ્થિર થઈ જાય છે (પણ આગળ જઈ શકતો નથી). તથા એક ભવથી બીજા ભવે જતાં જીવને જો લોક પર્યંતવર્તી નિષ્કુટ રૂપ ક્ષેત્રમાં ઉત્પન્ન થવાનું હોય તો ધર્માસ્તિકાયની

१. व्यवस्थानात् - मु. (खं. भा.)।

**भाष्यम् :- सर्वा गतिर्जीवानां पुद्गलानां चाकाशप्रदेशानुश्रेणि [1]भवति, विश्रेणिर्न भवतीति गतिनियम इति॥२/२७॥**

• गन्धहस्ति •

भावाच्च परतो लोकपर्यन्ते एव व्यवतिष्ठते, लोकनिष्कुटोपपातक्षेत्रवशाच्च भवान्तरप्राप्तावश्यमेव धर्माज्जीवो वक्रां गतिं प्रतिपद्यते, पुद्गलानामपि परप्रयोगनिरपेक्षाणां स्वाभाविकी [2]गतिरनुश्रेणि भवति यथाऽणोः प्राच्यात् लोकान्तात् प्रतीच्यं लोकपर्यन्तमेकेन समयेन प्राप्तिरिति प्रवचनोपदेशः, परप्रयोगापेक्षया त्वन्यथाऽपि गतिरस्तीति॥

अधुना भाष्यमनुगम्यते → **सर्वा** गतिरित्यादि। **सर्वे**ति ऊर्ध्वमधस्तिर्यग् वा देशान्तरप्राप्तिः, **जीवानां** = जीवनयुजां संसरणधर्माणामित्यर्थः, **पुद्गलानामि**ति पुरणाद् गलनाच्च पुद्गलाः निरुक्त-प्राभृतानुसारेण उपचयापचयभाजः, तेषां च, समुच्चितौ चशब्दः।

**कथं** पुनरत्र पुद्गलग्रहणमतर्कितमेव सहसा विहायसोऽपतदिति ?

**ભાષ્યાર્થ : જીવો અને પુદ્ગલોની સર્વ ગતિ આકાશપ્રદેશની શ્રેણીને અનુસરનારી હોય છે, વિશ્રેણી ન હોય એ પ્રમાણે ગતિનો નિયમ છે.॥૨/૨૭॥**

• *હેમગિરા* •

સહાયથી અવશ્ય જ વક્રગતિને કરે છે.

પરપ્રયોગથી નિરપેક્ષ એવા પુદ્ગલોની પણ સ્વાભાવિક ગતિ અનુશ્રેણી હોય છે. જેમકે એક અણુની (સ્વાભાવિક ગતિ દ્વારા) પૂર્વ લોકાંતથી છેક પશ્ચિમ લોકાંત સુધી એક સમય વડે પ્રાપ્તિ હોય છે એમ સિદ્ધાંતમાં જણાવ્યું છે. પરપ્રયોગની અપેક્ષાએ તો અન્યથા રીતે (વિશ્રેણી રૂપે) પણ આ અણુની ગતિ હોય છે.

અત્યારે **सर्वा गतिः** ભાષ્યનો અર્થ કહેવાય છે → સર્વ એટલે ઉંચે, નીચે કે તીર્છી એમ ૩ પ્રકારે દેશાંતરની પ્રાપ્તિ (= ગતિ) જીવોને અને પુદ્ગલોને હોય છે. (હવે ટીકાકારશ્રી જીવ અને પુદ્ગલનો અર્થ ખોલે છે →) **જીવ** → જીવનથી યુક્ત અર્થાત્ સંસરણ ધર્મવાળા છે. **પુદ્ગલ** → પૂરણ (= ભેગું થવું) અને ગલન (= છૂટા પડવું) સ્વભાવવાળા છે તેથી પુદ્ગલ કહેવાય છે, નિરુક્ત (= શબ્દવ્યુત્પત્તિ દર્શક) પ્રાભૃત ગ્રંથમાં નિર્દિષ્ટ વ્યુત્પત્તિના અનુસારે ઉપચય (= વૃદ્ધિ) અને અપચય (= હાનિ) સ્વભાવવાળા પુદ્ગલો છે. ભાષ્યમાં '**च**' શબ્દ જીવ અને પુદ્ગલ બંનેના સમુચ્ચયમાં છે.

## ❊ એક પંથ દો કાજ ❊

**પ્રશ્ન :** અહીં (= ભાષ્યમાં) સહસા અવિચારિત જ એવું પુદ્ગલનું ગ્રહણ આકાશમાંથી

१. श्रेणिर्भवति - मु (भाव.)। २. गतिरनुश्रेणिर्भवति - मु (खं.)।

**उच्यते →** जीवाधिकारानुवृत्तौ गतिनियमविवक्षायामनुपात्तमपि सूत्रे लाघवैषिणा भाष्यकारेणोपात्तमेकप्रयत्नसाध्यत्वात्, अन्यथा तु गौरवं जायते। अतश्चेदमवश्यमर्थतो वक्तव्यम् → **पुद्गलानां** चेति, उत्तरत्र सूत्रे जीवग्रहणाद्, अन्यथा जीवाधिकारानुवृत्तौ जीवग्रहणस्य न किंचित् प्रयोजनमुपलभ्यते[1], तस्मात् पश्यत्ययमाचार्यो जीवानां पुद्गलानां च गतिनियमं अनन्तरसूत्रेऽतः पुद्गलव्यवच्छित्तये जीवग्रहणमिति।

**आकाशप्रदेशानुश्रेणिर्भवति**। जीव-पुद्गलावगाहलक्षणमाकाशं तस्य प्रदेशाः = परमाणवोऽमूर्तास्तेषां पङ्क्तिः = प्रदीर्घा श्रेणिरसंख्यातप्रदेशा, पुद्गलगमने तु सङ्ख्यातप्रदेशाऽपि, तामेवं-

• હેમગિરા •

શી રીતે આવી પડ્યું ? કેમકે અહીં જીવનો અધિકાર ચાલી રહ્યો છે.

**ઉત્તર :** જીવના અધિકારની અનુવૃત્તિમાં જીવ અંગેના ગતિ નિયમની વિવક્ષાવાળા સૂત્રમાં નહીં ગ્રહણ કરાયેલું પણ પુદ્ગલ (= અજીવ)નું ગ્રહણ લાઘવને ઇચ્છનાર ભાષ્યકારશ્રીએ ગ્રહણ કર્યું છે. કેમકે તે એક પ્રયત્નથી સાધ્ય છે. (જીવના ગતિ નિયમને બતાવવાનો પ્રસંગ ચાલુ હોય ત્યારે જીવની સાથે અજીવના ગતિ-નિયમની પણ વાત થઈ જાય તો આગળ આ વિષયને ફરી કહેવો ન પડે.) અન્યથા ગતિના નિયમ કથન પ્રસંગે જો અર્થતઃ = ભાષ્યતઃ પુદ્ગલોનું ગ્રહણ ન કરીએ તો પુદ્ગલ સંબંધી વ્યાખ્યા વખતે ફરી આ વિષયને કહેવાથી ગૌરવ થાય તે ન થાય એ માટે **'पुद्गलानां च'** એવું આ પદ (સૂત્રમાં ભલે નથી લખાયું છતાં) અર્થથી (= ભાષ્યથી) અવશ્ય કહેવું જોઈએ. (સૂત્રમાં પુદ્ગલોના ગ્રહણ વિશે યુક્તિ →) જેના દ્વારા જીવના પ્રસ્તાવની ચાલતી અનુવૃત્તિ અટકી ગઈ છે, એવા પુદ્ગલોનું ગ્રહણ પ્રસ્તુત ૨/૨૭ સૂત્રમાં ગર્ભિત રીતે રહેલું જ છે કેમકે ૨/૨૮ સૂત્રમાં પુનઃ **'जीवस्य'** પદનું ગ્રહણ કર્યું છે. અન્યથા (= અનુવૃત્તિને અટકાવનાર પુદ્ગલ શબ્દનું ગર્ભિત રીતે ગ્રહણ ૨/૨૭ સૂત્રમાં ન હોત તો) જીવના પ્રસ્તાવની અનુવૃત્તિ ચાલતી હોવાથી ૨/૨૮ સૂત્રમાં **जीवस्य** પદને ગ્રહણ કરવાનું કોઈ પ્રયોજન પ્રાપ્ત થાય નહીં. તેથી (= આ યુક્તિથી) સિદ્ધ થાય છે કે - અહીં ૨/૨૭ સૂત્રમાં આ આચાર્યશ્રી જીવો અને પુદ્ગલોની ગતિના નિયમને જુએ છે અર્થાત્ ૨/૨૭ સૂત્રથી બંનેના ગતિ નિયમ કહેવા ઇષ્ટ છે, એથી પછીના ૨/૨૮ સૂત્રમાં પુદ્ગલની બાદબાકી કરવા માટે **'जीवस्य'** પદનું ગ્રહણ કર્યું છે એમ જાણવું.

જીવ અને પુદ્ગલોની આકાશ પ્રદેશની શ્રેણીને અનુસરનારી ગતિને જણાવતાં વાચકશ્રી કહે છે કે આકાશ એ જીવ અને પુદ્ગલને અવગાહના આપવાના લક્ષણવાળું છે. તે આકાશના પ્રદેશો એટલે અમૂર્ત એવા પરમાણુઓ, એ પરમાણુઓની પંક્તિ અર્થાત્ અસંખ્ય પ્રદેશવાળી ઘણી દીર્ઘ શ્રેણી, વળી પુદ્ગલના ગમનમાં તો સંખ્યાત પ્રદેશવાળી પણ શ્રેણી હોય. તે આવા

१. °लभ्येत - प्रा.। २. °सूत्रोक्तः - प्रा.।

• गन्धहस्ति •

विधां श्रेणिमनुपत्य गमनमुपजायते आकाशप्रदेशानां या श्रेणिस्तामनुजायते गतिर्भवत्ययमर्थः समासस्तु, कथमेतच्चिन्त्यम् आकाशग्रहणं ? धर्मादिद्रव्यनिवृत्त्यर्थम्, तदेव ह्यवगाहदानेन व्याप्रियते, न शेषमिति। उक्तलक्षणायाः श्रेणेर्विगता या गतिः सा विश्रेणिर्जीवानाम्, पुद्गलानां तु स्वभावाद्, **विश्रेणिर्न भवतीति गतिर्नियम्यते।** पूर्वापरायता वियत्प्रदेशश्रेणयो दक्षिणोत्तरायताश्चापराः तथा चोर्ध्वमधश्च धर्माधर्मद्रव्यद्वयावधिका यास्तास्वेव गतिसद्भावात् ता एव विभिद्य न कदाचिदपि प्रयान्तीति॥२/२७॥

**अत्राह** → सैवंस्वभावा गतिः किमृज्वेव गत्वोपरमति, अथ कृत्वापि वक्रं पुनरुपजायते ?

**उच्यते** → पुद्गलानामनियमः, सिद्ध्यतस्त्वेकान्तेनैवाविग्रहेत्यत आह →

• હેમગિરા •

પ્રકારની શ્રેણીને અનુસરીને (જીવ કે પુદ્ગલનું) ગમન થાય છે. એટલે ટૂંકમાં આ અર્થ થયો કે - આકાશપ્રદેશોની જે શ્રેણી છે તેને અનુસરનારી એવી ગતિ (જીવ અને પુદ્ગલની) થાય છે.

### ❋ 'આકાશ' પદનું પ્રયોજન ❋

**પ્રશ્ન :** શા માટે આકાશનું ગ્રહણ છે, એ ચિંતવવું જોઈએ અર્થાત્ '**प्रदेशानुश्रेणिः**' એમ ન લખતાં '**आकाशप्रदेशानुश्रेणिः**' એમ કેમ લખ્યું ?

**ઉત્તર :** 'આકાશ' પદનું ગ્રહણ ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોની નિવૃત્તિ માટે અર્થાત્ નિરાકરણ કરવા માટે જાણવું, કારણકે તે આકાશ જ વસ્તુમાત્રને અવગાહ (= અવકાશ) આપવા વડે વ્યાપાર કરે છે, શેષ ધર્માસ્તિકાયાદિ નહિ.

હમણાં કહેવાયેલા સ્વરૂપવાળી શ્રેણીમાંથી નીકળી ગયેલી જે ગતિ અર્થાત્ શ્રેણી વિનાની ગતિ તે વિશ્રેણી ગતિ કહેવાય. જીવોની અને (પરપ્રયોગથી નિરપેક્ષ) પુદ્ગલોની સ્વભાવથી વિશ્રેણી ગતિ હોતી નથી. આ પ્રમાણે ગતિનું નિયમન સૂત્રમાં કરાય છે.

ભાવાર્થ આ પ્રમાણે છે → પૂર્વ અને પશ્ચિમ દિશામાં લાંબી તથા દક્ષિણ અને ઉત્તર દિશામાં લાંબી અને તે રીતે ઉર્ધ્વ અને અધોદિશામાં લાંબી ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એ બંને દ્રવ્યની અવધિવાળી અર્થાત્ તે બેથી યુક્ત એવી જે આકાશપ્રદેશની શ્રેણીઓ છે, તેઓને વિષે જ ગતિનો સંભવ હોવાથી તેઓને (આકાશ પ્રદેશની શ્રેણીઓને) ભેદીને અર્થાત્ છોડીને ક્યારે પણ (પુદ્ગલ કે જીવો) જતાં જ નથી॥૨/૨૭॥

**૨/૨૮ સૂત્રની અવતરણિકા : પ્રશ્ન :** તે આવા સ્વભાવવાળી ગતિ શું ઋજુ (= સીધી) જ જઈને અટકી જાય છે કે ફરી વક્ર (વળાંક) કરીને પણ ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર :** પુદ્ગલોને માટે એવો કોઈ નિયમ નથી (અર્થાત્ તેઓ ઋજુગતિ વડે જ જઈને અટકતાં નથી પરંતુ વક્રગતિ પણ કરી શકે). સિદ્ધ થતાં જીવોને તો એકાંતથી જ અવિગ્રહા ગતિ હોય છે. આથી આ વાતને જ જણાવનાર ૨/૨૮ સૂત્રને વાચકવર્યશ્રી કહે છે.

## सूत्रम् :- अविग्रहा जीवस्य ।।२/२८।।

**भाष्यम् :-** ५**सिद्ध्यमानस्य गतिर्जीवस्य नियतमविग्रहा भवति ।।२/२८।।**

• गन्धहस्ति •

(अविग्रहा जीवस्येति सूत्रम्।) एतावद् [1]भाष्यमस्ति अस्य सूत्रस्य। सेधनशक्तियुक्तः सिद्ध्यमानः सेधनशीलो वा तस्य **गतिः** = गमनं पूर्वप्रयोगादिहेतुचतुष्टयजनितम्। **जीवस्ये**ति ग्रहणात् पूर्वयोगे जीवाः पुद्गलाश्चेति ज्ञापितं भवति, **सिद्ध्यमानस्ये**ति सामर्थ्यलब्धमुदचीचरत् सूरिरुत्तरयोगे संसारिग्रहणात्, **नियतं** = सर्वकालमेव सिद्ध्यताम् **अविग्रहा** = ऋज्वी गतिर्**भवती**ति वेदितव्यमिति ।।२/२८।।

आह → अन्यस्य सिद्ध्यमानजीवव्यतिरिक्तस्य कथमिति ?

**સૂત્રાર્થ : જીવને અવિગ્રહગતિ હોય. ।।૨/૨૮।।**

**ભાષ્યાર્થ : સિદ્ધિગતિને પામતાં જીવની નિયમા અવિગ્રહગતિ હોય છે. ।।૨/૨૮।।**

• *હેમગિરા* •

**ઉત્તર :** પુદ્ગલોને માટે એવો કોઈ નિયમ નથી (અર્થાત્ તેઓ ઋજુગતિ વડે જ જઈને અટકતાં નથી પરંતુ વક્રગતિ પણ કરી શકે). સિદ્ધ થતાં જીવોને તો એકાંતથી જ અવિગ્રહા ગતિ હોય છે. આથી આ વાતને જ જણાવનાર ૨/૨૮ સૂત્રને વાચકવર્યશ્રી કહે છે.

### ❊ સિદ્ધ થતાં જીવોની ગતિનો નિયમ ❊

('**अविग्रहा जीवस्य**' આ ૨/૨૮ સૂત્ર છે.) એનું '**सिद्ध्यमानस्य ... भवति**' આટલું ભાષ્ય છે. તેનો ટીકાર્થ આ પ્રમાણે છે - સિદ્ધ થવાની શકિતથી યુકત અથવા સિદ્ધ થવાના સ્વભાવવાળા જીવ જ સિદ્ધ્યમાન કહેવાય છે. એવા જીવની પૂર્વ પ્રયોગ આદિ ૪ (૧. પૂર્વપ્રયોગ, ૨. અસંગત્વ, ૩. બંધછેદ, ૪. તથાગતિપરિણામ) હેતુથી ઉત્પન્ન થયેલી ગતિ = ગમન નિયમા ઋજુ હોય છે. '**जीवस्य**' એવા પદના ગ્રહણ થકી પૂર્વના સૂત્રમાં જીવો અને પુદ્ગલો એમ બંને ગ્રહણ કરાયા હતા. એમ જણાવ્યું છે.

સામર્થ્યથી લબ્ધ એવા આ '**सिद्ध्यमानस्य .....**' પદને આચાર્યશ્રીએ કહ્યું છે, કેમકે આગળના ૨/૨૯ સૂત્રમાં '**संसारि**'-પદનું ગ્રહણ કર્યું છે. ટૂંકમાં અર્થ આ થયો કે -

સિદ્ધિ પામનારા જીવોની નિયત = સર્વદા જ અવિગ્રહગતિ = ઋજુગતિ હોય છે આ પ્રમાણે જાણવું. ।।૨/૨૮।।

**૨/૨૯ સૂત્રની અવતરણિકા : પ્રશ્ન :** સિદ્ધિગતિ પામતાં જીવોથી ભિન્ન એવા અન્ય

५ 'सिद्ध्यमानगतिर्जीवस्य' इति पाठ भाष्यहस्तादर्शेषु दृश्यते, परंत्वस्माकं टीकानुसारेण 'सिद्ध्यमानस्य गतिर्जीवस्य' इति पाठो यथार्थः प्रतिभासते, अतश्च स एव गृहीतः, तदनुसारेणैवानुवादं कृतमिति ध्येयम्।

१. भाष्यमस्य - मु. (भा. खं.)।

## सूत्रम् :- विग्रहवती च संसारिणः प्राक् चतुर्भ्यः ॥२/२९॥

● गन्धहस्ति ●

**उच्यते** → (विग्रहवती चेत्यादि सूत्रम्) **विग्रहवती** = वक्रा चशब्दादविग्रहा वाऽनन्तरसूत्रनिर्दिष्टा गतिर्भवति, संसारिग्रहणानुवृत्तौ पुनः संसारिग्रहणं सिद्धग्रहणादपास्तस्य प्राक्तनसंसारिग्रहणस्य पुनः प्रत्युज्जीवनाय। अर्थवशाच्च विभक्तिविपरिणामः। **प्राक् चतुर्भ्य** इत्यन्तर्गतिकालप्रकर्षावधारणार्थं[1], '*एकसमयोविग्रहः*' (अ. २, सू. ३०) इति वक्ष्यमाणत्वात्। चतुर्भ्यो विग्रहेभ्य आरात् सविग्रहा भवति, त्रिविग्रहा प्रकर्षत इति, प्राक्शब्दस्य मर्यादाभिधायित्वात्॥

अधुना भाष्यानुसरणं क्रियते → **जात्यन्तरसङ्क्रान्ता**वित्यादि।

**સૂત્રાર્થ : સંસારી જીવોને અવિગ્રહગતિ અને વધુમાં વધુ ત્રણ વળાંકવાળી વિગ્રહ ગતિ હોય છે.॥૨/૨૯॥**

● *હેમગિરા* ●

જીવોની કઈ રીતની ગતિ હોય ? **ઉત્તર :** (આ પ્રશ્નને વિશે ૨/૨૯ સૂત્ર) કહેવાય છે. →

('**विग्रहवती च...**' ઇત્યાદિ સૂત્ર છે. અહીં તેનું વિવેચન કરે છે. વિગ્રહગતિ એટલે વાંકી (= વળાંકવાળી) ગતિ અને પ્રસ્તુત સૂત્રના '**च**' શબ્દથી અનંતર ૨/૨૮ સૂત્રમાં બતાવેલી અવિગ્રહ ગતિ (સંસારી જીવની) હોય છે. પૂર્વના ૨/૧૨ સૂત્રોથી દરેક સૂત્રમાં સંસારી પદના ગ્રહણની અનુવૃત્તિ ચાલતી હોવા છતાં ફરી આ સૂત્રમાં સંસારી પદનું ગ્રહણ કર્યું, તે અનંતર ૨/૨૮મા સૂત્રમાં સિદ્ધ જીવોના ગ્રહણ થકી અટકી ગયેલી સંસારી પદની અનુવૃત્તિને (પ્રસ્તુત સૂત્રમાં) ફરી ઉજ્જીવન કરવા (= આગળ ચલાવવા) માટે છે. વળી સંસારી પદની ફરી અનુવૃત્તિ ચાલુ કરવા ૨/૧૨ સૂત્રમાં પ્રથમાબહુવચન તરીકે દર્શાવેલ સંસારી પદનું અહીં ષષ્ઠી એકવચન તરીકે ઉલ્લેખ કરેલ છે, કેમકે અર્થને અનુસારે વિભક્તિ બદલાય છે. અંતર્ગતિના કાળની ઉત્કૃષ્ટતાને જણાવવા માટે '**प्राक् चतुर्भ्यः**' લખ્યું છે. (ઉત્કૃષ્ટથી ૩ વળાંકવાળી વિગ્રહગતિ હોય છે એમ સૂત્રકારશ્રી જણાવે છે.) કેમકે **एकसमयोविग्रहः** એવા ૨/૩૦ સૂત્રમાં એક સમય સુધી વિગ્રહ હોય છે એ પ્રમાણે વિગ્રહનો જઘન્યકાળ કહેવાના છે. **प्राक् चतुर्भ्यः**નો અર્થ આ પ્રમાણે છે - ૪ વળાંક સુધી એટલે ૪ વિગ્રહ = વળાંકની પહેલા સવિગ્રહગતિ હોય છે અર્થાત્ વધુમાં વધુ ૩ વિગ્રહવાળી અંતરાલગતિ સંભવે છે, કેમકે '**प्राक्**' શબ્દ એ મર્યાદાના અર્થમાં છે (અભિવિધિ અર્થમાં નથી).

હવે '**जात्यन्तरसङ्क्रान्ता...**' ઇત્યાદિની વિચારણા કરાય છે. → એકેન્દ્રિયાદિ ભેદથી જાતિ કુલ ૫ પ્રકારે છે. એક જાતિથી અન્ય જાતિ તે જાત્યંતર કહેવાય. તે (જાત્યંતર)માં સંક્રાંતિ

१. °णार्थः - मु (खं. भां.)। *જુઓ પરિશિષ્ટ-૬ ટીપ્પણી - ૧૪

**भाष्यम् :- जात्यन्तरसङ्क्रान्तौ संसारिणो जीवस्य विग्रहवती चाविग्रहा च गतिर्भवतीति, उपपातक्षेत्रवशात्, तिर्यगूर्ध्वमधश्च प्राक् चतुर्भ्य इति, येषां विग्रहवती तेषां विग्रहाः प्राक् चतुर्भ्यो भवन्ति।**

● गन्धहस्ति ●

जातिरेकेन्द्रियादिभेदात् पञ्चधा, जातेरन्या जातिर्जात्यन्तरं तस्मिन् सङ्क्रान्तिः = गमनं जात्यन्तरसङ्क्रान्तिस्तस्यां जात्यन्तरसङ्क्रान्तौ सत्यामिति। अथ यदा स्वजातावेवोत्पद्यते तदा कथम्? तदाऽपि ह्येवमेव गतिर्वक्तव्या, जात्यन्तरग्रहणं तु तदा प्रदर्शनमात्रकारि व्याख्येयम्। अथवा जननं = जन्म जातिशब्देनोच्यते, जन्मनो जन्मान्तरावाप्तिर्जात्यन्तरसङ्क्रान्तिरिति न कश्चिदत्र दोषः। संसारः = कर्म तदभिसम्बन्धात् संसारिणो जीवस्येति जीवनधर्मभाजः, ऋजुगतौ पूर्वकमेवाऽऽयुर्भवति यावदुप-

**ભાષ્યાર્થ : અન્ય જાતિમાં = અન્ય જન્મમાં સંક્રમણ કરવામાં આવે ત્યારે સંસારી જીવની ઉત્પન્ન થવાના ક્ષેત્રના વશ થકી વિગ્રહવાળી અને વિગ્રહ વિનાની (એમ ૨) ગતિ હોય છે. ૩ વિગ્રહ સુધીની વિગ્રહગતિ વડે જીવ તિર્છો, ઉપર અને નીચે ઉત્પન્ન થાય છે. જે જીવોની વિગ્રહવાળી ગતિ છે, તેઓના વિગ્રહો = વળાંકો ૩ સુધીના હોય છે.**

● *હેમગિરા* ●

= ગમન તે જાત્યંતર સંક્રાંતિ કહેવાય. જ્યારે તે જાત્યંતર સંક્રાંતિ હોય ત્યારે જીવની વિગ્રહા કે અવિગ્રહા ગતિ હોય છે તેમ જાણવું.

### ❁ જાત્યંતર = જન્માંતરમાં જનારાની બે ગતિ ❁

**પ્રશ્ન :** હવે (જો અન્ય જાતિમાં સંક્રમણ થનારને આ બે ગતિ હોય છે તેમ કહીએ તો) જ્યારે સ્વજાતિમાં જ ઉત્પત્તિ થાય ત્યારે કઈ રીતની ગતિ કહેવી ?

**ઉત્તર :** ત્યારે પણ એ પ્રમાણે જ ગતિ કહેવી. વળી જાત્યંતર પદનું ગ્રહણ તો ત્યારે પ્રદર્શન જ કરનાર છે અર્થાત્ દેખાડવા પૂરતું જ સમજવું. એનાથી સંક્રાન્તિમાં કોઈ વિશેષ અર્થ પ્રાપ્ત થતો નથી અથવા તો જાત્યતંરનો અર્થ આ મુજબ કરવો → જાત્યંતરમાં રહેલા જાતિ શબ્દથી ઉત્પત્તિ = જન્મ કહેવાય છે. એક જન્મમાંથી અન્ય જન્મમાં પહોંચવું તે જાત્યંતર સંક્રાતિ. આ પ્રમાણે અર્થ કરવામાં ઉપર કહેલો કોઈ દોષ આવતો નથી અર્થાત્ 'જાત્યંતર' શબ્દ નિરર્થક માનવાનો દોષ નહીં આવે.

卐સંસાર એટલે કર્મ (અને) તે કર્મના સંબંધથી જીવો સંસારી કહેવાય. જીવ એટલે કે જેનો જીવવાનો ધર્મ = સ્વભાવ છે, આવા સંસારી જીવનું આયુષ્ય ઋજુગતિમાં જ્યાં સુધી પરભવના

卐 સંસાર એટલે કર્મ કારણ કે આખો સંસાર = આત્માનું સંસરણ કર્મના આધારે જ ઉભું છે.

पातदेशं प्राप्नोति, कुटिलगतौ यावद् वक्रं तावत् पूर्वकम्, तत्परतो भविष्यज्जन्मविषयमायुरुदेतीत्येवं-विधार्थज्ञापनाय जीवस्येत्यवोचत्। समुच्चयार्थं दर्शयति → वक्रा चावक्रा च उभयी गतिः।

किं पुनः कारणमत्र येन कदाचिद् वक्रा कदाचिदवक्रेति ? अत आह → **उपपातक्षेत्रवशात्** (इति भाष्यम्) उपपातक्षेत्रं यत्र जन्म प्रतिपत्स्यते तस्य वशः = आनुलोम्यं = अनुकूलता उपपात क्षेत्रवशस्तस्मादुपपातक्षेत्रवशात् कारणात्। **तिर्यगूर्ध्वमधश्च प्राक् चतुर्भ्य इति** (इति भाष्यम्) दिक्षु विदिक्षु च व्यावहारिकीषु स म्रियमाणो यावत्यामाकाशश्रेणाववगाढस्तावत्प्रमाणां श्रेणिममुञ्चन् (तिर्यग्) उर्ध्वमधश्च प्राक् चतुर्भ्यो विग्रहेभ्यः सविग्रहया गत्योपपद्यते, न चायं नियमः प्रतिपत्तव्योऽन्तर्गत्या-

• *હેમગિરા* •

ઉત્પત્તિ ક્ષેત્રને પ્રાપ્ત કરે છે, ત્યાં સુધી પૂર્વભવનું જ હોય છે. (જ્યારે) કુટિલ (= વિગ્રહ) ગતિમાં તો જ્યાં સુધી વળાંકને પામે છે ત્યાં સુધી જીવનું આયુષ્ય પૂર્વભવનું હોય છે, ત્યાર પછી ભાવિના જન્મ વિષયક આયુષ્ય ઉદય પામે છે. આવા પ્રકારના (ઋજુ અને વિગ્રહગતિમાં રહેલા જીવન = આયુષ્ય સ્વરૂપ) અર્થને જણાવવા ખાતર ભાષ્યમાં **संसारिणो 'जीवस्य'** એવું ` v $ L $ïं'**च**' શબ્દના સમુચ્ચય અર્થને ભાષ્યકારશ્રી જણાવે છે → વક્ર અને અવક્ર એ બંને ગતિ (સંસારી જીવની) જાત્યંતર સંક્રાંતિમાં હોય છે.

## ❁ વળાંકનું કારણ ❁

અહીં (= અંતર્ગતિમાં) એવું શું કારણ છે કે જેથી જીવની ક્યારેક વક્રગતિ અને ક્યારેક અવક્રગતિ હોય છે ? એવા પ્રશ્નના સમાધાન રૂપે ભાષ્યમાં વાચકપ્રવરશ્રી '**उपपातक्षेत्रवशात्**' એ ભાષ્યને કહે છે. તેનો વિગ્રહ ટીકામાં સ્પષ્ટ છે અને અર્થ આ પ્રમાણે છે →

જીવ જ્યાં જન્મ પ્રાપ્ત કરવાનો હોય તે ઉપપાત ક્ષેત્ર કહેવાય અને તેને અનુકૂળ = આધીન તે ઉપપાત ક્ષેત્ર વશ અને તે ઉપપાત ક્ષેત્રના વશ સ્વરૂપ કારણ થકી જીવની ક્યારેક વક્રગતિ અને ક્યારેક અવક્રગતિ હોય છે. '**तिर्यगूर्ध्वम्** ...' → વ્યવહારિક (પૂર્વાદિ) દિશા અને (ઈશાનાદિ) વિદિશામાં મરતો તે જીવ જેટલી આકાશપ્રદેશની શ્રેણીમાં અવગાઢ હોય તેટલા પ્રમાણવાળી શ્રેણીને નહીં મુકતો તિર્છું, ઉપર કે નીચે ૪ વિગ્રહથી પહેલાની એટલે કે ૩ વળાંક સુધીની સવિગ્રહા = સવક્રા ગતિ વડે ઉત્પન્ન થાય છે. અહીં આ નિયમ સ્વીકારવા યોગ્ય નથી કે અંતર્ગતિ અવશ્ય વિગ્રહવાળી (= વળાંકવાળી) હોવી જોઈએ પરંતુ '**येषां विग्रहवती** ...' જે જીવોની વિગ્રહવાળી ગતિ હોય છે તેઓને ૩ વળાંક સુધી વિગ્રહો થાય છે અર્થાત્ જે જીવોની ઉપપાત ક્ષેત્રના વશ થકી વિગ્રહવાળી ગતિ હોય છે, તે જીવોની ઉત્કૃષ્ટથી ૩ વળાંકથી યુક્ત ગતિ જાણવી.

**भाष्यम् :- अविग्रहा एकविग्रहा द्विविग्रहा त्रिविग्रहा इत्येताश्चतुस्समयपराश्चतुर्विधा गतयो भवन्ति, परतो न सम्भवन्ति, प्रतिघाताभावाद् विग्रहनिमित्ताभावाच्च।**

● गन्धहस्ति ●

ऽवश्यं विग्रहवत्या भवितव्यम्, किन्तु **येषां विग्रहवती तेषां प्राक् चतुर्भ्यो विग्रहा** [1]**भवन्ति** (इति भाष्यम्) येषां जीवानामुपपातक्षेत्रवशाद् विग्रहवती गतिर्भवति तेषां विग्रहत्रययुक्ता प्रकर्षतो द्रष्टव्या। अमुमेवातिक्रान्तमशेषं भाष्यार्थं व्यक्तिमापादयन्नाह **अविग्रहा** इत्यादि भाष्यम्। यस्योपपातक्षेत्रं समश्रेणिव्यवस्थितमुत्पित्सोः प्राणिनः स ऋज्वायतां श्रेणिमनुपत्योत्पद्यते तत्रैकेन समयेन वक्रमकुर्वाणः, कदाचित् तदेवोपपातक्षेत्रं विश्रेणिस्थं भवति **तदैकविग्रहा द्विविग्रहा त्रिविग्रहा चेति** तिस्रो गतयो निष्पद्यन्ते, आकाशप्रदेशश्रेणीः लिखित्वा प्रत्यक्षीक्रियन्ते। तथा चागमः →

*★ 'अपज्जत्तसुहुमपुढविकाइए णं भंते ! इमीसे रयणप्पभाए पुढवीए पुरच्छिमिल्ले*

**ભાષ્યાર્થ : અવિગ્રહા, એકવિગ્રહા, દ્વિવિગ્રહા, ત્રિવિગ્રહા એ પ્રમાણે ઉત્કૃષ્ટથી ૪ સમયવાળી આ ૪ પ્રકારની ગતિઓ જીવોને હોય છે અર્થાત્ ૪ સમય પછી ૫ સમયાદિવાળી ગતિઓ સંભવતી નથી. પ્રતિઘાતનો અભાવ હોવાથી ઋજુગતિ એક સમય કરતાં વધારે સમયની નથી હોતી અને વિગ્રહના નિમિત્તનો અભાવ હોવાથી ત્રણે પ્રકારની વિગ્રહગતિ સ્વ સમયની મર્યાદાને ઓળંગતી નથી તથા ત્રણ વળાંક કરતાં વધારે વળાંક થતાં નથી.**

● *હેમગિરા* ●

આ જ કથિત સમસ્ત ભાષ્યાર્થને સ્પષ્ટ રીતે જણાવતાં વાચકશ્રી 'अविग्रहा' ઇત્યાદિ ભાષ્ય કહે છે → ઉત્પન્ન થનારા જે પ્રાણીનું ઉત્પત્તિ ક્ષેત્ર સમશ્રેણીમાં રહેલું હોય છે, તે પ્રાણી ઋજુ-આયત (= સીધી એવી લાંબી) શ્રેણીને અનુસરીને વળાંકને કર્યા વિના માત્ર એક સમય વડે ત્યાં (= ઉત્પત્તિ ક્ષેત્રમાં) ઉત્પન્ન થાય છે ક્યારેક તે જ ઉત્પત્તિ ક્ષેત્ર વિશ્રેણીમાં રહેલું હોય છે ત્યારે **૧** વિગ્રહવાળી, **૨** વિગ્રહવાળી અને **૩** વિગ્રહવાળી એમ **૩** ગતિઓ બને છે.

આકાશ પ્રદેશની શ્રેણીઓને આલેખીને (આ **૩** પ્રકારની ગતિ) પ્રત્યક્ષ કરાય છે. તેમજ આ વિશે આગમ પાઠ આ પ્રમાણે છે કે→

## ❋ સાત પ્રકારની શ્રેણી ❋

***પ્રશ્ન :*** *હે ભગવાન ! જે અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક જીવ આ રત્નપ્રભા પૃથ્વીના પૂર્વ દિશાના છેલ્લા ભાગમાં મરણ સમુદ્ઘાત કરે છે અને મરણ સમુદ્ઘાત કરીને આ રત્નપ્રભા પૃથ્વીના પશ્ચિમ દિશાના છેલ્લા ભાગમાં અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક તરીકે તે જીવ ઉત્પન્ન થાય*

१. भवति - मु. (खं. भां.)। ★ अपर्याप्तसूक्ष्मपृथ्वीकायिको णं भदन्त ! अस्या रत्नप्रभायाः पृथिव्याः पूर्वस्मिन्...

● गन्धहस्ति ●

*[1]चरमंते समोहते समोहणित्ता जे भविए इमीसे रयणप्पभाए पुढवीए पच्चच्छिमिल्ले [2]चरमंते अपज्जत्तसुहुमपुढविकाइयत्ताए उववज्जित्तए से णं भंते ! कइसमइएणं विग्गहेणं उववज्जेज्जा?

गोयमा ! एगसमइएण वा दुसमइएण वा तिसमइएण वा विग्गहेण उववज्जेज्जा। से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ? एवं खलु गोयमा ! मए सत्त सेढीओ पण्णत्ताओ, तंजहा - १) उज्जुआयता सेढी २) एगतोवंका [3] ३) दुहतोवंका [4] ४) एगतोखहा [5] ५) दुहतोखहा [6] ६) चक्कवाला ७) अद्धचक्कवाला, उज्जुआयताए सेढीए उववज्जमाणे एगसमएणं विग्गहेणं उववज्जेज्जा, एगतोवंकाए [7] सेढीए उववज्जमाणे दुसमइएणं विग्गहेणं उववज्जेज्जा, दुहओवंकाए सेढीए उववज्जमाणे तिसमइएणं विग्गहेणं उवज्जेज्जा, से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ।' (भग. श. ३४, उ. १, सू. ८५०)

● હેમગિરા ●

તો હે ભગવાન ! કેટલા સમયવાળા વિગ્રહ વડે ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર :** હે ગૌતમ ! ૧ સમયવાળા અથવા ૨ સમયવાળા અથવા ૩ સમયવાળા વિગ્રહ વડે ઉત્પન્ન થાય છે.

**પ્રશ્ન :** હે ભગવાન ! તે આવું શા માટે કહેવાય છે ?

**ઉત્તર :** હે ગૌતમ ! ખરેખર મારા વડે ૭ પ્રકારની શ્રેણીઓ કહેવાઈ છે. તે આ મુજબ→ (૧) ઋજુઆયત શ્રેણી, (૨) એકતઃવક્રા શ્રેણી, (૩) દ્વિધાવક્રા શ્રેણી, (૪) એકતઃખા શ્રેણી, (૫) દ્વિધાખા શ્રેણી, (૬) ચક્રવાલ શ્રેણી અને (૭) અર્ધચક્રવાલ શ્રેણી. (આ ૭માંથી) ઋજુઆયત શ્રેણી વડે ઉત્પન્ન થનાર જીવ એક સમયવાળા વિગ્રહ (= વિરામ)થી ઉત્પન્ન થાય છે. તથા એકતઃવક્ર શ્રેણી વડે ઉત્પન્ન થનાર જીવ ૨ સમયવાળા વિગ્રહ (=卐વિરામ) વડે ઉત્પન્ન થાય છે. તથા દ્વિધાવક્ર શ્રેણી વડે ઉત્પન્ન થનાર જીવ ૩ સમયવાળા વિગ્રહ (=વિરામ) વડે ઉત્પન્ન થાય છે. તેથી હે ગૌતમ ! તે એ પ્રમાણે કહેવાય છે.(ભગવતી-શ-૩૪/ઉ-૧/સૂ-૮૫૦)

---

* चरमान्ते समवहति समवहत्य यो भव्योऽस्या रत्नप्रभायाः पृथिव्याः पश्चिमे चरमान्ते अपर्याप्तसूक्ष्मपृथ्वीकायिकतयोत्पद्यते स णं भदन्त ! कतिसामयिकेन विग्रहेणोत्पद्येत ? गौतम ! एकसामयिकेन वा द्विसामयिकेन वा त्रिसामयिकेन वा विग्रहेणोत्पद्यते। स केनार्थेन भदन्त ! एवमुच्यते ? एवं खलु गौतम ! मया सप्त श्रेणयः प्रज्ञप्ताः तद्यथा ऋज्वायता श्रेणी एकतोवक्रा द्विधावक्रा एकतः खा द्विधाखा चक्रवाला अर्धचक्रवाला, ऋज्वायतया श्रेण्योत्पद्यमान एकसमयेन विग्रहेणोत्पद्यते, द्विवक्रया श्रेण्योत्पद्यमानस्त्रिसामायिकेन विग्रहेणोत्पद्यते, एकवक्रया श्रेण्योत्पद्यमानो द्विसामायिकेन विग्रहेणोत्पद्यते, तदेतेनार्थेन गौतम ! एवमुच्यते ॥ 卐 આગળ 'વિરામ' અંગે ખુલાસો કર્યો છે.

१. चरिमन्ते - खं. भां.। २. चरिमन्ते - भां. रा.। ३. एगओ - मु (खं. भा.)। ४. दुहओ - मु (खं. भा.)। ५. एगओ - मु (खं. भां.)। ६. दुहओ - मु (खं. भां.)। ७. एगओ - मु (खं. भा.)।

**'एकसमयेन वा विग्रहेणोत्पद्यते द्विसमयेन वा त्रिसमयेन वा'** इति, कः पुनः शब्दार्थ इति सन्दिहानः प्रश्नयति, कुतः पुनः सन्देहः ? आचार्येण परिभाषितम् → "**विग्रहो = वक्रितं, विग्रहः = अवग्रहः = श्रेण्यन्तरसङ्क्रान्तिरिति**" (पृ. १५९) अत्रायमर्थो न सङ्गच्छते, यस्मान्न ह्येकसमयायां गतौ वक्रमस्ति।

**अपरे व्याचक्षते** → विग्रहाय गतिर्विग्रहगतिः विगृह्य वा गतिर्विग्रहगतिः, तत्र विग्रहायेति आगामिजन्मशरीरार्था गतिरिति प्रतिपादयन्ति, विगृह्य वा गतिरिति वक्रं कृत्वा या गतिः साऽपि विग्रहगतिः, ऋज्वी प्रथमविकल्पेन सङ्गृहीता पश्चिमविकल्पेन वक्रेति।

उभय्यामपि विकल्पनायां सूत्रार्थो न घटते, विग्रहार्था या गतिस्तस्यामेष्यज्जन्मनि शरीरेण सम्बन्धः,



**પ્રશ્ન :** '૧ સમયવાળા કે ૨ સમયવાળા અથવા ૩ સમયવાળા વિગ્રહ વડે જીવ ઉત્પન્ન થાય છે' એવું જે **શ્રી ભગવતી સૂત્ર**ની પંક્તિમાં કહ્યું છે તે પંક્તિનો શબ્દાર્થ શું છે ? આ પ્રમાણે, સંદેહ કરનાર પ્રશ્ન કરે છે.

**પ્રશ્ન વિષયક શંકા :** (આ) સંદેહ શા માટે થયો છે ?

**પ્રશ્ન વિષયક શંકાનું સમાધાન :** આચાર્યશ્રી (= વાચકશ્રી) વડે આ જ સૂત્રના ભાષ્યમાં વિગ્રહ શબ્દના બે પારિભાષિક અર્થ દેખાડાયા છે. તે આ પ્રમાણે :- '**(૧)** વિગ્રહ એટલે વક્રિત = વક્ર થયેલું = વળાંક તથા (૨) વિગ્રહ એટલે અવગ્રહ = અન્ય શ્રેણીમાં સંક્રમવું.' (ભાષ્યમાં બતાડેલા વિગ્રહ શબ્દના) આ પારિભાષિક અર્થ અહીં (= આગમસાક્ષી તરીકે દેખાડેલી **શ્રી ભગવતી સૂત્ર**ની પંક્તિમાં) ઘટતા નથી, કેમકે **૧** સમયવાળી ગતિમાં વક્ર (= વળાંક = વિગ્રહ) હોતો જ નથી. (અર્થાત્ **૧** સમયવાળી ગતિ તો વિગ્રહ વિનાની ઋજુ જ હોય છે, માટે સંદેહ થયો છે કે **શ્રી ભગવતી સૂત્ર**ની તે પંક્તિમાં વિગ્રહ શબ્દનો અર્થ શું સમજવો ?)

(બીજા કેટલાક વ્યાખ્યાકારો આ પ્રશ્નનો જે ઉત્તર આપે છે તેને દેખાડતાં ટીકાકારશ્રી કહે છે .....) વિગ્રહ (= શરીર) માટેની ગતિ તે વિગ્રહગતિ અથવા વિગ્રહ કરીને થતી ગતિ તે વિગ્રહગતિ. તથા (= ઉપરોક્ત બંને વિકલ્પોમાં) પ્રથમ જે **विग्रहाय गतिः** એમ કહ્યું : તેનો અર્થ તેઓ આ પ્રમાણે કહે છે → આગામી જન્મના શરીર માટેની ગતિ તે વિગ્રહગતિ તથા જે **विगृह्य गतिः** એમ બીજો વિકલ્પ કહ્યો તેનો અર્થ આ પ્રમાણે કહે છે → વક્ર (= વળાંક) કરીને થતી ગતિ તે પણ વિગ્રહગતિ છે. પ્રથમ વિકલ્પ વડે ઋજુગતિ ગ્રહણ કરાઈ છે અને બીજા વિકલ્પ વડે વક્રગતિ ગ્રહણ કરાઈ છે.

### ❊ વિગ્રહ શબ્દના બંને અર્થની સાથે ભગવતીજી સૂત્રનો વિરોધ ❊

**ઉત્તર :** (બીજાઓએ બતાડેલા વિગ્રહ શબ્દના) બંને પણ વિકલ્પમાં ઉપરોક્ત **ભગવતી**

न गमनपरिणामकाल एव, तत्र कः सम्बन्धः एकसमयेन वा विग्रहेणोत्पद्यते, यदा पुनर्विगृह्य गतिः, तदा सुतरामनुपपन्नम्, न ह्येकसमयगतौ वक्रस्य सम्भवः, भाष्यं च विगृह्यगतिपक्ष एव गमितं भवति **'विग्रहो वक्रितं'** (पृ. १७४) इत्यादि, नेतरत्र, तस्मादेवं सूत्रं व्याख्येयम् →

एकसमयेन वा विग्रहेणोत्पद्येतेति, विग्रहशब्दोऽत्रावच्छेदवचनो[1] न वक्रताभिधायीत्यतोऽयमर्थः → एकसमयेन वाऽवच्छेदेन = विरामेण। कस्यावच्छेदेनेति चेत् ? सामर्थ्याद् गतेरेव, एकसमयपरिमाणगतिकालोत्तरभाविनाऽवच्छेदेनोत्पद्येत[2] [3]तथा एकवक्रया श्रेण्योत्पद्यमानः समयद्वयपरिमाणगति-

• હેમગિરા •

**સૂત્ર**નો અર્થ ઘટતો નથી. તે આ પ્રમાણે → પહેલા વિકલ્પમાં 'શરીર માટેની જે ગતિ છે' તેમાં આગામી જન્મને વિશે શરીર સાથે સંબંધ છે પણ ગમન સ્વરૂપ પરિણામના કાળમાં શરીર સાથે સંબંધ જ નથી. આથી ત્યાં (ઋજુગતિ રૂપ અંતરાલગતિમાં) **'एकसमयेन वा विग्रहेणोत्पद्यते'** આ પંક્તિનો શું સંબંધ (= અન્વય) છે ? અર્થાત્ આ પંક્તિમાં 'વિગ્રહ' શબ્દનો 'શરીર' એવો અર્થ કરીએ તો એક સમયવાળા વિગ્રહ વડે = શરીર વડે ઉત્પન્ન થાય છે આવો અર્થ થાય છે, જે ત્યાં બિલકુલ સંગત નથી.

હવે પ્રથમ વિકલ્પ પ્રમાણે અર્થ ન ઘટતાં જ્યારે 'વિગ્રહ (= વક્ર = વળાંક) કરીને થતી ગતિ' એવા બીજા વિકલ્પ પ્રમાણે અર્થ કરીશું ત્યારે તો સુતરાં **ભગવતીજી સૂત્ર**ની એ પંક્તિનો અર્થ નહિ ઘટે, કેમકે એક સમયવાળી ઋજુગતિ સ્વરૂપ અંતરાલગતિમાં વક્ર (= વળાંક)નો સંભવ નથી અર્થાત્ બીજા વિકલ્પ પ્રમાણે **'एकसमयेन वा विग्रहेणोत्पद्यते'** એ **ભગવતી સૂત્ર**ની પંક્તિનો 'એક સમયવાળા વળાંક વડે જીવ ઉત્પન્ન થાય છે' આવો અર્થ થાય છે જે બિલકુલ અસંગત છે અને **'विग्रहो वक्रितं'** ઇત્યાદિ ભાષ્ય (ઉપરોક્ત) 'વિગૃહ્ય ગતિ' અર્થમાં જ જણાયેલું છે, બીજા કોઈ અર્થમાં નહિ. (અને એ ભાષ્ય પ્રમાણે તો અર્થ સંગતિ થતી નથી એ વાત પહેલા જ જણાવી દીધી છે.)

## ❊ શ્રી ભગવતીજી સૂત્રનો 'વિગ્રહ' શબ્દ 'વિરામ' અર્થનો વાચક ❊

(આમ અન્ય મતે અને ભાષ્યકારની વ્યાખ્યા પ્રમાણે ભગવતી સૂત્રનો અર્થ સંગત થતો નથી તેથી) **'एक समयेन वा विग्रहेणोत्पद्येत'** આ શ્રી ભગવતીજી સૂત્રની પંક્તિની આ રીતે વ્યાખ્યા કરવી → અહીં (= **શ્રી ભગવતીજી સૂત્ર**માં) જે **'વિગ્રહ'** શબ્દ છે તે અવચ્છેદને (= વિરામને) કહેનાર છે, વક્રતાને કહેનાર નથી. આ પ્રમાણે હોવાથી પ્રસ્તુત સૂત્રનો આ અર્થ થાય છે કે - એક સમયવાળા વિગ્રહ = અવચ્છેદ = વિરામ વડે ઉત્પન્ન થાય છે.

કોના વિરામ વડે ઉત્પન્ન થાય છે ? એવું જો પૂછતા હો, તો 'ગતિના જ વિરામ વડે'એમ

१. °वच्छेदनव° - रा.। २. नोत्पद्यते - खं. भां.। ३. तत्रापि वक्रया - मु - (रा)।

कालोत्तरभाविनावच्छेदेनोत्पद्येत अत्र च वक्रशब्दोऽप्युच्चरितो विग्रहशब्दश्च[१],

यदि च विग्रहोऽपि वक्रमेव [२]विवक्ष्येत पुनरुक्तता स्यात्, सामानाधिकरण्यं च द्विसामयिक-शब्देनानुपपन्नमेव स्याद् विग्रहशब्दस्य, तस्माद् वक्रमत्र साक्षादुपात्तमेकतो वक्रा उभयतो वक्रेति, विग्रहशब्दश्चावच्छेदवचन इति न किञ्चिद् विरुध्यते ॥

**ननु** चात्र सूत्रे त्रिवक्रा गतिर्नोपात्तैव, तद् कथं सूत्रकारेणोपन्यस्ता प्रवचनाद् बहिर्वर्तमानेति ? **उच्यते** → यद्यपि गतिपरिमाणसूत्रे नोपात्ता तथाऽप्यर्थतस्तत्प्रस्ताव एवोपरिष्टादभिहिता, यथा →

★'***अपज्जत्तसुहुमपुढविकाइए णं भंते ! अधोलोगखेत्तणालीए बाहिरिल्ले खेत्ते समोहए समोहणित्ता जे भविए उड्ढलोगखेत्तणालीए बाहिरिल्ले खेत्ते अपज्जत्तसुहुमपुढवी काइयत्ताए***



સામર્થ્યથી જણાઈ આવે છે. ભાવાર્થ એ થયો કે એક સમયના પ્રમાણવાળી ગતિ જેટલા (એક સમય રૂપ) કાળ પછી થનારા વિરામ વડે ઉત્પન્ન થાય છે. તેમજ એક વક્ર (= વળાંક)વાળી શ્રેણીથી ઉત્પન્ન થનાર જીવ બે સમયના પ્રમાણવાળી ગતિના (બે સમય રૂપ) કાળ પછી થનારા વિરામ વડે ઉત્પન્ન થાય છે.

વળી અહીં ('= **एगतो वंकाए सेढीए उववज्जमाणे दुसमइएण विग्गहेणं उववज्जेज्जा.....**' ઇત્યાદિ સૂત્રમાં) '**वक्र**' શબ્દ પણ ઉચ્ચારાયો છે અને વિગ્રહ શબ્દ પણ ઉચ્ચારાયો છે. હવે જો વિગ્રહ શબ્દ પણ '**વક્ર**' (અર્થમાં) જ કહેવાને ઇષ્ટ હોય તો પુનરુકતપણું થાય અને દ્વિસામયિક શબ્દ સાથે વિગ્રહ શબ્દની સમાનાધિકરણતા ઘટે નહીં.

તેથી અહીં (= **શ્રી ભગવતીજી સૂત્ર**માં) '**एकतो वक्रा उभयतो वक्रा**' એ પ્રમાણે '**વક્ર**' પદ સાક્ષાત્ ઉપન્યાસ કરાયો છે. અને વિગ્રહ શબ્દ એ અવચ્છેદ = વિરામને કહેનાર છે આથી (આ પ્રમાણે અર્થ કરવામાં) કોઈ વિરોધ આવતો નથી.

**પ્રશ્ન :** અહીં (હમણાં જણાવેલ) **શ્રી ભગવતીજી સૂત્ર**માં ત્રિવક્રાગતિ ગ્રહણ જ નથી કરાઈ તો પછી કઈ રીતે પ્રવચનથી બહાર રહેનારી ત્રિવક્રાગતિ સૂત્રકાર વડે મુકાઈ ?

**ઉત્તર :** યદ્યપિ ગતિના પરિમાણને કહેનાર **શ્રી ભગવતીજી સૂત્ર**માં ત્રિવક્રાગતિ નથી ગ્રહણ કરાઈ છતાં પણ અર્થથી તો તે (ગતિ)ના પ્રસ્તાવમાં જ આગળ કહેવાઈ છે. તે (અંગેની પ્રશ્નોત્તરી) ~~આ મુજબ~~ છે -

''***પ્રશ્ન :*** *હે ભગવાન ! જે અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક જીવ અધોલોકના ક્ષેત્રની ત્રસ*

१. °शब्दस्य खं. भा. । २. वक्ष्यते - मु. (रा) ।

★ अपर्याप्तसूक्ष्मपृथ्वीकायिको णं भदन्त ! अधोलोकक्षेत्रनाड्या बहिः क्षेत्रे समवहति समवहत्य यो भव्य उर्ध्वलोकक्षेत्रनाड्या बहिःक्षेत्रे अपर्याप्तसूक्ष्मपृथ्वीकायिकतयो...

*★'उववज्जित्तए[1], से णं भंते ! कइसमइएणं विग्गहेणं उववज्जेज्जा ? गोयमा ! तिसमइएण वा चउसमइएण वा विग्गहेणं उववज्जेज्जा।'* (भग. श. ३४, उ. १, सू. ८५१)

चत्वारश्च समयास्त्रिवक्रायामेव[2] भवन्तीति अतो न दोषः, तथा पञ्चसमयाऽपि गतिः सम्भवति, न चोपात्ता सूत्रे, यः प्राणी महातमःप्रभापृथिवीविदिग्व्यवस्थितः कालं करोति ब्रह्मलोकविदिशि चोत्पद्यते तस्य पञ्चसमया गतिरवश्यं भवति, न च क्वचित् प्रतिबद्धा।

**अत्र केचिद् वर्णयन्ति** → अस्ति सत्यं सम्भवः पञ्चसमयाया गतेर्न [3]पुनस्तया कश्चिदुत्पद्यते जन्तुरित्यतो न प्रतिबद्धेति।

अथवा विद्यमानाऽपि नोक्तेयं यथा चतुःसमयेति। इयांस्तु विशेषः → चतुःसमयाऽर्थतोऽ-

● હેમગિરા ●

*નાડીની બહારના ક્ષેત્રમાં મરણસમુદ્ઘાત કરે છે અને મરણસમુદ્ઘાત કરીને ઉર્ધ્વલોકના ક્ષેત્રની ત્રસ નાડીની બહારના ક્ષેત્રમાં અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક તરીકે ઉત્પન્ન થવા માટે યોગ્ય છે તે જીવ ઉત્પન્ન થાય તો હે ભંતે ! કેટલા સમયવાળા વિગ્રહ વડે (= વિરામ વડે) પેદા થાય ?*

*ઉત્તર : હે ગૌતમ ! ૩ સમયવાળા અથવા ૪ સમયવાળા વિગ્રહ વડે (= વિરામ વડે) ઉત્પન્ન થાય છે.''* **(શ્રી ભગવતી સૂત્ર - શતક-૩૪/ઉદ્દેશો-૧/ સૂત્ર-૮૫૦)**

આમ ભગવતી સૂત્ર આગમમાં અર્થતઃ ત્રિવક્રાગતિનું કથન કર્યું જ છે. કેમકે ચાર સમય એ ત્રિવક્રાગતિમાં જ હોય છે. આથી પ્રસ્તુત તત્ત્વાર્થ સૂત્રમાં અનાગમિક કથન રૂપ દોષ નથી.

## ❊ પાંચ સમયવાળી ગતિ ❊

**૫** સમયવાળી પણ ગતિ સંભવે છે, પરંતુ સૂત્રમાં ગ્રહણ કરાયેલ નથી અર્થાત્ જે જીવ **૭**મી મહાતમઃપ્રભા પૃથ્વીની વિદિશામાં (= અધોલોકની ત્રસનાડીની બહાર) રહેલો કાળ કરે અને બ્રહ્મલોક દેવલોકની વિદિશામાં (= ઉર્ધ્વલોકની ત્રસનાડીની બહાર) ઉત્પન્ન થાય છે તેની ગતિ અવશ્ય **૫** સમયવાળી હોય છે પણ આ ગતિ સૂત્રમાં ક્યાંય સૂત્રિત કરાઈ નથી. એનું કારણ અહીં કેટલાક આ પ્રમાણે વર્ણવે છે કે એ વાત સાચી છે કે **૫** સમયવાળી ગતિનો સંભવ છે પરંતુ તે ગતિ વડે કોઈ જીવ ઉત્પન્ન થતો નથી. આ પ્રમાણે હોવાથી આ ગતિ સૂત્રમાં ક્યાંય પ્રતિબદ્ધ (= સૂત્રિત) કરવામાં આવી નથી. અથવા (બીજી રીતે સમાધાન આપતાં કહે છે કે) વિદ્યમાન હોવા છતાં પણ **૪** સમયવાળી ગતિ જેમ નથી કહી તેમ આ **૫** સમયવાળી વક્રગતિ કહેવાઈ નથી. વળી (**૪** સમયવાળી અને **૫** સમયવાળી ગતિમાં) વિશેષ એટલું છે કે -

१. उववज्जेज्जा - मु.। अस्माभिस्तु मुद्रितभगवतिसूत्रपुस्तकप्राप्तपाठो गृहितः।
२. °मेवेति अतो - मु. (रा)। ३. पुनस्तथा - रा.।
★ त्पद्येत स णं भदन्त ! कतिसामयिकेन विग्रहेणोत्पद्येत? गौतम ! त्रिसामयिकेन वा चतुःसामयिकेन वा विग्रहेणोत्पद्यते।

भिहिता सूत्रान्तरे, पञ्चसमया तु नार्थतो न सूत्रत इति।

**किं पुनः** कारणं सङ्ग्रहकारेण चतस्र एव गतय उपात्ताः, न पुनश्चक्रवालादयोऽपीति ?

**उच्यते →** एताः प्रायः कालपरिमाणमङ्गीकृत्यैतास्वेव चतसृषु पतन्त्यतो नोपात्ताः पार्थक्येन, तथा भूयसा भवन्ति जीवानामेताः पुद्गलानां तु प्राय इत्यतोऽपि नादृताः, पारमर्षप्रवचनवेदिनस्तु सूत्रं परिज्ञास्यन्ति सर्वथा, वयं प्रकृतमेव प्रस्तुमः।

सम्प्रति गतीनामियत्तामावेदयन्नाह → (इत्येताश्चतुस्समया इत्यादि भाष्यम्) एवमे**ता** ऋज्वादयश्चतुःसमयाः **परा यासां ताश्चतुःसमयपराश्च**तुर्विधा एव **गतयो भवन्ति,** परतः पञ्चसमयादिका न सम्भवतीत्यर्थः। सर्वत्र च पूर्वशरीरविच्छेदाविच्छेदौ मण्डूक-जलूकागतिभ्यां भावनीयाविति, आसां च मध्ये नारकादीनामविग्रहैक-द्विविग्रहा एव भवन्ति न तु त्रिविग्रहाः, एकेन्द्रियाणां त्रिविग्रहाश्चेतराश्च।

● *હેમગિરા* ●

(**શ્રી ભગવતીજી સૂત્ર**ના ગતિના પ્રમાણને બતાવનાર અર્થાત્ ૭ શ્રેણીના વર્ણનવાળા સૂત્રની આગળના) બીજા સૂત્રમાં ૪ સમયવાળી ગતિ અર્થથી તો કહેવાઈ છે જ્યારે ૫ સમયવાળી ગતિ તો અર્થથી પણ નથી કહેવાઈ અને સૂત્રથી (પણ) નથી કહેવાઈ.

**પ્રશ્ન :** શું કારણ છે કે → સંગ્રહકારશ્રી ઉમાસ્વાતિજી વાચકે (૪ સમયવાળી ત્રિવક્રા → સુધીની) ૪ જ ગતિઓ જણાવી છે. પરંતુ ચક્રવાલ આદિ બીજી પણ ગતિઓ ન જણાવી ?

**ઉત્તર :** પ્રાયઃ કાળ પરિમાણને આશ્રયીને આ ચક્રવાલ વગેરે ગતિઓ ૧, ૨, ૩, અને ૪ સમયવાળી ૪ ગતિમાં જ અંતર્ભાવ પામે છે, આથી પૃથક્ રીતે આ ચક્રવાલ વગેરે ગતિઓ કહેવાઈ નથી. તેમજ બીજું એ કે આ ગતિઓ મોટા ભાગે સશરીરી જીવોની હોય છે, પુદ્ગલો વિશે તો ક્યારેક જ સંભવે છે તેથી પણ આ ચક્રવાલ આદિ ગતિઓ આદર નથી કરાઈ અર્થાત્ નથી કહેવાઈ. પરમ ઋષિઓના પ્રવચનના જ્ઞાતા (= ગીતાર્થો) સૂત્રને સર્વ રીતે જાણશે (વિચારશે). અમે પ્રસ્તુતને જ કહીએ છીએ. (આમ કહીને ટીકાકારશ્રીએ આ સંબંધી વિચારણાને અહીં અટકાવી દીધી.)

હમણાં ગતિઓની ઇયત્તા (= સંખ્યા)ને જણાવતાં '**इत्येताश्चतुस्समयाः**' ઇત્યાદિ ભાષ્યને કહે છે → આ પ્રમાણે ૪ સમય ઉત્કૃષ્ટ છે જેઓમાં તે ૪ સમયની ઉત્કૃષ્ટતાવાળી આ ઋજુ આદિ ગતિઓ ૪ પ્રકારે જ હોય છે અર્થાત્ આના પછી ૫ સમયાદિવાળી ગતિઓ ન સંભવે. સર્વ ગતિઓમાં પૂર્વ શરીરના વિચ્છેદ (= પરિત્યાગ) અને અવિચ્છેદ (= અપરિત્યાગ) દેડકા અને જળોની ગતિ વડે જાણવા અર્થાત્ વિચ્છેદપૂર્વકની ગતિ દેડકા કે દડાની ગતિ જેવી તથા અવિચ્છેદપૂર્વકની ગતિ તે જળો કે ઇયળ જેવી હોય છે. આ ઋજુ આદિ ગતિઓની મધ્યમાં નારકાદિની અવિગ્રહા (= ઋજુગતિ), એક વિગ્રહા અને દ્વિવિગ્રહા હોય છે પરંતુ ત્રિવિગ્રહા

**किं पुनः** कारणमेकसमयैवाविग्रहा भवति न द्विसमया त्रिसमया वा, तावदसौ मृतो जात्ववक्रं यावत् समयद्वयं कालतः पूर्णमेव समयत्रयमपीत्यत आह → **प्रतिघाताभावात्**। **को वा** नियमोऽवग्रहत्रयात् परतोऽन्यो विग्रहो नास्तीति, चत्वारि पञ्च वा वक्राणि विधाय किमिति नोत्पत्तिस्थानमाप्नोतीति ?

**उच्यते → विग्रहनिमित्ताभावाच्च**, येन हि यत् स्थानमाप्तव्यमृज्वा गत्या स तदविश्राम्यन्नन्तराले स्वभावादेव केनचिदप्रतिहतः प्रतिघातहेतुना तदवश्यं प्राप्नोति, किं तत्र द्वितीयादिसमयकल्पनया ? अतः प्रतिघाताभावात् अन्तराले तस्यैकसमयैव भवति।



ગતિ ન હોય. એકેન્દ્રિય જીવોની ત્રિવિગ્રહા અને બીજી (= અવિગ્રહા, એક વિગ્રહા અને દ્વિવિગ્રહા) ગતિઓ હોય છે.

## ❊ ..... અવિગ્રહા ગતિ એક સમયની જ હોય ❊

**પ્રશ્ન :** શું કારણ છે કે **૧** સમયવાળી જ અવિગ્રહા ગતિ હોય, **૨** સમયવાળી કે **૩** સમયવાળી નહીં ? અર્થાત્ મરેલો આ જીવ ક્યારેક ત્યાં સુધી અવક્ર (= સીધો) જાય કે જ્યાં સુધી કાળથી **૨** સમય અથવા **૩** સમય પણ પૂર્ણ થઈ જ જાય. તો શું વાંધો ? તો પછી **૧** સમયવાળી જ અવિગ્રહા (= ઋજુ) ગતિ હોય એમ કેમ કહ્યું ?

**ઉત્તર :** આ પ્રશ્નનો ઉત્તર આપતાં ભાષ્યકારશ્રી કહે છે → **प्रतिघाताभावात्** ઋજુગતિમાં પ્રતિઘાતનો અભાવ હોવાથી તે એક સમય કરતાં વધારે સમયની નથી હોતી.

**પ્રશ્ન :** **૩** વિગ્રહ થયા બાદ અન્ય કોઈ વિગ્રહ હોતો નથી એ વાતમાં નિયમ = હેતુ શું છે ? અર્થાત્ (જે રીતે જીવ **૧**, **૨** કે **૩** વિગ્રહ કરીને ઉત્પત્તિ સ્થાનને પ્રાપ્ત કરે છે તે રીતે) **૪** કે **૫** વિગ્રહ કરીને ઉત્પત્તિના સ્થાનને કેમ પ્રાપ્ત કરતો નથી ?

**ઉત્તર :** બીજા પ્રશ્નના ઉત્તરમાં ભાષ્યકારશ્રી કહે છે કે **विग्रहनिमित्ताभावाच्च** = 'વિગ્રહના નિમિત્તનો અભાવ હોવાથી ત્રણે પ્રકારની વિગ્રહગતિ સ્વમર્યાદાને ઓળંગતી નથી તથા ત્રણ વળાંક = વિગ્રહ કરતાં વધારે **૪** કે **૫** વળાંક કરતી નથી.

(હવે પ્રથમ પ્રશ્નના ઉત્તરમાં જે પ્રતિઘાતનો અભાવ સ્વરૂપ હેતુ કહ્યો, તેનો અર્થ આ પ્રમાણે છે →) જે જીવ ઋજુગતિથી જે સ્થાન પ્રાપ્ત કરે છે તે સ્થાનના અંતરાલમાં વિશ્રામ નહિ લેતો, તે (જીવ) સ્વભાવથી જ (અલોક ૩૫) કોઈપણ પ્રતિઘાતના હેતુ વડે નહીં હણાયેલો (એક સમય વડે) તે સ્થાનને અવશ્ય પ્રાપ્ત કરે છે, તો ત્યાં અવિગ્રહગતિની વાતમાં બીજા, ત્રીજા વગેરે સમયની કલ્પના વડે શું ? આથી અંતરાલમાં પ્રતિઘાતનો અભાવ હોવાથી તે જીવની એક સમયવાળી જ અવિગ્રહ = ઋજુગતિ હોય છે.

**अपरे वर्णयन्ति** → सिद्ध्यमानगतेरेव प्रतिघाताभावः, प्रतिघातकं हि कर्म, तदभावादित्यर्थः, तथा[1] येन जन्तुनैकविग्रहया गत्या यत् स्थानं यातव्यं तदसौ समयद्वयेनैव प्राप्नोति, उपपातक्षेत्रवशात्, न ततोऽपि श्रेण्यन्तरमाक्रामयतीति[2], अतो **विग्रहनिमित्ताभावादुच्यते**, विग्रहनिमित्त उपपातक्षेत्रवश इति, एवं द्वि-त्रिविग्रहयोर्योजनीयम्।

**अन्ये प्ररूपयन्ति** → गतेर्निमित्तं कार्मणशरीरं, तत्सन्तानव्युच्छेदश्च विग्रहनिमित्ताभाव इति॥

एवं गतिनियममावेद्य अधुना विग्रहशब्दार्थं पर्यायान्तरैरादर्शयति[3] → विग्रहणं = **विग्रहः** = **वक्रितं** = कुटिलमित्यर्थः। पुनरप्यपरितुष्यन् विशेषप्रतिपिपादयिषया आह → **विग्रहः = अवग्रहः = श्रेण्यन्तरसङ्क्रान्तिरित्यनर्थान्तरम्** (इति भाष्यम्)। विग्रहः कः ? अवग्रहः, ऋजुताया अवच्छेद इत्यर्थः, तथा श्रेणेरन्या श्रेणिः श्रेण्यन्तरं, तत्र सङ्क्रान्तिस्तदवाप्तिरिति, आलेखिते चतुरस्राकाशप्रतरे



**બીજા એમ** કહે છે કે - સિદ્ધિગતિને પામતા જીવની ગતિમાં જ પ્રતિઘાતનો અભાવ હોય છે. કારણકે પ્રતિઘાત કરનાર જે કર્મ છે, તેનો ત્યારે અભાવ છે માટે પ્રતિઘાતનો અભાવ હોય છે. (હવે બીજા પ્રશ્નના ઉત્તરમાં જે 'વિગ્રહના નિમિત્તનો અભાવ' હેતુ કહેવાયો છે, તેનો અર્થ કહે છે →)

વળી જે જીવ વડે ૧ વિગ્રહવાળી ગતિ દ્વારા જે ઉત્પત્તિ સ્થાનમાં જવાનું હોય તે સ્થાનને આ જીવ ઉપપાત ક્ષેત્રના વશ થકી ૨ સમયમાં જ પ્રાપ્ત કરે છે અને તેની પછી બીજી શ્રેણીમાં જતો નથી. આથી '**विग्रहनिमित्ताभावात्**' એમ બીજો હેતુ ભાષ્યમાં કહ્યો છે. ઉપપાત (= ઉત્પત્તિ) ક્ષેત્રની આધીનતા એ વિગ્રહનું નિમિત્ત છે. આ પ્રમાણે ૨ અને ૩ વિગ્રહવાળી ગતિમાં પણ અર્થ ઘટના કરવી.

**અન્ય કેટલાક** એમ કહે છે કે - ગતિનું નિમિત્ત કાર્મણ શરીર છે અને તેની પરંપરાનો વિચ્છેદ એ જ વિગ્રહના નિમિત્તનો અભાવ છે.

### ❊ વિગ્રહના એકાર્થક નામો ❊

આ પ્રમાણે ગતિના નિયમને જણાવીને અત્યારે '**વિગ્રહ**' શબ્દના અર્થને બીજા પર્યાયવાચી શબ્દોથી દેખાડે છે કે - વિગ્રહણ = વિગ્રહ = વક્ર = કુટિલ. આટલાથી સંતોષ ન પામતાં શિષ્યને ફરી પણ વિશેષ અર્થનું પ્રતિપાદન કરવાની ઇચ્છાથી **विग्रहः = अवग्रहः** ઇત્યાદિ ભાષ્યને કહે છે કે -

**પ્રશ્ન :** વિગ્રહ એટલે શું ?

**ઉત્તર :** વિગ્રહ એટલે અવગ્રહ અર્થાત્ ઋજુતા (= ઋજુગતિ)નો વિચ્છેદ તેમજ શ્રેણીથી

१. तथा जन्तु° - मु. सं. (खं.)। २. क्रमतीति - रा.। ३. यति - विग्रह : = वक्रितं - खं. भां।

**भाष्यम् :- विग्रहो = वक्रितम्, विग्रहः = अवग्रहः = श्रेण्यन्तरसङ्क्रान्तिरित्यनर्थान्तरम्। पुद्गलानामप्येवमेव। शरीरिणां च जीवानां विग्रहवती चाविग्रहवती च प्रयोगपरिणामवशात्। न तु तत्र विग्रहनियम इति।।२/२९।।**

● गन्धहस्ति ●

बिन्दुकश्रेणिभिः समस्तमिदमनुभवमारोहति। एवमेषामर्थो [1]विग्रहशब्दार्थादनर्थान्तरमर्थराशिरित्युपसंहृतः।

अथेदानीं पुद्गलानामप्यतिदेशं कुर्वल्ँलाघवार्थमाह → **पुद्गलानामप्येवमेव** (इति भाष्यम्)। यथा संसारिणां चतस्रो गतयः सम्भावितास्तथा पुद्गलानामपि परमाण्वादीनां विस्रसा-प्रयोगाभ्यामाभावनीयाः। अन्तर्गतावयं कालनियमो विग्रहनियमश्च प्रतिपादितः।

**अधुना** भवस्थानामेव शरीरिणां या गतिः सा कथमिति ?

**ભાષ્યાર્થ : વિગ્રહ એટલે વક્ર થયેલું (= વાંકું) તથા વિગ્રહ = અવગ્રહ = અન્ય શ્રેણીમાં સંક્રમણ, આ પ્રમાણે આ અર્થો એકાર્થ રૂપ છે. પુદ્ગલોમાં પણ આ પ્રમાણે જ ગતિનો નિયમ સમજવો. અન્તર્ગતિવર્તી જીવો, પુદ્ગલો અને શરીરધારી જીવોની વિગ્રહવાળી અને અવિગ્રહવાળી ગતિ પ્રયોગ-પરિણામના વશે થાય છે, પરંતુ શરીરી જીવોને વિશે વિગ્રહનો નિયમ નથી. ।।૨/૨૯।।**

● *હેમગિરા* ●

અન્ય શ્રેણી તે શ્રેણ્યંતર, ત્યાં સંક્રાંતિ અર્થાત્ તેની પ્રાપ્તિ, એ વિગ્રહ શબ્દનો બીજો અર્થ થયો.

બિંદુની શ્રેણીઓ વડે ૪ ખૂણાવાળા સમચોરસ ૧ આકાશ પ્રતર જ્યારે આલેખવામાં આવે ત્યારે આ સમસ્ત વાતનો અનુભવ પ્રાપ્ત થઈ જાય છે અર્થાત્ આ સમસ્ત વાત સમજાઈ જાય છે.

આ રીતે આ **वक्रितं** આદિ શબ્દોનો અર્થ વિગ્રહ શબ્દના અર્થથી ભિન્ન અર્થરાશિવાળો નથી જ એમ (હમણાં સુધી કહેવાયેલ વિગ્રહ શબ્દના અર્થ સંબંધી વિષયનો) ઉપસંહાર કરવો.

(જીવમાં વિગ્રહ ગતિનો નિયમ દર્શાવ્યા બાદ) હવે લાઘવ માટે પુદ્ગલોની પણ (ગતિની) ભલામણ કરતાં **पुद्गलानामप्येवमेव** એ ભાષ્યને કહે છે. જેમ સંસારીઓ માટે ઋજુ, એકવક્રાદિ ૪ ગતિઓની સંભાવના કરાઈ છે અર્થાત્ બતાવાઈ છે. તેમ પરમાણુ આદિ પુદ્ગલોની પણ વિસ્રસા અને પ્રયોગ થકી ઋજુ આદિ ૪ ગતિઓ ભાવન કરવી. અંતરાલ ગતિમાં (જીવ માટે) આ કાળનો નિયમ અને વિગ્રહનો નિયમ કહેવાયો.

## ❃ સંસારીઓની બે પ્રકારે ગતિ ❃

**પ્રશ્ન :** હવે ભવમાં રહેનારા જ શરીરીઓની જે (વિગ્રહ અને અવિગ્રહ) ગતિ છે તે કઈ રીતે કયા કારણે થાય છે ? તે કહો.

१. °मर्थो विग्रहशब्दादन्यदर्थान्तरमर्थराशि° - खं. / विग्रहशब्दार्थादर्थान्तरम° - रा।

**उच्यते →**▶**शरीरिणां चे**त्यादि◀। शरीरिणामित्यौदारिकाद्यपेक्ष्योक्तम्, अन्यथाऽन्तरगतावपि कार्मणशरीरयोगाद् वपुष्मानेवेति न साधुः स्यात्।

**चशब्दे**नान्तर्गतिवर्तिनो जीवाः समुच्चीयन्ते पुद्गला वा, शरीरिणां च **जीवानामेवं**[1] गतिर्भवति विग्रहवती चाविग्रहा च, न कश्चिद् भेदः, सविग्रहाविग्रहसम्भावनायां **प्रयोगपरिणामवशादिति** (भाष्येण) गतेः कारणमाह → स्वप्रयत्नापेक्षो वाऽसौ तथा गच्छति परप्रयत्नापेक्षो वा कृष्यमाण इति [2]प्रयोगवशात् उच्यते। परिणामो विस्रसास्वभावः प्रयत्ननिरपेक्षस्तद्वशाद् वा तथा गच्छति (इति परिणामवशात् उच्यते)। अथवा प्रयोग एव[3] परिणामः प्रयोगपरिणामस्तद्वशाद् (तथा गच्छति) इति (प्रयोग परिणामवशात् उच्यते।) शरीरिणामप्येवमेवेत्यतिदिष्टम्, अतस्तस्य देशापवादः प्रदर्श्यते → **न तु तत्र विग्रहनियम**

● *હેમગિરા* ●

**ઉત્તર :** આ પ્રશ્નના ઉત્તર રૂપે **शरीरिणां** ઇત્યાદિ ભાષ્ય કહેવાય છે → અહીં જે '**शरीरिणां**' એવો પ્રયોગ કર્યો છે તે ઔદારિક આદિ શરીરવાળા (ભવસ્થ જીવો)ને આશ્રયી અન્યથા તો અંતર્ગતિ (= વિગ્રહગતિ)માં પણ કાર્મણ શરીરના સંબંધ થકી જીવ શરીરધારી જ છે, આથી તેનું પણ અહીં ગ્રહણ થશે અને તેથી **शरीरिणां** પ્રયોગ બરાબર નહીં થાય કેમકે શરીરી પદ પછીનાં '**च**' શબ્દથી અંતર્ગતિમાં રહેનારા જીવો અને પુદ્ગલોનો સમુચ્ચય કરાય છે, તેથી અર્થ એ થયો કે અંતર્ગતિમાં રહેનારા જીવો, પુદ્ગલો અને શરીરી જીવોની આવી વિગ્રહવાળી અને વિગ્રહ વિનાની ગતિ હોય છે. વળી તે વિષયમાં કોઈ તફાવત નથી. '**प्रयोग-परिणामवशात्**' એ ભાષ્ય દ્વારા ગતિના સવિગ્રહ અને અવિગ્રહ એ બે ભેદોની સંભાવનામાં અર્થાત્ ઉત્પત્તિમાં કારણને કહે છે →

આ (જીવ કે પુદ્ગલ) સ્વપ્રયત્નની અપેક્ષાવાળો અથવા પરપ્રયત્નની અપેક્ષાવાળો હોવાથી (પોતાના દ્વારા કે અન્ય દ્વારા) ખેંચાતો તેવી રીતે (= વિગ્રહવાળી કે વિગ્રહ વિનાની ગતિથી) જાય છે કે જેથી પ્રયોગના વશ થકી ગતિ કરે છે એમ કહેવાય છે. અથવા વિસ્રસાસ્વભાવ = પ્રયત્નથી નિરપેક્ષ એવો પરિણામ અને તેનાં વશ થકી તેવી રીતે જાય છે (તેથી પરિણામના વશ થકી ગતિ થાય છે એમ કહેવાય છે) અથવા પ્રયોગ એ જ પરિણામ, તે પ્રયોગ પરિણામ, તે પ્રયોગ પરિણામના વશ થકી તેવી રીતે (= વિગ્રહવાળી કે વિગ્રહ વિનાની ગતિથી) જાય છે. (આથી પ્રયોગ પરિણામના વશ થકી ગતિ થાય છે એમ કહેવાય છે.) શરીરી (= ભવસ્થ જીવો)ની ગતિ વિશે પણ આ પ્રમાણે જ છે એમ અહીં ભલામણ કરાઈ છે પણ તે અંગે જે થોડો ફરક છે તે **न तु तत्र विग्रहनियम इति** એ ભાષ્ય દ્વારા દેખાડે છે. → ત્યાં શરીરધારી જીવોમાં યથોક્ત (૧, ૨, ૩) વિગ્રહો કરતાં અલ્પ કે અધિક વિગ્રહોનું નિયમન કરાયું જ

१. ॰मेव - मु. खं. । २. प्रयोगपरिणामवशात् - मु (खं)। ३. प्रयोग एव परिणामस्तद्व॰ - मु. प्रा. (खं. भां)।
▶.....◀ चिह्नितोऽयं पाठो मुद्रित पुस्तके नास्ति (खं. भां.)।

**भाष्यम् :- अत्राह → अथ विग्रहस्य किं परिमाणमिति ?। अत्रोच्यते → क्षेत्रतो भाज्यम्, कालतस्तु ॥**

• गन्धहस्ति •

**इति**। नैव तत्र शरीरिषु विग्रहा नियम्यन्ते अल्पे वा बहवो वा यथोक्तविग्रहेभ्य **इति**॥२/२९॥

**अत्राहे**त्यादिः सम्बन्धग्रन्थः। अविग्रहवद्गतिविचारप्रस्तावे पर आह → **अथ विग्रहस्य किं परिमाणमिति ?** (इति भाष्येण)। **अथे**त्यनेन पूर्वक्रियानन्तर्यमावेदयति, **विग्रहः** = वक्रं तस्य **किं परिमाणं** = प्रमाणमित्यर्थः, कियता कालेन विग्रहो जायत इति प्रश्नार्थः, **अत्र** प्रश्नेऽभिधीयते निर्णय *इत्यत आह* → **क्षेत्रतो भाज्यम्, कालतस्तु** (इति भाष्येण)। **क्षेत्रतो भाज्यमे**कादिप्रदेशभावित्वात् क्षेत्रतो विग्रहपरिमाणं भाज्यम्, कुतः ? संहार-विसर्गधर्मात्मकत्वाज्जीवप्रदेशानाम्, पूर्वशरीरावगाहनक्षेत्रादुपपातव्यपेताद्, एकादिप्रदेशादिकं चोपपातक्षेत्रमध्यवसातव्यम्, एकादिप्रदेशान्तरितं वा,

**ભાષ્યાર્થ : પ્રશ્ન : હવે વિગ્રહનું પ્રમાણ શું છે અર્થાત્ કેટલા કાળે વિગ્રહ થાય છે ?**

**ઉત્તર : ક્ષેત્રની અપેક્ષાએ (એક વગેરે પ્રદેશની) ભજના સમજવી, પરંતુ કાલની અપેક્ષાએ તો નિયત હોય છે. (તેને આગળના ૨/૩૦ સૂત્રમાં કહેવાય છે.)**

• *હેમગિરા* •

નથી અર્થાત્ શરીરી ભવસ્થ જીવોની ગતિમાં ગમે તેટલા ઓછા કે વધતાં વિગ્રહો હોઈ શકે છે તેમાં કોઈ બંધારણ નથી. ॥૨/૨૯॥

**૨/૩૦ સૂત્રની અવતરણિકા :** '**अत्राह**' વગેરે ભાષ્ય પદો સંબંધ ગ્રંથ (= અવતરણિકા) રૂપ છે. પ્રસ્તુતમાં અવિગ્રહવાળી ગતિ સંબંધી વિચારના પ્રસ્તાવમાં બીજો (= શિષ્ય) **अथ विग्रहस्य** ... ઇત્યાદિ ભાષ્ય દ્વારા પ્રશ્ન કરે છે કે - વિગ્રહનું પરિમાણ શું છે ?* **अथ** એવા આ શબ્દ વડે પૂર્વક્રિયાના આનંતર્યને જણાવે છે, તેથી અર્થ આ પ્રમાણે થયો કે વિગ્રહ સંબંધી ગતિ વાત પૂરી થઈ હવે એ કહો કે વિગ્રહ (= વળાંક) = વક્ર, તેનું શું પરિમાણ અર્થાત્ પ્રમાણ છે ? પ્રશ્નનો ભાવાર્થ એ છે કે કેટલા કાળે વિગ્રહ થાય છે ? અહીં ઉપરોકત પ્રશ્નનો ઉત્તર **क्षेत्रतो** ..... ઇત્યાદિ ભાષ્ય થકી કહેવાય છે. એક, બે આદિ પ્રદેશો (ઉત્પત્તિના સ્થાન) હોવાથી ક્ષેત્રની અપેક્ષાએ વિગ્રહનું પરિમાણ ભજનાવાળું છે.

## ❊ વિગ્રહ પરિમાણની ક્ષેત્રથી ભજના ❊

**પ્રશ્ન :** એક, બે આદિ પ્રદેશવાળું ઉપપાત ક્ષેત્ર શાથી હોય છે ?

**ઉત્તર :** જીવના પ્રદેશો સંકોચ અને વિસ્તાર પામવાના સ્વભાવવાળા હોય છે, તેમજ પૂર્વભવ સંબંધી દેહની અવગાહનાવાળું ક્ષેત્ર ઉપપાત ક્ષેત્ર થકી અલગ હોય છે. આ બે કારણથી

१. ★...★ चिह्नद्वयमध्यवर्तिपाठोऽधिकोभासते।

## सूत्रम् :- एकसमयो विग्रहः ॥२/३०॥

**भाष्यम् :- एकसमयो विग्रहो भवति। अविग्रहा गतिरालोकान्तादपि एकेन समयेन भवति।**

**• गन्धहस्ति •**

लोकान्ताल्लोकान्तमिति वा, **कालतः** पुनर्नियतपरिमाण एव विग्रहो भवति। (इत्यत आह → एकसमयो विग्रहः इति सूत्रम्।)

**एकसमयो विग्रहो भवती**त्यादि भाष्यम्। एकोऽन्यनिरपेक्षः अविभागी यः कालः परमनिरुद्धश्च समयः स एकः समयो यस्य व्यवधायकः स एकसमयो भवतीह विग्रहः। एतदुक्तं भवति → भवान्तरालवर्तितायां जन्तोर्गतिपरिणतस्यैकेन समयेनातिक्रान्तेन वक्रा गतिर्जायत इति, न चायं नियमः सर्वस्यावश्यं समयातिक्रमे वक्रेण भवितव्यम्, किन्तु पूर्वापरसमयावधिक[1] एष विग्रहः, तेन द्वि-त्रि-चतुःसमयासु

## સૂત્રાર્થ : વિગ્રહ એક સમયવાળો હોય છે. ॥૨/૩૦॥

**ભાષ્યાર્થ : વિગ્રહ એક સમયવાળો હોય છે. લોકાંત સુધી પણ અવિગ્રહ ગતિ એક સમય વડે થાય છે.**

*• હેમગિરા •*

ઉપપાત ક્ષેત્ર એક આદિ પ્રદેશ વગેરેવાળું જાણવું. અર્થાત્ ક્યારેક પૂર્વભવના શરીરના ક્ષેત્રથી ૧ આદિ પ્રદેશની પછી (અંતરિત = દૂર) આ ઉપપાત ક્ષેત્ર હોય છે અથવા કયારેક ઉપપાત ક્ષેત્ર ૧ લોકાંતથી માંડીને ઠેઠ સામેના બીજા લોકાંત સુધી દૂર હોઈ શકે છે. કાળથી તો પણ નિયત પરિણામવાળો જ વિગ્રહ હોય છે.

વિગ્રહનો એ નિયત કાળ શું છે તે વાતને બતાવતાં '**एक समयो विग्रहः**' ૨/૩૦ સૂત્રને કહે છે. તેનું '**एकसमय .....**' ઇત્યાદિ ભાષ્ય છે (તેનો અર્થ આ પ્રમાણે છે,) એક = અન્ય (સમય)થી નિરપેક્ષ અર્થાત્ કોઈની અપેક્ષા રહિત જે હોય તેને એક કહેવાય છે તથા જેનો વિભાગ ન થઈ શકે એવો પરમ નિરુદ્ધ નાનામાં નાનો કાળ તે સમય કહેવાય. તે એક સમય જેનો વ્યવધાયક છે તે એક સમયના વ્યવધાનવાળો વિગ્રહ અહીં હોય છે.

ભાવાર્થ એ છે કે - ભવના અંતરાલમાં રહેલી ગતિમાં એક સમય વીત્યા બાદ, ગતિમાં પરિણત થયેલ જીવને વક્રગતિ થાય છે. વળી એવો નિયમ નથી કે એક સમય પૂર્ણ થએ છતે બધાની અવશ્ય વક્રગતિ થવી જોઈએ પરંતુ પૂર્વાપર સમયની મર્યાદાવાળો આ વિગ્રહ હોય છે એવો નિયમ છે. અર્થાત્ પૂર્વ (= પાછળ) અને અપર (= આગળ) એમ બે સમયની મર્યાદાવાળો વિગ્રહ હોય છે, એવો નિયમ છે. તેથી આ વિગ્રહ ૨, ૩, ૪ સમયવાળી ગતિઓમાં હોય છે, કિંતુ ૧ સમયવાળી ઋજુગતિમાં નથી હોતો. વળી જ્યાં વિગ્રહ છે ત્યાં એકસમયત્વ વિશેષણ

१. °समयोपाधिक - रा.।

गतिषु भवति, नैकसमयायाम्, अपि च यत्र विग्रहस्तत्रैकसमयत्वमुपलक्षणम्, न पुनः एकसमयपरिमाणे काले व्यवच्छिन्ने सर्वत्र विग्रहेण भवितव्यम्, या हि ऋज्वी गतिर्न तस्यां विग्रहोऽस्ति, अथ चैकसमयेति।

सम्प्रति नियतकालपरिमाणामेकसमयां गतिं क्षेत्रतो भाज्यतया दर्शयति **अविग्रहा गतिरालोकान्तादपि एकेन समयेन भवति** (इति भाष्येण), ऋज्वी गतिः क्षेत्रमङ्गीकृत्य कदाचिदव्यवहित-श्रेण्यन्तरमात्र एव विरमति जन्तोरुत्पादवशात्, कदाचिच्छ्रेणिद्वयमतिक्रम्योपरमति आलोकान्ताद् वा सिद्ध्यमानस्य भवतीत्येकसमयपरिमाणभेदवर्ति (नी) सर्वत्र गतिविशेषात्, यथा देवदत्त यज्ञदत्तयोरेकः प्रहरेण त्रीणि योजनानि छिनत्ति, अपरो योजनमध्यर्धं यातीति, एवं तावदवक्रा गतिरेकेन समयेन भवतीति निरूप्य अविग्रहपरिमाणं चाख्याय विग्रहपरिमाणत[1] एव सुज्ञानसमयसङ्ख्या एक-द्वि-त्रिवक्रा[2] → गतीराख्याति

• હેમગિરા •

એ ઉપલક્ષણ રૂપ છે (પણ લક્ષણ નથી,) માટે જ્યારે ૧ સમયના પરિમાણ જેટલો કાળ વીતે ત્યારે સર્વત્ર વિગ્રહ થવો જોઈએ એવું નથી કેમકે જે ઋજુગતિ છે તેમાં વિગ્રહ નથી અને તે (ઋજુગતિ) ૧ સમયવાળી છે.

## ❁ ગતિકાળથી નિયત, ક્ષેત્રથી અનિયત ❁

હમણાં એક સમય રૂપ નિયત કાળના પ્રમાણવાળી જે ગતિ છે તેના વિશે ક્ષેત્રની અપેક્ષાએ ભજના છે તેને '**अविग्रहा गति ...**' ઇત્યાદિ ભાષ્ય દ્વારા દર્શાવે છે. સંસારી જીવના ઉત્પત્તિ સ્થાનના અનુસારે ક્ષેત્રને આશ્રયી અવિગ્રહા = ઋજુગતિ ક્યારેક માત્ર અવ્યવહિત (= તેની તદ્દન બાજુની જ) એવી અન્ય આકાશશ્રેણીમાં જ અટકી જાય છે, ક્યારેક ૨ આકાશશ્રેણીને ઓળંગીને અટકે છે અને સિદ્ધ થતાં આત્માની ઋજુગતિ ઠેઠ લોકાંત સુધી હોય છે. આ પ્રમાણે સર્વત્ર (= ઉપરોક્ત ત્રણે સ્થાન વિશે) ઋજુગતિમાં ૧ સમય રૂપ કાલ-પ્રમાણ તુલ્ય હોવા છતાં વિશિષ્ટ ગતિના કારણે ક્ષેત્રની અપેક્ષાએ ભેદ છે. જેમ દેવદત્ત અને યજ્ઞદત્તમાં એક વ્યક્તિ ૧ પ્રહર વડે ૩ યોજન કાપે છે તથા બીજો આટલા જ સમયમાં દોઢ યોજન જાય છે. (આમ બંનેની ગતિનું કાલ પ્રમાણ એક હોવા છતાં ક્ષેત્ર પ્રમાણ અલગ છે)

આ પ્રમાણે પ્રથમ અવક્રા (ઋજુ) ગતિ ૧ સમય વડે થાય છે, એવું નિરૂપણ કરીને અને ઋજુગતિના જ ક્ષેત્ર-પ્રમાણને કહીને હવે વિગ્રહના પ્રમાણથી જ જેના સમયની સંખ્યા જાણવી સુગમ છે, એવી એકવક્રા, દ્વિવક્રા અને ત્રિવક્રા ગતિઓને **एकविग्रहा...** ઇત્યાદિ ભાષ્ય દ્વારા કહે છે → એક વિગ્રહ છે જે ગતિમાં તે ૧ વિગ્રહાગતિ કહેવાય. વિગ્રહ (= વળાંક) એ પૂર્વાપરના સમયની અવધિ = મર્યાદાવાળો હોવાથી સામર્થ્યથી નિશ્ચય કરાય છે કે ૧ વિગ્રહ ૨ સમય વડે નિષ્પાદન કરાય છે. આ પ્રમાણે દ્વિવિગ્રહા ગતિ ૩ સમયમાં અને ત્રિવિગ્રહા ગતિ ૪

१. विग्रहप्रमाणत - मु. (रा)। २. गतिरा° - प्रा.।

**भाष्यम् :- एकविग्रहा द्वाभ्याम्, द्विविग्रहा त्रिभिः, त्रिविग्रहा चतुर्भिरिति। अत्र भङ्गप्ररूपणा कार्येति॥२/३०॥**

● गन्धहस्ति ●

**एकविग्रहा द्वाभ्याम्** (इति भाष्येण) एको विग्रहो यस्यां सैकविग्रहा पूर्वापरसमयावधिकत्वात् विग्रहस्य सामर्थ्यान्निश्चीयते द्वाभ्यां समयाभ्यां निष्पाद्यत एकविग्रह इति। एवं द्वि-त्रिविग्रहयोरपि वाच्यम्॥

अथैकस्यां नरकादिगतौ विवक्षितायां ये प्राणिनस्तत्र नरक उत्पत्स्यन्तेऽन्तर्गतिवर्तिनस्ते किं सर्वेऽपि विग्रहगत्या एकस्मिन् काले उत्पद्यन्ते, अथ अविग्रहया, उत द्वाभ्यामिति ? अत आह → **अत्र भङ्गप्ररूपणा [1]कार्या**, अत्रैवंविधविचारप्रस्तावे भङ्गाः = विकल्पाः तेषां प्ररुपणा = विभावना कार्या। सा चैवं कार्या → (१) नारकाः कदाचित् सर्व एव विग्रहगतयो भवन्ति, (२) अथवा अविग्रहगतयश्च, विग्रहगतिश्चैकः[2] स्यात्, (३) अथवा अविग्रहगतयो विग्रहगतयश्चेति, एतेन विकल्प-

**ભાષ્યાર્થ : એકવિગ્રહાગતિ ૨ સમય વડે, દ્વિવિગ્રહાગતિ ૩ સમય વડે તથા ત્રિવિગ્રહાગતિ ૪ સમય વડે થાય છે. આ રીતે અહીં ભાંગાઓ કહેવા. ॥૨/૩૦॥**

● *હેમગિરા* ●

સમયમાં નિષ્પાદન કરાય છે એમ પણ જાણવું.

### ❊ ભંગ પ્રરૂપણાને સમજીએ ❊

**પ્રશ્ન :** નરકાદિ ગતિમાં જે પ્રાણીઓ ત્યાં વિવક્ષિત એક નરકગતિમાં (નારક તરીકે) ઉત્પન્ન થશે, અંતર્ગતિવર્તી એવા તે સર્વે પણ શું ૧ વિગ્રહગતિ, અવિગ્રહગતિ કે ઉભય વડે એક કાળે ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર : अत्र भङ्गप्ररूपणा कार्या...** અહીં આવા પ્રકારના વિચારના અવસરે ભંગોની = વિકલ્પોની પ્રરૂપણા = વિભાવના કરવી અને તે આ પ્રમાણે કરવી → ૧) ક્યારેક (એક સાથે ઉત્પન્ન થનારા) બધા જ નારકો વિગ્રહગતિવાળા હોય છે. ૨) અથવા (ક્યારેક) અવિગ્રહ ગતિવાળા ઘણાં હોય અને વિગ્રહગતિવાળા એક હોય. ૩) અથવા (ક્યારેક) અવિગ્રહ ગતિવાળા ઘણાં અને વિગ્રહ ગતિવાળા ઘણાં એમ બંને હોય.

આ ૩ વિકલ્પો વડે એકેન્દ્રિયોને છોડી શેષ સર્વ જીવોની વ્યાખ્યા કરાઈ અર્થાત્ એકેન્દ્રિય જીવોને છોડીને બીજા જે પણ જીવો ઉત્પન્ન થશે તે આ ૩ વિકલ્પ વડે જ ઉત્પન્ન થશે. વળી ઉપર બતાવેલ ભાંગાઓમાં એક-અનેક (= **एकादि**) જીવોની ઉત્પત્તિની યોજના એ નારક વગેરે જીવોમાં પોત-પોતાની ઉત્પત્તિની ઉત્કૃષ્ટ સંખ્યા સુધી જણાવી.

વળી એકેન્દ્રિયો તો (જથ્થાબંધ જ જન્મતાં હોવાથી, તેઓમાં) સદાય ઘણાં અવિગ્રહગતિવાળા,

१. कर्त्तव्या - खं. भां.। २. °श्चैकं - खं. भां.।

## सूत्रम् :- एकं द्वौ वाऽनाहारकः ॥२/३१॥

**भाष्यम् :- विग्रहगतिसमापन्नो जीवः एकं वा समयं द्वौ वा समयावनाहारको भवति, शेषं कालमनुसमयमाहारयति। कथमेकं द्वौ वाऽनाहारको न बहूनीति, अत्र भङ्गप्ररूपणा कार्या॥२/३१॥**

**• गन्धहस्ति •**

त्रयेणैकेन्द्रियान् विहाय शेषा व्याख्याताः, एकाद्युपपादोपपत्तेर्यावत् स्वसङ्ख्यानियम इति, एकेन्द्रियास्तु नित्यमविग्रहगतयो विग्रहगतयश्चापदिश्यन्त इति॥२/३०॥

उक्तो विग्रहः। **अथ** विग्रहगतिसमापन्ना जीवाः किमाहारका अनाहारकाः इति[1] ? यद्यनाहारका एवं तर्हि कियन्तं कालमिति वक्तव्यमिति, उच्यते → (एकं द्वौ वाऽनाहारकः इति सूत्रम्।) **विग्रहगती-**त्यादि भाष्यम्। उक्ता विग्रहगतिस्तां **समापन्नः** = अनुप्राप्तो जीवः सामर्थ्याद् विग्रहापेक्षत्वाद् द्विविग्रहां त्रिविग्रहां वाऽनुप्राप्तो गृह्यते, तत्र द्विविग्रहायामेकं समयं मध्यमं त्रिविग्रहायां द्वौ **समया-**

**સૂત્રાર્થ : વિગ્રહગતિને પ્રાપ્ત થયેલ જીવ ૧ અથવા ૨ સમય અનાહારક હોય છે. ॥૨/૩૧॥**

**ભાષ્યાર્થ : વિગ્રહગતિ પ્રાપ્ત થયેલ જીવ ૧ અથવા ૨ સમય અનાહારક હોય છે. બાકીના સમયમાં દરેક સમયે આહાર કરે છે. પ્રશ્ન : શા માટે ૧ અથવા ૨ સમય જીવ અનાહારક હોય છે વધુ સમય નહીં ? ઉત્તર : આને સમજવા અહીં વિકલ્પોની પ્રરૂપણા કરવી. ॥૨/૩૧॥**

*• હેમગિરા •*

તેમજ ઘણાં વિગ્રહગતિવાળા જીવો કહેવાય છે, એમ જાણવું. ॥૨/૩૦॥

**૨/૩૧ સૂત્રની અવતરણિકા :** આ પ્રમાણે વિગ્રહ કહેવાયો. **પ્રશ્ન :** હવે વિગ્રહગતિને પ્રાપ્ત થયેલા જીવો શું આહારક હોય છે કે અનાહારક હોય છે ? જો અનાહારક હોય છે એ પ્રમાણે કહો છો તો કેટલા કાળ સુધી અનાહારક હોય છે, એ પ્રમાણે કહેવા યોગ્ય છે, (તે કહો ?)

**ઉત્તર :** ઉપરોક્ત પ્રશ્નના ઉત્તર તરીકે **૨/૩૧** સૂત્ર કહેવાય છે.

**(एक द्वौ वा ऽ नाहारकः** એ **૨/૩૧** સૂત્ર છે. **विग्रहगति...** ઇત્યાદિ તેનું ભાષ્ય છે. અનાહારક દશા માટે વિશિષ્ટ વિગ્રહની અપેક્ષા હોય છે માટે સામર્થ્યથી, પૂર્વમાં કહેવાયેલ સ્વરૂપવાળી આ વિગ્રહગતિને સમાપન્ન = પ્રાપ્ત થયેલ જીવ તરીકે **૨** વિગ્રહવાળી ગતિને કે **૩** વિગ્રહવાળી ગતિને પ્રાપ્ત થયેલ જીવ ગ્રહણ કરાય છે. તેમાં **૨** વિગ્રહવાળી ગતિમાં (**૩** સમયમાંથી) મધ્યના **૧** સમયે

१. ति ? अनाहारका इत्याह - मु. (रा. प्रा.)।

**वनाहारको**[२] मध्यमौ **भवति**। अनन्तरसूत्रात् समयग्रहणमनुवर्तते, **वाशब्दो** विकल्पार्थः कदाचिदेकं कदाचिद् द्वाविति।

अपरे वाशब्दात् त्रीन् वा समयाननाहारको भवतीति व्याचक्षते, तं च केवलिनमादर्शयति समुद्घात-काले त्रि-चतुर्थ-पञ्चमसमयेषु, [२]तदेतदत्यन्तासम्बद्धम्, विग्रहगतिसमापन्नो जीव इत्येवंविधे भाष्य-प्रक्रमे कः प्रस्तावः केवलिसमुद्घातानाहारककालस्य ? [३]अथाप्रस्तुतमप्यत्रावश्यं वक्तव्यं भाष्यादुत्तीर्य, ततोऽन्तर्मुहूर्तार्धं (द्धं ?) शैलेश्यवस्थायामनाहारक इति किं नोक्तम् ? सादिकमनिधनं कालं सिद्धोऽनाहारक

● હેમગિરા ●

અને ૩ વિગ્રહવાળી ગતિમાં (૪ સમયમાંથી) મધ્યના ૨ સમયે જીવ અનાહારક હોય છે. ૨/૩૧ સૂત્રમાં નહીં કહેલ '**સમય**' શબ્દનું ગ્રહણ અનંતર (૨/૩૦માં) સૂત્રની અનુવૃત્તિથી થાય છે.

### ❊ 'वा' શબ્દ વિકલ્પસૂચક છે ❊

'**वा**' શબ્દ ક્યારેક ૧, ક્યારેક ૨ સમય એવા વિકલ્પના અર્થમાં છે. બીજા કેટલાક '**वा**' શબ્દથી 'અથવા ૩ સમય' અનાહારક હોય છે એમ કહે છે અને આ વિશે દૃષ્ટાંત રૂપે તે કેવળીને દેખાડે છે, તે આ મુજબ કે સમુદ્ઘાત કાળે ત્રીજા, ચોથા અને પાંચમા સમયમાં કેવળી અનાહારક હોય છે.

આ વાત અત્યંત અસંગત છે કારણકે ''વિગ્રહગતિને પ્રાપ્ત થયેલો જીવ'' આવા પ્રકારના ભાષ્યના પ્રકરણમાં કેવલી સમુદ્ઘાત સમયના અનાહારક કાળની વાત કરવાનો શું અવસર છે ? (કોઈ અવસર જ નથી.)

હવે જો એમ કહેતા હો કે અપ્રસ્તુત વાત પણ ભાષ્ય દ્વારા ઉતારીને અહીં (= પ્રસ્તુતમાં) અવશ્ય કહેવી જોઈએ તો, અંતર્મુહૂર્ત કાળ સુધી શૈલેષી અવસ્થામાં (જીવ) અનાહારક હોય છે આ પ્રમાણે કેમ કહેવાયું નહીં ? (એવો પણ પ્રશ્ન થશે !) અને સિદ્ધ ભગવંતો સાદિ અનંતકાળ સુધી અનાહારક હોય છે તે પણ કેમ કહેવાયું નહીં ? આ પ્રમાણે આ વ્યાખ્યા પ્રસ્તાવથી બહાર હોવાથી વિદ્વાન પુરુષના મનને આરાધી શકતી (= આનંદ પમાડી શકતી) નથી.

### ..... તો 'वा' શબ્દ સમુચ્ચયાર્થમાં કહી શકાય

**પ્રશ્ન :** જો '**वा**' શબ્દ દ્વારા પાંચ સમયવાળી ગતિમાં ૩ સમયના (અનાહારકનો) સમુચ્ચય (= જોડાણ) કરાય તો યોગ્ય ગણાય ?

**ઉત્તર :** પહેલા જ અમે જણાવ્યું છે કે, તેવા પ્રકારની **૫** સમયની ગતિમાં કોઈ જીવ ઉત્પન્ન થતો નથી. હવે જો ઉત્પત્તિ સંભવિત હોય તો (તમે કહ્યું તેમ સમુચ્ચય કરવામાં) કોઈ દોષ નથી.

१. हारकौ - मु (भाव.)। २. तदत्यन्ता॰ - मु. (खं. भां.)। ३. अथवाऽप्रस्तु॰ - रा।

इति वा, अतः प्रस्तावापास्तत्वान्न विद्वन्मनांस्याराधयत्येतद् व्याख्यानम्। यदि पुनः पञ्चसमयायां गतौ वाशब्देन समयत्रयं समुच्चीयते? **उच्यते** → अभिहितं प्राक् न तादृश्यां गत्यां कश्चिदुपपद्यते, अथास्ति सम्भवः न कश्चिद् दोषः॥

**अथ** किमाहारकविशेषमङ्गीकृत्य अनाहारकत्वमाख्यायते सूरिणा उत सर्वाहारनिषेध इति ? सर्वाहारनिषेध इत्याह, कति वाऽऽहाराः ? ननु त्रयः, ओजआहारो लोमाहारः प्रक्षेपाहार इति, तत्रौज-आहारोऽ[1]पर्याप्तकालावस्थायां कार्मणशरीरेणाम्बुनिक्षिप्ततप्तभाजनवत् पुद्गलादानं सर्वप्रदेशैर्यत् क्रियते जन्तुना प्रथमोत्पादकाले योनौ [2]अपूपेनेव प्रथमकालप्रक्षिप्तेन घृतादेरिति, [3]एष च [4]आन्तर्मौहर्तिकः। लोमाहारस्तु पर्याप्तकावस्थाप्रभृति यत् त्वचा पुद्गलोपादानमाभवक्षयाच्च सः। प्रक्षेपाहारः ओदनादिकवल-पानाभ्यवहारलक्षणः। अतोऽन्नाहारत्रयमपि प्रतिषिध्यते, भवस्थतायामेव त्रितयाभ्यनुज्ञानात्।

• *હેમગિરા* •

### ❀ અનાહારક = ૩ આહારનો ત્યાગ ❀

**પ્રશ્ન :** વાચકશ્રીએ શું વિશિષ્ટ આહારની અપેક્ષાએ અનાહારકપણું કહ્યું છે કે સર્વ આહારના નિષેધની અપેક્ષાએ ? જો સર્વ આહારના નિષેધને આશ્રયીને આ પ્રમાણે વાચકશ્રી કહે છે તો તે આહારો કેટલા પ્રકારના છે તે કહો ?

**ઉત્તર :** આહાર ૩ પ્રકારના છે. ૧) ઓજ આહાર, ૨) લોમ આહાર, ૩) પ્રક્ષેપ = કવલ આહાર. ત્યાં (= ૩ આહારમાં) **ઓજ આહાર** → જેમ પાણીમાં નંખાયેલું તપ્ત ભાજન તે પાણીનું ગ્રહણ કરે છે (અથવા તો બીજી રીતે કહીએ તો) જેમ ઉકળતા ઘી આદિમાં પ્રથમવારમાં નંખાયેલી પૂરી એ પોતાના સર્વ પ્રદેશો દ્વારા ઘી આદિને ગ્રહણ કરે છે તેમ જીવ વડે એ યોનિને વિષે જન્મનાં પ્રથમ સમયે અપર્યાપ્ત કાળની અવસ્થામાં કાર્મણ શરીર દ્વારા સર્વ આત્મપ્રદેશોથી જે પુદ્ગલોનું ગ્રહણ કરાય છે તે ઓજ આહાર છે. આ આહાર ગ્રહણનો કાળ અંતર્મુહૂર્તનો હોય છે.

**લોમાહાર** → પર્યાપ્તાવસ્થાથી માંડીને જીવન પર્યંત ત્વચા વડે જે પુદ્ગલોનું ગ્રહણ થાય છે તે લોમાહાર છે.

**પ્રક્ષેપ (= કવલ) આહાર** → ભાત આદિના કવલ અને પાણીને આરોગવાના સ્વરૂપવાળો પ્રક્ષેપ આહાર હોય છે.

અહીં પ્રસ્તુતમાં આવા પ્રકારના ત્રણેય આહારનો નિષેધ કરાય છે કારણકે ભવસ્થ સ્થિતિમાં જ ત્રણે આહાર કહેવાયેલા છે. જીવ અંતર્ગતિમાંના પ્રથમ સમયમાં પૂર્વભવ સંબંધી ચ્યવન-દેશમાં અને અંતિમ સમયમાં આગામી ભવના જન્મ-દેશમાં રહેલો હોવાથી આહારક જ હોય

१. °प्तकाव° - मु (खं.भां.)। २. °अपूपेनैव - प्रा.। ३. एवं च - रा.। ४. आन्तर्मुहूर्तिकः - मु (खं. भां.)।

प्रथमान्त्य[1]समययोरन्तर्गतौ च्युतजन्मदेशस्थत्वादाहारक एव, पूर्वोत्तरशरीरपरित्यागादानकालाभेदवर्तित्वाद्, कर्मपुद्गलादानं पुनर्योग-कषायहेतुकमन्तर्गतावपि सर्वत्र सर्वकालमस्ति, वर्षणसमये समादीप्तनाराचप्रक्षेपवत्, तद्यथा → जलधारासन्निपातापादितसामर्थ्ये वर्षति पर्जन्ये नाराचद्रव्यं ज्याहस्तविप्रयोगाहितवेगमग्निज्वालाकलापादीप्तमम्भःपुद्गलग्रहणं कुर्वदेव गच्छति, [2]एवमयमन्तरात्मा कार्मणेन शरीरेण कर्मोष्णत्वात् पुद्गलग्रहणं कुर्वन्नविच्छिन्नमागामिजन्मनेऽभिधावतीति, न खल्वेवंरूपस्य पुद्गलादानस्य प्रतिषेधः, किन्तु परिपोषहेतुको य आहार औदारिक-वैक्रियशरीरद्वयस्य स विवक्षितः प्रतिषेध्यत्वेनेति, अतोऽन्तर्गतावेकं समयं समयद्वयं वाऽनाहारकः, **शेषं कालमनुसमयमाहारयति** = एकद्विसमयव्यतिरिक्तं[3] शेषकालमाहारमभ्यवहरति। अत्यन्तसंयोगप्रदर्शनार्थमनुसमयमित्युक्तम्। अनुसमय-

हेमगिरा

છે. આનું પણ કારણ એ છે કે - પૂર્વ શરીરના ત્યાગના અને અપર શરીરના ગ્રહણના કાળ સાથે અંતર્ગતિના પ્રથમ અને અંત્ય સમયનો અભેદ છે.

### ❊ ...કાર્મણ પુદ્ગલોનું ગ્રહણ આહાર રૂપ નથી ❊

વિશેષ એ છે કે - યોગ અને કષાયના કારણે કર્મપુદ્ગલોનું ગ્રહણ તો અંતર્ગતિમાં ય સર્વ દેશ અને સર્વ કાલમાં ચાલુ જ હોય છે. આને સમજવા માટે વરસાદ થતી વખતે બળતા બાણના પ્રક્ષેપનું દૃષ્ટાંત જાણવું, તે આ મુજબ કે - જેમ જળધારાને વરસાવવામાં પ્રાપ્ત થયેલા સામર્થ્યવાળા વાદળા વરસે ત્યારે દોરી અને હાથના વિશિષ્ટ પ્રયોગથી વેગને પામેલું, અગ્નિની જ્વાળાના સમૂહથી જાજ્વલ્યમાન એવું બાણ, (તે વરસાદના) પાણીના પુદ્ગલોને ગ્રહણ કરતું જ (અવિચ્છિન્નપણે) પસાર થાય છે. એ જ પ્રમાણે આ અંતરાત્મા કર્મની ઉષ્ણતાના કારણે અંતર્ગતિમાં કાર્મણ શરીરથી કાર્મણ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરતો આગામી જન્મસ્થાનમાં અવિચ્છિન્નપણે દોડે છે અર્થાત્ પહોંચે છે.

ખરેખર અંતર્ગતિમાં આવા પ્રકારનાં પુદ્ગલોને ગ્રહણ કરવાનો (કોઈ શાસ્ત્રમાં) નિષેધ નથી કરાયો પરંતુ ઔદારિક અને વૈક્રિય આ બે શરીરના પોષણ કરવામાં હેતુભૂત જે આહાર છે તે આહાર (અંતર્ગતિમાં) નિષેધ કરવા રૂપે વિવક્ષિત છે. આથી અંતર્ગતિમાં ૧ સમય કે ૨ સમય જીવ અનાહારક હોય છે. **शेषं...** ૧ કે ૨ સમય સિવાયના શેષ કાલને વિશે દરેક સમયમાં જીવ આહાર ગ્રહણ કરે છે. આહાર ગ્રહણ કરવાની પ્રક્રિયાનો અત્યંત સંયોગ દેખાડવા માટે '**अनुसमयं**' એવો પ્રયોગ ભાષ્યમાં કહેવાયો છે, તેથી અર્થ આ પ્રમાણે કરવો કે - અનુસમય એટલે વિચ્છેદ વિના દરેક સમયે.

(હવે કઈ રીતે અનુસમય આહાર ગ્રહણ કરે છે તે આ પ્રમાણે સમજવું →) ગર્ભાદિમાં ઉત્પત્તિ થાય ત્યારે પ્રથમ સમયથી માંડી અંતર્મુહૂર્ત સુધી જીવને ઓજાહાર હોય છે. ત્યારબાદ

१. °भान्तसम° - पा.। २. एवसम्यमन्त° - भां.। ३. °तिरिक्तः - मु. रा. (खं. भां.)।

**भाष्यम् :- अत्राह → एवमिदानीं भवक्षये जीवः अविग्रहया विग्रहवत्या वा गत्या गतः कथं पुनर्जायत इत्यत्रोच्यते → उपपातक्षेत्रं स्वकर्मवशात् प्राप्तः शरीरार्थं पुद्गलग्रहणं करोति।**

• गन्धहस्ति •

मविच्छेदेन प्रतिसमयमित्यर्थः। उत्पत्तौ प्रथमसमयादारभ्यान्तर्मुहूर्तिक ओजआहारः, पश्चादाभवक्षयाल्लोमाहारः, कावलिकस्तु कादाचित्कः।

**कथमेकं द्वौ** [1]'वेत्यादिभाष्यं। केन प्रकारेणैकं द्वौ वा समयावनाहारको जन्तुर्न पुनरतोऽपि बहून् समयानित्यत्र प्रश्ने विकल्पानां विभावना **कार्या**, सा च कृतैव द्विविग्रहायामेकं त्रिविग्रहायां द्वाविति॥२/३१॥

**अत्राहे**त्यादिः सम्बन्धग्रन्थः। **अत्र** = अवसरे शिष्यः पृच्छत्यजानानः, **एवं** = उक्तेन प्रकारेण **इदानीमि**ति सर्वसंसारिणां स्वजीवितव्यवच्छेदविशिष्टं कालमामृशति, **भवक्षये** इति प्रागुपात्तौदारिक-

**ભાષ્યાર્થ : પ્રશ્ન : હમણાં એ જણાવો કે આ પ્રમાણે જ્યારે ભવનો ક્ષય (= મરણ) થાય છે ત્યારે અવિગ્રહવાળી કે વિગ્રહવાળી ગતિ વડે ગયેલો જીવ કઈ રીતે જન્મે છે ?**

**ઉત્તર : સ્વકર્મવશે ઉત્પત્તિક્ષેત્રમાં ગયેલો જીવ શરીરનાં (નિર્માણ) માટે પુદ્ગલ ગ્રહણ કરે છે. એ વાત અમે સૂત્ર ૮/૨, ૫/૧૯ અને ૮/૨૫ કહીશું તે આ પ્રમાણે →**

• *હેમગિરા* •

અંત (મરણ) કાળ સુધી લોમાહાર હોય છે. કવલાહાર તો (જ્યારે જ્યારે જીવ મોઢાથી આહાર લે ત્યારે જ હોવાથી) ક્યારેક હોય છે.

**'कथमैकं द्वौ'** ઇત્યાદિ ભાષ્ય છે. તેની વિચારણા આ રીતે છે →

**પ્રશ્ન :** અંતર્ગતિમાં જીવ એક અથવા બે સમય જ અનાહારક હોય છે પણ આના કરતાં વધારે સમયમાં (અનાહારક) નથી હોતો એવું કઈ રીતે સમજવું ?

**ઉત્તર : अत्र भङ्गप्ररूपणा कार्या** ..... આ પ્રશ્નને વિશે વિકલ્પોની વિચારણા કરવી (એમ ભાષ્યકારશ્રી સમાધાન આપે છે), અને '૨ વિગ્રહવાળી ગતિમાં ૧ સમય અને ૩ વિગ્રહવાળી ગતિમાં ૨ સમય અનાહારક હોય છે.' એ પ્રમાણે તે વિભાવના (ટીકાકારશ્રી દ્વારા) કરાયેલી જ છે.॥૨/૩૧॥

**૨/૩૨ સૂત્રની અવતરણિકા :** 'अत्राह' વગેરે ભાષ્ય પદો સંબંધ ગ્રંથ (= અવતરણિકા) રૂપ જાણવા. (**પ્રશ્ન :** હમણાં એ જણાવો કે આ પ્રમાણે કહેવાયેલા પ્રકારે જ્યારે ભવનો ક્ષય થાય છે ત્યારે અવિગ્રહવાળી કે વિગ્રહવાળી ગતિથી ગયેલો જીવ કઈ રીતે જન્મે છે ? )

આ પ્રશ્નગત ૧-૧ શબ્દના અર્થ આ પ્રમાણે છે -)

१. °त्यादि, केन - मु. प्रा. (खं. भां.)।

वैक्रियशरीर[1]परिक्षये सति ऋज्व्या वक्रया वा **गत्या गत** उपपत्तिदेशं प्राप्तो **जीवः**, केन प्रकारेण **पुनर्जायत** इति। पुनःशब्दः प्राक्तनजन्मापेक्षः, जायते = प्रादुर्भवति, औदारिक-वैक्रियशरीरितयोत्पद्यत इतियावत्। **अत्रोच्यते→ उपपातक्षेत्रं स्वकर्मवशात् प्राप्तः [2]शरीराद्यर्थं पुद्गलग्रहणं करोति।** यस्मिन् क्षेत्रे उत्पत्स्यते तदुपपातक्षेत्रमवकाशः[3] स्थानमाश्रय इति पर्यायाः, तत्**प्राप्तः स्वकर्मवशादिति**, पूर्वोपात्त-कर्मपरिणतिसामर्थ्यादेव विहाय प्राणान् भवान्तरमासादयति नेश्वरादिप्रेरित इति [4]सूचयति। सर्वं हि तस्य कर्माण्येव तदा निष्पादयन्ति, उत्पत्तिस्थानमृजु गन्तव्यमनेन वा मार्गेण यातव्यमस्यां वा वेलायां प्रवर्तित-व्यमस्मिन् वा योन्यन्तरे मयोत्पत्तव्यं नान्यत्रेत्येतदशेषमचिन्त्यसामर्थ्यभाञ्जि कर्माण्यात्मपरिणामापेक्षाणि

• હેમગિરા •

**अत्र** = અવસરમાં (જન્મના વિષયમા) અજાણ એવો શિષ્ય પ્રશ્ન કરે છે. **एवं** = આ પ્રમાણે એટલે ઉપર કહેવાયેલ પ્રકાર વડે. **इदानीम्** = સર્વ સંસારી જીવોના પોતાના જીવિતના અંતથી વિશિષ્ટ એવા કાળને (પ્રશ્નકર્તા) વિચારે છે. **भवक्षये** = ભવનો ક્ષય થાય ત્યારે એટલે ... પૂર્વભવમાં ગ્રહણ કરાયેલા ઔદારિક કે વૈક્રિય શરીરનો નાશ થાય ત્યારે ઋજુ કે વક્ર ગતિથી ગયેલો એટલે કે પરભવના ઉત્પત્તિ સ્થાનમાં પ્રાપ્ત થયેલો જીવ ફરી કઈ રીતે જન્મે છે ? **पुनः** શબ્દ પૂર્વ જન્મની અપેક્ષાએ છે, અર્થાત્ પૂર્વ જન્મ ક્ષય થાય ત્યાર બાદ ફરી કઈ રીતે જન્મ થાય એવું **पुनः** શબ્દ બતાવે છે. **जायते** = જન્મે છે અર્થાત્ ઔદારિક કે વૈક્રિય શરીરી તરીકે ઉત્પન્ન થાય છે.

**ઉત્તર :** સ્વકર્મના વશ થકી ઉપપાત ક્ષેત્રને પ્રાપ્ત થયેલો જીવ શરીર આદિ માટે પુદ્ગલોનું ગ્રહણ કરે છે. (અર્થ આ પ્રમાણે છે →)

## ❊ ગતિ કર્મ પ્રેરિત છે, ઈશ્વર પ્રેરિત નથી ❊

જે ક્ષેત્રમાં (= સ્થાનમાં) જીવ ઉત્પન્ન થશે તે ઉપપાત ક્ષેત્ર = અવકાશ = સ્થાન = આશ્રય કહેવાય છે. આ બધા ક્ષેત્રના એકાર્થક શબ્દો છે. સ્વકર્મના વશે ઉપપાત ક્ષેત્રને જીવ પ્રાપ્ત કરે છે. 'સ્વકર્મના વશે' એવું કહેવા દ્વારા 'જીવ પૂર્વોપાર્જિત કર્મ પરિણતિના સામર્થ્યથી જ (પૂર્વભવ સંબંધી) પ્રાણોને ત્યજીને ભવાંતરને પામે છે નહિ કે ઈશ્વર વગેરેથી પ્રેરાયેલો' એવું સૂચન કરે છે. ખરેખર ત્યારે (= ભવક્ષયની અવસ્થામાં) બધું તે જીવના કર્મો જ નિષ્પાદન કરાવે છે અર્થાત્ ઉત્પત્તિ સ્થાનમાં સીધા જવા યોગ્ય છે, આ (**मया =**) જીવ વડે જવા યોગ્ય છે, આ સમયમાં પ્રવર્તવા યોગ્ય છે અને અમુક યોનિની અંદર અમુક માર્ગે ઉત્પન્ન થવા યોગ્ય છે, બીજે નહિ, આ પ્રમાણે આ બધું અચિન્ત્ય સામર્થ્યવાળા અને આત્મપરિણામની અપેક્ષાવાળા એવા કર્મો જ સાધી આપે છે પરંતુ અંતરાલગતિમાં (આ બધું કરવા/કરાવા કોઈ આવે તેના

१. शरीरकपरि° - प्रा.। २. शरीरार्थं - भां.। ३. °वकाशस्था°. मु. (खं)। ४. इति सर्वं - खं।

भाष्यम् :- *सकषायत्वाज्जीवः कर्मणो योग्यान् पुद्गलानादत्ते* (अ. ८, सू. २) *इति। तथा *काय-वाङ्-मनः-प्राणापानाः पुद्गलानामुपकारः* (अ. ५, सू. १९)।

गन्धहस्ति

प्रसाधयन्ति, न पुनरन्तरालवर्तितायामुदीक्ष्यमाणस्तिष्ठति वेलाम्। नापि [1]स भवसन्ततिपतितान् सत्त्वान् क्रीडतो रिरंसयाऽनुप्रविशति, असमञ्जसत्वात् अतः कर्मानुभावादनुप्राप्त औदारिक-वैक्रियशरीर-निष्पत्तये पुद्गलानां तत्प्रायोग्यानामादानं करोति।

अथ [2]कथमस्य ते पुद्गलास्तद्योग्या ग्रहणमागच्छन्ति, केन हेतुना लगन्त इतियावत् ? अत आह - '***सकषायत्वाज्जीवः कर्मणो योग्यान् पुद्गलानादत्ते***' (अ. ८, सू. २), सकषायत्वाल्लगन्ति ते पुद्गलाः, स्नेहाभ्यक्तशरीरे रेणुलगनवत्, एतदष्टमेऽभिधास्यते विस्तरेण, तथा पञ्चमेऽपि द्रव्योपकार-प्रस्तावेऽध्येष्यते - ****काय-वाङ्-मनः-प्राणापानाः पुद्गलानामुपकारः*** (अ. ५, सू. १९) इति। शरीराणि पञ्चविधान्यौदारिकादीनि पुद्गलानामुपकार इत्यतोऽपि ते पुद्गला[3]स्तथाश्लेषात् तथा परिण-

**ભાષ્યાર્થ : 'જીવ કષાય સહિત હોવાથી કર્મને અનુરૂપ પુદ્ગલોને ગ્રહણ કરે છે'(૮/૨), તેમજ 'કાયા, વચન, મન તથા શ્વાસોચ્છવાસ એ (૪) પુદ્ગલોનો ઉપકાર (= કાર્ય) છે' (૫/૧૯).**

*હેમગિરા*

માટે) સમયની = કાળની પ્રતીક્ષા કરતો જીવ બેસી રહેતો નથી અથવા ભવની પરંપરામાં પડેલા (= ભવસ્થ), ક્રીડા કરતાં જીવોમાં રમવાની ઇચ્છાથી તે (જીવ) પ્રવેશ પણ કરતો નથી. કેમકે એમાં અસમંજસપણું છે અર્થાત્ યુક્તિસંગતતા નથી. આથી કર્મના ઉદયથી ભવાંતરને પ્રાપ્ત થયેલ જીવ ઔદારિક કે વૈક્રિય શરીરના નિર્માણ માટે તે (ઔદારિક કે વૈક્રિય)ને પ્રાયોગ્ય (= અનુરૂપ) પુદ્ગલોને ગ્રહણ કરે છે.

## ❊ પુદ્ગલો ચોંટવાનું કારણ ❊

તે જન્મના શરીરને પ્રાયોગ્ય તે પુદ્ગલો આ જીવના ગ્રહણમાં કઈ રીતે આવે છે ? અર્થાત્ કયા હેતુથી જીવને આ પુદ્ગલો ચોંટે છે ? આથી (= આ પ્રમાણે પ્રશ્ન કર્યો હોવાથી) આના ઉત્તર રૂપે '**सकषायत्वात्** .....' ઇત્યાદિ ભાષ્યને કહે છે →

જેમ તેલાદિ ચીકાશવાળા પદાર્થથી લેપાયેલ શરીરમાં ધૂળ ચોંટે છે, તેમ આત્મા કષાય સહિતનો હોવાથી અર્થાત્ કષાય રૂપી ચીકાશથી લેપાયેલો હોવાથી આત્મામાં તે કર્મવર્ગણાના પુદ્ગલો ચોંટે છે. આ વાત (૮/૨ સૂત્રમાં) સવિસ્તાર કહેવાશે વળી પાંચમા અધ્યાયમાં પણ (૫/૧૯ સૂત્રમાં) દ્રવ્યોના ઉપકારના પ્રસ્તાવમાં '**કાય, વચન, મન અને શ્વાસોચ્છ્વાસ**

१. सभागस° - मु. / स भावस° - प्रा. (खं. भां.)। २. कथमस्मात्पुद्गलात्तद्यो° - प्रा.। ३. °तदाश्ले° - खं. भा.।
* शरीर-वाङ्-मनः प्राणापानाः पुद्गलानाम् (५/११) इति सूत्रम् सूत्रपाठे प्राप्नोति।

**भाष्यम् :- *नामप्रत्ययाः सर्वतो योगविशेषात्* (अ. ८, सू. २५) इति वक्ष्यामः। तज्जन्म, तच्च त्रिविधम्, तद्यथा →**

● गन्धहस्ति ●

मन्ते तस्यामवस्थायामिति, प्रपञ्चत एतत् प्रतिपादयिष्यते तत्रैव। तथाऽष्टमे → *'*नामप्रत्ययाः सर्वतो योगविशेषात् सूक्ष्मा एकक्षेत्रावगाढाः[1] स्थिताः सर्वात्मप्रदेशेष्वनन्तानन्तप्रदेशा*' (अ. ८, सू. २५) इति प्रदेशबन्धविचारे वक्ष्यते। बन्धननामकर्मोदयहेतुतः कर्मपुद्गलग्रहणमिति आद्योपपत्तिर्बन्धसामान्ये, मध्यमा उपकारभेदविवक्षाद्वारेण, अन्त्या प्रदेशबन्धप्रस्तावाकृष्टेत्यतस्तिसृणामपि सूचनम्, न पुनरभिन्नैकवस्तुसन्निपातिन्यस्तिस्रोऽपि, पुनरुक्तदोषप्रसक्तेः, इदं च स्वस्थान एवोपपत्तित्रयमपि[2] विविक्तमुन्मीलिष्यतीति नोत्त्रसितव्यम्, अतो यत् तदेवंविधं पुद्गलग्रहणं तज्जन्म, तच्च त्रिविधम्,

**ભાષ્યાર્થ : તથા સર્વ આત્મપ્રદેશોમાં યોગ વિશેષને લીધે નામનિમિત્તક =કર્મના નામ અથવા સ્વભાવમાં કારણભૂત, સૂક્ષ્મ, એક ક્ષેત્રમાં અવગાઢ, સ્થિત, એવા અનંતાનંત પ્રદેશવાળા કર્મવર્ગણાના પુદ્ગલ સ્કંધો ચારેબાજુથી બંધાય છે. તે જન્મ છે અને તે ૩ પ્રકારે છે. તે આ પ્રમાણે → (૨/૩૨ સૂત્રમાં કહેવાય છે.)**

● *હેમગિરા* ●

**એ પુદ્ગલોનો ઉપકાર (= કાર્ય) છે'** એ પ્રમાણે કહેવાશે. ઔદારિકાદિ પાંચ પ્રકારના શરીરો પુદ્ગલોના ઉપકાર (= કાર્ય) છે. આ કાય વગેરે દ્વારા પણ તે કર્મ પુદ્ગલો આત્માની તે તે અવસ્થામાં યથાયોગ્ય રીતે ચોંટીને તે તે કર્મ રૂપે પરિણમે છે.) આ પ્રમાણે આ વાત વિસ્તારપૂર્વક ત્યાં (= ૫/૧૯ સૂત્રમાં) જ કહેવાશે. તેમજ ૮મા અધ્યાયમાં (સૂત્ર ૨૫માં) પ્રદેશ બંધના પ્રકરણમાં કહેવાશે કે સર્વ આત્મપ્રદેશોમાં યોગવિશેષને લીધે સૂક્ષ્મ, એક ક્ષેત્રમાં અવગાઢ તેમજ સ્થિત એવા અનંતાનંત પ્રદેશવાળા નામ એટલે કર્મ નિમિત્તક કર્મવર્ગણાના પુદ્ગલ - સ્કંધો ચારે તરફથી બંધાય છે.

બંધન નામકર્મના ઉદય રૂપ હેતુના લીધે કર્મના પુદ્ગલોનું ગ્રહણ થાય છે, એમ (૮/૨ સૂત્રની) બંધ સામાન્ય વિશે આદ્ય = જઘન્ય યુક્તિ જણાવી તથા (પુદ્ગલના) ઉપકારના ભેદોની વિવક્ષા કરવા દ્વારા (૫/૧૯ સૂત્રની બીજી = મધ્યમ યુક્તિ જણાવી અને પ્રદેશ બંધના પ્રસ્તાવમાંથી લાવેલી (૮/૨૫ સૂત્રની) ત્રીજી ઉત્કૃષ્ટ યુક્તિ જણાવી. આ પ્રમાણે (અલગ અલગ અધ્યયનના સૂત્રમાં વર્તનારી) ત્રણેય યુક્તિનું સૂચન અહીં ભાષ્યમાં કર્યું છે, પણ ત્રણેય યુક્તિઓ અભિન્ન ૧ વસ્તુમાં રહેનારી નથી અર્થાત્ એક જ વસ્તુને કહેનારી નથી, (કે) જેથી પુનરુક્તિ દોષની આપત્તિ આવે, વળી સ્વસ્થાનમાં જ આ ત્રણે પણ ઉપપત્તિઓને ભાષ્યકારશ્રી વિવેચન કરવાપૂર્વક સ્પષ્ટ કરશે. આથી ('ननु કે न च' કરી) ખેદ કરવો નહિ. આમ આ સ્પષ્ટ થયું કે -

★ नामप्रत्ययाः सर्वतो योगविशेषात् सूक्ष्मैकक्षेत्रावगाढस्थिताः सर्वात्मप्रदेशेष्वनन्तानन्तप्रदेशाः (८/२५) इति सूत्रम् सूत्रपाठे प्राप्नोति। १. °वगाहस्थिताः - खं. भा.। २. °वोत्पत्ति° खं.।

**सूत्रम् :- सम्मूर्च्छन-गर्भोपपाता जन्म ॥२/३२॥**

**भाष्यम् :- सम्मूर्च्छनं १. गर्भ २. उपपात ३. इत्येतत् त्रिविधं जन्म ॥२/३२॥**

गन्धहस्ति

आश्रयग्रहणभेदात् तत्त्रैविध्यं दर्शयितुकामस्तद्यथेत्यनेनोपक्रमते (**सम्मूर्च्छन-गर्भोपपाता जन्मेति** सूत्रम्)।

**सम्मूर्च्छनं गर्भ उपपात इत्येतत्** त्रिविधं[1] **जन्मे**त्येतावद् भाष्यमस्य सूत्रस्य। अत्र सम्मूर्च्छामात्रं सम्मूर्च्छनम्, यस्मिन् स्थाने स उत्पत्स्यते जन्तुस्तत्रत्यपुद्गलानुपसृज्य शरीरीकुर्वन् सम्मूर्च्छनं जन्म लभते, तदेव हि तादृक् **सम्मूर्च्छनं** जन्मोच्यते। जन्म च शरीरद्वयसम्बन्धित्वेनात्मनो यः परिणामः, अतस्तत् सम्मूर्च्छनजन्मोत्पत्तिस्थानवर्तिपुद्गलजाल[2]मनुपमृद्य न प्रादुरस्ति, किण्वाद्युपमर्दनात् सुरा-

**સૂત્રાર્થ : સંમૂર્ચ્છન, ગર્ભ અને ઉપપાત એ જન્મના ૩ પ્રકારો છે. ॥૨/૩૨॥**

**ભાષ્યાર્થ : સંમૂર્ચ્છન, ગર્ભ અને ઉપપાત એમ આ ૩ પ્રકારે જન્મ છે. ॥૨/૩૨॥**

*હેમગિરા*

જે (= ઉત્પત્તિ અવસ્થામાં) આવા પ્રકારનું પુદ્ગલોનું ગ્રહણ છે તે જન્મ છે અને તે જન્મ ૩ પ્રકારે છે. આશ્રય (= સ્થાન)ના ગ્રહણ સ્વરૂપ ભેદની અપેક્ષાએ તે જન્મના ૩ પ્રકારને દેખાડવાની ઇચ્છાવાળા ભાષ્યકારશ્રી '**तद्यथा**' એવા આ ભાષ્ય દ્વારા ઉપક્રમ (= વિષય દેખાડવાનો પ્રારંભ) કરે છે અર્થાત્ ૨/૩૨માં જન્મના ૩ પ્રકાર બતાવાય છે એમ ભાષ્યકારશ્રી **तद्यथा** પદ દ્વારા સૂચિત કરે છે.

'**सम्मूर्च्छनं - गर्भोपपाता जन्म**' આ ૨/૩૨ સૂત્ર છે, તેનું '**सम्मूर्च्छनं ..... जन्म**' આટલું ભાષ્ય છે. અહીં (= આ ૩ જન્મમાં) સમ્મૂર્ચ્છા એ જ 'સમ્મૂર્ચ્છન' આ પ્રમાણે અર્થ જાણવો.卐જે સ્થાનમાં તે જીવ ઉત્પન્ન થશે, તે સ્થાન સંબંધી પુદ્ગલોને ગ્રહણ કરી પોતાના શરીરને નિર્માણ કરતો સમ્મૂર્ચ્છન જન્મને મેળવે છે, તેવા પ્રકારનો જન્મ તે જ સમ્મૂર્ચ્છન જન્મ કહેવાય છે. કાર્મણ અને ઔદારિક આ બે શરીરના સંબંધી તરીકે આત્માનો જે પરિણામ તે '**જન્મ**'. આથી (= જેમ દારૂની ઉત્પત્તિ કિણ્વ આદિના મિશ્રણ વિના થતી નથી.) તેમ સમ્મૂર્ચ્છન જન્મ પણ ઉત્પત્તિના સ્થાનવર્તિ પુદ્ગલના સમૂહને ગ્રહણ કર્યા વિના પ્રગટ થતો નથી.

## ❊ સમ્મૂર્છિમ જન્મ બે રીતે ❊

જેમ પીસેલા કિણ્વ (= દારૂને બનાવવામાં આથો લાવનાર બીજ) અને પાણી આદિના ગ્રહણ/મિશ્રણથી દારૂની ઉત્પત્તિ થાય છે તે રીતે બાહ્ય અને અભ્યંતર પુદ્ગલોના ગ્રહણથી

१. त्रिविधजन्मे° - खं.। २. °मनुपसृज्य - प्रा.।

卐 सं = समन्तात् = સમસ્ત રૂપથી मूर्च्छनं = जायमानं = ઉત્પન્ન થતો = જન્મતો અર્થાત્ જે જન્મમાં સમસ્ત બાજુથી શરીર યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે તે સમ્મૂર્ચ્છન.

जन्मवत्, पिष्टकिण्वोदकादीनामुपमर्दनात् सुराया जन्म दृष्टम्, तथा बाह्यपुद्गलानामाध्यात्मिकानां चोपमर्दनाद् यज्जन्म भवति तत् सम्मूर्च्छनजन्म व्यपदिश्यते, बाह्यपुद्गलोपमर्दनलक्षणं तावद् यथा कृम्यादीनां काष्ठादिषु, काष्ठ-त्वक्-पक्वफलादिषु जीवाः कृम्यादयः समुपजायमानाः तानेव काष्ठ-फल-त्वग्वर्तिनः पुद्गलान् शरीरीकुर्वन्त उपजायन्ते, तथा जीवद्गवादिशरीरेषु कृम्यादयः प्रादुःष्यन्तस्तानेव जीवद्गवादिशरीरावयवानादाय स्वशरीरतया परिणतिमापादयन्तीत्याध्यात्मिकपुद्गलोपमर्दन-लक्षणमेतज्जन्म, प्रत्यक्षं चैतत्, प्रायस्तत्र गर्ताद्युपलब्धेः, तथा योषिद्योनावैकद्य[1]मागत्य ग्रहणं शुक्र-रक्तयोर्यत् क्रियते जीवेन जनन्यभ्यवहृताहाररसपरिपोषापेक्षं तद् गर्भजन्मोच्यते, अत्रापि गर्भ एव जन्म प्रतिपत्तव्यम्। इदं पूर्वजन्मनो भिन्नलक्षणम्, आगन्तुकशुक्र-शोणितग्रहणात्, न खलु योषिद्योनेस्तदेव शुक्र-शोणितं स्वरूपमतोऽस्ति भेदः। तथा उपपातक्षेत्रप्राप्तिमात्रनिमित्तं यज्जन्म तदुपपातशब्देनोच्यते,



જીવોના જે જન્મ થાય છે તે સમ્મૂર્ચ્છન જન્મ તરીકે (વિદ્વાનો) કહે છે. જેમ કાષ્ટ વગેરેમાં કીડા આદિનો થતો જન્મ અર્થાત્ કાષ્ટ, ત્વચા (= છોતરા) કે વધુ પાકેલા ફળાદિ વિશે ઉત્પન્ન થતાં કૃમિ વગેરે જીવો કાષ્ટ અને ફલની ત્વચા (= છોતરા)માં રહેલા તે જ પુદ્ગલોને શરીર રૂપે બનાવતાં ઉત્પન્ન થાય છે. તે પ્રથમ બાહ્ય પુદ્ગલોના ગ્રહણ સ્વરૂપ સમ્મૂર્ચ્છન જન્મ કહેવાય છે. તથા તે જ રીતે જીવંત ગાય આદિ પ્રાણીઓના શરીરમાં ઉત્પન્ન થનારા કૃમિ આદિ જીવો તે જ જીવંત ગાય આદિના શરીરના અવયવોને ગ્રહણ કરી સ્વશરીર તરીકે પરિણમાવે છે, આ અભ્યંતર **પુદ્ગલોના ગ્રહણ** સ્વરૂપ સંમૂર્ચ્છન જન્મ કહેવાય છે અને આ પ્રત્યક્ષ છે કારણકે ત્યાં (= ગાય કે કૂતરા વગેરે પ્રાણીઓમાં) પ્રાયઃ (કૃમિ આદિએ કરેલા)ખાડા આદિ દેખાય છે. (અહીં બાહ્ય પુદ્ગલ તરીકે નિર્જીવ-શરીર અને આભ્યંતર પુદ્ગલ તરીકે સજીવ-શરીર સમજવું.)

## ❊ ગર્ભજન્મનું સ્વરૂપ ❊

**ગર્ભજન્મ :** સ્ત્રીની યોનિમાં આવીને તરત (= **एकद्यम्**) જીવ માતા દ્વારા ખવાયેલા આહારના રસથી પોષણની અપેક્ષાવાળું જે શુક્ર અને રકતનું ગ્રહણ કરે છે તે ગર્ભજન્મ કહેવાય છે. અહીં (= ગર્ભજન્મમાં) પણ ('**સમ્મૂર્ચ્છન જન્મ**'ની જેમ) ગર્ભ એ જ જન્મ તે ગર્ભજન્મ એ પ્રમાણેની વ્યુત્પત્તિ સ્વીકારવી. પૂર્વના સમ્મૂર્ચ્છન જન્મ કરતાં આ ગર્ભ જન્મ ભિન્ન લક્ષણવાળો છે, કેમકે અહીં આવનારો જીવ આગંતુક એવા શુક્ર અને લોહીનું ગ્રહણ કરે છે. ખરેખર જે શુક્ર અને શોણિત છે તે જ સ્ત્રીયોનિનું સ્વરૂપ નથી, એથી સમ્મૂર્ચ્છિમ જન્મથી ભિન્ન ગર્ભજન્મ છે. (સમ્મૂર્ચ્છિમ જન્મમાં તો ત્યાં સ્થાયી એવા બાહ્ય કે આધ્યાત્મિક પુદ્ગલોનું ગ્રહણ છે. જ્યારે આ ગર્ભજ જન્મમાં તો આગંતુક પુદ્ગલોનું ગ્રહણ છે.)

१. वैकध्य - मु. (पा)।

यथा प्रच्छदपटस्योपरिष्टाद् देवदूष्यस्याधस्तादत्रान्तरालवर्तमानान् पुद्गलान् [1]वैक्रियशरीरतयाऽऽददानो देवः समुद्भवति, इदं च पूर्वाभ्यां भिन्नलक्षणम्, नहि प्रच्छदपट-देवदूष्यपुद्गलानेवासौ शरीरीकरोति, नापि शुक्रादिपुद्गलानाददान उत्पद्यते, तस्मात् प्रतिविशिष्टक्षेत्रप्राप्ति[2]मात्रमेवास्य जन्मनो निमित्तं भवति, तथा नारकाणां नरककुड्यव्यवस्थितातिसङ्कुटमुखनिष्कुटा वातायनकल्पा योनिस्तत्र वैक्रिय-शरीर-पुद्गलानादाय निष्पीड्यमाना वज्रमयनरकतले जलमध्यक्षिप्तपाषाणवन्महता वेगेन प्रतिपतन्ति। एवमेतत् त्रिविधं जन्म वेदितव्यमात्मनः शरीरतयात्मलाभ इति। **अपरे वर्णयन्ति** → सम्मूर्च्छनमेवैकं सामान्यतो जन्म, तद्धि गर्भोपपाताभ्यां विशेष्यत इति अत्र च सम्मूर्च्छनमादौ, प्रत्यक्ष - बहुस्वामित्वात्; तदनु गर्भः, प्रत्यक्षौदारिकशरीरसाधर्म्यात्; तत उपपातः, स्वामिवैधर्म्यात्, इति॥२/३२॥

• *હેમગિરા* •

## ❊ ઉપપાત જન્મનું સ્વરૂપ ❊

**ઉપપાત જન્મ :** જન્મ ક્ષેત્રની પ્રાપ્તિના જ નિમિત્તવાળો જે જન્મ છે તે ઉપપાત શબ્દ વડે કહેવાય છે અર્થાત્ ઉપપાત જન્મ કહેવાય છે. જેમકે (દેવલોકમાં દેવશય્યા ઉપર) બિછાવેલા વસ્ત્રની ઉપર તથા (એ બિછાવેલ વસ્ત્રની ઉપર રહેલા) દેવદૂષ્યની નીચે, આમ અહીં બન્નેની વચ્ચે રહેલા પુદ્ગલોને વૈક્રિય શરીર તરીકે ગ્રહણ કરતો દેવ ઉત્પન્ન થાય છે અને આ જન્મ પૂર્વના બન્ને જન્મો કરતા અલગ લક્ષણવાળો છે કેમકે બિછાવેલા વસ્ત્ર અને દેવદૂષ્ય સંબંધી પુદ્ગલોને આ જીવ શરીર રૂપે કરતો જ નથી તેમજ શુક્ર આદિ પુદ્ગલોને ગ્રહણ કરતો પણ ઉત્પન્ન થતો નથી. તેથી વિશિષ્ટ કક્ષાના ક્ષેત્રની જે પ્રાપ્તિ છે એ જ માત્ર આ ઉપપાત જન્મનું નિમિત્ત હોય છે તથા નારકીઓને નરકની દીવાલોમાં રહેલ અતિ સાંકડા મુખવાળા નિષ્કુટો (= કુંભીઓ) એ યોનિ તરીકે હોય છે અને તેઓનો આકાર વાતાયન (= બારી) સરખો જાણવો. ત્યાં (= યોનિમાં) વૈક્રિય શરીરના પુદ્ગલોને ગ્રહણ કરીને અત્યંત પીડાતા એવા નારકીના જીવો વજ્રમય નરકની ભૂમિ પર જળના મધ્યમાં નંખાયેલા પાષાણ (= પત્થર)ની જેમ મોટા વેગ વડે પડે છે. (આ પણ ઉપપાત જન્મ કહેવાય છે.) આ પ્રમાણે આત્માને શરીરની પ્રાપ્તિ થવા સ્વરૂપ જ આ ત્રણ પ્રકારના જન્મ જાણવા. **બીજા કેટલાક** કહે છે કે, સામાન્યથી 'સંમૂર્ચ્છન' એ એક જ જન્મ છે, અને ખરેખર તે સંમૂર્ચ્છન જન્મ જ ગર્ભ અને ઉપપાત વડે વિશેષિત કરાય છે.

અહીં (= ૩ પ્રકારના જન્મમાં) સમૂર્ચ્છિમ જન્મ પ્રથમ કહ્યો છે કેમકે આ જીવો (સામાન્યથી) પ્રત્યક્ષ દેખાય છે તેમજ એના સ્વામી (જીવો) ઘણાં (= અનંતા) છે. ત્યાર પછી ગર્ભ જન્મ કહેવાયો છે કારણકે સંમૂર્ચ્છિમ અને ગર્ભમાં પ્રત્યક્ષત્વ અને ઔદારિક શરીરની સમાનતા છે. ગર્ભજ જીવો પણ સંમૂર્ચ્છિમ જીવોની જેમ પ્રત્યક્ષ છે અને ઔદારિક શરીરવાળા છે. આના પછી ઉપપાત જન્મ કહેવાય છે કેમકે એમાં સ્વામીનું વૈધર્મ્ય છે અર્થાત્ આના સ્વામી વૈક્રિય

१. वैक्रियतया° - भां.। २. °प्राप्तिरेवास्य - मु. प्रा. सं. (खं. भां)।

**सूत्रम् :- सचित्त-शीत-संवृताः सेतरा मिश्राश्चैकशस्तद्योनयः ॥२/३३॥**

**भाष्यम् :- संसारे जीवानामस्य त्रिविधस्य जन्मन एताः सचित्तादयः सप्रतिपक्षा मिश्राश्चैकशो योनयो भवन्ति।**

● गन्धहस्ति ●

उक्तं जन्म प्रादुर्भावमात्रं शरीरीणाम्, न तु प्रतिविशिष्टस्थाननिर्देशः कृतः, कीदृशि पुनः स्थाने प्रथमत उत्पद्यमानाः सम्मूर्च्छन्ति, शुक्रासृग्ग्रहणं वा कुर्वन्ति, वैक्रियशरीरं वा समाददते किंगुणे धामनि नारक-देवा इति ? अतस्तेषां जन्मनां विशिष्टस्थाननिरूपणाय योनयोऽभिधीयन्ते →

अथवाऽयमात्मा पूर्वभवशरीरनाशे तदनु शरीरान्तरप्राप्तिस्थाने यान् पुद्गलान् शरीरार्थमादत्ते तान् कार्मणेन सह मिश्रयति तप्तायःपिण्डाम्भोग्रहणवच्छरीरनिवृत्त्यर्थं बाह्यपुद्गलान् यस्मिन् स्थाने तत् स्थानं योनिस्तत्प्रविभागार्थमिदमुच्यते → **सचित्तेत्यादि** (सूत्रम्)। **संसारे जीवानामित्यादि** भाष्यम्।

**સૂત્રાર્થ : ઈતર = અનુક્રમે અચિત્ત, ઉષ્ણ, અસંવૃત સહિતની એવી સચિત્ત, શીત, સંવૃત (= ઢંકાયેલ) યોનિઓ તથા મિશ્ર એમ એક એક કરીને કુલ ૯ પ્રકારે ત્રિવિધ જન્મ સંબંધી યોનિઓ છે. ॥૨/૩૩॥**

**ભાષ્યાર્થ : સંસારમાં જીવોને આ ૩ પ્રકારના જન્મ સંબંધી પ્રતિપક્ષ (= અચિત્તાદિ) સહિતની એવી આ સચિત્તાદિ અને મિશ્ર, એમ એક એક કરીને કુલ ૯ પ્રકારે યોનિઓ હોય છે.**

● *હેમગિરા* ●

શરીરી દેવ અને નારક હોય છે, જ્યારે ઉપરના જન્મના સ્વામી દેવ અને નારક નથી હોતા. ॥૨/૩૨॥

**૨/૩૩ સૂત્રની અવતરણિકા :** આમ અત્યાર સુધીમાં શરીર (= જીવો)ની ઉત્પત્તિ સ્વરૂપ જ જન્મ કહેવાયો પરંતુ (જે સ્થાનોમાં જન્મ થાય છે તે) અમુક ચોક્કસ સ્થાનોનો નિર્દેશ નથી કરાયો, કે કેવા પ્રકારના સ્થાનમાં પ્રથમથી ઉત્પન્ન થનારા જીવો સંમૂચ્છિંમ તરીકે હોય છે? અથવા કેવા પ્રકારના સ્થાનમાં ગર્ભજો શુક્ર અને લોહીનું ગ્રહણ કરે છે ? અથવા કેવા ગુણવાળા ધામ (= સ્થાન)ને વિશે નારકો અને દેવો વૈક્રિય શરીરને ગ્રહણ કરે છે ? આથી તે બધા જન્મોના વિશિષ્ટ સ્થાનોનું નિરૂપણ કરવા માટે ૨/૩૩ સૂત્રમાં યોનિઓ કહેવાય છે.

પ્રસ્તુત ૩૩મા સૂત્રની અન્ય રીતે અવતરણિકા આ પ્રમાણે છે → આ આત્મા પૂર્વભવ સંબંધી શરીરનો નાશ થાય ત્યારે તેના પછી બીજા શરીરની પ્રાપ્તિના સ્થાને તપેલા લોઢાનો ગોળો જેમ પાણીનું ગ્રહણ કરે છે તેમ જે પુદ્ગલોને શરીર માટે ગ્રહણ કરે છે તે બાહ્ય પુદ્ગલોને શરીરની રચના માટે જે સ્થાનમાં કાર્મણ દેહ સાથે મિશ્રિત કરે છે તે સ્થાન યોનિ કહેવાય છે. તે યોનિના વિભાગ કરવા માટે આ ૨/૩૩ સૂત્ર કહેવાય છે.

अष्टप्रकारकर्मवर्तिनां जन्तूनाम् **अस्य** अनन्तरसूत्रनिर्दिष्टस्य त्रिभेदस्य सम्मूर्च्छनादेः **जन्मन** इत्यनेन च '**तद्योनय**' इति सूत्रावयवार्थमाचष्टे तस्य = जन्मनो योनयस्**तद्योनय** इति।

**एताः सचित्तादयः** (इत्यादि भाष्यम्) **एता** इति प्रत्यक्षासन्नाः सचित्त-शीत-संवृतास्तिस्रः, **सप्रतिपक्षाः** = सह प्रतिपक्षैरचित्तोष्ण-विवृतैः सप्रतिपक्षाः, प्रतिकृष्टः प्रत्यनीको वा पक्षः प्रतिपक्षः, **मिश्राश्च** एतद्द्वयमेकीभूतं मिश्रमुच्यते, तच्चोक्तमेव द्वयं गृह्यते प्रस्तावान्न तु तद्व्यतिरिक्तं, [1]सचित्तादित्रयमचित्तादित्रयं च एतदेवोभयं मिश्रीक्रियते, यस्य च मूलभेदस्य यत् प्रतिपक्षत्वेन निर्दिष्टं तयोर्द्वयोर्मिश्रणम्, तद्यथा → सचित्ताचित्ता, शीतोष्णा, संवृतविवृता, **च**शब्दः समुच्चये, एकैका एकशः, एकैका **सेतरा** सचित्तादीनाम्, एकैका च मिश्रा स्वप्रतिपक्षेणैव, एवमेता नव **योनयो भवन्ति**।

युवन्ति (युञ्जन्ति ?) = मिश्रीभवन्ति यत्र स्थाने जन्महेतुद्रव्याणि कार्मणेन सह तद्योनिः,



## ❋ યોનિનું પ્રતિપાદન ❋

'**सचित्त .....**' ઇત્યાદિ ૨/૩૩ સૂત્ર છે તેનું '**संसारे जीवानां**' ઇત્યાદિ ભાષ્ય છે, તેનો ટીકાર્થ આ મુજબ છે → ૮ પ્રકારના કર્મોથી યુક્ત એવા સંસારી જીવોના અનંતર સૂત્ર ૨/૩૨માં કહેલ આ સંમૂર્ચ્છિમ વગેરે ૩ પ્રકારના જન્મની (સચિત્ત વગેર) યોનિઓ હોય છે. ભાષ્યમાં '**जन्मन**' એ શબ્દથી ૨/૩૩ સૂત્રના '**तद्योनय**'એવા અવયવના અર્થને કહે છે, તે આ પ્રમાણે કે - તેની = જન્મની યોનિઓ તે **તદ્યોનિ**. (**तद् सर्वनाम** એ જન્મનો સૂચક છે.)

હવે ઉપરોક્ત યોનિઓના પ્રકારને બતાવવા માટે '**एताः सचित्ता .....**' ઇત્યાદિ ભાષ્યને કહે છે. આ **एतद्** સર્વનામ પ્રત્યક્ષ અને આસન્નવાચી છે. આથી પ્રત્યક્ષ અને સમીપમાં રહેલી સચિત્ત, શીત, સંવૃત એ ત્રણ યોનિઓનો જ્ઞાપક છે વળી આ ત્રણે યોનિઓ પ્રતિપક્ષ એવી અચિત્ત, ઉષ્ણ, વિવૃત સહિતની જાણવી. પ્રતિપક્ષ એટલે પ્રતિકુષ્ટ = નિષેધ કરવા લાયક પક્ષ કે પ્રત્યનિક = વિરોધી પક્ષ. **मिश्राश्च** → આ બંને યોનિઓ એક અભિન્ન સ્વરૂપે થયેલી મિશ્ર કહેવાય છે અને પ્રસ્તાવથી (મિશ્રમાં) બે તરીકે ઉપરોક્ત બેનું જ ગ્રહણ કરાય છે પરંતુ તેનાથી ભિન્નનું નહિ અર્થાત્ સચિત્તાદિ ૩ અને અચિત્તાદિ ૩ જે યોનિઓ છે, એ જ બેનું અહીં મિશ્રણ કરાય છે અને જે મૂળભેદનો જે પ્રતિપક્ષી તરીકે નિર્દેશ કરાયો છે તે બેનું મિશ્રણ જાણવું, તે આ મુજબ છે → સચિત્ત + અચિત્ત, શીત + ઉષ્ણ, સંવૃત + વિવૃત. ભાષ્યગત '**च**' શબ્દ સમુચ્ચયના અર્થમાં છે. '**एकशः**' એટલે એક-એક અર્થાત્ પ્રત્યેક. આથી અર્થ આ પ્રમાણે કરવો → સચિત્તાદિ **૧-૧** ત્રણે તથા સચિત્તાદિની સપ્રતિપક્ષી એવા અચિત્ત આદિ **૧-૧** ત્રણે અને પોતપોતાના પ્રતિપક્ષીથી મિશ્ર = યુક્ત એવી સચિત્તાદિ ત્રણે આ પ્રમાણે આ કુલ ૯ યોનિઓ હોય છે.

१. सच्चित्तादित्रयं - खं. भां.।

**भाष्यम् :- तद्यथा → सचित्ता, अचित्ता, सचित्ताचित्ता, शीता, उष्णा, शीतोष्णा, संवृता, विवृता, संवृतविवृता इति। तत्र [1]देव-नारकाणामचित्ता योनिः। गर्भजन्मनां मिश्रा। त्रिविधाऽन्येषाम्।**

गन्धहस्ति

[2]तद्वा स्थानमाश्रयभावेन यूयत (युयत ?) इति योनिः। अमुमेवातिक्रान्तमर्थं स्पष्टयन्नाह → **तद्यथा → सचित्तेत्यादि** (भाष्यम्)। विशिष्टप्रतिपक्षदर्शनार्थं मिश्रार्थप्रतिपादनार्थं चेदं भाष्यम्। १. **सचित्ता** जीव-प्रदेशाधिष्ठिता २. **अचित्ता** तद्विपरीता ३. **सचित्ताचित्ता** प्रस्तुतद्वयस्वभावमिश्रा ४. **शीता** शिशिरा ५. तद्विपरीत**ोष्णा**, ६. उभयस्वभावा **मिश्रा** ७. **संवृता** प्रच्छन्ना सङ्कटा वा ८. तद्विपरीता **विवृता** ९. **मिश्रो**भयस्वभावा एतावत्यो योनयः। सम्प्रति जन्मभाजां विभज्यन्ते कस्य का योनिर्भवतीत्याह →

**ભાષ્યાર્થ : તે આ મુજબ : ૧) સચિત્ત, ૨) અચિત્ત, ૩) સચિત્તાચિત્ત, ૪) શીત, ૫) ઉષ્ણ, ૬) શીતોષ્ણ, ૭) સંવૃતા, ૮) વિવૃતા, ૯) સંવૃતવિવૃતા. ત્યાં (= યોનિઓની મધ્યમાં) દેવ-નારકોની યોનિ અચિત્ત હોય છે. ગર્ભથી જન્મનારાઓની મિશ્ર હોય છે. ત્રિવિધ (= સચિત્ત, અચિત્ત, મિશ્ર) યોનિ અન્ય (સંમૂર્ચ્છિમ તિર્યંચ-મનુષ્ય)ની હોય છે.**

*હેમગિરા*

જે સ્થાનમાં જન્મ માટેના હેતુભૂત દ્રવ્યો કાર્મણ શરીર સાથે મિશ્રિત થાય છે = જોડાય છે તેને (= તે સ્થાનને) યોનિ કહેવાય અથવા તે સ્થાનને જીવ (જન્મ સમયે) આશ્રય રૂપે પ્રાપ્ત કરે છે એથી તે સ્થાન યોનિ કહેવાય છે. આ જ કહેવાયેલા અર્થને સ્પષ્ટ કરતાં ભાષ્યકારશ્રી '**तद्यथा - सचित्ता...**' ઇત્યાદિ ભાષ્યને જણાવે છે. (સચિત્તાદિ ૩ પ્રકારની યોનિઓ તો સૂત્રમાં દેખાડાઈ છે. આથી હવે) આ (**सचित्ता...**) ભાષ્ય વિશિષ્ટ પ્રતિપક્ષને અર્થાત્ ઉપરોક્ત બતાવેલી યોનિથી પ્રતિપક્ષ યોનિને વિશેષ રીતે દેખાડવા માટે તથા મિશ્રયોનિના અર્થનું પ્રતિપાદન કરવા માટે છે.

## ❊ નવ યોનિનું નિરૂપણ ❊

૧) સચિત્તા એટલે જીવ પ્રદેશથી અધિષ્ઠિત, ૨) અચિત્તા એટલે તેનાથી વિપરીત (= જીવ પ્રદેશથી રહિત), ૩) સચિત્તાચિત્તા એટલે પ્રસ્તુત (સચિત્ત + અચિત્ત એમ) ઉભય સ્વભાવ વડે મિશ્ર, ૪) શીતા એટલે ઠંડી યોનિ, ૫) ઉષ્ણા એટલે તેનાથી વિપરીત (= ગરમ યોનિ), ૬) મિશ્ર એટલે (ઉપરોક્ત શીત + ઉષ્ણ એમ) ઉભય સ્વભાવવાળી, ૭) સંવૃતા એટલે પ્રચ્છન્ના (= ઢંકાયેલી) અથવા સંકડાશવાળી (= સંકટા) યોનિ, ૮) વિવૃતા એટલે તેનાથી વિપરીત

१. नारक-देवानाम॰ इति पाठः मुद्रित प्रतौ हस्तप्रतिषु च दृश्यते अपि तु टीकायां देव-नारकाणाम॰ इत्येव पाठोऽस्ति, अतः टीकानुसारपाठ एव अत्र गृहीतः। २. तच्च. - मु. (खं. भां.)।

● गन्धहस्ति ●

**तत्र** आसां मध्ये योनीनां **देव-नारकाणामचित्ता योनिर्भवति**, शेषा व्युदस्यन्ते, देवानां प्रच्छदपट-देवदूष्यान्तरालं योनिस्तच्चाचेतनं, न जीवप्रदेशाधिष्ठितम्, नारकाणां तु वज्रमयनरककुड्येषु वातायन-कल्पा योनयो भवन्त्यचेतनाः, **गर्भजानां मिश्राः** = तिर्यञ्चो मनुष्याश्च गर्भजन्मभाजस्तेषां मिश्राः, प्रागचित्तायाः प्रस्तुतत्वात् सचित्ताचित्तेत्यर्थः। योषितां किल नाभेरधस्तात् [1]सिराद्वयं पुष्पमालावैकक्ष्य-काकारमस्ति, तस्याधस्तादधोमुखसंस्थितकोशाकारा योनिस्तस्याश्च बहिश्चूतकलिकाकृतयो मांसम-ञ्जर्यो जायन्ते, ताः किलासृक् [3]स्फुटित्वा ऋतौ स्रवन्ति, तत्र केचिदसृजो लवाः [4]कोशकाकारां योनि-मनुप्रविश्य सन्तिष्ठन्ते, पश्चाच्छुक्रसम्मिश्राँस्तानाहारयन् जीवस्तत्रोत्पद्यते, तत्र ये योन्याऽऽत्मसा-

● હેમગિરા ●

(પ્રગટ કે વિસ્તૃત) યોનિ, ૯) મિશ્ર એટલે (સંવૃત + વિવૃત એમ) ઉભય સ્વભાવવાળી યોનિ આમ આટલી (= ૯) યોનિઓ છે. હવે જન્મવાળા જીવોમાં કોને કઈ યોનિ હોય છે એનું વિભાજન કરાય છે, આના માટે **તત્ર**... ઇત્યાદિ ભાષ્ય કહે છે. ત્યાં = આ ૯ યોનિઓની મધ્યમાં દેવો તથા નારકોની અચિત્ત યોનિ હોય છે. (આ વાત કરવા દ્વારા) શેષ સચિત્ત અને મિશ્ર યોનિ)ની બાદબાકી કરાય છે. દેવશય્યા પર વિછાવેલું વસ્ત્ર અને દેવદૂષ્યનું મધ્યવર્તિ સ્થાન દેવોની યોનિ છે અને તે (મધ્યવર્તિ સ્થાન) અચેતન હોય છે અર્થાત્ જીવ પ્રદેશોથી અધિષ્ઠિત નથી. નારકોની નરકની વજ્રમય દીવાલોમાં બારીના આકાર જેવી યોનિઓ અચેતન હોય છે. ગર્ભજોની મિશ્ર હોય છે અર્થાત્ ગર્ભથી જન્મ લેનારા જે તિર્યંચ અને મનુષ્યો છે, તેઓની મિશ્રયોનિઓ હોય છે એટલે કે સચિત્તાચિત્ત હોય છે. અહીં મિશ્ર તરીકે સચિત્તાચિત્તનું ગ્રહણ કરવું (શીતોષ્ણાદિનું નહિ), કારણકે હમણાં પ્રસ્તુતમાં પહેલા અચિત્ત યોનિની વાત કરી ગયા છે તેથી તેના જ વિરોધીનું મિશ્રમાં ગ્રહણ કરવું.

## ❋ મનુષ્યોની યોનિનું વર્ણન ❋

(આ પ્રસંગે ગર્ભજ મનુષ્યોની યોનિ કેવા પ્રકારની હોય છે તે કહે છે કે) સ્ત્રીઓની નાભિની નીચે પુષ્પોની માળા અને વૈકક્ષ્યક (= જનોઈની જેમ એક ખભા ઉપરથી અને બીજા ખભાની નીચેથી ધારણ કરાતી એક માળા) જેવા આકારવાળી બે નાડી હોય છે. તેની હેઠળ અધોમુખ રહેલા કોશ (= ડોડા)ના આકારવાળી યોનિ હોય છે અને તેની બહાર આંબાની કળી (= ખીલ્યા વગરનું પુષ્પ)ની આકૃતિવાળી માંસની મંજરી (= રેખા)ઓ થાય છે. તેઓ (= મંજરીઓ) ખરેખર ઋતુકાળે ફાટીને રૂધિર રૂપે ઝરે છે અર્થાત્ મંજરીઓમાંથી રૂધિરનો સ્રાવ થાય છે. ત્યાં રૂધિરના કેટલાક ટીપાં કોશાકારવાળી યોનિમાં દાખલ થઈને સ્થિર રહે છે, પાછળથી શુક્રથી મિશ્રિત થયેલા તે રૂધિરના કણોનો આહાર કરતો જીવ ત્યાં ઉત્પન્ન થાય છે.

१. 'शिराद्वयं'। २. °वेकक्षक°। ३. स्यन्दित्वा। ४. कोशाका°।

**भाष्यम् :- गर्भजन्मनां देवानां च शीतोष्णा। तेजःकायस्योष्णा। त्रिविधाऽन्येषाम्।**

**• गन्धहस्ति •**

त्कृतास्ते सचित्ताः कदाचिन्मिश्रा इति, ये तु न स्वरूपतामापादितास्तेऽचित्ताः, **अपरे वर्णयन्ति →** असृक् सचेतनं शुक्रमचेतनमिति, **अन्ये ब्रुवते →** शुक्र-शोणितमचित्तं योनिप्रदेशः[1] सचित्त[2] इत्यतो मिश्रा[3]। **त्रिविधाऽन्येषामिति**। देव-नारक-गर्भव्युत्क्रान्ति तिर्यग्-मनुष्यव्यतिरिक्तानां सम्मूर्च्छनजन्मनां तिर्यग्-मनुष्याणामित्यर्थः। तेषामनियमेन कदाचित् सचित्ता कदाचिदचित्ता कदाचिन्मिश्रेति, यथा गोकृम्यादीनां सचित्ता, काष्ठघुणादीनामचित्ता, ▶गोकृम्यादीनामेव◀ केषाञ्चित् पूर्वकृतक्षते समुद्भवतां मिश्रेति॥

अधुना शीतादित्रिकं [4]विभजते → **गर्भजन्मनां देवानां च शीतोष्णा** गर्भव्युत्क्रान्तीनां तिर्यग्-मनुष्याणां देवानां चोभयस्वभावा स्वभावादेव जायते, देवानां साधारणा सुखबहुलत्वात् क्षेत्रानुभावाच्च,

**ભાષ્યાર્થ : ગર્ભથી જન્મ લેનારાઓની તથા દેવોની યોનિ શીતોષ્ણ હોય છે. તેજસ્કાયની ઉષ્ણ હોય છે. અન્યોની (= સંમૂર્च્છિમ તિર્યંચ-મનુષ્યો અને નારકોની) ત્રણે પ્રકારે (શીત, ઉષ્ણ, ઉભય) યોનિ હોય છે.**

**• હેમગિરા •**

ત્યાં (= રૂધિરના કણોમાં) જે કણો યોનિ સાથે આત્મસાત્ (= એકમેક થાય છે) તેઓ **'સચિત્ત'** અથવા ક્યારેક મિશ્ર હોય છે, વળી જેઓ (યોનિમાં રહેલા છતાં) તદ્રૂપતાને પ્રાપ્ત નથી કરતા અર્થાત્ જેઓ યોનિ સ્વરૂપ નથી બન્યા તેઓ અચિત્ત છે.

**બીજા ઘણાં** કહે છે કે - રૂધિર સચિત્ત છે અને શુક્ર (= વીર્ય) અચિત્ત હોય છે.

**બીજા કેટલાક કહે છે** કે શુક્ર અને રૂધિર બંને અચિત્ત છે, પણ યોનિ પ્રદેશ સચિત્ત હોય છે આ પ્રમાણે હોવાથી મિશ્ર કહેવાય છે. અન્યોની ત્રણે પ્રકારની યોનિઓ હોય છે અર્થાત્ દેવ, નારક, ગર્ભજ તિર્યંચ અને મનુષ્યથી અન્ય એવા સંમૂર્च્છિમ જન્મવાળા તિર્યંચ અને મનુષ્યોની ૩ પ્રકારે યોનિઓ હોય છે. તેઓમાં યોનિના નિયમના અભાવે ક્યારેક સચિત્ત, ક્યારેક અચિત્ત તો ક્યારેક મિશ્ર યોનિ હોય છે. જેમકે ગાયના શરીરમાં પેદા થતાં કૃમિ વગેરે જીવોની સચિત્ત યોનિ હોય છે. લાકડાના કીડાની યોનિ અચિત્ત હોય છે. તથા જુના ફોડલા પર અર્થાત્ જુના થયેલા ક્ષત = ઘા પર ઉદ્ભવતા કેટલાક ગોકૃમિ આદિ કીડાઓની મિશ્ર યોનિ હોય છે.

અત્યારે શીતાદિ (= શીત, ઉષ્ણ, શીતોષ્ણ) ૩ યોનિઓનું ભાષ્યકારશ્રી વિભાજન કરે છે. **गर्भजन्मनां .....** ગર્ભ જન્મવાળાઓની અને દેવોની શીતોષ્ણ યોનિ હોય છે અર્થાત્ ગર્ભજ તિર્યંચ અને મનુષ્યો તથા દેવોની સ્વભાવથી જ ઉભય (= શીતોષ્ણ) સ્વભાવવાળી યોનિ હોય છે. સુખ બહુલતા તથા ક્ષેત્ર અનુભાવ = પ્રભાવને લીધે દેવોની સાધારણ (= ઉભય સ્વભાવવાળી

१. योनिप्रदेशाः, २. सचित्ताः, ३. योनिः मिश्रा, एतानि पाठान्तराणि लोकप्रकाशगततत्त्वार्थोद्धरणे सन्ति, तदनुसारमत्र भावानुवाद कृतः ▶.....◀ चिह्नितोऽयं पाठो मुद्रितपुस्तके नास्ति। ४. विभज्यते - रा. / विभजन्ते - पा।

तेजसः उष्णाऽत्यन्तप्रसिद्धैव। **त्रिविधाऽन्येषाम्।** अन्येषामिति गर्भव्युत्क्रान्तितिर्यग्-मनुष्य-देव-तेजो-व्यतिरिक्तानां सम्मूर्च्छनजन्मतिर्यग्-मनुष्य-नारकाणाम्, सम्मूर्च्छनजतिर्यग्-मनुष्याणां कस्यचिच्छीता कस्यचिदुष्णा कस्यचिदुभयस्वभावा स्थानविशेषादिति, नारकाणामाद्ये पृथिवीत्रये प्रकृष्टोष्णा, चतुर्थ्यां क्वचिन्नरके शीता क्वचिदुष्णा तथा पञ्चम्याम्। कथं पुनर्भिन्नाधारोभयस्वभावा स्यात् ? **उच्यते →** एकस्यां पृथिव्यामुभयमस्तीति न भिन्नाधारत्वम्॥

**ननु** तत्रापि नारकभेदवर्तित्वादनुभयस्वभावत्वमेवेति ? **उच्यते →** चतुर्थ-पञ्चमपृथिवीनारकाणामुभयस्वभावेति सामान्याभिधानाददोषः। पाश्चात्योर्द्वयोः प्रकृष्टशीता, न त्वेषां साधारणाऽस्ति दुःखात्मक-



શીતોષ્ણ) યોનિ હોય છે. તેજસ્કાયની ઉષ્ણ યોનિ સુપ્રસિદ્ધ જ છે.

બીજાઓની ત્રણે પ્રકારની યોનિ હોય છે બીજાઓની એટલે ગર્ભજ તિર્યંચ, મનુષ્ય, દેવ તથા તેજસ્કાયથી અન્ય એવા સંમૂર્ચ્છિમ જન્મવાળા તિર્યંચ અને મનુષ્યોની તથા નારકોની ૩ પ્રકારે યોનિ હોય છે. તેમાં સંમૂર્ચ્છિમ જન્મવાળા તિર્યંચ અને મનુષ્યોની સ્થાન વિશેષને આશ્રયી કોઈકની શીત, કોઈકની ઉષ્ણ તો કોઈકની ઉભય સ્વભાવવાળી યોનિ હોય છે. નારકોની શરૂઆતની ૩ પૃથ્વીઓમાં પ્રબળ ઉષ્ણયોનિ હોય છે. ચોથી નરકમાં ક્યાંક શીત, ક્યાંક ઉષ્ણ હોય છે તે જ રીતે પાંચમી પૃથ્વીમાં પણ જાણવી.

## ❊ ઉભય યોનિની નરકમાં વિમર્શના ❊

**પ્રશ્ન :** પ્રસ્તુત નરકોમાં ભિન્ન-ભિન્ન આધારને આશ્રયી અર્થાત્ કોઈક પાથડામાં શીત અને કોઈક પાથડામાં ઉષ્ણ યોનિ કહી છે, તો કઈ રીતે તે ભિન્ન આધારવાળી યોનિ ઉભય સ્વભાવવાળી શીતોષ્ણ ઘટે ? પ્રશ્નનો આશય એ છે કે - એક જ ઠેકાણે શીત અને ઉષ્ણ બે ભેગી હોય તો શીતોષ્ણ કહેવાય અન્યથા નહીં.

**ઉત્તર :** (ચોથી કે પાંચમી) એક જ નરક પૃથ્વીમાં ઉભય (= શીત અને ઉષ્ણ) પ્રકારની યોનિ હોવાથી ભિન્ન આધારપણું નથી.

**પ્રશ્ન :** ત્યાં (= એક નરક પૃથ્વીમાં) પણ નારકોમાં અમુક ઠેકાણે શીત અને અમુક ઠેકાણે ઉષ્ણ એમ ભિન્નપણે વર્તતી હોવાથી યોનિમાં અનુભય સ્વભાવપણું જ ઘટશે. મિશ્રપણું (= શીતોષ્ણપણું) નહિ ઘટે.

**ઉત્તર :** ૪થી અને ૫મી પૃથ્વીમાં નારકોની ઉભય સ્વભાવવાળી યોનિ હોય છે. એમ સામાન્ય રીતે નિર્દેશ કર્યો હોવાથી દોષ નથી અર્થાત્ ૪થી અને ૫મી નરકમાં ૧-૧ નરક પાથડાં વિશેષને આશ્રયી અનુભય સ્વભાવવાળી યોનિ હોવા છતાં પણ તે નરક સામાન્યમાં શીત અને ઉષ્ણ બંને પ્રકારની યોનિ મળતી હોવાથી તે નરકને ઉભય સ્વભાવવાળી કહેવામાં કોઈ દોષ નથી.

**भाष्यम् :- नारकैकेन्द्रियदेवानां संवृता। गर्भजन्मनां मिश्रा। विवृताऽन्येषामिति ॥२/३३॥**

**• गन्धहस्ति •**

त्वात्, यद्यप्यविशेषेणोक्तं त्रिविधाऽन्येषामिति तथापि यथासम्भवमत्र विभागः। संवृतादित्रयविभागार्थमाह → **नारकैकेन्द्रिय-देवानां संवृता** (इति भाष्यम्) नारकाणां पृथिव्यप्तेजो-वायु-वनस्पतीनां च सहदेवानां सङ्कुटा, प्रच्छन्नेत्यर्थः। नारकाणां वज्रमयनरककुड्यव्यवस्थितत्वात् सङ्कुटा सती प्रवर्धमानवपुषामतिदुःखा, देवानां पुनः [1]प्रच्छन्ना अपि प्रच्छदपट-देवदूष्यान्तरालवर्तिनी समुच्छ्वसच्छरीरभाजां सोच्छ्वासत्वादेव न दुःखा, पृथिव्यादीनां केषाञ्चित् कथञ्चिदवगन्तव्या। **गर्भजानां-मिश्रा** = गर्भव्युत्क्रान्तितिर्यग्-मनुष्याणां संवृत-विवृता सङ्कुट-प्रकाशेत्यर्थः। **विवृताऽन्येषां** = नारकैकेन्द्रिय-देव-गर्भव्युत्क्रान्तितिर्यग्-मनुष्यव्यतिरिक्तानां सम्मूर्च्छनजद्वीन्द्रियादितिर्यङ्-मनुष्याणामित्यर्थः।

**ભાષ્યાર્થ : નારકી, એકેન્દ્રિય તથા દેવોની સંવૃત યોનિ હોય છે, ગર્ભથી જન્મનારાઓની મિશ્રયોનિ હોય છે તેમજ અન્યોની વિવૃત યોનિ હોય છે. ॥૨/૩૩॥**

**• *હેમગિરા* •**

પાછળની ૬ઠ્ઠી અને ૭મી પૃથ્વીમાં પ્રબળ શીતયોનિ હોય છે વળી આ ૬-૭ પૃથ્વીમાં (**૫મી** પૃથ્વીની જેમ) સાધારણ (= ઉભય સ્વભાવવાળી) યોનિ નથી, કારણકે **૬ઠ્ઠી - ૭મી** પૃથ્વી અતિ દુઃખમય હોય છે. જો કે ભાષ્યમાં અન્યોની (= સંમૂર્ચ્છિમ-તિર્યંચ, મનુષ્ય અને નારકોની) ત્રિવિધ યોનિ હોય છે એમ સામાન્યથી કહેવાયું છે, તો પણ અહીં (= ઉપરોક્ત જીવોને વિશે) યથાસંભવ (જે યોનિ જયાં ઘટે ત્યાં તે રીતનો) વિભાગ કરવો.

હવે સંવૃત આદિ ૩ યોનિઓનું વિભાજન કરવા માટે '**नारकैकेन्द्रिय**' ઇત્યાદિ ભાષ્યને કહે છે. નારકો, એકેન્દ્રિયો અને દેવોની સંવૃતા યોનિ હોય છે અર્થાત્ નારકોની, દેવોની અને પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિઓની સાંકડી અર્થાત્ ઢંકાયેલી યોનિ હોય છે. નારકોની યોનિ નરકની વજ્રમય દીવાલોમાં ગોઠવાયેલ હોવાથી સાંકડી હોય છે અને આથી વધતા શરીરવાળા નારકોને અત્યંત દુઃખને આપનારી હોય છે.

ઉચ્છ્વાસ યુક્ત = સુખકારી દેહવાળા દેવોની પ્રચ્છાદિત (= બિછાવેલ) વસ્ત્ર તથા દેવદૂષ્યના અંતરાલમાં રહેનારી પ્રચ્છન્ન (= ઢંકાયેલી) પણ યોનિ ઉચ્છવાસ યુક્ત જ હોવાથી દુઃખરૂપ હોતી નથી. કોઈક પૃથ્વીકાય આદિને કથંચિત્ પ્રચ્છન્ન યોનિ જાણવી અર્થાત્ ખાણ વગેરેને આશ્રયીને પ્રચ્છન્ન યોનિ કોઈકમાં ઘટે. ગર્ભજોને મિશ્ર યોનિ હોય અર્થાત્ ગર્ભજ એવા તિર્યંચ અને મનુષ્યોની સંવૃતવિવૃતા અર્થાત્ સાંકડી અને પ્રગટ યોનિ હોય છે. **विवृताऽन्येषां** ... અન્યોની વિવૃત યોનિ હોય છે એટલે કે નારક, એકેન્દ્રિય, દેવ, ગર્ભજ તિર્યંચ અને મનુષ્ય સિવાયના સંમૂર્ચ્છિમ જન્મવાળા એવા બેઇન્દ્રિયાદિ તિર્યંચો અને મનુષ્યોની વિવૃત યોનિ હોય છે. તેઓને વિવૃત

१. प्रच्छन्ने - रा.।

तेषां विवृता, अतिप्रकाशत्वात्॥

**अथ** कथं योनिलक्षाणामशीतिश्चतुरुत्तरा प्रतिजाति प्रतिपादिता प्रवचने ? तद् यथा→ पृथिव्यप्-तेजो-वायूनां प्रत्येकं सप्त सप्त योनिलक्षाः, प्रत्येकवनस्पतीनां दश, साधारणानां चतुर्दश, द्वि-त्रि-चतुरिन्द्रियाणां प्रत्येकं द्वे द्वे लक्षे, शेषतिर्यग्-नारक-देवानां प्रत्येकं चतस्रश्चतस्रो लक्षाः, मनुष्याणां चतुर्दश, इह तु नव योनयः प्रतिबद्धाः सूत्रे तदेतदतिविप्रकृष्टमन्तरालमुपक्षिपति चेतः संशयदोलाया-मस्माकमतोऽत्राभिधीयतां समाधिः।

**अयमुच्यते →** नव योनय इति सङ्ग्राहकमेतदासां परिसङ्ख्यानमवसेयम्, विस्तरः प्रतिजाति वक्तव्यः, पृथिवीकायस्य [1]याऽभिहिता योनिः [2]सैव स्वजातिभेदापेक्षया सप्तलक्षपरिमाणा भवति, शर्करा-[3]वालुकादिभेदा यावत्यो जातयस्तावद्भेदा योनयोऽपि पृथिवीकायस्येत्यवगन्तव्यम्, न च मूलयोनि-मतिवर्तन्ते ताः, किन्तु जातिभेदाद् भिद्यन्त इति, अतः सङ्ग्राहकम्, एवं शेषाणामपि वाच्यम् स्वजाति-भेदापेक्षमेतत् परिमाणमिति॥२/३३॥



યોનિ હોય છે કેમકે તે યોનિ અતિ પ્રકાશવાળી = પ્રગટ છે.

## ❊ નવ યોનિમાં ૮૪ લાખ યોનિઓનો અંતર્ભાવ ❊

**પ્રશ્ન :** કુલ ૮૪ લાખ યોનિ દરેક ઉત્તર જાતિને આશ્રયી (મળાવીને) સિદ્ધાંતમાં કેવી રીતે કહેવાયેલ છે ? તે આ મુજબ કે પૃથ્વી, પાણી, તેજસ અને વાયુની દરેકની ૭-૭ લાખ યોનિ, પ્રત્યેક વનસ્પતિની ૧૦ લાખ, સાધારણ વનસ્પતિની ૧૪ લાખ, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય દરેકની ૨-૨ લાખ, શેષ તિર્યંચ, નારક અને દેવ દરેકની ૪-૪ લાખ, મનુષ્યની ૧૪ લાખ યોનિ (આમ ૮૪ લાખ યોનિ શા માટે કહી છે). કારણ અહીં સૂત્રમાં તો ૯ યોનિઓ સૂત્રિત કરાઈ છે. તે આ આટલું મોટું આંતરું અમારા ચિત્તને સંશય રૂપ હીંચકામાં નાંખી દે છે. એથી અહીં (આ પ્રશ્ન વિશે) સમાધાન આપો.

**ઉત્તર :** '૯ યોનિઓ' એ પ્રમાણેની આ સંખ્યા ૮૪ લાખ યોનિઓનો સંગ્રહ (= સંક્ષેપ) કરનારી જાણવી. જ્યારે વિસ્તાર તો દરેક જાતિને આશ્રયી કહેવો, તે આ મુજબ કહેવો→પૃથ્વીકાયની જે યોનિ (શીતોષ્ણ વગેરે ૭) કહેવાઈ છે તે જ સ્વજાતિના ભેદની અપેક્ષાએ ૭ લાખના પરિમાણવાળી થાય છે અર્થાત્ પૃથ્વીકાયની શર્કરા, વાલુકા વગેરે ભેદવાળી જેટલી જાતિઓ છે તેટલા ભેદોવાળી યોનિઓ પણ પૃથ્વીકાયની છે એમ જાણવું અને મૂળ આ ૭ યોનિને તે (૭ લાખ યોનિઓ) ઓળંગતી નથી પરંતુ જાતિના ભેદથી તે યોનિઓ ભેદાય છે. આથી ૭ લાખ યોનિઓની સંગ્રહ કરનારી (૭) સંખ્યા છે. આ પ્રમાણે શેષ (= અપ્કાયાદિ સર્વ)નું પણ સ્વજાતિના ભેદની અપેક્ષાવાળું

१. योऽ° - खं. भां.। २. स एव - खं. भां.। ३. °वालिका° - भां. खं.।

## सूत्रम् :- जराय्वण्ड-पोतजानां गर्भः ॥२/३४॥

**भाष्यम् :- जरायुजानां मनुष्य-गौ-महिष्यजाविकाश्व-खरोष्ट्र-मृग-*चमर-वराह-गवय-सिंह-व्याघ्रर्क्ष-द्वीपि-श्व-शृगाल-मार्जरादीनाम्। अण्डजानां सर्प-गोधा-कृकलास-गृहकोकिलिका-मत्स्य-कूर्म-नक्र-शिशुमारादीनाम्।**

● गन्धहस्ति ●

अत्राह → उक्तं त्रिविधं जन्म, तत्र न संविद्महे तस्य त्रिविधस्यापि जन्मनः [1]के स्वामिन इति, तद्विभागप्रदर्शनायेदमुच्यते →

**जराय्वण्ड-पोतजानां गर्भः** (इति सूत्रम्)। अत्रायं जनिः प्रत्येकमभिसम्बध्यते, जरायुजानां अण्डजानां पोतजानामिति। जरायुनि जायन्ते स्म जरायुजाः=जरायुमध्यगताः, जरायुवेष्टिता इत्यर्थः। **जरायुजानां मनुष्य-गो-महिष्यादीनामिति** सुज्ञानं भाष्यम्। अण्डे जायन्ते स्माण्डजाः, तेषां **अण्डजानां सर्पगोधादीनामिति** भाष्यं सुखावबोधमेव। अण्डजजातिभेदप्रदर्शनायेदं भाष्यम्।

**સૂત્રાર્થ : જરાયુજ, અંડજ અને પોતજનો ગર્ભ જન્મ હોય છે. ॥૨/૩૪॥**

**ભાષ્યાર્થ : જરાયુજ એવા મનુષ્ય, ગાય, ભેંસ, બકરો, ઘેટો, અશ્વ, ગધેડા, ઊંટ, હરણ, ચમરી ગાય, ભૂંડ, ગવય (= રોઝ = ગાય જેવું પ્રાણી, તેને જંગલી ગાય પણ કહેવાય છે) સિંહ, વાઘ, રીંછ, દીપડો, શ્વાન, શિયાળ, બિલાડો આદિનો તથા અંડજ એવા સાપ, ગોધા (= ચંદનઘો), કૃકલાસ (= કાચીંડો), ગૃહ કોકિલિકા (= ગરોળી), માછલું, કાચબો, મગરમચ્છ, શિશુમાર (= એક જાતનું જલજંતુ) આદિનો તથા**

● *હેમગિરા* ●

આ (યથોક્ત ૭ લાખ વગેરે યોનિઓનું) પરિમાણ કહેવું. ॥૨/૩૩॥

**૨/૩૪ સૂત્રની અવતરણિકા : પ્રશ્ન :** જન્મના ૩ પ્રકાર કહેવાયા પરંતુ ત્યાં તે ત્રણે પ્રકારના પણ જન્મના સ્વામીઓ કોણ છે ? એવું અમે સમ્યક્ રીતે જાણતા નથી. (તેથી તે કહો.)

**ઉત્તર :** તે સ્વામીના વિભાગને જણાવવા આ (૨/૩૪ સૂત્ર) કહેવાય છે.

### ❇ ૩ પ્રકારના ગર્ભ જન્મ ❇

**'जराय्वण्ड-पोतजानां गर्भः...'** આ ૨/૩૪ સૂત્ર છે. અહીં સૂત્રમાં રહેલ જનિ (= જ = 'જન્મ') શબ્દનો સંબંધ 'જરાયુ' આદિ પ્રત્યેક પદ સાથે કરાય છે, તે આ મુજબ છે કે 'જરાયુજોનો, અંડજોનો, પોતજોનો'. **જરાયુજ** → જરાયુને વિશે જેઓ જન્મ્યા હોય તે જરાયુજ, અર્થાત્ જરાયુ (Jelly જેવો ચીકણો પારદર્શક પડદો = ઓળ)ની મધ્યમાં રહેલા એટલે કે જરાયુથી વીંટળાયેલા તે જરાયુજ કહેવાય. જરાયુજ એવા મનુષ્ય, ગાય, ભેંસ આદિનું પ્રતિપાદક

१. जन्मन स्वामि° - खं.। *જુઓ પરિશિષ્ટ-૬ ટીપ્પણી - ૧૫

**भाष्यम् :- पक्षिणां च लोमपक्षाणां हंस-चाष-शुक-गृध्र-श्येन-पारापत-काक-मयूर-[1]मण्डू-बक-बलाकादीनाम्। पोतजानां शल्लक-हस्ति-श्वाविल्लापक (लावक ?) शश- शारिका- नकुल-मूषकादीनाम्, पक्षिणां च चर्मपक्षाणां जलूका-वल्गुलि-भारण्डपक्षि-विरालादीनां [2]गर्भो जन्मेति।।२/३४।।**

• गन्धहस्ति •

**पक्षिणां च लोमपक्षाणां हंस-चाषे**त्यादि प्रायो गतार्थम्। लोमप्रधानाः पक्षा येषां ते लोमपक्षाः, अपरे लोमपक्षिणामित्यधीयन्ते [3]अत्र च मत्वर्थीयोऽतिदुर्लभः, स्याद् वा ज्ञापकादेः कथञ्चित्, अथवा पक्षिण एव विशिष्यन्ते, लोमानुगता लोमप्रधाना वा पक्षिणो लोमपक्षिणस्तत्राद्यपक्षिशब्दः पक्षिसामान्यमावेदयति, इतरस्तु व्यवच्छिद्य विशेषेऽवस्थापयतीति।

**ભાષ્યાર્થ : રોમરાજીની પાંખવાળા હંસ, ચાસ, પોપટ, ગીધ, બાજ, કબુતર, કાગડો, મોર, મણ્ડુ, બગલો, બતક આદિ (અંડજ) પક્ષીનો તથા પોતજ એવા દેડકો, હાથી, શ્વાવિધ = કૂતરાથી વધ કરાતું પ્રાણી, લાવક = બટેર પક્ષી, સસલો, સારિકા (= મેના), નોળીયો, ઉંદર વગેરેનો તેમજ ચામડાની પાંખવાળા જલૂકા, વલ્ગુલિ, ભારંડ, બિલાવ આદિ પોતજ પક્ષીનો ગર્ભજન્મ હોય છે અર્થાત્ ગર્ભથી જન્મે છે. ।।૨/૩૪।।**

• *હેમગિરા* •

'**जरायुजानां मनुष्य-गो...**' વગેરે ભાષ્ય સુકર છે.

**અંડજ→**ઈંડાને વિષે જે જન્મ્યા હોય તે અંડજો. તે અંડજ એવા સર્પ, ગોધા (= ચંદનઘો) આદિનું પ્રતિપાદક '**अण्डजानां...**' વગેરે ભાષ્ય સુકર જ છે. આ **अण्डजानां...** ઇત્યાદિ ભાષ્ય અંડજોની જાતિના ભેદને દર્શાવવા માટે છે.

### ❊ लोमपक्षाणां પદની વિચારણા ❊

લોમ (= રુવાંટા)ની પાંખવાળા પક્ષી એવા હંસ, ચાસ આદિનું પ્રતિપાદક **पक्षिणां च लोमपक्षाणां...** ઇત્યાદિ ભાષ્ય પ્રાયઃ સ્પષ્ટાર્થવાળું છે. લોમ (= રુવાંટા) પ્રધાન પાંખ છે જેઓની તેઓ લોમ પાંખવાળા કહેવાય. ભાષ્યના '**लोमपक्षाणां**'ની જગ્યાએ બીજાઓ '**लोमपक्षिणां**' એવો પાઠ કહે છે પણ અહીં (= આ પાઠમાં) **मतुप्** પ્રત્યય અતિ દુર્લભ છે અથવા **જ્ઞાપકાદિ** થકી કથંચિત્ થઈ શકે અથવા **लोमपक्षाणां** વિશેષણથી પક્ષીઓ જ વિશેષિત કરાય છે, એમ જાણવું. તે આ મુજબ કે લોમ અનુગત એવા પક્ષી અથવા લોમ પ્રધાન એવા પક્ષી તે લોમ પક્ષી. '**पक्षिणां અને लोमपक्षिणां**' આ બે પદોમાં પ્રથમ પદમાં રહેલ '**પક્ષી**' શબ્દ એ પક્ષી સામાન્યને જણાવે છે વળી બીજા પદમાં રહેલ પક્ષી શબ્દ એ લોમ પાંખ સિવાયના (ચામડાની પાંખવાળા) પક્ષીઓનો વ્યવચ્છેદ (= નિષેધ) કરીને વિશેષ તરીકે રુવાંટાની પાંખવાળાઓને સ્થાપન કરે છે.

१. मद्गु - पा। २. गर्भो गर्भाज्जन्मेति - मु (प्रा)। ३. ननु च - मु (प्रा, खं)।

**सूत्रम् :- नारक-देवानामुपपातः ॥२/३५॥**

**भाष्यम् :- नारकाणां देवानां चोपपातो जन्मेति ॥२/३५॥**

**● गन्धहस्ति ●**

पोता एव जाता इति पोतजाः = शुद्धप्रसवा = न जराय्वादिना वेष्टिता इतियावत्। अत्र च '*अन्येष्वपि दृश्यन्ते*'[1] (पाणिनी सूत्र ३/२/१००) इति वचनात् 'ड्', अपरे त्वेतच्छब्दव्युत्पत्ति-भीत्या 'जराय्वण्डज-पोतानां गर्भ' [2]इत्यधीयन्ते सूत्रमाहितनैपुण्यास्तत् सर्वथा त एवाऽऽवयन्ति सूरि-विरचितन्यासमन्यथाकर्तुम्, वयं तु प्रकृतानुसरणमेव कुर्मः।

**पोतजानां** [3]**शल्लकादीनामि**त्यादि भाष्यमतिस्फुटत्वान्न विव्रियते। **पक्षिणां च चर्मपक्षाणा-मित्यादि**। अत्रापि पूर्ववद् व्याख्या कार्या, शेषमतिस्पष्टमेव। **गर्भो जन्मेति** उक्तलक्षणमेषां प्राणिनाम-शेषाणां गर्भो जन्म भवतीति ॥२/३४॥

अथेदानीमुपपातजन्मविभक्तये सूत्रमाह →

**સૂત્રાર્થ : નારક અને દેવોનો ઉપપાત જન્મ હોય છે. ॥૨/૩૫॥**

**ભાષ્યાર્થ : નારકોનો તથા દેવતાઓનો ઉપપાત જન્મ હોય છે. ॥૨/૩૫॥**

● *હેમગિરા* ●

**❃ પોતજ જન્મની મીમાંસા ❃**

**પોતજ** → **'પોત'** રૂપે જ જન્મેલા તેઓ પોતજો અર્થાત્ તેઓ શુદ્ધ પ્રસવવાળા હોય છે અર્થાત્ જરાયુ (= ચીકણા પદાર્થ રૂપ પડદા) વગેરેથી વીંટળાયેલ નથી હોતા. અહીં (પોતજ શબ્દમાં) **पाणिनी**ના **अन्येष्वपि दृश्यन्ते** એવા ૩/૨/૧૦૦ સૂત્રથી **'जन्'** ધાતુને **'ड्'** પ્રત્યય થયો છે. બીજાઓ તો આ **'जन्'** શબ્દની વ્યુત્પત્તિના ભયથી **'जराय्वण्डजपोतानां गर्भः'** એવું સૂત્ર કહે છે. પ્રાપ્ત થયેલી નિપુણતાવાળા ! એવા તેઓ જ સૂરિજી દ્વારા વિરચિત તે રચનાને બદલવા માટે સર્વથા સમર્થ છે. પણ અમે (ટીકાકાર) તો પ્રસ્તુત સૂત્રને જ અનુસરનારા છીએ.

પોતજ એવા દેડકા આદિનું પ્રતિપાદક **'पोतजानां...'** ઇત્યાદિ ભાષ્ય અત્યંત સ્પષ્ટ હોવાથી તેનું વિવરણ કરાયું નથી. **'पक्षिणां च चर्मपक्षाणां .....'** ઇત્યાદિ જે ભાષ્ય છે તેનું વિવરણ હમણાં જ ઉપર કર્યા પ્રમાણે સમજી લેવું અર્થાત્ **पक्षिणां च लोमपक्षाणां** પદની વ્યાખ્યાની જેમ વ્યાખ્યા કરવી. શેષ ભાષ્ય અત્યંત સ્પષ્ટ જ છે. **गर्भ जन्मेति .....** આ જરાયુજ વગેરે બધાય પ્રાણીઓનો પૂર્વે કહેવાયેલ સ્વરૂપવાળો ગર્ભજન્મ હોય છે, એમ જાણવું. ॥**૨/૩૪**॥

**૨/૩૫ સૂત્રની અવતરણિકા :** (પૂર્વ સૂત્રમાં ગર્ભજન્મના સ્વામી કહેવાયા.) હવે ઉપપાત જન્મના (સ્વામીના) વિભાજન માટે **૨/૩૫** સૂત્રને વાચકવર્યશ્રી કહે છે.

१. दृश्यत इति - भां.। २. अभिधीयते - मु (खं. भां.)। ३. शल्यकादि° - खं. भां.।

## सूत्रम् :- शेषाणां सम्मूर्च्छनम्॥२/३६॥

**भाष्यम् :- जराय्वण्ड-पोतज-नारक-देवेभ्यः शेषाणां सम्मूर्च्छनं जन्म।**

● गन्धहस्ति ●

**नारक-देवानाम्** (इत्यादि सूत्रम्)। गत्यपेक्षः क्रमव्यपदेशः, अपरे अभिदधते → अभ्यर्हितत्वात् *'अल्पाच्तरत्वात्'* (पाणिनी २/२/३४) च, यदादावाचार्येण देवा न न्यस्तास्तज्ज्ञापयति जन्मनो दुःखहेतुत्वं तच्च प्रकृष्टं किल नारकेष्विति। तेषां **नारकाणां देवानां च** उक्तलक्षण **उपपातो जन्म** भवति॥२/३५॥

अधुना सम्मूर्च्छनजन्मविभक्तुकाम आह -

**शेषाणां सम्मूर्च्छनम्** (इति सूत्रम्) जराय्वण्ड ... इत्यादि भाष्यम्। उक्तव्यतिरिक्ताः शेषाः, के पुनरभिहिता ? **जराय्वण्ड-पोतज-नारक-देवा** एभ्यः **शेषाणां** जीवानां पृथिवी-जलानलानिल-तरु-द्वि-त्रि-चतुरिन्द्रिय- गर्भव्युत्क्रान्ति (व्यतिरिक्त) पञ्चेन्द्रियतिर्यग्-मनुष्याणां **सम्मूर्च्छनं जन्मा**भिहित-

**સૂત્રાર્થ : શેષ જીવોનો સંમૂર્ચ્છન જન્મ હોય છે.॥૨/૩૬॥**

**ભાષ્યાર્થ : જરાયુજ, અંડજ, પોતજ, નારક અને દેવોથી અન્ય શેષ જીવોનો સંમૂર્ચ્છન જન્મ હોય છે.**

● *હેમગિરા* ●

### ❊ ક્રમમાં પ્રથમ નરકને રાખવાનો હેતુ ❊

**नारक-देवानां** ... ઇત્યાદિ ૨/૩૫ સૂત્ર છે. તેમાં 'નારક અને દેવોના' એ પ્રમાણે પદોનું વિધાન ૪ ગતિઓના ક્રમની અપેક્ષાએ છે. (૪ ગતિમાં પ્રથમ '**નરક**' ગતિ છે માટે પ્રથમ નરકને કહી.) બીજાઓ કહે છે કે ' **દેવ**' શબ્દ પૂજ્ય તેમજ અલ્પાક્ષરી હોવાથી પ્રથમ 'દેવ' શબ્દ મૂકવો જોઈએ અર્થાત્ 'देव - **नारकाणाम्**' આવવું જોઈએ. જ્યારે વાચક આચાર્યશ્રી વડે 'દેવ' પ્રથમ નથી મૂકાયો (પરંતુ 'નારક' શબ્દ પ્રથમ મૂકાયો છે) તે જ્ઞાપન કરે છે કે જન્મ દુઃખનો હેતુ છે અને તે દુઃખ ખરેખર નારકોમાં વધારે પડતું છે. (માટે તેમનું પ્રથમ ગ્રહણ કર્યું છે.) તે નારકોનો અને દેવોનો પૂર્વે કહેવાયેલ લક્ષણવાળો ઉપપાત જન્મ હોય છે.॥**૨/૩૫**॥

**૨/૩૬ સૂત્રની અવતરણિકા :** (પૂર્વ સૂત્રમાં ઉપપાત જન્મના સ્વામી કહેવાયા) હવે સંમૂર્ચ્છિમ જન્મનું વિભાજન કરવાની ઇચ્છાવાળા સૂત્રકારશ્રી સંમૂર્ચ્છિમ જન્મના સ્વામીને દેખાડતાં (**૨/૩૬**) સૂત્રને કહે છે. '**शेषाणां सम्मूर्च्छनम्**' આ **૨/૩૬** સૂત્ર છે. તેનું **जरायवण्ड**... ઇત્યાદિ ભાષ્ય છે. પૂર્વ સૂત્રમાં કહેવાયેલા જીવોથી અન્ય બાકી રહેલા જીવો શેષ તરીકે ગ્રહણ કરવા.

**પ્રશ્ન :** પૂર્વ સૂત્રમાં કયા જીવો કહેવાયેલા છે ?

**ઉત્તર :** જરાયુજ, અંડજ, પોતજ, નારક અને દેવો પૂર્વ સૂત્રમાં કહેવાયા હતા, એઓથી

**भाष्यम् :- उभयावधारणं चात्र भवति। जराय्वादीनामेव गर्भः, गर्भ एव [1]जराय्वादीनाम्। नारकदेवानामेवोपपातः, उपपात एव नारकदेवानाम्। शेषाणामेव सम्मूर्च्छनम्, सम्मूर्च्छनमेव शेषाणाम्।।२/३६।।**

• गन्धहस्ति •

लक्षणं भवति। शेषग्रहणं लाघवार्थमानन्त्यख्यापनार्थं च जन्मभाजां सूरिणाऽकारि। अथवा सामर्थ्यलभ्यं जन्म शेषाणामतः शेषमर्थाद् भविष्यति तस्मादुभयोर्नियमप्रतिपादनायेदं शेषग्रहणमाश्रीयते। योगत्रयमपि चैतज्जन्मवतां जन्मसङ्करनिवारणार्थमाचार्येण प्राणायीति, अतस्तन्निवारणार्थं परस्परावधारणदिदर्शयिषयाऽऽख्याति → **उभयावधारणं चात्र भवति [1]जराय्वादीनामेव गर्भः, गर्भ एव [1]जराय्वादीनाम्** (इति भाष्यम्) जराय्वादयो गर्भश्च एतदुभयमस्यावधारणम् = अवच्छेदो भवति। चशब्द एवशब्दार्थे,

**ભાષ્યાર્થ : અહીં (= જન્મના વિભાગના અધિકારમાં) જરાયુ આદિ જીવો અને ગર્ભ આદિ જન્મોને વિશે બંનેનું જ અવધારણ થાય છે, તે આ મુજબ કે જરાયુ આદિને જ ગર્ભ જન્મ હોય અને ગર્ભ જન્મ જ જરાયુ આદિને હોય. નારક-દેવોને જ ઉપપાત જન્મ હોય અને ઉપપાત જન્મ જ નારક-દેવોને હોય. શેષ જીવોને જ સંમૂચ્છિંમ જન્મ હોય છે અને સંમૂચ્છિંમ જન્મ જ શેષ જીવોને હોય છે.।।૨/૩૬।।**

• *હેમગિરા* •

અન્ય એવા શેષ જીવ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિયનો તેમજ ગર્ભજ સિવાયના પંચેન્દ્રિય તિર્યંચ-મનુષ્યોનો પૂર્વકથિત લક્ષણવાળો સમ્મૂર્ચ્છન જન્મ હોય છે.

વાચકશ્રીએ 'શેષ' પદનું ગ્રહણ 'સૂત્રના લાઘવ' માટે તથા (સંમૂચ્છિંમ) જન્મવાળા જીવોનું અનંતપણું જણાવવા માટે કર્યું છે અથવા (બીજી રીતે શેષ પદના ગ્રહણનું પ્રયોજન બતાવતાં કહે છે કે-) જરાયુજ, અંડજ, પોતજ, નારક અને દેવ સિવાયના જે શેષ જીવો છે તે જ સંમૂચ્છિંમ છે અને જે સંમૂચ્છિંમ છે તે જ જરાયુજ, અંડજ, પોતજ, નારક, દેવ સિવાયના છે એમ ઉભયના નિયમનું પ્રતિપાદન કરવા માટે આ શેષ પદનું ગ્રહણ કર્યું છે વાચકશ્રીએ (ગર્ભજ આદિ ત્રણે) જન્મવાળાઓના જન્મના સાંકર્યના નિવારણ માટે આ (૨/૩૪, ૩૫, ૩૬) ત્રણેય સૂત્ર રચ્યા છે. આથી (= સૂત્ર રચનાને અનુસરી) તે (જન્મવાળાઓના જન્મના સાંકર્ય)નું નિવારણ કરવા માટે જન્મ અને જન્મવાળાઓના પરસ્પર અવધારણને દેખાડવાની ઇચ્છાથી **'उभयावधारणं ...'** ઇત્યાદિ ભાષ્યને કહે છે.

જરાયુ આદિ અને ગર્ભ એ બંનેનું અવધારણ = અવચ્છેદ (= નિયમન) થાય છે. ભાષ્યગત **'च'** શબ્દ **'एव'** શબ્દના અર્થમાં છે, એટલે કે ઉભય અવધારણ જ થાય છે, બેમાંથી કોઈ

१. जरायुजादीनाम् - पा।

उभयावधारणमेव नान्यतरावधारणमनवधारणं वा। प्रथमोपन्यासेन गर्भोऽवधार्यते, जराय्वादयोऽनवधृतास्तेऽनु पाश्चात्योपन्यासेऽवच्छिद्यन्ते **गर्भ एव जराय्वादीनामिति**। गर्भो जराय्वादीन् न जहाति, जराय्वादयोऽपि गर्भं न त्यजन्तीति समुदायार्थः। एवमितरत्रापि योगद्वये वाच्यमवहितमानसेन।

किं पुनः कारणं येनान्तराले योनिसूत्रमधीतं, न जन्मसूत्रानन्तरमेव जन्मविभागः कृत इति ? **उच्यते →** जन्मनो योनेश्च यकत्तकद्वाऽन्तरमित्यस्यार्थस्य ज्ञापनाय जन्मसूत्रानन्तरमेव योनिसूत्रोपन्यास इति॥२/३६॥

**अत्राह →** तेषु जन्मसु यथोक्तयोनीनां जीवानां कानि शरीराणि कियन्ति वा किंलक्षणानि वा भवन्तीति?। **अत्रोच्यते →** (औदारिक-वैक्रियेत्यादिसूत्रम्।)

• હેમગિરા •

એકમાં જ અવધારણ કે અનવધારણ નહિ થાય. ભાષ્યગત 'જરાયુ આદિને જ ગર્ભ જન્મ હોય છે' એમ પ્રથમ અવધારણના ઉપન્યાસ વડે '**ગર્ભ**' જન્મનું અવધારણ (જરાયુ આદિમાં) કરાય છે. ત્યાર પછી નહિ અવધારણ કરાયેલા એવા જે '**जरायु**' આદિ જીવો છે તેઓનું અવધારણ ગર્ભમાં 'ગર્ભજન્મ જ જરાયુ આદિનો હોય છે' એમ પછીના અવધારણ ઉપન્યાસ દ્વારા કરાય છે. ઉભય અવધારણનો સમુદાયાર્થ આ રીતે છે - ગર્ભ જન્મ જરાયુ આદિ જીવોને છોડતો નથી તથા જરાયુ આદિ જીવો પણ ગર્ભજન્મને છોડતાં નથી.

આ જ પદ્ધતિથી બીજા પણ બે **૨/૩૫** અને **૨/૩૬** સૂત્રમાં તેના અર્થને મનમાં ધારણ કરવા પૂર્વક ઉભય તરફી અવધારણ કહેવું અર્થાત્ દેવ-નારકને ઉપપાત જન્મ જ હોય, ઉપપાત જન્મ દેવ-નારકને જ હોય. (સૂ. ૩/૩૫) જરાયુ આદિ તથા દેવ-નારક સિવાયના શેષ જીવો સંમૂર્ચ્છિમ શેષ જીવો જ હોય (સૂ. ૩/૩૬)

## ❊ સૂત્ર રચનામાં અક્રમનું પ્રયોજન ❊

**પ્રશ્ન :** શું કારણ હતું કે જેથી અધવચ્ચે યોનિ સંબંધી (૨/૩૩મું) સૂત્ર કહેવાયું ? પણ જન્મ સૂત્ર (૨/૩૨મું) કહ્યા બાદ તરત જ જન્મ-વિભાગને દર્શાવનારા (૨/૩૪, ૩૫, ૩૬) સૂત્રો શાથી ન કહેવાયા ?

**ઉત્તર :** 'જન્મનું અને યોનિનું અંતર યત્કિંચિત્ છે' અર્થાત્ ખાસ કાંઈ નથી. એ અર્થનો બોધ કરાવવા માટે જન્મ-સૂત્ર બાદ તરત જ યોનિ-સૂત્રને મૂકવામાં આવ્યું છે.॥૨/૩૬॥

**૨/૩૭ સૂત્રની અવતરણિકા : પ્રશ્ન :** તે નિર્દિષ્ટ જન્મોને વિશે યથોક્ત યોનિવાળા જીવોને કયા, કેટલા અને કયા લક્ષણવાળા શરીરો હોય છે ?

**ઉત્તર :** અહીં (= પ્રશ્નને વિશે) ઉત્તર રૂપે ૨/૩૭ સૂત્ર કહેવાય છે.

**सूत्रम् :- *औदारिक-वैक्रियाहारक-तैजस-कार्मणानि शरीराणि ।।२/३७।।**

**भाष्यम् :- औदारिकं, वैक्रियं, आहारकं, तैजसं, *कार्मणमित्येतानि पञ्च शरीराणि संसारिणां जीवानां भवन्ति ।।२/३७।।**

**गन्धहस्ति**

**अत्र** केचित् सूत्रावयवमवच्छिद्य शरीराणीति पृथक् सूत्रं कल्पयन्ति अधिकारार्थम्, अतिबहुवाच्यमेतच्छरीरप्रकरणमतोऽधिकार इति।

**अत्रोच्यते →** गौरवमात्रमपास्यैवमवच्छिन्दानैः सूत्रमन्यन्न किञ्चिदाप्तं स्यात्, सूत्रपर्यन्ते हि वर्तमानं शरीरग्रहणं नाधिक्रियते पृथगुपन्यस्तमादावधिकाराय जायत इति काऽत्र युक्तिस्तैराश्रयणीया शरणायेति।

**औदारिकं, वैक्रियम**ित्यादि[1] भाष्यम्। तत्रोदारं बृहदसारं यद् द्रव्यं तन्निर्वृत्तमौदारिकमसार-

**સૂત્રાર્થ : ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ એ શરીરો છે. ।।૨/૩૭।।**

**ભાષ્યાર્થ : ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ આ પ્રમાણે આ પાંચ શરીરો સંસારી જીવોના હોય છે. ।।૨/૩૭।।**

*હેમગિરા*

**औदारिक-वैक्रिय...** ઇત્યાદિ ૨/૩૭ સૂત્ર છે. હવે તેનું વિવેચન કરે છે.

**શંકા :** આ શરીર પ્રકરણમાં ઘણું બધું કહેવા યોગ્ય છે આથી શરીરનો અધિકાર અહીં પ્રારંભ થાય છે. અને આથી જ અહીં કેટલાક સૂત્રના **शरीराणि** એવા અવયવને અલગ કરીને શરીરના અધિકારની શરૂઆત માટે અલગ સૂત્ર તરીકે કલ્પે છે તે શું યોગ્ય છે ?

**સમાધાન :** એ પ્રમાણે સૂત્રને ખંડિત કરનારાઓએ (અલગ સૂત્ર રચીને) માત્ર ગૌરવને (= સૂત્ર સંખ્યાની આધિક્યતાને) છોડીને બીજું કાંઈ કર્યું નથી ! કેમકે - 'સૂત્રના છેડે રહેલ શરીર પદનું ગ્રહણ 'અધિકાર' (વિષય) રૂપે નહીં કરી શકાય પણ પૃથક્ રીતે સૂત્રમાં મૂકેલ 'શરીર' પદ જ અધિકાર માટે થાય છે.' એમ કહેવામાં અહીં કઈ યુક્તિ છે કે જેનો આશ્રય તેઓ શરણ માટે કરે ? અર્થાત્ એવી કોઈ યુક્તિ જ નથી કે જે યુક્તિ તેમના શરણ (ઈષ્ટ સિદ્ધિ) માટે બને. આથી **'शरीराणि'** એવું અલગ સૂત્ર કરવાની જરૂર નથી આ જ સૂત્રમાં રહેલા **'शरीराणि'** પદનો અધિકાર આગળના સૂત્રમાં ચાલશે.

## ❊ શરીરના પાંચ પ્રકાર ❊

**औदारिक, वैक्रिय ... →** ત્યાં (= પાંચ શરીરોમાં) **૧. ઔદારિક શરીર :** ઉદાર એટલે સ્થૂલ (= મોટું = વિશાળ) અને અસાર એવું જે દ્રવ્ય, તે દ્રવ્યથી બનેલું ઔદારિક

१. °त्यादि। तत्रो° मु. (खं. तां.)। ❖ જુઓ પરિશિષ્ટ-૬ ટીપ્પણી - ૧૬, ૧૭

स्थूलद्रव्यवर्गणा[1]समारब्धमौदारिकप्रायोग्यपुद्गलग्रहणकारणपुद्गलविपाक्यौदारिकशरीरनामकर्मोदय-निष्पन्नम्। एवमितरशरीरेष्वपि वैक्रियादिशब्दप्रक्षेपादेष दण्डको वाच्यः। विक्रिया विकारो बहुरूपताऽनेककरणं तया निर्वृत्तमनेकाद्भुताश्रयं विविधगुणर्द्धिसम्प्रयुक्तपुद्गलवर्गणाप्रारब्धं **वैक्रियम्**। शुभतर-शुक्ल-विशुद्धद्रव्यवर्गणाप्रारब्धं प्रतिविशिष्टप्रयोजनायाह्रियतेऽन्तर्मुहूर्तस्थित्याहारकम्, **'कृत्यल्युटो[2] बहुलं'** वचनात्। तेज इत्यग्निः, तेजोगुणोपेतद्रव्यवर्गणासमारब्धं तेजोविकारस्तेज एव वा तैजसमुष्णगुणं शापानुग्रहसामर्थ्याविर्भावनं तदेव यदोत्तरगुणप्रत्यया लब्धिरुत्पन्ना भवति तदा परं प्रति दाहाय विसृजति रोषविषाध्मातमानसो **गोशालादिवत्**, प्रसन्नस्तु शीततेजसाऽनुगृह्णाति। यस्य पुनरुत्तरगुणलब्धि-



શરીર કહેવાય છે. કહેવાનો આશય એ છે કે અસાર અને સ્થૂલ એવા પુદ્ગલ દ્રવ્યની વર્ગણાથી બનેલું ઔદારિક શરીર કહેવાય છે. ઔદારિક શરીરને પ્રાયોગ્ય એવા પુદ્ગલોને ગ્રહણ કરવામાં કારણભૂત એવા પુદ્ગલ વિપાકી ઔદારિક શરીર નામકર્મના ઉદયથી બનેલું આ ઔદારિક શરીર હોય છે. એવી રીતે ઇતર (વૈક્રિય આદિ)શરીરોમાં પણ ઔદારિકના બદલે વૈક્રિય વગેરે શબ્દોનો પ્રયોગ કરીને આ દંડક પાઠ કહેવો.

**૨. વૈક્રિય શરીર :** વિક્રિયા એટલે વિકાર અર્થાત્ બહુરૂપતા (= જુદા જુદા ઘણાં રૂપ કરવા) અથવા અનેક કરણ (= એક સરખા ઘણાં રૂપ કરવા) તે વિક્રિયા આદિથી બનેલું વૈક્રિય શરીર કહેવાય છે. અનેક અદ્ભૂત ઉપલબ્ધિ (રૂપ, લબ્ધિ વગેરે)ના આશ્રયવાળું તથા વિવિધ ગુણ ઋદ્ધિથી યુક્ત એવી પુદ્ગલ વર્ગણા વડે નિષ્પન્ન આ વૈક્રિય દેહ હોય છે.

**૩. આહારક શરીર :** અમુક વિશેષ પ્રયોજન માટે જે ગ્રહણ કરાય તે આહારક શરીર કહેવાય છે. આ **આહારક શરીર** વધુ શુભ, શુકલ (=શ્વેત) અને વિશુદ્ધ દ્રવ્ય વર્ગણાથી બનેલું છે અને અંતર્મુહૂર્તની સ્થિતિવાળું છે. 'કૃત્યલ્યુટો બહુલં' **પાણિની-૩/૩/૧૧૩** સૂત્રથી 'કૃત્ય' પ્રત્યય એ નિર્દિષ્ટ અર્થ સિવાય બીજા અર્થમાં પણ આવતો હોવાથી યથોક્ત વ્યુત્પત્તિ કરી છે.

**૪. તૈજસ શરીર :** તેજ એટલે અગ્નિ. તેજોગુણથી યુક્ત એવી દ્રવ્યવર્ગણાથી (= તૈજસ વર્ગણાથી) બનેલું અર્થાત્ તેજનો વિકાર અથવા તેજ રૂપ જ **તૈજસ શરીર** કહેવાય છે. તે તૈજસ શરીર ઉષ્ણ ગુણવાળું છે તથા શ્રાપ અને અનુગ્રહ કરવાના સામર્થ્યને પેદા કરનાર છે. જ્યારે જીવને તપ વગેરે ઉત્તરગુણના નિમિત્તવાળી (તેજોલેશ્યા) લબ્ધિ ઉત્પન્ન થાય છે ત્યારે રોષ રૂપી વિષથી વ્યાપ્ત ચિત્તવાળો સાધક ગોશાલાદિની જેમ સામેવાળી વ્યક્તિને સળગાવી દેવા, અન્ય વ્યક્તિ ઉપર તે જ તૈજસ શરીર (= તેજોલેશ્યા) ફેંકે છે, વળી પ્રસન્ન થયેલ સાધક તો (તે વ્યક્તિ પર) શીતલેશ્યા દ્વારા અનુગ્રહ કરે છે (વીર પ્રભુએ જેમ કરુણાથી ગોશાલા પર અનુગ્રહ

१. °णाप्रारब्धं रा.। २. कृल्ल्युटो बहुलवचनात् - मु, अस्माभिस्तु मुद्रितव्याकरणपुस्तकप्राप्तपाठो गृहितः।

कर्मभ्योऽन्यद्, यदि च तन्न स्यात् कुण्डभेदाद् बदराणामिवेतस्ततः पतनं स्यात् कर्मणामनिष्टं चैतत्, तस्माद् यदेषामाश्रयकारणं तत् कार्मणं शरीरमिति।

उत्पत्तिकारणभेदाच्च पृथक् कर्मभ्यः कार्मणम्, बन्धननामकर्मप्रत्ययं प्रद्वेषादिनिमित्तं च कर्मोत्पद्यत इत्याप्तोपदेशः, शरीराणां तु स्वशरीरनामकर्मोदयादुत्पत्तिरतोऽन्यत्वम्, पाकभेदाच्चान्यत् ज्ञानावरणादि कर्म पच्यमानं मूढताद्युत्पादयति, कार्मणशरीरकारणपाकस्तु कार्मणमेव शरीरमारभते तस्मादन्यत्, [1]पूर्वोत्तरकालं बन्धाविनिवृत्ते (बन्धविनिवृत्ते ?) श्चान्यत्वं मोह-ज्ञानावरणादिवत्, अनिवृत्ति (निवृत्ति ?) स्थाने हि विनिवर्तते बन्धः कार्मणस्य, [2]कर्मणस्तु सह तेन पूर्वमुत्तरत्र च



(નામકર્મ) પણ જ્ઞાનાવરણીય આદિ કર્મોથી અન્ય છે. (તેથી જેમ કુંડ અને બોરમાં આધાર-આધેયભાવની અપેક્ષાએ ભેદ છે તેમ કાર્મણ શરીર (નામકર્મ) અને જ્ઞાનાવરણીયાદિ કર્મો વચ્ચે આધાર-આધેયભાવની અપેક્ષાએ ભેદ છે.) અને જો તે કાર્મણ શરીર (નામકર્મ) કર્મોથી અન્ય ન હોય તો જેમ આધાર રૂપ કુંડના નાશ થવાથી બોરનું અહીંથી ત્યાં પડવાનું થાય તેમ કર્મોનું આમથી તેમ પડવાનું થાય અને આ અનિષ્ટ છે તેથી એ કહેવું જ પડે કે જે આ જ્ઞાનાવરણીયાદિ કર્મોનું આશ્રય રૂપ જે કારણ છે તે (તેનાથી ભિન્ન) કાર્મણ શરીર (નામકર્મ) જ છે. (જ્ઞાનાવરણાદિ કર્મ જ કાર્મણ શરીર નામકર્મ નથી.)

(૨) **બંધના કારણમાં તફાવત →** ઉત્પત્તિ (= બંધ)ના કારણમાં ભેદ હોવાથી કાર્મણ શરીર (નામકર્મ) જ્ઞાનાવરણીયાદિ કર્મોથી ભિન્ન છે તે આ રીતે કે → જ્ઞાનાવરણાદિ કર્મોની ઉત્પત્તિ (= બંધ) બંધનનામકર્મના નિમિત્તે તથા રાગદ્વેષાદિના નિમિત્તે થાય છે, એમ આપ્તોનો ઉપદેશ છે. જ્યારે તે કાર્મણ વગેરે શરીરોની ઉત્પત્તિ પોતપોતાના શરીર નામકર્મના ઉદયથી થાય છે અર્થાત્ કાર્મણ શરીરના નામકર્મ રૂપે વિવક્ષિત કાર્મણ શરીરની ઉત્પત્તિ (= બંધ) કાર્મણ શરીર નામ કર્મના ઉદયથી થાય છે. આથી કાર્મણ શરીર (નામકર્મ) એ જ્ઞાનાવરણીયાદિ કર્મોથી અન્ય છે.

(૩) **વિપાકમાં તફાવત →** પાક (= વિપાક) ભેદની અપેક્ષાએ બંને અન્ય છે, તે આ રીતે કે → વિપાક પામેલ જ્ઞાનાવરણાદિ કર્મ જીવમાં મૂઢતા વગેરેને ઉત્પાદન કરે છે, જ્યારે કાર્મણ શરીરના કારણ સ્વરૂપ કાર્મણ શરીર નામકર્મનો વિપાક તો કાર્મણ શરીરનો જ આરંભ કરે છે. તેથી જ્ઞાનાવરણીયાદિ કર્મોથી કાર્મણ શરીર નામકર્મ અન્ય છે.

(૪) **બંધ વિચ્છેદમાં તફાવત →** પૂર્વ-ઉત્તરકાળે (= આગળ-પાછળ) થનારા બંધવિચ્છેદની અપેક્ષાએ જ્ઞાના-વરણીયાદિ કર્મોથી કાર્મણ શરીર નામકર્મ ભિન્ન છે. જેમકે જ્ઞાનાવરણીય આદિ કર્મનો અને મોહનીય આદિ કર્મનો બંધવિચ્છેદ કાળ જુદો હોવાથી બંને જુદા છે (એક નથી).

१. पूर्वोत्तरकालबन्धा° (घ.)। २. कार्मणस्तु - मु (खं. भां)।

कर्मभ्योऽन्यद्, यदि च तन्न स्यात् कुण्डभेदाद् बदराणामिवेतस्ततः पतनं स्यात् कर्मणामनिष्टं चैतत्, तस्माद् यदेषामाश्रयकारणं तत् कार्मणं शरीरमिति।

उत्पत्तिकारणभेदाच्च पृथक् कर्मभ्यः कार्मणम्, बन्धननामकर्मप्रत्ययं प्रद्वेषादिनिमित्तं च कर्मोत्पद्यत इत्याप्तोपदेशः, शरीराणां तु स्वशरीरनामकर्मोदयादुत्पत्तिरतोऽन्यत्वम्, पाकभेदाच्चान्यत् ज्ञानावरणादि कर्म पच्यमानं मूढताद्युत्पादयति, कार्मणशरीरकारणपाकस्तु कार्मणमेव शरीरमारभते तस्मादन्यत्, [1]पूर्वोत्तरकालं बन्धाविनिवृत्ते (बन्धविनिवृत्ते ?) श्चान्यत्वं मोह-ज्ञानावरणादिवत्, अनिवृत्ति (निवृत्ति ?) स्थाने हि विनिवर्तते बन्धः कार्मणस्य, [2]कर्मणस्तु सह तेन पूर्वमुत्तरत्र च

● *હેમગિરા* ●

(નામકર્મ) પણ જ્ઞાનાવરણીય આદિ કર્મોથી અન્ય છે. (તેથી જેમ કુંડ અને બોરમાં આધાર-આધેયભાવની અપેક્ષાએ ભેદ છે તેમ કાર્મણ શરીર (નામકર્મ) અને જ્ઞાનાવરણીયાદિ કર્મો વચ્ચે આધાર-આધેયભાવની અપેક્ષાએ ભેદ છે.) અને જો તે કાર્મણ શરીર (નામકર્મ) કર્મોથી અન્ય ન હોય તો જેમ આધાર રૂપ કુંડના નાશ થવાથી બોરનું અહીંથી ત્યાં પડવાનું થાય તેમ કર્મોનું આમથી તેમ પડવાનું થાય અને આ અનિષ્ટ છે તેથી એ કહેવું જ પડે કે જે આ જ્ઞાનાવરણીયાદિ કર્મોનું આશ્રય રૂપ જે કારણ છે તે (તેનાથી ભિન્ન) કાર્મણ શરીર (નામકર્મ) જ છે. (જ્ઞાનાવરણાદિ કર્મ જ કાર્મણ શરીર નામકર્મ નથી.)

(૨) **બંધના કારણમાં તફાવત →** ઉત્પત્તિ (= બંધ)ના કારણમાં ભેદ હોવાથી કાર્મણ શરીર (નામકર્મ) જ્ઞાનાવરણીયાદિ કર્મોથી ભિન્ન છે તે આ રીતે કે → જ્ઞાનાવરણાદિ કર્મોની ઉત્પત્તિ (= બંધ) બંધનનામકર્મના નિમિત્તે તથા રાગદ્વેષાદિના નિમિત્તે થાય છે, એમ આપ્તોનો ઉપદેશ છે. જ્યારે તે કાર્મણ વગેરે શરીરોની ઉત્પત્તિ પોતપોતાના શરીર નામકર્મના ઉદયથી થાય છે અર્થાત્ કાર્મણ શરીરના નામકર્મ રૂપે વિવક્ષિત કાર્મણ શરીરની ઉત્પત્તિ (= બંધ) કાર્મણ શરીર નામ કર્મના ઉદયથી થાય છે. આથી કાર્મણ શરીર (નામકર્મ) એ જ્ઞાનાવરણીયાદિ કર્મોથી અન્ય છે.

(૩) **વિપાકમાં તફાવત →** પાક (= વિપાક) ભેદની અપેક્ષાએ બંને અન્ય છે, તે આ રીતે કે → વિપાક પામેલ જ્ઞાનાવરણાદિ કર્મ જીવમાં મૂઢતા વગેરેને ઉત્પાદન કરે છે, જ્યારે કાર્મણ શરીરના કારણ સ્વરૂપ કાર્મણ શરીર નામકર્મનો વિપાક તો કાર્મણ શરીરનો જ આરંભ કરે છે. તેથી જ્ઞાનાવરણીયાદિ કર્મોથી કાર્મણ શરીર નામકર્મ અન્ય છે.

(૪) **બંધ વિચ્છેદમાં તફાવત →** પૂર્વ-ઉત્તરકાળે (= આગળ-પાછળ) થનારા બંધવિચ્છેદની અપેક્ષાએ જ્ઞાના-વરણીયાદિ કર્મોથી કાર્મણ શરીર નામકર્મ ભિન્ન છે. જેમકે જ્ઞાનાવરણીય આદિ કર્મનો અને મોહનીય આદિ કર્મનો બંધવિચ્છેદ કાળ જુદો હોવાથી બંને જુદા છે (એક નથી).

१. पूर्वोत्तरकालबन्धा° (घ.)। २. कार्मणस्तु - मु (खं. भां)।

यथापूर्वं मोहक्षयः पश्चाज्ज्ञानावरणक्षय इति।

**तदेतत्** सर्वमुपपत्तिजालमनैकान्तिकम्, अभिन्नकर्मस्वपि दर्शनात्।

अन्यच्च ज्ञानावरणादिकर्माष्टकात् पृथक् कल्प्यमाने कार्मणे नवमकर्मप्रसङ्गः, कार्य-कारणवादाभ्युपगमे वा कर्म-कार्मणयोः स्यात् अन्यत्वं स्यात् अनन्यत्वमभ्युपेयमन्यथा वा त एव दीर्घायुषोऽवगच्छन्ति येऽत्रान्यत्वमेकान्तेनाभिनिविशन्त इति। वयं तु ब्रूमः→ कर्मभिर्निष्पन्नं[1] कर्मसु भवं कर्मसु जातं कर्मैव वा कार्मणमिति न कश्चिद् दोषः प्रक्रियायामाहितनैपुणस्येति॥

• હેમગિરા •

તેમ કાર્મણ શરીર નામકર્મનો બંધવિચ્છેદનો કાળ અને જ્ઞાનાવરણીયાદિ કર્મોના બંધવિચ્છેદનો કાળ પણ જુદો જુદો હોવાથી તે બંને પણ ભિન્ન જ છે. તે આ પ્રમાણે કે - કાર્મણ શરીર નામકર્મનો બંધ વિચ્છેદ નિવૃત્તિ (૮માના ૬ઠા ભાગે) ગુણઠાણામાં થઈ જાય છે. જ્યારે જ્ઞાનાવરણાદિ કર્મોનો બંધવિચ્છેદ તો તેની (= કાર્મણ શરીર નામકર્મની) સાથે, તેની પૂર્વે અને તેની પાછળ (પણ) થાય છે. જેમ પૂર્વે નવમાં ગુણઠાણે મોહનીય કર્મના બંધનો ક્ષય (= નાશ) થાય પશ્ચાત્ ૧૦માં ગુણઠાણે જ્ઞાનાવરણીય કર્મના બંધનો ક્ષય (= નાશ) થાય છે. (માટે તે બંને ભિન્ન છે)

### ❁ કર્મથી કાર્મણ શરીર કથંચિત્ ભિન્ન - ઉત્તરપક્ષ ❁

**ઉત્તરપક્ષ :** કર્મ અને કાર્મણ શરીર નામકર્મ રૂપ કાર્મણ શરીરને એકાંતે ભિન્ન જણાવતી એવી ઉપર જણાવેલ સર્વ (૪) યુક્તિઓનો સમૂહ અનેકાંતિક (વ્યભિચારી) છે કારણકે આ સર્વે યુક્તિઓ જ્ઞાનાવરણ આદિ ૮ કર્મના સમુદાયભૂત કર્મ અને કાર્મણ શરીરના અભિન્ન પક્ષ વિશે પણ ઘટી જાય છે અને તેથી ૮ કર્મના સમુદાયભૂત કર્મ અને કાર્મણ શરીર વચ્ચે અભેદ સિદ્ધ થાય છે અને કાર્મણ શરીર અને કાર્મણ શરીર નામકર્મ વચ્ચે ભેદ સિદ્ધ થાય છે.

વળી બીજું એ કે કાર્મણ શરીરને જો જ્ઞાનાવરણીય આદિ ૮ કર્મોથી ભિન્ન (કાર્મણ શરીર નામકર્મ રૂપે) માનવામાં આવે તો કાર્મણ શરીર નામના નવમા કર્મનો પ્રસંગ આવે અથવા તો જો જ્ઞાનાવરણીય વગેરે ૮ કર્મને કાર્ય અને ૮ કર્મના સમુદાયભૂત એવું કાર્મણ શરીર એ કારણ એમ કાર્ય-કારણવાદ સ્વીકારવો હોય તો પણ કથંચિત્ ભેદ અને કથંચિત્ અભેદ માનવો જોઈએ (જેમ વૃક્ષ અને બીજમાં માનીએ તેમ), અન્યથા (=જો આવું પણ ન હોય તો) જેઓ અહીં અન્યત્વ પક્ષે એકાંત વડે અભિનિવેશ (= કદાગ્રહ) કરે છે તે દીર્ઘાયુષીઓ ! જ આનું રહસ્ય જાણે. વળી અમે (= ટીકાકાર) તો એમ કહીએ છીએ કે 'કર્મોથી બનેલું, કર્મોને વિશે રહેલું, કર્મોને વિશે જન્મેલું અથવા કર્મ એ જ (જ્ઞાનાવરણાદિ કર્મોના સમુદાયભૂત) કાર્મણ શરીર છે.' એ પ્રમાણે કહેવામાં વ્યુત્પત્તિ પ્રક્રિયા વિશે પ્રાપ્ત નિપુણતાવાળા વિદ્વાનોને કાઈ દોષ નથી.

१. निवृत्तं - खं. भां.।

अथैषामौदारिकादीनां किं सर्वपुद्गलद्रव्याण्येव ग्रहणप्रायोग्यानि, आहोस्वित् कानिचिदेवेति? **उच्यते →** न खलु सर्वाणि, किन्तु द्रव्यवर्गणाप्ररूपणक्रमेण कानिचिदेव योग्यानि भवन्ति, तद्यथा- परमाणूनामेका वर्गणा = वर्गो = राशिरिति पर्यायाः।

द्विप्रदेशानामपि स्कन्धानामेका वर्गणा, एवमेकैकपरमाणुवृद्ध्या सङ्ख्येयप्रदेशस्कन्धानां सङ्ख्येय-वर्गणाः, असङ्ख्येयप्रदेशस्कन्धानामसङ्ख्येयाः, ततोऽनन्तप्रदेशस्कन्धानामनन्ता वर्गणाः, स्वल्पपुद्गल-प्रयोगत्वादयोग्याः[२] समुल्लङ्घ्य[३] अनन्ता एवौदारिकशरीरयोग्या वर्गणा भवन्ति, पुनस्तस्यैवाग्रहणयोग्या-स्ततोऽनन्ताः अतिबहुपुद्गलात्मकत्वात्, एवमेकैकपुद्गलप्रक्षेपपरिवृद्ध्या वैक्रियाहारक-तैजस-भाषा-प्राणापान-मनः-कार्मणानामेकैकस्यायोग्या योग्या अयोग्याश्चेति द्रव्यवर्गणात्रयमाभावनीयम्, आद्या च अल्पत्वादयोग्या, अन्त्या तु बहुत्वात्, मध्यमा[४] पुनस्तदनुरूपत्वाद् योग्येति सर्वत्र वासनाऽऽधेया।

• હેમગિરા •

## ❋ દ્રવ્ય વર્ગણાની વિચારણા ❋

**પ્રશ્ન :** શું બધા જ પુદ્‌ગલ દ્રવ્યો આ ઔદારિકાદિ શરીરોના ગ્રહણને યોગ્ય હોય છે ? કે કેટલાક જ ગ્રહણને યોગ્ય હોય છે ?

**ઉત્તર :** ખરેખર સર્વે પુદ્‌ગલો ગ્રહણ યોગ્ય નથી હોતા પરંતુ દ્રવ્યવર્ગણાની પ્રરૂપણાના ક્રમે કેટલાક જ ગ્રહણ કરવાને યોગ્ય હોય છે. તે વર્ગણા ક્રમ આ મુજબ છે→ પરમાણુઓની એક વર્ગણા છે. વર્ગણા = વર્ગ = રાશિ આ બધા પર્યાયવાચી શબ્દો છે. પછી બે પ્રદેશવાળા સ્કંધોની પણ એક વર્ગણા, આ પ્રમાણે એક-એક પરમાણુની વૃદ્ધિ કરતાં સંખ્યેય પ્રદેશવાળા સ્કંધોની સંખ્યેય વર્ગણા થાય, અસંખ્યેય પ્રદેશવાળા સ્કંધોની અસંખ્યેય વર્ગણા થાય, ત્યારબાદ અનંત પ્રદેશવાળા સ્કંધોની અનંતવર્ગણા થાય. આ વર્ગણાઓ અત્યંત અલ્પ પુદ્‌ગલ રૂપ હોવાથી ઔદારિકાદિ શરીર માટે અયોગ્ય ગણાય છે. તેઓને ઓળંગ્યા પછી બીજી અનંતી જ વર્ગણાઓ ઔદારિક શરીરને યોગ્ય હોય છે ફરી ત્યાર પછી આવતી અનંતી વર્ગણાઓ અત્યંત ઘણાં પુદ્‌ગલ સ્વરૂપ હોવાથી તે જ ઔદારિક શરીરના ગ્રહણ માટે અયોગ્ય હોય છે. આ પ્રમાણે એક-એક પુદ્‌ગલના પ્રક્ષેપ વધવાથી વૈક્રિય, આહારક, તૈજસ, ભાષા, શ્વાસોચ્છ્‌વાસ, મન અને કાર્મણને વિશે ક્રમશઃ એક-એકની અયોગ્ય, યોગ્ય અને અયોગ્ય એમ ૩ દ્રવ્ય વર્ગણા વિચારવા યોગ્ય છે.

પ્રથમ અનંત વર્ગણા અલ્પ પુદ્‌ગલવાળી હોવાથી અયોગ્ય છે, અને છેલ્લી અનંત વર્ગણા અતિ ઘણાં પુદ્‌ગલવાળી હોવાથી અયોગ્ય છે. જ્યારે મધ્યમ અનંત વર્ગણાઓ તે (વૈક્રિય શરીર)ને અનુરૂપ હોવાથી યોગ્ય છે. આ પ્રમાણે સર્વત્ર (બીજા આહારકાદિમાં) ભાવના કરી લેવી. અહીં

१. °ऽभ्यन्तरप्रदे°- रा.। २. °पुद्गलप्रयोगत्वाद° - मु (खं. भां.)। ३. समुल्लङ्ध्याः मु. (ख. लु.)।
४. मध्यमा तद° - मु. प्रा. (खं.)।

भाषा-प्राणापान-मनोग्रहणमत्राप्रस्तुतमपि कार्मणशरीरयोग्यवर्गणाप्रदर्शनार्थमध्यवसातव्यम्। एवं तावत् प्रतिविशिष्टपुद्गलद्रव्यनिर्मापितान्यौदारिकादीनि निश्चितम्॥

अथेदानीमिदं भाष्यमनुस्रियते→**इत्येतानि पञ्च शरीराणि संसारिणां जीवानां भवन्ति**, एवमेतानि पञ्चैवान्यूनानधिकानि शरीराणीति, शीर्यन्त इति शरीराणीति जीर्यमाणत्वाच्चयापचयवत्त्वाच्च विशरा[1]रुताभाञ्ज्येतानि गतिचतुष्टयवर्तिनामेव प्राणिनां यथा सम्भवन्ति, न सिद्धानामिति सामर्थ्याद् व्युदासः। निर्ज्ञातस्य संज्ञिनः संज्ञेत्यतो न लघ्वपि शरीरग्रहणमादावुपन्यस्तं विशरारुत्वा-



(= પ્રસ્તુત શરીર સંબંધી વિચારમાં ય) અપ્રસ્તુત પણ ભાષા, શ્વાસોચ્છ્વાસ અને મનનું ગ્રહણ કાર્મણ શરીરને યોગ્ય વર્ગણાને દર્શાવવા માટે (= સમજાવવા માટે) છે. આ પ્રમાણે 'ઔદારિકાદિ શરીરો એ અમુક ચોક્કસ પ્રકારના પુદ્ગલ દ્રવ્યોથી નિર્માણ કરાયેલા છે' એ પ્રથમ નિશ્ચિત થયું.

## ❊ શરીર જડને અને સિદ્ધોને ન હોય ❊

અત્યારે **इत्येतानि** ... ઇત્યાદિ આ ભાષ્ય કહેવાય છે → આ પ્રમાણે આ પાંચ શરીરો સંસારી જીવોને હોય છે. આ પ્રમાણે આ પાંચ જ શરીરો છે, ન્યૂન કે અધિક નહિ. '**શીર્ણ (= નષ્ટ) થાય તે શરીર**' એ પ્રમાણેની વ્યુત્પત્તિ મુજબ જીર્ણ-શીર્ણ થવાના સ્વભાવવાળા હોવાથી તથા ચય અને અપચય (= વધવા અને ઘટવા)ના સ્વભાવવાળા હોવાથી વિશરારુતાવાળા (= વિનાશને પામનારા) એવા આ શરીરો યથાસંભવ ૪ ગતિમાં વર્તતા પ્રાણીઓને જ સંભવે છે, સિદ્ધના જીવોને નહિ. આ પ્રમાણે સામર્થ્યથી (= અર્થાપત્તિથી) સિદ્ધોને વિશે આ શરીરોનો નિષેધ કરાયો.

સૂત્ર રચનાનું રહસ્ય બતાવતાં ટીકાકારશ્રી કહે છે - (ટીકાની આ પંક્તિને પ્રશ્નોત્તરીથી સમજીએ.)

**પ્રશ્ન :** સૂત્રમાં નિર્દિષ્ટ અલ્પાક્ષરી પણ '**शरीराणि**' પદ વાચકશ્રીએ પ્રથમ કેમ મૂક્યું નહિ ?

**ઉત્તર :** જણાયેલા સંજ્ઞીની સંજ્ઞા હોય (ઔદારિક વગેરે સંજ્ઞી છે. તેમની '**શરીર**' એવી સંજ્ઞા છે, માટે જેમની સંજ્ઞા કહેવાય છે એ સંજ્ઞી પહેલાં જણાયેલો હોવો જોઈએ). આથી '**शरीराणि**' શબ્દ અલ્પાક્ષરી છતાં પહેલાં ન મૂકતાં છેલ્લે મૂક્યું છે.

## ❊ 'શરીર' પદના ઉપન્યાસનો હેતુ ❊

**પ્રશ્ન :** '**શરીર**' શબ્દ કરતાં અલ્પાક્ષરી '**કાય**' શબ્દ છે (આ પદ મૂકવાથી સૂત્રમાં લાઘવ થાત) છતાં પણ શા માટે કાય શબ્દનું ગ્રહણ કરાયું નહિ ?

**ઉત્તર :** વિશરારુ (= વિનષ્ટ થવાના સ્વભાવવાળા) હોવાથી ઔદારિક વગેરે '**શરીરો**'

१. °रारता° - रा.।

च्छरीराणि इत्यन्वर्थसंज्ञासिद्ध्यर्थं न कायग्रहणमाश्रितं लघीयोऽपि। आदावौदारिकं स्थूलाल्पप्रदेश-बहुस्वामित्वात्, ततो वैक्रियं पूर्वस्वामिसाधर्म्यात्, ततोप्याहारकं लब्धिसाधर्म्यात्, ततस्तैजसं सूक्ष्मा-सङ्ख्येय(अनंत)स्कन्धात्मकत्वात् ततः कार्मणं सर्वकारणाश्रयसूक्ष्मानन्तप्रदेशत्वादिति॥२/३७॥

**अत्राह** → कथं पुनरयं विशेषो निश्चीयते औदारिकादीनामिति ? **उच्यते** → न्यायाद् वचनाच्च। न्याय उक्तः, वचनं त्विदं यथाक्रमं तेषां पूर्वस्मात् (**परं परं सूक्ष्मम्** इति सूत्रम्)।

• *હેમગિરા* •

કહેવાય છે. એ પ્રમાણેની અન્વર્થ સંજ્ઞાની (= યથાર્થ નામની) સિદ્ધિ માટે અત્યંત નાનો એવો પણ 'કાય' શબ્દ ન મૂકતાં '**શરીર**' શબ્દ મૂક્યો છે. (વળી 'કાય' શબ્દ તો 'સમૂહ' વગેરે અર્થનો ય વાચક છે.)

## ❋ ઔદારિકાદિ શરીરોના સંખ્યા ક્રમનું રહસ્ય ❋

સૂત્રમાં ઔદારિકાદિ પદના ક્રમનો આશય આ મુજબ છે→ સ્થૂલ અને અલ્પ પ્રદેશવાળું તથા ઘણાં (= સર્વાધિક) સ્વામીવાળું હોવાથી ઔદારિક શરીરને પ્રથમ બતાવ્યું છે ત્યાર બાદ વૈક્રિયને મૂક્યું છે. કારણકે પૂર્વની (ઔદારિકની) સાથે સ્વામીનું સાધર્મ્ય છે અર્થાત્ પૂર્વના સ્વામી એવા તિર્યંચ અને મનુષ્યો જ વૈક્રિય લબ્ધિની અપેક્ષાએ વૈક્રિય શરીરના પણ સ્વામી છે. આમ બન્ને શરીરના સ્વામી લબ્ધિવાળા તિર્યંચ અને મનુષ્ય થવાથી સ્વામીનું સાધર્મ્ય આવ્યું. આના પછી '**આહારક**' શરીરને મૂક્યું છે કારણકે લબ્ધિને આશ્રયીને (વૈક્રિય અને આહારકમાં) સામ્યતા છે (વૈક્રિય શરીર જેમ લબ્ધિને આશ્રયી ઉત્પન્ન થાય છે તેમ આહારક શરીર પણ લબ્ધિ આશ્રિત જ છે). આના પછી તૈજસ શરીરને મૂક્યું છે કારણકે તે આહારક કરતાં સૂક્ષ્મ અને અનંત સ્કંધરૂપ છે. (અનંત પરમાણુવાળા સ્કંધ-પ્રદેશની અપેક્ષાએ ઔદારિકથી માંડી આહારક સુધીના શરીરો ઉત્તરોત્તર અસંખ્યગુણા સ્કંધવાળા હોય છે. જ્યારે તૈજસ અને કાર્મણ અનંતગુણા હોય છે. તેથી ટીકામાં જે 'અનંત સ્કંધાત્મક' તૈજસ શરીર કહ્યું તેનો ભાવાર્થ 'પૂર્વ શરીરો કરતાં અનંત ગુણા = અનંત પરમાણુવાળા અનંત સ્કંધ રૂપ પ્રદેશાત્મક' એવો કરવો.) ત્યાર પછી કાર્મણ શરીરનો નિર્દેશ છે, કારણકે તે સર્વ શરીરોનું કારણ, સર્વ શરીરોનો આશ્રય, અત્યંત સૂક્ષ્મ અને (પૂર્વ શરીર કરતાં) અનંત પ્રાદેશિક છે.॥૨/૩૭॥

**૨/૩૮ સૂત્રની અવતરણિકા : પ્રશ્ન :** કઈ રીતે ઔદારિકાદિ શરીરોની (ઉપર કહેલ આ ઔદારિકથી વૈક્રિય સૂક્ષ્મ છે, આમ આગળ આગળના શરીરો સૂક્ષ્મ છે, એવી) આ વિશેષતાઓ નિશ્ચિત કરી શકાય ?

**ઉત્તર :** ન્યાય (= તર્ક)થી તથા વચન (= સૂત્ર)થી આ નિશ્ચય થાય છે. ન્યાય (પૂર્વે વર્ગણાનું સ્વરૂપ બતાવતાં) કહેવાઈ ગયો છે. વચન આ પ્રમાણે કે તે ઔદારિકાદિ શરીરોમાં

## सूत्रम् :- *परं परं सूक्ष्मम्❖ ॥२/३८॥

**भाष्यम् :- तेषामौदारिकादीनां शरीराणां परं परं सूक्ष्मं वेदितव्यम्।**

● गन्धहस्ति ●

**तेषामित्यनेन** भाष्यकारः सूत्रसम्बन्धमावेदयति → **तेषाम्**, = अनन्तरसूत्रोपदिष्टानाम**मौदारिकादीनां शरीराणां परं परं सूक्ष्मं वेदितव्यम्**। निर्ज्ञातत्वादादि शब्दप्रयोगः, **औदारिकादीना**मन्यार्थवाचित्वमपि सम्भवतीति, अतो विशेषणं **शरीराणामिति**। विशरणशीलत्वाच्छरीराणि। **परं परमिति** वीप्सया व्याप्तिं दर्शयति, पूर्वं पूर्वमपेक्ष्य औदारिकादीनां परं परं सूक्ष्मं, सूक्ष्मगुणं द्रव्यं, सूक्ष्मं तद् यत्रास्ति तत् **सूक्ष्मम्**, अर्शआदिपाठाच्छरीरम्, अतोऽयमर्थः → सूक्ष्मपरिणाम[1]परिणतपुद्गलद्रव्यारब्धं **वेदितव्यम्** = अवसेयम्। एतेन [2]प्रमाणाधिक्यकृतं नोद्यमपास्त भवति, सूक्ष्मत्वादेव च प्रायो

**સૂત્રાર્થ : ઔદારિકાદિ શરીરમાં પૂર્વપૂર્વ શરીરની અપેક્ષાએ ઉત્તરોત્તર શરીર સૂક્ષ્મ હોય છે. ॥૨/૩૮॥**

**ભાષ્યાર્થ : તે (પૂર્વોક્ત) ઔદારિકાદિ શરીરમાં પૂર્વપૂર્વ શરીરની અપેક્ષાએ ઉત્તરોત્તર (=પછી પછીનું) શરીર સૂક્ષ્મ જાણવું.**

● *હેમગિરા* ●

યથાક્રમે પૂર્વના શરીરોથી "પછી પછીના શરીરો સૂક્ષ્મ છે." આ વાતને કહેનાર (**परं परं सूक्ष्मम्** આ ૨/૩૮ સૂત્ર છે.)

એના ભાષ્યની પંક્તિનો અર્થ કરાય છે → '**तेषां**' એવા આ પદથી ભાષ્યકાર પૂર્વના સૂત્રની સાથે પ્રસ્તુત સૂત્રના સંબંધને જણાવે છે. તે પૂર્વ સૂત્રમાં સૂચિત ઔદારિકાદિ શરીરોમાં પૂર્વ પૂર્વ કરતાં ઉત્તરોત્તર શરીરો સૂક્ષ્મ-સૂક્ષ્મ જાણવા. વૈક્રિયાદિ શરીરો પૂર્વે ૩/૩૭ સૂત્રમાં જણાયેલા હોવાથી સાક્ષાત્ ન કહેતાં તેઓ માટે ભાષ્યમાં '**आदि**' શબ્દનો પ્રયોગ કર્યો છે. તથા માત્ર 'ઔદારિકાદિ' પદ લખે તો તેમાં અન્ય અર્થ (બંધન, સંઘાતન આદિ)નું પણ કથન સંભવે છે. આથી તેની બાદબાકી કરવા માટે ભાષ્યમાં '**शरीराणां**' એવું વિશેષણ મૂક્યું છે. વિનાશ થવાના સ્વભાવવાળા હોવાથી (ઔદારિકાદિને) શરીરો કહેવાય છે.

### ❈ ઔદારિક વગેરે શરીરોમાં ઉત્તરોત્તર સૂક્ષ્મતા ❈

'**પરં પરં**' એમ વીપ્સા દ્વારા વ્યાપ્તિને દર્શાવે છે. તે આ મુજબ કે - ઔદારિકાદિમાં 'પૂર્વ પૂર્વ શરીરની અપેક્ષાએ પછી પછીનું શરીર સૂક્ષ્મ જાણવું.' (સૂક્ષ્મ શબ્દની વ્યાખ્યા અને સૂક્ષ્મથી શું ગ્રહણ કરવું તે ટીકાકારશ્રી દર્શાવે છે. →) સૂક્ષ્મગુણવાળું દ્રવ્ય તે અહીં સૂક્ષ્મ

१. °णामपुद्ग° - मु. (भां. खं.)। २. प्रमाण्याधिकृतं - मु. (रा.)।
★ "तेषां परं परं सूक्ष्मम्" ॥२/३८॥ इति सूत्रं मुद्रितसूत्रपाठे प्राप्नोति। ❖ જુઓ પરિશિષ્ટ-૬ ટીપ્પણી-૧૬

वैक्रियादिचतुष्कस्य दर्शनमनुपपन्नम्। इह परिणतिविशेषमङ्गीकृत्य पुद्गलाः केचिदतिस्थूलतया वर्तन्तेऽल्पेऽपि सन्तो [1]भेण्डकाष्ठादिषु, केचिन्निचिततरपरिणामभाजोऽतिभूयांसोऽपि सूक्ष्मावस्थामासादयन्ति करिदशनादिषु, प्रसिद्धं चैतत् प्रायस्तुलामारोपिते [2]भेण्ड-दन्तखण्डे प्रमाणतः सदृशे [3]परिमाणतामति[4]-विप्रकृष्टां धियमाधत्ते इति। तदेतत् परिशिथिलां परिणतिमनपेक्ष्य निचिततरां[5] च पुद्गलानामन्यथा लाघवं गौरवं वा प्रतिपत्तुमशक्य तुल्यप्रमाणत्वे सति, अतः पूर्वपूर्वमुत्तरोत्तरापेक्षया शरीरं परिस्थूर-


તરીકે વિવક્ષિત છે. અહીં અર્શ આદિ ગણપાઠથી 'તે સૂક્ષ્મગુણ જેમાં છે તે સૂક્ષ્મ' એમ 'अ' પ્રત્યય '**मतुप्**' અર્થમાં લાગ્યો છે. અહીં સૂક્ષ્મ ગુણવાળા દ્રવ્ય તરીકે શરીરનું ગ્રહણ કરવું. આથી અર્થ આ પ્રમાણે કરવો → સૂક્ષ્મ પરિણામથી પરિણત થયેલ એવા પુદ્ગલ દ્રવ્યોથી બનેલું (આગળ આગળનું) શરીર જાણવું.

## ❋ વૈક્રિયાદિ ચાર શરીરોની સૂક્ષ્મતા ❋

આના દ્વારા (= '**परं परं सूक्ष्मं**' એવું કહેવા દ્વારા) પ્રમાણની અધિકતાથી કરાએલી શંકા શાંત થાય છે. અર્થાત્ 'પાછળ પાછળના શરીરો વધુ પુદ્ગલથી બનેલા હોય છે તેથી તેનું પ્રમાણ ઉત્તરોત્તર અધિક હોવું જોઈએ ને ? એવા પ્રશ્નનો ઉત્તર પણ '**परं परं सूक्ष्मं**' આ વાક્યથી અપાઈ જાય છે અર્થાત્ પછી પછીનું શરીર વધુને વધુ સૂક્ષ્મ પરિણામથી પરિણત પુદ્ગલ દ્રવ્યથી આરબ્ધ હોય છે માટે 'પ્રમાણાધિક્ય' થવાની આપત્તિ હોતી નથી, વળી સૂક્ષ્મતાના કારણે જ પ્રાયઃ કરીને વૈક્રિયાદિ ૪ શરીરોનું દર્શન થતું નથી.

અહીં વિશિષ્ટ પરિણતિને લીધે કોઈક પુદ્ગલો અલ્પ પણ હોવા છતાં ભેંડકાષ્ઠ (કાષ્ઠ વિશેષ) આદિમાં અતિ સ્થૂલ તરીકે હોય છે તથા કેટલાક પુદ્ગલો ઘણી માત્રામાં પણ હોવા છતાં ઘટ્ટ પરિણામને લીધે હાથીદાંત આદિ વિશે સૂક્ષ્મ અવસ્થાને પામે છે અને આ લગભગ પ્રસિદ્ધ છે કે - પ્રમાણથી સમાન (ઘેરાવાવાળા) એવા ભેંડકાષ્ઠ અને હાથીદાંતનો ટુકડો ત્રાજવા ઉપર મૂકી તોલવામાં આવે તો અત્યંત ભિન્ન પરિમાણતાની બુદ્ધિ થાય છે અર્થાત્ પરિમાણની અપેક્ષાએ બંનેની વચમાં ઘણું મોટું અંતર પડે છે.

હાથીદાંત ઘણો ભારે હોય છે અને ભેંડકાષ્ઠ ઘણો હલકો હોય છે, જ્યારે તુલ્ય પ્રમાણ (= આકાર)વાળા પણ પદાર્થ હોય ત્યારે પુદ્ગલોની પરિશિથિલ પરિણતિ (= શિથિલ બંધારણ)ની અપેક્ષા વિના અથવા નિચિતતર પરિણતિ (= અત્યંત ઘટ્ટ બંધારણ)ની અપેક્ષા વિના તે આ લઘુપણું (= હળવાપણું) કે ગુરુપણું (= ભારીપણું) બીજી રીતે સ્વીકાર કરવા માટે શક્ય નથી.

१. भण्ड° - रा.। २. भण्ड° - रा.। ३. परिणामागता° - मु. रा. (खं. भां.)।
४. °मविप्रकृ° - सं। ५. °तरां पुद्गलाना° - मु. (खं. भां.)।

**भाष्यम् :- तद्यथा → औदारिकाद् वैक्रियं सूक्ष्मम्, वैक्रियादाहारकम्, आहारकात् तैजसम्, तैजसात् कार्मणमिति ॥२/३८॥**

● गन्धहस्ति ●

द्रव्यारब्धमतिशिथिलनिचयमदभ्रं च भवत्युत्तरं[1] तु सूक्ष्मद्रव्यारब्धमतिघननिचयमणु च भवतीति पुद्गलद्रव्यपरिणतेर्वैचित्र्यात्।

अमुमेवार्थं भाष्यकारः प्रकाशयन्नाह → **तद्यथा** → **औदारिकादि**त्यादि। तदेतद् यथा स्पष्टतरं भवति तथाऽऽवेद्यते → **औदारिकाच्छ**रीराद् **वैक्रियं सूक्ष्मम्**, औदारिकमल्पद्रव्यं स्थूलं शिथिलनिचयम्[2], वैक्रियं बहुतरद्रव्यं सूक्ष्म-घननिचयं (सूक्ष्मं घननिचयं ?) चेति, अतः सूक्ष्ममुच्यते ॥

**ननु** चौदारिकं योजनसहस्रप्रमाणमुत्कर्षात् वैक्रियं तु योजनलक्षप्रमाणम्, अतः कथं सूक्ष्ममिति? **उच्यते** → यद्यपि प्रमाणतस्तदतिमहद् वैक्रियं तथापि सूक्ष्ममेवादृश्यत्वात्, इच्छया तु तत्कर्तुर्दृश्यत इत्यतो [3]न दोषः, तथा **वैक्रियादाहारकं** सूक्ष्ममित्यभिसम्बन्धः, सूक्ष्मतरपरिणामपरिणतं बहुतरपुद्गल

**ભાષ્યાર્થ : તે આ રીતે કે ઔદારિક થકી વૈક્રિય સૂક્ષ્મ છે. વૈક્રિયથી આહારક, આહારકથી તૈજસ અને તૈજસથી કાર્મણ સૂક્ષ્મ હોય છે. ॥૨/૩૮॥**

● *હેમગિરા* ●

આથી પૂર્વ પૂર્વ ઔદારિકાદિ શરીર ઉત્તર ઉત્તર (વૈક્રિયાદિ) શરીરની અપેક્ષાએ વધુ સ્થૂલ દ્રવ્યથી બનેલા, અતિશિથિલ બંધારણવાળા અને વિશાળ હોય છે, વળી ઉત્તર-ઉત્તરના શરીર (પૂર્વ પૂર્વના શરીરની અપેક્ષાએ) સૂક્ષ્મ દ્રવ્યથી બનેલા, અતિઘન બંધારણવાળા અને નાના હોય છે, કેમકે પુદ્ગલ દ્રવ્યની પરિણતિ વિચિત્ર છે. આ જ અર્થને સ્પષ્ટ કરતાં **तद्यथा...** ઇત્યાદિ ભાષ્ય કહે છે. **तद्यथा** = ઉપરોક્ત ભાષ્યમાં કહેલ વાત જ જે રીતે સ્પષ્ટ થાય તે રીતે કહેવાય છે કે - ઔદારિક શરીર કરતાં વૈક્રિય શરીર સૂક્ષ્મ હોય છે. ઔદારિક એ અલ્પ પુદ્ગલ દ્રવ્યવાળું, સ્થૂલ તેમજ શિથિલ બંધારણવાળું છે, વૈક્રિય શરીર અધિક પુદ્ગલ દ્રવ્યવાળું, સૂક્ષ્મ અને ઘન (= નિબિડ) બંધારણવાળું હોય છે. આથી વૈક્રિયને સૂક્ષ્મ કહેવાય છે.

### ❁ વૈક્રિય શરીર મોટું છતાં સૂક્ષ્મ ❁

**પ્રશ્ન :** ઔદારિક શરીર એ ઉત્કૃષ્ટથી **૧** હજાર યોજન પ્રમાણવાળું છે અને વૈક્રિય શરીર તો ઉત્કૃષ્ટથી **૧** લાખ યોજન પ્રમાણવાળું હોય છે આથી વૈક્રિય શરીરને સૂક્ષ્મ કઈ રીતે કહેવાય છે ?

**ઉત્તર :** જો કે તે વૈક્રિય પ્રમાણથી અત્યંત મોટું છે, તો પણ અદશ્ય હોવાથી સૂક્ષ્મ છે પરંતુ તે વૈક્રિય શરીરના કર્તા (=બનાવનાર)ની ઈચ્છા મુજબ (તે વૈક્રિય શરીર) દેખાય છે. આ પ્રમાણે હોવાથી (ઔદારિક કરતાં વૈક્રિય સૂક્ષ્મ કહ્યું તેમાં) કોઈ દોષ નથી તથા ભાષ્યના **'સૂક્ષ્મ'**

१. °तरं सूक्ष्मं द्रव्यार° - मु. (खं. भां.)। २. °विचयम् - पा. रा.। ३. नो दोषः - मु (खं. भां.)।

**सूत्रम् :- प्रदेशतोऽसङ्ख्येयगुणं प्राक् तैजसात्॥२/३९॥**

**भाष्यम् :- तेषां शरीराणां परं परमेव प्रदेशतोऽसङ्ख्येयगुणं भवति प्राक् तैजसात्,**

• गन्धहस्ति •

द्रव्यारब्धमाहारकम्, आहारकात् तैजसं बहुतरद्रव्यमतिसूक्ष्मपरिणामपरिणतं च, **तैजसात् कार्मण-मतिबहुकद्रव्यप्रचितमतिसूक्ष्मं** च भवति, अतः सूक्ष्मताऽऽपेक्षिकी प्रतिपत्तव्या, न सूक्ष्मनामकर्मोदय-जनितेति॥२/३८॥

एवं तावत् कारणानां सूक्ष्मात्, (सूक्ष्मत्वात् ?) परं परं सूक्ष्ममभिहितमतिबहुपुद्गलद्रव्यारब्धमपि प्रचयविशेषात्, तत् कथमुत्तरोत्तरेषु[1] बहुतरद्रव्यारब्धत्वमिति[2] ? अत आह - (प्रदेशतोऽसङ्ख्येय... इत्यादि सूत्रम्)

**तेषां शरीराणामित्यादि** भाष्यम्। तेषामित्यौदारिकादीनामनन्तरसूत्रात् **परं परमित्येतदनुवर्तते**[3],

**સૂત્રાર્થ : તૈજસની પૂર્વના (ઔદારિકાદિથી માંડી આહારક સુધીના) શરીરો ઉત્તરોત્તર પ્રદેશોની અપેક્ષાએ અસંખ્યગુણ હોય છે. ॥૨/૩૯॥**

**ભાષ્યાર્થ : (તૈજસ શરીરની પહેલાના) તે શરીરોમાં ઉત્તરોત્તર જ અર્થાત્ પછી પછીનું જ શરીર પ્રદેશની અપેક્ષાએ અસંખ્યગણું હોય છે.**

• *હેમગિરા* •

પદનો અન્વય આગળ કરતાં જવું, તે આ રીતે કે વૈક્રિય કરતાં આહારક શરીર સૂક્ષ્મ છે કેમકે વધુ સૂક્ષ્મ પરિણામમાં પરિણત તથા અધિકતર પુદ્ગલ દ્રવ્યોથી બનેલું આહારક હોય છે. આહારક કરતાં અતિસૂક્ષ્મ પરિણામમાં પરિણત થયેલું તથા અધિકતમ દ્રવ્યવાળું તૈજસ શરીર હોય છે. તૈજસ શરીર કરતાં કાર્મણ શરીર અતિ ઘણાં દ્રવ્યોથી બનેલું અને અતિસૂક્ષ્મ હોય છે. આથી (ઉપરોક્ત) સૂક્ષ્મતા (એક બીજા શરીરની) અપેક્ષાવાળી સમજવી પણ સૂક્ષ્મ નામકર્મના ઉદય વડે થયેલી નહિ (કેમકે એવી સૂક્ષ્મતા તો સૂક્ષ્મ એકેન્દ્રિય જીવોને જ હોય છે).॥૨/૩૮॥

**૨/૩૯ સૂત્રની અવતરણિકા :** આ પ્રમાણે કારણ દ્રવ્યોની સૂક્ષ્મ ગુણવત્તા હોવાથી અતિ બહુ પુદ્ગલ દ્રવ્યથી બનેલું પણ કાર્ય રૂપ શરીર બંધારણ વિશેષને લીધે આગળ આગળ સૂક્ષ્મ કહેવાયેલું છે. (તે વાત પ્રથમ જાણી પણ હવે એ કહો કે) ઉત્તરોત્તર શરીરોમાં જે અધિક દ્રવ્યોથી આરબ્ધપણું છે તે શાથી હોય છે ? આથી (= આ પ્રમાણે પ્રશ્ન થયેલો હોવાથી) તેના ઉત્તરમાં **૨/૩૯** સૂત્રને વાચકપ્રવરશ્રી કહે છે.

**प्रदेशतोऽसङ्ख्येय...** ઇત્યાદિ ૨/૩૯ સૂત્ર છે અને તેનું '**तेषां शरीराणां**' ઇત્યાદિ ભાષ્ય છે. (સમુદાયાર્થ ઉપર ભાષ્યાર્થમાં છે તેનો અવયવાર્થ આ પ્રમાણે છે. →) **तेषां** એટલે

१. °मुत्तरेषु - खं. भां.। २. °रब्धमि° - मु (खं. भां.)। ३. °र्तते, अभि° - मु. (खं. भां.)।

अतोऽभिसम्बध्नाति भाष्यकारः **परं परमेव**, एवशब्दस्तमेव क्रमनियममत्रावद्योतयति[1], परं परमित्यमुमेव क्रममङ्गीकृत्यासङ्ख्येयगुणता विधीयते नान्यथेति। **प्रदेशत** इति प्रवृद्धो देशः प्रदेशः अनन्ताणुकस्कन्धः प्रदेशोऽत्राभिधीयते, एवंविधैः प्रदेशैः प्रदेशतः "[2]*इतराभ्योऽपि दृश्यन्ते*" पाणिनी (६/३/१४) इति वचनात् **असङ्ख्येयगुण भवति**। एतदुक्तं भवति → औदारिकशरीरग्रहणयोग्यो यः स्कन्धोऽनन्तप्रदेश एकः स यदाऽन्यैरनन्ताणुकैः स्कन्धैरसङ्ख्येयैर्गुणितो भवति तदा वैक्रियग्रहणयोग्यो जायते, एवं वैक्रियग्रहणयोग्योऽनन्तप्रदेशः स्कन्धः एको यदाऽन्यैरनन्ताणुकस्कन्धैरसङ्ख्येयैरभ्यस्तो भवति तदाऽऽहारकग्रहणयोग्यतामेति। **प्राक् तैजसादिति** मर्यादां दर्शयति, न खलु सर्वेष्वयं क्रमो ग्राह्यः, किन्तु तैजस-कार्मणे विहायाद्येषु त्रिषु शरीरेष्वेतद् विधानम्।

अमुमेवार्थं स्पष्टतरमाचष्टे भाष्येणामुना **औदारिकशरीरप्रदेशेभ्यो वैक्रियप्रदेशा असङ्ख्येय-**



તે ઔદારિક આદિનો. અનંતર ૨/૩૮ સૂત્રમાંથી '**परं परं**' એવા આ પદની અનુવૃત્તિ ૨/૩૯ સૂત્રમાં આવે છે, આથી ભાષ્યકારશ્રી '**परं परमेव**' પદ ભાષ્યમાં જોડે છે. '**एव**' શબ્દ તે જ ક્રમના નિયમને અહીં (= પ્રસ્તુત ભાષ્યમાં) જણાવે છે. તેથી અર્થ આ પ્રમાણે કરવો → '**परं परं**' (= ઉત્તરોત્તર) આવા આ (પૂર્વ સૂત્રમાં કહેવાયેલા) જ ક્રમને આશ્રયી અસંખ્યેયગુણપણું કહેવાય છે, અન્યથા (= બીજી રીતે આ અસંખ્યેય ગુણપણું) નથી કહેવાતું.

### ❁ પ્રદેશ = અનંત અણુવાળો સ્કંધ ❁

'**પ્રદેશ**' શબ્દનો અર્થ પ્રવૃદ્ધ દેશ (= વૃદ્ધિ પામેલો દેશ) એ પ્રમાણે કરવો, અર્થાત્ અનંત અણુવાળો સ્કંધ એ પ્રદેશ અહીં (=પ્રસ્તુતમાં) કહેવાય છે. આવા પ્રકારના પ્રદેશોથી (ઔદારિક આદિથી વૈક્રિય અને આહારક) શરીર પ્રદેશમાં અસંખ્યગુણ હોય છે. '**इतराभ्योऽपि दृश्यन्ते**' આ વ્યાકરણના સૂત્ર/વચન થકી અહીં '**પ્રદેશ**' શબ્દને લાગેલ '**तसिल्**'ને તૃતીયા વિભક્તિના અર્થમાં ગ્રહણ કરી ઉપરોક્ત અર્થ કર્યો છે. અહીં ભાવાર્થ એ છે કે – ઔદારિક શરીરના ગ્રહણને યોગ્ય જે એક અનંત પ્રદેશવાળો સ્કંધ છે તે જ્યારે અન્ય અનંત અણુવાળા અસંખ્ય સ્કંધો વડે ગુણાયેલો થાય છે ત્યારે તે વૈક્રિય ગ્રહણને યોગ્ય સ્કંધ બને છે. આ પ્રમાણે વૈક્રિય શરીરના ગ્રહણને યોગ્ય અનંત પ્રદેશવાળો એક સ્કંધ જ્યારે બીજા અનંત અણુવાળા અસંખ્ય સ્કંધો વડે અભ્યસ્ત (= ગુણાયેલો) થાય છે ત્યારે આહારક ગ્રહણની યોગ્યતાને પામે છે. ભાષ્યમાં દર્શાવેલ '**प्राक् तैजसात्**' એ પદ મર્યાદાને દર્શાવે છે કે – બધા શરીરોમાં આ (અસંખ્યાત ગુણવાળો) ક્રમ ન લેવો. પરંતુ તૈજસ-કાર્મણને છોડી શરૂઆતના ૩ શરીરમાં આ ક્રમ સંબંધી વિધાન જાણવું. '**औदारिकशरीरप्रदेशेभ्यो.....**' ઇત્યાદિ આ ભાષ્યમાં આ જ અર્થને વધારે સ્પષ્ટ રીતે કહે છે.

१. °नियममव° - मु. (खं. रा.)। २. इतरेभ्योऽपि दृश्यते - मु (खं.)।

**भाष्यम् :- औदारिकशरीरप्रदेशेभ्यो वैक्रियशरीरप्रदेशा असङ्ख्येयगुणाः, वैक्रियशरीरप्रदेशेभ्य आहारकशरीरप्रदेशा असङ्ख्येयगुणा इति ॥ २/३९॥**

• गन्धहस्ति •

**गुणाः**, औदारिकशरीरयोग्य स्कन्धोऽनन्ताणुकोऽपि सर्वस्तोकः, उत्तरस्कन्धापेक्षयाऽनन्तसङ्ख्यायाश्चानन्तभेदत्वात्, अत एक औदारिकयोग्यः स्कन्धो यदाऽन्यैरनन्तप्रदेशस्कन्धैरसङ्ख्येयै[1]र्गुणितो भवति तदा वैक्रिययोग्य इति पिण्डार्थः। औदारिकशरीरे प्रदेशाः औदारिकशरीरप्रदेशाः अनन्ताणुकाः स्कन्धा इत्यर्थः। न पुनः प्रदेशाः परमाणवो गृह्यन्तेऽर्थासम्भवात्, वैक्रियशरीरप्रायोग्याः प्रदेशाः = स्कन्धा जायन्ते असङ्ख्येयैरनन्तपरमाणुप्रचितस्कन्धैरन्यैर्गुणिताः, औदारिकयोग्या ये स्कन्धास्तेऽत्र गुण्यतया विवक्षिताः। बहुवचनमौदारिकशरीरयोग्यस्कन्धबहुत्वापेक्षं वैक्रियस्कन्धबहुत्वापेक्षं चेति। तथा **वैक्रियशरीर-**

**ભાષ્યાર્થ : તે આ રીતે કે ઔદારિક શરીરને વિશે રહેલા પ્રદેશ કરતાં વૈક્રિય શરીરને વિશે રહેલા પ્રદેશો અસંખ્યાતગુણા હોય, વૈક્રિય શરીરને વિશે રહેલા પ્રદેશ કરતાં આહારક શરીરના પ્રદેશો અસંખ્યગુણા હોય. ॥૨/૩૯॥**

• *હેમગિરા* •

તે આ મુજબ કે ઔદારિક શરીરને યોગ્ય અનંત અણુવાળો પણ સ્કંધ પછીના સ્કંધોની અપેક્ષાએ સહુથી નાનો હોય છે કારણકે અનંતની સંખ્યાના ખરેખર અનંત ભેદ હોય છે. આથી ઔદારિકને યોગ્ય એક સ્કંધ જ્યારે બીજા અનંત પ્રદેશવાળા અસંખ્ય સ્કંધો વડે ગુણાયેલો થાય છે ત્યારે વૈક્રિયને યોગ્ય બને છે. એમ (એ ભાષ્યનો) સમુદાયાર્થ સમજવો. (હવે ભાષ્યના અવયવનો અર્થ આ પ્રમાણે છે →)

### ❁ ... તેથી 'પ્રદેશ'નો 'પરમાણુ' અર્થ ન કરી શકાય ❁

ભાષ્યના '**औदारिकशरीरप्रदेशा**' પદનો અર્થ 'ઔદારિક શરીરને વિષે રહેલા પ્રદેશો' એ પ્રમાણે કરવો. પ્રદેશો એટલે અનંત અણુવાળા સ્કંધો ગ્રહણ કરવા પણ 'પરમાણુઓ'ને પ્રદેશો રૂપે અહીં ગ્રહણ કરવાના નથી. કેમકે (જો પ્રદેશનો 'પરમાણુ' અર્થ લઈશું તો અહીં (ઔદારિકાદિ શરીરમાં તે) અર્થ નહિ સંભવે. (અર્થ ન ઘટવાનું કારણ એ છે કે - અણુઓમાં શરીર રૂપે ગ્રહણ થવાની યોગ્યતાનો અભાવ છે ઔદારિક શરીરને વિષે રહેલા પ્રદેશો = અનંત અણુવાળા સ્કંધો) અનંત પરમાણુથી યુક્ત એવા અન્ય અસંખ્ય સ્કંધો વડે ગુણાયેલા વૈક્રિય શરીરને પ્રાયોગ્ય પ્રદેશો = સ્કંધો બને છે. અહીં ગુણવા યોગ્ય રાશિ તરીકે ઔદારિક પ્રાયોગ્ય સ્કંધો વિવક્ષિત છે. ભાષ્યમાં જે (**प्रदेशेभ्यः.....**) બહુવચનનો પ્રયોગ કર્યો છે તે ઔદારિક શરીરને યોગ્ય સ્કંધોના બહુત્વને આશ્રયી અને વૈક્રિય શરીરને પ્રાયોગ્ય સ્કંધોના બહુત્વને આશ્રયી છે.

१. °रसङ्ख्यैर्गुणि° - खं. भां.।

## सूत्रम् :- अनन्तगुणे परे ॥२/४०॥

**भाष्यम् :- परे द्वे शरीरे तैजस-कार्मणे पूर्वतः पूर्वतः प्रदेशार्थतयाऽनन्तगुणे भवतः। आहारकात् तैजसं प्रदेशतोऽनन्तगुणम्। तैजसात् कार्मणमनन्तगुणमिति ॥२/४०॥**

● गन्धहस्ति ●

**प्रदेशेभ्य आहारकशरीरप्रदेशा असङ्ख्येयगुणा इति**, वैक्रियशरीरयोग्यस्कन्धेभ्यः आहारकशरीर-योग्याः स्कन्धा अनन्ताणुभिरसङ्ख्येयैः स्कन्धैर्गुणिता[१] भवन्ति एतदुक्तं भवति वैक्रिययोग्याः स्कन्धाः प्रत्येकमनन्त-प्रदेशैरसङ्ख्येयैः स्कन्धैरभ्यस्ताः सन्त आहारकयोग्या जायन्त इति, बहुवचनमत्राप्यु-भययोग्यस्कन्धबहुत्वापेक्षमिति ॥२/३९॥

**अत्राह → प्राक् तैजसादित्युक्तम्**। अथ कः पुनस्तैजस-कामर्णयोः स्कन्धप्रदेशनियम इति? **अत्रोच्यते →** (अनन्तगुणे परे। इति सूत्रम्) **परे द्वे शरीरे** इत्यादि भाष्यम्। परे इत्युक्तेऽपि द्विशब्दोपादानं

**સૂત્રાર્થ : આહારક પછીના બંને શરીરોના પ્રદેશ (= સ્કંધો) ક્રમશઃ અનંતગણા હોય છે. ॥૨/૪૦॥**

**ભાષ્યાર્થ : અંતિમ બે તૈજસ-કાર્મણ શરીરો પૂર્વ-પૂર્વના શરીરોથી પ્રદેશની અપેક્ષાએ અનંતગણા હોય છે. આહારક કરતાં તૈજસ શરીર પ્રદેશથી અનંતગણા હોય છે. તૈજસ કરતાં કાર્મણ શરીર (પ્રદેશ થકી) અનંતગણા હોય છે. ॥૨/૪૦॥**

● *હેમગિરા* ●

વૈક્રિય શરીરના પ્રદેશો કરતાં આહારક શરીરના પ્રદેશો અસંખ્યેયગુણા છે અર્થાત્ વૈક્રિય શરીરને પ્રાયોગ્ય સ્કંધો કરતાં આહારક શરીરને પ્રાયોગ્ય સ્કંધો અનંત અણુવાળા અસંખ્યેય સ્કંધો વડે ગુણાયેલા હોય છે. કહેવાનો આશય એ છે કે વૈક્રિય યોગ્ય દરેક સ્કંધો જ્યારે અનંત પ્રદેશિક અસંખ્યેય સ્કંધો વડે અભ્યસ્ત થયા (=ગુણાકાર થયેલા) હોય ત્યારે તેઓ આહારક યોગ્ય થાય છે. અહીં પણ ભાષ્યગત બહુવચન બંને (વૈક્રિય અને આહારક) પ્રાયોગ્ય સ્કંધોની બહુલતાની અપેક્ષાએ છે. ॥૨/૩૯॥

**૨/૪૦ સૂત્રની અવતરણિકા : પ્રશ્ન :** આપે '**प्राक् तैजसात्**' એવું કહેવા દ્વારા તૈજસ થકી પૂર્વના શરીરોના સ્કંધો રૂપ પ્રદેશોનો નિયમ જણાવ્યો. હવે તૈજસ અને કાર્મણના સ્કંધ રૂપ પ્રદેશનો શું નિયમ છે એ કહો ?

**ઉત્તર :** અહીં (= પ્રશ્ન વિશે) ઉત્તર હવે આગળના ૨/૪૦ સૂત્રમાં કહેવાય છે.

'**अनन्तगुणे परे**' એ ૨/૪૦ સૂત્ર છે અને '**परे द्वे शरीरे**' ઇત્યાદિ તેનું ભાષ્ય છે. (તેનો સમુદાયાર્થ ઉપર ભાષ્યાર્થમાં છે. તેનો અવયવાર્થ આ પ્રમાણે છે કે→) ભાષ્યમાં '**परे**' એ

१. गुणतया -भां। ▲...▲ चिह्नितोऽयं पाठो मुद्रितपुस्तके न दृष्टः (खं. भां.)। ❖ જુઓ પરિશિષ્ટ-૬ ટીપ્પણ - ૧૭

सप्तम्याशङ्काव्यावृत्त्यर्थम्, द्वित्वमन्यथाऽपि सम्भवतीति प्रतिविशिष्टद्वयप्रदर्शनार्थमाह → **तैजस-कार्मणे** इति। पूर्वस्मात् पूर्वतः वीप्सया व्याप्तिमादर्शयति, **प्रदेशार्थतयेति** अनन्ताणुस्कन्धार्थत्वेना**नन्तगुणे भवतः** एतदेव स्फुटीकरोति → **आहारकात् तैजसं प्रदेशतोऽनन्तगुणम्**, आहारकशरीरयोग्यस्कन्धोऽनन्ताणुकोऽन्यैरनन्तपरमाणुप्रचितस्कन्धैरनन्तैर्गुणितस्तैजसशरीरग्रहणयोग्यो भवति। [1]**प्रदेशत** इति प्रदेशैरनन्ताणुकैरनन्तैः, **अनन्तगुणमिति** च फलमेव निर्दिष्टमाचार्येण, अनन्तो गुणबहुत्वं यस्य तदनन्तगुणम्, अस्माच्च फलनिर्देशात् ज्ञायतेऽननन्तैः स्कन्धैर्गुणितं सदनन्तगुणं भवति, अन्यथा प्रदेशैरनन्तैरिति दुर्लभं स्यात्। एवमसङ्ख्येयगुणमपि वाच्यम्, तथा **तैजसात् कार्मणमनन्तगुणमिति** तैजसशरीरयोग्यः स्कन्धोऽन्यै[2]रनन्तैरनन्ताणुकैः स्कन्धैर्गुणितः कार्मणशरीरयोग्यो भवति॥

• *હેમગિરા* •

પ્રમાણે દ્વિવચન પ્રયોગ કર્યો હોવા છતાં પણ જે '**द्वे**' શબ્દનું ગ્રહણ છે તે સપ્તમી વિભક્તિની આશંકાની બાદબાકી કરવા માટે છે. ('**परे**' પ્રયોગ સપ્તમી વિભક્તિના અર્થમાં પણ થાય છે. પરંતુ અહીં પ્રસ્તુતમાં પ્રથમા વિભક્તિ દ્વિવચનનો અર્થ ઇષ્ટ છે.) દ્વિત્વ એ બીજી રીતે પણ સંભવે છે, એથી અમુક ચોક્કસ પ્રકારના વિશિષ્ટ દ્વિત્વને દેખાડવા માટે '**तैजस-कार्मणे**' એ પ્રમાણે કહ્યું છે.

'**પૂર્વથી પૂર્વથી**' એમ વીપ્સા વડે (= બે વાર લખીને) વ્યાપ્તિ જણાવે છે → (તૈજસ અને કાર્મણ એ પ્રત્યેક પોત-પોતાના પૂર્વ શરીર કરતાં અનંતગણા સમજવા.) **प्रदेशार्थतया...** એટલે પ્રદેશની અપેક્ષાએ = અનંત અણુવાળા સ્કંધની અપેક્ષાએ આ બે શરીરો અનંતગણા હોય છે.

આ જ વાતને સ્પષ્ટ કરે છે કે **आहारकात्...** આહારક શરીર કરતાં તૈજસ શરીર, પ્રદેશો વડે અનંતગણું છે અર્થાત્ આહારક શરીરને યોગ્ય એવો અનંત અણુક સ્કંધ બીજા અનંત પરમાણુ વડે બનેલ એવા અનંત સ્કંધોથી ગુણાયેલ તૈજસ શરીરને ગ્રહણ યોગ્ય થાય છે. ભાષ્યના '**प्रदेशत**' પદનો અર્થ 'અનંતાણુવાળા અનંત પ્રદેશો (= સ્કંધો) વડે' એમ કરવો તથા '**अनन्तगुणम्**' એવું પદ કહેવા દ્વારા આચાર્યશ્રીએ ફળનો જ નિર્દેશ કર્યો છે. તે આ મુજબ કે અનંતગણું બહુત્વ છે જેનું તે અનંતગણું કહેવાય છે અને આ ફળના નિર્દેશથી એ જણાય છે કે જયારે અનંતા સ્કંધો વડે (= અનંત પ્રદેશો વડે) ગુણાયેલું હોય ત્યારે અનંતગણું થાય છે. અન્યથા જો (પરમાણુ સ્વરૂપ) અનંત પ્રદેશોથી ગુણવામાં આવે તો યથોક્ત (તૈજસ પ્રાયોગ્ય) અનંતગણું બહુત્વ દુર્લભ થઈ જાય. આ પ્રમાણે (૨/૩૯ સૂત્રમાં કહેવાયેલ) અસંખ્યેયગણું પણ કહેવું તથા તૈજસ કરતાં કાર્મણ અનંતગણું છે અર્થાત્ તૈજસ શરીરને યોગ્ય સ્કંધ અનંત અણુવાળા અન્ય અનંત સ્કંધો વડે ગુણાયેલો કાર્મણ શરીરને યોગ્ય થાય છે.

१. प्रदेश इति - मु. (खं. भां.)। २. ऽन्यैरनन्ता° - मु. प्रा. (खं. भां.)।

## सूत्रम् :- अप्रतिघाते ।।२/४१।।

**भाष्यम् :- एते द्वे शरीरे तैजस-कार्मणे अन्यत्र लोकान्तात् सर्वत्राप्रतिघाते भवतः ।।२/४१।।**

**● गन्धहस्ति ●**

**ननु** [1]चार्षे तैजसं कार्मणं चान्तरा भाषा-प्राणापान-मनोयोग्यवर्गणा निर्दिष्टास्ततः क्रमवृद्धः स्कन्धराशिर्मनोग्रहणयोग्यः कार्मणस्य निर्दिष्टः, इह तु तैजसादनन्तरमेवेत्येतत् कथम् ?

**उच्यते** → न कश्चिद् विशेषः तैजसादारभ्य यावन्मनस्तावत् क्रमवृद्ध्यान्तरालेऽनन्ता एव स्कन्धा भवन्ति, पुनस्तत्राप्येकाणुकादिप्रक्षेपादनन्ताः कार्मणयोग्यास्तदेवानन्तगुणत्वम्, इह तु पुनर्न स क्रम आश्रितः, किन्त्वनन्तस्कन्धगुणः स राशिः कार्मणयोग्य आख्यात इति, अतः स एवायं मषीम्रक्षित-कुर्कटाभोऽर्थार्पणविशेषो मा विप्रतिपस्थास्त्वमिति।२/४०।।

**સૂત્રાર્થ : તૈજસ અને કાર્મણ શરીર પ્રતિઘાત રહિત છે. ।।૨/૪૧।।**

**ભાષ્યાર્થ : આ બંને તૈજસ-કાર્મણ શરીર લોકના છેડાને છોડી સર્વત્ર લોકમાં પ્રતિઘાત (= અવરોધ) રહિત હોય છે. ।।૨/૪૧।।**

***● હેમગિરા ●***

### ❊ ક્રમવૃદ્ધિમાં પદ્ધતિભેદ છે પદાર્થભેદ નહીં ❊

**પ્રશ્ન :** આર્ષમાં (= આગમમાં) તો તૈજસ અને કાર્મણની વચ્ચે ભાષા, શ્વાસોચ્છ્‌વાસ તથા મનોયોગ્ય વર્ગણા નિર્દેશ કરાઈ છે. ત્યાર પછી મનોગ્રહણ યોગ્ય સ્કંધોની રાશિ ક્રમ વડે વધેલી કાર્મણની વર્ગણા નિર્દેશ કરાઈ છે, વળી અહીં (= પ્રસ્તુત સૂત્રમાં) તો તૈજસ પછી તરત જ કાર્મણની સ્કંધરાશિ નિર્દેશ કરાઈ. આ કઈ રીતે (સમજવું) ?

**ઉત્તર :** તમે જણાવેલી અને પ્રસ્તુત વસ્તુસ્થિતિમાં કોઈ વિશેષ તફાવત નથી, તે આ રીતે→તૈજસથી માંડીને જ્યાં સુધી મન છે ત્યાં સુધીની ક્રમની વૃદ્ધિ વડે આંતરામાં અનંતા જ સ્કંધો હોય છે, ફરી ત્યાં (= મન યોગ્ય સ્કંધોમાં) પણ એક અણુ વગેરેના પ્રક્ષેપ થકી કાર્મણને યોગ્ય અનંતા સ્કંધો થાય છે, આમ ત્યાં આગમમાં પણ અહીં કહેવાયેલું તે જ અનંતગુણપણું પ્રાપ્ત થાય છે પણ અહીં (પ્રસ્તુતમાં) એટલું જ વિશેષ છે કે તે (ભાષા, પ્રાણ આદિનો) ક્રમ નથી ગ્રહણ કરાયો કિંતુ (તૈજસની અપેક્ષાએ ઉક્ત) અનંતસ્કંધથી ગુણાયેલી તે રાશિ કાર્મણને યોગ્ય કહેવાઈ છે.

આથી તે જ (= રાશિ) આ છે અર્થાત્ ક્રમસરની વૃદ્ધિ પ્રમાણે જે કાર્મણનું અનંતગણું છે તે જ અનંતગણું અહીં પણ છે. ( કૂકડાને સમજાવવામાં) 'સામાન્ય કૂકડો' અથવા 'મસી ચોપડેલ કૂકડો' આ રીતે કહેવામાં કોઈ પદાર્થભેદ નથી કર્યો પણ અર્થ સમજાવવાની પદ્ધતિનો

१. भाषे - भां.।

अयं चान्यो विशेषोऽन्यशरीरेभ्यस्तयोर्यदुत → ('अप्रतिघाते' इति सूत्रम्।)

**एते द्वे शरीरे** इत्यादि भाष्यम्। एते अनन्तरसूत्रप्रस्तुते प्रत्यक्षासन्ने, द्विशब्दोपादानमत्र प्रथमाबहुवचनाशङ्काव्यावृत्त्यर्थम्। विशरणधर्मत्वा**च्छरीरे**, द्वित्वं विशेषप्रतिपत्त्यर्थम् **तैजस-कार्मणे**। जीवाजीवाधारक्षेत्रं = लोकस्तस्यान्तः = अवसायस्तस्माल्लोकान्ता**दन्यत्र** लोकान्ते हि प्रतिहन्येते ते, गतिस्थितिहेतुधर्माधर्मद्रव्यद्वयाभावात्, तदुपग्रहाद्धि जीवानां पुद्गलानां च गतिरुपजायते जलचराणामिव जलद्रव्यापेक्षा[1] इति, अन्यत्र तु सर्वस्मिन् लोके न तयोः प्रतिघातः क्वचन विद्यते, मूर्तत्वेऽपि हि तयोरतिसूक्ष्मत्वात् सर्ववर्त्मसु गतेः प्रतीघातासम्भवः सदाचारमुनिवत्, ते अपि न किञ्चित् प्रतिहतस्नेहगिरि-



જ ભેદ છે. તેમ પ્રસ્તુતમાં પણ સમજવું. માટે તું વિપરીત અર્થબોધ ન કર.॥૨/૪૦॥

**૨/૪૧ સૂત્રની અવતરણિકા :** તે બે શરીરોમાં અન્ય શરીરો કરતાં બીજું જે આ વિશેષ છે, તે **अप्रतिघाते (૨/૪૧)** સૂત્રમાં કહેવાય છે.

'**अप्रतिघाते**' એ ૨/૪૧ સૂત્ર છે અને તેનો '**एते द्वे शरीरे**' ઇત્યાદિ ભાષ્ય છે. '**एते**' સર્વનામ પૂર્વસૂત્રથી પ્રસ્તુત એવા પ્રત્યક્ષ અને આસન્ન (= અત્યંત સમીપમાં) રહેલા એવા તૈજસ અને કાર્મણનું સૂચક છે. અહીં (= ભાષ્યમાં) '**द्वे**' શબ્દનું ગ્રહણ ('**एते**' પ્રયોગ વિશે સંભવિત) પ્રથમા વિભક્તિ બહુવચન અંગેની આશંકાના નિવારણ માટે છે. તેમજ '**शरीरे**' એ પદથી એ જણાવવું છે કે - તે બંને નાશ થવાના સ્વભાવવાળા હોવાથી શરીર કહેવાય છે. અહીં બે શરીર તરીકે અન્ય પણ શરીર સંભવી શકે આથી વિશેષ (= તૈજસ અને કાર્મણ) શરીરને ગ્રહણ કરવા માટે '**तैजस-कार्मणे**' પદ લખેલ છે.

### ❋ તૈજસ -કાર્મણનું અપ્રતિઘાતિપણું ❋

જીવ-અજીવનું આધાર એવું ક્ષેત્ર તે લોક. તેનો અંત = અવસાય (= છેડો) તે લોકાંત, તે લોકાંતથી (= લોકાંતને છોડીને) અન્યત્ર ક્યાંય આ બે તૈજસ અને કાર્મણ શરીરનો પ્રતિઘાત થતો નથી. કહેવાનો આશય એ છે કે લોકાંતમાં એ બે શરીરો હણાય છે, અર્થાત્ ત્યાં અટકી જાય છે, આગળ અલોકમાં જઈ શકતા નથી કારણકે લોકાંત બાદ ગતિમાં હેતુભૂત ધર્માસ્તિકાય અને સ્થિતિમાં હેતુભૂત અધર્માસ્તિકાય આ બે દ્રવ્યોનો અભાવ છે. જેમ જળચર પ્રાણીઓને જળદ્રવ્યની અપેક્ષાવાળી ગતિ હોય છે. તેમ ધર્માસ્તિકાયના ઉપગ્રહ થકી જીવ અને પુદ્ગલોની ગતિ હોય છે. અન્યત્ર તો સર્વ લોકમાં તે બે તૈજસ અને કાર્મણ શરીરોનો ક્યાંય પ્રતિઘાત થતો નથી અર્થાત્ તે બંનેનું મૂર્તપણું હોવા છતાં પણ અતિસૂક્ષ્મપણું હોવાને લીધે સમ્યક્ આચારવાળા મુનિની જેમ સર્વ માર્ગમાં (તે બંનેની) ગતિના પ્રતિઘાતનો અસંભવ છે. તે બે શરીરો પણ

१. °व्यापेक्षे, अन्यत्र - मु. / °व्यापेक्षेत्यन्यत्र - रा (भां. खं.)।

**सूत्रम् :- *अनादिसम्बन्धे च ॥२/४२॥**

**भाष्यम् :- ताभ्यां तैजस-कार्मणाभ्यामनादिः[1] सम्बन्ध इति ॥२/४२॥**

**गन्धहस्ति**

जलधि-वलय-द्वीप-पाताल-नरक-विमान-प्रस्तरानपि भिन्दती जातेऽक्षतस्वरूपे वज्रवन्न जातुचित् कुण्ठतामश्नुवाते। न खलु लोहपिण्डमाविशन्तस्तेजोऽवयवाः परिस्फुरन्मूर्तयोऽपि कयाचिदुपपत्त्या निवारयितुं पार्यन्ते तद्विध्यापनायाम्भोऽवयवाश्च[2] समाहृताः, सूक्ष्मत्वादेवमेव[3] च ते शरीरके राजवल्लभपुरुषवत् सर्वत्राव्याहतप्रवेश-निर्गमे प्रतिपत्तव्ये इति ॥२/४१॥

न च ताभ्यां कदाचित् संसारी विरहित इत्यावेदयन्नाह →

**अनादिसम्बन्धे च** (इति सूत्रम्)। आदिः = प्राथम्यम्, अविद्यमान आदिर्यस्यासावनादिः, सम्बन्धनं = सम्बन्धः = संयोग इत्यर्थः, अनादि सम्बन्धो ययोः परस्परेण संसारिभिश्च सह ते अनादि-

**સૂત્રાર્થ : તૈજસ તથા કાર્મણ શરીર સાથે જીવનો અનાદિથી સંબંધ છે. ॥૨/૪૨॥**

**ભાષ્યાર્થ : તે બે તૈજસ અને કાર્મણ શરીર સાથે (જીવનો) અનાદિકાળથી સંબંધ રહ્યો છે. ॥૨/૪૨॥**

***હેમગિરા***

આર્દ્રતા વગરના = અત્યંત કઠોર એવા પર્વત, સમુદ્ર, ધનાદિ વલય, દ્વીપ, પાતાળ, નરક, વિમાન અને પ્રસ્તરોને ભેદતા (= ભેદીને જતાં) ક્યાંય જરાક પણ નહિ ભેદાયેલા એવા વજ્રની જેમ અક્ષત-અખંડ સ્વરૂપવાળા ક્યારેય પણ હાનિને પામતાં નથી. લોઢાના ગોળામાં પ્રવેશ કરતાં સ્ફુરાયમાન થતાં (ઝગમગતાં) આકારવાળા અગ્નિના અવયવોને કોઈ પણ ઉપાયથી અટકાવવા શક્ય નથી અને તે અગ્નિ કણોને શમાવવા માટે લવાયેલા (લોઢાનાં ગોળામાં પ્રવેશ કરતાં) પાણીના અવયવો પણ અટકાવવા શક્ય નથી, આ જ પ્રમાણે સૂક્ષ્મ હોવાને લીધે તે બે શરીરો રાજાના પ્રિય પુરુષની જેમ સર્વત્ર વિના અવરોધે પ્રવેશ અને નિર્ગમવાળા સ્વીકારવા ॥૨/૪૧॥

**૨/૪૨ સૂત્રની અવતરણિકા :** વળી સંસારી જીવ તે બે શરીરોથી ક્યારેય રહિત નથી એ પ્રમાણે જણાવતાં વાચકપ્રવરશ્રી ૨/૪૨ સૂત્રને કહે છે.

## ❊ તૈજસ-કાર્મણનો અનાદિ સંબંધ ❊

**'अनादिसम्बन्धे च'*** પદ ૨/૪૨ સૂત્ર છે. હવે તેનું વિવેચન કરે છે. આદિ એટલે પ્રથમ, અવિદ્યમાન છે આદિ જેની એ અનાદિ, સારું (ગાઢ) બંધન તે સંબંધ અર્થાત્ સંયોગ, પરસ્પર એકબીજાની સાથે અને સંસારી જીવોની સાથે અનાદિકાળથી સંબંધ છે જે બેનો તે બે

१. °नादिसम्बन्धो जीवस्येत्यनादिसम्ब° - लि. रा। २. °ध्मापना° - मु (खं. भां.)। ३. °मेव च शरी° - मु (खं. भां.)।

❖ જુઓ પરિશિષ્ટ-૬ ટીપ્પણી-૧૮

सम्बन्धे शरीरके भवतः सुवर्णधातु-पाषाणसंयोगवदाकाश-पृथिव्यादिसंयोगवद् वा। चशब्दः सम्बन्ध-विकल्पार्थः, नैकान्तत एवानादिः सम्बन्धः, किन्तु द्रव्यास्तिकनयावष्टम्भेन तयोरतिदीर्घकाल[1]- प्रवृत्त-प्रवाहादविच्छेदवर्ती सकलभविष्यदवस्थान्तरबीजभूतो विचित्रपरिणामशक्तिप्रचितपुद्गल-द्रव्यैराधीयमानप्रचयापचयो[2]ऽनादिकपुरुषप्रयत्ननिर्वर्त्यनानारूपकर्मविकाराविच्छेदः सन्तानविशेष-स्तदङ्गीकरणेनायमनादिः सम्बन्धः प्रतीयते। आदिमांश्च पर्यायनयवक्तव्यताभ्यन्तरीकृतत्वात्। क्रियत इति कर्म मिथ्यादर्शनाविरति-प्रमाद- कषाय योगबन्धहेतुसद्भावात् तीव्र-मन्दाद्युपपत्तेश्च। प्रतिक्षणमय-मुपचीयते पुरुषः कषाय-योगाद्यास्रवद्वारवर्ती दृढतरैः कर्मणा(सह) यैस्तत् कथमयमनादिः[3] सम्बन्धो निरुपयितुं शक्येतातिसाहसिकैरपि, ज्ञानावरणादिकर्मणां च स्थितिकालनियमादवश्यमपूर्वकर्मोपादेयम्, तच्चादिमत्सम्बन्धमेवावधूतशङ्क[4] प्रतिपद्यध्वम्, अतश्चशब्दो द्रव्य-पर्यायास्तिकनयद्वयान्तर्वर्तितामा-पादयति सम्बन्धस्य॥

• હેમગિરા •

અનાદિ સંબંધવાળા તૈજસ અને કાર્મણ શરીર હોય છે. જેમ સુવર્ણ ધાતુ અને પાષાણ (= માટી)નો સંયોગ અથવા જેમ આકાશ અને પૃથ્વી આદિનો સંયોગ અનાદિકાળનો છે તેમ આ બંને શરીરોનો એકબીજાનો તથા આ બંને શરીરો અને આત્માનો સંયોગ અનાદિકાલીન જાણવો. સૂત્ર નિર્દિષ્ટ 'च' શબ્દ સંબંધના વિકલ્પ (= ભજના)ના અર્થમાં છે. તે વિકલ્પ આ રીતે કે આ સંબંધ એકાંતથી જ અનાદિ નથી પરંતુ દ્રવ્યાસ્તિક નય મુજબ તે બંને શરીરનો જે અનાદિકાળથી પ્રવાહ ચાલતો આવે છે તેનીઅપેક્ષાએ સંબંધ અનાદિ છે. તાત્પર્ય એ છે કે -

૧) અખંડપણે વર્તનારી, ૨) થનારી સમગ્ર જુદી જુદી અવસ્થાઓની બીજભૂત, ૩) વિચિત્ર પરિણામવાળી શક્તિઓથી યુક્ત એવા પુદ્ગલ દ્રવ્યો વડે રચિત પચય અપચય (વધારા-ઘટાડા)વાળી, ૪) તથા અનાદિકાલીન પુરુષના (= જીવાત્માના) પ્રયત્નથી જન્ય એવા અનેક પ્રકારના કર્મના વિકારો (= વિપાકો)ની પરંપરા જેમાં સતત ચાલુ છે,

..... આવી જે (તૈજસ-કાર્મણ શરીરની) પરંપરા વિશેષ છે તે પરંપરા વિશેષ (= પ્રવાહ)ને સ્વીકારવા વડે દ્રવ્યાસ્તિક નય મુજબ આ સંબંધ અનાદિ પ્રતીત થાય છે અને પર્યાયનયની વક્તવ્યતા મુજબ વિચાર કરવા થકી આ સંબંધ આદિમાન છે, તે આ પ્રમાણે કે - મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ રૂપ કર્મબંધના હેતુના સદ્ભાવ હોવાથી અને તીવ્ર-મંદ આદિ પરિણામ રૂપ કારણને લીધે 'જે કરાય' તે કર્મ છે. કષાય, યોગ આદિ આશ્રવ દ્વારમાં વર્તતો આ જીવાત્મા ક્ષણે ક્ષણે જે અત્યંત દૃઢ કર્મબંધના હેતુઓ વડે કર્મ સાથે બંધાય છે તે કર્મ સાથેનો આ સંબંધ અતિ સાહસિકો વડે પણ કઈ રીતે અનાદિરૂપે નિરૂપણ કરી શકાય ? તથા જ્ઞાનાવરણ આદિ કર્મોની સ્થિતિમાં કાળનું નિયમન હોવાથી અવશ્ય અપૂર્વ કર્મનું ઉપાર્જન થવું જોઈએ અને તેથી

१. °कालप्रवा° मु (खं. भां.)। २. °प्रचयानादि° खं. भां.। ३. कथमनादिः - मु (खं. भां.)। ४. °वधूतशब्दं-पा।

## सूत्रम् :- सर्वस्य ॥२/४३॥

● गन्धहस्ति ●

अधुना भाष्यानुसृतौ यत्न आस्थीयते- **ताभ्यामित्यादि** भाष्यम्। **ताभ्यां** = उक्तलक्षणाभ्यां **तैजस-कार्मण**शरीरकाभ्यां **अनादिः** = अकृतकः 'सन्तत्यऽङ्गीकरणेन संयोगोऽनादेरकृतकस्य जीवस्येति, न हि जीवः केनचिदुत्पादितश्चैतन्यात्मनेति श्रुतिपथमागमद् वचो यो वा मन्येत कृतकमात्मानमुपयोग-लक्षणमनादिपारिणामिकभाववर्तिनमपत्रपस्तस्यापि वचनमयुक्तिकमसङ्गतपूर्वापरमिति विद्वद्भिरपकर्ण्यम्[२], अतोऽनादिस्तदनादित्वात् तैजस-कार्मणे अप्यनादिसम्बन्धे विद्वांसः प्रमातुमर्हन्ति, अन्यथा परित्यक्त-सकलशरीरकलङ्कस्य मुक्तस्येव केन हेतुना संसारिता स्यादिति ? ॥२/४२॥

**अथैते** अनादिसम्बन्धे अपि सति किमशेषसंसारिण एव स्त आहोस्वित् कस्यचिदेवेति ? अत आह→ (सर्वस्येति सूत्रम्।)

**સૂત્રાર્થ : સર્વ સંસારી જીવોને આ બંને શરીર હોય છે. ॥૨/૪૩॥**

● *હેમગિરા* ●

આમ તે કર્મ સાથેનો સંબંધ આદિવાળો જ છે એમ નિઃશંકપણે સ્વીકારવું જોઈએ.

આથી સંબંધ એ દ્રવ્યાસ્તિક નય અને પર્યાયાસ્તિક નય એમ બંનેની અપેક્ષાએ રહેલો છે, એમ '**च**' શબ્દ જણાવે છે.

અત્યારે ભાષ્યને સમજવા પ્રયત્ન કરીએ → **ताभ्यां** ..... પૂર્વોક્ત સ્વરૂપવાળા તે બે તૈજસ અને કાર્મણ શરીર સાથે અનાદિ = અકૃતક એવા જીવનો સંયોગ સંતતિ = પ્રવાહને આશ્રયીને અનાદિ છે.

કારણકે 'કોઈપણ ચૈતન્યાત્મા વડે જીવ ઉત્પન્ન કરાયો છે.' એવું વચન શ્રુતિપથમાં આવ્યું નથી, અથવા તો જે અવિવેકી લોક અનાદિ પારિણામિક ભાવવર્તિ ઉપયોગ લક્ષણવાળા આત્માને કૃતક (=કરાયેલો) માને છે, તેનું પણ વચન યુક્તિ વિનાનું અને પૂર્વાપર અસંગત છે આથી વિદ્વાનો વડે ઉપેક્ષણીય છે. આથી જીવ (કૃતક નથી પણ) અનાદિ છે અને તે (જીવ) અનાદિ હોવાથી તૈજસ અને કાર્મણ શરીરોને પણ અનાદિ સંબંધવાળા તરીકે નિશ્ચય કરવા માટે વિદ્વાનો યોગ્ય છે. અન્યથા (= અગર જો અનાદિ સંબંધ ન માનવામાં આવે તો) ત્યાગ કર્યું છે સઘળું શરીર રૂપ કલંક જેને એવો એ જીવ મુક્ત જેવો હતો એમ સિદ્ધ થશે, અને એ સિદ્ધ થતાં સહુથી મોટો પ્રશ્ન એ થાય કે મુક્તની જેમ એ જીવનું સંસારીપણું કયા હેતુથી થાય ? નહીં જ થાય. ॥૨/૪૨॥

**૨/૪૩ સૂત્રની અવતરણિકા : પ્રશ્ન :** આ બે શરીરો અનાદિ સંબંધવાળા હોવા છતાં

१. °तत्याऽऽङ्गी°-मु. (खं.भां.)। २. °रूपकर्ण्य°-रा।

**भाष्यम् :- सर्वस्य चैते तैजस[1]-कार्मणे शरीरे संसारिणो जीवस्य भवतः। एके त्वाचार्या नयवादापेक्षं व्याचक्षते। कार्मणमेवैकमनादिसम्बन्धं तेनैवैकेन जीवस्यानादिः सम्बन्धो भवतीति।**

गन्धहस्ति

**सर्वस्य चैते** इत्यादि भाष्यम्। अशेषसर्वकमाधाय चेतस्यवोचत् सूरिः - **सर्वस्येति,** चशब्देनावृत्तौ तैजस-कार्मणे समाकर्षत्यनादिसम्बन्धापेक्षे, एवंरूपे **एते शरीरके संसारिणो** [2]**भवति।**

**जीवस्य** सकर्मकस्य जन्तोर्भवतः, सर्वस्यामवस्थायां न कश्चित् तादृशः प्राणी विद्यते यस्यैते दुःखपञ्जरप्रभवभववर्तिनो न स्त इति। एवं स्वाभिप्रायमुपवर्ण्याधुना मतान्तरमुपदर्शयन्नाह → **एके त्वाचार्या** इत्यादि (भाष्यम्)। अन्ये पुनराचार्याः प्ररूपयन्ति प्रतिविशिष्टनयवादालम्बनाः सन्तः → **कार्मणमेवैकमनादिसम्बन्धम**विच्छिन्नः प्रवाहो यस्मात् कर्मणस्तस्मात् **तेनैवैकेन जीवस्यानादिः**

**ભાષ્યાર્થ : આ (બે તૈજસ અને કાર્મણ) શરીરો સર્વ સંસારી જીવના હોય છે. વળી કેટલાક આચાર્યો નયવાદની અપેક્ષાએ કહે છે કે - જેથી કાર્મણ જ એક અનાદિ સંબંધવાળું છે તેથી કરીને એક કાર્મણ શરીર સાથે જ જીવનો અનાદિ સંબંધ હોય છે.**

*હેમગિરા*

પણ શું સર્વ સંસારી જીવોને હોય છે કે કોઈક જીવને જ હોય ?

**ઉત્તર :** આથી (=આ પ્રમાણે પ્રશ્ન કર્યો હોવાથી) એ પ્રશ્નના ઉત્તર માટે ૨/૪૩ સૂત્રને વાચકપ્રવરશ્રી કહે છે.

## ❊ તૈજસની અનાદિતાનું મતભેદ ❊

'**सर्वस्य**' આ ૨/૪૩ સૂત્ર છે અને તેનું '**सर्वस्य चैते**' ઇત્યાદિ ભાષ્ય છે. (તેનો સમુદાયાર્થ ઉપર ભાષ્યાર્થમાં સ્પષ્ટ છે. અવયવાર્થને ટીકામાં ખોલે છે. તે આ પ્રમાણે →) સર્વ સંસારી જીવને તૈજસ અને કાર્મણ શરીર હોય છે. અશેષ-સર્વને મનમાં રાખીને આચાર્યશ્રીએ ભાષ્યમાં '**सर्वस्य**' એવું પદ કહ્યું છે. '**च**' શબ્દથી આવૃત્તિમાં (જેની આગળથી આવૃત્તિ = અનુવૃત્તિ ચાલી રહી છે તે) અનાદિ સંબંધની અપેક્ષાવાળા એવા તૈજસ અને કાર્મણ શરીરને ભાષ્યકારશ્રી ખેંચે છે. આવા પ્રકારના આ બે શરીરો સંસારી જીવને અર્થાત્ કર્મવાળા જંતુને હોય છે. કહેવાનો આશય એ છે કે- સર્વ અવસ્થાઓમાં તેવા પ્રકારનો કોઈ પ્રાણી વિદ્યમાન નથી કે દુઃખના સમૂહના ઉદ્ગમરૂપ ભવમાં રહેનારા જેને આ બે શરીરો ન હોય. આ પ્રમાણે વાચકશ્રી પોતાના અભિપ્રાયને વર્ણવ્યા બાદ અત્યારે મતાંતરને દર્શાવતાં '**एके त्वाचार्या**' ઇત્યાદિ ભાષ્યને કહે છે. પ્રતિવિશિષ્ટ નયવાદના (= પર્યાયાર્થિક નયના) આલંબનને સ્વીકારનારા અન્ય કેટલાક આચાર્યો પ્રરૂપણા કરે છે કે- **कार्मणमेव**..... જેથી કરીને કાર્મણ જ એક અનાદિ સંબંધવાળું છે અર્થાત્ કર્મનો

१. टीकानुसारेण इदं (तैजस-कार्मणे) पदं अधिकं भासते। २. 'भवति पदे मुद्रितप्रतौ नास्ति।

**भाष्यम् :- *तैजसं तु लब्ध्यपेक्षं भवति। सा च तैजसलब्धिर्न सर्वस्य, कस्यचिदेव भवति।**

गन्धहस्ति

**सम्बन्धो भवति** न पुनस्तैजसेनापि, तत्प्रवाहादर्शनात्। [1]कं पुनर्नयवादमुररीकृत्य ते सूरयस्तैजसमपह्नुवते किमत्र वक्तव्यम्॥

**ननु** सुज्ञानमेवेदम्, यो ह्यतीतानागतकालावधिकवस्तुविशेषव्युदासमातिष्ठते वर्तमानक्षणवर्त्येव वस्तु वस्तुतामावसतीत्येवमनुसन्धाय प्रवर्तते स खलु प्रकाशनामा, अतिक्रान्तागामिवक्र[2]परिहारित्वाद् वर्तमानक्षणर्जुसूत्रणादृजुसूत्र इति प्रतीतस्तमपेक्षमाणाः प्रथयन्ति । **तैजसं तु लब्ध्यपेक्षं भवतीत्यादि** (भाष्यम्)। तुशब्दोऽवधारकः तैजसं लब्ध्यपेक्षमेव **भवति** = सत्तामासादयति, सा च तैजसलब्धिर्विशिष्टतपोनुष्ठानादिभिः साधनैः कस्यचिदेव भवति न सर्वस्य जन्तोस्तत्साधनकलापविमुखस्य, स च तद्योग्यसाधन-

**ભાષ્યાર્થ : તૈજસ (શરીર) લબ્ધિની અપેક્ષાવાળું જ હોય છે અને તે તૈજસ લબ્ધિ સર્વને નથી હોતી પણ અમુક જીવને જ હોય છે.**

*હેમગિરા*

અનાદિ પ્રવાહ છે તેથી કરીને તે જ એક કાર્મણ શરીરની સાથે જીવનો અનાદિ સંબંધ હોય છે પણ તૈજસ સાથે નહિ, કારણકે આ તૈજસ શરીરનો (કોઈ અખંડ) પ્રવાહ દેખાતો નથી. (આ અન્ય આચાર્યોનો મત થયો.)

**પ્રશ્ન :** કયા નયવાદને આશ્રયીને તે આચાર્યો તૈજસનો નિષેધ કરે છે. અહીં (તૈજસના નિષેધમાં) તેમનું શું કહેવું છે ?

**ઉત્તર :** આ સ્પષ્ટ જ છે કે ખરેખર જે નય અતીત અનાગત કાળની અવધિવાળી વસ્તુવિશેષનો નિષેધ કરે છે અને 'માત્ર વર્તમાન ક્ષણવર્તી જ વસ્તુ વસ્તુતાને (= સત્તાને) પ્રાપ્ત કરે છે' એ પ્રમાણે માનીને પ્રવર્તે છે તે ખરેખર પ્રકાશનામ (= પ્રસિદ્ધ નામવાળો) છે અર્થાત્ ભૂત અને ભવિષ્ય રૂપ વક્રનો પરિહાર કરતો હોવાથી અને વર્તમાન ક્ષણ રૂપ ઋજુ = સરલનું ગ્રહણ કરતો હોવાથી **'ઋજુસૂત્ર'** એ પ્રમાણે જે નય પ્રતીત છે તે નયની અપેક્ષા રાખનારા (અનાદિ સંબંધ રૂપે તૈજસનો નિષેધ કરનારા અન્ય આચાર્યો **तैजसं तु**..... ઇત્યાદિ ભાષ્યને કહે છે. અહીં ભાષ્યમાં 'तु' શબ્દ અવધારણ કરનારો છે. (અવધારણ આ મુજબ →) લબ્ધિની અપેક્ષાવાળું જ તૈજસ શરીર હોય છે અર્થાત્ લબ્ધિથી જ સત્તાને (= અસ્તિત્વને) પ્રાપ્ત કરે છે.

## ❁ તેજોલેશ્યા યુક્ત સાધકનું સ્વરૂપ ❁

તે તૈજસલબ્ધિ વિશિષ્ટ તપના અનુષ્ઠાન આદિ સાધનોથી કોઈકને જ હોય છે. પણ તે (= તૈજસ લબ્ધિ)ના સાધનોના સમૂહથી રહિત એવા સર્વ જીવોને નથી હોતી, અને તેને યોગ્ય

१. किं - मु. (भां.)। २. 'चक्र' - मु. (खं.)। ❖ જુઓ પરિશિષ્ટ-૬ ટીપ્પણી - ૧૯

**भाष्यम् :- कोप-प्रसादनिमित्तौ शापानुग्रहौ प्रति तेजोनिसर्ग-शीतरश्मिनिसर्गकरम्,**

• गन्धहस्ति •

समासादिततेजोलब्धिस्तेजोनिसर्गमातनोति, क्रोधावेशादरुणलोचनश्चलत्कपोलाधरपुटः कृशानुपुञ्ज इव दुष्प्रेक्ष्यः क्षमावनितया दुर्भग इवातिदूरमपास्तः शापप्रदानं प्रति कृताध्यवसायः स्फुलिङ्गमालाकुलमत्युष्ण-तेजः प्रयत्नविशेषात् तथा मुञ्चति **गोशालादिवद्** येन परस्तदैव भस्मसाद् भवति, तथा मनःप्रसादावेशादनु-कम्पया वाऽनुग्राह्यपक्षं प्रति प्रह्लादकारिणममृतकल्पं तेजोविशेषमनुष्णदीधितिवद् विधूतसकलपरिताप-तिमिरराशिमनुग्रहप्रवणमानसः क्षिपति येनाशु सुखास्वादविनिमीलितलोचनोऽपूर्व इव जायते, यथा च भगवतैवोष्णलेश्यापरीताङ्गयष्टिगोशालकलिरनुगृहीतः शीततेजोनिसर्गेण, क्रोध-प्रसादौ निमित्तं ययोः शापानुग्रहयोस्तौ **क्रोध-प्रसादनिमित्तौ शापानुग्रहा**वभिमुखीकृत्य तेजोनिसर्गं करोति। हतस्त्वं दग्धस्त्व-

**ભાષ્યાર્થ : ક્રોધ અને પ્રસન્નતાના નિમિત્તવાળા શ્રાપ અને અનુગ્રહના અવસરે ઉષ્ણ (કિરણવાળા) તેજ દ્રવ્યને અને શીત કિરણવાળા તેજ દ્રવ્યને ફેંકનાર તૈજસ શરીર છે.**

• *હેમગિરા* •

અનુષ્ઠાન રૂપ સાધનોથી પ્રાપ્ત થયેલ તેજોલબ્ધિવાળો તે જીવ તેજનું (= અગ્નિનું) વિસર્જન કરે છે, (તે આ મુજબ કે -) ક્રોધના આવેશથી લાલ આંખવાળો, કંપિત થતા ગાલ અને હોઠવાળો, આગના સમૂહ (= ભડકા)ની જેમ દુઃખે કરીને જોઈ શકાય એવો, ક્ષમા રૂપી પત્ની વડે દુર્ભાગીની જેમ અત્યંત દૂર ફેંકાઈ ગયેલો, શાપ આપવા માટે કરાયેલા અધ્યવસાયવાળો એવો જીવ ગોશાલા આદિની જેમ વિશિષ્ટ પ્રયત્ન વડે ચિનગારીની શ્રેણીઓથી યુક્ત એવી અતિ ઉષ્ણ આગ (= તેજોલેશ્યા)ને તે રીતે મૂકે છે કે જેના વડે બીજો (= સામેવાળો) બળીને ત્યારે જ ભસ્મીભૂત થઈ જાય છે. (શીતલેશ્યાનું સ્વરૂપ આ પ્રમાણે છે -) તથા મનના પ્રસાદ (= આનંદ)ના ઉછાળાથી અથવા અનુકંપા = કરુણાના કારણે અનુગ્રાહ્ય પક્ષ (= અનુગ્રહ કરવા લાયક વ્યક્તિ) ઉપર આહ્લાદને કરનાર, અમૃત સમાન, નષ્ટ કરાઈ છે સકળ પરિતાપ રૂપ અંધકારની રાશિ જેના વડે એવા તેજવિશેષને (= શીતલેશ્યાને) શીતલ કિરણવાળા ચંદ્રમાની જેમ અનુગ્રહમાં તત્પર મનવાળો જીવ ફેંકે છે જેના (= શીતલેશ્યા) વડે તે (અનુગ્રાહ્ય વ્યક્તિ) શીઘ્ર સુખના આસ્વાદથી વિકસ્વર નયનોવાળો તથા અપૂર્વ રીતે (= ક્યારે પણ પૂર્વમાં નહોતો એવો) સ્વસ્થ થાય છે. જે રીતે ઉષ્ણલેશ્યા (તેજોલેશ્યા)થી ઘેરાયેલો, પાતળા શરીરવાળો અને કલહકારી ગોશાળો શીતલેશ્યાને છોડવા દ્વારા પ્રભુ વીર વડે અનુગ્રહીત કરાયો હતો.

'**क्रोधप्रसादनिमित्तौ**' આ ભાષ્યગત સામાસિક પદમાં થયેલ બહુવ્રીહિ સમાસના વિગ્રહને જણાવે છે કે- ક્રોધ અને પ્રસાદ = કૃપા નિમિત્ત છે જે શ્રાપ અને અનુગ્રહના એવા તે ક્રોધ અને પ્રસાદના નિમિત્તવાળા શ્રાપ અને અનુગ્રહ, તેને આગળ કરીને (ઉષ્ણ અને શીત રશ્મિવાળા)

**भाष्यम् :- तथा भ्राजिष्णुप्रभासमुदयच्छायानिर्वर्तकं तैजसं[1]शरीरेषु मणि-ज्वलन-ज्योतिष्क-विमानवदिति ॥२/४३॥**

**● गन्धहस्ति ●**

**मित्येवमादि** क्रोधाविष्टवचनं शापः। कदाचिद् वा बाह्यनिमित्तापेक्षमन्तःकर्मापि परिणमते येनायं काणः कुण्ठः कुब्जो वा भवतीति सोऽपि शाप एवावगन्तव्यः। अतः क्रोधनिमित्तशापप्रदानाभिमुख उष्ण-**तेजोनिसर्गं** करोति। प्रसादनिमित्तानुग्रहाभिमुखः **शीतरश्मिनिसर्गकरो** भवति। शीता रश्मयो यस्य निसृज्यमानतेजोविशेषस्य स शीतरश्मिः, शीतरश्मिश्चासौ निसर्गश्च शीतरश्मिनिसर्गस्तत्करणशीलं **शीतरश्मिनिसर्गकरं** तैजसम्।

**तथा भ्राजिष्णुप्रभे**त्यादि (भाष्यम्)। भ्राजनशीलो = भ्राजिष्णुः प्रभाणां समुदयस्तस्य छाया = आभा **भ्राजिष्णुप्रभासमुदयच्छाया**।

ननु च [2]प्रभा भ्राजिष्णुरेव भवति, किं हि तस्या विशेष्यते ? न मलीमसत्वेनापि दर्शनात्,

**ભાષ્યાર્થ : તથા ઔદારિકાદિ શરીરને વિશે મણિ (= રત્ન), જ્વલન (= અગ્નિ) અથવા જ્યોતિષ દેવના વિમાનના જેવી તેજસ્વી પ્રભાના સમુદાયની કાંતિનું નિર્માણ કરનાર તૈજસ શરીર હોય છે. ॥૨/૪૩॥**

**● *હેમગિરા* ●**

તેજના નિસર્ગને (તેજોલેશ્યાની લબ્ધિવાળો જીવ) કરે છે અર્થાત્ તેજને ફેંકે છે. 'તું હણાઈ જા' 'તું બળાઈ જા' ઇત્યાદિ ક્રોધથી યુક્ત (જીવાત્માનું) વચન શ્રાપ કહેવાય. અથવા તો ક્યારેક બાહ્ય નિમિત્તો (દ્રવ્ય-ક્ષેત્રાદિ)ની અપેક્ષાવાળું એવું જીવગત અભ્યંતર કર્મ (= કર્મ દલિકો) પણ તે રીતે પરિણમે છે કે જેના વડે આ જીવ કાણો, લૂલો અને કુબડો થાય છે, તેથી તે (બાહ્ય નિમિત્તની અપેક્ષાવાળું અંતઃ કર્મ) પણ શ્રાપ જ જાણવો. આથી (=શ્રાપ અને અનુગ્રહ ક્રોધ અને પ્રસાદના નિમિત્તે થતા હોવાથી) ક્રોધના નિમિત્તવાળા શ્રાપને આપવાને અભિમુખ થયેલો જીવ ઉષ્ણ તેજને ફેંકે છે તથા પ્રસન્નતાના નિમિત્તવાળા એવા અનુગ્રહને કરવાને અભિમુખ થયેલો જીવ શીત રશ્મિવાળા એવા નિસર્ગને કરનારો થાય છે અર્થાત્ શીતલેશ્યા ફેંકે છે.

**'शीतरश्मि'** વગેરે ભાષ્યગત સામાસિક પદોનો વિગ્રહ → જે નિસૃજ્યમાન (ફેંકાતા) તેજ વિશેષના રશ્મિઓ (=કિરણો) શીત છે, તે 'શીત રશ્મિ' કહેવાય. શીત રશ્મિવાળું એવું નિસર્ગ તે **'शीतरश्मिनिसर्ग'** કહેવાય. તેને કરવાના (ફેંકવાના) સ્વભાવવાળું **'शीतरश्मिनिसर्गकर'** તૈજસ કહેવાય છે. **तथा भ्राजिष्णु...** ઇત્યાદિ ભાષ્ય છે, તેનો અર્થ આ પ્રમાણે છે – **भ्राजनशील...** એટલે કે ચમકવાના સ્વભાવવાળી ભ્રાજિષ્ણુ એવી પ્રભાનો સમુદાય તે **भ्राजिष्णुप्रभासमुदय**, તેની છાયા એટલે કે કાંતિ તે **भ्राजिष्णुप्रभासमुदयछाया**.

१. स शरीरेषु - मु. (घ)। २. च भ्राजि॰ - मु (भां.)।

मलीमसप्रभो मणिरिति संव्यवहरन्ति लौकिकाः, तस्याः[1] छायाया[2] निर्वर्तकं = उत्पादकं तैजसं, शरीरेष्वौदारिकादिषु[3] केषुचित् **मणि-ज्वलन-ज्योतिष्कविमानवदिति**। यथा हि मणयः स्फटिकाङ्क-वैडूर्यादयो भ्राजिष्णुच्छाया विमलपुद्गलारब्धत्वात्, ज्वलनो वा निरस्तप्रत्यासन्नतिमिरव्रातः प्रद्योतते स्वतेजसा, ज्योतिष्कदेवानां वा चन्द्रादित्यादीनां विमानान्यतिभास्वराणि निर्मलद्रव्यारब्धत्वात्, तथा तैजसशरीरापेक्षमौदारिकादिषु शरीरेषु केषुचिदेव स्फुरन्मृजाजालमुपलभ्यते, न सर्वेषु, अन्यथा तद्[4]भावात् कया युक्त्या तत् तथा भवेत् ? **एतच्च तेष्वेव शरीरेषु द्रष्टव्यं यानि** लब्धेराधारतां प्रतिपद्यन्ते, अन्यथा ग्रन्थो न सङ्गच्छेत **तथा भ्राजिष्णुप्रभेत्यादि** च, किं कारणं ? ये हि लब्धिप्रत्ययमेवेच्छन्ति तैजसं तेषां तावदन्यत्र लब्धेरभावान्न घटते, आचार्याभिप्रायोऽपि नायं, पराभिप्रायप्रस्तावात्। **अपरे वर्णयन्ति**



**પ્રશ્ન :** પ્રભા ક્યારેય પણ ભ્રાજિષ્ણુ (= ચમકદાર) જ હોય છે. તો '**પ્રભા**' આગળ '**ભ્રાજિષ્ણુ**' એવું વિશેષણ લખવા દ્વારા તેને શા માટે વિશેષિત કરાય છે ?

**ઉત્તર :** દરેક પ્રભા ચમકદાર જ હોય તેવું એકાંતે નથી કેમકે કેટલીક પ્રભા ભ્રાજિષ્ણુ ન દેખાતાં મલીન રૂપે પણ દેખાય છે, જેમકે 'મલિન પ્રભાવાળો મણિ' એવું લૌકિક જનો બોલે છે, તેથી ભ્રાજિષ્ણુ વિશેષણ જોડ્યું છે. કેટલાક ઔદારિક આદિ શરીરોમાં મણિ, અગ્નિઅથવા જ્યોતિષ-વિમાનોના જેવી છાયા = કાંતિના સમુદાયનું ઉત્પાદક તૈજસ શરીર હોય છે અર્થાત્ જેમ સ્ફટિક રત્ન, અંક રત્ન, વૈડૂર્ય રત્ન આદિ મણિઓ નિર્મળ પુદ્ગલોથી બનેલા હોવાથી તેજસ્વી આભાવાળા હોય છે અથવા નિરસ્ત કર્યો છે સમીપવર્તિ અંધકારનો સમૂહ જેણે એવો અગ્નિ પોતાના તેજ વડે તેજસ્વી હોય છે અથવા તો ચંદ્ર-સૂર્ય આદિ જ્યોતિષ દેવોના વિમાનો નિર્મળ દ્રવ્યોથી નિર્મિત હોવાથી અતિભાસ્વર (= તેજસ્વી) હોય છે, તેમ કેટલાક જ ઔદારિકાદિ શરીરોમાં તૈજસ શરીરને આશ્રયી સ્ફૂરાયમાન થતો તેજનો સમૂહ મેળવાય છે. સર્વમાં નહીં અન્યથા (તૈજસ્ લબ્ધિવાળા ઔદારિકાદિ શરીરોમાં જ તેજનો સમૂહ હોય છે. બધા શરીરોમાં નહીં એવું જો ન માનીએ પણ) બધા શરીરોમાં જ તેનો (લબ્ધિ તૈજસ શરીરનો) સદ્ભાવ માનીએ તો કઈ યુક્તિથી તે કેટલાક ઔદારિકાદિ તેવી રીતે (પ્રભાના સમૂહવાળા) થાય ? ટૂંકમાં -

આ પ્રભાનો સમૂહ તે જ શરીરોમાં દેખાય છે કે જેઓ તૈજસ લબ્ધિની આધારતાને પ્રાપ્ત કરે છે જો અન્યથા (= તૈજસ લબ્ધિ રહિત શરીરોમાં પણ ભ્રાજિષ્ણુ પ્રભા) માનશો તો '**तथा भ्राजिष्णु**' ઇત્યાદિ ગ્રંથ (=ભાષ્ય) સંગત નહીં થઈ શકે.

**પ્રશ્ન :** કયા કારણે સંગત નહીં થઈ શકે ?

**ઉત્તર :** અર્થ સંગત નહિ થવાનું કારણ એ છે કે જેઓ લબ્ધિ પ્રત્યય (= લબ્ધિના

१. तस्य - मु (खं.)। २. छाया (या) निर्व॰ - मु (खं. भां.)। ३. ॰दिकेषु - मु (खं. भां.)। ४. तदभा॰मु. - (खं. रा.)।

→ आचार्यमतमेवेदम्, **अन्ये तु** → नित्यसम्बन्धमेव तत्कार्यमपि च भ्राजिष्णुप्रभेत्यादि, तदेतदयुक्तमव्याप्तेरिति ॥

**अथ** यानि शरीराणि लब्धिरहितानामपि मयूखजालमुद्वमन्ति[1] दृश्यन्ते, तेषु कथम् ? तत्र हि कार्मणौदारिकशक्तिरेव सा तादृगिति न तैजसस्य, यथा वैक्रियेष्विति प्रत्याख्यानवादिन एवं वर्णयन्ति, तस्माद् यदधुनैव लब्ध्या समुद्भाव्यते तत् कथमनादिसम्बन्धं सर्वस्य वा जन्तोः स्यादाहारक-वदप्राप्तलब्धेर्न तेन दाहादि किञ्चित् कार्यमनुष्ठातुं शक्यमनुपजातकुम्भेनेव जलाद्याहरणादि प्रतिनिवृत्ततथा-

• હેમગિરા •

નિમિત્તવાળા) જ તૈજસ શરીરને માને છે તેઓના મતે અન્યત્ર (= તૈજસ લબ્ધિ રહિત ઔદારિક આદિ શરીરોમાં) તૈજસ લબ્ધિનો અભાવ હોવાથી ભ્રાજિષ્ણુ પ્રભા તેઓમાં નહીં ઘટી શકે અને આથી **भ्राजिष्णु प्रभा**..... ઇત્યાદિ ગ્રંથ પણ સંગત નહીં થાય. પણ આ વાચક આચાર્યશ્રીનો અભિપ્રાય નથી કારણકે (પ્રસ્તુત ભાષ્યમાં '**एकेत्वाचार्यनयवादा**.....' ઇત્યાદિ પંક્તિઓ દ્વારા) અન્ય કેટલાક આચાર્યોનો અભિપ્રાય = પ્રસ્તાવ ચાલી રહ્યો છે.

આ પ્રસંગે **બીજા કેટલાક વ્યાખ્યાકારો** એમ કહે છે કે - આ ઉપરોક્ત અભિપ્રાય વાચક આચાર્યશ્રીનો જ છે વળી **બીજા કેટલાક વ્યાખ્યાકારો** તૈજસ શરીર અને તેના ભ્રાજિષ્ણુ પ્રભા ઇત્યાદિ રૂપ કાર્યને પણ નિત્ય સંબંધવાળું જ માને છે. અન્ય વ્યાખ્યાકારોની તે આ વાત વ્યાજબી નથી કારણકે અવ્યાપ્તિ આવે છે.

## ❁ ઔદારિક શરીરમાં તેજસ્વીતા ❁

(નયવાદને અપેક્ષીને બોલતા આચાર્યને આશ્રયીને પ્રશ્ન) **પ્રશ્ન :** કેટલાક તૈજસ લબ્ધિ વિનાના પણ જે શરીરો તેજસ્વી કિરણોના સમૂહને કાઢતા દેખાય છે. તે શરીરોમાં આવું તેજ અન્ય આચાર્યના મતે શી રીતે સંભવે ?

**ઉત્તર :** જેમ વૈક્રિય શરીરવાળા દેવ વગેરેના શરીરોમાં તેજસ્વીતા હોય છે, તેમાં વૈક્રિય અને કાર્મણ શરીરની શક્તિ જ કારણભૂત છે, લબ્ધિ તૈજસ શરીરની નહિ, તેમ ત્યાં (= લબ્ધિરહિત ઔદારિક શરીરોની તેજસ્વીતામાં) ખરેખર ઔદારિક અને કાર્મણ શરીરની તેવા પ્રકારની શક્તિ જ કારણ રૂપ છે પરંતુ તૈજસ શરીરની નહિ એમ પ્રત્યાખ્યાન વાદિઓ (= નયવાદને અપેક્ષીને બોલનારા) કહે છે.

હવે તે જ નયવાદને અપેક્ષીને બોલનાર, વાચકપ્રવરશ્રી સામે આક્ષેપ કરે છે કે તેથી (= તમારા મતે તૈજસ શરીર લબ્ધિ પ્રત્યય જ હોવાથી) જે હમણાં (= આ ભવમાં) જ લબ્ધિથી ઉત્પન્ન કરાય છે તેવું તે (લબ્ધિ) તૈજસ શરીર કઈ રીતે (કાર્મણ શરીર અને જીવ સાથે) અનાદિ

१. °लमुखाद्व° - खं ।

विधलब्धिरपि पुमान् तथा किञ्चित् कर्तुं समर्थो न भवति ध्वस्तघट इव तैलधारणादि, तस्मान्नास्ति तैजसं सर्वस्य जन्तोः, न चानादिसम्बन्धम्, इह च सूत्रे प्रेक्षापूर्वकारितयाऽऽचार्येणाक्षेपोऽकारि सूत्रद्वयमप्याक्षेप्स्यामीति, अन्यथा पूर्वसूत्र एवाक्षेपो युज्यते, एवमेकीयमतेन प्रत्याख्यातमेव तैजसमनादिसम्बन्धतया सर्वस्य[1] चेति। या पुनरभ्यवहृताहारं प्रति पाचकशक्तिर्विनाऽपि लब्ध्या सा तु कार्मणस्यैव भविष्यति, कर्मोष्णत्वात्, कार्मणं हीदं शरीरमनेकशक्तिगर्भत्वादनुकरोति विश्वकर्मणः, तदेव हि तथासमासादितपरिणति व्यपदिश्यते यदि तैजसशरीरतया ततो न कश्चिद् दोष इति॥२/४३॥

**अथ** किं यथैते सर्वस्यानादिसम्बन्धे युगपच्च किमेवमन्यान्यपि युगपदेकस्य भवन्त्युताहो न ?

• *હેમગિરા* •

સંબંધવાળું હોય અને અપ્રાપ્ત આહારક લબ્ધિની જેમ અપ્રાપ્ત તૈજસ લબ્ધિવાળા સર્વ જીવોને કઈ રીતે તૈજસ શરીર હોઈ શકે ? અર્થાત્ ન હોય.

જેમ નહિ ઉત્પન્ન થયેલા કુંભ વગેરે દ્વારા જલ લાવવું વગેરે કોઈપણ કાર્ય કરવું શક્ય નથી થતું તેમ અપ્રાપ્ત લબ્ધિવાળાને તૈજસ શરીર વડે દાહ વગેરે કોઈ કાર્ય કરવું શક્ય હોતું નથી. તથા જેમ ભાંગી પડેલો ઘટ તેલને ધારણ કરવા સમર્થ નથી થતો તેમ તથાપ્રકારની તૈજસ લબ્ધિ જેની દૂર થઈ છે તેવો પુરુષ પણ દાહાદિ કાંઈક પણ કાર્ય કરવા સમર્થ બનતો નથી. તેથી તૈજસ શરીર સર્વ જીવને નથી તથા અનાદિ સંબંધવાળું પણ નથી. (આ એકીય મત થયો.)

**૨/૪૨-૪૩** બંને સૂત્રમાં ભેગો જ હું આક્ષેપને કરીશ એમ વિચારીને ચતુરતાપૂર્વક બુદ્ધિશાળી આચાર્યશ્રીએ અહીં **૨/૪૩** સૂત્રમાં આક્ષેપ કર્યો છે. અન્યથા (જો આમ એક આક્ષેપને બે સૂત્રમાં ન કહેવા હોત તો) પૂર્વ **૨/૪૨** સૂત્રમાં જ આક્ષેપ કરવો યોગ્ય હતો.

### ❊ એકીયમતનો સાર ❊

આ પ્રમાણે એકીયમત (= નયવાદાચાર્ય) વડે તૈજસ શરીર 'અનાદિ સંબંધ તરીકે' તથા 'સર્વ જીવોને' નિષેધ કરાયેલું જ છે, વળી તૈજસ લબ્ધિ વિના પણ ખાધેલા આહારને જે પાચન કરવાની શક્તિ છે તે તો કાર્મણ શરીરની જ કહેવાશે કેમકે કર્મ ઉષ્ણ હોય છે. ખરેખર આ કાર્મણ શરીર જ અનેક શક્તિઓના ગર્ભ કારણ રૂપ = મૂલભૂત હોવાના કારણે વિશ્વકર્મા (બ્રહ્મા)નું અનુકરણ કરે છે. તેથી તથાપ્રકારની પ્રાપ્ત થયેલી પરિણતિવાળું તે કાર્મણ શરીર જ જો તૈજસ શરીર તરીકે કહેવામાં આવે તો કોઈ દોષ નથી.॥૨/૪૩॥

**૨/૪૪ સૂત્રની અવતરણિકા : પ્રશ્ન :** જે રીતે સર્વ જીવના આ બે શરીર અનાદિ સંબંધવાળા તથા એકી સાથે રહેનારા છે. એવી રીતે શું અન્ય પણ શરીરો એકી સાથે એક જીવને હોય છે કે નહીં ?

१. सर्वस्येति - मु. पा. (खं.)।

## सूत्रम् :- तदादीनि भाज्यानि युगपदेकस्या चतुर्भ्यः ।।२/४४।।

**भाष्यम् :- ते आदिनी एषामिति तदादीनि। तैजस-कार्मणे यावत् संसारभाविनी[1] आदिनी[2] कृत्वा शेषाणि युगपदेकस्य जीवस्य भाज्यान्या चतुर्भ्यः ।।**

• गन्धहस्ति •

**अत्रोच्यते**सन्ति, न तु सर्वाणि। कियन्ति तर्हीति ? अत आह → (**तदादीनि** इत्यादि सूत्रम्।)

**ते आदिनी**त्यादि (भाष्यम्)। प्रस्तुते तैजस-कार्मणे तच्छब्देनाभिसम्बध्यते। **ते आदिनी एषामौ**-दारिकादीनां मेढीभूते व्यवस्थिते तानि[3] इमानि **तदादीनि** समुदायसमासार्थः। एतदेव स्पष्टतरं करोति → **तैजस-कार्मणे यावत् संसारभाविनी आदिनी कृत्वा** = यावत् संसारं भवितुं शीलमनयोस्ते यावत्संसारभाविनी तैजस-कार्मणे **आदिनी कृत्वा** = मेढीभूततया व्यवस्थाप्य **शेषाणि** = औदारिकादीनि

**સૂત્રાર્થ : તે બે શરીરની આદિવાળા શરીરો એક સાથે જીવને ૪ સંખ્યા સુધી વિકલ્પે હોય છે. ।।૨/૪૪।।**

**ભાષ્યાર્થ : તે બે (તૈજસ-કાર્મણ) આદિમાં છે જેઓની એવા તે બેની આદિવાળા (ઔદારિકાદિ શરીરો) અર્થાત્ યાવત્ સંસાર સુધી રહેનાર તૈજસ અને કાર્મણ શરીરને આદિ તરીકે સ્થાપન કરી શેષ ઔદારિક આદિ શરીરો, એક જીવના એક સાથે ૪ સંખ્યા સુધી વિકલ્પે હોય છે.**

• *હેમગિરા* •

**ઉત્તર :** અન્ય શરીરો પણ આ બેની સાથે હોય છે પણ સર્વ શરીરો એક સાથે નથી હોતા.

**પ્રશ્ન :** તો પછી એક સાથે કેટલા હોય ?

**ઉત્તર :** આથી (= આ પ્રમાણે પ્રશ્ન કર્યો હોવાથી) આ પ્રશ્નના ઉત્તર માટે ૨/૪૪ સૂત્રને વાચકપ્રવરશ્રી કહે છે.

### ❊ તદાદિ પદનો વિશેષાર્થ ❊

**तदादिनी...** ઇત્યાદિ ૨/૪૪ સૂત્ર છે અને તેનો '**ते आदिनी**' ઇત્યાદિ ભાષ્ય છે. **तद्** શબ્દ (= '**तद्**' સર્વનામનું પ્રથમ વિભક્તિના દ્વિવચન પદ) વડે પ્રસ્તુત એવા તૈજસ અને કાર્મણ શરીરનો સંબંધ (= અન્વય) કરાય છે. ઔદારિકાદિ શરીરોમાં પ્રધાન રૂપે રહેલા તે આ બે શરીરો આદિમાં છે જેમની એવા તે આ ઔદારિકાદિ શરીરો એમ **तदादिनी...** સામાસિક પદનો આ ટૂંકો અર્થ જાણવો. આજ વાતને ભાષ્યકારશ્રી વધુ સ્પષ્ટ કરે છે, તે આ પ્રમાણે છે → યાવત્ સંસાર સુધી રહેવાના સ્વભાવવાળા તૈજસ અને કાર્મણને આદિ તરીકે કરીને = મોભી રૂપે

१. °भाविनौ - रा। २. आदिनौ - रा। ३. तानि तदादीनि - मु. (खं. भां.)।

**भाष्यम् :- तद्यथा → तैजस-कार्मणे वा स्याताम् ।१। तैजस-कार्मणौदारिकाणि वा स्युः ।२।**

**गन्धहस्ति**

एकस्मिन् काले **एकस्य जीवस्य भाज्यानि** = विकल्प्यानि, **आ चतुर्भ्य** इति यावच्चत्वारि युगपदेकजीवस्य भवन्त्यप्रत्याख्यानपक्षे।

अथैकीयमतेन तैजसं प्रत्याख्यातं तदा त्रीणि युगपदेकस्य स्युः, आचार्यस्याभिप्रायः → कार्मणवत तैजसं प्रायः सर्वदा सर्वस्यास्ति, यतस्ते आदिनी एषामिति विग्रहं कृतवान्। ये तु प्रत्याचक्षते तेषां विग्रहः → तत् आदि कार्मणमेषां तानि तदादीनि। उभयथा च भाष्यं भविष्यति, आचार्यस्य तु विग्रहगतौ कर्मकृत एव योगो भवति, न तु तैजसमित्यत्रैव लब्ध्यपेक्षत्वात्, तत् किल नास्ति तस्यामवस्थाया-मन्यत्र त्वाचार्यस्य तैजसं सर्वत्रास्ति। तामिदानीमात्माभिप्रायानुसारिणीं भजनां दर्शयन्नाह → **तद्यथे-**

**ભાષ્યાર્થ : તે આ પ્રમાણે - (૧) તૈજસ અને કાર્મણ એમ ૨ શરીર હોય. (૨) અથવા તૈજસ, કાર્મણ અને ઔદારિક એમ ૩ શરીર હોય.**

***હેમગિરા***

સ્થાપન કરીને શેષ ઔદારિકાદિ શરીરો એક જીવમાં એક સાથે ૪ સુધી વિકલ્પે = ભજના એ હોય છે. આ અર્થ અપ્રત્યાખ્યાન (= તૈજસ શરીરને કાર્મણથી પૃથક્ સ્વરૂપે માનનારા)ના પક્ષમાં જાણવો. હવે જ્યારે એકીયમત વડે કાર્મણ શરીર કરતાં તૈજસ શરીર જુદું ન ગણાય ત્યારે એક સાથે એક જીવને ૩ શરીરો હોય છે. વાચક આચાર્યશ્રીનો અભિપ્રાય આ મુજબ જણાય છે કે - કાર્મણની જેમ તૈજસ શરીર પ્રાયઃ સર્વ જીવને સર્વદા હોય છે કેમકે '**तदादीनि**' પદનો વિગ્રહ કરતાં ભાષ્યમાં ('**ते आदिनि एषां**') તે બે આદિમાં છે આઓની એવો વિગ્રહ કર્યો છે. (આ વિગ્રહમાં '**ते**' નપુંસકલિંગ દ્વિવચનનો પ્રયોગ કરીને તેનાથી તૈજસ અને કાર્મણ બંનેનું ગ્રહણ કર્યું છે.)

જેઓ (તૈજસ-કાર્મણ શરીરને એક સ્વરૂપે માની) સહજ તૈજસ શરીરનો નિષેધ કરે છે તેઓનો વિગ્રહ આ મુજબ છે કે - 'તે કાર્મણ શરીર આદિમાં છે જેઓની એવા ઔદારિકાદિ શરીરો. (આ વિગ્રહમાં '**तत्**' નપુંસકલિંગ એકવચનનો પ્રયોગ કરીને તેનાથી માત્ર કાર્મણનું જ ગ્રહણ કર્યું છે.) એમ બંને રીતે પણ ભાષ્ય સંગત થઈ જશે. વાચકપ્રવરશ્રીના મતે (પૂર્વે ૨/૨૬ સૂત્ર મુજબ) તો વિગ્રહગતિમાં કાર્મણકૃત જ યોગ હોય છે, પરંતુ તૈજસકૃત યોગ (લબ્ધિ-તૈજસની અપેક્ષાએ) નથી હોતો કેમકે અહીં (= અંતર્ગતિમાં) જ આચાર્યશ્રીને તૈજસ શરીર લબ્ધિની અપેક્ષાએ વિવક્ષિત છે, અને તે લબ્ધિની અપેક્ષાવાળું તૈજસ શરીર તે અંતર્ગતિ અવસ્થામાં નથી અર્થાત્ અંતર્ગતિમાં લબ્ધિ તૈજસની અપેક્ષા હોવાથી ત્યાં એકીય મત પ્રમાણે તૈજસ શરીરનો અભાવ માનીને કાર્મણ શરીરવાળો માત્ર કર્મકૃત એક જ યોગ સ્વીકાર્યો છે. અન્યત્ર (= આ અંતર્ગતિ સિવાય) તો બધે ઠેકાણે તૈજસ રૂપે સહજ તૈજસ શરીર આચાર્યશ્રીને વિવક્ષિત છે.

त्यादिना (भाष्येण)।

(१) अन्तर्गतौ **तैजस-कार्मणे** केवले स्तः, इह तु तैजसमाश्रितमाचार्येण विग्रहगताविल्यत्र पराभिप्रायेण नाश्रितम्। (२)[卐](अनुत्पन्नवैक्रियाहारकलब्धेश्चतुर्दशपूर्वधरमनुष्यस्य, अनुत्पन्नवैक्रिय-लब्धिनां तिर्यङ्-मनुष्याणां च) भवस्थतायामेते च औदारिकं चेति त्रीणि युगपत्। (३) अथवा (देव-नारकाणां) एते च वैक्रियं चेति त्रीणि। (४) (अनुत्पन्नाहारकलब्धेश्चतुर्दशपुर्वधरमनुष्यस्य) तिर्यङ्-मनुष्याणां (च) तैजस-कार्मणौदारिकैः सह लब्धिप्रत्ययवैक्रियशरीरसद्भावे युगपदविच्छिन्नप्रदेशत्वाच्चत्वारि। (५) (अनुत्पन्नवैक्रियलब्धेः) चतुर्दशपूर्वधरमनुष्यस्याहारकलब्धौ सत्यां तैजस-कार्मणौदारिकैः सह युगपदेवं चत्वारि, पद्मनालतन्तुवदेवाविच्छेदेनैकजीवप्रदेशैश्चतुष्टयमपि प्रतिबद्धमव-

● હેમગિરા ●

અત્યારે તે સ્વમતાનુસારી ભજનાને દર્શાવતાં વાચકપ્રવરશ્રી **तद्यथा**' ઇત્યાદિ ભાષ્ય કહે છે.

## ❊ પાંચ શરીરના વિવિધ ભંગો ❊

**(૧) પ્રથમ વિકલ્પ :** અંતર્ગતિમાં માત્ર તૈજસ અને કાર્મણ એ બે શરીર છે. અહીં પ્રથમ ભંગમાં તો આચાર્યશ્રી વડે સ્વાભિપ્રાયાનુસાર તૈજસ (સહજ તૈજસ)નો આશ્રય કરાયો છે. **विग्रहगतौ कर्मयोगः** એ ૨/૨૬ સૂત્રમાં જેઓ તૈજસથી લબ્ધિ સાપેક્ષ તૈજસ શરીરની વિવક્ષા કરે છે એવા બીજાના અભિપ્રાયથી આચાર્યશ્રી વડે સહજ તૈજસનો આશ્રય નથી કરાયોઅર્થાત્ નિષેધ કરાયો છે.

**(૨) બીજો વિકલ્પ :** (અનુત્પન્ન વૈક્રિય અને આહારકલબ્ધિવાળા ૧૪ પૂર્વધર મનુષ્યને અને અનુત્પન્ન વૈક્રિયલબ્ધિવાળા તિર્યંચ અને મનુષ્યોને) ભવસ્થ અવસ્થામાં વર્તતા જીવને આ બે શરીર અને ઔદારિક શરીર એમ કુલ ૩ શરીરો એક સાથે હોય છે.

**(૩) ત્રીજો વિકલ્પ :** (દેવ અને નારકોને) બે શરીર અને વૈક્રિય શરીર એમ કુલ ૩ શરીર એક સાથે હોય છે.

**(૪) ચોથો વિકલ્પ :** (અનુત્પન્ન આહારક લબ્ધિવાળા ૧૪ પૂર્વધર મનુષ્યને તથા) તિર્યંચ અને મનુષ્યોને તૈજસ, કાર્મણ અને ઔદારિક શરીર સાથે લબ્ધિ નિમિત્તે થનારા વૈક્રિય શરીરના સદ્ભાવમાં એક સાથે (એક જ જીવમાં) ચારે શરીરો હોય છે. કેમકે ત્યારે ચારે શરીરો સાથે આત્મપ્રદેશો અખંડપણે જોડાયેલા હોય છે.

**(૫) પાંચમો વિકલ્પ :** (અનુત્પન્ન વૈક્રિય લબ્ધિવાળા) ૧૪ પૂર્વધર સંયમી મનુષ્યને આહારક લબ્ધિ હોય ત્યારે તૈજસ, કાર્મણ અને ઔદારિક શરીર સાથે આહારક આ પ્રમાણે

卐 પૃષ્ઠ ૨૩૫થી ૨૩૯ સુધીમાં અમે પૂર્વાપર ચાલતા અર્થના અનુસંધાનથી ફલિત થતાં અર્થની સુગમતા માટે આ () કૌંસોમાં કેટલાક જરૂરી લગતા પદો ઉમેર્યા છે તે ધ્યાનમાં લેવું.

**भाष्यम् :- तैजस-कार्मण-वैक्रियाणि वा स्युः।३। तैजस-कार्मणौदारिक-वैक्रियाणि वा स्युः।४। तैजस-कार्मणौदारिकाहारकाणि वा स्युः।५। कार्मणमेव वा स्यात्।६।**

• गन्धहस्ति •

सेयम्। एवमेतान् पञ्च विकल्पान् स्वमते प्रदर्श्याधुना एकीयमतमादर्शयितुमाह → (६) '**कार्मणमेव वा स्यात्**', न ह्यन्तर्गतौ लब्धिप्रत्ययं तैजसमस्ति, लब्धेर्मृतावेव प्रच्यवनात्, अतः कार्मणमेवैकमिति प्रथमो विकल्पः, (६I) **कार्मण-तैजसे वा स्याता**मित्ययमत्रानुपपन्नो विकल्पो भवस्थतायां हेयो नु हेयरुपतया तु भाष्येष्वधीतः, कथं ? यैः प्रत्याख्यातं सहजं तैजसं तेषां कुतोऽन्तर्गतौ तत्सम्भवः? न चान्याऽवस्था भवस्थतायामस्ति यत्रोभयमेव स्यात्।(७) अनुत्पन्नतैजस-वैक्रियलब्धेः (तिर्यञ्चो

**ભાષ્યાર્થ : (૩) અથવા તૈજસ, કાર્મણ અને વૈક્રિય એમ ૩ શરીર હોય. (૪) અથવા તૈજસ, કાર્મણ, ઔદારિક અને વૈક્રિય એમ ૪ શરીર હોય. (૫) અથવા તૈજસ, કાર્મણ, ઔદારિક અને આહારક એમ ૪ શરીર હોય. (૬) અથવા કાર્મણ શરીર જ હોય.**

• *હેમગિરા* •

(એક જીવને) એક સાથે ૪ શરીર હોય છે. કમળનાળના તાંતણા (= રેસા)ની જેમ જ એક જીવના આત્મપ્રદેશો સાથે ચારે પણ શરીરો અવિચ્છિન્નપણે (= અખંડપણે) જોડાયેલા જાણવા.

આ પ્રમાણે વાચકશ્રીએ પાંચ વિકલ્પો સ્વમતે જણાવી અત્યારે સહજ (તૈજસ શરીરને કાર્મણ શરીર સ્વરૂપે જ માનનારા) 'એકીય મત'ને દેખાડવા માટે કહે છે →

**(૬) છઠ્ઠો વિકલ્પ :** એકલું કાર્મણ શરીર જ હોય છે. (આ વિકલ્પ અંતર્ગતિનો જાણવો) કારણ અંતર્ગતિમાં લબ્ધિ નિમિત્તક તૈજસ શરીર નથી, કારણ કે જીવનું મરણ થતાંજ લબ્ધિ નષ્ટ થઈ જાય છે. એથી 'એક કાર્મણ શરીર જ હોય' એમ પ્રથમ વિકલ્પ એકીયમતવાળાની અપેક્ષાએ જાણવો. આમ આ છઠ્ઠો વિકલ્પ છે. (છઠ્ઠા ભાંગાનો બીજો વિકલ્પ) અથવા તો 'કાર્મણ અને તૈજસ શરીર હોય છે.' આ ભાંગો અહીં અંતર્ગતિમાં અનુપપન્ન છે. વળી ભવસ્થ અવસ્થામાં પણ (નહીં ઘટતો હોવાથી) હેય = ત્યાજ્ય છે અને હેય રૂપે આ ભાંગો ભાષ્યમાં કહેવાયો છે.

**પ્રશ્ન :** હેય શા માટે જાણવો ?

**ઉત્તર :** જેઓ (= એકીયમતવાળા આચાર્યો) વડે સહજ તૈજસ પૃથક્ સ્વીકારાયું નથી, તેઓના મતે અંતર્ગતિમાં તે સહજ તૈજસ શરીર શાથી સંભવે ? વળી ભવસ્થ અવસ્થામાં (પણ) એવી કોઈ અન્ય અવસ્થા નથી કે જ્યાં આ બે શરીર જ હોય.

**(૭) સાતમો વિકલ્પ :** (એકીયમતનો બીજો વિકલ્પ -) જેઓને તૈજસ અને વૈક્રિય શરીરની લબ્ધિ ઉત્પન્ન થઈ નથી તેવા (તિર્યંચ અને મનુષ્યોને, અને અનુત્પન્ન તૈજસ, વૈક્રિય

**भाष्यम् :- [कार्मण-तैजसे वा स्याताम्।६।।] कार्मणौदारिके वा स्याताम्।७। कार्मण-वैक्रिये वा स्याताम्।८। कार्मणौदारिक-वैक्रियाणि वा स्युः।९। कार्मणौदारिकाहार-काणि वा स्युः।१०। कार्मण-तैजसौदारिक-वैक्रियाणि वा स्युः।११।**

**गन्धहस्ति**

मनुष्यस्य च, अनुत्पन्नतैजस-वैक्रियाहारकलब्धेश्चतुर्दशपूर्वधरमनुष्यस्य च) '**कार्मणौदारिके**' द्वे भवतः। (८) अथवा **कार्मण-वैक्रिये** देव-नारकाणां, (९) (उत्पन्नवैक्रियलब्धीनां) तिर्यग्-मनुष्याणा-मनुत्पन्न-तैजसलब्धीनां (अनुत्पन्नतैजसाहारकलब्धेरूत्पन्नवैक्रियलब्धेश्चतुर्दशपूर्वधरस्य च) **कार्मणौदारिक-वैक्रियाणि** युगपत्, (१०) (उत्पन्नाहारकलब्धेः) अनुत्पन्नतैजस-वैक्रियलब्धेश्चतुर्दशपूर्वधर-मनुष्यस्य **कार्मणौदारिकाहारकाणि** वा, (११) उत्पन्न (तैजस-वैक्रिय)लब्धीनां नृ-तिरश्चां (अनुत्पन्ना-हारकलब्धेरूत्पन्नतैजस-वैक्रियलब्धेर्चतुर्दशपूर्वधरमनुष्यस्य) **कार्मण-तैजसौदारिक-वैक्रियाणि** युग-पच्चत्वारि भवन्ति,

**ભાષ્યાર્થ : (૬I) અથવા કાર્મણ અને તૈજસ શરીર હોય છે (હેય સ્વરૂપ ભાંગો) (૭) અથવા કાર્મણ અને ઔદારિક શરીર હોય. (૮) અથવા કાર્મણ અને વૈક્રિય શરીર હોય. (૯) અથવા કાર્મણ, ઔદારિક અને વૈક્રિય શરીર હોય. (૧૦) અથવા કાર્મણ, ઔદારિક અને આહારક શરીર હોય. (૧૧) અથવા કાર્મણ, તૈજસ, ઔદારિક અને વૈક્રિય શરીર હોય.**

*હેમગિરા*

અને આહારકલબ્ધિવાળા ૧૪ પૂર્વધર મનુષ્ય)ને કાર્મણ અને ઔદારિક એ બે શરીર હોય છે.

**(૮) આઠમો વિકલ્પ :** (એકીયમતનો ત્રીજો વિકલ્પ -) કાર્મણ અને વૈક્રિય શરીર દેવ અને નારકોને હોય છે.

**(૯) નવમો વિકલ્પ :** (એકીયમતનો ચોથો વિકલ્પ -) તૈજસ લબ્ધિ (= તેજોલેશ્યાની લબ્ધિ) વિનાના (વૈક્રિય લબ્ધિવાળા) તિર્યંચ અને મનુષ્યોને (અને અનુત્પન્ન તૈજસ અને આહારક-લબ્ધિવાળા તથા ઉત્પન્ન વૈક્રિયલબ્ધિવાળા ૧૪ પૂર્વધર મનુષ્યને) કાર્મણ, ઔદારિક અને વૈક્રિય શરીર એક સાથે હોય છે.

**(૧૦) દશમો વિકલ્પ :** (તથા એકીયમતનો પાંચમો વિકલ્પ -) ઉત્પન્ન આહારક લબ્ધિવાળા અને અનુત્પન્ન તૈજસ અને વૈક્રિય લબ્ધિવાળા ૧૪ પૂર્વી સંયમી મનુષ્યને કાર્મણ,ઔદારિક અને આહારક શરીર એક સાથે હોય છે.

**(૧૧) અગ્યારમો વિકલ્પ :** (એકીયમતનો છઠ્ઠો વિકલ્પ -) ઉત્પન્ન થયેલ (તૈજસ અને વૈક્રિય) લબ્ધિવાળા મનુષ્યો અને તિર્યંચોના (તથા અનુત્પન્ન આહારક લબ્ધિવાળા તથા

**भाष्यम् :- कार्मण-तैजसौदारिकाणि[1] वा स्युः ।१२। न तु कदाचिद् युगपत् पञ्च भवन्ति। नापि वैक्रियाहारके (तैजसाहारके वा) युगपद् भवतः। स्वामिविशेषादिति वक्ष्यते ॥२/४४॥**

— गन्धहस्ति —

(१२) (उत्पन्नतैजसलब्धिनां तिर्यग्मनुष्याणां, उत्पन्नतैजसलब्धेश्च) चतुर्दशपूर्वधरमनुष्यस्यानुत्पन्न-वैक्रिय-लब्धेः (वैक्रियाहारकलब्धेः ?) **कार्मण-तैजसौदारिकाणि**[2] युगपत्, एवमेतेऽन्याचार्यदर्शनेन सप्त विकल्पा संभवन्ति[3] ॥

इदानीमाचतुर्भ्य इत्यस्य व्यवच्छेदस्य फलं दर्शयति → **न तु कदाचित् पञ्च युगपद् भवन्ती**ति। नैव जातुचिदेकस्मिन् काले पञ्चानां सम्भवः आहारक-वैक्रिययोः (तैजस-आहारकयोर्वा) युगपदभावात्। एतदनेन भाष्यवचनेन दर्शयति → **नापि वैक्रियाहारके** (तैजसाहारके वा) **युगपद् भवतः**। पूर्व-

**ભાષ્યાર્થ : (૧૨) અથવા કાર્મણ તૈજસ અને ઔદારિક શરીર હોય પરંતુ ક્યારેય એક સાથે ૫ શરીર તો ન જ હોય. વૈક્રિય અને આહારક શરીર (અથવા તૈજસ અને આહારક) એક સાથે કોઈને ન જ હોય. કેમકે વૈક્રિય અને આહારકના (અથવા લબ્ધિ તૈજસ અને આહારકના) સ્વામી ભિન્ન ભિન્ન હોય છે. એ વાત આગળ ૨/૪૮-૪૯ સૂત્રમાં કહેવાશે. ॥૨/૪૪॥**

— *હેમગિરા* —

ઉત્પન્ન તૈજસ અને વૈક્રિયલબ્ધિવાળા ૧૪ પૂર્વધર મનુષ્યોને) કાર્મણ, તૈજસ, ઔદારિક અને વૈક્રિય એ ચારે શરીરો એક સાથે હોય છે.

**(૧૨) બારમો વિકલ્પ :** (એકીયમતનો સાતમો વિકલ્પ -) (ઉત્પન્ન તૈજસલબ્ધિવાળા તિર્યંચ અને મનુષ્યોને તથા ઉત્પન્ન તૈજસલબ્ધિવાળા અને) અનુત્પન્ન વૈક્રિય (અનુત્પન્ન આહારક) લબ્ધિવાળા ૧૪ પૂર્વી સંયમી મનુષ્યને કાર્મણ, તૈજસ, ઔદારિક શરીરો એક સાથે હોય છે. આ પ્રમાણે અન્ય આચાર્યના મત વડે આ ૭ વિકલ્પો સંભવે છે.

## ❊ સૂત્રગત પાંચમી વિભક્તિનો ફલિતાર્થ ❊

અત્યારે ભાષ્યમાં '**आ चतुर्भ्य**' પદ (= એક જીવને એક સાથે ૪ સુધીના જ શરીરો હોય એથી વધારે નહિ) એવા આ વ્યવચ્છેદ (નિયમન)ના ફળને દર્શાવે છે →

'**न तु कदाचित्**'..... ક્યારે પણ એક કાળમાં એક જીવને પાંચ શરીર નથી જ સંભવતા કારણ કે વૈક્રિય અને આહારક શરીર (અથવા તૈજસ અને આહારક શરીર) સાથે હોતા નથી. આ જ વાતને ભાષ્યકારશ્રી **नापि**... ઇત્યાદિ આ ભાષ્ય વચનથી જણાવે છે, અર્થાત્ આ પાંચે શરીરો ક્યારે પણ એક સાથે કોઈને સંભવતા નથી, એવું હમણાં જે પૂર્વની ભાષ્યપંક્તિમાં કહ્યું

१. °सौदारिकाहारकाणि - रा। २. कार्मण-तैजसौदारिकाहारकाणि मु. - (खं)। ३. भवन्ति - मु (भां.)।

मुपन्यस्तं (२/३७) पञ्च युगपन्न जातुचित् सम्भवन्तीति तद्भावनार्थमिदम्, अपिशब्दोऽवधारकः। नैव वैक्रियाहारके (तैजसाहारके वा) युगपद् भवतः, लब्धिद्वयाभावात्। एते उभे लब्धी युगपदेकत्र न सम्भवतो व्यक्तिरूपेण, यस्मिन् काले वैक्रियं (तैजसं वा) तस्मिन्नैव काले आहारकमिति, पर्यायेण तु सम्भवतः, कृत्वा वैक्रियं (तैजसं वा) उपरततद्व्यापारः करोत्येवाहारकं, तदभावाच्च नैककाले पञ्च शरीराणि सम्भवन्त्येकस्य। किं पुनः कारणमेकस्यैकदा ते [1]लब्धी न भवत इति ? **आह →**

**स्वामिविशेषादिति** वक्ष्यति → '***लब्धिप्रत्ययं च***' (अ. २, सू. ४८) '***शुभं विशुद्धमव्याघाति चाऽऽहारकं चतुर्दशपूर्वधरस्यैव***' (अ. २, सू. ४९) इत्यत्र सूत्रद्वये, स्वामिविशेषो **वक्ष्यते**। नृ-तिरश्चां लब्धिप्रत्ययं वैक्रियं (तैजसं वा) भवति, तद्यदा[2] संयतः करोति वैक्रियं (तैजसं वा) नियमत

● *હેમગિરા* ●

તેને સ્પષ્ટ કરવા માટે આ ભાષ્ય છે. ભાષ્યનો '**अपि**' શબ્દ અવધારણ (= જકાર) અર્થમાં છે, તેનો અર્થ આ પ્રમાણે કરવો →

જીવને બે લબ્ધિ એક સાથે ન હોવાથી વૈક્રિય અને આહારક શરીર (અથવા તૈજસ અને આહારક શરીર) એક સાથે ન હોય. કહેવાનો આશય એ છે કે આ બંને લબ્ધિ એક સાથે વ્યક્તિ (= પ્રકટીકરણ = ઉપભોગ) સ્વરૂપે એક જ જીવમાં ન સંભવે અર્થાત્ જે કાળમાં વૈક્રિય (અથવા તૈજસ) લબ્ધિનો ઉપભોગ હોય, તે જ કાળમાં આહારક લબ્ધિનો ઉપભોગ હોય એવું ન જ બને. વળી એ બે લબ્ધિનો ઉપભોગ પર્યાયની (= પરાવર્તનની = ક્રમની) અપેક્ષા વડે સંભવે છે.

## ❁ એક સમયે બે લબ્ધિનો અભાવ ❁

તે આ પ્રમાણે કે - વૈક્રિય કે તૈજસ શરીરને બનાવ્યા બાદ અટકી ગયેલ તે વૈક્રિય કે તૈજસના વ્યાપારવાળો તે જ જીવ આહારક શરીરને બનાવે છે અને આ પ્રમાણે વ્યક્તિરૂપેણ એક જીવમાં તે બેનો યુગપદ્ અભાવ હોવાથી એક કાળમાં પાંચ શરીર યુગપદ્ ન હોય.

**પ્રશ્ન :** શું કારણ છે કે એક કાળે એક જીવને તે બે આહારક અને વૈક્રિય (અથવા આહારક અને તૈજસ) લબ્ધિ નથી હોતી ?

**ઉત્તર : '**स्वामिविशेषादिति**'** સ્વામી વિશેષના કારણે અર્થાત્ બંને લબ્ધિના સ્વામી ભિન્ન ભિન્ન હોવાથી બંને લબ્ધિ એક સાથે એક જીવને ન હોય. '**लब्धि प्रत्ययं च**' ૨/૪૮ તથા '**शुभं विशुद्धमव्याघाति चाऽऽहारकं चतुर्दशपूर्वधरस्यैव**' ૨/૪૯ એમ આ બીજા અધ્યાયમાં બે સૂત્રોને કહેશે અને ત્યાં આ બંનેના ભિન્ન ભિન્ન સ્વામી છે એ પ્રમાણે કહેવાશે. મનુષ્ય અને તિર્યંચને લબ્ધિ-નિમિત્તક જ વૈક્રિય શરીર કે તૈજસ શરીર હોય છે. જ્યારે આહારક શરીર તો

१. ये ते लब्धी - भां / एते लब्धी - खं। २. तद्यथा - मु. (खं. भां.)।

## सूत्रम् :- निरुपभोगमन्त्यम्॥२/४५॥

• गन्धहस्ति •

एव प्रमत्तस्तदा भवति, उत्तरकालं च तां लब्धिमुपजीवन्, आहारकस्यापि प्रमत्तो निष्पादकः, निष्पत्त्युत्तर-कालं तु नियमत एवाप्रमत्तो भवतीत्यस्मात् स्वामिविशेषाद् वक्ष्यमाणान्न लब्धिद्वयमेकस्यैकदेति, आहारक-लब्धिमुपजीवन्नपि शुभाध्यवसायत्वादप्रमत्त इति॥२/४४॥

उक्तानि शरीराणि, किं पुनरेषां प्रयोजनम् ? उपभोगः उपभोगवन्ति शरीराणि, तेषां तु (निरूपभोग-मन्त्य मिति सूत्रम्।) अथवा इहौदारिकादिशरीरभाव तावत् सुखदुःखोपभोगो दृष्टस्तत् किं यदा कार्मणं विग्रहगतौ तदाऽनेन सुख-दुःखोपभोग आत्मना क्रियते नेति ?

## સૂત્રાર્થ : અંતિમ શરીર નિરૂપભોગ હોય છે. ॥૨/૪૫॥

• *હેમગિરા* •

લબ્ધિધારી, **૧૪** પૂર્વધારી અપ્રમત્ત સંયમીને જ હોય. જ્યારે સંયમી (= સર્વવિરતિધર) તે વૈક્રિય શરીર (કે તૈજસ શરીર)ને બનાવે છે ત્યારે તે નિયમા જ પ્રમાદી હોય છે અને ઉત્તરકાળે તે વૈક્રિય (કે તૈજસ) લબ્ધિને ભોગવતો અર્થાત્ લબ્ધિમાં વર્તતો પણ નિયમા પ્રમાદી હોય છે. જો કે આહારક શરીરનો પણ આરંભ કરનાર સંયમી પ્રમત્ત હોય છે. પરંતુ બનાવ્યા પછીના ઉત્તરકાળમાં નિયમા જ અપ્રમત્ત હોય છે. માટે આગળ કહેવાતા આ સ્વામી વિશેષને (= સ્વામી ભેદને) આશ્રયીને બે લબ્ધિ એક જીવને એક કાળે ન હોય. (જુદા કાળમાં એક જીવમાં હોઈ શકે) કેમકે આહારકમાં વર્તતો પણ સંયમી શુભ અધ્યવસાયવાળો હોવાથી અપ્રમત્ત હોય છે. (જ્યારે વૈક્રિય કે તૈજસ લબ્ધિમાં વર્તતો નિયમા પ્રમાદી જ હોય)॥**૨/૪૪**॥

**૨/૪૫ સૂત્રની અવતરણિકા : પ્રશ્ન :** અત્યાર સુધીમાં શરીરો કહેવાયા તે શરીરોનું પ્રયોજન શું છે તે કહો ?

**ઉત્તર :** શરીરોનું પ્રયોજન ઉપભોગ છે અર્થાત્ શરીરો ઉપભોગવાળા છે. પણ તે શરીરોમાં અંતિમ શરીર નિરુપભોગી હોય છે અર્થાત્ ઉપભોગ વિનાનું હોય છે. તે વાતને જણાવતું **૨/૪૫** સૂત્ર કહેવાય છે.

### ❊ કાર્મણ શરીરમાં ઉપભોગનો અભાવ ❊

(પ્રસ્તુત સૂત્રની અવતરણિકા બીજી રીતે →)

અથવા અહીં (= ભવસ્થદશામાં) જ્યાં સુધી ઔદારિક વગેરે શરીરનો સદ્ભાવ હોય છે ત્યાં સુધી સુખદુઃખનો ઉપભોગ દેખાયો છે. તો જ્યારે કાર્મણ શરીર વિગ્રહગતિમાં હોય છે ત્યારે એના (= કાર્મણ શરીર)થી આત્મા વડે સુખદુઃખનો ઉપભોગ શું કરાય છે કે નથી કરાતો ? આ પ્રમાણેના પ્રશ્નના ઉત્તર રૂપે **निरुपभोगमन्त्यम्** એમ **૨/૪૫** સૂત્ર કહેવાય છે.

**भाष्यम् :- अन्त्यमिति सूत्रक्रमप्रामाण्यात् कार्मणमाह।**

• गन्धहस्ति •

**उच्यते → निरुपभोगमन्त्यम्** (इति सूत्रम्)। अथवा शरीराणामिन्द्रियत्वं सुख-दुःखोपलब्ध्य-धिष्ठानत्वं व्यापारश्चास्ति, कार्मणमपि च शरीरन्यायवचनात् व्यापारवच्च विग्रहगतौ कर्मयोगवचनाच्च परकारणत्वाच्च। **नन्विन्द्रियवदङ्गोपाङ्गनिर्वृत्तेरभावात्** तत् किमस्मिन्नर्थोपलब्धि-सुख-दुःखोपभोग-विशेषो नास्ति लब्धीन्द्रियसद्भावे सतीति ?

**उच्यते →** तान्येव सोपभोगानि समस्तोपभोगकारणत्वात्[1] कालान्तरावस्थानाच्च, इदं तु → **निरुपभोगमन्त्यम्** (इति सूत्रम्)।

**अन्त्यमिति सूत्रक्रमप्रामाण्या**दित्यादि[2] भाष्यम्। अन्ते भवमन्त्यम्, कस्यान्त्यमिति चेद् अत आह → **सूत्रक्रमप्रामाण्या**दौदारिकादिशरीराणां चतुर्णां पर्यन्तवर्ति **कार्मणमाह**, सूत्रकारादविभक्तोऽपि

**ભાષ્યાર્થ :સૂત્રમાં જણાવેલ ક્રમ પ્રમાણભૂત હોવાથી 'अन्त्यम्' શબ્દથી અંતમાં રહેલા એવા કાર્મણ શરીરને સૂત્રકારશ્રી કહે છે,**

• *હેમગિરા* •

અથવા (ત્રીજી રીતે અવતરણિકા આ મુજબ છે -) શરીરોમાં ઇન્દ્રિયો, સુખ અને દુઃખની ઉપલબ્ધિનું આધારપણું અને વ્યાપાર હોય છે.

કાર્મણ પણ '**शीर्यते इति शरीरं**' આવા ન્યાય=વ્યુત્પત્તિ યુક્ત વચનથી શરીર છે અને વિગ્રહગતિમાં કર્મયોગ (= **विग्रहगतौ कर्मयोगः** ૨/૨૬ સૂત્રથી) કહેવાયો હોવાથી અને તે કાર્મણ શરીર અન્યનું (ઔદારિક વગેરે શરીર રૂપ કાર્યોનું) કારણ હોવાથી વ્યાપારવાળું જ છે.

**પ્રશ્ન :** વિગ્રહગતિમાં લબ્ધિ ઇન્દ્રિયનો સદ્ભાવ હોય એ અપેક્ષાએ ઇન્દ્રિયવાળા એવા જે કાર્મણ શરીરમાં અંગોપાંગની રચનાનો અભાવ હોવાથી શું અર્થોપલબ્ધિ (= પદાર્થોનો બોધ) અને સુખ-દુઃખનો ઉપભોગ નથી ?

**ઉત્તર :** (હા, નથી કેમકે) તેઓ (= ઔદારિકાદિ) જ સમસ્ત ઉપભોગમાં કારણ હોવાથી અને કાલાંતરમાં રહેતાં હોવાથી ઉપભોગવાળા છે. આ છેલ્લું કાર્મણ શરીર તો ઉપભોગ વિનાનું છે.

(આ કાર્મણ શરીર સમસ્ત ઉપભોગમાં કારણ નથી કેમકે આમાં નિર્વૃત્તિ અને ઉપકરણ ઇન્દ્રિયનો અભાવ છે વળી આ કાર્મણ શરીર અતિ અલ્પકાલીન છે. આ બધી વાત આગળ આ જ સૂત્રના વિવેચનમાં ખુલ્લી કરશે) આ જ વાતને જણાવતાં ૨/૪૫ સૂત્રને કહે છે. **निरुपभोगमन्त्यम्।** એ **૨/૪૫** સૂત્ર છે અને તેનું '**अन्त्यमिति.....**' ઇત્યાદિ ભાષ્ય છે, તેનો અર્થ આ પ્રમાણે છે કે અંતમાં રહેલું તે 'અંત્ય' કહેવાય. કોના અંતમાં રહેલું ? આ પ્રમાણે પ્રશ્ન ઉપસ્થિત થતો

१. °णत्वातन्तराव° - क-ख। २. °त्यादिति - अन्ते - मु (खं. भां.)।

**भाष्यम् :- तत् निरुपभोगम्। न सुख-दुःखे तेनोपभुज्यते, न तेन कर्म बध्यते, न वेद्यते, नापि निर्जीर्यत इत्यर्थः।**

● गन्धहस्ति ●

हि भाष्यकारो विभागमादर्शयति [1]पर्यार्यनयसमाश्रयणात्। औदारिकादिशरीरचतुष्टयपर्यन्तवर्ति **तत् निरुपभोगं** = निरस्तोपभोगं निरुपभोगम्, उपभोगो वक्ष्यमाणः प्रतिविशिष्ट एव, तदभावान्निरुपभोगमुच्यते। कः पुनरसावुपभोगो यमधिकृत्योच्यते निरुपभोगम् ? अत आह → **'न सुख-दुःखे तेनोपभुज्येते'** इति (भाष्यम्)। [2]मनोज्ञशब्दादिविषयसम्पर्कजं च सुखममनोज्ञशब्दादिविषयसम्पर्कजं च दुःखं न तेनोपभुज्येते निर्वृत्त्युप-करणेन्द्रियाभावाल्लब्धीन्द्रियसन्निधौ सत्यपि, [3]उभयेऽपि हि शब्दादयो विषया निर्वृत्त्युपकरणेन्द्रियविरह-विह्वलेन कार्मणेन नोपभोक्तुं शक्यन्त इति निरुपभोगम्, असङ्ख्यातसमयनिर्वृत्तश्च छद्मस्थस्य सुख-

**ભાષ્યાર્થ : તે કાર્મણ શરીર નિરૂપભોગ હોય છે. સુખ કે દુઃખ તેના વડે ભોગવાતાં નથી. તેના વડે કર્મ બંધાતા નથી, વેદાતા નથી, નિર્જરિત (= ક્ષય) પણ કરાતા નથી.**

● *હેમગિરા* ●

હોવાથી તેના ઉત્તરમાં કહે છે કે ૨/૩૭ સૂત્રનો ક્રમ પ્રમાણભૂત હોવાથી ઔદારિકાદિ ૪ શરીરોના અંતમાં રહેલા કાર્મણ શરીરને સૂત્રકારશ્રી કહે છે. સૂત્રકારશ્રીથી અવિભકત (= અભિન્ન) એવા પણ ભાષ્યકારશ્રી પર્યાયાર્થિક નયનો આશ્રય કરવાના કારણે ભાષ્યમાં "**कार्मणमाह**" એમ પ્રયોગ કરવા દ્વારા વિભાગ (= ભેદ)ને દર્શાવે છે. ઔદારિકાદિ ૪ શરીરની અંતે રહેલું તે કાર્મણ શરીર નિરુપભોગ અર્થાત્ નિરસ્ત ઉપભોગવાળું કહેવાય છે.

### ❊ ઉપભોગનો હાર્દ ❊

(હવે નિરુપભોગના સ્વરૂપને જણાવવા ઉપભોગના સ્વરૂપને કહે છે) આગળ ઉપર કહેવાતો ઉપભોગ એક વિશિષ્ટ (= ચોક્કસ પ્રકારનો) જ છે તે ઉપભોગનો અભાવ હોવાથી 'નિરુપભોગ' કહેવાય છે.

વળી આ ઉપભોગ શું છે કે જેને આશ્રયી 'નિરુપભોગ' એ પ્રમાણે કહેવાય છે ? આ પ્રમાણે પ્રશ્ન કર્યો ઉપસ્થિત થતો હોવાથી એના ઉત્તર માટે ભાષ્યકારશ્રી '**न सुख-दुःख**..... ઇત્યાદિ ભાષ્યને કહે છે. જ્યારે લબ્ધિ ઇન્દ્રિયનો સદ્ભાવ હોય ત્યારે પણ નિર્વૃત્તિ અને ઉપકરણ ઇન્દ્રિયોનો અભાવ હોવાથી મનોજ્ઞ (= સુંદર) શબ્દ આદિ વિષયોના સંપર્કથી ઉત્પન્ન થતું સુખ અને અમનોજ્ઞ શબ્દ આદિ વિષયના સંયોગથી જન્મતું દુઃખ તે કાર્મણ શરીર વડે ભોગવાતું નથી કહેવાનો આશય એ છે કે - ખરેખર નિર્વૃત્તિ અને ઉપકરણ ઇન્દ્રિયોના વિરહથી વિહ્વળ (= અસહાય) એવા કાર્મણ શરીર વડે બંનેય (મનોજ્ઞ અને અમનોજ્ઞ) શબ્દાદિ વિષયો ભોગવી

१. व्युच्छित्तिनय° - मु/ (खं. भा.)। २. मनोज्ञामनोज्ञशब्दादिविषयसम्पर्कजं च सुखं दुःखं न तेनो° - मु. (खं. भां.)। ३. उभयोऽपि - खं. भां.।

दुःखोपभोगः, विग्रहगतेश्च चतुःसमयपरत्वात् सोऽयुक्तः, तथा '**न तेन कर्म बध्यते, न वेद्यते, नापि निर्जीर्यते**[१] **इत्यर्थः**' उपभोगविशेषनिषेधप्रदर्शनार्थमिदमातन्यते, तेन कार्मणेन वपुषा न खलु कर्म बद्धुं पार्यते, अभिव्यक्तकारणाभावात्,[२] [३]कारणैर्हि कर्ता व्यापारमातनोति पाणि-पाद-श्रोत्रादिभिः तद्यथा → औदारिकशरीरी मनोऽभिसन्धानपूर्वकमाकृष्याकर्णान्तं शिलीमुखं मृगवधाय क्षिपति, असत्प्रलापादि बहु भाषते, अदत्तद्रविणमादत्ते पाण्यादिना, योषितमभिगच्छति सकलकायव्यापारेण, परिगृह्णाति मनोवाक्कायव्यापारैः, एवमेष कर्मबन्धकरणकलापस्तदा न समस्त्यभिव्यक्तस्वरूपः कार्मणे, तद्धि पाणि-पाद-मुख-लोचनाद्यवयवविनिर्मुक्तं मनो-वाग्व्यापाररहितं च, अतो न हिंसाद्यास्रवकृतं तेन कर्म बध्यते। तथा तेन न वेद्यते, न निर्जीयते वा, एवंविधास्रवजनितकर्म तेन शरीरकेण नानुभूयते, तस्य ह्युपभोगो



શકાતા નથી. એથી (કાર્મણને) 'નિરુપભોગ' કહેવાય છે. (સુખ-દુઃખના ઉપભોગના અભાવનું બીજું કારણ) વળી છદ્મસ્થ જીવને સુખ-દુઃખનો ઉપભોગ અસંખ્ય સમય વડે નિર્વૃત્ત (= બનેલો) હોય છે અને વિગ્રહગતિ તો વધુમાં વધુ ૪ સમયવાળી હોવાથી (તેમાં વર્તનારા કાર્મણ શરીરવાળા છદ્મસ્થ જીવને) તે સુખ-દુઃખનો ઉપભોગ (તેમાં) યુકત નથી.

## ❊ અંતર્ગતિમાં વિશિષ્ટ ઉપભોગનો અભાવ ❊

તથા **न तेन कर्म**..... ઇત્યાદિ આ ભાષ્ય વિશિષ્ટ ઉપભોગના નિષેધને દેખાડવા માટે લખાય છે, તેનો અર્થ આ પ્રમાણે છે કે ખરેખર તે કાર્મણ શરીર વડે જીવ કર્મને બાંધવા માટે શકય નથી કારણકે તે વિગ્રહગતિમાં કર્મબંધ માટેના અભિવ્યકત કારણોનો (= સાધનનો) અભાવ છે. હાથ-પગ-કાન આદિ કારણો (= સાધનો) વડે કર્તા વ્યાપારને કરે છે, તે આ પ્રમાણે કે ઔદારિક શરીરવાળો પ્રાણી બાણને છેક કાન સુધી ખેંચીને હરણના વધ માટે માનસિક પ્રણિધાનપૂર્વક ફેંકે છે (અર્થાત્ હિંસાત્મક વૃત્તિ સાથે પ્રવૃત્તિ કરે છે), તથા અસત્ય પ્રલાપ આદિ ઘણું બોલે છે, નહીં આપેલું ધન હાથ આદિ વડે લે છે (= ચોરી કરે છે), સકલ કાયના વ્યાપાર દ્વારા સ્ત્રીનો ઉપભોગ કરે છે તથા મન, વચન અને કાયાના વ્યાપાર દ્વારા (ષટ્કાય જીવોની વિરાધનાવાળા ધંધાથી) પરિગ્રહ કરે છે.

આ પ્રમાણે આ અભિવ્યકત સ્વરૂપવાળા કર્મબંધના સાધનોનો સમૂહ ત્યારે વિગ્રહગતિ વિશે કાર્મણ શરીરમાં હોતો નથી, કારણકે તે કાર્મણ શરીર હાથ, પગ, મુખ, આંખ આદિ અવયવોથી રહિત તથા મન અને વચનના વ્યાપાર વિનાનું હોય છે અને આથી જ હિંસાદિ આસ્રવથી કરાયેલ કર્મ તે કાર્મણ શરીરથી બંધાતા નથી. તેમજ તેના (= કાર્મણ શરીર)થી વેદાતા નથી કે નિર્જરા પામતાં નથી અર્થાત્ આવા પ્રકારના આશ્રવથી ઉત્પન્ન થયેલું કર્મ તે કાર્મણ શરીર વડે

१. निजीर्यते - भां.। २. °करणाभा° - भां.। ३. करणै° - भां.।

नारकादिगतिषु नान्तर्गतौ, अत्यल्पकालत्वात् औदारिक-वैक्रियाभावाच्च, अनुभूयमानमेव[1] हि निर्जीर्यते नीरसतामापाद्यमानं परिशटदात्मप्रदेशेभ्यः [2]प्रत्यस्तस्नेहलेशमामुक्तरसकुसुम्भकवन्निर्जीर्णमुच्यते, न चैतत् तस्यामवस्थायां मनोव्यापाराभावात् प्रतिपत्तुमुत्सहन्तेऽतिकोविदाः, तथा कार्मणं हि कर्म-सङ्घातः स चोपभोग्यो भवति, नोपभोजकः।

औदारिकाद्यप्येवमेवेति[3] चेत्, न, बाह्येन्द्रिय[4]प्रत्यक्षतामङ्गीकृत्योपभोक्तृत्वमौपचारिकमत्यन्त-प्रसिद्धम्, अतोऽभिव्यक्तसुख-दुःख-कर्मबन्धानु[5]भव-निर्जरालक्षणमुपभोगमाधाय चेतसि कार्मणमनुपभोग-मध्यगायि सूरिणा, इत्येवमुपात्तप्रतिविशिष्टोपभोगव्यतिरिक्तेनोपभोगेन यदि तदभिसम्बध्यते गमना-

• હેમગિરા •

અનુભવાતું નથી, કેમકે તે હિંસાદિ આશ્રવ જન્ય કર્મોનો ઉપભોગ (= અનુભવ) નારકાદિ ગતિઓમાં થાય છે, અંતર્ગતિમાં થતો નથી. અંતર્ગતિમાં ઉપરોક્ત ઉપભોગ ન થવાનું કારણ એ છે કે ત્યાં કાળ અતિઅલ્પ છે તથા ઔદારિક કે વૈક્રિય શરીરનો ત્યાં અભાવ છે. (હવે તેના વડે નિર્જરા કેમ થતી નથી તે કહેવાય છે કે -) ખરેખર ભવસ્થ દશામાં અનુભવાતું જ કર્મ નિર્જરા પામે (= ખરે) છે, રસ વિનાના કુસુંભક પુષ્પની જેમ ચીકાશનો અંશ નીકળી જવાથી અર્થાત્ રસ વગરનું થવાથી જે કર્મ આત્મપ્રદેશોથી ખરે છે તે કર્મ 'નિર્જીર્ણ' (= નિર્જરિત) કહેવાય છે. વળી તે વિગ્રહગતિની અવસ્થામાં મનોવ્યાપારનો અભાવ હોવાથી (કાર્મણ શરીર વિશે) કોઈ ચતુર પુરુષો આ નિર્જરિત દશા સ્વીકારવા માટે તૈયાર નથી. (કારણકે જ્યાં મનોવ્યાપાર હોય ત્યાં જ બંધ, ઉદય, નિર્જરા વગેરે ઘટે, અન્યત્ર નહિ. એકેન્દ્રિય વગેરે ગતિઓમાં પણ અવ્યક્ત ભાવ મનનો વ્યાપાર હોય છે.) તથા કાર્મણ શરીર ખરેખર કર્મના સમૂહ રૂપ છે અને તે સમૂહ ઉપભોગ્ય હોય છે, ઉપભોક્તા (= કર્મોનો ભોક્તા) નહિ.

## ❁ ઔદારિકાદિ શરીરોમાં ઉપભોક્તાની સિદ્ધિ ❁

**પ્રશ્ન :** ઔદારિક આદિ શરીરો પણ આ પ્રમાણે જ છે. અર્થાત્ ઔદારિકાદિ વર્ગણા પણ દલિકના સમૂહ રૂપ છે, તો તેઓ પણ ઉપભોગ્ય જ બને, ઉપભોક્તા કઈ રીતે બને ?

**ઉત્તર :** તમારી વાત યોગ્ય નથી કેમકે બાહ્ય ઇન્દ્રિયોની પ્રત્યક્ષતાને અપેક્ષીને ઔદારિક શરીરનું ઉપભોક્તાપણું ઔપચારિક રીતે અત્યંત પ્રસિદ્ધ છે.

આ પ્રમાણે પ્રસ્તુત સૂત્રમાં અભિવ્યક્ત સુખ-દુઃખ, કર્મબંધ, કર્મ અનુભવ, કર્મ નિર્જરા સ્વરૂપ વિશિષ્ટ ઉપભોગને મનમાં રાખીને વાચકશ્રીએ કાર્મણ શરીર ઉપભોગ વિનાનું કહ્યું છે. (હવે કાર્મણને ઉપભોક્તા કઈ વિવક્ષાથી કહી શકાય તે કહે છે →) તે આ પ્રમાણે → ઉપર

१. °मेवेह - मु (खं. भां.)। २. प्रत्ययस्तनेहलेशमानुक्तरस° - क-ख। ३. °प्येवमिति - मु (खं. भां.)।
४. °यपक्षता° - मु (खं.)। ५. °कर्मानुबन्ध° - मु (भां. पा.)।

**भाष्यम् :- शेषाणि तु सोपभोगानि।**

**गन्धहस्ति**

दानादिक्रियारूपेण कषाय-योगप्रत्ययेन[1] वा बन्धेन न कश्चिद् दोषः। एवंविधः सर्वथोपभोगस्तस्य प्रतिषिध्यते नोपभोगसामान्यमिति। अथ कार्मणव्यतिरिक्तानि शरीराणि कथं प्रतिपत्तव्यानीति ? अत आह → **शेषाणि तु सोपभोगानी**त्यादि (भाष्येण)। उक्तं कार्मणम्, तद्व्यतिरिक्तान्यौदारिक-वैक्रिया-हारकतैजसानि शेषशब्देनाभिधित्सितानि, तानि च सोपभोगानि प्रतिपत्तव्यानि। कथम् ? औदारिके तावन्निर्वृत्त्युपकरणेन्द्रियसद्भावादिष्टानिष्टविषयसम्पृक्तौ सत्यां सुख-दुःखोपभोगः, परिस्फुट-परिनिष्पन्न-पाणिपादावयवकलापत्वाच्च वधानृताद्यास्रवद्वारवर्तित्वात् कर्मबन्धानुभव-निर्जराः सिद्धाः, वैक्रिये-ऽप्येवमेव भावना कार्या। आहारके तु शरीरेन्द्रियाभिव्यक्तौ सत्यां सुख-दुःखोपभोगः सम्भवति। नन्वप्रमत्त इत्युक्तं प्राक् को दोषः ? सत्यामपि शब्दाद्युपलब्धौ न प्रमाद्यत्यस्याम्, अनवस्थितशुभाशुभगुणाः

**ભાષ્યાર્થ : શેષ ૪ શરીરો ઉપભોગ સહિતના હોય છે.**

***હેમગિરા***

ગ્રહણ કરાયેલ પ્રતિવિશિષ્ટ ઉપભોગ સિવાય વિગ્રહગતિમાં થતી ગમન અને આદાન (= ગ્રહણ) આદિ ક્રિયા સ્વરૂપ અને કષાય અને યોગના નિમિત્તવાળા કર્મબંધ સ્વરૂપ સામાન્ય ઉપભોગ વડે તે કાર્મણ શરીર ઉપભોગવાળું કહેવાય તો કોઈ દોષ નથી. આમ આવા પ્રકારનો ઉપરોક્ત વિશિષ્ટ ઉપભોગ તે કાર્મણ શરીર વિષે સર્વથા નિષેધ કરાયો છે. સામાન્ય ઉપભોગ નિષેધ કરાયો નથી.

કાર્મણ શરીર તો નિરૂપભોગ કહેવાયું પરંતુ કાર્મણ સિવાયના અન્ય શરીરો કઈ રીતના જાણવા ? (ઉપભોગ સહિતના કે ઉપભોગ રહિતના ?) = આ પ્રમાણે પ્રશ્ન ઉપસ્થિત થતો હોવાથી એના ઉત્તર માટે '**शेषाणि तु सोपभोगानि**' ઇત્યાદિ ભાષ્યને કહે છે. તેનો અર્થ આ પ્રમાણે → કાર્મણ શરીર કહેવાઈ ગયું છે. તેના સિવાયના અન્ય ઔદારિક, વૈક્રિય, આહારક અને તૈજસ શરીરો શેષ શબ્દથી કહેવાને ઇષ્ટ છે અને તેઓ ઉપભોગ સહિતના સ્વીકારવા.

**પ્રશ્ન :** કઈ રીતે ?

**ઉત્તર :** તે આ રીતે કે - ઔદારિક શરીર વિશે તો નિર્વૃત્તિ અને ઉપકરણ ઇન્દ્રિય રહેલી હોવાથી તેની સાથે જયારે ઇષ્ટ-અનિષ્ટ વિષયોનો સંપર્ક થાય ત્યારે સુખ-દુઃખનો ઉપભોગ થાય છે. વળી આ ઔદારિક શરીરમાં સ્પષ્ટ અને સંપૂર્ણ રીતે નિષ્પન્ન એવા હાથ-પગ વગેરે અવયવોનો સમૂહ હોવાથી ઔદારિક શરીરવાળો જીવ હિંસા, અસત્ય આદિ આસ્રવ દ્વારોમાં વર્તે છે અને આથી કર્મબંધ, કર્મ અનુભવ અને નિર્જરા સ્વરૂપ વિશિષ્ટ ઉપભોગો સિદ્ધ છે. વૈક્રિય શરીરમાં પણ એ પ્રમાણે જ ભાવના કરવી. આહારકમાં તો જયારે શરીર અને ઇન્દ્રિય અભિવ્યકત પ્રગટ

१. येन बन्धेन-मु (खं. भां.)।

• गन्धहस्ति •

शुभाशुभगुणाः खल्वमी शब्दादयो विषया न मनस्विनः परितोषमाधातुं क्षमा इत्यनित्यतावगमपूर्विकां वैराग्यवासनामेवाधिवसति, न तूत्कर्षमायाति, निन्दां वा समादत्ते, किन्तु यथावस्थिततया स्वसङ्कल्प-शिल्पविरचनां विधूय तान् विषयान् स विद्वान् परिणमयति, कर्मबन्धानुभव-निर्जरणानि त्वस्य तथाविधास्रव-जनितानि न सम्भाव्यन्तेऽप्रमत्तत्वादेव, न चावश्यं [1]कार्मणेऽसम्भवता सकलेनोपभोगेन तत्र भवितव्यम्, सुख-दुःखोपभोगेनापि हि भोगवदेवेष्यते न निरुपभोगं यथासम्भवमर्थप्रतिपत्तेः, सामान्यतो वा सम्भवः,

• હેમગિરા •

થાય ત્યારે સુખ-દુઃખનો ઉપભોગ સંભવે છે.

## ❊ આહારક શરીર નિરૂપભોગ નથી ❊

**પ્રશ્ન :** અપ્રમત્તને આહારક શરીર હોય છે એમ પૂર્વે કહેવાયું છે તેમાં શું દોષ છે અર્થાત્ તે વાત શું ખોટી છે કે જેથી હમણાં એને ઉપભોગવાળો બતાવી રહ્યા છો, કેમકે ઉપભોગ લાવશો તો અપ્રમત્તતા જતી રહેશે. તે આ રીતે શબ્દાદિની ઉપલબ્ધિમાં સુખ-દુઃખનો ઉપભોગ થતાં રાગ-દ્વેષ જન્ય વિશિષ્ટ કર્મબંધ આદિ થશે અને રાગ-દ્વેષ થતાં અપ્રમત્તતા શી રીતે ટકશે ?

**ઉત્તર :** જ્યારે શબ્દાદિની ઉપલબ્ધિ થાય ત્યારે પણ એમાં આ જીવ પ્રમાદી બનતો નથી કેમકે 'ખરેખર અનવસ્થિત (પરિવર્તનશીલ) એવા શુભ અને અશુભ ગુણવાળા આ શબ્દાદિ વિષયો ચતુર સાધકને સંતોષ આપવા માટે સક્ષમ નથી.' એમ અનિત્યતાના બોધપૂર્વકના વૈરાગ્યના સંસ્કારને જ અપ્રમત્ત સંયમી વાસિત (= ભાવિત) કરે છે, પણ (આ શબ્દાદિ મનોજ્ઞ વિષયો મળવાથી તે) ઉત્કર્ષને (અહંકાર-હર્ષને) વશ થતો નથી અને (અમનોજ્ઞ મળવાથી) નિંદા-શોકને કરતો નથી કિંતુ પોતાના સંકલ્પો સ્વરૂપ શિલ્પની રચના (= ઈમારત)ને ધૂણાવી (= વિધ્વંસ કરી)ને તે વિદ્વાન (= આહારક શરીરધારી ચૌદપૂર્વી) તે શબ્દાદિ વિષયોને યથાવસ્થિતપણે (= રાગ અને દ્વેષ કર્યા વિના જે રીતે છે તે રીતે) પરિણમાવે છે. વળી તેવા પ્રકારના આશ્રવથી જનિત કર્મોના બંધ, અનુભવ અને નિર્જરા સ્વરૂપ વિશિષ્ટ ઉપભોગ આ સંયમીને સંભવતા નથી કેમકે એ વખતે આ અપ્રમત્ત જ હોય છે અર્થાત્ સુખ-દુઃખના ઉપભોગમાં પણ રાગ-દ્વેષ રહિત, સમતાયુકત હોય છે તેમજ (આહારક શરીરને ઉપભોકતા કહેવા માટે) કાર્મણ શરીરમાં નહિ સંભવતા એવા સમગ્ર વિશિષ્ટ ઉપભોગ ત્યાં = આહારક શરીરમાં અવશ્ય હોવા જોઈએ એવું નથી કેમકે કાર્મણ શરીરમાં નહિ સંભવતા એવા એક સુખ-દુઃખ સ્વરૂપ વિશિષ્ટ ઉપભોગ વડે પણ આહારક શરીર ઉપભોગવાળું જ ઈચ્છાય છે, નિરૂપભોગ નહીં. (સુખ-દુઃખના ઉપભોગ સ્વરૂપ એક ઉપભોગ વડે પણ ઉપભોગવાળું કહેવાય છે એનું કારણ આ છે કે) યથાસંભવ (= જેમાં જેટલો સંભવે તેટલો) અર્થ સ્વીકારાય છે અથવા સામાન્યથી (સકલ ઉપભોગનો) સંભવ

१. कार्मणं संभवता - खं. भां.।

**भाष्यम् :- यस्मात् सुख-दुःखे तैरुपभुज्येते कर्म बध्यते वेद्यते निर्जीर्यते च, तस्मात् सोपभोगानीति ॥२/४५॥**

**गन्धहस्ति**

अनुभव-निर्जरणे तु प्राक् कृतकर्मणोऽपि स्तः, कर्मबन्धस्त्वप्रमत्तत्वाद[1]तिदुर्घटः, तथाविधो योगप्रत्ययः पुनः केवलिनोऽपि न निवर्तत एवेति प्रतिपत्तव्यम्। तैजसशरीरेण तेजसि निसृष्टे दग्धे वैरिणि मनसः परितोषसुखमापाद्य जायते परमानन्दः, तथाऽनुग्राह्यपक्षे शिशिरतेजोनिसर्गेण परित्राते प्राणिनि प्रीतेरनुत्तमायाः प्रादुर्भावः। दुःखमपि वेद्यते तपःप्रभावादिभिर्बलवता परिरक्षितस्य द्विषोऽन्यस्य वा स्वनिसृष्टे तेजस्यप्रभवति मनागप्यपकर्तुमुपकर्तुं वा तैजसशरीरभाजः स्फुटमेव। एष चैवंविधसुख-दुःखोपभोगस्तैजसनिमित्त इति तेन द्वारेणोपजायते, अतस्तेन सुख-दुःखे उपभुज्येते, शापानुग्रहप्रवणत्वात्, तद्द्वारेणैव पुण्यस्यापुण्यस्य वा बन्धः तत्पूर्विके [2]चानुभव-निर्जरे न प्रतिषेद्धुं पार्येते, अतस्तदपि सोपभोगम्,

**ભાષ્યાર્થ : જેથી કે તે શરીરોથી સુખ અને દુઃખ ભોગવાય છે, કર્મ બંધાય છે, વેદાય છે અને ક્ષય પણ કરાય છે તેથી તેઓ ઉપભોગ સહિતના કહેવાય છે. ॥૨/૪૫॥**

***હેમગિરા***

છે, તે આ રીતે - અનુભવ અને નિર્જરા પૂર્વે કરેલા કર્મની પણ તેમને હોય છે પરંતુ અપ્રમત્ત હોવાને લીધે નવીન કર્મબંધ તો અતિ મુશ્કેલ છે. છતાં તથાવિધ યોગનિમિત્તક કર્મબંધ તો કેવળીઓને પણ અટકતો નથી જ. આથી અહીં આહારક દેહ વિશે પણ યોગ પ્રત્યય કર્મબંધ તો અવશ્ય સ્વીકારવો.

## ❋ તૈજસમાં ઉપભોગ સિદ્ધિ ❋

(હવે તૈજસ શરીરમાં કઈ રીતે સુખ-દુઃખનો ઉપભોગ છે તેને જણાવે છે -) તૈજસ શરીર વડે તેજોલેશ્યાનું વિસર્જન કરવાથી જ્યારે વૈરીનું દહન થાય ત્યારે(તૈજસ શરીરવાળો જીવ) મનથી (= માનસિક) સંતોષ રૂપ સુખને મેળવીને પરમ આનંદવાળો થાય છે તથા અનુગ્રહ કરવા યોગ્ય વ્યક્તિ ઉપર શીતતેજો (= શીત) લેશ્યાને ફેંકવા વડે તે પ્રાણીની જ્યારે રક્ષા થાય ત્યારે અનુત્તમ (= સર્વોત્તમ) પ્રીતિની ઉત્પત્તિ થાય છે. એજ રીતે તૈજસ શરીરવાળા જીવને જ્યારે પોતાના શત્રુને કોઈ બળવાન સાધક પોતાના તપના પ્રભાવ આદિથી રક્ષણ કરે ત્યારે અથવા જ્યારે અન્ય ઉપર પોતાના દ્વારા મુકાયેલી તેજોલેશ્યા કાંઈક પણ અપકાર કે ઉપકાર કરવા માટે સમર્થ ન થાય ત્યારે સ્પષ્ટ જ દુઃખ પણ અનુભવાય છે અને આ આવા પ્રકારના સુખ અને દુઃખનો આ ઉપભોગ તૈજસ શરીરના નિમિત્તવાળો છે. અર્થાત્ તે તૈજસ શરીરના માધ્યમે સુખ-દુઃખનો ઉપભોગ થાય છે અને આથી તે તૈજસ શરીર વડે સુખ-દુઃખનો ઉપભોગ કરાય છે એમ કહેવાય છે. કારણકે તૈજસ શરીર શાપ અને અનુગ્રહ કરવામાં ચતુર છે. તે તૈજસ શરીર દ્વારા જ થતો પુણ્ય કે પાપનો બંધ અને તે તૈજસ શરીર પૂર્વક થતો ઉદય અને નિર્જરાનો પણ નિષેધ કરવો શકય નથી. એથી (= ઉપરોકત ઉપભોગ ઘટતા હોવાથી) તે તૈજસ શરીર પણ

१. 'त्वप्रमादत्वाद'-मु (खं. भां.)। २. 'विकैवानु - मु. (खं)।

**भाष्यम् :- अत्राह → एषां पञ्चानामपि शरीराणां सम्मूर्च्छनादिषु त्रिषु जन्मसु किं क्व जायत इति ? अत्रोच्यते →**

● गन्धहस्ति ●

समुद्घातनिसर्गतात्मकत्वात्[1]।

लब्धिप्रत्ययमेतदेवं भवतु, यत् पुनः सर्वदा समस्ति सर्वप्राणिषु तत् कथं सोपभोगम् ? तदपि हि परिगृहीताहारपाककारित्वात् सम्यक्परिणामापादनात् सुखमाधत्ते, तद्विपरीततया तु व्याप्रियमाणं तदेव दुःखाय सम्पद्यते, कर्मबन्धानुभव-निर्जरास्तु प्रत्येकं तस्य न सम्भाव्यन्ते, औदारिकादिसहवर्तित्वात्, अतः पूर्वकेणाप्युपभोगेन सोपभोगं भवत्येवेति मा न परितुषः। **शेषाणि तु सोपभोगानि** इत्यस्यैव वचनस्य विवरणद्वारेण भाष्यप्रणयनं **यस्मादि**त्यादि। अन्येनोपभोगेन सोपभोगानि मा ग्रहीत् [2]कश्चिदतः सुहृद् भूत्वा सूरिराचष्टे → औदारिकादिभिः सुख-दुःखोपभोगः कर्मबन्धानुभव-निर्जराश्च व्याख्यात-

**ભાષ્યાર્થ : પ્રશ્ન : સંમૂર્ચ્છિમાદિ ૩ જન્મોને વિશે આ પાંચ શરીરોમાં કયું (શરીર) ક્યાં (જન્મમાં) હોય છે ?**

**ઉત્તર : આના ઉત્તરમાં ૨/૪૬મું સૂત્ર કહેવાય છે.**

● *હેમગિરા* ●

ઉપભોક્તા કહેવાય છે. કારણકે તે (= તૈજસ શરીર) સમુદ્ઘાત વડે નિસર્ગતા આત્મક હોય છે અર્થાત્ તૈજસ સમુદ્ઘાત વડે તેનું નિસર્જન થતું હોય છે. (સમુદ્ઘાત કરવામાં કર્મનો અનુભવ અને નિર્જરા સ્વરૂપ ઉપભોગ હોય છે.)

**પ્રશ્ન :** લબ્ધિના નિમિત્તવાળું આ તૈજસ ઉપર કહ્યા મુજબ ઉપભોગવાળું થાઓ, પરંતુ જે સર્વદા સર્વ પ્રાણીઓમાં છે, તે (સહજ તૈજસ શરીર) શી રીતે ઉપભોગવાળું મનાય ?

**ઉત્તર :** તે સહજ તૈજસ શરીર પણ ગ્રહણ કરેલા આહારને પાચન કરાવનારું હોવાથી સમ્યક્ પુષ્ટિ આદિ પરિણામને આપાદન કરવા થકી સુખને આપે છે. અને તે જ તેનાથી વિપરીત રીતે વ્યાપાર કરતું (ગૃહીત આહારને પાચન ન કરાવનારું હોવાથી) દુઃખના માટે થાય છે. વિશેષ એ છે કે કર્મબંધ, અનુભવ કે નિર્જરા એ એકલા સહજ તૈજસ શરીરમાં સંભવતા નથી કારણકે તે સહજ તૈજસ શરીર ઔદારિકાદિ શરીરની સાથે રહેનારું હોય છે. આ પ્રમાણે (આહારને પાચન કરવા સ્વરૂપ) ઉપર કહેલા ઉપભોગ વડે પણ સહજ તૈજસ શરીર ઉપભોગ સહિતનું જ છે આથી ''કર્મબંધ વગેરે સર્વ ઉપભોગ ઘટતા નથી'' એમ તમારે અસંતોષ ન કરવો.

**'शेषाणि तु सोपभोगानि'** (= 'શેષ શરીરો સોપભોગ હોય છે') એવા આ જ ભાષ્ય વચનના વિવરણ દ્વાર વડે અર્થાત્ વિવરણ સ્વરૂપે **'यस्मात्'** ઇત્યાદિ રચના છે. **'सोपभोग'** શબ્દથી બીજા ઉપભોગ વડે સોપભોગવાળા ઔદારિક આદિ શરીરો છે એમ કોઈ ગ્રહણ ન કરી

१. °निसर्गात्मत्वात् - मु. (खं. भां.)। २. क्वचिदतः - मु (भां.)।

**सूत्रम् :- गर्भ-सम्मूर्च्छनजमाद्यम्॥२/४६॥**

**भाष्यम् :- आद्यमिति सूत्रक्रमप्रामाण्यादौदारिकमाह। तद् गर्भे सम्मूर्च्छने वा जायते॥२/४६॥**

● गन्धहस्ति ●

न्यायेन क्रियन्ते **तस्मात् सोपभोगानीति** निगमनम्, कार्मणमपहायैकं शेषाण्येवंविधेनोपभोगेन सोपभोगानीति॥२/४५॥

**अत्राहे**त्यादिः सम्बन्धग्रन्थः। अजानानः प्रश्नयति → **एषामौदारिका**दीनां वपुषां **पञ्चानामपि त्रिषु जन्मसु** = सम्मूर्च्छनादिषु **किं** शरीरं **क्व** जन्मनि **जायते** = सम्भवत्युत्पद्यते वा ? **अत्रोच्यते** →

(गर्भ-सम्मूर्च्छनजमादद्यमिति सूत्रम्। आद्यमित्यादिभाष्यम्।)आदौ भव**माद्यं** शरीरप्रकरणप्रथमसूत्रक्रमप्रामाण्या**दौदारिकमाह, तद् गर्भे** जन्मनि **सम्मूर्च्छने वा जायते**=सम्भवतीति, जनिः

**સૂત્રાર્થ : આદ્ય ઔદારિક શરીર ગર્ભજ અને સંમૂર્ચ્છનજ હોય છે. ॥૨/૪૬॥**

**ભાષ્યાર્થ : ૨/૩૭ સૂત્રના ક્રમનું પ્રમાણપણું હોવાથી આદિમાં રહેલા એવા ઔદારિકને સૂત્રકારશ્રી કહે છે. તે (ઔદારિક શરીર) ગર્ભ અને સંમૂર્ચ્છન જન્મને વિશે હોય છે. ॥૨/૪૬॥**

● *હેમગિરા* ●

લે આથી મિત્ર બની ભાષ્યકાર વાચકાચાર્યશ્રી કહે છે કે 'ઔદારિકાદિ શરીરો વડે સુખ-દુઃખનો ઉપભોગ, કર્મબંધ, અનુભવ અને નિર્જરા સ્વરૂપ વિશિષ્ટ ઉપભોગ વ્યાખ્યા કરાયેલ ન્યાય વડે (= કહેવાયેલી પદ્ધતિથી) કરાય છે, '**तस्मात् सोपभोगानि**' (= તેથી તેઓ ઉપભોગ સહિતના છે') એવું આ ભાષ્ય ઉપસંહાર કરનાર છે, તેનો ભાવાર્થ આ પ્રમાણે છે કે એક કાર્મણને છોડી શેષ શરીરો આવા પ્રકારના વિશિષ્ટ ઉપભોગ વડે સોપભોગ હોય છે. ॥૨/૪૫॥

## ❁ સંમૂર્ચ્છિમાદિ ત્રણ જન્મોમાં શરીરની વ્યવસ્થા ❁

**૨/૪૬ સૂત્રની અવતરણિકા :** '**अत्राह**' ઇત્યાદિ ભાષ્ય સંબંધગ્રંથ રૂપ = અવતરણિકા રૂપ છે અર્થાત્ ૨/૪૫ સાથે ૨/૪૬ સૂત્રનું અનુસંધાન જોડે છે. કોઈ અજાણ પ્રશ્ન કરે છે કે સંમૂર્ચ્છિમાદિ ૩ જન્મોને વિષે આ ઔદારિકાદિ પાંચેય શરીરોમાં કયું શરીર કયા જન્મને વિશે સંભવે છે અથવા જન્મે છે ? અહીં (=આ પ્રશ્નના ઉત્તરમાં) **૨/૪૬** સૂત્ર કહેવાય છે.

**गर्भ-सम्मूर्च्छनजमाद्यम्** એ ૨/૪૬ સૂત્ર છે અને તેનું **आद्यम्**... ઇત્યાદિ ભાષ્ય છે. અહીં તેનું વિવેચન કરે છે →

આદિમાં રહેલું તે '**આદ્ય**'. શરીર પ્રકરણના પ્રથમ સૂત્ર ૨/૩૭ના ક્રમનું પ્રમાણપણું હોવાથી આદિમાં રહેલા ઔદારિક શરીરને સૂત્રકારશ્રી કહે છે. તે ઔદારિક શરીર ગર્ભ જન્મ વિશે અને સંમૂર્ચ્છિમ જન્મને વિશે હોય છે. સૂત્રગત '**गर्भ-सम्मूर्च्छनज**' પદમાં રહેલ ગર્ભ

**सूत्रम् :- वैक्रियमौपपातिकम् ॥२/४७॥**

**भाष्यम् :- वैक्रियं शरीरमौपपातिकं भवति। नारकाणां देवानां चेति ॥२/४७॥**

**• गन्धहस्ति •**

प्रत्येकमभिसम्बध्यते। गर्भे जातं गर्भाद् वा गर्भजमेवं सम्मूर्च्छनजमपि, उक्तलक्षणे च गर्भ-सम्मूर्च्छने जन्मनामतो गर्भजन्मनां सम्मूर्च्छनजन्मनां च प्राणिनामौदारिकं तावद् भवति, न त्ववधारणमौदारिकमेव, तैजस-कार्मणयोरपि तत्र सम्भवात्, लब्धिप्रत्ययवैक्रियाहारकयोर्वा गर्भजन्मन्युत्तरकालभावित्वात्॥

**ननु** च भूते 'ड' विधानं तत् कथं भाष्यकारो विवृणोति जायत इति वर्तमानकालाभिधायिना शब्देनेति? **उच्यते →** न दोषोऽयं यस्माज्जातमुत्पन्नमुत्तरकालमपि पुनः पुनः पर्यायापेक्षया सम्भवतीत्युपपन्न एव निर्देश इति। एतच्च शरीरं जघन्येनाङ्गुलासङ्ख्येयभागप्रमाणमुत्कर्षतो योजनसहस्रप्रमाणमिति[1] ॥२/४६॥

**સૂત્રાર્થ : વૈક્રિય શરીર ઔપપાતિક હોય છે. ॥૨/૪૭॥**

**ભાષ્યાર્થ : વૈક્રિય શરીર ઔપપાતિક હોય છે તથા નારક અને દેવોને હોય છે. ॥૨/૪૭॥**

**• *હેમગિરા* •**

અને સંમૂર્ચ્છન એ બંને શબ્દ સાથે '**जनि**' (= **ज**)નો સંબંધ કરાય છે. ગર્ભને વિશે જન્મેલો અથવા ગર્ભથી જન્મેલો તે ગર્ભજ. એ જ રીતે '**સંમૂર્ચ્છનજ**' પદમાં પણ વ્યુત્પત્તિ સમજી લેવી. જન્મના નામકથન કરનાર ૨/૩૨ સૂત્રની વ્યાખ્યામાં ગર્ભ જન્મ અને સમ્મૂર્છન જન્મનું સ્વરૂપ કહેવાઈ ગયું છે. ગર્ભ જન્મવાળા અને સંમૂર્ચ્છન જન્મવાળા પ્રાણીઓનું પ્રથમ ઔદારિક શરીર હોય છે, વળી ઔદારિક 'જ' હોય છે એવું અવધારણ નથી કારણકે ત્યાં (= એ બંને જન્મમાં) તૈજસ અને કાર્મણ શરીરનો પણ સંભવ (= અસ્તિત્વ) છે અને લબ્ધિ પ્રત્યયવાળા (= લબ્ધિ નિમિત્તે થનારા) વૈક્રિય કે આહારક શરીર પણ ગર્ભ જન્મને વિશે ઉત્તરકાળમાં થનારા છે.

**પ્રશ્ન :** '**संमूर्च्छनजं**' ઇત્યાદિ પદોમાં લાગતો '**ड**' = '**अ**' પ્રત્યય '**संमूर्च्छने जातं इति संमूर्च्छनजं**' એમ ભૂતકાળનાં અર્થમાં વપરાય છે. તો પછી ભાષ્યકારશ્રી '**जायते**' એવા વર્તમાનકાળવાચી શબ્દ વડે શી રીતે તેનું વિવરણ કરે છે ?

**ઉત્તર :** આ વિવરણ દોષ રૂપ નથી કેમકે ભૂતકાળમાં જન્મેલી = ઉત્પન્ન થયેલી વસ્તુ ઉત્તરકાળમાં પણ ફરી ફરી (અભિનવ-અભિનવ) પર્યાયની અપેક્ષાએ ઉત્પન્ન થાય છે. એથી (વર્તમાન અર્થમાં ભૂતકાળ-સૂચક '**ड**' પ્રત્યયનો) નિર્દેશ યુક્તિયુક્ત જ છે. આ ઔદારિક શરીર જઘન્યથી અંગુલના અસંખ્યાતમાં ભાગ જેટલું હોય છે અને ઉત્કૃષ્ટથી **૧** હજાર યોજન પ્રમાણ હોય છે ॥૨/૪૬॥

१. °णमपि - मु (भा. खं.)।

**सूत्रम् :- लब्धिप्रत्ययं च ॥२/४८॥**

**भाष्यम् :- लब्धिप्रत्ययं च वैक्रियं (च) शरीरं भवति। तिर्यग्योनीनां मनुष्याणां चेति॥२/४८॥**

— गन्धहस्ति —

(वैक्रियऔपपातिकमिति सूत्रम्। वैक्रियं शरीरमित्यादि भाष्यम्।) उपपातजन्मोपपातशब्देनोच्यते तस्मिन् भव**मौपपातिकं वैक्रियं शरीरं**, तन्निमित्तत्वादवधिवत् सहजम्, तच्च सामर्थ्या**न्नारकदेवानामेव** न शेषाणाम्। द्विविधं च तद् → भवधारकमुत्तरवैक्रियं च, तत्राद्यस्य जघन्येनाङ्गुलासङ्ख्येयभागः प्रमाणम्, उत्कृष्टं पञ्च धनुःशतानि, उत्तरवैक्रियं जघन्येनाङ्गुलसङ्ख्येयभागप्रमितमुत्कर्षेण योजनलक्षप्रमाणमिति॥२/४७॥

**સૂત્રાર્થ : વળી (વૈક્રિય શરીર) લબ્ધિના નિમિત્તવાળું હોય છે. ॥૨/૪૮॥**

**ભાષ્યાર્થ : વળી વૈક્રિય શરીર લબ્ધિરૂપ નિમિત્તવાળું હોય છે. તેમજ તિર્યંચો અને મનુષ્યોને હોય છે. ॥૨/૪૮॥**

— *હેમગિરા* —

**૨/૪૭ સૂત્રની અવતરણિકા :** આની અવતરણિકા ૨/૪૬ સૂત્રની અવતરણિકામાં આવી ગઈ છે.

**वैक्रियमौपपातिकम्** એ ૨/૪૭ સૂત્ર છે અને તેનું **वैक्रियं...** ઇત્યાદિ ભાષ્ય છે. અહીં તેનું વિવેચન કરે છે →

## ❋ વૈક્રિય શરીરના સ્વામી ❋

'**उपपात**' શબ્દથી ઉપપાત જન્મ કહેવાય છે તે ઉપપાત જન્મ વિશે થયેલ (= જન્મેલ) તે ઔપપાતિક વૈક્રિય શરીર છે. ઉપપાતના નિમિત્તે થતું હોવાથી અવધિજ્ઞાનની જેમ વૈક્રિય શરીર સહજ (= ભવ પ્રત્યયિક) છે અને તે વૈક્રિય શરીર સામર્થ્યથી નારક અને દેવોના જ હોય છે. શેષ (= માનવ-તિર્યંચો)ને ન હોય. તે વૈક્રિય શરીર ભવધારક વૈક્રિય અને ઉત્તર વૈક્રિય એમ બે પ્રકારે હોય છે. ત્યાં (= બે પ્રકારના વૈક્રિય શરીરમાં) પ્રથમ ભવધારક વૈક્રિય શરીરનું પ્રમાણ જઘન્યથી અંગુલના અસંખ્યેય ભાગ પ્રમાણ હોય છે. ઉત્કૃષ્ટથી ૫૦૦ ધનુષ હોય છે. તથા ઉત્તર વૈક્રિય શરીર જઘન્યથી અંગુલના સંખ્યેય ભાગ પ્રમાણ હોય છે. ઉત્કૃષ્ટથી ૧ લાખ યોજન પ્રમાણ હોય છે, એમ સમજવું. ॥૨/૪૭॥

**૨/૪૮ સૂત્રની અવતરણિકા :** પૂર્વના (૨/૪૭) સૂત્રમાં ભવધારક વૈક્રિય શરીર ઉપપાત જન્મને વિષે હોય છે તે બતાવ્યું. હવે બીજું જે લબ્ધિપ્રત્યય વૈક્રિયશરીર છે તેને **लब्धिप्रत्ययं च** ૨/૪૮ સૂત્રમાં બતાવે છે.

## सूत्रम् :- शुभं विशुद्धमव्याघाति *चाहारकं चतुर्दशपूर्वधरस्यैव॥२/४९॥

• गन्धहस्ति •

(लब्धिप्रत्ययं चेति सूत्रम्) [1]लब्धिप्रत्ययं च वैक्रियं चेत्यादि (भाष्यम्)। चशब्दादुत्कृष्टं वैक्रियमुदचीचरद् भाष्यकारः। तपोविशेषजनिता लब्धिस्तत्प्रत्ययं = तत्कारणमेतच्छरीरं भवत्यजन्मजमिदमित्यर्थः। अथवा गर्भजन्मनामेवेदमुत्तरकालं भवतीति न कश्चिद् दोषः। लब्धिप्रत्ययवैक्रियशरीरप्रतिविशिष्टस्वामिनिर्दिदिक्षया आह → **तिर्यग्योनीनां मनुष्याणां चेति** (भाष्यम्)। सामान्याभिधानेऽपि लब्धिप्रत्ययवचनाद् भूयसां गर्भव्युत्क्रान्तितिर्यग्-मनुष्याणामिदं द्रष्टव्यम्, तपोविशेषानुष्ठानाद्, वायोश्च वैक्रियं लब्धिप्रत्ययम[2]वशेषेतिर्यग्योनिजानां मध्ये, नान्यस्येति॥२/४८॥

अत्राह → अथाहारकं किंलक्षणमिति ? अत्रोच्यते →

**સૂત્રાર્થ : શુભ, વિશુદ્ધ અને અવ્યાઘાતિ એવું આહારક શરીર ૧૪ પૂર્વધરને જ હોય છે.॥૨/૪૯॥**

• *હેમગિરા* •

### ❋ લબ્ધિ વડે થતું વૈક્રિય શરીર ❋

એ ૨/૪૮ સૂત્ર '**लब्धिप्रत्ययं च**' ઇત્યાદિ ભાષ્ય છે, અહીં તેનું વિવેચન કરે છે → '**च**' શબ્દથી ભાષ્યકારશ્રીએ ઉત્કૃષ્ટ વૈક્રિય શરીરનો નિર્દેશ કર્યો છે. લબ્ધિ એ વિશિષ્ટ પ્રકારના તપથી પ્રગટ થયેલી હોય તે લબ્ધિ કહેવાય છે અને તે (લબ્ધિ)ના નિમિત્તવાળું અર્થાત્ તે (લબ્ધિ)ના કારણવાળું આ વૈક્રિય શરીર હોય છે સાર આ કે આ 'અજન્મજ' હોય છે (= જન્મજાત = સહજ ન હોય) અથવા આ લબ્ધિ પ્રત્યય વૈક્રિય શરીર ગર્ભજન્મવાળા જીવોને જ ઉત્તરકાળમાં (= જન્મ્યા પછી) હોય છે, એમ કહેવામાં કોઈ દોષ નથી. લબ્ધિના નિમિત્તવાળા વૈક્રિયશરીરના વિશિષ્ટ સ્વામીઓનો નિર્દેશ કરવાની ઇચ્છાથી ભાષ્યકારશ્રી '**तिर्यग्योनीनां.....**' ઇત્યાદિ ભાષ્ય કહે છે → (લબ્ધિ પ્રત્યય વૈક્રિય શરીર) તિર્યંચ અને મનુષ્યોનો હોય છે. અહીં તિર્યંચ અને મનુષ્યોનો ઉલ્લેખ સામાન્ય રીતે કર્યો હોવા છતાં ('બધા ય તિર્યંચ અને મનુષ્યોને આ શરીર હોય' એમ અર્થ ન કરવો.) પણ 'લબ્ધિપ્રત્યય' પદનો ઉલ્લેખ હોવાથી ઘણાં ગર્ભજ તિર્યંચ અને મનુષ્યોને આ શરીર વિશિષ્ટ તપના અનુષ્ઠાન વડે પ્રાપ્ત થાય છે એમ જાણવા યોગ્ય છે, વળી શેષ સંમૂર્ચ્છિમ તિર્યંચયોનિવાળા જીવોમાં વાયુકાયને જ લબ્ધિ પ્રત્યય વૈક્રિય શરીર હોય છે, અન્ય તિર્યંચોને ન હોય. ॥૨/૪૮॥

**૨/૪૯ સૂત્રની અવતરણિકા : પ્રશ્ન :** હવે એ કહો કે આહારક શરીર કેવા લક્ષણવાળું હોય છે ?

१. लब्धिप्रत्ययं च। वैक्रियं लब्धिप्रत्ययं चेत्यादि भाष्य°। - खं.। २. °यमेवशेष° - मु (खं. भां.)।

❖ જુઓ પરિશિષ્ટ-૬ ટીપ્પણી - ૨૦

**भाष्यम् :- शुभमिति शुभद्रव्योपचितं शुभपरिणामं चेत्यर्थः। विशुद्धमिति विशुद्ध-*द्रव्योपचितमसावद्यं चेत्यर्थः।**

● गन्धहस्ति ●

(**शुभं विशुद्ध**मित्यादि सूत्रम्।)

इदमपि लब्ध्यपेक्षमेव किन्तु वैक्रियादयं विशेषः शुभादिकृतः, अजन्मजत्वं च सामान्यम्। **शुभमिति शुभद्रव्योपचितमित्यादि** (भाष्यम्)। शुभानि द्रव्याणीष्टवर्ण-गन्ध-रस-स्पर्शभाञ्जि तैः प्रचितं = निर्वर्तितम्, शुभः परिणामश्चतुरस्रं संस्थानमाकारो यस्य तच्छु**भपरिणामं चाहारकं** भवति। चशब्दः समुच्चये, विशुद्धद्रव्योपचितं शुभपरिणामं चेति। **विशुद्धमिति विशुद्धद्रव्योपचितमसावद्यं चेत्यर्थः**। स्वच्छस्फटिकशकलमिव सकलवस्तुप्रतिबिम्बाधारभूतं विशुद्धद्रव्योपचितमुच्यते।

अपरे वर्णयन्ति → विशुद्धं शुक्लमत्र विवक्षितम्, **असावद्यमिति** अवद्यं = गर्हितं = पापं

**ભાષ્યાર્થ : શુભ એટલે શુભદ્રવ્યથી બનેલું અને શુભ પરિણામવાળું વિશુદ્ધ એટલે વિશુદ્ધ દ્રવ્યથી બનેલું અને અસાવદ્ય (આહારક શરીર હોય છે).**

● *હેમગિરા* ●

**ઉત્તર :** અહીં (= પ્રશ્ન વિશે) ૨/૪૯ સૂત્ર કહેવાય છે.'

## ❊ આહારકનું સ્વરૂપ ❊

**शुभं विशुद्धं**... ઇત્યાદિ ૨/૪૯ સૂત્ર છે. તેનો અર્થ આ પ્રમાણે → આ (આહારક શરીર) પણ લબ્ધિની અપેક્ષાવાળું જ હોય છે પરંતુ વૈક્રિય શરીર કરતાં વિશેષ એ છે કે આ આહારક શરીર શુભ વગેરે વિશેષતાઓથી વિશિષ્ટ છે. વળી '**अजन्मजत्व**' (= સહજ ન હોવાપણું) બન્ને શરીરોમાં સમાનપણે છે.

**शुभम्** ... ઇત્યાદિ ૨/૪૯ સૂત્રનું ભાષ્ય છે. તેનો અર્થ આ પ્રમાણે છે → ૧. શુભ → A. શુભ દ્રવ્યોથી બનેલું → શુભ દ્રવ્યો એટલે ઇષ્ટ (= મનોહર) એવા વર્ણ, ગંધ, રસ, અને સ્પર્શવાળા દ્રવ્યો, તેઓથી પ્રચિત = નિર્માણ પામેલું તથા B. શુભ પરિણામવાળું → સમચતુરસ્ર સંસ્થાન = આકાર સ્વરૂપ શુભ પરિણામ છે જેનું તે શુભ પરિણામવાળું આહારક શરીર હોય છે. ભાષ્યનો '**च**' શબ્દ સમુચ્ચયના અર્થમાં છે, તે સમુચ્ચય આ મુજબ કરવો કે - વિશુદ્ધ દ્રવ્યથી ઉપચિત નિર્મિત અને સમચતુરસ્ર આકારવાળું આહારક શરીર છે.

**૨. વિશુદ્ધ** → A. વિશુદ્ધ દ્રવ્યથી બનેલું સ્વચ્છ સ્ફટિકના ટૂકડાની જેમ આહારક શરીર સર્વ વસ્તુના પ્રતિબિંબ માટે આધારભૂત છે અર્થાત્ જેમાં (સમીપવર્તી) સર્વ વસ્તુનું પ્રતિબિંબ પડી શકે તેથી વિશુદ્ધ કહેવાય છે. બીજા કેટલાક કહે છે કે- અહીં વિશુદ્ધ શબ્દ શુક્લ (= સફેદ)

* જુઓ પરિશિષ્ટ-૬ ટીપ્પણી - ૨૧

**भाष्यम् :- अव्याघातीति आहारकशरीरं न व्याहन्ति[1] न व्याहन्यते चेत्यर्थः ॥**

— गन्धहस्ति —

सहावद्येन सावद्यम्, न सावद्यमसावद्यम्, सावद्यं हिंसादिप्रवृत्तिर्यस्मात्, इदं न हिंसादौ प्रवर्तते, न च हिंसादिप्रवृत्तितः उत्पद्यते, तस्माद् विशुद्धमसावद्यमाहारकमित्युच्यते। **अव्याघातीति** व्याहन्तुं शीलमस्य व्याघाति, न व्याघाति अव्याघाति, **आहारकशरीर** न किञ्चिद् **व्याहन्ति**[2] = विनाशयति, **न व्याहन्यते** इति, न च तदन्येन पदार्थेन व्याहन्तुं शक्यते। कथं पुनरिदमेकेन यत्नेनोभयं लभ्यते कर्ता कर्म चेति ? '***कृत्यल्युटो बहुलम्***' (**पाणिनी ३/३/११३**) [3]अभिधानात्। निर्वृत्तिकार्यहेतुसमुच्चयार्थः चशब्दः॥

**तद्** = एवंविधमाहारकं **चतुर्दशपूर्वधर एवलब्धिप्रत्ययमेवोत्पादयतीति** क्रियोपरिष्टाद-

**ભાષ્યાર્થ : અવ્યાઘાતી એટલે આહારક શરીર કોઈને હણતું નથી અને કોઈથી હણાતું નથી.**

— *હેમગિરા* —

વર્ણ તરીકે વિવક્ષિત છે. B. અસાવદ્ય → અવદ્ય એટલે ગર્હિત (= નિંદિત) = પાપ. તે અવદ્ય સહિત જે હોય તેને સાવદ્ય કહેવાય છે. સાવદ્ય વિનાનું જે હોય તેને અસાવદ્ય કહેવાય. હિંસાદિ પ્રવૃત્તિઓ જેનાથી થાય તે સાવદ્ય કહેવાય. આ આહારક શરીર હિંસાદિમાં પ્રવર્તતું નથી તેમજ હિંસાદિ પ્રવૃત્તિથી ઉત્પન્ન થતું નથી તેથી કરીને આહારક શરીર વિશુદ્ધ = અસાવદ્ય કહેવાય છે.

૩. **અવ્યાઘાતી** → વધ કરવા માટેનો સ્વભાવ છે જેનો વધ કરવાના સ્વભાવવાળો તે વ્યાઘાતી. જે વ્યાઘાતી નથી તે અવ્યાઘાતી કહેવાય. A. **न व्याहन्ति** → આહારક શરીર કોઈનો પણ વ્યાઘાત = વિનાશ કરતું નથી. (આ વ્યુત્પત્તિથી કર્તા અર્થમાં આહારક શરીર આવ્યું.) B. **न व्याहन्यते** → વળી તેને અન્ય કોઈ પદાર્થથી વ્યાઘાત કરવું/હણવું શક્ય નથી અર્થાત્ અન્ય કોઈ પદાર્થથી તે હણાતું નથી (આ વ્યુત્પત્તિથી કર્મ અર્થમાં આહારક શરીર આવ્યું.) તેથી અવ્યાઘાતી કહેવાય.

**પ્રશ્ન :** અવ્યાઘાતી એવા એક પ્રયોગથી કઈ રીતે કર્તા અર્થ અને કર્મ અર્થ એ બન્ને પ્રાપ્ત થાય ?

**ઉત્તર : 'कृत्यल्युटो बहुलम्'** એ વ્યાકરણ સૂત્રથી બન્ને અર્થ પ્રાપ્ત થવામાં કોઈ દોષ નથી. સૂત્રગત '**च**' શબ્દ આહારક શરીરના નિર્માણ કાર્યના (ઋદ્ધિદર્શન, સૂક્ષ્મ પદાર્થ અંગેના સંશય દૂર કરવા વગેરે) હેતુઓનો સમુચ્ચય કરવા માટે છે.

## ❊ ચૌદપૂર્વીમાં મૂળ બે ભેદ ❊

લબ્ધિ નિમિત્તવાળા જ આવા પ્રકારના તે આહારક શરીરને ચૌદપૂર્વી જ ઉત્પન્ન કરે છે. આ પ્રમાણે ભાષ્યમાં કહેલ '**तच्चतुर्दशपूर्वधर एव**' એવી આ પંક્તિની સાથે અન્વય પામતું

१. न हन्ति - मु (खं. भां.)। २. अव्याहन्ति - मु. (भाव.)। ३. °हुलविधा° खं.।

**भाष्यम् :- तच्चतुर्दशपूर्वधर एव कस्मिंश्चिदर्थे कृच्छ्रेऽत्यन्तसूक्ष्मे सन्देहमापन्नो निश्चयाधिगमार्थं क्षेत्रान्तरितस्य भगवतोऽर्हतः पादमूले[१] औदारिकेण शरीरेणाशक्यगमनं मत्वा लब्धिप्रत्ययमेवोत्पादयति। [२]पृष्ट्वाऽथ भगवन्तं छिन्नसंशयः पुनरागत्य व्युत्सृजत्यन्तर्मुहूर्तस्य॥**

——— गन्धहस्ति ———

भिधास्यते। चतुर्दशेति सङ्ख्या, पूर्वं प्रणयनात् पूर्वाण्युच्यन्ते, तानि धारणाज्ञानेनालम्बत इति चतुर्दशपूर्वधरः, स च द्विविधः → भिन्नाक्षरोऽभिन्नाक्षरश्च, ते (तत्र?) च यस्यैकैकमक्षरं श्रुतज्ञानगम्यपर्यायैः सत् कारिकाभेदेन भिन्नं वितिमिरतामितं स भिन्नाक्षरः, तस्य च श्रुतज्ञानसंशयापगमात् प्रश्नाभावस्ततश्चाहारकलब्धिमपि[३] नैवोपजीवति विनालम्बनेन, स एव[४] च श्रुतकेवली भण्यते, शेषः करोत्यकृत्स्नश्रुतज्ञानलाभादवीतरागत्वाच्च, अत [५]एव च केचिदपरितुष्यन्तः सूत्रमाचार्यकृतन्यासादधिकमधीयते

**ભાષ્યાર્થ :- ક્લિષ્ટ અને અતિસૂક્ષ્મ એવા કોઈક પદાર્થમાં સંદેહને પ્રાપ્ત થયેલા તે ૧૪ પૂર્વધર જ તેનો નિર્ણય મેળવવા માટે અન્ય ક્ષેત્રમાં રહેલા અરિહંત પ્રભુના ચરણની સમીપમાં ઔદારિક શરીર વડે જવું અશક્ય જાણી લબ્ધિના પ્રત્યયવાળા જ (તે આહારક શરીરને) ઉત્પન્ન કરે છે. હવે ભગવાનને ત્યાં સંદેહની પૃચ્છા કરીને છેદાયેલ સંશયવાળા આ ૧૪ પૂર્વધર ફરી સ્વસ્થાને આવી આ શરીરનું અંતર્મુહૂર્તમાં વિસર્જન કરે છે અર્થાત્ આ બધા કામનો સમય અંતર્મુહૂર્તનો હોય છે.**

——— *હેમગિરા* ———

'**उत्पादयति**' ક્રિયાપદ આ જ ભાષ્યમાં આગળ કહેવાશે.

(હવે '**चतुर्दशपूर्वधर**' પદને ખોલે છે →) '**चतुर्दश**' એ સંખ્યા છે તથા 'પૂર્વ' એ પૂર્વમાં અર્થાત્ સર્વ પ્રથમ રચાયા હોવાથી 'પૂર્વ' તરીકે કહેવાય છે. તે **૧૪** પૂર્વોને મતિજ્ઞાનના એક પ્રકાર એવા ધારણા જ્ઞાનથી (સંયમી) ધારી રાખે છે એથી તે સંયમી આત્મા **૧૪** પૂર્વધર કહેવાય. તે **૧૪** પૂર્વધર બે પ્રકારે હોય છે (૧) ભિન્ન અક્ષરવાળા અને (૨) અભિન્ન અક્ષરવાળા. ત્યાં (= તે બેઓમાં) અલગ અલગ કારિકા (= શ્લોક)માં રહેલા એક એક અક્ષર જે પૂર્વધરને શ્રુતજ્ઞાનથી જાણી શકાય એવા પર્યાયો વડે પ્રકાશિત થઈ ગયા હોય (=**भिन्नं**) તે **૧૪** પૂર્વધારી ભિન્ન અક્ષરવાળો કહેવાય છે અને આવા તે ભિન્ન અક્ષરવાળા **૧૪** પૂર્વધારીને શ્રુતજ્ઞાન દ્વારા સમસ્ત સંશયો દૂર થઈ ગયા હોવાથી કોઈ પ્રશ્ન ઉત્પન્ન થતાં નથી અને તેથી (આહારક લબ્ધિ યુક્ત હોવા છતાં) વિના આલંબને (= નિષ્કારણ) આહારક લબ્ધિનો પણ ઉપયોગ કરતાં જ નથી (= લબ્ધિ ઉપર જીવતાં નથી) અને તે ભિન્નાક્ષરવાળા **૧૪** પૂર્વધારી જ '**શ્રુતકેવલી**' કહેવાય છે. શેષ (અભિન્નાક્ષર **૧૪** પૂર્વધર) તેઓ સમગ્ર શ્રુતજ્ઞાનને = શ્રુતાર્થને પામ્યા ન હોવાથી તથા

१. °मूलमौ - मु. - (पा.)। २. दृष्टवा च - रा.लि.। ३. °लब्धितामपि - मु (भां.)। ४. एव श्रुत° - मु (खं.भां.)। ५. एव केचि° - मु (खं. भां.)।

''अकृत्स्नश्रुतस्यर्द्धिमतः'' इत्यनेन विशेषणकलापेनेति, एवंविधश्चतुर्दशपूर्वधर एव सञ्जातलब्धिस्तन्निर्वर्तयति, नान्यः श्रुतविदन्यो वा अवधारणफलम्।

किमर्थं पुनरसौ तां लब्धिमुपजीवतीत्याह → **कस्मिंश्चिदर्थे** इत्यादि (भाष्यम्)। श्रुतज्ञानगम्ये कस्मिंश्चिदेवार्थेऽत्यन्तगहने सन्दिहानस्तदर्थनिश्चितये विदेहादिक्षेत्रवर्तिनो**ऽर्हत**श्चरणकमलाभ्याश**मौदारिकेण** वपुषा न खलु पार्यते गन्तुमित्यवबुध्य सञ्जातर्द्धिविशेषो **लब्धिप्रत्ययमेव** नान्यप्रत्ययमुपजनयति आहारकशरीरं, गत्वा च तत्राशु भगवन्तमालोकितसमस्तलोकालोकमालोक्याभिवन्द्य **पृष्ट्वा च विच्छिन्नसंशयः** परिपूतपाप्मा[1] **पुनरागत्य** तमेव देशं यत्र प्राग् गच्छतौदारिकमनाबाधबुद्ध्या न्यासकवन्निक्षिप्तं स्वप्रदेशजालावबद्धं तदवस्थमास्ते, ततो विहायाहारकमुपसंहारमानीयात्मप्रदेशजालं

● *હેમગિરા* ●

અવીતરાગ હોવાથી આહારક શરીરને કરે છે અને આથી જ વાચકશ્રી દ્વારા કરેલી રચનાથી સંતોષને નહીં પામતાં કેટલાક વ્યાખ્યાકારો '**अकृत्स्नश्रुतस्यर्द्धिमतः**' એવા આ વિશેષણના સમૂહ વડે અધિક સૂત્રને કહે છે અર્થાત્ પ્રસ્તુત આચાર્યકૃત સૂત્રના '**चतुर्दशपूर्वधरस्यैव**' એ પદમાં '**अकृत्स्नश्रुतस्यर्द्धिमतः**' (= અસર્વશ્રુતવાળા અને ઋદ્ધિવાળા = લબ્ધિવાળા) એવા વિશેષણો ઉમેરે છે. પ્રાપ્ત થયેલી લબ્ધિવાળા આવા પ્રકારના (અભિન્ન અક્ષરવાળા) **૧૪** પૂર્વધર જ તે (= આહારક શરીર)ને બનાવે છે પરંતુ અન્ય કોઈ (લબ્ધિશૂન્ય) ચૌદપૂર્વી કે ન્યૂન ચૌદપૂર્વી વગેરે બનાવે નહીં. આ જ અવધારણ કથનનું ફળ જાણવું.

**પ્રશ્ન :** આ **૧૪** પૂર્વી શા માટે તે લબ્ધિને વિકૂર્વે છે ?

**ઉત્તર :** ભાષ્યકારશ્રીએ '**कस्मिंश्चिदर्थे.....**' ઇત્યાદિ ભાષ્ય ઉકત પ્રશ્નના ઉત્તર રૂપે કહ્યું છે, તેનો અર્થ આ પ્રમાણે - શ્રુતજ્ઞાનથી જાણી શકાય એવા અત્યંત ગહન એવા કોઈક જ પદાર્થમાં શંકાવાળા (તે **૧૪** પૂર્વી) તે શંકિત અર્થના નિશ્ચય (= નિવારણ) માટે મહાવિદેહ વગેરે ક્ષેત્રમાં રહેનારા તીર્થંકરના ચરણકમળની સમીપમાં ઔદારિક શરીર વડે ખરેખર જવા માટે સમર્થ નથી એ જાણીને ઉત્પન્ન થયેલ વિશિષ્ટ આહારક લબ્ધિવાળા **૧૪** પૂર્વધર મુનિ જ લબ્ધિના નિમિત્તે = સહારે જ આહારક શરીરને ઉત્પન્ન કરે છે, અન્ય કોઈ નિમિત્તે આહારક શરીરને નથી કરતા અને (આ રીતે આહારક શરીરને વિકૂર્વિને) ત્યાં (= મહાવિદેહાદિ ક્ષેત્રમાં) જલ્દીથી જઈને જોયો છે સમગ્ર લોક અને અલોક જેમને એવા પરમાત્માને જોઈને, વંદન કરીને અને પ્રશ્ન પૂછીને નષ્ટ થયેલ સંશયવાળા શુદ્ધ (= પવિત્ર) થયેલ પાપ કર્મવાળા, ફરી જ્યાં પરમાત્મા પાસે જતાં પહેલા પોતાના આત્મ પ્રદેશોના સમૂહથી યુકત એવું ઔદારિક શરીર અનાબાધ (= કોઈપણ બાધા ન પહોંચે એવી) બુદ્ધિથી થાપણની જેમ મૂકાયેલું તદવસ્થ રહેલું છે, તે જ દેશમાં આવીને ત્યાર પછી આહારક શરીરને મૂકીને અને આત્મપ્રદેશના સમૂહનો ઉપસંહાર કરીને (= પાછા

१. परिपूतमाप्मा - मु. (रा)।

**भाष्यम् :- तैजसमपि शरीरं लब्धिप्रत्ययं भवति ॥**

**गन्धहस्ति**

[1]द्रागौदारिकमेवानुप्रविशति, एष चारम्भात् प्रभृत्या अपवर्गात् सर्वोऽन्तर्मुहूर्तपरिमाणः कालो भवतीति, प्रमाणं चास्यावरतो न्यूनः पाणिरुत्कर्षेण सम्पूर्ण इति ॥

अथ तैजस-कार्मणे कस्मिन् जन्मनि समुद्भवत इति, नानयोर्नियमः, सर्वत्राप्रतिहतशक्तित्वात्, सर्वजन्मसु [2]सहजतैजसं कार्मणं वा स्यान्न तु लब्धितैजसम्, अतो लब्धिप्रस्तावमुपजीवन् भाष्यकारः **तैजसमपी**ति (भाष्यम्) आह।

तेजोविकारस्**तैजसं** सर्वस्योपलक्षणं, रसाद्याहारपाकजननमेतच्[3]चावश्यं सर्वप्राणिविषयमभ्युपगन्तव्यम्, अन्यथा **शरीरपदे** तैजसशरीराणि बद्धान्यनन्तानि अनन्तोत्सर्पिण्यवसर्पिणीसमयराशिसम-

**ભાષ્યાર્થ : તૈજસ શરીર પણ લબ્ધિ પ્રત્યય હોય છે.**

*હેમગિરા*

ખેંચીને) તેઓ શીઘ્રતાથી ઔદારિક શરીરમાં જ પ્રવેશ કરે છે.

આહારકના આરંભથી માંડી અંત સુધીનો આ બધો કાળ અંતર્મુહૂર્ત પ્રમાણ હોય છે. વળી આ શરીરનું પ્રમાણ જઘન્યથી કાંઈક ન્યૂન ૧ હાથ અને ઉત્કૃષ્ટથી સંપૂર્ણ ૧ હાથ જાણવું. આ પ્રમાણે આહારક શરીરની વકતવ્યતા પૂર્ણ થઈ.

### ❊ તૈજસ-કાર્મણની વકતવ્યતા ❊

હવે તૈજસ અને કાર્મણ શરીર કયા જન્મને વિશે હોય છે ? એવા પ્રશ્નના ઉત્તરમાં કહેવાયછે કે - આ બંને શરીરને માટે કોઈ ચોક્કસ ('આ બંને શરીર અમુકને જ હોય છે, અમુકને નહીં' એવો ચોક્કસ) નિયમ નથી કારણકે આ બંને શરીર સર્વત્ર અપ્રતિહત શક્તિ (= અપ્રતિહત ગતિ)વાળા હોય છે. કહેવાનો આશય એ છે કે - સર્વ જન્મોમાં સહજ તૈજસ અને કાર્મણ શરીર હોય છે પણ લબ્ધિ તૈજસ શરીર સર્વત્ર નથી હોતું. આ પ્રમાણે લબ્ધિના પ્રસ્તાવનો આશ્રય કરતાં '**तैजसमपि**' ઇત્યાદિ ભાષ્યને કહે છે :-

તેજના વિકાર રૂપ '**તૈજસ**' શરીર હોય છે. અહીં ભાષ્યમાં અનુકત એવું સહજ તૈજસ શરીર જે સર્વ જીવોને હોય છે તેનું ઉપલક્ષણથી ગ્રહણ કરી લેવું. કેમકે રસ વગેરે આહારના પાક (ધાતુઓ)ને ઉત્પન્ન કરનારું આ સહજ તૈજસ શરીર અવશ્ય બધા પ્રાણીઓના વિષયવાળું = સંબંધવાળું સ્વીકારવું જોઈએ. અન્યથા (= જો સર્વ પ્રાણીના વિષયવાળું તૈજસ શરીર છે એવું નહિ સ્વીકારશો તો) પન્નવણા સૂત્ર સાથે સંગતિ નહીં થાય, તે આ રીતે - **શ્રી પન્નવણા સૂત્રમાં શરીર પદમાં** 'બદ્ધ' તૈજસ શરીરો અનંતા હોય છે, તે આ પ્રમાણે - (૧) કાળની અપેક્ષાએ

१. प्रागौ° - मु (भां. सं.)। २. सहतै° - मु. (खं.)। ३. °नम्, तच्चा° - मु (खं. भां.)।

**भाष्यम् :- कार्मणमेषां निबन्धनं = आश्रयो भवति। तत्कर्मत एव भवतीति बन्धे [1]पुरस्ताद् वक्ष्यति।**

**गन्धहस्ति**

सङ्ख्यानि कालतः, क्षेत्रतोऽनन्तानन्ता लोकाः, द्रव्यतः सिद्धेभ्योऽनन्तगुणानि सर्वजीवानन्तभागोनानि, किं पुनः कारणमनन्तानि ? तत्स्वामिनामानन्त्यादित्येष ग्रन्थः सर्वो विघटेत लब्धिप्रत्यय एवाङ्गीक्रियमाणे तैजसवपुषि, अतो विद्यमानमपि सर्वासुमत्सु सहजमनादृत्य तैजसं लब्ध्यधिकारे लब्धिप्रत्ययमेवाचष्टे नेतरदिति। तैजसं **शरीरं** तैजसशरीरलब्धिकारणसमुद्भूतशक्ति **भवति** तपोविशेषानुष्ठानात् कस्यचिदेव जातुचित्, न सर्वस्येति। इदानीं सकलशरीरबीजभूतं कार्मणं नियमेन दर्शयन्नाह →

**कार्मणमेषां निबन्धनं = आश्रयो भवतीत्यादि** (भाष्यम्)। कर्मणो विकारः **कार्मणं, तदेषामौ-**

**ભાષ્યાર્થ : આ ઔદારિકાદિ શરીરોનું કારણ = આધાર કાર્મણ શરીર હોય છે. તે કાર્મણ શરીર કર્મો થકી જ થાય છે એમ આગળ બંધ (ના અધિકાર)માં કહેશે.**

*હેમગિરા*

અનંત ઉત્સર્પિણી અને અવસર્પિણીના સમયની રાશિની સમાન સંખ્યાવાળા (૨) ક્ષેત્રને આશ્રયી અનંતાનંત લોકોના આકાશ પ્રદેશ પ્રમાણ (૩) દ્રવ્યની અપેક્ષાએ સિદ્ધો કરતાં અનંતગુણા અથવા સર્વ (= સંસારી+સિદ્ધ) જીવો કરતા અનંતમો ભાગ ન્યૂન (= સર્વ જીવોની સંખ્યા ભેગી કરીને અને તે સંખ્યામાં સિદ્ધોની સંખ્યા જેટલો અનંતમો ભાગ ઓછો કરીએ તેટલી) સંખ્યા તૈજસ શરીરની છે.

**પ્રશ્ન :** તૈજસ શરીરો અનંત કહ્યા તે ક્યા કારણે ?

**ઉત્તર :** તૈજસના સ્વામી અનંતા હોવાથી તૈજસ શરીરો અનંત કહ્યા છે.

આ પ્રમાણે લબ્ધિ પ્રત્યય જ તૈજસ શરીર સ્વીકારવામાં આવે ત્યારે આ શ્રી પન્નવણાજી સૂત્રનો સર્વ ગ્રંથ / શાસ્ત્રવચન વિઘટન (= વિરૂદ્ધ) થાય.

હવે આ પ્રમાણે સર્વ સંસારી જીવોમાં વિદ્યમાન પણ સહજ તૈજસ શરીરને ઉપલક્ષણથી સમજી લેવા માટે છોડી દઈ = બાજુમાં રાખી પ્રસ્તુત લબ્ધિપ્રકરણના અધિકારમાં લબ્ધિ પ્રત્યય જ તૈજસ શરીરને સાક્ષાત્ કંઠતઃ ભાષ્યકારશ્રી કહે છે, અન્ય (= સહજ તૈજસ શરીર)ને નહિ. તૈજસ શરીર એ તૈજસ શરીરની લબ્ધિના કારણને લઈને ઉત્પન્ન થયેલ શક્તિવાળું છે. આવું તૈજસ શરીર વિશિષ્ટ તપના આસેવનથી કોઈક જ જીવને ક્યારેક હોય છે. સર્વને (સર્વદા) નથી હોતું. અત્યારે સકળ શરીરોના બીજભૂત કાર્મણ શરીર જ છે એમ નિયમ વડે દર્શાવતાં **कार्मणमेषां** ઇત્યાદિ ભાષ્યને કહે છે.

१. परस्ताद् - घ।

**भाष्यम् :- कर्म हि कार्मणस्य कारणमन्येषां च शरीराणामादित्यप्रकाशवत्। यथाऽऽदित्यः स्वमात्मानं प्रकाशयति अन्यानि च द्रव्याणि, न चास्यान्यः [1]प्रकाशकः,**

**• गन्धहस्ति •**

दारिकादीनां शरीराणां निबन्धनं = बीजं = आश्रयः सकलशक्त्याधारत्वात् कुड्यमिव चित्रकर्मणो **भवति**। आमूलमुच्छिन्ने तु भवप्रपञ्चप्ररोहबीजे कार्मणे वपुषि न पुनर्विमुक्ति[2]भाजः शरीरकाणामधियन्त्यपि प्रक्षालितसकलकल्मषाः, **तच्चैवं**विधं कार्मणं कर्मभ्य एव ज्ञानावरणादिभ्यो जायते न पुनरन्यत् तस्य कारणमस्ति, ज्ञानावरणादिकं चाष्टमेऽध्याये बन्धाधिकारे **पुरस्तात्** = अग्रे **वक्ष्यति** समूलोत्तरभेदम्[3], एतदेव चार्थजातं स्पष्टयन्नाह → **कर्म** हीत्यादि (भाष्यम्)। यस्मात् ज्ञानावरणादिकर्म **कार्मणस्य कारणं** तदात्मकत्वाद**न्येषां चौ**दारिकादि**शरीराणाम्,** न च स्वात्मनि क्रियाविरोधः, **आदित्यप्रकाशवत्**। प्रकाशं दृष्टान्ततयोपन्यस्य विवरणकाले यथाऽऽदित्य इत्याह तदेतत् कथम् ? न खलु सर्वथाऽऽदित्यात्

**ભાષ્યાર્થ : કેમકે સૂર્યના પ્રકાશની જેમ કર્મ એ કાર્મણ શરીરનું તથા અન્ય ઔદારિકાદિ શરીરોનું કારણ છે. જે રીતે સૂર્ય પોતે પોતાની જાતને અને અન્ય દ્રવ્યોને પ્રકાશિત કરે છે પરંતુ સૂર્યનો કોઈ અન્ય પ્રકાશક નથી,**

*• હેમગિરા •*

## ❋ સકલ ભવપ્રપંચનું મૂળ કાર્મણ ❋

કર્મોનો વિકાર તે કાર્મણ. તે કાર્મણ શરીર આ ઔદારિકાદિ શરીરોનું કારણ = બીજ = આશ્રય છે કારણકે જેમ દિવાલ એ ચિત્રકર્મનો આધાર છે તેમ સર્વ શક્તિનો આધાર આ કાર્મણ છે. વળી ભવપ્રપંચ રૂપ અંકુર માટે બીજભૂત અર્થાત્ ભવના પ્રપંચોને પ્રગટ કરવામાં કારણ સ્વરૂપ કાર્મણ શરીર મૂળથી ઉન્મૂલન થાય ત્યારે પ્રક્ષાલન પામેલ સકલ પાપવાળા મુક્તિભાગી જીવો ફરીથી ઔદારિકાદિ દેહોને પામતાં પણ નથી. આવા પ્રકારનું તે કાર્મણ શરીર જ્ઞાનાવરણીય વગેરે કર્મોથી જ નિર્મિત થાય છે પરંતુ તેના નિર્માણમાં અન્ય કોઈ કારણ નથી તેમજ મૂળ અને ઉત્તર ભેદ સહિત જ્ઞાનાવરણીયાદિ કર્મને આગળ બંધના અધિકારવાળા આઠમા અધ્યાયમાં કહેશે. આ જ અર્થના સમૂહને સ્પષ્ટ કરતાં ભાષ્યકારશ્રી **'कर्म हि'** ઇત્યાદિ ભાષ્યને કહે છે કે - જ્ઞાનાવરણીય વગેરે કર્મ એ કાર્મણ શરીરનું કારણ છે અને અન્ય ઔદારિકાદિ શરીરોનું પણ કારણ છે. કેમકે કાર્મણ શરીર એ જ્ઞાનાવરણાદિ કર્માત્મક છે વળી સૂર્યના પ્રકાશની જેમ પોતાના આત્મામાં (પોતાની) ક્રિયાનો વિરોધ નથી.

**પ્રશ્ન :** ભાષ્યમાં દષ્ટાંત તરીકે પ્રકાશનો ઉપન્યાસ કરીને દષ્ટાંતનું વિવરણ કરતી વખતે **यथा आदित्य** ..... એમ પ્રકાશને છોડી સૂર્યને કહે છે. આ શી રીતે કરી શકાય ?

**ઉત્તર :** (સૂર્યથી પ્રકાશ જો સર્વથા ભિન્ન હોય તો તમે કરેલો આક્ષેપ બરાબર છે પરંતુ)

१. न चास्यान्यैः प्रकाशः - ख। २. °र्विभक्ति° - खं. भां.। ३. °त्तरम् - मु. (खं. भां.)।

**भाष्यम् :- एवं कार्मणमात्मनश्च कारणमन्येषां च शरीराणामिति ॥**

• गन्धहस्ति •

प्रकाशो व्यतिरिक्त इत्यभ्युपेतुं [२]शक्यते तेन प्रकाशस्वभावः प्रकाशमय आदित्य इत्यनेन न कश्चिद् विशेष **आदित्यप्रकाशवदा**दित्यवद् वाऽभिहितः, स **यथा** तिग्मांशुः स्वमण्डलं **प्रकाशयत्यन्यानि** च स्तम्भ-कुम्भादि**द्रव्याणि**, न चान्यपदार्थः **प्रकाशकः** सवितृमण्डलस्यानवस्थाप्रसक्तेरभ्युपेतुं शक्यः॥

ननु च घटाद्यप्रकाशात्मकत्वात् प्रकाशयतु भास्वान्, मूर्तिस्तु प्रकाशात्मिकैव तस्याः किं प्रकाश्यते तत्स्वभावत्वादिति ?

**उच्यते** → यद्यपि प्रकाशस्वभावा मूर्तिस्तथापि सा प्रकाश्यैव भवति, प्रमाणवत्, प्रमाणं हि स्व-पररूपप्रकाशकारीष्यते, अन्यथा चानेकदोषापत्तिः स्यात्।

**एवं कार्मणमित्यादि** (भाष्यम्)। एवमेतेनादित्यप्रकाशनिदर्शनेन **कार्मणं** शरीरमात्**मनश्च** स्व-

**ભાષ્યાર્થ : એ રીતે કાર્મણ શરીર પોતાનું અને અન્ય શરીરોનું કારણ છે.**

• *હેમગિરા* •

ખરેખર સૂર્યથી પ્રકાશ સર્વથા ભિન્ન છે એ પ્રમાણે સ્વીકારવું શક્ય નથી. (કથંચિત્ ભિન્ન છે.) તેથી પ્રકાશના સ્વભાવવાળો કે પ્રકાશમય સૂર્ય છે. આથી પ્રસ્તુતમાં પહેલા ''સૂર્યના પ્રકાશની જેમ'' એમ કહ્યું અને વિવરણ કરતી વખતે ''સૂર્યની જેમ'' એમ કહ્યું એમાં કોઈ વિશેષ ફરક નથી.

જેમ તે સૂર્ય સ્વમંડળને (= પોતાને) અને અન્ય સ્તંભ, ઘટ વગેરે પદાર્થોને પ્રકાશિત કરે છે પરંતુ સૂર્યને પોતાને પ્રકાશિત કરનાર અન્ય કોઈ વસ્તુ સ્વીકારવાની જરૂર નથી કેમકે જો અન્યને તેનો પ્રકાશક માનીએ તો અનવસ્થા દોષ લાગે છે. તેમ કાર્મણ શરીર પણ પોતાનું અને અન્ય શરીરોનું કારણ છે. (આ જ વાત આગળ **एवं कार्मण**... ઈત્યાદિ ભાષ્યથી કહેવાના જ છે.)

## ❊ સ્વ-પર પ્રકાશક જ્ઞાનવત્ કાર્મણ શરીર ❊

**પ્રશ્ન :** ઘટાદિ પદાર્થો અપ્રકાશાત્મક હોવાથી સૂર્ય એ પદાર્થોને પ્રકાશમાન કરે (એ યુક્તિ સંગત છે, પણ) સૂર્યની મૂર્તિ (= બિંબ) તો પ્રકાશાત્મક જ હોય છે તો પછી તે સૂર્યનું બિંબ શું પ્રકાશિત કરાય છે ? કારણ કે તે પોતે પ્રકાશાત્મક સ્વભાવવાળો જ છે.

**ઉત્તર :** યદ્યપિ તમે કીધું તેમ મૂર્તિ (= સૂર્યમંડળ) પ્રકાશ સ્વભાવવાળી છે તો પણ તે મૂર્તિ પ્રકાશ્ય જ હોય છે, જેમ કે પ્રમાણ. ખરેખર પ્રમાણ એ (પોતે પ્રકાશ સ્વભાવવાળું હોવા સાથે સ્વથી પ્રકાશ્ય સ્વભાવવાળું પણ છે જ માટે જ પ્રમાણને) સ્વ અને પરના સ્વરૂપનો પ્રકાશ કરનાર ઈચ્છાય છે. અન્યથા (= જો પ્રમાણને / સૂર્યને સ્વ-પર પ્રકાશક ન માનીએ તો) અનેક અનવસ્થા આદિ દોષોની આપત્તિ થાય.

२. शक्यम् - मु (खं.)।

**भाष्यम् :- अत्राह → औदारिकमित्येतदादीनां शरीरसंज्ञानां कः पदार्थ इति ?।**

• गन्धहस्ति •

रूपस्य **कारणमन्येषां** चौदारिकादिवपुषाम्, न पुनर्ज्ञानावरणादिकर्मव्यतिरिक्तमस्य कारणमन्वेषितव्यम्, कर्ममात्रत्वात् कर्मस्वभावत्वात् कार्मणस्येति। एतयोश्च तैजस-कार्मणयोरवरतः प्रमाणमङ्गुलासंख्येय-भागः उत्कृष्टतश्चौदारिकशरीरप्रमाणे केवलिनः समुद्घाते लोकप्रमाणे वा भवतो [1]मारणान्तिकसमुद्घाते वाऽऽयामतो लोकान्ताल्लोकान्तायते स्यातामिति॥

संशयानः पृच्छति, **औदारिकमिति** पदमादौ येषां वैक्रियादिपदानां तेषाम् **एतदादीनां** कोऽर्थोऽत्र विवक्षितः ? एतदुक्तं भवति → किमेता औदारिकादिसंज्ञा अर्थवत्तामनुगता[2] विधीयन्ते आहोस्विद् यदृच्छयेति ?

**ભાષ્યાર્થ : પ્રશ્ન → ઔદારિકથી શરૂ થતાં એવા શરીરના નામોનો કયો અર્થ અહીં વિવક્ષિત છે ?**

• *હેમગિરા* •

**एवं कार्मणम्...** આ પ્રમાણે એટલે આ સૂર્ય-પ્રકાશના દૃષ્ટાંત વડે કાર્મણ શરીર પોતાના સ્વરૂપનું તેમજ અન્ય ઔદારિકાદિ શરીરનું કારણ જાણવું પરંતુ આ (અષ્ટ કર્મના સમુદાયભૂત) કાર્મણ શરીરનું જ્ઞાનાવરણાદિ કર્મોથી અન્ય કોઈ કારણ ન જોવું / સમજવું. કારણ કે કાર્મણ શરીર માત્ર જ્ઞાનાવરણાદિ કર્મ સ્વરૂપ અર્થાત્ કર્મના સ્વભાવવાળું છે વળી આ તૈજસ અને કાર્મણ શરીરનું પ્રમાણ જઘન્યથી અંગુલના અસંખ્યાતમાં ભાગ જેટલું હોય છે અને ઉત્કૃષ્ટથી તે બંને ઔદારિક શરીર જેટલા (સાધિક હજાર યોજન) પ્રમાણવાળા હોય છે અથવા કેવળી ભગવંતના (કેવળી) સમુદ્ઘાત વખતે આ બંને શરીર લોકપ્રમાણવાળા હોય છે અથવા મારણાન્તિક (= મરણ સંબંધી) સમુદ્ઘાત વખતે (લોકના એક છેડેથી મરીને બીજા છેડે ઉત્પન્ન થનારા જીવોની અપેક્ષાએ) આ બંને શરીરો લંબાઈમાં લોકાંતથી લોકાંત સુધી લંબાઈવાળા હોય છે.

**પ્રશ્ન :** સંશય કરનાર પૂછે છે કે ઔદારિક એવું પદ છે આદિમાં જે વૈક્રિય આદિ પદોની તે 'ઔદારિકની આદિવાળા વૈક્રિયાદિ' પદોનો શું અર્થ અહીં વિવક્ષિત છે ? કહેવાનો આશય એ છે કે - શું આ ઔદારિક વગેરે સંજ્ઞાઓ સાન્વર્થિક (= અર્થને અનુરૂપ) છે કે યદૃચ્છા વડે (= અર્થ વિનાની) કરાય છે ?

**ઉત્તર :** આ નામો સાન્વર્થિક છે. યાદૃચ્છિક = યદૃચ્છા વડે નથી કરાયા આ વાતને ભાષ્યકારશ્રી **'उद्गतारमुदारं'** ઇત્યાદિ ભાષ્યથી દર્શાવે છે અને અન્વર્થપણું હોવાથી ઔદારિકાદિ સંજ્ઞા (= નામ) વડે જ (ઔદારિક વગેરે શરીરોના) લક્ષણના ભેદને દર્શાવે છે અથવા ''આ જ શરીરો આવા છે બીજા નહીં.'' એમ આ જ અન્વર્થ સંજ્ઞાના વિવરણ થકી દરેક શરીરોને વિશે

१. मरणा° - मु. (रा)। २. अर्थवत्तामनुविधी° - खं. / अर्थमनुविधी° - भा.।

**भाष्यम् :- अत्रोच्यते → उद्‌गतारमुदारम्, उत्कटारमुदारम्, उद्‌गम एव वोदारम् (यतः) उपादानात् प्रभृति अनुसमयमुद्‌गच्छति वर्धते जीर्यते शीर्यते परिणमतीत्युदारम्, उदारमेवौदारिकम्❖ नैवमन्यानि।**

● गन्धहस्ति ●

अन्वर्थसंज्ञा एता न यादृच्छिक्य इति भाष्यकृदादर्शयति → **उद्‌गतारमुदारमित्यादिना** भाष्येण। अन्वर्थत्वाच्च संज्ञयैव लक्षणभेदं प्रथयति, पृथग्लक्षणव्यवस्थानं वाऽत एवान्वर्थसंज्ञाविवरणा **नैवमन्यानी**ति प्रत्येकमन्यलक्षणव्यवच्छेदेनान्यलक्षणाभिधानात्, एभ्य एव विशेषेभ्यः शरीराणां नानात्वं सेत्स्यति।

**ननु** च शरीरप्रकरणप्रथमसूत्रे एतद् भाष्यं युक्तं स्यात्, इह तु प्रकरणान्ताभिधाने न किञ्चित् प्रयोजनं वैशेषिकमस्तीति।

**उच्यते** → तदेवमयं मन्यते, तदेवेदमादिसूत्रमाप्रकरणपरिसमाप्तेः प्रपञ्च्यते, अथवा प्रकरणान्ताभिधाने सत्यमेव न किञ्चित् फलमस्त्यसूत्रार्थत्वादतः क्षम्यतामिदमेकमाचार्यस्येति, तत्र **उद्‌गतारमुदारम्**

**ભાષ્યાર્થ : ઉત્તર : (૧) ઉત્કૃષ્ટ કાંતિવાળું તે ઉદાર, (૨) અથવા ઉત્કૃષ્ટ પ્રમાણવાળું તે ઉદાર, (૩) અથવા તો જે નવી નવી અવસ્થાઓને ક્ષણે-ક્ષણે પ્રાપ્ત કરે તે જ ઉદાર. જેથી કરીને આ શરીર ઉપાદાનથી (= લોહી અને શુક્ર રૂપ ઔદારિક પુદ્‌ગલોના પ્રથમ ગ્રહણથી) માંડીને સમયે સમયે નવી નવી અવસ્થાઓને પ્રાપ્ત કરે છે અર્થાત્ વધે છે, જીર્ણ થાય છે, શીર્ણ થાય છે, પરિણમન પામે છે તેથી ઉદાર કહેવાય છે અને ઉદાર એ જ ઔદારિક કહેવાય છે. આ પ્રમાણે બીજા શરીરો નથી.**

● *હેમગિરા* ●

અન્ય લક્ષણની બાદબાકી કરીને, અન્ય લક્ષણને કહેવા દ્વારા પૃથગ્ (= ભિન્ન) લક્ષણની વ્યવસ્થાને બતાવે છે. આમ આ જ વિશેષ લક્ષણો થકી શરીરોનો ભેદ સિદ્ધ થશે.

**પ્રશ્ન :** શરીર પ્રકરણના પહેલા સૂત્રમાં આ (હમણાં કહેવાયેલ) ભાષ્ય કહેવું વ્યાજબી હતું, પણ અહીં પ્રકરણના અંતે કહેવામાં તો કોઈ વિશેષ પ્રયોજન નથી (તો શા માટે અહીં કહ્યું છે ?)

**ઉત્તર :** આ જે પ્રકરણના અંતમાં કહ્યું છે તેથી આ પ્રમાણે નિશ્ચય કરાય છે કે તે જ આ (શરીર પ્રકરણવાળું) પ્રથમ સૂત્ર પ્રકરણની સમાપ્તિ સુધી વિસ્તાર - વિસ્તૃત કરાયેલું છે, અર્થાત્ વ્યાખ્યા કરાયેલું છે. (પ્રસ્તુત પ્રશ્નનો બીજી રીતે ઉત્તર આ પ્રમાણે છે કે-) અથવા તો શરીર પ્રકરણના અંતમાં વિવરણ કરવામાં ખરેખર જ કોઈ પ્રયોજન (= ફળ) નથી. કેમકે સૂત્ર વિનાના અર્થ રૂપ ભાષ્યને કહેવાનું થયું છે (જે ઇષ્ટ નથી), આથી આચાર્યશ્રીની આ એક ક્ષતિને ક્ષંતવ્ય ગણો. ત્યાં (= ભાષ્યમાં) આ ઉદાર શબ્દની વ્યુત્પત્તિને દેખાડનાર '**उद्‌गतारमुदारम्**'

१. तदेवमा° - खं. भा.। ❖ જુઓ પરિશિષ્ટ-६ ટીપ્પણી - २२

इति उद्गता = उत्कृष्टा आरा = छाया यस्य तदुद्गतारमुदारं प्रधानमित्यर्थः तीर्थङ्कर-गणधर-शरीराङ्गीकरणादेवमुच्यते, नहि तीर्थंकरादिशरीरेभ्योऽन्यत् प्रधानतरमस्ति त्रिलोक्यां शरीरमिति। अथवा **उत्कटारमुदारम्** (इति) उत्कृष्टा आरा = मर्यादा = प्रमाणं यस्य तदुत्कटारमुदारम्, अवस्थित-सातिरेकयोजनसहस्रप्रमाणत्वात्, अन्यच्चैवंविधं नास्ति॥

**ननु** वैक्रियमधिका योजनलक्षेति, **सत्यमेवमेतद्**→ अवस्थितं तन्न भवति, पञ्चधनुः शतप्रमाण-मेवावस्थितं वैक्रियम्, औदारिकं पुनरवस्थितमेवमुच्यते।

**उद्गम एव वा उदारः** (इति), उद्गमन = उद्गमः = प्रादुर्भावः स एव चोदारशब्देनोच्यते। यत **उपादानात् प्रभृती**त्यादि (भाष्यम्)। उपादानं हि शुक्र-शोणिताद्यौदारिकस्य तद्ग्रहणप्रभृत्येव **चानुसमयमुद्गच्छति** अविभज्यमानस्वरूपः कालविशेषः समयोऽभिधीयते, अतः प्रतिसमयमेव


એ પદ છે (અને બીજી અલગ અલગ વ્યુત્પત્તિ પણ ભાષ્યમાં દેખાડાઈ છે) તેનું વિવરણ કરાય છે →

**(૧) ઉદ્ગતાર →** ઉદ્ગત એટલે ઉત્કૃષ્ટ અને આરા એટલે છાયા. ઉત્કૃષ્ટ છાયા છે જેની તે ઉદ્ગતાર (= ઉત્કૃષ્ટ કાંતિવાળું) કહેવાય છે. તેને જ ઉદાર અર્થાત્ પ્રધાન કહેવાય છે. ઉદારનો આવો અર્થ તીર્થંકર, ગણધર આદિના શરીરની અપેક્ષાએ કહેવાય છે કારણકે ત્રણે લોકમાં તીર્થંકર વગેરેના શરીરો કરતાં અન્ય કોઈ શરીર વધુ પ્રધાન (= અદ્ભૂત કાંતિવાળું) નથી હોતું.

**(૨) ઉત્કટાર →** ઉત્કટ એટલે ઉત્કૃષ્ટ અને આરા એટલે મર્યાદા = પ્રમાણ. ઉત્કૃષ્ટ પ્રમાણ છે જેનું તે ઉત્કટાર, તેને જ ઉદાર કહેવાય કારણકે ઉત્કૃષ્ટથી ઔદારિક શરીરનું અવસ્થિત (= લબ્ધિજન્ય શરીરીની જેમ અમુક સમય પૂરતું નહિ પણ કાયમી) પ્રમાણ કાંઈક અધિક ૧ હજાર યોજન હોય છે. બીજા કોઈ શરીરો અવસ્થિત રૂપે આવા પ્રકારના આટલા મોટા નથી હોતા.

**પ્રશ્ન :** જે વૈક્રિય શરીર છે તેની મર્યાદા સાધિક ૧ લાખ યોજન હોય છે, આથી આ ઔદારિક શરીર કરતાં ઘણું મોટું છે ને ?

**ઉત્તર :** આપના કહેવા પ્રમાણે આ વાત સાચી જ છે પરંતુ તે વૈક્રિય શરીર અવસ્થિત નથી, અવસ્થિત વૈક્રિય શરીર તો વધુમાં વધુ ૫૦૦ ધનુષ્ય પ્રમાણ જ હોય છે. જયારે અવસ્થિત ઔદારિક શરીર આ પ્રમાણે (હજાર યોજન) પ્રમાણવાળું કહેવાય છે.

**(૩) ઉદ્ગમ →** ઉદ્ગમન એટલે ઉદ્ગમ અર્થાત્ પ્રગટ થવું = ઉત્પન્ન થવું અને તે ઉદ્ગમ જ ઉદાર શબ્દથી કહેવાય છે. હવે ઉદારનો અર્થ ઉદ્ગમ કેમ કર્યો ? તેના કારણને બતાવનાર '**उपादानात् प्रभृति**' ઇત્યાદિ ભાષ્ય છે. તેનો અર્થ આ પ્રમાણે → શુક્ર અને લોહી આદિ એ ઔદારિકનું ઉપાદાન કારણ છે અને તે (શુક્ર અને લોહી આદિ)ના ગ્રહણથી માંડીને પ્રતિ સમય નવી નવી અવસ્થાને શરીર પ્રાપ્ત કરે છે (આથી ઔદારિક શરીર ઉદાર કહેવાય છે).

तदुत्तरामुत्तरां व्यवस्थां[1] स्वावयवपर्याप्त्यपेक्षामुद्गच्छति = प्राप्नोति, न तदस्ति कालविवरं यत्रावस्थान्तरं न समासादयतीति, एवं च भाष्यकारो दर्शयति → तत् **वर्धते** वयःपरिणामेनोपचीयमानमूर्ति[2]प्रतिवेलमाभाव्यते, **जीर्यते** इति जरामधिगच्छति = वयोहानिमाप्नोति, **शीर्यत** इति शिथिलसन्धिबन्धनमालम्बमानचर्ममण्डलमुपलक्ष्यते तदेव जातुचिदतः शीर्यत इत्युच्यते, **परिणमती**ति समन्ताज्जराभारविधुरमानमतिपरिपेलवग्रहणशक्ती[3]न्द्रियग्रामं वलीवलयलेखाविचित्रमन्यदिवोपजायते, अतो मुहुर्मुहुरुद्गमनाद् **उदारमेवौदारिकं** स्वार्थे प्रत्ययविधानात्।

**नैवमन्यानी**ति यथेदमौदारिकमेवंविधानेकविशेषणविशिष्टं न तथा वैक्रियाहारक-तैजस-कार्मणानि,नहि वैक्रियस्य जरसा विवृद्ध्या वा प्रतिक्षणं योगोऽस्त्यवस्थितत्वात् तथाऽऽहारकस्य, तैजस-कार्मणयोस्तु सुतरां न समस्त्यङ्गोपाङ्गाद्यनिर्वृत्तेः।

• હેમગિરા •

અહીં અવિભાજ્ય સ્વરૂપ વિશિષ્ટ કાળ એ સમય કહેવાય છે. આથી અર્થ આ પ્રમાણે થયો કે ઉપરોક્ત આહાર કર્યા બાદ સમયે સમયે પોતાના અવયવ અને પર્યાપ્તિની અપેક્ષાવાળી વિશિષ્ટ અવસ્થાને (ઔદારિક શરીર) ઉત્પન્ન કરે છે અર્થાત્ પામે છે. એવો કોઈ તે વચલો સમય નથી કે જેમાં આ ઔદારિક શરીર અવસ્થાન્તરને (= નવી નવી અવસ્થાને) પામતું ન હોય. અને આ પ્રમાણે થતી અવસ્થાઓને **वर्धत** ઇત્યાદિ પદો દ્વારા ભાષ્યકારશ્રી દર્શાવે છે.

A. **વધે છે** = તે ઔદારિક શરીર વયના પરિણામ વડે દરેક સમયે વધતા આકારવાળું જણાય છે.

B. **જીર્ણ થાય છે** = આ ઔદારિક શરીર 'જરા'ને પામે છે અર્થાત્ વયની હાનિને પામે છે.

C. **શીર્ણ થાય છે** = જે ઔદારિક શરીર વૃદ્ધિને પામતું હતું તે જ ક્યારેક શિથિલ થઈ ગયેલા સાંધાના બંધનવાળું તેમજ લટકતી ચામડીના મંડલ (= સમૂહ)વાળું જણાય છે. આથી શીર્યતે (= શીર્ણ થાય છે,) એમ કહેવાય છે.

D. **પરિણમે છે** = પરિણમવું એટલે ચારે બાજુથી '**જરા**'ના ભારથી પીડાતું, અત્યંત મંદ ગ્રહણ શક્તિવાળી ઇન્દ્રિયોના સમૂહવાળું, કરચલીઓની ગોળ રેખાઓ વડે વિચિત્ર, જાણે અન્ય જ અર્થાત્ પૂર્વ કરતાં કાંઈક જુદું જ શરીર થાય છે. આ પ્રમાણે વારંવાર ઉદ્ગમન (= પરિવર્તન = પરિણમન) પામતું હોવાથી આ શરીર ઉદાર કહેવાય. ઉદાર એ જ ઔદારિક છે કારણ કે ઉદાર શબ્દને સ્વાર્થમાં '**इक**' પ્રત્યય લાગ્યો છે. આ પ્રમાણે બીજા શરીરો નથી અર્થાત્ આવા પ્રકારના (જીર્ણતા, શીર્ણતા વગેરે) અનેક વિશેષણોથી વિશિષ્ટ જે રીતે ઔદારિક શરીર છે તે રીતે વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ શરીરો નથી હોતા.

१. °वस्था स्वीयपर्या° - मु. (खं.)। २. प्रतिवलयमा° - रा.। ३. °पेलवशक्ती° - भां.।

**भाष्यम् :- यथोद्गमं वा निरतिशेषं, ग्राह्यं, *छेद्यं, भेद्यं, दाह्यं, *हार्यमित्युदारणा[१]दौदारिकम्, नैवमन्यानि।**

गन्धहस्ति

अथवाऽन्यथा व्युत्पत्तिः → **यथोद्गमं वा निरतिशेषमित्यादि** भाष्यम्। यो य (योग्य ?) उद्गमो = यथोद्गमं निरतिशेषं = निःशेषं निरतिशयं वा मांसास्थि-स्नाय्वाद्यवबद्धत्वात् सर्वमेव तुल्यम्, ग्राह्यादिधर्मयोगाद् गृह्यते पाण्याद्यवयवैरिन्द्रियैर्वा, छिद्यते परश्वादिना, भिद्यते नाराचादिना, दह्यतेऽग्नि-भास्करादिना, ह्रियते महावायुवेगेनेत्येवमादिभिर्विदारणादुदारमुच्यते, पृषोदरादित्वाच्च संस्कार-**यत्युदारणादौदारिकम्।**

**ભાષ્યાર્થ : (૪) અથવા જે જે (યોગ્ય) ઉદ્‌ગમ નિરતિશેષ (= નિશેષ હોય), ગ્રાહ્ય હોય, છેદ્ય હોય, ભેદ્ય હોય, દાહ્ય હોય, હરવા લાયક હોય, આ પ્રમાણે આવા પ્રકારના છેદન ભેદન આદિ દ્વારા વિદારણ (= નાશ) કરી શકાતું હોવાથી ઉદાર કહેવાય છે અને ઉદારણ (= નાશ) પામતું હોવાથી ઔદારિક કહેવાય છે. આ પ્રમાણે બીજા શરીરો નથી,**

*હેમગિરા*

## ❋ અન્ય દેહોમાંના અવસ્થિતપણાની કારણતા ❋

વૈક્રિય શરીરને પ્રતિક્ષણે શારીરિક વૃદ્ધિ કે જરા અવસ્થા સાથે કોઈ સંબંધ નથી કેમકે આ વૈક્રિય શરીર સદા અવસ્થિત હોય છે. તે રીતે આહારક શરીર પણ આવું જ હોય છે અર્થાત્ તેમાં પણ '**જરા**' કે '**વૃદ્ધિ**' હોતી નથી, અવસ્થિત જ હોય છે, વળી તૈજસ અને કાર્મણ શરીરમાં તો સુતરાં જરા કે વૃદ્ધિ સાથે યોગ નથી કારણ કે એ બેમાં અંગોપાંગ આદિનું નિર્માણ હોતું નથી. અથવા બીજી રીતે '**ઔદારિક**'ની વ્યુત્પત્તિને કહેનાર - '**यथोद्गमं वा निरतिशेषम्**' ઇત્યાદિ ભાષ્ય છે. (તેનો સમુદાયાર્થ ઉપર ભાષ્યાર્થમાં છે. હવે તેના અવયવાર્થને કહે છે →)

(૪) **યથોદ્‌ગમં →** જે જે (યોગ્ય) ઉદ્‌ગમ (= ઉત્પત્તિ / પ્રાદુર્ભાવ) તે યથોદ્‌ગમ. આ ઉદ્‌ગમ નિરતિશેષ એટલે નિઃશેષ (= માંસ, હાડ, સ્નાયુ વગેરે સમગ્ર સામગ્રીવાળો) હોય અથવા સ્વભાવતઃ નિરતિશય = અતિશય રહિત હોય અર્થાત્ માંસ, હાડકાં, સ્નાયુ આદિથી યુક્ત હોવાથી બધે સમાન હોય. આ ઉદ્‌ગમ ગ્રાહ્ય વગેરે ધર્મોથી યુક્ત હોવાના કારણે હાથ આદિ અવયવો અથવા ઇન્દ્રિયો વડે ગ્રહણ કરાય છે, કુહાડી આદિથી છેદાય છે, બાણ આદિથી ભેદાય છે, આગ કે સૂર્ય આદિથી બળાય છે, મહાવાયુના વેગથી હરણ કરાય છે. આ પ્રમાણે કુહાડા, અગ્નિ ઇત્યાદિ વડે વિદારણ (= નાશ) પામતું, દહન કરી શકાતું હોવાથી (આ શરીરને) ઉદાર કહેવાય છે.

१. 'दाहरणा' - मु (घ) टीकानुसारपाठो गृहीतः। ❖ જુઓ પરિશિષ્ટ-૬ ટીપ્પણી-૨૩, ૨૪

**भाष्यम् :-** उदारमिति च स्थूलनाम। स्थूलमुद्गतं पुष्टं बृहन्महदिति, उदारमेवौदारिकम्। नैवं शेषाणि। तेषां हि '*परं परं सूक्ष्मम्*' (अ. २, सू. ३८) इत्युक्तम्॥

गन्धहस्ति

**नैवमन्यानीति** सुज्ञानम्। नहि वैक्रियादिषु मांसास्थिग्राह्यतादयो विशेषाः सन्ति।

अथवाऽन्यथा **उदारमिति** चेत्यादि (भाष्यम्)। **च**शब्दोऽथवेत्यस्यार्थे। स्थूलस्याभिधानमुदारमिति स्वल्पप्रदेशोपचितत्वात् बृहत्त्वाच्च भेण्डवदुदारं स्थूलमिति। अस्यैव पर्यायान् सुखावबोधार्थमाख्याति → **स्थूलमुद्गतं पुष्टं बृहन्महदित्युदारमेवौदारिकम्** (इति भाष्यं)। स्थूलत्वाद् भेण्डवत्[1] ऊर्ध्वंगतमुच्छ्रायमुद्गतमतिप्रमाणत्वात्[2], पुष्टं शुक्र-शोणितादिप्रचितत्वात्, बृहत् प्रतिक्षणं वृद्धियोगात्, योजनसहस्रप्रमाणावस्थितारोहपरिणाहत्वान्महत्, उदारमेवौदारिकमित्यनेन न तन्नियमः किन्तु

**ભાષ્યાર્થ : (૫) અથવા ઉદાર એટલે સ્થૂલ અર્થ કરવો. સ્થૂલ, ઉદ્ગત, પુષ્ટ, બૃહત્, મોટું આ બધાં એકાર્થિક છે. ઉદાર જ ઔદારિક કહેવાય છે. અન્ય શરીરો આવા નથી કારણ કે તે પાંચ શરીરોમાં પછી પછીના શરીરો ઉત્તરોત્તર સૂક્ષ્મ હોય છે, એમ ૩૮ સૂત્રમાં કહેવાયેલું છે.**

*હેમગિરા*

તેમજ ઉદાર શબ્દ **પૃષોદરાદિ ગણપાઠ**માં આવતો હોવાથી તેનો સંસ્કાર કરે છે. → '**उदारणात् औदारिकम्**' = ઉદારણ = વિદારણ / નાશ થતું હોવાથી ઔદારિક એવી વ્યુત્પત્તિ સમજવી. આ પ્રમાણે અન્ય શરીરો નથી હોતાં એવું ભાષ્ય સ્પષ્ટ છે કારણ કે વૈક્રિય વગેરે શરીરોમાં માંસ, હાડકાં, ગ્રાહ્યતા, છેદ્યતા, ભેદ્યતા આદિ વિશેષતાઓ નથી હોતી.

અથવા હજુ બીજી રીતે અર્થ કરી પાંચમી વ્યુત્પત્તિને દેખાડતા '**उदारमिति च**' ઇત્યાદિ ભાષ્યને કહે છે. અહીં '**च**' પદ '**અથવા**' શબ્દના અર્થમાં છે

**(૫) સ્થૂલ→** સ્થૂલનો અર્થ ઉદાર છે. અતિ અલ્પ પ્રદેશોથી બનેલું હોવાથી તથા મોટું હોવાથી ભીંડા (= શાક વિશેષ)ની જેમ આ શરીર ઉદાર અર્થાત્ સ્થૂલ છે.

હવે સુખેથી સમજી શકાય માટે આ (ઉદાર શબ્દ)ના જ પર્યાયવાચી શબ્દોને **स्थूलमुद्गतं...** ઇત્યાદિ ભાષ્યમાં જણાવે છે કે (૧) સ્થૂલ, (૨) ઉદ્ગમ, (૩) પુષ્ટ, (૪) બૃહત્, (૫) મહત્ આ બધા ઉદાર શબ્દના એકાર્થિક જાણવા. ઉદાર તે જ ઔદારિક છે.

(૧) ભેંડ કાષ્ટ (કાષ્ટ વિશેષ)ની જેમ સ્થૂલપણું હોવાથી **સ્થૂલ** કહેવાય.

(૨) અતિપ્રમાણવાળું હોવાથી ઉપર ગયેલું અર્થાત્ ઉંચાઈને પામેલું તે **ઉદ્ગત** કહેવાય.

(૩) શુક્ર અને શોણિતાદિથી નિર્મિત હોવાથી **પુષ્ટ** કહેવાય છે.

१. भेण्डकवत् - खं. भां.। २. ऊर्ध्वगत° - खं।

**भाष्यम् :- *वैक्रियमिति विक्रिया विकारो विकृतिर्विकरणमित्यनर्थान्तरम्।**

● **गन्धहस्ति** ●

प्रदर्शनमेतत् क्वचित् स्वार्थे क्वचिन्निर्वृत्ताद्यर्थेष्विति। **नैवं शेषाणि** वैक्रियादीनि। किं कारणमत आह → **तेषां हि '*परं परं सूक्ष्मम्*' (२/३८) इत्युक्तं** (इति भाष्यम्) यस्मात् तेषां वैक्रियादीनां परं परं प्राक् सूक्ष्ममभिहितं तस्मान्नैवं शेषाणीति॥

**वैक्रियमित्यादि** भाष्यम्। प्राक् तावत् सुखावबोधार्थं पर्यायानाचष्टे → **विक्रिया विकारो विकृतिर्विकरणमित्यनर्थान्तरम्**। विविधा विशिष्टा वा क्रिया **विक्रिया,** तस्यां भवं वैक्रियम्, प्रकृतेरन्यत्वं **विकारः**, विचित्राकृतिर्**विकृतिः**, विविधं क्रियत इति **विकरणम्**, एतेऽ**नर्थान्तरम**भिदधति ध्वनयः।

**ભાષ્યાર્થ : વૈક્રિય એટલે વિક્રિયા, વિકાર, વિકૃતિ, વિકરણ આ બધા એકાર્થિક છે.**

● *હેમગિરા* ●

(૪) પ્રતિક્ષણ વૃદ્ધિ પામતું હોવાથી **બૃહત્** કહેવાય છે.

આ એકાર્થક શબ્દો છે..

(૫) હજાર યોજન પ્રમાણ અવસ્થિત શરીરની ઉંચાઈ અને લંબાઈ હોવાથી મહત્ કહેવાય છે.

આવું ઉદાર શરીર જ ઔદારિક કહેવાય છે. **उदारमेव औदारिकम** એ પ્રમાણે ભાષ્યમાં સ્વાર્થ અર્થમાં વ્યુત્પત્તિ કરી છે પણ તે સ્વાર્થ અર્થની વ્યત્પત્તિનો નિયમ નથી કરાયો કે સ્વાર્થમાં જ ઔદારિક શબ્દની વ્યુતિપત્તિ થાય, કિન્તુ આ પ્રદર્શન (= ઉદાહરણ) માત્ર છે કેમકે આ વ્યુત્પત્તિ ક્યાંક સ્વાર્થમાં તો ક્યાંક નિર્વૃત્તિ વગેરે અર્થોમાં થાય છે.

**'नैव शेषाणि'** ''વૈક્રિયાદિ શેષ શરીરો આવા નથી'' આવું જે કહ્યું છે તે કયા કારણે ?

આ પ્રમાણે પ્રશ્ન ઉપસ્થિત થતો હોવાથી એના ઉત્તરમાં **तेषां हि परं परं...** ઇત્યાદિ ભાષ્યને કહે છે - જેથી કરીને વૈક્રિય વગેરે શરીરોમાં પૂર્વ પૂર્વ કરતાં પછી પછીના શરીર વધુ સૂક્ષ્મ હોય છે, એમ પૂર્વે ૨/૩૨ સૂત્રમાં કહેવાયું હતું. તેથી શેષ શરીરો એવા ઔદારિક જેવા સ્થૂલ નથી.

## ❊ વૈક્રિયના વિવિધ રૂપો ❊

**'वैक्रियं'** ઇત્યાદિ ભાષ્ય છે. સર્વ પ્રથમ વૈક્રિય શરીરનો સુખેથી બોધ થાય માટે તેનાં પર્યાયવાચી શબ્દોને કહે છે. તે આ મુજબ :- વિક્રિયા, વિકાર, વિકૃતિ અને વિકરણ.

**૧. વિક્રિયા→** વિવિધ અથવા વિશિષ્ટ ક્રિયા તે વિક્રિયા કહેવાય છે. તે (= વિક્રિયા) વિશે થનારું તે વૈક્રિય કહેવાય છે.

**૨. વિકાર→** પ્રકૃતિ (= સ્વાભાવિક રૂપ)થી અન્ય રૂપે થવું અર્થાત્ મૂળ પ્રકૃતિમાં ફેરફાર

१. °निवृत्ता° - मु (खं.)। * જુઓ પરિશિષ્ટ-૬ ટીપ્પણી- ૨૫

**भाष्यम् :- विविधं[1] क्रियते। एकं भूत्वा अनेकं* भवति। अनेकं भूत्वा एकं भवति। अणु भूत्वा महद् भवति। महच्च भूत्वाऽणु भवति। एकाकृति भूत्वा अनेकाकृति भवति। अनेकाकृति भूत्वा एकाकृति भवति। दृश्यं भूत्वा अदृश्यं भवति। अदृश्यं भूत्वा दृश्यं भवति। भूमिचरं भूत्वा खेचरं भवति। खेचरं भूत्वा भूमिचरं भवति। प्रतिघाति भूत्वा अप्रतिघाति भवति। अप्रतिघाति भूत्वा प्रतिघाति भवति।**

● गन्धहस्ति ●

एतदधुना स्पष्टयन्नाह→ **विविधं क्रियत** इत्यादिना। **विविधम**नेकप्रकारं तद् वैक्रियं **क्रियते**, कथं पुनस्तदित्युच्यते → **एकं भूत्वा अनेकं भवति** विकर्तुः समासादितवैक्रियलब्धेरिच्छानुविधानात्। **एकं भवती**त्यादि (भूत्वेत्यादि ?) भाष्यं सुज्ञानं यावत् **प्रतिघाति** भूत्वेत्यादि। प्रतिहननशीलं भूत्वा स्थूलत्वात् सूक्ष्मावस्थानमनुप्राप्तं सद**प्रतिघाति भवति**, एककालमेव[2] च सर्वानभिहितलक्षणान् **भावान्**

**ભાષ્યાર્થ : વૈક્રિય શરીર અનેક પ્રકારે કરાય છે, તે આ પ્રમાણે - એક થઈને અનેક રૂપે થાય છે. અનેક થઈને એક રૂપે થાય છે. અણુ થઈને વિશાળ થાય છે અને વિશાળ થઈને અણુ થાય છે. એક આકૃતિવાળું થઈને અનેક આકૃતિવાળું થાય છે, અનેક આકૃતિવાળું થઈને એકાકૃતિવાળું થાય છે, દશ્ય થઈને અદશ્ય થાય છે, અદશ્ય થઈને દશ્ય થાય છે, ભૂમિચર થઈને ખેચર થાય છે, ખેચર થઈને ભૂમિચર થાય છે, પ્રતિઘાતી થઈને અપ્રતિઘાતી થાય છે, અપ્રતિઘાતી થઈને પ્રતિઘાતી થાય છે.**

● *હેમગિરા* ●

થાય તે વિકાર કહેવાય છે.

૩. **વિકૃતિ→** વિચિત્ર પ્રકારની કૃતિ (= રચના) તે વિકૃતિ કહેવાય છે.

૪. **વિકરણ→** વિવિધ પ્રકારે જે કરાય તે વિકરણ. આ સર્વે શબ્દો એક જ (= વૈક્રિય શરીર રૂપ) પદાર્થને કહે છે.

અત્યારે '**विविधं क्रियत**' ઇત્યાદિ ભાષ્ય વડે આ વૈક્રિય શબ્દનેસ્પષ્ટ કરતાં કહે છે. → તે વૈક્રિય વિવિધ રૂપે એટલે અનેક પ્રકારે કરાય છે. તે કઈ રીતે વિવિધ પ્રકારે થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં '**एकं भूत्वा**' ઇત્યાદિ ભાષ્ય કહેવાય છે. પ્રાપ્ત થયેલી વૈક્રિયલબ્ધિવાળા વિકર્તા (= વૈક્રિય શરીર બનાવનારા ) એવા જીવની ઇચ્છાને અનુસરતું હોવાથી તે (વૈક્રિય શરીર) એકમાંથી અનેક થાય છે. '**एकं भूत्वा**' ઇત્યાદિ પદથી માંડી '**प्रतिघाति भूत्वा**' ઇત્યાદિ પદ સુધીનું ભાષ્ય સુગમ છે. આ **प्रतिघाति भूत्वा** ઇત્યાદિ ભાષ્યનો ભાવાર્થ એવો છે કે ક્યારેક આ વૈક્રિય શરીર સ્થૂલ હોવાથી હણાવાના સ્વભાવવાળું થઈને (સુરક્ષા પામવા) સૂક્ષ્મ અવસ્થાને

१. विविधं भूत्वा क्रियते - खं. भां. रा। २. °मेव सर्वा° - खं. भां.। * જુઓ પરિશિષ્ટ-૬ ટીપ્પણી-૨૬

**भाष्यम् :- युगपच्चैतान् भावाननुभवति। नैवं शेषाणीति। विक्रियायां भवति, विक्रियायां जायते, विक्रियायां निर्वर्त्यते, विक्रियैव वा वैक्रियम्॥**

• गन्धहस्ति •

विकारान् वेदयते, **नैवमौ**दारिकाहारकादीन्यतो विशिष्टलक्षणमेवेदं विज्ञेयम्। तथा चोक्तं **भगवत्यां** तृतीयशते पञ्चमोद्देशके →

''★ *(प्र.) अणगारे णं भंते! भावियप्पा बाहिरए पोग्गले परियाइत्ता पभू एगं महं इत्थीरूवं (वा) जाव संदमाणियारूवं वा विउव्वित्तए ? (उ.) हंता पभू।*

*(प्र.) अणगारे णं भंते ! भावियप्पा केवइयाइं पभू इत्थीरूवाइं विउव्वित्तए ? (उ.) गोयमा ! से जहा नामए जुवतिं जुवाणे हत्थेणं [1]हत्थंसि गिण्हिज्जा चक्कस्स वा नाभी*

**ભાષ્યાર્થ : આ બધા ભાવોને એક સાથે જીવ વૈક્રિય શરીરમાં અનુભવે છે. શેષ શરીરો આવા પ્રકારનાં નથી. જે વિક્રિયા વિશે થાય છે વિક્રિયામાં જન્મે છે, જે વિક્રિયામાં નિર્માણ પામે છે તે વૈક્રિય અથવા વિક્રિયા જ વૈક્રિય છે.**

• *હેમગિરા* •

પ્રાપ્ત થાય ત્યારે અપ્રતિઘાતી થાય છે. (**युगपच्चैतान्** ... ઇત્યાદિ → વિવિધ રૂપ, અનેક રૂપ, અણુ રૂપ, મહત્ રૂપ વગેરે) અત્યાર સુધીમાં દર્શાવેલ સ્વરૂપવાળા સર્વ ભાવોને = વિકારોને આ શરીર એક સાથે જ વેદે છે. (વિવિધ રૂપ એટલે જુદા પ્રકારનાં અનેક રૂપો, અને અનેક રૂપ એટલે એક જ આકારનાં અનેક રૂપો) ઔદારિક, આહારકાદિ શરીરો આવા નથી, આથી ઉક્ત વિશિષ્ટ લક્ષણવાળું જ આ વૈક્રિય શરીર જાણવું.

## ❁ વૈક્રિય અંગે આગમિક પાઠો ❁

તેમજ **શ્રી ભગવતી સૂત્રને વિષે** ત્રીજા શતકના પાંચમા ઉદ્દેશામાં કહેવાયું છે કે -

***પ્રશ્ન :*** *હે ભંતે ! ભાવિતાત્મા એવો અણગાર બાહ્ય પુદ્ગલોને પરિણમાવીને એક મોટા એવા સ્ત્રીના રૂપને યાવત્ પાલખીના રૂપને વિકુર્વવા માટે સમર્થ છે ?*

***ઉત્તર :*** *હા, સમર્થ છે.*

***પ્રશ્ન :*** *હે ભંતે ! ભાવિતાત્મા એવો અણગાર કેટલા સ્ત્રી રૂપોને વિકુર્વવા માટે સમર્થ છે?*

***ઉત્તર :*** *હે ગૌતમ ! જેમ કોઈ એક યુવાન યુવતીને હાથ વડે હાથમાં ગ્રહણ કરે અથવા*

१. हत्थे गि॰ - खं. भां।

★ अनगारो णं भगवन् ! भावितात्मा बाह्यान् पुद्गलान् पर्यादाय प्रभुः एकं महत् स्त्रीरूपं (वा) यावत् स्यन्दमानिकारूपं वा विकुर्वितुम् ? हन्त प्रभुः। अनगारो णं भगवन् ! भावितात्मा कियन्ति प्रभुः स्त्रीरूपाणि विकुर्वितुम् ? गौतम! स यथा नाम युवतिं युवा हस्तेन हस्ते गृहणीयात् चक्रस्य वा नाभिः...

*★अरगाउत्ता सिया, एवमेव गोयमा ! अणगारे(ऽवि) णं भावियप्पा वेउव्वियसमुग्घाएणं (समोहणइ) समोहणित्ता संखिज्जाइं जोयणाइं दंडं निसिरति जाव दोच्चंपि वेउव्वियसमुग्घाएणं समोहणित्ता जाव पभू (णं, गोयमा ! अणगारे णं भावियप्पा) केवलकप्पं जंबुद्दीवं दीवं बहूहिं इत्थीरूवेहिं आइण्णं [1]वितिकिण्णं जाव करित्तए, अदुत्तरं च णं गोयमा ! पभू तिरियमसंखेज्जदीवसमुद्दे भरिए विउव्वित्तए जाव (एस णं गोयमा !अणगारस्स भाविअप्पणो, अयमेयारुपे विसए विसयमेत्ते वुच्चइ) नो चेव णं संपत्तीए विउव्विंति वा, विउव्विस्संति वा विउव्विंसु वा [2]" (एवं परिवाडीए नेयव्वं जाव संदमाणिया)* (सू. १६१) ॥

तथा चतुर्दशशते अष्टमोद्देशके →

"*(प्र.) ★[3]अत्थि णं भंते ! अव्वाबाधा (हा) देवा (२) ? (उ.) हंता अत्थि। (प्र.)*

• હેમગિરા •

*જેમ ચક્રની નાભિ આરાઓથી યુક્ત હોય છે તેમ હે ગૌતમ ! ભાવિતાત્મા એવો અણગાર પણ વૈક્રિય સમુદ્ઘાત વડે (સમવહત = યુક્ત થાય છે.) સમવહત થઈને સંખ્યાતા યોજનવાળા દંડને કાઢે છે. યાવત્ બીજીવાર પણ વૈક્રિય સમુદ્ઘાત વડે સમવહત થઈને યાવત્ અનેક સ્ત્રી રૂપને વિકુર્વવા માટે સમર્થ છે અને આગળ વધતા (હે ગૌતમ ! ભાવિતાત્મા એવો અણગાર) જંબુદ્વીપ નામે દ્વીપને ઘણા સ્ત્રી રૂપોથી આકીર્ણ, વ્યતિકીર્ણ યાવત્ કરવા માટે સમર્થ છે અને હજુ આગળ વધીને હે ગૌતમ ! તિર્યગ્લોકના અસંખ્ય દ્વીપ સમુદ્રોને અનેક સ્ત્રીઓને (સ્ત્રી રૂપોને) વિકુર્વીને ભરવા માટે તે સમર્થ છે યાવત્ (હે ગૌતમ ! ભાવિતાત્મા એવા અણગારનો આ આવા સ્વરૂપવાળો વિષય, માત્ર કહેવા પૂરતો કહેવાય છે પણ) આ પ્રમાણે સાક્ષાત્ ક્યારે પણ વિકુર્વણ કરતો નથી, વિકુર્વણ કરશે નહીં અને વિકુર્વણ કર્યું નથી. (આ પ્રમાણે પરિપાટી વડે પાલખી સુધી જાણવું.)* (શ્રી ભગવતીજી સૂ. ૧૬૧) તથા આ જ **શ્રી ભગવતીજી સૂત્ર**માં આગળ **૧૪**મા શતકને વિશે **૮**મા ઉદ્દેશામાં કહ્યું છે કે -

***પ્રશ્ન :*** *હે ભગવાન ! શું એમ છે કે ( સારસ્વત આદિ નવલોકાંતિક દેવોમાંના સાતમા અવ્યાબાધ દેવો' (= પીડા નહીં કરનારા દેવો) છે ?*

---

१. विकिण्णं - खं. भां.। २. विउव्वति वा विउव्वंस्संति वा - खं.। ३. अत्थ णं - मु (खं. भां.)।

★ अरकायुक्ता स्यात्, एवमेव गौतम ! अनगारो (ऽपि) णं भावितात्मा वैक्रियसमुद्घातेन (समवहति) समूह्वा संख्येयानि योजनानि दंडं निसारयति यावत् द्विकृत्वोऽपि वैक्रियसमुद्घातेन समूह्वा यावत् प्रभुः (णं, गौतम! अनगारो णं भावितात्मा) केवलकल्पं जंबूद्वीपं द्वीपं बहुभिः स्त्रीरुपैः आकीर्णम् व्यतिकीर्णम् यावत् कर्तुम्, अथोत्तरं च णं गौतम ! प्रभुः तिर्यञ्चमसंख्यद्वीपसमुद्रान् भर्तुं विकुर्व्य यावत् (एषो णं गौतम ! अनगारस्य भावितात्मनः, अयमेवंरुपो विषयो विषयमात्रमुच्यते) नो चैव णं सम्पत्त्या विकुर्वन्ति वा, विकुर्विष्यन्ति वा व्यकुर्विषु वा (एवं परिपाट्या ज्ञातव्यं यावत् स्यन्दमानिका)। ★ सन्ति णं भदन्त ! अव्याबाधा देवाः (२) ? हन्त सन्ति। तत्....

( ) इति धनुष्यचिह्नमध्यवर्तीपाठाः वर्तमानोपलब्धमुद्रितभगवतिसूत्रे दृश्यन्ते।

**से केणट्ठेणं भंते ! एवं वुच्चति अव्वाबाधा देवा (२) ?*

*(उ.) गोयमा ! पभू णं एगमेगे अव्वाबाधे देवे एगमेगस्स पुरिसस्स एगमेगंसि अच्छिपत्तंसि दिव्वं देविड्ढिं दिव्वं देवजुइं दिव्वं देवाणुभावं दिव्वं बत्तीसइविहं नट्टविहिं उवदंसेत्तए, नो चेव णं तस्स पुरिसस्स किंचि आबाधं वा वाबाहं वा उप्पाएइ छविच्छेदं वा करेइ, सुहुमं च णं उवदंसेज्जा, से तेणट्ठेणं जाव अव्वाबाधा देवा (२)" (सू. ५३१)॥*

तथाऽष्टादशशते सप्तमोद्देशके →

**"(प्र.) देवे णं भंते ! महड्ढिए जाव महेसक्खे रूवसहस्सं विउव्वित्ता पभू णं अण्णमण्णेणं सद्धिं संगामं संगामित्तए ? (उ.) हंता पभू। (प्र.) ताओ णं भंते ! बोंदीओ*



***ઉત્તર :** હા, ગૌતમ એમ છે.*

***પ્રશ્ન :** હે ભંતે ! આ પ્રમાણે શાથી કહેવાય છે કે - (અવ્યાબાધ દેવો એ) અવ્યાબાધ દેવો છે ?*

***ઉત્તર :** હે ગૌતમ ! પ્રત્યેક અવ્યાબાધ દેવ એક એક પુરુષની એક એક આંખની પાંપણમાં દિવ્ય દેવઋદ્ધિને, દિવ્ય દેવદ્યુતિને, દિવ્ય દેવપ્રભાવને, ૩૨ પ્રકારવાળી દિવ્ય નાટચવિધિને દેખાડવા માટે સમર્થ છે પરંતુ તે પુરુષને થોડી પીડા કે વિશિષ્ટ પીડાને ઉત્પન્ન કરતાં નથી અથવા તો (તે પુરુષની) છવિચ્છેદ (= શરીરના છેદ)ને પણ કરતાં નથી. આ પ્રમાણે સૂક્ષ્મતાપૂર્વક નાટચવિધિને બતાવી શકે છે, તે હેતુથી (અવ્યાબાધ દેવો) 'અવ્યાબાધ દેવો' (= પીડા નહીં કરનારા દેવો) કહેવાય છે.* (સૂ. **૫૩૧**) તથા ત્યાં **શ્રી ભગવતીજી સૂત્ર**માં જ આગળ **૧૮**મા શતકને વિશે ૭મા ઉદ્દેશામાં કહ્યું છે કે -

***પ્રશ્ન :** હે ભંતે ! મહાઋદ્ધિવાળો યાવત્ મહેશ નામનો દેવ **૧** હજાર રૂપ વિર્કુવીને એકબીજાની સાથે પરસ્પર યુદ્ધ = સંગ્રામ કરાવવા માટે સમર્થ છે ?*

***ઉત્તર :** હા, સમર્થ છે.*

***પ્રશ્ન :** હે ભંતે ! તે (વિકુર્વેલા સંગ્રામ કરતાં) શરીરો શું એક જીવ (નાં પ્રદેશો)થી સ્પર્શાયેલા છે કે અનેક જીવો (ના પ્રદેશો)થી સ્પર્શાયેલા છે ?*

★ केनार्थेन भदन्त ! एवमुच्यते अव्याबाधा देवाः (२) ? गौतम ! प्रभुः णं एकैको ऽव्याबाधो देव एकैकस्य पुरुषस्य एकैकस्मिन् अक्षिपत्रे दिव्यां देवर्द्धिं दिव्यां देवद्युतिं दिव्यं देवानुभावं दिव्यं द्वात्रिंशद्विधं नाट्यविधिं उपदर्शयितुम्, नो चैव णं तस्य पुरुषस्य काञ्चिदाबाधां वा व्याबाधां वोत्पादयति छविच्छेदं वा करोति इति सूक्ष्मं च णं उपदर्शयेत, तदेतेनार्थेन यावदव्याबाधा देवाः (२)।

★ देवो णं भदन्त : महर्द्धिकः यावत् महेशाख्यः रूपसहस्रं विकुर्व्य प्रभुः णं अन्योन्येन सार्धं सङ्ग्रामं सङ्ग्रामयितुम् ? हन्त प्रभुः। तानि णं भदन्त ! शरीराणि...

**भाष्यम् :- आहारकमाह्रियत इत्याहार्यम्, आहारकमन्तर्मुहूर्तस्थिति, नैवं शेषाणि।**

● गन्धहस्ति ●

** किं एगजीवफुडाओ अणेगजीवफुडाओ? (उ.) गोयमा ! एगजीवफुडाओ नो अणेगजीवफुडाओ। (प्र.) ते णं भंते ! तेसिं [1]बोंदीणं अंतरा किं एगजीवफुडा अणेगजीवफुडा ? (उ.) गोयमा ! एकजीवफुडा नो अणेगजीवफुडा। (प्र.) पुरिसे णं भंते ! अंतरे (णं) हत्थेण * वा पाएण वा असिणा वा पभू विच्छिंदित्तए ? (उ.) नो इणमट्ठे समट्ठे, नो खलु तत्थ सत्थं कमति''* (सू. ६३५)॥

एतानि च सूत्राणि वैक्रियाद्यर्थेषूपयुज्य नियोज्यानि, न स्वार्थ एव प्रत्ययविधिः, अनियमं दर्शयति

**ભાષ્યાર્થ : 'આહારક'→ જે આહરણ (= ગ્રહણ) કરાય તે આહાર્ય. આહારક શરીર અંતર્મુહૂર્તની સ્થિતિવાળું છે. શેષ શરીરો આ પ્રમાણે નથી.**

● હેમગિરા ●

*ઉત્તર : હે ગૌતમ ! (તે શરીરો) એક જીવ (ના પ્રદેશો)થી સ્પર્શાયેલા છે, અનેક જીવો (ના પ્રદેશો)થી સ્પર્શાયેલા નથી.*

*પ્રશ્ન : હે ભંતે ! તે શરીરોની વચ્ચેના આંતરાઓ શું એક જીવ (ના પ્રદેશો)થી સ્પર્શાયેલા છે કે અનેક જીવો (ના પ્રદેશો)થી સ્પર્શાયેલા છે ?*

*ઉત્તર : હે ગૌતમ ! એક જીવ (ના પ્રદેશો)થી સ્પર્શાયેલા છે. અનેક જીવો (ના પ્રદેશો)થી સ્પર્શાયેલા નથી.*

*પ્રશ્ન : હે ભગવાન ! કોઈ પુરુષ તે શરીરો વચ્ચેના આંતરાઓને પોતાના હાથ, પગ કે તલવાર વડે છેદવા માટે સમર્થ છે ?*

*ઉત્તર : ના, આ વાત (= યુક્ત) નથી. (આંતરાઓમાં રહેલાં આત્મપ્રદેશોને છેદી શકતા નથી) કારણ કે ત્યાં શસ્ત્ર અસર કરી શકે નહીં.* (સૂ. ૬૩૫)

આ (હમણાં જણાવેલ) આગમ સૂત્રોને વૈક્રિયાદિ અર્થોમાં ઉપયોગ કરીને યોજવા. વૈક્રિય શબ્દને વિશે પ્રત્યયને સ્વાર્થમાં જ લગાડીને વિધિ ન કરવી અને એ જ અનિયમને '**विक्रियायां भवति**' ઇત્યાદિ ભાષ્ય દ્વારા દર્શાવે છે અને એ ભાષ્ય સ્પષ્ટ જ છે. એથી ક્યારેક '**वैक्रियं**' અને ક્યારેક '**वैक्रयिकं**' એમ બંને પ્રયોગ થઈ શકે છે.

१. बोंदीयाणं - (खं. भां. रा.)।

★ किमेकजीवस्पृष्टानि अनेकजीवस्पृष्टानि ? गौतम ! एकजीवस्पृष्टानि नानेकजीवस्पृष्टानि। अथ णं भदन्त ! तेषां शरीराणामन्तराः किमेकजीवस्पृष्टाः अनेकजीवस्पृष्टा ? गौतम ! एकजीवस्पृष्टा नानेकजीवस्पृष्टाः। पुरुषो णं भदन्त! अन्तरा (णं) हस्तेन वा पादेन वा असिना वा प्रभुर्विच्छेत्तुम् ? नैषोऽर्थः समर्थो, नैव तत्र शस्त्रं क्राम्यति।

★ ''हत्थेण वा एवं जहा अट्ठमसए तइए उद्देसए जाव नो खलु तत्थ सत्थं कमति'' इत्येवंरूपः पाठो वर्तमानोपलब्धमुद्रित-भगवतिसूत्रे दृश्यते।

→ **विक्रियायां भवमित्यादिना** भाष्येण, एतच्च सुज्ञानमेवातः कदाचिद् वैक्रियं वैक्रयिकं चेति॥

**आहारकमाह्रियत** इत्यादि भाष्यम्। गृह्यते प्रतिविशिष्टप्रयोजनप्रसाधनाय कार्यपरिसमाप्तेश्च पुनर्मुच्यते याचितोपकरणवत् संशयव्यवच्छेदार्थावग्रहणर्द्धिदर्शनादि च कार्यम्, **आह्रियते आहार्यमित्यनेन** शब्दद्वयेन विशिष्टकारकसाध्यमाहारकशब्दं दर्शयति। [1]"*कृत्यल्युटो बहुलम्*", (पाणिनी - ३/३/११३), तच्चा**हारकमन्तर्मुहूर्तस्थिति**, एतावता च कालेनाभिलषितप्रयोजनपरिसमाप्तिस्तस्याहर्तुरुपजायते, परिनिष्ठितप्रयोजनश्च पुनर्विमुञ्चति नोत्तरकालमपि तां लब्धिमुपजीवति, अतोऽन्तर्मुहूर्तस्थितिः आत्मलाभो यस्य तदन्तर्मुहूर्तस्थितिः।

**नैवं शेषाणी**ति। व्यतिरेकमन्यतः प्रतिपादयति → शेषाण्यौदारिकादीनि तत्प्रसाध्यप्रयोजननिवर्तनाय नालं नापि नियमत एव तावत्या स्थित्या योगः प्रमाणेन वेति॥

• *હેમગિરા* •

## ❊ આહારક શરીરનું સ્વરૂપ ❊

'**आहारकमाह्रियते**' ઇત્યાદિ ભાષ્ય → અમુક ચોક્કસ પ્રકારનાં પ્રયોજનને પુરું પાડવા માટે જે ગ્રહણ કરાય તેમજ કાર્ય પૂર્ણ થતાં જે યાચીને લાવેલ ઉપકરણની જેમ ફરી તજી દેવાય છે તે આહારક શરીર છે. પ્રસ્તુતમાં (૧) સંશયનું નિરાકરણ (૨) અર્થનું ગ્રહણ તથા (૩) સમવસરણની ઋદ્ધિનાં દર્શન આદિ આહારક શરીરના પ્રયોજન જાણવા. જે આહરણ (= ગ્રહણ) કરાય તે આહારક. વિશિષ્ટ કારકથી (= વ્યુત્પત્તિથી) સાધ્ય એવા આહારક શબ્દને **કૃત્યલ્યુટો બહુલં (૩/૩/૧૧૩)** એ વ્યાકરણ સૂત્રથી '**आह्रियते आहार्यम्** એવા આ બે શબ્દ દ્વારા જણાવે છે.

વળી તે આહારક શરીર અંતર્મુહૂર્તની સ્થિતિવાળું છે. કેમકે તે આહર્તા (= આહારક શરીરને બનાવનાર) જીવના ઈષ્ટ પ્રયોજનની સમાપ્તિ આટલા સમયમાં થઈ જાય છે અને તેથી પૂર્ણ થયેલ પ્રયોજનવાળો આ શરીરનો તે ત્યાગ કરી દે છે પણ ઉત્તરકાળમાં પણ તે આહારક લબ્ધિનો આશ્રય કરતો નથી. આ પ્રમાણે અંતર્મુહૂર્તની સ્થિતિવાળો આત્મલાભ (= સ્વરૂપ પ્રાપ્તિ) છે જેને તે અંતર્મુહૂર્તની સ્થિતિવાળું આહારક શરીર છે.

'**नैवं शेषाणि**' (='શેષ શરીરો એવા નથી') એવું આ ભાષ્ય અન્ય ઔદારિકાદિ શરીરથી આહારક શરીરને ભિન્ન રૂપે પ્રતિપાદન કરે છે કે - શેષ ઔદારિકાદિ શરીરો તે આહારક શરીરથી સાધ્ય કાર્યોને કરવા માટે સમર્થ નથી હોતા તથા નિયમા જ તેટલી અંતર્મુહૂર્ત સ્થિતિ સાથે અથવા (એક હાથ જેટલા) પ્રમાણ = માપ સાથે (તે શેષ શરીરોનો) યોગ નથી અર્થાત્ શેષ શરીરોની સ્થિતિ અને પ્રમાણ વધારે પણ હોય છે.

१. कृल्ल्युटो बहुलम् - मु. (खं. भां.)। व्याकरणपुस्तके तु 'कृत्यल्युटो बहुलम्'।

**भाष्यम् :- तेजसो विकारस्तैजसं तेजोमयं तेजःस्वतत्त्वं शापानुग्रहप्रयोजनम्। नैवं शेषाणि॥ कर्मणो विकारः कर्मात्मकं कर्ममयमिति कार्मणम्।**

गन्धहस्ति

**तेजसो विकारस्तैजसमित्यादि** (भाष्यम्)। उष्णभावलक्षणं तेजः संसिद्धं सर्वप्राणिषु पाचकमन्धसः[1]। तस्यैवंविधस्य **तेजसो विकारस्तैजसं** = अवस्थान्तरापत्तिरिति। एतदेव पर्यायान्तरेणाख्याति- **तेजोमयं** स एव विकारार्थः, **तेजःस्वतत्त्वम्** तेजसः स्वतत्त्वं = स्वरूपं = आत्मा = स्वभावस्तत् **तेजःस्वतत्त्वम्**। **शापानुग्रहप्रयोजनमिति** (भाष्यम्)। लब्धिनिर्वृत्तिमपेक्ष्योच्यते ! शापानुग्रहौ प्रयोजनं यस्य निग्राह्यानुग्राह्यपक्षयोस्तत् तु शापानुग्रहप्रयोजनमिति। **नैवं शेषाणी**ति औदारिकादिभ्यो व्यतिरिच्यते एतत् स्वगुणैरिति प्रथयति।

**कर्मणो विकार** इत्यादि। (कर्मणो विकार इति) ज्ञानावरणादिकर्मणो विकृतिः कार्मणमेकलोली-

**ભાષ્યાર્થ : તેજનો વિકાર, અર્થાત્ તેજોમય, તેજસ્વ ભાવાત્મક તે તૈજસ, શ્રાપ (= અભિશાપ) અને અનુગ્રહના પ્રયોજનવાળું તૈજસ શરીર છે. શેષ શરીરો એવા નથી. કર્મનો વિકાર, કર્માત્મક, કર્મમય એ કાર્મણ શરીર છે.**

*હેમગિરા*

## ❋ તૈજસનો વિચાર ❋

'**तेजसो विकारस्तैजसं**' ઇત્યાદિ ભાષ્ય છે તેનો અર્થ કરે છે → ઉષ્ણતાના સ્વભાવવાળું તેજ (= અગ્નિ) સર્વ પ્રાણીઓ વિશે અન્નના પાચક તરીકે સારી રીતે સિદ્ધ છે. તે એવા પ્રકારના તેજનો વિકાર (તેજનું પરિણામ) તે તૈજસ કહેવાય અર્થાત્ તેજની અવસ્થાંતરની પ્રાપ્તિ તે તૈજસ કહેવાય.

આ તૈજસને જ પર્યાયવાચી શબ્દો વડે કહે છે કે - '**तेजोमयं**' → આ શબ્દ પણ તેજના વિકારના અર્થવાળો છે. '**तेजःस्वतत्त्वं**'→ તેજનું સ્વતત્ત્વ = સ્વરૂપ = આત્મા = સ્વભાવ તે તેજસ્ સ્વતત્ત્વ. અત્યાર સુધી જે તૈજસની વ્યાખ્યા કરી તે સહજ તૈજસની અપેક્ષાએ છે. હવે લબ્ધિની નિર્વૃત્તિને અપેક્ષીને '**शापानुग्रह** ...' ઇત્યાદિ ભાષ્ય કહેવાય છે તે આ મુજબ→નિગ્રહપાત્ર પક્ષને વિશે શ્રાપ અને અનુગ્રહપાત્ર પક્ષને વિશે અનુગ્રહ પ્રયોજન છે જેનું તે શ્રાપ અને અનુગ્રહના પ્રયોજનવાળું આ તૈજસ શરીર કહેવાય છે. આ તૈજસ શરીર પોતાનાં ગુણોને લઈને ઔદારિકાદિથી અલગ છે એમ '**नैवं शेषाणि** .....' (= ઔદારિક વગેરે શેષ શરીરો આવા નથી) આ ભાષ્ય દ્વારા પ્રતિપાદન કરે છે.

'**कर्मणो विकार**' ઇત્યાદિ → **૧. કર્મનો વિકાર** → જ્ઞાનાવરણીય વગેરે કર્મોની વિકૃતિ તે કાર્મણ શરીર, અર્થાત્ કર્મોનું એકમેક થવું તે કાર્મણ.

१. °कमध्वसः भां.।

**भाष्यम् :- नैवं शेषाणि॥ एभ्य एव चार्थविशेषेभ्यः शरीराणां नानात्वं सिद्धम्। किं चान्यत्। कारणतो विषयतः* स्वामितः* प्रयोजनतः प्रमाणतः प्रदेश-सङ्ख्यातोऽ*वगाहनतः**

**गन्धहस्ति**

भाव इति, **कर्मात्मकमिति** कर्माणि तान्येवात्मा यस्य स्वरूपं, **कर्ममयमिति** विकारार्थ एव पर्यायतः। **नैवं शेषाणीति** औदारिकादिलक्षणव्युदासः। एवमन्वर्थसंज्ञकानि प्रतिपाद्य औदारिकादीन्येकप्रयत्न-प्रसाध्यं लक्षणभेदाच्छरीरनानात्वमप्यतिदिशति → **एभ्य एव चार्थविशेषेभ्यः शरीराणां नानात्वं सिद्धम्**। उदाराद्यर्थविशेषेभ्यो = विहितलक्षणेभ्यः = विविक्तस्वरूपेभ्यः **शरीराणां नानात्वं सिद्धं** घटपटादीनामिव लक्षणभेदात् सिद्धमिति। **किं चान्यदित्यादि**। न केवलमन्वर्थसंज्ञाख्यानद्वारेणैव विशेषः शरीराणाम्, अन्येभ्योऽपि हेतुभ्यः सम्भवत्येव कारणादिभ्यः।

तत्र **कारणतस्तावत्**→ स्थूलपुद्गलोपचितमूर्त्यौदारिकम्, न तथा वैक्रियादीनि। '*परं परं*

**ભાષ્યાર્થ : શેષ શરીરો એ પ્રમાણે નથી. વળી આજ અર્થ (= લક્ષણ) રૂપ વિશેષોને લઈને શરીરોની ભિન્નતા સિદ્ધ છે. વળી બીજું એ કે કારણ, વિષય, સ્વામી, પ્રયોજન,**

*હેમગિરા*

## ❊ કાર્મણનો વિચાર ❊

'**कर्मणो विकार**' → ઇત્યાદિ → **૧. કર્મનો વિકાર** → જ્ઞાનાવરણીય વગેરે કર્મોની

**૨. કર્માત્મક** → કર્મો તે જ આત્મા અર્થાત્ સ્વરૂપ છે જેનું તે કર્માત્મક કહેવાય છે.

**૩. કર્મમય** → કર્મમય એ વિકાર અર્થવાળો જ પર્યાયવાચી શબ્દ છે અર્થાત્ કર્મનો વિકાર તે કર્મમય કહેવાય. '**नैवं शेषाणि**' → (શેષ શરીરો આવા નથી) આ ભાષ્ય ઔદારિકાદિના સ્વરૂપની (કાર્મણથી) બાદબાકી દર્શાવનાર છે. આ પ્રમાણે અન્વર્થ સંજ્ઞાવાળા ઔદારિક વગેરે શરીરોનું પ્રતિપાદન કરીને, હવે પ્રસ્તુત અન્વર્થ નામોને કહેવા સ્વરૂપ એક જ પ્રયત્નથી સાધી શકાય એવું જે લક્ષણના ભેદથી શરીરોનું નાનાત્વ (= શરીરોનો ભેદ) છે તેની પણ ભલામણ કરે છે → '**एभ्य एव...**' આ જ અર્થ રૂપ વિશેષોને લીધે શરીરોનું નાનાત્વ સિદ્ધ છે અર્થાત્ પોતાના વિશેષ લક્ષણોના ભેદ થકી જેમ ઘટ પટ આદિનું નાનાત્વ સિદ્ધ છે તેમ કહેવાયેલા લક્ષણવાળા = વિવેચન કરાયેલા સ્વરૂપવાળા ઉદારાદિ વિશેષ અર્થોથી શરીરોની ભિન્નતા સિદ્ધ છે. **किंचान्यद्** ... ઇત્યાદિ → માત્ર અન્વર્થ સંજ્ઞાની વ્યાખ્યા દ્વારા જ શરીરોમાં વિશેષ (= વૈવિધ્ય) નથી, પરંતુ અન્ય પણ 'કારણ' વગેરે હેતુઓ થકી વૈવિધ્ય સંભવે જ છે.

ત્યાં (= કારણાદિ ભેદોમાં) **પ્રથમ કારણકૃતભેદ** (= કારણ = પુદ્ગલ દ્રવ્ય થકી વિશેષતા) - ઔદારિક શરીર સ્થૂલ પુદ્ગલોથી ઉપચિત / નિર્મિત આકૃતિવાળું છે, વૈક્રિયાદિ શરીર તેવા

❖ જુઓ પરિશિષ્ટ-૬ ટીપ્પણી-૨૭થી૨૯

*सूक्ष्मम्'* (अ. २, सू. ३८) इति वचनात्।

तथा **विषयकृतो भेदः** →विद्याधरौदारिकशरीराणि प्रत्यानन्दीश्वरादौदारिकस्य विषयः, जङ्घाचारणं प्रत्यारुचकवरपर्यन्तात्[1] तिर्यक्, ऊर्ध्वमापाण्डुकवनात्। वैक्रियमसङ्ख्येयद्वीपसमुद्रविषयम्। आहारकस्य यावन्महाविदेहक्षेत्राणि। तैजस-कार्मणयोरासर्वलोकात्।

तथा **स्वामिकृतो विशेषः** → औदारिकस्य मनुष्य-तिर्यञ्चः[2]। वैक्रियस्य देव-नारकास्तिर्यङ्-मनुष्याश्च केचिद् (तल्लब्धिमन्तः)। आहारकस्य चतुर्दशपूर्वधरमनुष्यसंयतः। तैजस-कार्मणयोः सर्वसंसारिणः।

तथा **प्रयोजनकृतो भेदः** → औदारिकस्य धर्माधर्म-सुख-दुःख-केवलज्ञानावाप्त्यादि प्रयोजनम्। वैक्रियस्य स्थूल-सूक्ष्मैकत्व-व्योमचर-क्षितिगतिविषयाद्यनेकलक्षणा विभूतिः। आहारकस्य तु सूक्ष्म-व्यवहित-दुरवगाहार्थव्यवस्थितिः। तैजसस्याहारपाकः शापानुग्रहप्रदानसामर्थ्यं[3] च। कार्मणस्य भवान्तर-गतिपरिणामः।

• *હેમગિરા* •

નથી. આ ભેદ '**परं परं सूक्ष्मम्**' (= પછી પછીના શરીરો સૂક્ષ્મ હોય છે) ૨/૩૮ સૂત્ર થકી સિદ્ધ થાય છે.

### ❊ વિષયકૃત વગેરે ભેદોનું સ્વરૂપ ❊

તેમજ **બીજો વિષયકૃત ભેદ** - વિદ્યાધર (=વિદ્યાચારણમુનિ તેમજ ખેચર મનુષ્ય)નાં ઔદારિક શરીરોની અપેક્ષાએ **નંદીશ્વરદ્વીપ** સુધી ઔદારિકનો વિષય હોય છે. જંઘાચારણ મુનિઓને આશ્રયી તિર્છી દિશામાં **રૂચકવર પર્વત** સુધી અને ઉર્ધ્વદિશામાં **પાંડુકવન** સુધી ઔદારિક શરીરનો વિષય હોય છે. વૈક્રિય શરીરનો વિષય **અસંખ્ય દ્વીપ-સમુદ્રો** સુધી છે. આહારક શરીરનો વિષય **મહાવિદેહ ક્ષેત્ર** સુધીનો હોય છે. તૈજસ અને કાર્મણ શરીરનો વિષય સર્વલોક સુધીનો છે.

તથા **ત્રીજો સ્વામીકૃત ભેદ** -ઔદારિક શરીરના સ્વામી મનુષ્ય અને તિર્યંચો છે. વૈક્રિય શરીરના સ્વામી દેવ અને નારકો તથા કેટલાક (તે વૈક્રિય લબ્ધિવાળા) તિર્યંચ અને મનુષ્યો હોય છે. આહારક શરીરના સ્વામી **૧૪** પૂર્વધારી સંયમી મનુષ્ય હોય છે. તૈજસ અને કાર્મણ શરીરના સ્વામી સર્વ સંસારીઓ છે.

**ચોથો પ્રયોજનકૃત ભેદ** - ધર્મ (= પુણ્ય), અધર્મ (= પાપ), સુખ, દુઃખ તથા કેવળજ્ઞાનની પ્રાપ્તિ વગેરે પ્રયોજનો આ ઔદારિક શરીરના છે.

શરીરનું સ્થૂલપણું, સૂક્ષ્મપણું, એકત્વ, આકાશમાં ઉડવાની, જમીનની અંદર પણ ચાલવાની તેમજ આવા પ્રકારની બીજી અનેક વિભૂતિ (= વૈભવ) એ વૈક્રિય શરીરનું પ્રયોજન છે. સૂક્ષ્મ, વ્યવહિત = પરોક્ષ અને દુરવગાહ = અત્યંત દુઃખેથી જાણી શકાય એવા પદાર્થોની વ્યવસ્થિતિ

१. °कपर्य° - मु (खं. भां.) / °कपर्वतात् पा. रा.। २. तिर्यग्-मनुष्याः - खं.। ३. °हदा° - मु (खं. भां.)।

**भाष्यम् :-** *स्थितितोऽल्प* **बहुत्वत इत्येतेभ्यश्च नवभ्यो विशेषेभ्यः शरीराणां नानात्वं सिद्धमिति॥२/४९॥**

● गन्धहस्ति ●

तथा **प्रमाणकृतो भेदः** → सातिरेकं योजनसहस्रमौदारिकम्। योजनलक्षप्रमाणं वैक्रियम्। रत्निप्रमाणमाहारकम्। लोकायामप्रमाणे तैजस-कार्मणे।

तथा **प्रदेशसङ्ख्यातो भेदः** → '*प्रदेशतोऽसङ्ख्येयगुणं प्राक् तैजसात्, अनन्तगुणे परे*' (अ. २, सू. ३९-४०) इत्युक्तः प्रदेशभेदः प्राक्।

तथाऽ**वगाहनाकृतो विशेषः** → सातिरेकयोजनसहस्रप्रमाणमौदारिकमसङ्ख्येयगुणप्रदेशेषु यावत्स्व-वगाढं भवति तेभ्यो बहुतरकासङ्ख्येयप्रदेशावगाढं योजनलक्षप्रमाणं वैक्रियं भवति, आहारकमाभ्या-मल्पतर[1]प्रदेशावगाढं भवति हस्तमात्रत्वात्, तैजस-कार्मणे लोकान्तायताकाशश्रेण्यवगाढे भवतः।

**ભાષ્યાર્થ : પ્રમાણ, પ્રદેશ સંખ્યા, અવગાહના, સ્થિતિ અને અલ્પબહુત્વથી, આ પ્રમાણે આ ૯ વિશેષતાઓથી શરીરોની ભિન્નતા સિદ્ધ છે. ॥૨/૪૯॥**

● *હેમગિરા* ●

(= શંકાનું સમાધાન) એ પ્રયોજન આહારક શરીરનું હોય છે.

આહારને પચાવવું તથા શાપ-અનુગ્રહ આપવાનું સામર્થ્ય આ બે પ્રયોજન તૈજસ શરીરના હોય છે. ભવાંતરમાં ગતિ સ્વરૂપ પરિણામ એ કાર્મણ શરીરનું પ્રયોજન છે.

**પાંચમો પ્રમાણકૃત ભેદ** - ૧ હજાર યોજનથી કાંઈક અધિક ઔદારિક શરીરનું પ્રમાણ હોય છે. વૈક્રિય શરીર ૧ લાખ યોજન પ્રમાણ હોય છે. ૧ હાથ પ્રમાણ આહારક શરીર હોય છે. લોકની લંબાઈના પ્રમાણવાળા અર્થાત્ ઉપરથી નીચે સુધી લોકની લંબાઈના પ્રમાણવાળા તૈજસ અને કાર્મણ શરીર હોય છે.

**છઠ્ઠો પ્રદેશસંખ્યાકૃત ભેદ** - આ શરીરો અંગેનો પ્રદેશ સંખ્યાનો ભેદ પૂર્વે ૨/૩૯ તથા ૨/૪૦ સૂત્રમાં તૈજસ પૂર્વેનાં શરીરો પ્રદેશથી અસંખ્યગુણ તથા છેલ્લા બે તૈજસ અને કાર્મણ શરીર પ્રદેશથી અનંતગુણ છે એ પ્રમાણે કહેવાઈ ગયેલો છે.

**સાતમો અવગાહનાકૃત ભેદ** - કાંઈક અધિક ૧ હજાર યોજન પ્રમાણવાળું ઔદારિક શરીર જેટલા અસંખ્યેય આકાશ પ્રદેશમાં અવગાહીને રહેલું હોય છે, તેના કરતાં અધિકતર અસંખ્યેય આકાશ પ્રદેશમાં અવગાહીને રહેલું ૧ લાખ યોજન પ્રમાણવાળું વૈક્રિય શરીર છે. આહારક શરીર હાથ માત્ર જેટલું હોવાથી આ બંને શરીરો કરતાં અત્યંત અલ્પ આકાશ પ્રદેશને અવગાહીને રહેલું હોય છે. તૈજસ અને કાર્મણ શરીર લોકાંત સુધીની લાંબી આકાશ શ્રેણીમાં

१. °मल्पप्रदेशा° - मु. (खं. भां.)। ★ જુઓ પરિશિષ્ટ-૬ ટીપ્પણી-૩૦,૩૧

तथा **स्थितिकृतो भेदः** → औदारिकं जघन्येनान्तर्मुहूर्तस्थिति, उत्कर्षेण त्रिपल्योपमस्थिति। वैक्रियं जघन्येनान्तर्मुहूर्तस्थिति, उत्कर्षेण त्रयस्त्रिंशत्सागरोपमस्थिति। आहारकमन्तर्मुहूर्तस्थित्येव। तैजस-कार्मणयोः सन्तानानुरोधादनादित्वमपर्यवसानता चाभव्यसम्बन्धितया, अनादित्वं सपर्यवसानता च भव्यसम्बन्धित्वेनेति।

तथाऽल्पबहुत्वकृतो विशेषः → सर्वस्तोकमाहारकं यदि सम्भवति कदाचिन्न सम्भवत्यपि। किं कारणम् ? येन [1]तस्यान्तरमुक्तं जघन्येनैकसमयः, उत्कृष्टतः षण्मासाः, तद्यदि भवति ततो जघन्येनैकमादि कृत्वा यावदुत्कर्षेण नवसहस्राणि युगपद् भवन्त्याहारकशरीराणाम्। आहारकाद् वैक्रियशरीराण्यसङ्ख्येयगुणानि नारक-देवानामसङ्ख्येयत्वात् असङ्ख्येयोत्सर्पिण्यवसर्पिणीसमयराशि-समसङ्ख्यानि भवन्ति। वैक्रियशरीरेभ्य औदारिकशरीराण्यसङ्ख्येयगुणानि, तिर्यक्शरीरमनुष्याणाम-

• હેમગિરા •

અવગાઢ હોય છે.

**આઠમો સ્થિતિકૃત ભેદ** - ઔદારિક શરીર જઘન્યથી અંતર્મુહૂર્તની સ્થિતિવાળું હોય છે, ઉત્કૃષ્ટથી ૩ પલ્યોપમની સ્થિતિવાળું હોય છે. વૈક્રિય શરીર જઘન્યથી અંતર્મુહૂર્તની તથા ઉત્કૃષ્ટથી ૩૩ સાગરોપમની સ્થિતિવાળું હોય છે. આહારક શરીર જઘન્ય કે ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિવાળું જ હોય છે. તૈજસ-કાર્મણ શરીરની સ્થિતિ પ્રવાહની અપેક્ષાએ અભવ્ય જીવને આશ્રયીને અનાદિ અને અપર્યવસિત (= અનાદિ-અનંત) હોય છે અને ભવ્ય જીવને આશ્રયીને અનાદિ અને પર્યવસિત (અનાદિ-સાંત) હોય છે.

**નવમો અલ્પબહુત્વકૃત ભેદ** - આહારક શરીર જો હોય તો સર્વથી થોડા હોય છે, ક્યારેક નથી પણ હોતા.

**પ્રશ્ન :** કાયમ ન હોય એનું કારણ શું ?

**ઉત્તર :** કાયમી ન હોવાનું કારણ એ છે કે તે આહારક શરીરનું આંતરું આગમમાં જઘન્યથી **૧ સમય અને ઉત્કૃષ્ટ ૬** માસનું કહેવાયું છે. તે આહારક શરીર જો હોય તો તેની સંખ્યા જઘન્યથી **૧ આદિથી માંડી યાવત્ ઉત્કૃષ્ટથી ૯** હજાર પ્રમાણ એક સાથે હોય છે.

આહારક શરીર કરતાં વૈક્રિય શરીરો અસંખ્યગુણા છે કારણકે નારક અને દેવો સંખ્યા પ્રમાણથી અસંખ્યાત છે. આ અસંખ્યાતું અસંખ્ય ઉત્સર્પિણી અને અવસર્પિણીના સમયોની રાશિ સમાન સંખ્યાવાળું હોય છે.

વૈક્રિય શરીરો કરતાં ઔદારિક શરીરો અસંખ્યગુણા હોય છે કારણકે તિર્યંચ શરીરો અને મનુષ્યો અસંખ્યાતા છે. આ અસંખ્યાતું અસંખ્ય ઉત્સર્પિણી અને અવસર્પિણીના સમયોની રાશિ

१. तस्यान्तर्मुहूर्त° - क।

**भाष्यम् :- अत्राह→ आसु चतसृषु संसारगतिषु को लिङ्गनियमः ?**

**● गन्धहस्ति ●**

सङ्ख्येयत्वात्, असङ्ख्येयोत्सर्पिण्यवसर्पिणीसमयराशिसमसङ्ख्यानि ॥

**ननु** च तिर्यञ्चोऽनन्ताः तत् कथमानन्त्ये च सति असङ्ख्येयानि शरीराणि स्युः ?

**उच्यते →** प्रत्येकशरीराणामसङ्ख्येयानि साधारणास्त्वनन्तास्तेषामनन्तानामेकं शरीरं भवतीत्यतोऽसङ्ख्यातानि, न पुनरनन्तानामपि प्रत्येकं शरीरमस्ति, तस्मात् सुष्ठूक्तमसङ्ख्येयानीति। औदारिकशरीरेभ्यस्तैजस-कार्मणान्यनन्तगुणानि, तानि हि प्रत्येकं सर्वजीवानां संसारिणां भवन्त्यतोऽनन्तानि, न पुनरेकं तैजसं कार्मणं वा बहूनामिति ॥

एवमेतेभ्यः कारणादिभ्यो **नवभ्यो विशेषेभ्यः शरीराणां नानात्वं सिद्धं** = प्रतिष्ठितमवसातव्यमिति ॥२/४९॥

**अत्राह → आसु चतसृषु संसारगतिषु को लिङ्गनियम** इति सम्बन्धग्रन्थः। अत्रावसरे शिष्यः प्रश्नयति → **आसु** नरक-तिर्यङ्-मनुष्यामराख्यासु चतुःसङ्ख्यानियतासु **संसारगतिषु को**

**ભાષ્યાર્થ : પ્રશ્ન : સંસાર સંબંધી આ ૪ ગતિઓમાં લિંગને વિશે શું નિયમ છે ?**

**● હેમગિરા ●**

સમાન સંખ્યાવાળું હોય છે. (વૈક્રિયના અસંખ્યાતા કરતાં આ અસંખ્યાતું અસંખ્યગણું લેવું.)

**પ્રશ્ન :** તિર્યંચ તો અનંતા કહ્યા છે અને તેથી જીવો અનંતા હોવાથી શરીરો અસંખ્યાતા કઈ રીતે હોય ?

**ઉત્તર :** પ્રત્યેક શરીરી જીવોના શરીરો અસંખ્યાતા છે, વળી સાધારણ જીવો તો અનંતા છે છતાં તે અનંત જીવોનું ૧ શરીર હોય છે. એવું નથી કે અનંત જીવોને પણ દરેકને વ્યક્તિગત ૧-૧ શરીર હોય છે તેથી (ટીકામાં) બરાબર કહેવાયું છે કે 'તિર્યંચના શરીરો અસંખ્યાતા છે.'

ઔદારિક શરીરો કરતાં તૈજસ અને કાર્મણ શરીરો અનંતગુણા હોય છે કેમકે તે તૈજસ અને કાર્મણ શરીરો સર્વ સંસારી જીવોમાં દરેકને હોય છે એથી અનંતા છે, પણ ઘણાં (= અનંત) જીવો વચ્ચે ૧ તૈજસ કે ૧ કાર્મણ શરીર હોતું નથી. આ પ્રમાણે આ 'કારણ' વગેરે ૯ વિશેષતાઓને લઈને શરીરોનું નાનાપણું સિદ્ધ = પ્રતિષ્ઠિત છે એમ જાણવું. ॥૨/૪૯॥

**૨/૫૦ સૂત્રની અવતરણિકા : 'अत्राह - आसु'....** આ ભાષ્ય સંબંધ - ગ્રંથ રૂપ છે અર્થાત્ ૨/૫૦ સૂત્રની અવતરણિકા રૂપ છે. એનો અર્થ આ છે - અહીં (શરીરની વક્તવ્યતા પૂર્ણ થયા પછી) અવસરે શિષ્ય **પ્રશ્ન** કરે છે કે - આ નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવના નામે ૪ સંખ્યામાં નિયત એવી સંસારની ગતિઓમાં લિંગ વિશે શું નિયમ છે ? અર્થાત્ કેટલા લિંગ (= વેદ) આ ગતિઓને વિશે સંભવે છે ? એમ પૂછાય છે. અહીં સર્વ પ્રથમ લિંગોની સંખ્યાને જ

**भाष्यम् :- अत्रोच्यते → जीवस्यौदयिकेषु भावेषु व्याख्यायमानेषुक्तम् → 'त्रिविधमेव लिङ्गं → स्त्रीलिङ्गं पुल्लिङ्गं नपुंसकलिङ्गमिति' (अ. २, सू. ६)। तथा चारित्रमोहे नोकषायवेदनीये त्रिविध एव वेदो वक्ष्यते (अ. ८, सू. १०) स्त्रीवेदः पुंवेदो नपुंसकवेद इति। तस्मात् त्रिविधमेव लिङ्गमिति तत्र ॥**

● गन्धहस्ति ●

**लिङ्गनियम** इति, कियन्ति लिङ्गान्यासु गतिषु सम्भवन्तीति पृच्छ्यते, लिङ्गसङ्ख्यामेव तावन्निर्धारयितुमिच्छति, न पुनः किं लिङ्गं कस्यां गताविति पृच्छ्यते।

**अत्रोच्यते→** प्राक् तावल्लिङ्गेयत्ता निर्धार्यते ततश्च निर्वृत्तानि लिङ्गानि सङ्ख्यया गतिषु विभक्ष्यन्त इति। अतस्तमेव नियमं दर्शयति → **त्रिविधमेव** लिङ्गं न न्यूनमधिकं वा, तच्च प्राक् प्रदर्शितं प्राय इत्येवमावेदयति **जीवस्यौदयिकेष्वि**त्यादिना भाष्येण, **गति-कषाय-लिङ्गसूत्रे** (अ. २, सू. ६) औदयिकमेकविंशतिभेदमाचक्षाणेन स्त्री-पुं-नपुंसकलिङ्गानि त्रीण्येवाभिहितानि किमिति न स्मर्यन्ते? **तथा चारित्रमोह** इत्यादि द्विविधो मोहोऽष्टमे वक्ष्यते (अ. ८, सू. १०)

**ભાષ્યાર્થ : ઉત્તર : ૨/૬ સૂત્રના ભાષ્યમાં વ્યાખ્યા કરાતાં એવા જીવના ઔદયિક ભાવોને વિશે કહેવાયેલું છે કે 'લિંગ ૩ પ્રકારે જ છે' - (૧) સ્ત્રીલિંગ, (૨) પુલિંગ, (૩) નપુંસકલિંગ, તથા ૮/૧૦ સૂત્રમાં ચારિત્રમોહ અંતર્ગત નોકષાય વેદનીયને વિશે ૩ પ્રકારે જ વેદ કહેવાશે - (૧) સ્ત્રીવેદ, (૨) પુરુષવેદ, (૩) નપુંસકવેદ. તેથી ૩ પ્રકારે જ લિંગ છે. ત્યાં = ૨/૬ અને ૮/૧૦ સૂત્રમાં સંખ્યાથી વેદો વિભાજિત કરાયેલા છે. (અહીં ૨/૫૦ સૂત્રમાં કઈ ગતિમાં કયો વેદ હોય છે તે કહેવાય છે.)**

● *હેમગિરા* ●

નિર્ધારણ કરવા માટે પ્રશ્નકાર ઇચ્છે છે પણ કઈ ગતિમાં કયું લિંગ છે? એમ પુછાતું નથી.

**ઉત્તર :** ગ્રંથકાર (પ્રશ્નકારની જિજ્ઞાસા મુજબ) સર્વ પ્રથમ લિંગની સંખ્યા કહે છે અને ત્યાર પછી સંખ્યાથી નક્કી થયેલા લિંગોને ચારે ગતિઓમાં વિભાજિત કરાશે. આથી સર્વ પ્રથમ તે લિંગ સંખ્યાના નિયમને જ દેખાડે છે કે – લિંગ **૩** પ્રકારે જ છે, ઓછા કે વધારે નહીં અને તે મોટા ભાગે પૂર્વે જણાવી જ દીધું છે, એવું આવેદન '**जीवस्यौदयिकं**' ઇત્યાદિ ભાષ્ય વડે કરે છે. તે આ રીતે → '**गति-कषाय-लिंग**' ઇત્યાદિ **૨/૬** સૂત્રમાં ઔદયિક ભાવના **૨૧** ભેદને કહેતા મારા (= વાચકશ્રી) વડે સ્ત્રીલિંગ, પુરુષલિંગ અને નપુંસકલિંગ એમ **૩** જ લિંગો કહેવાયા હતા, તમને (= પૂછનારાને) શું તે સ્મરણમાં નથી ? તેમજ '**चारित्र मोह** ...' અ. ૮ સૂ. **૧૦**માં દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીયના ભેદથી મોહનીય બે પ્રકારે કહેવાશે. ત્યાં ચારિત્રમોહ પણ (**૧**) કષાય ચારિત્રમોહ, (૨) નોકષાય ચારિત્રમોહ, એમ બે પ્રકારે કહેવાશે. ત્યાં (= કષાય અને નોકષાય મોહમાં) હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, સ્ત્રી, પુરુષ, નપુંસક

## सूत्रम् :- नारक-सम्मूर्च्छिनो नपुंसकानि ॥२/५०॥

• गन्धहस्ति •

दर्शन-चारित्रभेदात्, तत्र **चारित्रमोहे** चारित्रमोहोऽपि द्विविधः कषायचारित्रमोहो नोकषायचारित्रमोहश्च। तत्र **नोकषायवेदनीये** हास्य-रत्यरति-भय-शोक-जुगुप्सा-स्त्री-पुं-नपुंसकवेदभेदे **त्रिविध एव वेदो वक्ष्यते।** यस्य कर्मण उदयात् पुरुषाभिलाषस्तत् कर्म **स्त्रीवेदशब्दाभिधेयम्**, यस्य पुनरुदयात् स्त्र्यभिलाषस्तत् कर्म **पुरुषवेदः**, स्त्री-पुरुषद्वयाभिलाषो यदुदयात् तत् कर्म **नपुंसकवेद** इति, **तस्मात् त्रिविधमेव लिङ्गमन्यस्यासम्भवात्**, तदेव चैषां स्वस्थानं वेदानां [1]तत्रैव च स्वरूपतो विस्तरेण व्याख्यास्यन्ते, **तत्र** चेयत्तया व्यवच्छिन्नाः सन्त इह संसारगतिषु नियम्यन्ते को वेदः कस्यां गतावित्यत आह →

केनचित् पुनरधीयते → (नारकेत्यादि सूत्रम्) नपुंसकवेदवन्तो जीवाः नारक-सम्मूर्च्छिनो, नपुंसकाः नपुंसकं येषां विद्यते, अर्शआदिपाठादतं विधाय।

## સૂત્રાર્થ : નારક અને સંમૂર્ચ્છિમ જીવો નપુંસક હોય છે. ॥૨/૫૦॥

• *હેમગિરા* •

(વેદ) એમ (૯ ભેદવાળા) નોકષાયમાં **૩** પ્રકારે જ વેદ કહેવાશે. જે કર્મના ઉદયથી પુરુષની અભિલાષા થાય તે કર્મ '**સ્ત્રીવેદ**' શબ્દથી કહેવા યોગ્ય છે. જે કર્મોદયથી સ્ત્રીની અભિલાષા થાય તે કર્મ '**પુરુષવેદ**' શબ્દથી કહેવા યોગ્ય છે. તથા જે કર્મના ઉદયથી સ્ત્રી અને પુરુષ બંનેની અભિલાષા થાય તે કર્મ '**નપુંસકવેદ**' શબ્દથી કહેવા યોગ્ય છે. તેથી ત્રણ પ્રકારે જ લિંગ છે કારણકે અન્ય લિંગનો અસંભવ છે. વળી આ વેદોનું તે જ (= ૮/૧૦ સૂત્ર જ) સ્વસ્થાન છે અને ત્યાં જ આ વેદોની સ્વરૂપ થકી વિસ્તારથી વ્યાખ્યા કરાશે.

વળી ત્યાં **૨/૬** સૂત્રમાં સંખ્યાથી વેદો વિભાજિત કરાયેલા છે. હવે કહેવાતા આ **૨/ ૫૦** સૂત્રમાં સંસારની (૪) ગતિઓમાં '**કઈ ગતિમાં કયો વેદ હોય ?**' એમ નિયમન કરાય છે. આથી **૨/૫૦** સૂત્રને કહે છે.

'**नारक-समूर्च्छिनो**... ઇત્યાદિ ૨/૫૦ સૂત્ર છે. આ સૂત્ર અંગે કોઈક (સૂત્ર વ્યુત્પત્તિ વિશે) કહે છે કે - નારકો અને સંમૂર્ચ્છિમ જીવો નપુંસક વેદવાળા હોય છે. અહીં અર્શાદિ પાઠ થકી **मतुप्** અર્થમાં '**अत्**' પ્રત્યય નપુંસક શબ્દમાં લગાડીને, 'નપુંસકવેદ છે જેઓને તે નપુંસકો' આ પ્રમાણે નપુંસકલિંગ ન કરતાં પુલ્લિંગ પ્રયોગ કર્યો છે.

'**नारकाश्च**' ઇત્યાદિ ભાષ્ય છે, તેનો અર્થ → નરકોમાં ઉત્પન્ન થાય તે નારકો કહેવાય. **सर्वे** ..... સાતે નરક પૃથ્વીઓમાં રહેતાં તે નારકો નપુંસક હોય છે. **सम्मूर्च्छिनश्च** ..... સમ્મૂર્ચ્છનમ્, સમ્મૂર્ચ્છ કે સમ્મૂર્ચ્છા આ ત્રણે લિંગમાં રહેલો સમ્મૂર્ચ્છન શબ્દ સંમૂર્છિમ જન્મના અર્થવાળો

१. तथैव - मु. पा. (खं) / तत्रैवं - भां।

**भाष्यम् :- नारकाश्च सर्वे सम्मूर्च्छिनश्च नपुंसकान्येव भवन्ति, न स्त्रियो न पुमांसः। तेषां हि चारित्रमोहनीयनोकषायवेदनीयाश्रयेषु त्रिषु वेदेषु नपुंसकवेदनीयमेवैकमशुभगतिनामापेक्षं पूर्वबद्धनिकाचितमुदयप्राप्तं भवति, नेतरे इति॥२/५०॥**

• गन्धहस्ति •

**नारकाश्चे**त्यादि भाष्यम्। नरकेषु भवा **नारकाः सर्वे** सप्तसु पृथिवीषु [1]प्रवर्तमानाः **सम्मूर्च्छिनश्च** सम्मूर्च्छनं सम्मूर्च्छः सम्मूर्च्छा वा सम्मूर्च्छनजन्मेत्यर्थः तद् येषां विद्यते ते सम्मूर्च्छिनः, सम्मूर्च्छनजन्म-भाजश्च पृथिव्यप्तेजो-वायु-वनस्पति-द्वि-त्रि-चतुरिन्द्रिया[2] पञ्चेन्द्रियाश्च केचित् तिर्यङ्-मनुष्याः, सर्वे एते **नपुंसकान्येव** नपुंसकवेदभाज एवेत्यवधारयति। सामर्थ्याल्लब्धमवधारणाफलं दर्शयति → **न स्त्रियो न पुमांसः** न स्त्रीवेदभाजो न पुरुषवेदवेदिनः, किं पुनः कारणं नपुंसकवेद एव तेष्वित्यत आह → **तेषां** हीत्यादि (भाष्यम्)। यस्मात् **तेषां**=नारकाणां सम्मूर्च्छनजन्मनां च **चारित्रमोहनीय-**

**ભાષ્યાર્થ : સર્વ નારકીઓ અને સર્વ સંમૂર્ચ્છિમો નપુંસક જ હોય. સ્ત્રી નહિ કે પુરુષ નહિ કેમકે તે જીવોને નોકષાય વેદનીય એવા ચારિત્ર મોહનીયના આશ્રયવાળા ૩ વેદોમાં અશુભગતિ નામ કર્મની અપેક્ષાવાળું તથા બંધાયેલું અને નિકાચના કરાયેલું એવું એક નપુંસક વેદનીય કર્મ જ ઉદયમાં આવેલું હોય છે, બીજા બે વેદો નહિ એમ જાણવું. ॥૨/૫૦॥**

• *હેમગિરા* •

પૃથ્વી, અપ્, તેઉ, વાયુ, વનસ્પતિ, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને કેટલાક પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યો આ બધા નપુંસકો જ અર્થાત્ નપુંસકવેદવાળા જ હોય છે. એ પ્રમાણે ભાષ્યકારશ્રી અવધારણ કરે છે. સામર્થ્યથી મળેલા અવધારણના ફળને જણાવે છે કે "**न स्त्रियो न पुमांस** ....." આ જીવો સ્ત્રી કે પુરુષ નથી અર્થાત્ સ્ત્રીવેદ કે પુરુષવેદવાળા નથી. તેઓમાં નપુંસકવેદ જ હોય છે એનું શું કારણ છે ? આ પ્રમાણે પ્રશ્ન ઉપસ્થિત થતો હોવાથી એ પ્રશ્નના ઉત્તર માટે '**तेषां हि**' ઇત્યાદિ ભાષ્ય છે. તેનો ભાવાર્થ આ મુજબ છે :- જેથી તે નારકો અને સમ્મૂર્ચ્છિમ જન્મવાળા જીવોને ચારિત્ર મોહનીય એવા નોકષાય વેદનીયના આશ્રયવાળા ૩ વેદોમાંથી અશુભગતિ નામ કર્મને સાપેક્ષ એક નપુંસક વેદનીય કર્મ જ પૂર્વે બંધાયેલું, નિકાચના કરાયેલું ઉદયને પ્રાપ્ત હોય છે. બીજા બે નહિ, તેથી નારક અને સંમૂર્ચ્છિમને નપુંસકવેદ જ હોય. આ રીતે સમુદાયાર્થ કરીને હવે એક એક પદને ખોલવા પૂર્વક ભાષ્યનો અવયવાર્થ કરાય છે કે) **तेषां** = નારકો અને સમ્મૂર્ચ્છિમ જીવોને. "**चारित्रमोहनीय** ..." ચારિત્રમોહનીય અને નોકષાય વેદનીય વચ્ચે કર્મધારય સમાસ થયો છે, જેનો વિગ્રહ ટીકામાં આપેલો છે. હાસ્યાદિ ૯ પ્રકારવાળું નોકષાય વેદનીય એવું ચારિત્ર મોહનીય છે. અને તે આશ્રય = આધાર છે જેઓ (= વેદો)નો

१. वर्त्तमा° - मु. (खं. भां.)। २. °चतुरिन्द्रिया केचित् - मु (भां.)।

**नोकषायवेदनीयाश्रयेषु त्रिषु वेदेषु,** चारित्रमोहनीयं च तन्नोकषायवेदनीयं चेति चारित्रमोहनीयनोकषाय-वेदनीयम् = नवधा हास्यादि तद् आश्रयः = स्थानं येषां ते तदाश्रयास्तेषु तदाश्रयेषु त्रिषु वेदेषु निर्धार्यते **नपुंसकवेदनीयमि**त्यादि (भाष्येण)।

नपुंसकत्वानुभवो **नपुंसकवेदनीयं तदेवैकमशुभगतिनामापेक्षम्,** प्रदर्शनवाक्यमिदम**शुभगति-नामापेक्षमिति,** अशुभगत्यादिनाम-गोत्र-वेद्यायुष्कोदयापेक्षो मोहोदयः परो येनाशुभं महानगरदाहोपमं मैथुनाभिलाषमनुभवन्ति नारकाकाङ्क्षारूपमिति, सम्मूर्च्छनजन्मानोऽपि हि तिर्यञ्चो मनुष्याश्चाशुभग-त्यादि-नाम-गोत्र-वेद्यायुष्कोदयापेक्षमोहोदयाकाङ्क्षावन्तो नपुंसकत्वमनुभवन्ति, **पूर्वबद्धनिकाचित-मुदयप्राप्तं** 'पूर्वस्मिन् जन्मन्यन्तरे बद्धं नपुंसकत्वयोग्यास्रवैः परिगृहीतमित्यर्थः। निकाचितं तदेव ग्रहणा-



તેઓ તદ્આશ્રયવાળા કહેવાય (આ નોકષાય વેદનીય અને આશ્રય વચ્ચેના બહુવ્રીહિ સમાસનો વિગ્રહાર્થ જાણવો). તદ્આશ્રયવાળા તે ૩ વેદોને વિશે '**नपुंसकवेदनीयम्** ...' ઇત્યાદિ ભાષ્ય વડે અશુભગતિ નામકર્મની અપેક્ષાવાળું, નપુંસકપણાના અનુભવ સ્વરૂપ એવું જે નપુંસક વેદનીય કર્મ છે તે જ નિર્ધારણ કરાય છે.

ભાષ્ય નિર્દિષ્ટ '**अशुभगतिनामापेक्षम्**' એવું આ વાક્ય માત્ર પ્રદર્શન (= દષ્ટાંત) રૂપે જાણવું, નિયમ વાક્ય રૂપે નહિ (અર્થાત્ નપુંસક વેદનીય કર્મ માત્ર અશુભગતિ નામ કર્મની જ અપેક્ષાવાળું હોય છે, એમ ન સમજવું. કિન્તુ બીજા અશુભ નામ, ગોત્ર, વેદનીય તથા આયુષ્ય કર્મની પણ અપેક્ષાવાળું હોય છે.) હવે આ જ વાતને ટીકાકારશ્રી બતાવે છે કે અશુભગતિ વગેરે નામ, ગોત્ર, વેદનીય અને આયુષ્ય કર્મના ઉદયની અપેક્ષાવાળો પ્રકૃષ્ટ મોહ (= નપુંસકવેદ)નો ઉદય છે કે જે મોહના ઉદયથી નારકીના જીવો મહાનગરના દાહની ઉપમાવાળી એવી નારકીની આકાંક્ષા સ્વરૂપ, અશુભ મૈથુનની અભિલાષાને અનુભવે છે. ખરેખર આવા જ અશુભગતિ વગેરે નામ, ગોત્ર, વેદનીય તથા આયુષ્ય કર્મના ઉદયની અપેક્ષાવાળા મોહોદય (= નપુંસકવેદના ઉદય)થી મૈથુનની આકાંક્ષાવાળા થયેલા સંમૂર્ચ્છિમ જન્મવાળા તિર્યંચો અને મનુષ્યો પણ નપુંસકત્વને અનુભવે છે.

### ❊ પ્રાયઃ દુઃખ બહુલ જીવોને આ વેદની પ્રાપ્તિ ❊

**पूर्वबद्ध** ..... નપુંસક વેદનીય રૂપ નોકષાય ચારિત્ર મોહનીય કર્મ કે જે અનંતર જન્મમાં = પૂર્વ જન્મમાં બંધાયેલું છે અર્થાત્ નપુંસકત્વને યોગ્ય આશ્રવ દ્વારોથી ગ્રહણ કરાયેલું છે અને છે. તે સમ્મૂર્ચ્છન જન્મ જેઓને વિદ્યમાન છે તેઓ સમ્મૂર્ચ્છિમ કહેવાય અને સમ્મૂર્ચ્છિમ જન્મવાળા તે જ "**निकाचितं** ....." એટલે કે ગ્રહણ કર્યા પછી આત્મસાત્ કરાયેલું છે, ક્ષીર-નીરના

१. सर्वस्मिन् - भां.।

## सूत्रम् :- न देवाः ॥२/५१॥

**भाष्यम् :- देवाश्चतुर्निकाया अपि नपुंसकानि न भवन्ति, स्त्रियः पुमांसश्च भवन्ति।**

• गन्धहस्ति •

नन्तरमात्मसात्कृतं क्षीरोदकवदन्योन्यानुगतिलक्षणेन सम्बन्धेनात्मप्रदेशैः सहाविभागितयाऽध्यवसाय-विशेषाद् व्यवस्थापितम्, **उदयप्राप्तमि**ति समासादितपरिपाकावस्थम्, तदेवंविधं नपुंसकवेदनीयमेव नारक-सम्मूर्च्छिमानां जन्तूनां दुःखबहुलत्वाद् **भवति, नेतरे** स्त्री-पुंवेदनीये कदाचि**दिति**॥२/५०॥

उक्तं नारक-सम्मूर्च्छिमानां लिङ्गम्, अथ देवानां किं लिङ्गमित्यत आह →

(**न देवाः** इति सूत्रम्) प्रकृतस्य प्रतिषेधं दर्शयति, नपुंसकवेदः प्रकृतः स एव प्रतिषिध्यते, (देवाश्चतुर्नीत्यादि भाष्यम्) दीव्यन्ति इति **देवाः** क्रीडा-द्युति-[1]गतिष्वतिशयवतीषु वाच्याः, चत्वारो निकायाः = [2]सङ्घाताः = समूहाः **येषां** भवन-वनचर-ज्योतिषिक-वैमानिकाख्यास्ते **चतुर्निकायास्ते**

## સૂત્રાર્થ : દેવો (નપુંસકવેદવાળા) ન હોય. ॥૨/૫૧॥

**ભાષ્યાર્થ : ચારે નિકાયના પણ દેવો નપુંસક (વેદવાળા) ન હોય પણ સ્ત્રી (વેદવાળા) અને પુરુષ (વેદવાળા) હોય.**

• *હેમગિરા* •

સંબંધની જેમ અધ્યવસાય વિશેષથી અન્યોન્યની અનુગતિ (= એકમેક) સ્વરૂપ તાદાત્મ્ય સંબંધથી આત્મપ્રદેશો સાથે અવિભક્તપણે સ્થાપન કરાયેલું કર્મ નિકાચિત કહેવાય છે. '**उदयप्राप्तं .....**' ઉદય પ્રાપ્ત એટલે પ્રાપ્ત થયેલી પરિપક્વ અવસ્થાવાળું. તે આવા પ્રકારનું નપુંસક વેદનીય કર્મ જ નારક અને સંમૂર્ચ્છિમ જીવોને હોય છે કેમકે તેઓમાં દુઃખની બહુલતા હોય છે, ઈતર બે સ્ત્રી અને પુરુષ વેદનીય કર્મ ક્યારેય ન હોય. ॥૨/૫૦॥

**૨/૫૧ સૂત્રની અવતરણિકા :** નારક-સંમૂર્ચ્છિમ જીવોનું લિંગ કહેવાયું. હવે દેવોને કયું લિંગ હોય છે ? આ પ્રમાણે પ્રશ્ન ઉપસ્થિત થતો હોવાથી તેના ઉત્તરમાં ૨/૫૧ સૂત્રને કહે છે.

### ❋ દેવોમાં વેદ વ્યવસ્થા ❋

'**न देवाः**' એ **૨/૫૧** સૂત્ર છે. સૂત્રમાં પ્રસ્તુતના નિષેધને દેખાડે છે અર્થાત્ પ્રસ્તુત જે નપુંસકવેદ છે તે જ (દેવોને વિશે) નિષેધ કરાય છે. '**देवाश्चतु .....**' અહીં **देवाः** શબ્દ એ **दीव्यन्ति इति देवाः** એવી વ્યુત્પત્તિના આધારે બનેલ છે, તેમાં રહેલ **दीव्** ધાતુ અતિશયવાળી ક્રીડા, દ્યુતિ અને ગતિ અર્થમાં વપરાયો છે. '**चतुर्निकाया.....**' પદનો વિગ્રહ → ભવનપતિ, વનચર = વ્યંતર, જ્યોતિષ, વૈમાનિક નામવાળા ૪ નિકાય = સંઘાત = સમૂહ છે જેઓના તેઓ ચતુર્નિકાયવાળા કહેવાય. તે ચારે પ્રકારના દેવો નપુંસક નથી હોતા. વળી (આ સૂત્રમાં ઉપરના

१. °गतिअतिशय° - भां.। २. सङ्घाः - भां.।

**भाष्यम् :- तेषां हि शुभगतिनामापेक्षे स्त्री-पुंवेदनीये पूर्वबद्ध-निकाचिते उदयप्राप्ते द्वे एव भवतो नेतरत्।**

● गन्धहस्ति ●

चतुर्विधा **अपि न नपुंसकानि भवन्ति**, नपुंसकवेदप्रतिषेधोत्तरकालं चाप्रतिषिद्धत्वात् सामर्थ्यात् स्त्री-पुरुषवेदद्वययोगिता गम्यतेऽतस्तां दर्शयति → **स्त्रियः पुमांसश्च भवन्ति**। स्त्रीवेदभाजः पुरुषवेद-वेदिनश्चेत्यर्थः। भवनपति-व्यन्तर-ज्योतिषिक-सौधर्मेशानेषु वेदद्वयमप्युपपाततः, तदुपरि पुरुषवेद एव, नेतरः। किं पुनः कारणं देवानां नपुंसकवेदा नास्तीत्यत आह → **तेषां हीत्यादि** (भाष्यम्)। यस्मात् **तेषां शुभ**गत्यादि**नाम**-गोत्र-वेद्यायुष्**कापेक्ष**मोहोदयादभि[1]लषितप्रीतिसाधकं मायार्जवोपचितं करीष-तृणपूलाग्निसदृशं **स्त्रीवेदनीयमेकं पुंवेदनीयमे**वाधिकं **पूर्वबद्ध-निकाचितमुदयप्राप्तं भवति नेतर-**

**ભાષ્યાર્થ : કારણકે તે દેવોને શુભગતિ નામની અપેક્ષાવાળા, પૂર્વે બંધાયેલા અને નિકાચના કરાયેલા, એવા સ્ત્રીવેદનીય અને પુરુષવેદનીય એમ બે જ કર્મ ઉદયને પ્રાપ્ત થયેલા હોય છે, અન્ય નપુંસક વેદનીય નહીં.**

● *હેમગિરા* ●

સૂત્રની અનુવૃત્તિથી ચાલી આવતા એવા) નપુંસકવેદનો નિષેધ કર્યા પછીના કાળમાં અન્ય બે વેદોનો નિષેધ કરાયો ન હોવાથી સામર્થ્ય (= પારિશેષ અનુમાન)થી દેવોને સ્ત્રીવેદ અને પુરુષવેદ એમ બેનો જ યોગ જણાય છે. એથી ભાષ્યમાં તેને (= યોગને) દેખાડે છે કે દેવો સ્ત્રીઓ અને પુરુષો તરીકે હોય છે અર્થાત્ સ્ત્રીવેદ અને પુરુષવેદવાળા હોય છે.

અહીં વિશેષ એ છે કે ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ તથા (વૈમાનિકમાં) સૌધર્મ-ઈશાન દેવલોકમાં આ બંનેય વેદો ઉપપાત (= જન્મ)થી હોય છે. તેની (= ઈશાનની) ઉપરના દેવલોકમાં ઉપપાતથી માત્ર પુરુષવેદ જ હોય, અન્ય બે વેદ ન હોય. દેવોને નપુંસકવેદ ન હોય એનું શું કારણ છે ? આ પ્રમાણે પ્રશ્ન ઉપસ્થિત થતો હોવાથી એના ઉત્તરને જણાવવા માટે '**तेषां ...**' શુભગત્યાદિ નામ, ગોત્ર, વેદનીય અને આયુષ્ય કર્મની અપેક્ષાવાળા મોહના ઉદયથી ઇષ્ટના વિશે પ્રીતિના સાધક, અનુક્રમે માયા અને સરળતાથી સંચિત થયેલો, કરીષાગ્નિ (= બકરીની લીંડીનો અગ્નિ) અને ઘાસના પૂળાના અગ્નિ સરખો, પૂર્વે બંધાયેલો અને નિકાચના કરાયેલું એક સ્ત્રીવેદ અને બીજું પુરુષવેદ રૂપ કર્મ જ ઉદયમાં આવેલું હોય છે. ત્રીજો નપુંસક વેદનીય રૂપ કર્મ નહિ કારણ કે પૂર્વે એ બંધાયેલું નથી.

## ❋ નપુંસકવેદની અપેક્ષા સ્ત્રીવેદમાં પ્રશસ્તપણું ❋

અહીં સ્ત્રીવેદ (એ) નપુંસકવેદની અપેક્ષાએ શુભ કહેવાય છે પણ એકાંતે શુભ જ છે

१. °भिलाषि° - खं.।

**भाष्यम् :- पारिशेषाच्च[1] गम्यते जराय्वण्ड-पोतजास्त्रिविधा भवन्ति→स्त्रियः पुमांसो नपुंसकानीति ॥२/५१॥**

**अत्राह → चतुर्गतावपि संसारे किं व्यवस्थिता स्थितिरायुषः उताकालमृत्युरप्यस्तीति ?**

● गन्धहस्ति ●

न्नपुंसकवेदनीयमबद्धत्वात्। अत्र च स्त्रीवेदो नपुंसकवेदापेक्षया शुभ उच्यते, न पुनः शुभ एव।

इदानीं सामर्थ्याल्लब्धं दर्शयति → **पारिशेषाच्च[1] गम्यत** इत्यादिना (भाष्येण)। परिशेषसिद्ध्या विज्ञायते **जराय्वण्ड-पोतजास्त्रिविधा भवन्ति → स्त्रियः पुमांसो नपुंसकानि** चेति ॥२/५१॥

**अत्राहे**त्यादिः सम्बन्धग्रन्थः। **अत्र** = प्रस्तावे संशयानः प्रश्नयति → नारक-तिर्यङ्-मनुष्यामरभेद-भाजि **संसारे**ऽतीतानन्तरजन्मपरिगृहीत**स्यायुषः किं व्यवस्थिता** तावत्येव **स्थितिः** = अनुभवकालः पूर्वबद्धा हि यावती, अथापरिपूरितायामपि तस्यां स्थितावपहाय प्राणान् परलोकप्रयाणाभिमुखः प्राणी प्रवर्तते ? अकाले मृत्युः **अकालमृत्युः** प्रागुपात्तजीवनकालावधेरर्वाक्काले स्वोपात्तमनुष्याद्यायुर्द्रव्याणा-

**ભાષ્યાર્થ : પારિશેષ અનુમાનથી જણાય છે કે શેષ જરાયુજો, અંડજો અને પોતજો તે સ્ત્રી, પુરુષ, નપુંસક એમ ત્રિવિધ વેદવાળા હોય છે. ॥૨/૫૧॥**

**પ્રશ્ન : ચારે ગતિ રૂપ સંસારમાં રહેલા જીવોના આયુષ્યની શું જેટલી પૂર્વમાં બાંધેલી છે તેટલી જ સ્થિતિ હોય છે કે અકાળ મૃત્યુ પણ છે ?**

● *હેમગિરા* ●

તેવું નથી. અત્યારે સામર્થ્યથી પ્રાપ્ત થયેલ અર્થને '**पारिशेषाच्च** ...' ઇત્યાદિ ભાષ્યથી જણાવે છે કે (નારક, સંમૂર્ચ્છિમ અને દેવને વિશે વેદનું વિભાજન કર્યું, પણ બાકી રહેલા ગર્ભજ પંચેન્દ્રિય મનુષ્યો અને તિર્યંચોમાં જરાયુ, અંડજ, પોતજોના જે ભેદો છે તેમાં વિભાગીકરણ ન કર્યું આથી) શેષ જરાયુજો, અંડજો અને પોતજો સ્ત્રી, પુરુષ અને નપુંસક એમ ૩ પ્રકારના વેદવાળા હોય છે. એમ પરિશેષ સિદ્ધિ (= ન્યાય = સામર્થ્ય) વડે જણાય છે. ॥૨/૫૧॥

**૨/૫૨ સૂત્રની અવતરણિકા :** '**अत्राह**' ઇત્યાદિ ભાષ્ય સંબંધ ગ્રંથ રૂપ છે અર્થાત્ હમણાં કહેવાયેલા સૂત્રનો પ્રસ્તુત નવા સૂત્ર સાથે સંબંધ જોડનાર છે. '**अत्र**'... અહીં = પ્રસ્તાવ વિશે સંશયકાર પ્રશ્ન કરે છે કે નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિના ભેદવાળા સંસારમાં અતીત એવા અનંતર જન્મ (= પૂર્વ જન્મ)માં પરિગૃહીત (વર્તમાન જન્મ માટે બંધાયેલા) આયુષ્યની શું જેટલી સ્થિતિ પૂર્વે બંધાયેલી હોય તેટલી જ રહેલી હોય છે કે પછી જ્યારે તે પૂર્વબદ્ધ આયુષ્યની સ્થિતિ અપરિપૂર્ણ હોય ત્યારે પણ પ્રાણી પ્રાણોને છોડી પરલોકના પ્રયાણમાં તત્પર થાય છે ? આ જ પ્રશ્નને સ્પષ્ટ કરતાં કહે છે કે →

१. °शेष्याच्च - मु. (खं. भां.)।

मनुभवतः कृत्स्नपरिक्षयो मृत्युः, स पुनः किमकालेऽपि पूर्वप्रतिबद्धायुः[1]संस्कारविच्छेदावधावपरिसमाप्तेऽपि भवति आहोस्विन्नियमत एव तावन्तं कालं प्राणिति प्राणीति, कुतः पुनरयं संशयः ? सकललोकप्रवादात्, एवं लौकिकाः प्रभाषन्ते → अयमकाले मृतो जन्तुर्व्यापादितो वा, अयं पुनः स्थविरः स्वकालपरिमाणमायुरनुभूय मृत्युगोचरमायात इत्यतः[2]सन्देहः किमकालेऽपि मरणयोग इति ? तथैव सङ्ग्रामे समर्थतरुणबहुजनव्यापत्तिमनुप्रेक्ष्य युगपत् संशयप्रसवः, न तत्र प्रतिपत्तिराधातुं शक्याऽऽत्मनि अयुक्तिकत्वात् सर्व एते समायुषः, सममेकसंख्यानिबन्धनमेभिर्भवान्तरमासाद्यायुरुपचितमिति न शक्यमवगन्तुम्, अतः संशेते मनः **किमकालमृत्युरप्यस्तीति**[3], तथा तत एव आयोधनादक्षतवपुषः

• *હેમગિરા* •

**अकालमृत्यु** ... અકાળમાં મૃત્યુ તે અકાળમૃત્યુ અર્થાત્ પૂર્વે (= પૂર્વભવમાં) બાંધેલા જીવનકાળ (= આયુષ્ય)ની અવધિની પહેલાના કાળમાં, જીવે પોતે ઉપાર્જન કરેલ મનુષ્ય વગેરે ભવના આયુષ્યના દલિકોનો અનુભવ દ્વારા સંપૂર્ણ ક્ષય તે અકાલ મૃત્યુ છે. સંશયકારનો પ્રશ્ન એ છે કે તે મૃત્યુ શું અકાળમાં પણ અર્થાત્ જ્યારે પૂર્વબદ્ધ આયુષ્યના સંસ્કારોના વિચ્છેદ (= નાશ)ની અવધિની પરિસમાપ્તિ ન થઈ હોય ત્યારે પણ સંભવે કે શું નિયમા જ તેટલા કાળ સુધી પ્રાણી જીવે છે ?

## ❋ દોરી તૂટી આયુષ્યની ત્યાં સાંધનારું કોણ છે ? ❋

**પ્રશ્ન :** આ સંશય શાથી થયો ?

**ઉત્તર :** આ સંશય થવાનું કારણ સકલ લોકનો પ્રવાદ છે, તે આ પ્રમાણે કે - ઘણાં લોકો આ મુજબ બોલે છે કે - આ જીવ અકાળમાં મરણ પામ્યો અથવા આ જીવ અકાળે મરાયો. વળી એવું પણ સંભળાય છે કે આ વૃદ્ધ પોતાના આયુકાળના પરિમાણવાળા સંપૂર્ણ આયુષ્યને ભોગવીને મૃત્યુના વિષયમાં આવ્યો અર્થાત્ મર્યો. આ પ્રમાણે હોવાથી સંદેહ થયો છે કે શું અકાળે પણ મરણનો યોગ હોય છે ?

તે પ્રમાણે જ સંગ્રામમાં સમર્થ અને યુવાન એવા ઘણાં લડવૈયા-જનોના એક સાથે થતાં મરણને વિચારીને પણ આ સંશય ઉત્પન્ન થયો છે. ત્યાં (= તે શંકા વિશે) આત્મામાં 'આ સર્વે સમાન આયુષ્યવાળા છે' એવો નિર્ણય કરવો શકય નથી કેમકે એ માટે કોઈ ઠોસ નિર્ણાયક યુક્તિ નથી અર્થાત્ આ સંગ્રામીઓ વડે ભવાંતર (= પૂર્વ ભવ)ને મેળવીને એક સાથે, સમાન એક સંખ્યાવાળા (એક સરખા સમયવાળા) જીવનનું કારણ એવું આયુષ્ય બંધાયું હતું એમ કહેવું શકય નથી. આથી મન સંશય કરે છે કે - શું અકાળ મૃત્યુ પણ છે ? વળી બીજી બાજુ એમ પણ દેખાય છે કે તે જ (ઉપરોકત) યુદ્ધમાંથી અખંડ દેહવાળા, વયના પરિણામથી સેંકડો રીતે ક્ષીણ થયેલા સકળ સાંધાઓવાળા, તીવ્ર શસ્ત્ર સમૂહથી યુકત હાથવાળા વૃદ્ધો યુદ્ધને પાર

१. °काराविः° खं. भां.। २. संन्दिह्य किमयमका° - खं. भां.। ३. °त्तीति, तत - मु. (खं.)।

**भाष्यम् :- अत्रोच्यते → द्विविधान्यायूंषि-अपवर्तनीयानि अनपवर्तनीयानि च।**

**• गन्धहस्ति •**

परिणतिशतजर्जरसकलसन्धयः स्थविरास्तीव्रहेतिहस्तास्तीरयित्वा समरमपगच्छन्तोऽवलोक्यन्ते[1], अतोऽवगम्यते न खलु कश्चिदकाल एव विषमाण्यवगाहमानोऽपि शरशतापादितक्षतिरपि प्रकृष्टदुःखवेदनार्तो-मरणमभिलषन्नपि प्राणैर्वियुज्यते,एवमनेकस्मिन् संशयबीजप्रसवे सति प्रश्नप्रवृत्तौ प्रतिवचन**मुच्यते → द्विविधान्यायूंषि → अपवर्तनीयान्यनपवर्तनीयानि चे**ति अकाले मृत्योरस्ति सम्भव इत्येवं-विधार्थप्रदर्शनपरायणमिदमास्तीर्यते भाष्यम्। **द्विविधान्यायूंषि** = जीवितानि भवन्ति, प्रयोगविशेषाच्च द्वैविध्यं, न स्वभावात्, तत्रायुषो बन्धकास्तावत् सम्यग्मिथ्यादृष्टिविरहिता मिथ्यादृष्टेरारभ्य यावद-प्रमत्तसंयत इति षट्सु स्थानेषु जन्तवः अजघन्योत्कृष्टाध्यवसायविशेषभाजः पृथुकषायाः साद्यध्रुवायु-र्विकल्पयुजः, तत्र नारक-देवासङ्ख्येयवर्षायुषः प्राणिनः षण्मास्यामवशेषायां नियमादायुषोबन्धकाः। शेषास्त्वायुषस्त्रिभागेऽवशेषे पुरोवर्तिजन्मानुभवयोग्यमायुर्बध्नन्ति, त्रिभाग-त्रिभागे वाऽवशेष इति।

**ભાષ્યાર્થ : ઉત્તર : (ના, અકાળ મૃત્યુ નથી કેમકે) આયુષ્ય બે પ્રકારે છે - (૧) અપવર્તનીય અને (૨) અનપવર્તનીય.**

**• *હેમગિરા* •**

પામીને (= જય મેળવીને) પાછા ફરતા દેખાય છે. આથી એવું જણાય છે કે ખરેખર વિષમ પરિસ્થિતિમાં રહેલો હોવા છતાં, સેંકડો બાણોથી પ્રાપ્ત થયેલી ક્ષતિવાળો પણ, પ્રબળ દુઃખની વેદનાથી પીડિત થયેલો કોઈ પ્રાણી, મરણને ઇચ્છવા છતાં પણ, અકાળે પ્રાણોથી મુકાતો નથી. આ પ્રમાણે જ્યારે અનેક સંશય રૂપી બીજથી ઉત્પન્ન થનારી પ્રશ્નની પ્રવૃત્તિ થાય છે ત્યારે ઉત્તર કહેવાય છે - 'અકાળમાં મૃત્યુનો સંભવ છે' એવા પ્રકારના અર્થને રજૂ કરવામાં તત્પર **द्विविधा...** ઇત્યાદિ આ ભાષ્યનો વિસ્તાર કરાય છે → બે પ્રકારના આયુષ્ય = જીવન હોય છે (૧) અપવર્તનીય અને (૨) અનપવર્તનીય અને આ બે પ્રકાર વિશિષ્ટ પ્રયોગથી છે, નહિ કે સ્વભાવથી.

## ❋ પરભવના આયુષ્યબંધના વિકલ્પો ❋

ત્યાં મિશ્ર ગુણસ્થાનક સિવાય પ્રથમ મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકથી માંડી યાવત્ અપ્રમત્ત સંયત (૭મા) ગુણસ્થાનક આવે ત્યાં સુધીના જીવો આયુષ્યનો બંધ કરનારા હોય છે. આ પ્રમાણે ૬ ગુણસ્થાનકો વિશે જીવો (આયુષ્ય બાંધતી વખતે) અજઘન્ય અને અનુત્કૃષ્ટ વિશિષ્ટ અધ્યવસાયવાળા, પૃથુ = વધારે કષાયવાળા તથા સાદિ અધ્રુવ (= સાદિસાંત) આયુષ્યના વિકલ્પથી યુક્ત હોય છે. ત્યાં (= આયુષ્ય બંધની બાબતમાં) નારક અને દેવ તેમજ અસંખ્ય વર્ષના આયુષ્યવાળા પ્રાણીઓ (= મનુષ્યો અને તિર્યંચો) આયુષ્યના જ્યારે ૬ માસ બાકી રહે ત્યારે નિયમા આયુષ્યનો બંધ કરનારા હોય છે. વળી શેષ જીવો તો પોતાના આયુષ્યનો જ્યારે ત્રીજો ભાગ અવશેષ રહે ત્યારે

१. °मपयान्तो° खं.।

अथवा त्रिभाग-त्रिभाग-त्रिभागे वाऽवशेष इति। एतदुक्तं भवति → त्रिभागावशेषायुषो नवभागशेषायुषः सप्तविंशतिभागावशेषायुषो वा परभवायुर्बध्नन्ति, ततः परं न बध्नन्तीत्यर्थः[१]।

तत्रावनि-जल-ज्वलन-मारुत-तरु-द्वि-त्रि-चतुरिन्द्रियाणां निरुपक्रमायुषां च पञ्चेन्द्रियाणां [२]नियमत एव त्रिभागावशेषे बन्धो भवत्यायुषः, सोपक्रमायुषां पुनः पञ्चेन्द्रियाणामनियमेन बन्धो यावत् सप्तविंशतिभागावशेषकल्पनेति, ते च प्राणिनस्तदैव तदायुर्बध्नन्तोऽध्यवसायविशेषात् केचिदपवर्तनार्हं कुर्वन्ति केचिदनपवर्तनीयमिति, मन्दपरिणामप्रयोगोपचितमपवर्त्यं तीव्रपरिणामप्रयोगोपचितमनपवर्त्यम्, तत्रापवर्तना नाम प्राक्तनजन्मविरचितस्थितेरल्पतापादनमध्यवसानादिविशेषात्, अनपवर्तनीयं पुनस्तावत्काल-स्थित्येव न ह्रासमायाति स्वकालावधेरारात्, तैलवर्तिक्षयतो निर्विघातप्रदीपोपशान्तिवद् घनसंहतत्वाद् वा पवनश्लेषवत्, तच्च किलाखिन्नवीर्यारब्धत्वादसङ्ख्येयसमयोपार्जितमायुरनपवर्त्यम्, तथा गाढबन्धन-

● હેમગિરા ●

આગળ થનારા જન્મનાં અનુભવને અનુરૂપ આયુષ્ય બાંધે છે અથવા તો જ્યારે ત્રીજા ભાગનો ત્રીજો ભાગ અવશેષ રહે ત્યારે બાંધે, અથવા જ્યારે ત્રીજા ભાગનાં ત્રીજા ભાગનો ત્રીજો ભાગ અવશેષ રહે ત્યારે બાંધે. ભાવાર્થ આ મુજબ છે કે ત્રીજા ભાગના અવશેષ આયુષ્યવાળા અથવા નવમા ભાગના શેષ આયુષ્યવાળા અથવા સત્તાવીશમા ભાગના અવશેષ આયુષ્યવાળા જીવો પરભવના આયુષ્યને બાંધે છે અર્થાત્ ત્યાર પછી બાંધતા નથી.

ત્યાં (= આયુષ્યને બાંધવાના ૩ વિકલ્પોમાં) પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય, વાયુકાય, વનસ્પતિકાય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય તથા (સંખ્યાત વર્ષના) નિરુપક્રમી આયુષ્યવાળા પંચેન્દ્રિય (મનુષ્ય અને તિર્યંચો)ને નિયમા જ પોતાના આયુષ્યનો જ્યારે ત્રીજો ભાગ અવશેષ રહે ત્યારે આયુષ્યનો બંધ થાય છે. વળી (સંખ્યાત વર્ષવાળા) સોપક્રમ આયુષ્યવાળા પંચેન્દ્રિય (મનુષ્ય અને તિર્યંચો)ને આયુષ્યનો બંધ જ્યાં સુધી સત્તાવીસમો ભાગ અવશેષ રહે ત્યાં સુધીમાં હોય છે.

### ❊ અપવર્તનીય - અનપવર્તનીય આયુષ્યનું મૂળ કારણ ❊

આમ તેમને અચોક્કસ અનિયમિત રીતે આયુષ્યનો બંધ હોય છે અને આયુષ્યને બાંધનારા કેટલાક પ્રાણીઓ ત્યારે જ વિશિષ્ટ-અધ્યવસાય થકી તે આયુષ્યને અપવર્તનાને યોગ્ય કરે છે અને કેટલાક જીવો અનપવર્તનાને અયોગ્ય કરે છે. જે મંદકક્ષાના પરિણામથી બંધાયેલું હોય તે અપવર્તનીય હોય છે અને જે તીવ્ર પરિણામના પ્રયોગથી બંધાયેલું હોય તે અનપવર્તનીય હોય છે. ત્યાં અપવર્તના એટલે 'પૂર્વજન્મમાં બંધાયેલી (= રચના કરાયેલી) સ્થિતિને વિશિષ્ટ અધ્યવસાન આદિ (= ઘાત વગેરે ઉપક્રમ)થી અલ્પ કરવી તે'. અનપવર્તનીય એટલે બાંધેલું આયુષ્ય તેટલા કાળની સ્થિતિવાળું જ રહે અર્થાત્ પોતાના આયુષ્યની કાળ મર્યાદા પહેલા નાશ ન પામે. જેમ

१. बध्नीतेऽत्यर्थः खं.। २. °यमित मु. (खं. भां.)।

त्वान्निकाचितबन्धात्मनियमादनपवर्त्यायुर्भवति।

अथवैकनाडिकापरिगृहीतमायुः संहतिमत्त्वात् संहतपुरुषराशिवदभेद्यं वा एकनाडिकाविवर-प्रक्षिप्तबीजनिष्पादितसस्यसंहतिवद् वा, विवराद् बहिः पतितबीजप्रसूतं हि सस्यमसंहतत्वात् प्रविरलतायां सत्यां सर्वस्यैव गवादेर्गम्यम्, एवं किलायमात्माऽऽयुर्बध्नन्ननेकात्मलब्धिपरिणामस्वाभाव्याच्छरीरव्याप्यपि [1]सन्नाडिकामार्गपरिणामो[2] भवति, ततस्तामवस्थामासाद्य यानायुष्कपुद्गलान् बध्नाति [3]ते नाडिकाप्रविष्टत्वात् संहतिमत्त्वे सत्यभेद्या विष-शस्त्राग्न्यादीनामिति, मन्द-तीव्रपरिणामसन्निधानाच्च स तत् तथा जन्मान्तर एव रचयति इहत्यजन्मव्याधिवत्। अल्पाद्धातुवैषम्यनिदानापथ्यसेवनाद् यो व्याधिः समुपजातः स कालान्तरेणोपेक्ष्यमाणः समासादितोदग्रवृद्धिः समूलघातं निहन्ति शरीरकं, न पुनराश्वेव, निपुणभिषग्वरोप-दिष्टतत्प्रत्यनीकक्रियाकलापानुष्ठानाच्च द्राग् विच्छेदमापाद्यते, तथैव यन्मन्दपरिणामप्रयोगकारणाभ्या-सादासादितमनेनायुर्जन्तुनाऽतीतजन्मनि तदपवर्तनार्हमाचक्षते [4]क्षतक्लेशाः।

• હેમગિરા •

દીવામાં તેલ અને દીવેટના ક્ષય થકી કોઈપણ પ્રકારના વ્યાઘાત વિનાનો તે દીપક ઉપશાંત થઈ જાય છે (તેમ આ આયુષ્ય પણ સ્વદલિક ક્ષય મુતાબિક કોઈપણ ઉપઘાત વિના આપોઆપ શાંત થઈ જાય છે.) અથવા આયુષ્ય ઘન (= મજબૂત)પણે બંધાયેલું હોવાથી પવનથી સૂકાયેલ ચીકણાં દ્રવ્યની જેમ અનપવર્તનીય હોય છે અને ખરેખર તે અસંખ્ય સમયોથી ઉપાર્જિત આયુષ્ય અભિન્ન (= પ્રબળ) વીર્યથી આરંભાયેલું હોવાથી 'અનપવર્ત્ય' હોય છે. તથા (આયુકર્મદલિક) ગાઢ બંધન રૂપ હોવાથી અર્થાત્ નિકાચિત બંધ સ્વરૂપ નિયમન (= બંધન) થકી આયુષ્ય અનપવર્ત્ય હોય છે.

અથવા તો એક નાડિકા (= એક જ ધારા) વડે ગ્રહણ કરાયેલ આયુષ્ય ઘટ્ટ સમૂહ રૂપ હોવાથી સંઘટ્ટિત થયેલ પુરુષોના સમૂહની જેમ અભેદ્ય હોય છે અથવા એક નાડિકાનાં બાકોરામાં નાંખેલા/વાવેલા બીજથી ઉત્પન્ન થયેલી (આજુબાજુ વિખેરાયા વિના ઘટ્ટ થઈને રહેલી) ધાન્ય રાશિની જેમ અભેદ્ય હોય છે. નાડિકાના વિવરમાંથી બહાર પડેલા બીજોથી ઉગેલું ધાન્ય એ સમૂહ રૂપ ન હોવાથી જ્યારે આજુબાજુ વિખરાય ત્યારે બધા જ ગાય આદિ પશુઓને ભક્ષ્ય થાય અર્થાત્ અભેદ્ય ન રહેતાં ભેદ્ય થઈ જાય છે. આમ ઉપર કહ્યા પ્રમાણે આ આત્મા આયુષ્યને બાંધતો અનેક આત્મસામર્થ્ય રૂપ પરિણામના સ્વભાવથી શરીરવ્યાપી હોવા છતાં પણ નાડીકા માર્ગનાં પરિણામવાળો થાય છે. ત્યાર પછી તે અવસ્થા (= પરિણામ)ને મેળવીને જે આયુષ્યના પુદ્ગલોને બાંધે તેઓ નાડિકામાં પ્રવેશ પામેલા હોવાથી ઘટ્ટ સમૂહ રૂપ હોય છે અને આથી વિષ, શસ્ત્ર, અગ્નિ વગેરે માટે અભેદ્ય હોય છે અને મંદ-તીવ્ર પરિણામના સન્નિધાનથી = આશ્રયથી તે આત્મા તે આયુષ્ય કર્મના પુદ્ગલને આ ભવ સંબંધી વ્યાધિની જેમ તથાસ્વરૂપે (= અપવર્તનીય

१. सन्नदिका° - खं। २. °परिमाणो - खं / °परिमाणे - भां.। ३. बन्धाति - मु. (पा.)। ४. कृतक्लेशाः खं. भा.।

यः पुनरतिमहान्तं धातुक्षोभमाश्रित्यापथ्यनिदानासेवनादिना समजनि व्याधिरतिदीर्घकालकलापापादितजरठिमासमुपगूढनिरवशेषाङ्गोपाङ्गसङ्घातः कुष्ठ-क्षयादिः, स खलु भेषजप्रकारमनेकमुपचीयमानमनुदिनमप्यवगणय्य सञ्जातबलः क्षिप्रमाक्षिपति तं रोगिणमकाण्ड एव, न खलु प्रयत्नपरमेण धन्वन्तारिणाऽपि शक्यः समुच्छेत्तुम्। एवं हि तीव्रपरिणामप्रयोगबीजजनितशक्ति तदायुरात्तमतीतजन्मनि न शक्यमन्तराल एवावच्छेत्तुमित्यनपवर्तनीयमुच्यते।



અને અનપવર્તનીય રૂપે) જન્માંતરમાં (= પૂર્વ ભવમાં) જ બાંધે છે

### ❈ સાધ્ય વ્યાધિ જેવું અપવર્તનીય આયુષ્ય ❈.

(વ્યાધિનું દૃષ્ટાંત આ મુજબ કે -) ધાતુની વિષમતામાં કારણ રૂપ એવા અલ્પ અપથ્યના સેવનથી જે વ્યાધિ ઉત્પન્ન થયેલો હોય તે ઉપેક્ષા પામવાથી પ્રાપ્ત થયેલી અત્યંત વૃદ્ધિવાળો ધીમે ધીમે શરીરનો મૂળથી ઘાત કરે છે પરંતુ જલ્દીથી જ ઘાત કરતો નથી વળી હોંશિયાર અને શ્રેષ્ઠ વૈદ્યથી ઉપદિષ્ટ તે વ્યાધિની વિરોધી ક્રિયાના સમૂહના આસેવન દ્વારા જલ્દીથી (તે વ્યાધિ) નાશ પામે છે (આયુ અક્ષત રહે છે).

તેવી જ રીતે જે આયુષ્ય મંદ (આત્મ) પરિણામવાળા પ્રયોગ રૂપ કારણના અભ્યાસથી આ જીવે અતીત જન્મમાં બાંધ્યું હોય (શીઘ્ર ક્ષય થનાર) તે આયુષ્યને હણાયેલા કલેશવાળા અર્થાત્ સર્વજ્ઞ પરમાત્મા અપવર્તનીય = અપવર્તનને યોગ્ય કહે છે.

### ❈ અસાધ્ય વ્યાધિ જેવું અનપવર્તનીય આયુષ્ય ❈.

વળી અપથ્ય (= અહિતકર) એવા કારણોના સેવન આદિ દ્વારા (થયેલ), અતિમોટા ધાતુ-ક્ષોભના કારણે જે કોઢ, ક્ષય (= ટી.બી. રોગ) વગેરે વ્યાધિ ઉત્પન્ન થયેલ છે તથા અતિ દીર્ઘકાળ સુધી શરીરમાં રહેવાના કારણે શરીરના સકલ અંગોપાંગનો સમૂહ દુર્બળતાથી ઘેરાઈ ગયો છે, તે વ્યાધિ ખરેખર રોજ રોજ લેવાતાં ઔષધોને અવગણીને બળવાન બનેલો અકાળે જ તે રોગી ઉપર જલ્દીથી આક્રમણ કરે છે અર્થાત્ તે રોગી મરણ પામે છે.

ઉત્કૃષ્ટ પ્રયત્નવાળા ધન્વન્તરી વૈદ્યથી પણ (આ વ્યાધિ) દૂર કરવો શક્ય નથી હોતો. એવી જ રીતે તીવ્ર પરિણામવાળા પ્રયોગ રૂપ કારણ/બીજથી ઉત્પન્ન થયેલ શક્તિવાળા તથા અતીત જન્મમાં બાંધેલા એવા તે આયુષ્યનો અવધિપૂર્ણ થયા વિના વચ્ચે જ વિનાશ કરવો શક્ય નથી. આ આયુષ્ય અનપવર્તનીય કહેવાય છે.

### ❈ અપવર્તનાને સમજવા વિવિધ દૃષ્ટાંતો ❈

આયુષ્યના કાળમાં સમાપ્તિ કે અકાળમાં સમાપ્તિ વિશે થતાં અનેક દૃષ્ટાંત સંભવે છે

१. °पथीय° भां. खं.। २. °दितम° - खं. भां.।

गन्धहस्ति

तथा हि कालाकालसमाप्त्योरायुषः सम्भवत्यनेकं निदर्शनं, तद्बलाच्च प्रतीतिरुपजायते श्रोतुः, अतस्तदभिधानम्, आम्रफलपाकवत्, भस्मकव्याधिपरिगतपुरुषभोजनवत्, वेष्टितार्द्रपटविततशोषवत्, वेष्टितपलालवृत्तरज्जुप्रगुणीकृतदाहवत्, एकार्थेषु[1] बुद्धि-मन्द[2]ग्राहककालभेदवत्, [3]एकमार्गेऽश्व-पङ्गुगमन-भेदवत्, यथैता भिन्नकालानुवर्तिन्योऽप्यवस्थास्तुल्यनिदर्शनगतास्तथा तुल्येऽपि कर्मणि स्वपरिणामादि-क्रियाविशेषाद् भिन्नोऽनुभवकालः परम-मध्यम-जघन्याख्यः, तस्माद् द्विविधमायुरपवर्तनीयमनपवर्त्यं चेति व्यवस्थितम्॥

*હેમગિરા*

અને તેના બળ થકી શ્રોતાને પ્રતીતિ (= બોધ) ઉત્પન્ન થાય છે. આથી તે દૃષ્ટાંતોનું કથન કરાય છે, તે આ મુજબ કે → (૧) જેમ આંબાના ફળને ઘાસાદિમાં રાખવામાં આવે તો જલ્દીથી પાકી જાય છે. જ્યારે એમને એમ સ્વભાવિક રીતે પકાવતાં ઘણો કાળ લાગે છે. (૨) જેમ ભસ્મક વ્યાધિથી ઘેરાયેલા પુરુષને આપેલો પ્રચુર આહાર પણ જલ્દીથી ભસ્મીભૂત થઈ જાય છે જ્યારે સામાન્ય તંદુરસ્ત માનવને એ આહાર પચાવતાં ઘણો સમય લાગે છે. (૩) વીંટળાયેલ ભીના કપડાંને ખુલ્લું કરી સૂકવતાં જલ્દીથી સૂકાઈ જાય છે, જ્યારે ખુલ્લું કર્યા વિના સૂકવતાં ઘણો સમય લાગે છે. (૪) જેમ પલાલ (= ઘાસ વિશેષ)ને એકઠું કરીને બનાવેલા દોરડાને ભેગું કરીને દહન કરવામાં આવે તો શીઘ્ર બળી જાય છે જ્યારે ભેગું કર્યા વિના દોરડાને બાળતાં ઘણો સમય લાગે છે. (૫) જેમ એકનો એક પદાર્થ હોવા છતાં તેનો બોધ બુદ્ધિશાળી શીઘ્રતયા કરે છે જ્યારે મંદબુદ્ધિને ઘણીવાર લાગે છે. (૬) એકના એક માર્ગના વિષે અશ્વનું ગમન શીઘ્રતયા થાય છે. તેથી અશ્વ પહેલો પહોંચી જાય છે. જ્યારે પાંગળાનું ગમન ઘણું ધીમે થતું હોવાથી તેને પહોંચતા ઘણી વાર લાગે છે, (તેમ આયુષ્ય વિષે પણ સમજવું.)

## ❋ ક્રિયા એક સમય અનેક ❋

જેમ હમણાં વર્ણવેલી વિવિધ કાળવર્તી અવસ્થાઓ એક તુલ્ય દૃષ્ટાંતમાં જ રહે છે. (જેમકે બાળવાનું કાર્ય તો એકજ પણ અવસ્થા - સમય જુદા, પહોંચવાનું સ્થાન એક જ પણ પહોંચનારની અવસ્થા - સમય જુદા) તેમ તુલ્ય પણ આયુષ્ય કર્મને વિશે બંધ વેળાએ પોતાના મંદ ઉત્કૃષ્ટ પરિણામ આદિ વિશિષ્ટ ક્રિયાના કારણે અનુભવનો કાળ ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય એવા નામે ભિન્ન હોય છે. તેથી આયુષ્યના અપવર્તનીય અને અનપવર્તનીય એમ બે પ્રકાર છે એ નક્કી થયું. હવે બે પ્રકારના અનપવર્તનીય આયુષ્યોને કહેવાની ઇચ્છાવાળા ભાષ્યકારશ્રી **अनपवर्तनीय** ... ઇત્યાદિ ભાષ્યને કહે છે → અનપવર્તનીય આયુષ્ય સોપક્રમ અને નિરુપક્રમ એમ બે પ્રકારે છે. (તેમાં સોપક્રમિકને જણાવતાં કહે છે કે) ઉપક્રમણ તે ઉપક્રમ. આયુષ્યને નજીક લાવવા (= ટૂંકાવવા)માં જે કારણ તે ઉપક્રમ શબ્દથી કહેવા યોગ્ય છે અર્થાત્ અતિ દીર્ઘકાલીન સ્થિતિવાળું

१. एकार्थेषु - मु (खं. भां.)। २. 'मन्दबुद्धि' - भां.। ३. 'मार्गेऽश्वपङ्गु' - ख.।

**भाष्यम् :- अनपवर्तनीयानि पुनर्द्विविधानि → सोपक्रमाणि निरुपक्रमाणि च। अपवर्तनीयानि तु नियतं सोपक्रमाणीति ॥ तत्र →**

● गन्धहस्ति ●

अधुनाऽनपवर्तनीयायूंषि द्विविधान्यभिधित्सुराह → **अनपवर्तनीयानि पुनर्द्विविधानि → सोपक्रमाणि निरुपक्रमाणि च** (इति भाष्यम्)। तत्रोपक्रमणमुपक्रमः प्रत्यासन्नीकरणकारणमुपक्रमशब्दाभिधेयम्, अतिदीर्घकालस्थित्यप्यायुर्येन कारणविशेषेणाध्यवसानादिनाऽल्पकालस्थितिकमापाद्यते स कारणकलाप उपक्रमः, तेन तादृशोपक्रमेण सोपक्रमाण्यनपवर्तनीयान्यायूंषि भवन्ति। निर्गतोपक्रमाणि निरुपक्रमाण्यध्यवसानादिकारणकलापाभावात्। [1]यथैव तज्जिहास्यते अतिदीर्घकालस्थितिस्वपरिणतिविशेषात् तथा अल्पमपि वृद्धिमापादयिष्यते रसायनाद्युपयोगतश्चेत्, तन्न, अबद्धत्वात्, जन्मान्तरे हि बद्धमायुस्तावता वा कालेनानुभूयेत [2]ह्रस्वीयसा वाऽध्यवसानादियोगादाभिचारिककर्मणाऽवाप्यकालफलपाकवत् स्याद्, अबद्धं पुनर्न शक्यते संवर्धयितुममृतोपयोगेनापि।

**ભાષ્યાર્થ : અનપવર્તનીય આયુષ્ય બે પ્રકારે છે → (૧) સોપક્રમ અને (૨) નિરુપક્રમ. અપવર્તનીય આયુષ્ય હંમેશા સોપક્રમ જ હોય છે. ત્યાં (= બે પ્રકારના આયુષ્યમાં) (અનપવર્ત્ય આયુષ્યવાળા જીવો ૨/૫૨ સૂત્રમાં કહેવાય છે.)**

● *હેમગિરા* ●

પણ આયુષ્ય જે અધ્યવસાનાદિક (ખાડામાં પડવું, અથડાવું વગેરે) કારણ વિશેષથી અલ્પકાળની સ્થિતિવાળું કરાય તે કારણનો સમૂહ ઉપક્રમ કહેવાય છે. તે તેવા પ્રકારના ઉપક્રમને લીધે અનપવર્તનીય આયુષ્ય સોપક્રમિક હોય છે. અધ્યવસાનાદિ કારણોના સમૂહનો અભાવ હોવાથી નીકળી ગયેલા ઉપક્રમવાળું તે નિરુપક્રમિક અનપવર્તનીય આયુષ્ય હોય છે.

## ❊ આયુષ્યની અપવર્તનાની જેમ વૃદ્ધિ ન હોય ❊

**શંકા :** જેમ પોતાની વિશિષ્ટ પરિણતિથી અતિ દીર્ઘકાલીન આયુષ્યની સ્થિતિને જીવ ઘટાડશે. તેમજ રસાયણ વગેરેના વપરાશથી અલ્પ પણ આયુષ્યની વૃદ્ધિને સંપાદન કરાવાશે ? (અર્થાત્ વધારાશે ?)

**સમાધાન :** ના, તે કયારેય નહિ બને કારણકે પૂર્વમાં સ્થિતિ બંધાયેલી નથી. કહેવાનો ભાવાર્થ એ છે કે ખરેખર પૂર્વજન્મમાં બંધાયેલ આયુષ્ય તેટલા કાળથી ભોગવાય છે અથવા તો જેમ કાળે કરીને પાકવા યોગ્ય ફળને આભિચારિક કર્મ (= ઘાસ આદિમાં મૂકવા) વડે જલ્દીથી પકવવામાં આવે છે તેમ અધ્યવસાન વગેરે ઉપક્રમોના લાગવાથી તે (બદ્ધ) આયુષ્ય અલ્પકાળથી ભોગવાય છે પરંતુ અબદ્ધ આયુને તો (ગમે તેવા ઔષધ કે ) અમૃતનાં ઉપયોગથી પણ વધારવું

१. तथैव - ख। २. ह्रसीय° - खं. भां.।

• गन्धहस्ति •

यथा हि दीर्घपटः प्रागुक्तो (आमुक्तो ?) वेष्टनयाऽल्पः शक्यः कर्तुं न पुनर्द्राघिमानमापादयितुमनुपात्तता-वद्दलिकत्वात्। स्यादेतद् रसायनाद्युपयोगाद् यावत्स्थितिकमात्तं प्रागायुस्तावतीं स्थितिमखण्डयत् तदासीत न पुनर्वृद्धिमश्रद्धेयामाधातुमलं तदिति। अत्र च किलौपपातिका असङ्ख्येयवर्षायुषश्च निरुपक्रमा एव, चरमदेहाः उत्तमपुरुषाश्च सोपक्रमा ▲निरुपक्रमाश्च▲॥

**नन्विदं** [1]विप्रतिषेध्यमनपवर्त्यायुषः सोपक्रमाश्चेति ?

**उच्यते** → अध्यवसानाद्युपक्रमकारणानि किल सन्त्यमीषां चरमदेहोत्तमपुरुषाणां, न पुनरायुर-पवर्त्यते सत्स्वपि तेष्वनपवर्त्यायुष्ट्वात्, न खलूपक्रमसन्निधानं तत्र प्रतिषिध्यते, किन्तु सत्यप्युपक्रम-कारणसान्निध्येऽतिगाढबन्धत्वान्न तदायुरपवर्त्यते।

• *હેમગિરા* •

શક્ય નથી. જે રીતે પૂર્વે ખુલ્લું કરીને મૂકેલું એવું દીર્ઘ વસ્ત્ર જો વીંટાળવા (= સમેટવા)માં આવે તો મૂળ કદથી નાના કદનું થવું શક્ય છે, પરંતુ મોટું કરવું શક્ય નથી કારણકે બની ગયેલા તે વસ્ત્રમાં તેટલી જગ્યામાં તાંતણા ઉમેરી શકાય તેમ નથી. હા ! એ કહી શકાય કે પૂર્વ જન્મમાં જેટલી સ્થિતિવાળું તે આયુષ્ય બંધાયેલું હતું. તેટલી સ્થિતિમાં અખંડ રહેતું તે આયુષ્ય એટલે કે જેટલું પૂર્વે બદ્ધ હતું તેટલું તે આયુ રહી શકે છે. પણ આયુષ્યમાં રસાયણાદિથી પણ વૃદ્ધિ કરવાની વાત તો અતિ અશ્રદ્ધેય છે મતલબ કે આયુષ્યને વધારવા કોઈ સમર્થ નથી. અહીં (= સોપક્રમ અને નિરુપક્રમ આયુષ્યમાં) વિશેષ એ સમજી લેવું કે ઔપપાતિક જન્મવાળા (દેવો અને નારકો) તેમજ અસંખ્ય વર્ષાયુષ્યવાળા (મનુષ્યો અને તિર્યંચો) નિરુપક્રમ જ અનપવર્તનીય આયુષ્યવાળા હોય છે તથા ચરમ શરીરવાળા અને ઉત્તમ પુરુષો (તીર્થંકર, ચક્રવર્તી વગેરે) સોપક્રમ અને નિરુપક્રમ એમ બંને પ્રકારના અનપવર્તનીય આયુષ્યવાળા હોય છે.

## ❊ અનપવર્તનીય સોપક્રમ આયુષ્યની વિચારણા ❊

**શંકા :** એક જ જીવોને એક બાજુ અનપવર્તનીય આયુષ્યવાળા કહેવા અને બીજી બાજુ સોપક્રમ આયુષ્યવાળા કહેવા એ તો વિપ્રતિષેધ્ય (=એકબીજાનો નિષેધ કરનારી એ બે સ્થિતિ) હોવાથી પરસ્પર વિરુદ્ધ છે ?

**સમાધાન :** અધ્યવસાન વગેરે ઉપક્રમના કારણો આ ચરમદેહી અને ઉત્તમ પુરુષોને (પણ) હોય છે, પરંતુ જ્યારે તે કારણ હોય ત્યારે પણ છતાં તેઓનું આયુષ્ય અપવર્તિત થતું નથી કેમકે તેઓ અનપવર્ત્ય આયુષ્યવાળા હોય છે. કહેવાનો ભાવાર્થ એ છે કે - ત્યાં ઉપક્રમોની ઉપસ્થિતિનો નિષેધ કરાતો નથી પરંતુ જ્યારે ઉપક્રમના કારણોનું સન્નિધાન હોય ત્યારે પણ તે આયુષ્ય કર્મ, અતિ ગાઢપણે બંધાયેલું હોવાથી અપવર્તના પામતું નથી.

▲...▲ चिह्नितोऽयं पाठ खं. भां. हस्तादर्शे नास्ति। १. विप्रतिषिद्धम्° - भां.।

**ननु** चौपपातिकासङ्ख्येयवर्षायुषामपि तुल्यमेतत् सन्निधानमिति। **उच्यते** → सत्यम्, नारकादीनामुपक्रमकलापः सन्निहितस्तथापि ते सोपक्रमायुषो न भण्यन्ते कदाचिदप्युपक्रान्तेरदर्शनात्।

**अपरे वर्णयन्ति** → तीर्थकरौपपातिकानां नोपक्रमतो मृत्युः, शेषाणां चरमदेहोत्तमपुरुषासङ्ख्येयवर्षायुषामुभयथा, एवंविधाभ्युपगमे भाष्यमुपरिष्टादगमितं स्यात्, "**औपपातिकाश्चासङ्ख्येयवर्षायुषश्च निरुपक्रमा चरमदेहाः सोपक्रमा निरुपक्रमाश्च**" इति भाष्यमिदमत्यन्तमसङ्गतं स्यात्। कर्मप्रकृतिग्रन्थानुसारिणस्तु वर्णयन्ति →

★ *"अद्धा जोगुक्कस्सा, बंधित्ता भोगभूमिगेसु लहुं।*❖
*सव्वप्पजीवितं वज्जइत्तु उवट्टित्ता दोण्हम्॥"*

(पंचसंग्रहे पंचमबंधविधिद्वारे गाथा - **११६**)



## ❁ ઉપક્રમ છતાં નિરુપક્રમ આયુષ્ય ❁

**પ્રશ્ન :** ઔપપાતિક જન્મવાળા દેવ અને નારકો તેમ જ અસંખ્યાત વર્ષના આયુષ્યવાળાને પણ આ ઉપક્રમનું સન્નિધાન તો તુલ્ય જ છે ને ? (છતાં શા માટે આ જીવોને નિરુપક્રમ જ કહ્યા છે ?)

**ઉત્તર :** એ વાત સત્ય છે કે નારકાદિને ઉપક્રમનો સમૂહ રહેલો છે, તો પણ તેઓ સોપક્રમાયુષ્યવાળા નથી કહેવાયા. એનું કારણ એ છે કે તેઓમાં કયારે પણ ઉપક્રાંતિનાં (= તલવારનાં ઘા વગેરેથી ઘાયલ અવસ્થાના) દર્શન થતાં નથી.

**બીજા કેટલાક** એવું વર્ણન કરે છે કે 'તીર્થંકરો તથા ઔપપાતિક જન્મવાળા દેવો અને નારકોને ઉપક્રમના કારણે મૃત્યુ નથી. શેષ ચરમદેહી, ઉત્તમ પુરુષો (= ચક્રવર્તી વગેરે) અને અસંખ્ય વર્ષના આયુષ્યવાળા તિર્યંચ અને મનુષ્યો (ઉપક્રમ યુક્ત અને ઉપક્રમ વિનાના એમ) ઉભય રીતના આયુષ્યવાળા હોય છે.'

આ રીતે (બીજા કેટલાકનું) સ્વીકારતા તો આગળનું ભાષ્ય અગમિત (= અસંગત) થાય. કહેવાનો આશય એ છે કે 'ઔપપાતિક તથા અસંખ્ય વર્ષાયુષ્યવાળા નિરુપક્રમ અનપવર્તનીય આયુષ્યવાળા હોય છે અને ચરમદેહી સોપક્રમ અને નિરુપક્રમ એમ બે પ્રકારના અનપવર્તનીય આયુષ્યવાળા હોય છે' આ પ્રમાણે આગળ કહેવાતું આ ભાષ્ય અત્યંત અસંગત થઈ જશે.

## ❁ અસંખ્ય વર્ષના અનપવર્તનીય આયુષ્યવાળાની કથંચિત્ અપવર્તના ❁

(**શ્રી શિવશર્મસૂરિ** કૃત) **કમ્મપયડી** ગ્રંથને અનુસરનારા તો આ મુજબ કહે છે કે '*ઉત્કૃષ્ટ*

★अद्धायोगोत्कृष्टात् बद्ध्वा भोगभूमिगेसु लघु। सर्वाल्पजीवितं वर्जयित्वा अपवर्त्य द्वयोः

❖ 'भूमिए सुलहं' એવો પાઠ મુદ્રિતમાં છે અને પંચસંગ્રહની મુદ્રિત પ્રતમાં 'भूमिगेसु लहुं' પાઠ મળેલ છે જે વધારે ઉચિત લાગવાથી તેનું ગ્રહણ કર્યું છે.

• गन्धहस्ति •

उत्कृष्टप्रदेशोदयविचारे सङ्ग्रहिण्यामियं गाथा, अर्थस्त्वस्याः → उत्कृष्टबन्धाद्धायामायुषो योगेनोत्कृष्टेन तिर्यगायुर्मनुष्यायुर्वा बद्ध्वा मृतः सन् भोगभूमिजेषु तिर्यक्षु मनुष्येषु च त्रिपल्योपमस्थितिषूत्पन्नः पश्चादाशु सर्वाल्पजीवितमन्तर्मुहूर्तं विहाय शेषमायुस्त्रिपल्योपमस्थितिकमपवर्तयन्त्यन्तर्मुहूर्तोनमिति। यदा च तदपवर्तितं भवति तदा किलोत्कृष्टः प्रदेशोदयो भवतीति, न च शक्यमनेनाप्यभिप्रायेण भाष्यं गमयितुमतिविरोधात्, तस्मादवस्थितमिदमनपवर्तनीयानि द्विविधानि → **सोपक्रमाणि निरुपक्रमाणि चेति, अपवर्तनीयानि तु नियतं सोपक्रमाणि**। तुशब्दोऽवधारकः। सोपक्रमाण्येवापवर्तनीयान्यायूंषि भवन्ति सर्वदा, यतो न ह्यपवर्तनाध्यवसानादिकं निमित्तमन्तरेणात्मलाभं प्रतिपद्यते। तत्र केऽनपवर्त्यायुषः

• હેમગિરા •

*બંધ કાળમાં ઉત્કૃષ્ટ યોગથી આયુષ્યને બાંધીને ભોગભૂમિમાં શીઘ્ર જ સર્વ અલ્પ આયુષ્યને છોડીને તે બંને (= તિર્યંચ અને મનુષ્યો)ના બાંધેલા આયુષ્યની અપવર્તના થાય છે.'* (પંચસંગ્રહ પાંચમું બંધવિધિદ્વાર - ગાથા - **૧૧૬**) ઉત્કૃષ્ટ પ્રદેશોદયના વિચારમાં સંગ્રહણીમાં આ ગાથા આપેલી છે. આનો ભાવાર્થ આ મુજબ છે →

આયુષ્યનાં ઉત્કૃષ્ટ બંધ કાળને વિશે ઉત્કૃષ્ટ (મન વગેરે) યોગથી તિર્યંચ અથવા મનુષ્ય આયુષ્ય બાંધીને મર્યો છતો ભોગભૂમિઓ (= દેવકુરુક્ષેત્રાદિ)માં ૩ પલ્યોપમની સ્થિતિવાળા તિર્યંચો અને મનુષ્યોમાં ઉત્પન્ન થયેલો જીવ ત્યાર પછી શીઘ્ર અંતર્મુહૂર્ત પ્રમાણ સર્વથી અલ્પ એવી આયુ સ્થિતિને મૂકી શેષ અંતર્મુહૂર્ત ન્યૂન ૩ પલ્યોપમની સ્થિતિવાળા આયુષ્યની અપવર્તના કરે છે અને જ્યારે તે આયુષ્ય અપવર્તના પામેલ હોય છે અર્થાત્ જ્યારે અપવર્તના કાળ હોય છે ત્યારે ખરેખર ઉત્કૃષ્ટ પ્રદેશોદય હોય છે.

## ❊ ભાષ્ય અને કર્મગ્રંથના વિરોધનો સમન્વય ❊

(આ શ્લોકમાં અસંખ્ય વર્ષના આયુષ્યવાળા જીવોની અપવર્તના જણાવી છે.) આ અભિપ્રાય અનુસારે પણ ભાષ્યને સંગત કરવું અશક્ય છે કારણકે બંનેની માન્યતામાં અત્યંત વિરોધ છે. (તે વિરોધનો સમન્વય આ છે કે ભાષ્યકારશ્રીએ અસંખ્ય વર્ષના આયુષ્યવાળાને અનપવર્ત્ય આયુષ્યવાળા કહ્યા છે તે પર્યાપ્તાઓની અપેક્ષાએ, જ્યારે કર્મપ્રકૃતિકારે કંઈક અપવર્તના સ્વીકારી છે અપર્યાપ્તાની અપેક્ષાએ.) તેથી આ વાત નક્કી થઈ કે અનપવર્તનીય આયુષ્ય સોપક્રમ અને નિરુપક્રમ એમ બે પ્રકારે હોય છે.

**अपवर्तनीयानि तु**... ભાષ્યનો 'तु' શબ્દ અવધારણ કરનારો છે, આથી અર્થ આ પ્રમાણે થયો કે અપવર્તનીય આયુષ્યો સર્વદા સોપક્રમ જ હોય છે કારણકે અપવર્તના એ અધ્યવસાન આદિ નિમિત્ત વિના આત્મલાભને (= અસ્તિત્વને) પામતી નથી અર્થાત્ હોતી નથી. ત્યાં (= તે આયુષ્યોમાં) અનપવર્ત્યાયુષ્યવાળા અને અપવર્ત્યાયુષ્યવાળા કોણ છે ? આ પ્રશ્નના ઉત્તરમાં એ બેમાંથી કોઈ

१. 'नाभि' - मु. (खं)।

**सूत्रम् :- *औपपातिक-चरमदेहोत्तमपुरुषासङ्ख्येयवर्षायुषोऽनपवर्त्यायुषः ॥२/५२॥**

**भाष्यम् :- औपपातिकाश्चरमदेहा उत्तमपुरुषा असङ्ख्येयवर्षायुष इत्येत ऽनपवर्त्यायुषो भवन्ति।**

**• गन्धहस्ति •**

के वाऽपवर्त्यायुष इत्यन्यतराख्यानेऽन्यतरपरिज्ञानं भवति लघुत्वाच्चानपवर्त्यायुषः सूत्रेण दर्शयति → (औपपातिक इत्यादि सूत्रम्।) अनपवर्त्यायुषो निर्धार्यन्तेऽमुना योगेन, तच्चावधारणं '**तत्र**' शब्देनाख्याति भाष्यकारः। **औपपातिका** इत्यादि भाष्यम्। उपपातजन्मानो नारक-देवाः, चरमः अन्त्यो देहो येषां ते **चरमदेहाः** = पुनर्देहग्रहणं ये न करिष्यन्ति, **उत्तमपुरुषा**स्तीर्थकर-चक्रवर्ति-बलदेव-वासुदेवादयः[1]। **केचिद**भिदधते → नास्ति सूत्रकारस्योत्तमपुरुषग्रहणमिति तत् कथं तीर्थकरादिसङ्ग्रह इति चेत्, एवं च मन्यन्ते चरमदेहग्रहाद् ग्रहीष्यन्ते, कथम् ? ये किल चरमदेहास्ते नियमत एवोत्तमा भवन्ति, उत्तमास्तु चरमदेहत्वेन भाज्या वासुदेवादय इति, तस्मादनार्षमुत्तमपुरुषग्रहणमिति, उभयथा च भाष्यमुपलक्ष्यते

**સૂત્રાર્થ : ઔપપાતિક, ચરમદેહવાળા, ઉત્તમ પુરુષો તથા અસંખ્ય વર્ષના આયુષ્યવાળા જીવો અનપવર્ત્ય આયુષ્યવાળા હોય છે. ॥૨/૫૨॥**

**ભાષ્યાર્થ : ઔપપાતિક, ચરમદેહવાળા જીવો, ઉત્તમ પુરુષો અને અસંખ્ય વર્ષના આયુષ્યવાળા આ જીવો અનપવર્ત્ય આયુષ્યવાળા હોય છે.**

***• હેમગિરા •***

એકને કહેવામાં અન્યનું પરિજ્ઞાન (= બોધ) થાય છે અને અનપવર્ત્યાયુષ્યવાળા જીવો અલ્પ હોવાથી (**સૂચીકટાહન્યાયથી**) પ્રથમ તે અનપવર્ત્ય આયુષ્યવાળાને **૨/૫૨** સૂત્રથી દેખાડે છે.

## ❋ અનપવર્ત્યાયુના ચોક્કસ પાત્રો ❋

**औपपातिका...** ઇત્યાદિ **૨/૫૨** સૂત્ર છે. એમાં અનપવર્ત્ય આયુષ્યવાળા જીવોનો નિર્ણય / નિર્ધારણ કરાય છે અને તે નિર્ધારણની અવધારણા '**तत्र**' શબ્દથી ભાષ્યકારશ્રી જણાવે છે.

'**औपपातिका**' ઉપપાત જન્મવાળા નારક અને દેવો હોય છે. ચરમ એટલે અંત્ય દેહ છે જેઓનો તે ચરમ દેહવાળા કહેવાય અર્થાત્ જેઓ ફરીથી દેહને ગ્રહણ કરશે નહિ. તથા ઉત્તમ પુરુષો એટલે તીર્થંકર, ચક્રવર્તી, બળદેવ અને વાસુદેવ વગેરે. (આ બધા અનપવર્ત્ય આયુષ્યવાળા હોય છે.)

કોઈક કહે છે કે - સૂત્રકારશ્રીએ પ્રસ્તુત સૂત્રમાં ઉત્તમ પુરુષ પદનું ગ્રહણ નથી કર્યું (પરંતુ પછીથી ઉમેરવામાં આવ્યું છે. આ વિશે એક પ્રશ્ન →)

**પ્રશ્ન :** જો 'ઉત્તમ પુરુષ' પદનું ગ્રહણ સૂત્રકારશ્રીએ ન કર્યું હોય તો (અન્યના મતે સૂત્રમાં) તીર્થંકરાદિનો સંગ્રહ કઈ રીતે થશે ? અને જો તેઓ (અન્ય મતવાળા) આ પ્રમાણે

१. °देवाः - मु. (पा.)। *જુઓ પરિશિષ્ટ-૬ ટીપ્પણી-૩૨

**भाष्यम् :- तत्र औपपातिका नारक-देवाश्चेत्युक्तम् (अ. २, सू. ३५)। चरमदेहा मनुष्या एव भवन्ति, नान्ये। चरमदेहा = अन्त्यदेहा इत्यर्थः। ये तेनैव शरीरेण सिद्ध्यन्ति। उत्तमपुरुषास्तीर्थंकर-चक्रवर्त्यर्धचक्रवर्तिनः।**

● गन्धहस्ति ●

अविगानात्, आदावुत्तमपुरुषास्तीर्थकरादय इति विवृत्तमुत्तरकालं पुनर्नोपात्तमुत्तमपुरुषग्रहणं निरुपक्रम-सोपक्रमनिरूपणायाम्, अतो भाष्यादेव सन्देहः, किमस्ति नास्तीति संशयात्तमेवेदमस्माकम्।

असङ्ख्येयवर्षाणि गणितविषयातीतान्यायुंषि येषां तेऽ**सङ्ख्येयवर्षायुषो**ऽकर्मभूम्यन्तरद्वीपका मनुष्याः भरतैरावत-विदेहेषु च तत्तुल्यकालाः पञ्चेन्द्रियतिर्यग्योनयश्च तदन्यक्षेत्रद्वीप-समुद्रेषु, एवमेतेऽ**न-**

**ભાષ્યાર્થ : ત્યાં નારક અને દેવો ઔપપાતિક છે એમ (આ ૨/૩૫માં) કહેવાયું છે. ચરમદેહી જીવો મનુષ્યો જ હોય છે અન્ય (કોઈ ગતિવાળા) નહિ. ચરમદેહવાળા એટલે અંત્ય દેહવાળા અર્થાત્ જે જીવો તે જ શરીરથી સિદ્ધ થાય છે. ઉત્તમ પુરુષ રૂપે તીર્થંકરો, ચક્રવર્તીઓ, અર્ધચક્રવર્તીઓ જાણવા.**

● *હેમગિરા* ●

વિચારે કે 'ચરમદેહ' પદના ગ્રહણથી જ તીર્થંકરાદિનું ગ્રહણ થઈ જશે તો એ પણ કઈ રીતે ?

**ઉત્તર :** જેઓ ખરેખર ચરમ દેહવાળા છે તેઓ નિયમથી જ ઉત્તમ હોય છે. જેઓ ઉત્તમ છે તેઓ ચરમદેહી હોય જ એવો નિયમ નથી અર્થાત્ ભજના છે. (જેમકે વાસુદેવ વગેરે ઉત્તમ પુરુષ હોવા છતાં ચરમદેહી નથી.) તેથી 'ઉત્તમ પુરુષ' પદનું ગ્રહણ એ આર્ષ (= **પૂર્વધર શ્રી ઉમાસ્વાતિજી** કૃત) નથી અર્થાત્ અનાર્ષ છે. (આવો કેટલાકનો મત છે.)

હવે અહીં ટીકાકારશ્રી પોતાની વિચારણા જણાવતાં કહે છે કે - ભાષ્ય તો બંને રીતે અવિવાદપણે દેખાય છે. શરૂઆતમાં તીર્થંકર વગેરે ઉત્તમ પુરુષો છે, એમ વિવરણ કર્યું છે એના પછી નિરુપક્રમ અને સોપક્રમ (અનપવર્ત્ય) આયુષ્યની નિરૂપણામાં ઉત્તમ પુરુષોનું ગ્રહણ કરાયું નથી. આથી ભાષ્ય થકી (= ભાષ્યમાં એક ઠેકાણે થયેલ ઉલ્લેખ અને અન્ય ઠેકાણે થયેલ અનુલ્લેખનાં કારણે) જ સંદેહ થાય છે કે- શું આ સૂત્રમાં '**उत्तमपुरुष**' પદનું ગ્રહણ હશે કે નહિ ? આમ આ (**उत्तमपुरुष**) પદ અમને (= ટીકાકારશ્રીને) સંશયાપન્ન જ છે. અર્થાત્ અમે હજુ ચોક્કસ નિશ્ચય નથી કરી શક્યા કે સૂત્રમાં '**उत्तमपुरुष**' પદ છે કે નહિ. (હવે આગળના ભાષ્યના અર્થને કહે છે →) ગણિતનાં વિષયથી અતીત એવા અસંખ્યેય વર્ષોનું આયુષ્ય છે જેઓનું તે અસંખ્ય વર્ષના આયુષ્યવાળા કહેવાય છે. **૩૦** અકર્મભૂમિ અને **૫૬** અંતરદ્વીપના માનવો તેમજ ભરત, ઐરાવત અને મહાવિદેહમાં રહેલા તેના તુલ્ય કાળવાળા (સુષમ આદિ આરાવાળા)માનવો તેમજ (**तद्** =) અકર્મભૂમિ, અંતર્દ્વીપ, કર્મભૂમિ અર્થાત્ અઢીદ્વીપ, તથા

❖જુઓ પરિશિષ્ટ-૬ ટીપ્પણ-૩૩

**पवर्त्यायुषो** द्रष्टव्याः। एतदेव स्पष्टयति भाष्यकारः → **औपपातिका नारका देवाश्चेत्युक्तमिति** स्मारयति प्रागभिहितं (अ. २, सू. ३५), नाधुना व्याख्येयमिति। चरमशरीरास्तु **मनुष्या एव भवन्ति, नान्ये**। नारक-तिर्यग्-देवव्युदासः सिद्ध्ययोग्यत्वात्। चरमदेहान् प्रसिद्धतरपर्यायशब्देन कथयति → **चरमदेहा = अन्त्यदेहा इत्यर्थः**।

**ये तेनैव शरीरेण** सकलकर्मजालमपहाय सिद्धिमशेषकर्मापगमलक्षणामाप्नुवन्ति इति। **उत्तमपुरुषास्तीर्थकर-चक्रवर्त्यर्धचक्रवर्तिनः** तीर्थकरनामकर्मोदयवर्तिनस्तीर्थकराः, चक्रवर्तिनोऽपि नवनिधिपतयश्चतुर्दशानां रत्नानां नेतारः स्वपौरुषोपात्तमहाभोगभुजः सकलभरताधिपा भवन्ति, अर्ध-चक्रवर्तिनस्तु [1]बलदेव-वासुदेवाः एवमादयश्चान्येऽपि किल प्रदर्शनाद् गणधरादयो गृह्यन्ते।



અન્ય (= અઢીદ્વીપની બહારના) દ્વીપ સ્વરૂપ ક્ષેત્રો અને સમુદ્રોમાં રહેલા તિર્યંચો અસંખ્યેય વર્ષના આયુષ્યવાળા જાણવા. આ પ્રમાણે આ (અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા, ઔપપાતિક, ચરમદેહી અને ઉત્તમ પુરુષો) અનપવર્તનીય આયુષ્યવાળા જાણવા. આ વાતને જ ભાષ્યકારશ્રી સ્પષ્ટ કરે છે →

'**औपपातिका ...**' નારકો અને દેવો ઔપપાતિક છે એમ પૂર્વે (૨/૩૫ સૂત્રમાં) કહેવાયેલું હતું.' આથી અત્યારે વ્યાખ્યા કરવાની જરૂર નથી આમ ભાષ્યકારશ્રી પૂર્વે કહેવાયેલાનું સ્મરણ કરાવે છે. ચરમશરીરી તો મનુષ્ય જ હોય, અન્ય કોઈ નહિ. નારક, તિર્યંચ અને દેવોનો ચરમશરીરી તરીકે નિષેધ કરાયો છે કારણકે તેઓ સિદ્ધિગતિને અયોગ્ય છે. ભાષ્યકારશ્રી '**ચરમદેહ**'વાળા જીવોને વધુ પ્રસિદ્ધ પર્યાયવાચી શબ્દથી કહે છે →

'**चरमदेहा ...**' ચરમદેહવાળા એટલે અંત્ય દેહવાળા અર્થાત્ જેઓ તે જ શરીર વડે સકળ કર્મજાળનું છેદન/ભેદન કરી સમસ્ત કર્મનાં વિનાશ રૂપ સિદ્ધગતિને પામે છે (તે ચરમદેહી કહેવાય છે).

## ❁ ભાષ્યના 'औपपातिकं' પદની સાર્થકતા ❁

ઉત્તમ પુરુષો રૂપે તીર્થંકરો, ચક્રવર્તીઓ, અર્ધચક્રવર્તીઓ (= વાસુદેવો, બળદેવો) જાણવા તીર્થંકર નામ કર્મનાં વિપાકોદયવાળા તીર્થંકરો હોય છે. ૯ નિધિના અધિપતિ, **૧૪** રત્નોના સ્વામી, પોતાનાં સામર્થ્યથી ઉપાર્જિત મહાભોગને ભોગવનારા તથા સકલ ભરત (= ષટ્ખંડ)ના માલિક ચક્રવર્તીઓ હોય છે, વળી બળદેવો અને વાસુદેવો (તથા પાઠાંતર મુજબ પ્રતિવાસુદેવો) અર્ધચક્રવર્તી હોય છે. અહીં તીર્થંકર વગેરેના દૃષ્ટાન્ત થકી આવા પ્રકારના બીજા ગણધર વગેરે પણ ઉત્તમ પુરુષ તરીકે ગ્રહણ કરવા.

१. °देवप्रतिवासुदेवाः क-ख।

**भाष्यम् :- असङ्ख्येयवर्षायुषो मनुष्यास्तिर्यग्योनिजाश्च भवन्ति। सदेवकुरूत्तरकुरुषु सान्तरद्वीपकास्वकर्मभूमिषु कर्मभूमिषु च सुषमसुषमायां सुषमायां सुषमदुष्षमायामित्यसङ्ख्येय-वर्षायुषो मनुष्या भवन्ति।**

**गन्धहस्ति**

**असङ्ख्येयवर्षायुषो मनुष्यास्तिर्यग्योनिजा भवन्तीत्यादि** भाष्यम्। एतेष्वेवासङ्ख्येयवर्ष-जीवित्वं लभ्यते, न नारक-देवेषु, सम्भवन्त्यपि तत्रासङ्ख्येयानि-वर्षाण्यौपपातिकग्रहणान्निवार्यन्त इति, मनुष्याणां तिरश्चां च मध्ये सम्भवन्त्यसङ्ख्येयवर्षायुषस्तेऽनपवर्त्यायुषः। ते च →

मन्दर-नीलयोरुत्तर-दक्षिणा गन्धमादन-माल्यवतोर्मध्य उत्तराः कुरवः एकादशयोजनसहस्र-द्विचत्वारिंशाष्टशतसद्विकलविस्तृताः। मन्दर-निषधयोर्दक्षिणोत्तराः सौमनस-विद्युत्प्रभयोर्मध्ये देवकुर-वस्तावत्प्रमाणाः, सह देवकुरुभिरुत्तरकुरवः सदेवकुरूत्तरकुरवस्तत्र **सदेवकुरूत्तरकुरूषु** जम्बूद्वीप-धातकी-

**ભાષ્યાર્થ : અસંખ્ય વર્ષના આયુષ્યવાળા મનુષ્યો અને તિર્યંચો હોય છે. દેવકુરુ સહિતના ઉત્તરકુરુઓમાં, અંતરદ્વીપના માનવો સહિતની અકર્મભૂમિઓમાં, તેમજ કર્મભૂમિઓમાં સુષમસુષમા નામના પ્રથમ આરામાં, સુષમા નામના બીજા આરામાં અને સુષમાદુષમા નામના ત્રીજા આરામાં અસંખ્ય વર્ષનાં આયુષ્યવાળા મનુષ્યો હોય છે.**

*હેમગિરા*

'**असङ्ख्येयवर्षायुषो** .....' અસંખ્ય વર્ષના આયુષ્યવાળા મનુષ્યો અને તિર્યંચો હોય છે અર્થાત્ તેમાં જ અસંખ્ય વર્ષનું જીવિત (અનપવર્ત્ય આયુષ્યના હેતુ તરીકે) મેળવાય છે, નારક અને દેવોમાં નહિ, કેમકે ત્યાં સંભવતાં પણ અસંખ્ય વર્ષો ઔપપાતિક શબ્દના ગ્રહણથી નિવારણ કરાય છે. (નારક અને દેવોમાં અનપવર્ત્ય આયુષ્યના હેતુ તરીકે ઔપપાતિકનું ગ્રહણ કરેલું છે. આથી અસંખ્યાત વર્ષનું આયુષ્ય તેઓ વિશે અનપવર્ત્ય આયુષ્યના હેતુ તરીકે નિવારણ કરાય છે.) આથી મનુષ્યો અને તિર્યંચોની મધ્યમાં જેઓ અસંખ્યેય વર્ષના આયુષ્યવાળા છે તેઓ અનપવર્ત્ય આયુષ્યવાળા જાણવા અને તેઓ ક્યાં અને ક્યારે હોય છે ? તેને દેખાડે છે. (અહીંથી માંડી પાન. નં. **૨૯૮**માં 'અનપવર્ત્યાયુવાળા જાણવા' ત્યાં સુધી આ વિષય ચાલશે.) મંદર (= મેરુપર્વત) અને નીલ વર્ષધર-પર્વતની યથાક્રમે ઉત્તર અને દક્ષિણમાં રહેલા તેમજ ગંધમાદન અને માલ્યવંત નામના (ગજદંત) પર્વતની વચ્ચે રહેલા ઉત્તરકુરુઓ **૧૧,૮૪૨** યોજન અને **૨** કળાના વિસ્તારવાળા છે. (પાંચ ઉત્તરકુરુ ક્ષેત્રો છે માટે બહુવચન છે). મેરુપર્વત અને નિષધવર્ષધર પર્વતની ક્રમશઃ દક્ષિણ અને ઉત્તર દિશામાં રહેલા તેમજ સૌમનસ અને વિદ્યુત્પ્રભ નામના ગજદંત પર્વતની મધ્યમાં રહેલા દેવકુરુ ક્ષેત્રો તેટલા (= **૧૧,૮૪૨** યોજન અને **૨** કળા) પ્રમાણ વિસ્તારવાળા છે. (આ પણ ઉત્તરકુરુની જેમ પાંચ છે. '**सदेवकुरूत्तरकुरुषु**' પદના સમાસનો વિગ્રહ ટીકામાં આપેલ છે, એમાંથી જ જોઈ લેવો. જંબુદ્વીપમાં **૧-૧**, ધાતકીખંડમાં

खण्ड-पुष्करद्वीपार्धवृत्तिषु, तथा हिमवतः (शिखरिणश्च) प्राक् पश्चाद् विदिक्षु त्र्यादिषु नवान्तेषु योजनशतेषूदधाववगाह्य तावद्विस्तरायामाः सप्त-सप्तान्तरद्वीपाश्चतुश्चतुः प्रागुत्तरक्रमादेकोरुकादयस्तानन्तरद्वीपान् कायन्तीत्यन्तरद्वीपका मनुष्याः सहान्तरद्वीपकैः **सान्तरद्वीपकाः**, कर्मणो भूमयः यत्र जाताः प्राणिनः सकलं कर्म क्षपयित्वा सिद्ध्यन्ति तीर्थकराद्युपदेशात् ताः कर्मभूमयो भरतैरावत-विदेहक्षेत्राणि पञ्चदश प्रत्येकं पञ्चभेदत्वात्। न कर्मभूमयोऽकर्मभूमयः तासु **अकर्मभूमिषु** = हैमवत-हरिवर्ष-रम्यक-हैरण्यवताख्यासु जम्बूद्वीप-धातकीखण्ड-पुष्करद्वीपार्धवर्तिनीषु तथोक्तलक्षणासु **कर्मभूमिषु** च ये **मनुष्याः** प्रथम-द्वितीय-तृतीयसमासु यदा **भवन्त्यसङ्ख्येयवर्षायुष**स्तदा तेऽनपवर्त्यायुषो मन्तव्याः दृढबद्धत्वादग्न्यादिभिः [१]काह्वदुकापरान्नानुपक्रमवत्।

● *હેમગિરા* ●

૨-૨ અને અર્ધપુષ્કરદ્વીપમાં ૨-૨ રહેલા દેવકુરુ સહિતના ઉત્તરકુરુઓમાં (અસંખ્ય વર્ષના આયુષ્યવાળા મનુષ્યો અને તિર્યંચો હોય છે) તેમજ હિમવંત નામના વર્ષધર પર્વતની (તથા શિખરી નામના વર્ષધર પર્વતની) પૂર્વ અને પશ્ચિમ ભાગમાં સમુદ્રને વિશે પૂર્વોત્તર (= ઇશાન) વગેરે ૪-૪ ખુણાના ક્રમ થકી વિદિશામાં ૩૦૦ યોજનથી માંડી ૯૦૦ યોજન સુધીના વિસ્તારમાં અવગાહીને તેટલા (= ૩૦૦થી માંડી ૯૦૦ યોજન સુધીના) જ વિસ્તાર અને લંબાઈવાળા **એકોરુક** વગેરે નામવાળા ૭-૭ અંતર્દ્વીપો છે. (કુલ મળીને ૮x૭=૫૬ થશે. આનો વિસ્તાર સૂત્ર ૩/૧૫માં છે ત્યાંથી જોઈ લેવો.)

'**अन्तरद्वीपान् कायन्ति इति अन्तरद्वीपिकाः** .....' તે અંતરદ્વીપોમાં જેઓ વસે છે તે અંતરદ્વીપક મનુષ્યો કહેવાય. આ અંતરદ્વીપક મનુષ્યો સહિત જેઓ હોય તેઓ '**સાન્તરદ્વીપકા**' કહેવાય. ('**સાન્તરદ્વીપકા**' પદ એ અકર્મભૂમિઓનું વિશેષણ છે. એટલે અન્વય અર્થ આ પ્રમાણે થશે કે અન્તરદ્વીપમાં વસનારા એવા અંતરદ્વીપક મનુષ્યો સહિતની એવી અકર્મભૂમિઓમાં અસંખ્ય વર્ષના આયુષ્યવાળા મનુષ્યો અને તિર્યંચો હોય છે.) કર્મ (ક્ષય માટે)ની ભૂમિઓ અર્થાત્ જ્યાં ઉત્પન્ન થયેલા પ્રાણીઓ તીર્થંકરાદિના ઉપદેશથી (સાધના દ્વારા) સકળ કર્મનો ક્ષય કરીને સિદ્ધિગતિને વરે છે તે કર્મભૂમિઓ. ભરતક્ષેત્ર, ઐરાવતક્ષેત્ર અને મહાવિદેહક્ષેત્ર રૂપ તે કર્મભૂમિઓ **૧૫** છે, કેમકે આ ભરત આદિ પ્રત્યેકના **૫-૫** ભેદ છે.

જે કર્મભૂમિઓ નથી તે અકર્મભૂમિઓ કહેવાય છે. જંબુદ્વીપ, ધાતકીખંડ તથા અર્ધપુષ્કરદ્વીપમાં રહેલા હિમવંત, હરિવર્ષ, રમ્યક્ અને હૈરણ્યવતક્ષેત્રના નામવાળી તે અકર્મભૂમિઓને વિશે અને તે રીતના કહેવાયેલા સ્વરૂપવાળી કર્મભૂમિઓમાં જે મનુષ્યો ૧લા, ૨જા અને ૩જા આરામાં જ્યારે અસંખ્ય વર્ષનાં આયુષ્યવાળા હોય છે ત્યારે તેઓ અનપવર્ત્ય આયુષ્યવાળા જાણવા. જેમ કોરડુ મગ અત્યંત દૃઢ બાંધાવાળું હોવાથી અગ્નિ આદિ ઉપક્રમોથી સીઝાતું નથી. તેમ

१. कंकटुकापरान्तानुपक्रमवत् - भां.।

**भाष्यम् :- अत्रैव बाह्येषु द्वीपेषु समुद्रेषु तिर्यग्योनिजा असङ्ख्येयवर्षायुषो भवन्ति। औपपातिकाश्चासङ्ख्येयवर्षायुषश्च निरुपक्रमाः। चरमदेहाः सोपक्रमा निरुपक्रमाश्चेति।**

• गन्धहस्ति •

**अत्रैव बाह्येष्वित्यादि** (भाष्यम्)। **सदेवकुरूत्तरकुरुष्वित्यादि** समस्तमुपलक्षयत्यत्रैवेति। तथा **बाह्येषु** = मनुष्यक्षेत्राद् बहिर्ये वर्तन्ते द्वीपाः समुद्राश्च तेषु **तिर्यग्योनिजा असङ्ख्येयवर्षायुषो भवन्ति,** मनुष्यक्षेत्रे च बहिश्चेत्यसङ्ख्येयवर्षायुषां तिरश्चां सम्भवः। तत्र प्रागुक्तमनपवर्तनीयानि द्विविधानि भवन्तीति तद् दर्शयत्यधुना भाष्येण → **औपपातिकाश्चासङ्ख्येयवर्षायुषश्च निरुपक्रमाः**, न ह्येषां प्राणा-पानाहारनिरोधाध्यवसान-निमित्त-वेदना-पराघात-स्पर्शाख्याः सप्त वेदनाविशेषाः सन्त्यायुषो भेदकाः उपक्रमा इति, अतो निरुपक्रमा एव। **चरमदेहाः** पुनः **सोपक्रमा निरुपक्रमाश्चेति**। अत्रोत्तमपुरुषा

**ભાષ્યાર્થ : અહીં જ તથા અઢીદ્વીપથી બહારના દ્વીપોમાં અને સમુદ્રોમાં અસંખ્ય વર્ષનાં આયુષ્યવાળા તિર્યંચો હોય છે. વળી ઔપપાતિક જીવો અને અસંખ્ય વર્ષાયુષ્યવાળા જીવો નિરુપક્રમ આયુષ્યવાળા હોય છે. ચરમ દેહવાળા જીવો સોપક્રમ અને નિરુપક્રમ આયુષ્યવાળા હોય છે.**

• *હેમગિરા* •

અસંખ્ય વર્ષના આયુષ્યવાળા જીવોને વિશે સમજવું અર્થાત્ ઉપક્રમ ન થાય.

'**अत्रैव** .....' → '**अत्रैव**' એવું પદ '**सदेवकुरूत्तरकुरु**' ઇત્યાદિ સમસ્ત ભાષ્યનું ઉપલક્ષણ કરે છે. (અર્થાત્ '**अत्रैव**' = 'અહીં જ', આવું કહેવા દ્વારા ઉપલક્ષણથી દેવકુરુ, ઉત્તરકુરુ સહિતની **૩૦** અકર્મભૂમિ, **૧૫** કર્મભૂમિ અને **૫૬** અંતરદ્વીપનું ગ્રહણ કર્યું છે.) તેમજ બાહ્ય એટલે મનુષ્યક્ષેત્રની બહાર જે દ્વીપો અને સમુદ્રો રહેલા છે તેઓમાં પણ તિર્યંચયોનિજ જીવો અસંખ્ય વર્ષના આયુષ્યવાળા હોય છે અર્થાત્ મનુષ્યક્ષેત્રમાં અને મનુષ્યક્ષેત્રની બહાર આ પ્રમાણે અસંખ્ય વર્ષના આયુષ્યવાળા તિર્યંચોનો સંભવ/ઉત્પત્તિ છે.

ત્યાં (= આયુષ્યના પ્રસ્તાવમાં) બે પ્રકારે અનપવર્તનીય આયુષ્ય હોય છે, એવું જે પૂર્વે કહેવાયું હતું તેને અત્યારે '**औपपातिकाश्च**' ઇત્યાદિ ભાષ્યથી દેખાડે છે. તે આ મુજબ કે ઔપપાતિકો (= નારક, દેવો) અને અસંખ્ય વર્ષના આયુષ્યવાળા (મનુષ્ય, તિર્યંચો) જીવો નિરુપક્રમ (અનપવર્તનીય) આયુષ્યવાળા હોય છે કેમકે તેમને આયુષ્યના ભેદક એવા (૧) શ્વાસોશ્વાસ નિરોધ (૨) આહાર નિરોધ (૩) અધ્યવસાન (૪) નિમિત્ત (૫) વેદના (૬) પરાઘાત (૭) સ્પર્શ નામની ૭ વિશિષ્ટ વેદના સ્વરૂપ ઉપક્રમો હોતા નથી.

આથી તેઓ નિરુપક્રમ જ (અનપવર્તનીય આયુષ્યવાળા) હોય છે. ચરમદેહવાળા તો સોપક્રમ અને નિરુપક્રમ એમ બંને પ્રકારના (અનપવર્તનીય) આયુષ્યવાળા હોય છે. અહીં ભાષ્યમાં ઉત્તમ પુરુષો કહેવાયા નથી. અર્થાત્ ઉત્તમ પુરુષોને કેવા પ્રકારનું અનપવર્તનીય આયુષ્ય હોય

**भाष्यम् :- एभ्य औपपातिक-चरमदेहासङ्ख्येयवर्षायुर्भ्यः शेषा मनुष्यास्तिर्यग्योनिजाः *सोपक्रमा निरुपक्रमाश्चापवर्त्यायुषोऽनपवर्त्यायुषश्च भवन्ति।**

● गन्धहस्ति ●

नोक्ताः, एतानि प्राणापाननिरोधादीनि किल चरमदेहेषु सम्भवन्त्येव नोच्छिन्दन्तीति सोपक्रमा भण्यन्ते, केचित् तत्र निरुपक्रमा येष्वेतानि न सम्भवन्तीत्यपीति।

इदानीं सामर्थ्यलब्धमर्थं दर्शयति → **एभ्य** इत्यादि। उक्तलक्षणेभ्यः **औपपातिकादिभ्यो** व्यतिरिच्यमानाः **शेषाः**। ते च नियमतो **मनुष्याः तिर्यञ्चो वा** आयुरुभयथा भजन्ते, प्राणापाननिरोधादि-कारणकलापोपक्रम्यत्वात् **सोपक्रमायुषः** केचित्, केचित् तु न तैरुपक्रम्यन्त इति **निरुपक्रमायुषः**।

**ભાષ્યાર્થ : આ ઔપપાતિક, ચરમશરીરી અને અસંખ્ય વર્ષનાં આયુષ્યવાળા મનુષ્યો અને તિર્યંચો સિવાયનાં શેષ મનુષ્યો અને તિર્યંચો સોપક્રમ અને નિરુપક્રમ તથા અપવર્તનીય અને અનપવર્તનીય આયુષ્યવાળા હોય છે. અર્થાત્ અપવર્ત્ય આયુષ્યવાળા સોપક્રમ અને અનપવર્ત્ય આયુષ્યવાળા નિરુપક્રમ હોય છે.**

● *હેમગિરા* ●

છે તે વાત નથી કહી. માત્ર ચરમદેહવાળાઓની વાત કરી છે. આ પ્રાણાપાનનાં નિરોધ વગેરે ઉપક્રમો ચરમ દેહવાળા જીવોમાં (જે સોપક્રમ છે તેઓને) સંભવે જ છે પણ તે ઉપક્રમો તેમના પ્રાણોનો ઉચ્છેદ કરતાં નથી, આથી તે ચરમદેહવાળા જીવો સોપક્રમ (એવા અનપવર્તનીય) આયુષ્યવાળા કહેવાય છે. ત્યાં (= ચરમદેહવાળા જીવોમાં) એવા કોઈક નિરુપક્રમ (એવા અનપવર્તનીય) આયુષ્યવાળા જીવો છે કે - જેઓમાં આ ઉપક્રમો નથી પણ સંભવતા.

સામર્થ્યથી લબ્ધ એવા અર્થને ભાષ્યકારશ્રી દેખાડે છે → '**एभ्य**'... કહેવાયેલા સ્વરૂપવાળા ઔપપાતિક આદિ જીવોથી જે વ્યતિરિક્ત (= ભિન્ન) જીવો છે તે શેષ જીવ સ્વરૂપે જાણવા (ઔપપાતિકથી સર્વ દેવો, નરક આવી ગયા અને ચરમદેહ, અસંખ્ય વર્ષથી કેટલાક માનવ, તિર્યંચો આવી ગયા એટલે હવે આ સિવાયના શેષ તરીકે અચરમદેહવાળા એવા સંખ્યેય વર્ષના આયુષ્યવાળા એવા તિર્યંચ, મનુષ્યો આવશે.) અને તે (શેષ) મનુષ્ય અને તિર્યંચો નિયમા બંને પ્રકારના આયુષ્યવાળા હોય છે. અર્થાત્ શ્વાસોશ્વાસ નિરોધ વગેરે કારણ - સમૂહથી ઉપક્રમ હોવાથી કોઈક સોપક્રમ (અપવર્તનીય) આયુષ્યવાળા હોય છે તો વળી કોઈક તેઓથી (= કારણોથી) ઉપક્રમ પામતા નથી આથી નિરુપક્રમ (અનપવર્તનીય) આયુષ્યવાળા હોય છે. 'અપવર્તનીય આયુષ્યવાળા તો નિયમા સોપક્રમ (આયુષ્યવાળા) હોય છે' એવું જે પૂર્વે કહેવાયું હતું તેને વિશેષથી દેખાડવાની ઇચ્છાથી '**अपवर्त्यायुषो**'..... (ઔપપાતિક સિવાયના) શેષ મનુષ્યો અને તિર્યંચો અપવર્તનીય આયુષ્યવાળા અને અનપવર્તનીય આયુષ્યવાળા હોય છે. ત્યાં (= બે પ્રકારના આયુષ્યમાં) જેઓ અપવર્તનીય આયુષ્યવાળા છે તેઓ નિયમા સોપક્રમ આયુષ્યવાળા છે અને

*જુઓ પરિશિષ્ટ-૬ ટીપ્પણી-૩૪

**भाष्यम् :- तत्र येऽपवर्त्यायुषस्तेषां विष-शस्त्र-कण्टकाग्न्युदकाह्यशिताजीर्णाशनि-प्रपातोद्बन्धन-श्वापदवज्रनिर्घातादिभिः क्षुत्पिपासा-शीतोष्णादिभिश्च द्वन्द्वोपक्रमैरायुरपवर्त्यते।**

• गन्धहस्ति •

यदुक्तं प्राग् '**अपवर्तनीययानि तु नियतं सोपक्रमाणी**'ति तद्विशेषदिदर्शयिषया आह- **अपवर्त्यायुषोऽनपवर्त्यायुषश्च** शेषाः। तत्र येऽपवर्त्यायुषस्ते नियतं सोपक्रमाः। ये पुनरनपवर्त्यायुषस्ते शेषाश्चेति निरुपक्रमायुष एव। एतदेव भाष्यकारः स्पष्टयन् विभजते → **तत्र येऽपवर्त्यायुषस्तेषामि**त्यादिना (भाष्येण)। तेषु मनुष्येषु तिर्यक्षु च **येषामपवर्तनीयमायुस्तेषामपवर्त्यते**। अमी **विषादयो** हेतवः सुज्ञानत्वाच्च न विवृताः। आदिशब्दाच्च पूर्वोक्ताः प्राणापाननिरोधादयः कांश्चिदपहाय ग्राह्याः। एभिर्हेतुभिरायुरपवर्तते स्वल्पीभवतीतियावत्, द्वन्द्व= उपघात आयुषस्तस्योपक्रमैः, तत्प्रत्यासन्नीकरणैरित्यर्थः।

किं पुनरपवर्तनमुच्यत इत्याह → **अपवर्तनं शीघ्रमन्तर्मुहूर्तात् कर्मफलोपभोगः**, न खलु कर्मनाशोऽपवर्तनं, किन्तु शीघ्रं यः सकलायुष्कर्मफलोपभोगस्तदपवर्तनम्, अनेनैतत् कथयति [2]तावदपवर्तते तदायुर्यावदन्तर्मुहूर्तस्थितिजातं, ततः [3]परं निवर्तते तादृग्विधाध्यवसानाद्यभावात्। अत्र चापवर्तन-

**ભાષ્યાર્થ : ત્યાં જેઓ અપવર્ત્ય આયુષ્યવાળા હોય છે તેઓના આયુષ્યની વિષ, શસ્ત્ર, કંટક, અગ્નિ, પાણી, સર્પ, ખાધેલાનું અજીર્ણ, વીજળી, ઉપરથી પડવું, ગળે ફાંસો ખાવો, શિકારી પશુ, વજ્ર, આંધી / ભૂકંપ આદિ તથા ભૂખ, તરસ, ઠંડી, ગરમી, આદિ ઉપઘાતના કારણો વડે અપવર્તના કરાય છે.**

• *હેમગિરા* •

શેષ (= અપવર્તનીય આયુષ્યવાળા મનુષ્ય અને તિર્યંચોથી શેષ) એવા જેઓ અનપવર્તનીય આયુષ્યવાળા (મનુષ્યો અને તિર્યંચો) છે તેઓ નિરુપક્રમ આયુષ્યવાળા જ છે.

આ વાતને જ સ્પષ્ટ કરતાં ભાષ્યકારશ્રી '**तत्र ये** .....' ઇત્યાદિ ભાષ્યથી (આયુષ્યવાનના) વિભાગ કરે છે. તે મનુષ્ય અને તિર્યંચોમાં જેઓનું અપવર્તનીય આયુષ્ય છે તેઓના આયુષ્યની અપવર્તના થાય છે. આ વિષ વગેરે અપવર્તનાના હેતુઓ સુગમ હોવાથી (અહીં ટીકામાં) વિવરણ કરાયા નથી '**निर्घातादि**' પદના '**आदि**' શબ્દથી પૂર્વમાં કહેવાયેલા જે પ્રાણનિરોધ આદિ છે, તેઓમાંથી કેટલાકને છોડીને બીજા શેષ ગ્રહણ કરવા. દ્વન્દ્વ એટલે આયુષ્યનો ઉપઘાત, તેના ઉપક્રમ સ્વરૂપ આ વિષાદિ હેતુઓથી અર્થાત્ તેને (= ઉપઘાતને) સમીપમાં કરનારા આ વિષાદિ હેતુઓથી આયુષ્ય અપવર્તન પામે છે અર્થાત્ અત્યંત અલ્પ થાય છે.

હવે અપવર્તન કોને કહેવાય ? એના ઉત્તર માટે કહે છે → '**अपवर्तनं** .....' અંતર્મુહૂર્તની સ્થિતિ શેષ રહે ત્યાં સુધી કર્મના ફળનો શીઘ્ર ઉપભોગ તે અપવર્તન છે. ખરેખર કર્મનો નાશ તે અપવર્તન નથી, કિંતુ શીઘ્ર સકલ આયુષ્ય કર્મના ફળનો જે ઉપભોગ છે તે અપવર્તન છે. આવું

१. °युष्ककर्म° - भां। २. तदपव° - क.पा.। ३. परं न निवर्त° - खं।

**भाष्यम् :- अपवर्तनं शीघ्रमन्तर्मुहूर्तात् कर्मफलोपभोगः, उपक्रमोऽपवर्तननिमित्तम्। अत्राह → यद्यपवर्तते कर्म तस्मात् कृतनाशः प्रसज्यते यस्मान्न वेद्यते।**

गन्धहस्ति

फले कर्मफलोपभोगेऽपवर्तनशब्दः प्रयुक्तो भाष्यकारेण। **उपक्रमोऽपवर्तननिमित्तमिति** पर्यायाख्यानमात्रमेतत्, अल्पतापत्तिकारणानामुपक्रमः, अपवर्तनमपि दीर्घकालस्थितितः कर्मणो ह्रस्वस्थितिकरणं, निमित्तं विष-शस्त्राद्यल्पताहेतुः, एवमिदमपवर्तनमिहायुरङ्गीकृत्याभिहितमन्यासामपि तु प्रकृतीनामनिकाचितावस्थानां प्रायोऽवसेयम्। तपोऽनुष्ठानात् पुनर्निकाचिता अप्यपवर्त्यन्त इति पारमर्षी श्रुतिः॥

अथेदानीं कर्मविनाशलक्षणमपवर्तनशब्दार्थमङ्गीकृत्य नोदयति → अत्राहेत्यादिना भाष्येण।

अत्रावसरे पर **आह → यद्यपवर्तते** = अपैति = विनश्यति फलमदत्त्वाऽऽयुष्क**कर्म तस्मात्**

**ભાષ્યાર્થ : અપવર્તના એટલે જલ્દીથી અંતર્મુહૂર્તની સ્થિતિ સુધીના કર્મના ફળનો ઉપભોગ. ઉપક્રમ એટલે અપવર્તનાનું નિમિત્ત.**

*હેમગિરા*

કહેવા દ્વારા એ સૂચિત કરે છે કે ત્યાં સુધી તે આયુષ્ય કર્મ અપવર્તના પામે છે કે જ્યાં સુધી અંતર્મુહૂર્તની સ્થિતિવાળું તે આયુષ્ય કર્મ બાકી રહે, ત્યાર પછી તે અપવર્તના અટકી જાય છે કેમકે (ત્યાર પછી) તેવા પ્રકારના (અપવર્તનાને યોગ્ય) અધ્યવસાનાદિ (અપવર્તનાના નિમિત્તો)નો અભાવ હોય છે અને અહીં ('**अपवर्तन शीघ्र** .....' ઇત્યાદિ પદોમાં કારણનો કાર્યમાં ઉપચાર કરી) અપવર્તનના ફળ રૂપ જે કર્મના ફળનો ઉપભોગ છે તે અર્થમાં 'અપવર્તન' શબ્દ ભાષ્યકારશ્રીએ પ્રયુકત કર્યો છે. 'ઉપક્રમ એટલે અપવર્તનાનું નિમિત્ત'.

આ વાક્ય ઉપક્રમના પર્યાય-કથન સ્વરૂપ જ છે, તે આ રીતે અલ્પતાની પ્રાપ્તિના કારણોને ઉપક્રમ કહેવાય છે, વળી અપવર્તના એટલે કર્મની દીર્ઘકાળની સ્થિતિમાંથી હ્રસ્વસ્થિતિ કરવી તે, અને નિમિત્ત એટલે અલ્પતાના (= અપવર્તનાના) હેતુ એવા વિષ, શસ્ત્ર વગેરે. આ પ્રમાણે અહીં પ્રસ્તુતમાં આ અપવર્તન આયુષ્ય કર્મને આશ્રયીને કહેવાયું છે પરંતુ આ જ રીતે અનિકાચિત અવસ્થાવાળી અન્ય પણ કર્મ પ્રકૃતિઓનું અપવર્તન પ્રાયઃ સમજી લેવું. તપનાં આચરણ થકી તો નિકાચિત પણ કર્મ પ્રકૃતિઓની અપવર્તના કરાય છે, એવી પરમ ઋષિઓની શ્રુતિ (= વાણી) છે. હવે કર્મના વિનાશ સ્વરૂપ અપવર્તન શબ્દના અર્થના સંદર્ભમાં '**अत्राह** .....' ઇત્યાદિ ભાષ્ય વડે કોઈક પ્રશ્ન કરે છે. તેનો અર્થ આ પ્રમાણે છે → અહીં = અવસરમાં બીજો વ્યકિત પ્રશ્ન કરે છે કે :-

(१) **કૃતનાશ :-** જો આયુષ્યકર્મ ફળ આપ્યા વિના અપવર્તના પામે છે અર્થાત્ વિનાશ પામે છે, તો કરાયેલ (= બંધાયેલ) સત્તામાં વિદ્યમાન તે કર્મની નિષ્ફળતા થઈ જવાથી કૃત નાશ દોષનો પ્રસંગ પ્રાપ્ત થાય છે કારણ કે તે કરેલું કર્મ ભોગવાયું નહિ અર્થાત્ અનુભવાયું નહીં અને નાશ થઈ ગયું આ તો અનિષ્ટ છે કેમકે ઉપાર્જન કરેલ કર્મ સ્વામીને વિશે અનુરૂપ ફળને અવશ્ય

**भाष्यम् :- अथास्त्यायुष्कं कर्म म्रियते च, तस्मादकृताभ्यागमः प्रसज्यते, येन सत्यायुष्के म्रियते ततश्चायुष्कस्य कर्मणः आफल्यं प्रसज्यते। अनिष्टं चैतत्। एकभवस्थिति [1]चाऽऽयुष्कं कर्म न जात्यन्तरानुबन्धि। तस्मान्नापवर्तनमायुषोऽस्तीति।**

• गन्धहस्ति •

तस्य कर्मणः **कृतस्य** सतो निष्फलत्वान्नाशः **प्रसज्यते यस्मात् तन्न वेद्यते** = नानुभूयत इत्यर्थः। **अनिष्टं चैतद्** अवश्यं हि कर्मोपात्तमनुरूपं फलमुपाधाय स्वामिनि परिशटत्युत्तरकालं न पुनरदत्त्वैव फलं विलीयत इति। **अथाननुभूते** सत्येवायुष्के **म्रियते तस्मादकृत**स्यैवा**भ्यागमो** मरणस्यान्तराल एव **प्रसज्यते, येन सत्यायुष्के म्रियते ततश्चायुषा** विफलताप्रसङ्गः, **अनिष्टं चैतत्**, न खलु जैनसिद्धान्तोऽयं यत् कृतं सत्कर्म प्रणश्यति अदत्तफलम्, अकृतमेव चानुभूयत इति। अन्यच्च अननुभूते तस्मिन् कर्मण्ययमपरो दोषः → **एकभवस्थिति [1]चाऽऽयुष्कं कर्म न जात्यन्तरानुबन्धि**॥

**ભાષ્યાર્થ : હવે આયુષ્ય કર્મ છે અને મરે છે તો 'અકૃત અભ્યાગમ' નામના દોષનો પ્રસંગ પ્રાપ્ત થાય છે અને જેથી આયુષ્ય હોય ત્યારે મરે છે તેથી આયુષ્ય કર્મની નિષ્ફળતાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે અને આ ત્રણે દોષો અનિષ્ટ છે. જાત્યંતરાનુબન્ધિ દોષ આવશે કેમકે એક ભવની સ્થિતિવાળું આયુષ્યકર્મ અન્ય ભવોને અનુસરનારું નથી હોતું, તેથી આયુષ્યનું અપવર્તન નથી.**

• *હેમગિરા* •

લાવીને ત્યાર પછી આત્મા પરથી ખરે છે પણ ફળને આપ્યા વિના જ નષ્ટ થતું નથી.

હવે (જો એવું કહો કે) અનનુભૂત આયુષ્ય કર્મ હોય ત્યારે જ મરે છે અર્થાત્ આયુષ્ય છે અને મરે છે તો બીજા ૩ દોષો આવે છે.

(૨) **અકૃત આગમ :-** અકૃત એવા જ મરણના આગમનનો વચ્ચે જ પ્રસંગ પ્રાપ્ત થાય છે.

(૩) **આયુષ્યની નિષ્ફળતા :-** આયુષ્યની નિષ્ફળતા છે કેમકે જ્યારે (તદ્ભવ વેદનીય) હજુ આયુષ્ય વિદ્યમાન છે છતાં ત્યારે જ મરે છે તેથી આયુષ્ય કર્મની અફળતાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે અને આ બંને વાતો અનિષ્ટ છે કેમકે 'જે કર્મ કરાયેલું હોય તે ફળ આપ્યા વિના નષ્ટ થાય અર્થાત્ ચાલ્યું જાય અને નહિ કરાયેલું જ કર્મ અનુભવાય' આ જૈન સિદ્ધાંત નથી.

(૪) **જાત્યંતરાનુબંધી :-** વળી બીજું એ કે અનનુભૂત એવા તે કર્મને વિશે આ જાત્યંતર અનુબંધી નામનો બીજો દોષ પ્રાપ્ત થાય છે. તે આ રીતે - એક ભવની સ્થિતિવાળું આયુષ્ય કર્મ જન્માન્તરનો અનુબંધ કરનારું નથી એટલે અનુસરનારું નથી, આવો નિયમ છે પણ જો આયુષ્યની

१. वायु° - मु (खं.)।

**भाष्यम् :- अत्रोच्यते→ कृतनाशाकृताभ्यागमाफल्यानि कर्मणो न विद्यन्ते। नाप्त्यायुष्कस्य जात्यन्तरानुबन्धः, किन्तु यथोक्तैरुपक्रमैरभिहतस्य जीवस्य सर्वसन्दोहेनोदयप्राप्तमायुष्कं कर्म शीघ्रं पच्यते तदपवर्तनमित्युच्यते।**

● गन्धहस्ति ●

**ननु** चान्यस्मिन् भवे बद्धमन्यत्र वेद्यते कथमेकभवस्थिति स्यात् ?। **उच्यते** → न बन्धं प्रति ब्रूमः, उपभोगं प्रत्येकभवस्थितिकमायुराचक्ष्महे, एकस्मिन्नेव[1] भवे भवत्यायुष उपभोगो न द्वितीयेऽपीति यथा च त्वयाऽभ्युपेयते सत्येवायुषि म्रियते तथा तेनायुषा जात्यन्तरानुबन्धिना भाव्यम्, अपसिद्धान्तप्रस्थानं चैतत्, **तस्माद्** दोषचतुष्टयसम्भवान्नापवर्तनमायुषां विद्यते इति।

**अत्रोच्यते** समाधानम् → न खल्वेते दोषाः प्रतिभान्ति जिनशासनावलम्बिनः[2], सिद्धान्तापरिज्ञानाच्चैवं नोद्यते, नायमार्हतः कृतान्तः फलमदत्त्वा कर्म प्रणश्यतीति, किन्तु यथोक्तैरुपक्रमैरध्यवसान-

**ભાષ્યાર્થ : સમાધાન : આયુષ્ય કર્મના કૃતનાશ, અકૃતાગમ અને નિષ્ફળતા આ ત્રણે દોષો વિદ્યમાન નથી. તેમજ આયુષ્ય કર્મનો જન્માંતર અનુબંધ દોષ પણ નથી. કિંતુ યથોકત ઉપક્રમો વડે હણાયેલ જીવનું સંપૂર્ણપણે) ઉદયને પ્રાપ્ત થયેલું એવું આયુષ્ય કર્મ શીઘ્ર ભોગવાય છે તે 'અપવર્તન' કહેવાય છે.**

● *હેમગિરા* ●

અપવર્તના માનો તો તે આયુષ્ય કર્મને જન્માંતર અનુબંધી માનવાનો દોષ આવશે અર્થાત્ બાકી રહેલું તે આયુષ્ય કર્મ એના પછીના બીજા જન્મમાં ભોગવવાનો પ્રસંગ આવશે.

**ચોથા દોષ અંગે શંકા :** અન્ય ભવમાં બંધાયેલું કર્મ અન્ય ભવમાં વેદાય છે. તો પછી કઈ રીતે આયુષ્ય કર્મ એક ભવની સ્થિતિવાળું થાય ?

**પૂર્વપક્ષીનું સમાધાન :** અમે બંધને આશ્રયી એક ભવની સ્થિતિવાળું આયુષ્ય છે એમ કંઈ નથી કહેતા, પરંતુ ઉપભોગને આશ્રયી એક ભવની સ્થિતિવાળું આયુષ્ય કહીએ છીએ. કેમકે પૂર્વબદ્ધ આયુષ્યનો ઉપભોગ એક જ ભવમાં થાય છે, નહિ કે બીજા ભવમાં પણ થાય ! આવો સિદ્ધાંત છે. (આ પ્રમાણે ઉત્તર આપીને હવે જે પૂર્વપક્ષ ચાલતો હતો તેને જ આગળ વધારે છે.) તમે જે રીતે સ્વીકારો છો કે આયુષ્ય શેષ રહે છતે જીવ મરે છે તે રીતે તો તે (બચેલ) આયુષ્ય અન્ય જન્મનો અનુબંધ કરનારું (= અનુસરનારું) થવું જોઈએ અને આ તો અપસિદ્ધાંતમાં પ્રસ્થાન (= સિદ્ધાંત વિરુદ્ધ) છે. તેથી (= આયુષ્યની અપવર્તના સ્વીકારતાં (૧) કૃતનાશ, (૨) અકૃતાગમ, (૩) અસફળતા અને (૪) જન્માંતર અનુબંધી) ૪ દોષો સંભવતા હોવાથી આયુષ્ય કર્મની અપવર્તના નથી. અહીં (= આ પ્રશ્ન અંગે) સમાધાન ભાષ્યકારશ્રી કહે છે –

**સમાધાન :** આ દોષો જિનશાસનના – અવલંબીઓને પ્રતિભાસતા / લાગતા નથી.

१. °न्नेक° - मु (खं.)। २. °म्बिनाम् - मु (खं. भां.)।

**भाष्यम् :-** [1]**संहतशुष्कतृणराशिदहनवत्। यथा हि संहतस्य शुष्कस्यापि तृणराशेरवयवशः क्रमेण दह्यमानस्य चिरेण दाहो भवति तस्यैव शिथिलप्रकीर्णोपचितस्य सर्वतो युगपदादीपितस्य पवनोपक्रमाभिहतस्याशु दाहो भवति तद्वत्।**

• गन्धहस्ति •

विष-शस्त्रादिभिरभिहतस्य = अभिप्लुतस्य **सर्वसन्दोहेन** = सर्वात्मना = साकल्येनासादितोदय-**मायुष्कं कर्म** प्राप्तविपाकमाशु भवति, यस्तु तस्य क्रमभावी विपाकः सोऽपवर्त्यते, अनुभवः पुनः सर्वस्य युगपन्न निषिध्यते इत्येषोऽपवर्तनशब्दार्थः। बहिर्वर्तमानवस्तुविशेषप्रसिद्ध्या[2]ऽन्तःप्रसिद्धिः साध्यत इत्याह → **संहतेति**। संहतत्वात् परिशोषवानपि[3] तृणपुञ्जश्चिराय दह्यते, यदा तु विरलितो भवत्यवय-वशस्तदाऽऽशु भस्मसाद् भवति, तद्वदायुषोऽप्यनुभवः यदाऽऽयुर्दृढसंहतमतिघनतया बन्धकाल एव परिणामा-

**ભાષ્યાર્થ : આ અંગે એકત્રિત શુષ્ક ઘાસની રાશિના દહનનો દાખલો જાણવો. ખરેખર જે રીતે એક એક અવયવમાં ક્રમથી બળાતી ઘટ્ટ સમૂહવાળી સૂકી પણ એવી ઘાસની રાશિનો દાહ લાંબા કાળથી થાય છે. શિથિલ અને છૂટી છવાઈ રીતે ઉપચિત તથા એકી સાથે બધી બાજુથી બાળવામાં આવેલ તથા પવનના ઝપટાથી હણાયેલ (= વધેલા આગ્નવાળા) એવા તે જ પદાર્થ (= ઘાસના રાશિ)ના દાહ શીઘ્ર થાય છે.**

• *હેમગિરા* •

અને આ શંકા જૈન સિદ્ધાંતનો સમ્યગ્બોધ ન હોવાના કારણે કરવામાં આવે છે કારણ કે 'ફળ આપ્યા વિના કર્મ નાશ પામે' એવો કોઈ સિદ્ધાંત અરિહંત ભગવંતનો નથી કિંતુ ભગવાનના સિદ્ધાંત મુજબ તો અધ્યવસાન, વિષ, શસ્ત્ર વગેરે યથોક્ત ઉપક્રમોથી હણાયેલ = ઘાયલ થયેલ જીવને સર્વ સંદોહથી = સર્વાત્માથી = સંપૂર્ણપણે ઉદયને પ્રાપ્ત થયેલું આયુષ્ય કર્મ પ્રાપ્ત - વિપાકવાળું તીવ્ર બને છે અર્થાત્ શીઘ્ર ભોગવાઈ જાય છે.

## ❁ અપવર્તન શબ્દનો રહસ્યાર્થ ❁

અપવર્તના કાળમાં તેનો (= આયુષ્ય કર્મનો) જે ક્રમ ભાવિ વિપાક છે તે અપવર્તન પામે છે. પરંતુ સર્વ આયુષ્ય કર્મના યુગપદ્ અનુભવનો અહીં નિષેધ નથી. (જે આયુષ્ય કર્મના દલિકો ક્રમસર ઉદયમાં આવવાના હતા તે ક્રમની અપવર્તના થાય છે એટલે કે તે ક્રમ તોડીને બધા જ દલિકો યુગપદ્ એકી સાથે ઉદયમાં આવે છે, માટે દલિકો તો બધાં જ ભોગવાય છે.) આ પ્રમાણે આ અપવર્તના શબ્દનો અર્થ છે. બહાર વિદ્યમાન વિશિષ્ટ વસ્તુની પ્રસિદ્ધિથી અંતર (વસ્તુની) પ્રસિદ્ધિ સધાય છે. આથી (બાહ્ય દષ્ટાંતને પ્રતિપાદન કરનાર) **संहत** ..... ઇત્યાદિ પદોને કહે છે. ઘટ્ટ થયેલી હોવાથી ચારે બાજુથી સુકાયેલી પણ ઘાસની રાશિ લાંબા કાળે બળે છે પરંતુ જ્યારે એક એક અવયવથી છૂટી છવાયેલી હોય છે ત્યારે તે ઘાસની રાશિ શીઘ્ર ભસ્મસાત્

१. संहतशुष्कतृणराशिदहनवत् - खं. भां। २. प्रसिद्ध्यतः प्रसिद्धिः - क। ३. परिशेषवान् - मु (खं)।

**भाष्यम् :- यथा वा सङ्ख्यानाचार्यः करणलाघवार्थं गुणकार-भागहाराभ्यां राशिं छेदादेवापवर्तयति, न च सङ्ख्येयस्यार्थस्याभावो भवति।**

गन्धहस्ति

पादितं भवति पवनश्लेषवत् तत् क्रमेण वेद्यमानं चिराय वेद्यते, यत् पुनर्बन्धकाल एव शिथिलमाबद्धं तद् [1]विकीर्णतृणराशिदाहवदपवर्त्याशु वेद्यत इति। एवंविधार्थप्रक्रमे दृष्टान्तसुलभतामादर्शयन्नाह →

**यथा वा सङ्ख्यानाचार्य** इत्यादि। **सङ्ख्यानं** = गणितशास्त्रं तत्प्रधान आचार्यः सङ्ख्यानाचार्यो = गणितप्रक्रियायामाहितनैपुणः, करणलाघवाय, करणानि = गुणकार-भागहारापवर्तनोद्वर्तनादीनि गणितशास्त्रप्रसिद्धानि, तत्र यो लघुः करणोपायः स्वल्पकालस्तेन तत्फलमानयति गणिताभिज्ञत्वात्, तुल्येऽपि हि फलानयने गुणकार-भागहारौ चिराय[2] तत्फलमभिनिवर्तयतः, स पुनर्गणितनिपुणो **गुणकार-भागहाराभ्यां** चिरकालकारिभ्यां सकाशात् **करणलाघवार्थमपवर्तनार्हं राशिञ्छेदादेवार्धादिकादप-**

**ભાષ્યાર્થ : તેની જેમ અપવર્તના વિશે પણ સમજવું અથવા જેમ ગણિતાચાર્ય કરણ (પ્રક્રિયા)ના લાઘવ માટે ગુણાકાર અને ભાગાકાર કરતાં રાશિને છેદવા થકી જ અપવર્તન કરે છે પણ અને કરવાથી કાંઈ સંખ્યેય અર્થ (= ફળભૂત રાશિ)નો અભાવ થઈ જતો નથી.**

*હેમગિરા*

થઈ જાય છે. તેની જેમ આયુષ્યનો પણ અનુભવ જાણવો. પવનથી સુકાયેલા ચિકણાં (ગુંદર જેવા) પદાર્થની જેમ જ્યારે (આયુષ્ય કર્મના) બંધ કાળમાં જ (જીવના) પરિણામથી પ્રાપ્ત કરાયેલ આયુષ્ય અતિઘનપણાથી અત્યંત સંહત (= નિકાચિત) હોય છે ત્યારે તે આયુષ્ય કર્મ ક્રમથી વેદાતું લાંબા કાળે (પુરું) વેદાય છે. ફરી જે પૂર્વે બંધ કાળમાં જ શિથિલ (= ઢીલું = અનિકાચિતપણે) બંધાયેલું હોય છે, તે કર્મ છૂટી છવાઈ તૃણ રાશિના દાહની જેમ અપવર્તિત થઈને શીઘ્ર વેદાય છે. આવા પ્રકારના અર્થના પ્રસ્તાવમાં સુલભ દૃષ્ટાંતને દેખાડતાં '**यथा वा सङ्ख्या ...**' ઇત્યાદિ ભાષ્ય કહે છે.

સંખ્યાન એટલે ગણિતશાસ્ત્ર, તે સંખ્યાન પ્રધાન આચાર્ય તે સંખ્યાનાચાર્ય એટલે કે 'કરણ'થી ટૂંકું કરવામાં નિપુણ એવા આચાર્ય કે જેમને ગણિત પ્રક્રિયામાં નિપુણતા પ્રાપ્ત કરેલી હોય. ગણિતના જાણકાર હોવાના કારણે કરણ (= પ્રક્રિયા)ના લાઘવ માટે ગણિતશાસ્ત્રમાં પ્રસિદ્ધ એવા ગુણાકાર, ભાગાકાર, ઉદ્વર્તન, અપવર્તન વગેરે જે કરણો છે, તેમાં જે અત્યંત અલ્પ કાળવાળો લઘુ (= ટૂંકો) કરણ રૂપ ઉપાય હોય તે ઉપાયથી તે ઇષ્ટ રાશિના ફળને લાવે છે. જ્યારે દરેક કરણો ફળને લાવવામાં તુલ્ય હોય ત્યારે પણ ગુણાકાર અને ભાગાકાર લાંબા કાળે રાશિના ફળને લાવે છે. આથી તે ગણિત નિષ્ણાત આચાર્ય કરણ (= પ્રક્રિયા)ના લાઘવ માટે

१. वितीकीर्ण - भां.। २. विचारय - भां.।

**भाष्यम् :- तद्वदुपक्रमाभिहतो मरणसमुद्घातदुःखार्तः कर्मप्रत्ययमनाभोगयोगपूर्वकं करणविशेषमुत्पाद्य फलोपभोगलाघवार्थं कर्मापवर्तयति, न चास्य फलाभाव इति॥**

गन्धहस्ति

**वर्तयति** षण्णवत्यादिकम्, अनपवर्तनार्हं पुनर्लघुकरणाभिज्ञोऽपि न शक्नोत्येवापवर्तयितुम्, एकपञ्चाशदुत्तरसहस्रादिकम्, गुणकार-भागहारक्रममेवात्र प्रयोजयति, **न च सङ्ख्येयस्यार्थस्याभावो भवति,** फलभूतस्य करणविशेषे सत्यपि प्रेप्सितफलाभेदमादर्शयति। करणव्यापारकालो बहुरल्पभेदः फलमविशिष्टमेवोभययोर्यथैत ▲[1]**द्वदुपक्रमाभिहतो मरणसमुद्घातदुःखार्तः कर्मप्रत्ययमनाभोगयोगपूर्वकं करणविशेषमुत्पाद्य फलोपभोगलाघवार्थं कर्मापवर्तयति, न चास्य फलाभाव** इति,▲ **उपक्रमो** =विषाग्नि-शस्त्रादिस्तेना**भिहतो** मरणं = आयुःक्षयस्तत्र समुद्घातः, **मरणसमुद्घातो**, समुद्घातो नाम

**ભાષ્યાર્થ : તેની જેમ ઉપક્રમોથી હણાયેલ, મરણ સમુદ્ઘાત રૂપ દુઃખથી પીડિત જીવ કર્મનાં નિમિત્તવાળા અનાભોગ યોગપૂર્વકના કરણ વિશેષને ઉત્પન્ન કરી, ફળનાં ભોગવટાની લાઘવતા માટે કર્મની અપવર્તના કરે છે અને એમ હોય ત્યારે આ આયુષ્ય કર્મનાં ફળનો અભાવ થઈ જતો નથી.**

*હેમગિરા*

લાંબો કાળ લગાડનાર એવા ગુણાકાર અને ભાગાકાર કરતાં અપવર્તનને યોગ્ય એવી **૯૬** આદિ રાશિને ટૂંકો કાળ લગાડનાર એવા અર્ધ વગેરે છેદ થકી અપવર્તિત કરે છે. અપવર્તનાને અયોગ્ય એવી **૧,૦૫૧** વગેરે રાશિને લઘુ કરણના અભિજ્ઞ (= નિષ્ણાત) આચાર્ય પણ અપવર્તન કરવા માટે સમર્થ નથી જ આથી અહીં (= જ્યાં અપવર્તના ન થઈ શકે આવા સ્થળોમાં) ગુણાકાર અને ભાગાકારના ક્રમને જ આચાર્ય જોડે છે.

'સંખ્યેય અર્થનો અભાવ થઈ જતો નથી.' એ વાક્ય ફલભૂત રાશિની પ્રાપ્તિમાં કારણ વિશિષ્ટ કરણ (= ભિન્ન ભિન્ન પ્રક્રિયા) હોવા છતાંય એ પ્રક્રિયાથી પ્રાપ્ત જે ઇચ્છિત ફળ છે તેના અભેદને દેખાડે છે અર્થાત્ પ્રક્રિયા રૂપ સાધનમાં ભેદ છે, સાધ્ય તો એક જ છે. ઉભયમાં (= ગુણાકાર-ભાગાકાર અને અપવર્તના એમ બે કરણમાં) કરણના વ્યાપારનો કાળ અધિક અને અલ્પ ભેદવાળો છે પણ ફળ તો અવિશિષ્ટ (= અલ્પ-અધિક ભેદ વિનાનું સરખું) જ છે.

તેની જેમ પ્રસ્તુતમાં પણ ઉપક્રમથી હણાયેલો, મરણ સમુદ્ઘાત સ્વરૂપ દુઃખથી પીડિત જીવ કર્મ નિમિત્તક, અનાભોગ યોગપૂર્વક વિશિષ્ટ કરણ ઉત્પન્ન કરી આયુષ્ય કર્મના ફળના ઉપભોગની લાઘવતા માટે કર્મનું અપવર્તન કરે છે પણ અહીં આ (આયુષ્ય) કર્મના ફળનો અભાવ નથી હોતો (આમ સામાન્યથી અર્થ કરી હવે વિશેષ અર્થ કરે છે).

१. तद्वदु॰ इति पाठो भाष्ये आस्ति। ▲...▲चिह्नितोऽयं पाठो मुद्रितपुस्तके नास्ति (खं. भां.)।

स्वशरीरकादात्मप्रदेशापकर्षो मूर्च्छानुगतश्चेतनाविमुक्त इवाव्यक्तप्रबोधलक्षणोऽस्तमितसकलबहिर्वर्ति-चेष्टाक्रियाविशेषः **स** एव चातिचिररूढमूलप्रदेशोत्खननरूपत्वाद् **दुःखं तेनार्तो** = विषण्णः किंकर्तव्यता-विमुखः **कर्मप्रत्ययं** = कर्मकारणं **करणविशेषमुत्पाद्या**पवर्तनाख्यम्, कर्मकारणता तु करणविशेषस्य पूर्वभवबन्धकाल एव प्रयत्नशैथिल्यात् सोपक्रमबन्धः, अत्यन्तापरिज्ञानमनाभोगः अनाभोगकृतो योगः अनाभोगकृतयोगः, योगः = चेष्टाविशेषः **अनाभोगयोगस्तत्पूर्वकं** तत्कारणम्। एतदुक्तं भवति → अजानान एव हि तदपवर्तनाकरणेनापवर्तनार्हं **कर्मापवर्तयति** आहाररसादिविपरिणामवत्, किमर्थं पुनरप-वर्तयति ? **फलोपभोगार्थ**मायुष्कर्मफलोपभोगायानाभोगनिर्वर्तितेन वीर्यविशेषेणेति, **न चास्य** =



## ❋ મરણ સમુદ્ઘાત સમયે થતી અપવર્તના ❋

ઉપક્રમ એટલે વિષ, અગ્નિ. શસ્ત્રાદિ, તેનાથી હણાયેલો તે ઉપક્રમથી હણાયેલો, મરણ એટલે આયુનો ક્ષય. ત્યાં (= મરણ વખતે) જે સમુદ્ઘાત થાય છે તે મરણ સમુદ્ઘાત. મરણ સમુદ્ઘાત કહેવાય. આ સમુદ્ઘાત વખતે (૧) જીવને પોતાના શરીરમાંથી આત્મપ્રદેશોનું અપકર્ષ = ખેંચાણ થાય છે, (૨) જીવ મૂર્છા સહિત હોય છે, (૩) જીવ જાણે ચૈતન્ય શૂન્ય થયો હોય તેમ અત્યંત અવ્યકત બોધવાળો હોય છે અને (૪) જીવ સર્વ બહારની ચેષ્ટા સ્વરૂપ વિશિષ્ટ ક્રિયાથી શૂન્ય હોય છે, આવો જે મરણ સમુદ્ઘાત છે તે જ દુ:ખ છે કેમકે તે અતિ લાંબા કાળથી ઘટ્ટ બની ગયેલા મૂળ આત્મ પ્રદેશો (= શરીરની સાતે ધાતુમાં વ્યાપ્ત આત્મપ્રદેશો)ને ઉખેડવા સ્વરૂપ છે. તેનાથી પીડિત = વિષાદગ્રસ્ત = કિંકર્તવ્યતાથી વિમુખ થયેલ જીવ કર્મના કારણવાળા અપવર્તના નામના વિશિષ્ટ કરણને ઉત્પન્ન કરીને ફળના ઉપભોગની લાઘવતા માટે કર્મની અપવર્તનાને કરે છે /આ વિશિષ્ટ કરણમાં (= અપર્વતના કરણમાં) કર્મ પણ કારણભૂત છે તે આ રીતે કે પૂર્વ ભવમાં આયુષ્યના બંધકાળે પ્રયત્નની શિથિલતાનાં લીધે આયુષ્યકર્મનો સોપક્રમ બંધ થયો હતો. આ અપવર્તનાકરણ કેવું છે તે જણાવતાં કહે છે → અત્યંત અપરિજ્ઞાન તે અનાભોગ, અનાભોગથી કરાયેલ યોગ તે અનાભોગકૃતયોગ. યોગ એટલે ચેષ્ટા વિશેષ, (અનાભોગથી કરાયેલી વિશિષ્ટ ચેષ્ટા તે અનાભોગયોગ. અહીં મધ્યમ પદ લોપી સમાસ જાણવો.) તે અનાભોગયોગ પૂર્વક અર્થાત્ અનાભોગયોગના કારણવાળું અપવર્તનાકરણ હોય છે. કહેવાનો આશય એ છે કે અજાણ જ એવો જીવ અપવર્તનાને યોગ્ય કર્મને અપવર્તનાકરણ વડે અપવર્તિત કરે છે. જેમ ગ્રહણ કરેલ આહારના રસ વગેરેનું પરિણમન (અનાભોગ યોગથી શરીરમાં) થાય છે તેમ આમાં પણ સમજવું.

## ❋ અપવર્તનાથી કર્મનું ફળ હણાતું નથી ❋

**પ્રશ્ન :** જીવ કર્મનું અપવર્તન શા માટે કરે છે ?

**भाष्यम् :- किञ्चान्यत्। यथा वा धौतपटो जलार्द्र एव संहतश्चिरेण शोषमुपयाति, स एव च वितानितः सूर्यरश्मि-वायुभिर्हतः क्षिप्रं शोषमुपयाति,**

• गन्धहस्ति •

आयुष्ककर्मणः[1] **फलाभावो** भवति। इयांस्तु विशेषः → क्रमपरिभोगे बहुकालः, संवर्तितपरिभोगे स्वल्प इति, न पुनरभुक्तं तत्र किञ्चित् कर्म परिशटतीति। **किञ्चान्यदित्यनेना**परमपि प्रकृतार्थोपयोगिनमादर्शयति दृष्टान्तम् → **यथा वा धौतपट** इत्यादि। एवं चैष प्रकृतोऽर्थः प्रतिपत्तव्यः। [2]यथा वा क्षालितपटो जललेशोपचितमूर्तिरिवावेष्टितश्चिरायोद्वायति, **स एव** प्रयत्नविशेषतो विस्तारितः सन् सहस्ररश्मिमयूखमालाभिः परिपीताशेषजललवः प्रबलपवनवेगविघटितनिरवशेषप्रदेशः शीघ्रमपास्ताश्रितजल-सङ्घातः समासादिताधिकतरधवलिमाऽपि परिशुष्यति।

**न च संहते तस्मिन्नभूतस्नेहागम** इति, न चाभूतजलस्नेहागमो भवति तस्मिन् संवेष्टितपटे,

**ભાષ્યાર્થ : વળી બીજું એ કે અથવા તો જેમ ધોયેલું વસ્ત્ર પાણીથી ભીનું જ એકઠું થયેલું (= ખુલ્લું કર્યા વિનાનું) (સૂકવવામાં આવે તો) ઘણાં કાળે સુકાય છે અને ખુલ્લું કરાયેલું તે જ વસ્ત્ર સૂર્યનાં કિરણોથી તેમજ હવાથી હણાયેલું શીઘ્ર સુકાઈ જાય છે.**

• *હેમગિરા* •

**ઉત્તર :** ફળના ઉપભોગના (લાઘવ) માટે જીવ અપવર્તના કરે છે અર્થાત્ આયુષ્ય કર્મના ફળના ઉપભોગના (લાઘવ) માટે અનાભોગથી નિર્મિત વિશિષ્ટ વીર્યથી કર્મનું અપવર્તન કરે છે પરંતુ આ આયુષ્ય કર્મના ફળનો અભાવ હોતો નથી. આટલો વિશેષ ફરક છે કે ક્રમથી આયુષ્યના પરિભોગમાં ઘણો કાળ લાગે છે, જ્યારે એક સાથે (અપવર્તનાથી) થતાં પરિભોગમાં ઓછો સમય લાગે છે. પરંતુ ત્યાં (= અપવર્તનાથી થતાં પરિભોગમાં) ભોગવ્યા વિનાનું કોઈ કર્મ આત્મા પરથી ખરતું નથી.

ભાષ્યમાં **किञ्चान्यद्** આ પદથી પ્રસ્તુત પદાર્થને ઉપયોગી બીજું પણ દૃષ્ટાંત દર્શાવે છે -

**'यथा वा धौतपट'** ... અથવા આ પ્રમાણે (= હવે કહેવાતા આ દૃષ્ટાંત દ્વારા) પ્રસ્તુત (= અપવર્તના રૂપ) અર્થની ઘટના કરવી → જેમ જળનાં બિંદુઓથી ભરેલું ચોક્કસ આકારમાં વીંટાળાયેલું અને હમણાં જ ધોયેલું એવું વસ્ત્ર ઘણાં સમયે સુકાય છે. વળી તે જ વસ્ત્ર જ્યારે વિશેષ પ્રયત્નથી વિસ્તારિત (= ખુલ્લું) કર્યું હોય ત્યારે સૂર્યના કિરણો પડવાના લીધે ચારે બાજુથી શોષાઈ ગયેલા સમસ્ત જળબિંદુઓવાળું, પ્રબળ પવનના વેગથી વિઘટિત (= કંપિત થયેલા) સમસ્ત ભાગવાળું, દૂર થઈ ગયેલા વસ્ત્ર-આશ્રિત જલ સમૂહવાળું તેમજ પ્રાપ્ત થયેલી અત્યંત અધિક સ્વચ્છતાવાળું શીઘ્ર સુકાઈ જાય છે.

**'न च संहत.....'** વળી સંઘટિત કરેલ તે વસ્ત્રમાં જળની નવી ભીનાશનું આગમન થતું

१. आयुष्कर्मणः - मु. (खं.)। २. यथा वा क्षालितपट - मु (भां. खं.)।

**भाष्यम् :- न च संहते तस्मिन्नभूतस्नेहागमो नापि वितानते सति अकृत्स्नशोषः तद्वद्य-थोक्तनिमित्तापवर्तनैः कर्मणः क्षिप्रं फलोपभोगो भवति,**

गन्धहस्ति

किन्तु संहतत्वात् तावन्त एव[1] ते जलावयवाः कालेन बहुना परिशटन्ति, न पुनरभूतानामेव स्नेहावय-वानामागमो[2], **नापि वितानिते अकृत्स्नशोषः**, न च प्रसारिते तस्मिन् पटे कृत्स्नजलावयवपरिशोषो न भवति, विततेऽपि हि सर्व एव ते जलावयवाः परिशुष्यन्ति, तेषां हि जलावयवानां यावती मात्रा वेष्टितपटे तावत्येव प्रसारितेऽपि, परिशोषकालस्तु भिद्यते।

परे व्याख्यानयन्ति → **न च संहते तस्मिन् न भूतः स्नेहापगमः**, भूत एव सञ्जात एवेत्यर्थः, किन्तु बहोः कालात्, वितानिते तु द्रागेव च कृत्स्नवारिनिवहापगमः। **तद्वदि**त्यनेन दार्ष्टान्तिकमर्थस्य दर्शयति → तुल्यतया **यथोक्तनिमित्तापवर्तनैः**[3] **कर्मणः क्षिप्रं फलोपभोगो भवतीति**। यथाऽभिहितं[4] निमित्तं विषाग्नि-शस्त्रादि येषामपवर्तनानां तान्यपवर्तनानि यथोक्तानि निमित्तानि, तै**र्यथोक्तनिमित्ता-**

**ભાષ્યાર્થ : તે એકત્રિત (= ડૂચા વાળેલ) વસ્ત્રમાં અભિનવ ભીનાશનું આગમન થતું નથી અને ખુલ્લા કરીને વસ્ત્રો સુકવવા છતાં પણ સંપૂર્ણ જલનો શોષ નથી થયો એવું નથી (અર્થાત્ સંપૂર્ણ સૂકાઈ જાય છે). તેની જેમ યથોક્ત નિમિત્તવાળા અપવર્તનથી કર્મનો ફળોપભોગ શીઘ્ર થાય છે**

*હેમગિરા*

નથી કિંતુ સંઘટિત હોવાનાં કારણે તેટલા જ તે જળબિંદુઓ ઘણાં કાળે સૂકાય છે. આથી કોઈ અભૂત (= અભિનવ) ભીનાશ =જળબિંદુઓનું ત્યાં આગમન થાય છે એવી કોઈ આપત્તિ નથી. **नापि वितानिते**... વળી પ્રસારિત કરેલ તે વસ્ત્રમાં સંપૂર્ણ જળાવયવોનો શોષ થતો નથી એવું નથી કેમકે ખુલ્લાં કરીને સૂકવેલા વસ્ત્રમાં પણ બધાં જ તે જળબિંદુઓ સૂકાય છે. ખરેખર તો તે જળબિંદુઓની જેટલી માત્રા ભેગા કરેલા વસ્ત્રમાં છે, તેટલી જ માત્રા ખુલ્લા વસ્ત્રમાં પણ છે પરંતુ (સૂકાવાની જુદી પદ્ધતિને લીધે) સૂકાવાનો સમય ભેદાય છે/ ભિન્ન છે.

## ❁ ભાષ્ય પદોમાં અન્ય અર્થ ❁

બીજા વ્યાખ્યાકારો **तस्मिन्नभूतस्नेहागम = तस्मिन् अभूतस्नेहागमः** પાઠના બદલે **तस्मिन् न भूतः स्नेहापगमः** એવો પાઠ સ્વીકારી અર્થ ઘટન કરે છે. તે આ પ્રમાણે → તે વીંટળાયેલા વસ્ત્રમાં જળનો વિનાશ નથી થયેલો એવું નથી અર્થાત્ જળનો વિનાશ થયેલો જ છે, કિંતુ ઘણાં કાળે થાય છે. વળી ખુલ્લાં કરીને સૂકાવાયેલા વસ્ત્રમાં તો સમગ્ર જળના સમૂહનો વિનાશ શીઘ્ર જ થાય છે. '**तद्वद्**' ઇત્યાદિ આ પંક્તિથી દૃષ્ટાંત રૂપ અર્થના દાર્ષ્ટાન્તિકને દેખાડે છે. તુલ્યપણાથી (= તેની જેમ) યથોક્ત નિમિત્તવાળી અપવર્તનાઓ વડે આયુષ્ય કર્મના ફળનો ઉપભોગ શીઘ્ર

१. °एव जला° - मु (खं. भां.)। २. °नामपगमः - खं.। ३. °र्तनैः क्षिप्रं - मु. (खं. भां.)। ४. °हितं विषा° - मु (खं. भां.)।

**भाष्यम् :- न च कृतप्रणाशाकृताभ्यागमाफल्यानीति ॥२/५२॥**

• गन्धहस्ति •

**पवर्तनैः कर्मण** आयुषः शीघ्रं फलविपाको भुज्यत इत्यर्थः। अतः क्रमानुभवे वेष्टितार्द्रपटपरिशोषकालवद् बहुत्वं कालस्य, प्रसारितार्द्रपटपरिशोषकालवच्चाल्पतापवर्तितायुष्कपरिभोगकालस्य। एवं च सति **न कृतप्रणाशाकृताभ्यागमाफल्यानीति** निगमयति → समस्तायुर्द्रव्योपभोगात् कृतविप्रणाशो नास्ति, न चायुष्यपरिनिष्ठिते म्रियत इत्यकृताभ्यागमाभावः, परिभुक्तत्वादेव च सकलस्यायुषो न वैफल्यप्रसङ्गः, अत एव जात्यन्तरानुबन्धत्वाभावोऽपीति। न चेह भाष्यकारेणोपात्तः[२] प्रागुपन्यस्तस्तस्यापि, पूर्वकत्रयस्याभावतदभावात्, तस्मादवस्थितमिदं केचिदकाले प्राणिनो म्रियन्ते पूर्वजन्मोपात्तायुष्ककालापेक्षया, केचिद-

**ભાષ્યાર્થ : વળી આ પ્રમાણે અપવર્તના હોય ત્યારે કૃતનાશ, અકૃત આગમન અને વિફળતા આ ત્રણે દોષ નથી સંભવતા. ॥૨/૫૨॥**

• *હેમગિરા* •

થાય છે. કહેવાનો ભાવાર્થ એ છે કે વિષ, અગ્નિ, શસ્ત્ર વગેરે યથા અભિહિત (= યથોક્ત) નિમિત્ત છે જે અપવર્તનાઓના તે અપવર્તનાઓ યથોક્ત નિમિત્તવાળી કહેવાય. તે યથોક્ત નિમિત્તવાળી અપવર્તનાઓથી આયુષ્ય કર્મના ફળનો વિપાક શીઘ્ર ભોગવાય છે.

આ જ કારણસર આયુષ્ય કર્મને ક્રમપૂર્વક અનુભવવામાં વીંટળાયેલ ભીના વસ્ત્રના શોષ = સુકાવાના કાળની જેમ ઘણો કાળ લાગે છે. જયારે પરાવર્તન (= અપવર્તના) પામેલ આયુષ્ય કર્મના પરિભોગનો કાળ, ખુલ્લા કરેલ ભીના વસ્ત્રના સૂકાવાના કાળની જેમ અલ્પ હોય છે અને આ પ્રમાણે હોવાથી કૃતનો નાશ, અકૃતનું આગમ અને વિફળતા આ ત્રણે દોષો આવતાં નથી એમ ભાષ્યકારશ્રી નિગમન કરે છે. તે આ પ્રમાણે → સમસ્ત આયુષ્યના દલિકોનો ભોગવટો થઈ ગયો હોવાથી '**કૃતનાશ**' દોષ નહિ આવે અને આયુષ્ય પૂર્ણ થાય ત્યારે મરે છે તેથી '**અકૃત આગમ**' દોષનો અભાવ છે અને સંપૂર્ણ આયુષ્યના દલિકો ભોગવાયા હોવાથી '**વિફળતા**' દોષનો પ્રસંગ આવતો નથી. આથી (= આયુષ્ય નિષ્ફળ કે બીજા ભવમાં ઉપયોગી નહિ હોવાથી) જ આયુષ્ય કર્મમાં '**જાત્યંતરાનુબંધીત્વ**' નામના ચોથા દોષનો પણ અભાવ છે.

પરંતુ અહીં પ્રસ્તુત (= નિગમન કરનાર ભાષ્યમાં) ભાષ્યકારશ્રીએ પૂર્વે ઉપન્યાસ કરેલા એવા આ ચોથા દોષનો અભાવ કહ્યો નથી કેમકે પૂર્વના ૩ દોષના અભાવમાં તે ચોથા દોષનો અભાવ આવી જ જાય છે. તેથી આ નિશ્ચિત થયું કે કોઈક પ્રાણીઓ પૂર્વજન્મમાં બાંધેલ આયુષ્યના કાળની અપેક્ષાએ પહેલાં જ અકાળે મરી જાય છે વળી કોઈક જીવો અનંતર પૂર્વ જન્મમાં ઉપાર્જિત આયુષ્યના કાળને અખંડ રીતે પૂર્ણ કરીને મરે છે. આમ અલગ - અલગ રીતે આયુષ્યના દલિકોને તે તે ભવમાં જ ભોગવીને પૂર્ણ કરનારા તે જીવો હોય છે. પણ વર્તમાન ભવના શેષ આયુષ્યના

१. °कालवच्चाल्पकालता परिवर्ति° - मु (खं. भां.)। २. भाष्यकारेणोक्तः - मु. (खं. भां.)।

नन्तरातीतजन्मोपात्तायुष्ककालमखण्डमवसायं प्रापय्य, विहायास्ते न शेषात् स्वकृतकर्मादिष्टं जन्मान्तरमनुबध्नन्तीति॥२/५२॥

ग्रन्थाग्रमङ्कतः ३४२०

इति श्रीतत्त्वार्थसूत्रेऽर्हत्प्रवचनाधिगमे भाष्यानुसारिण्यां तत्त्वार्थटीकायां द्वितीयोऽध्यायः॥२॥

## ॥ इति द्वितीयोऽध्यायः॥

*હેમગિરા*

દલિકો દ્વારા સ્વકર્મથી નિર્ધારિત બીજા ભવને ભોગવતા નથી એટલે કે આયુષ્યના દલિકો જન્માંતરના અનુબંધી બનતા નથી. કારણ કે વર્તમાન આયુષ્યના દલિક વધ્યા હોય તો જન્માંતરમાં ભોગવાયને ? વધ્યા જ નથી, ભોગવાઈ ગયા તો પછી જન્માંતરમાં શું ભોગવે ? આથી તમે આપેલ ચોથા દોષનું પણ નિરસન થઈ ગયું.)॥૨/૫૨॥

ગ્રંથનું પ્રમાણ અંક સંખ્યાથી ૩,૪૨૦ અનુષ્ટુપ શ્લોક જેટલું થયું. આ પ્રમાણે અર્હત્ પ્રવચનના અધિગમ સ્વરૂપ **શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર**માં ભાષ્યાનુસારી તત્ત્વાર્થની ટીકાને વિશે ગુજરાતી અનુવાદ **હેમગિરા** સહિત બીજો અધ્યાય **પૂજ્યપાદ શાસન પ્રભાવક ભોપાલતીર્થોદ્ધારક, શ્રી પંચજિનેશ્વર કૈવલ્યધામ તીર્થ પ્રેરક, ગિરિવિહાર સંસ્થા માર્ગદર્શક, ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય હેમપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ના શિષ્ય **પંન્યાસ ઉદયપ્રભવિજય** દ્વારા દેવ-ગુરુ-ધર્મની કૃપાથી સહર્ષ સંપન્ન થયેલ છે. જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ લખાયું હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્॥૨॥

**॥ इति शम्। शुभं भवतु श्री सकलसंघस्य।**

**બીજો અધ્યાય સમાપ્ત**

# પરિશિષ્ટ - ૧થી૯ માર્ગદર્શિકા


| પરિશિષ્ટ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧A. | તત્ત્વાર્થ સૂત્રનો સ્વાધ્યાય | ૩૧૭ |
| ૧B. | હેમગિરાની અનુપ્રેક્ષા | ૩૧૮ |
| २. | सूत्रानुक्रम | ૩૧૯ |
| ૩. | अकारादिक्रमेण सूत्रानुक्रम | ૩૨૦ |
| ४. | श्वेतांबर - दिगंबर पाठभेद | ૩૨૧ |
| ४. | श्वेतांबर - दिगंबर पाठभेद स्पष्टीकरण | ૩૨૨ |
| ૫. | तत्त्वार्थाधिगमसूत्राणां बीजभूत ''आगम सूत्राणि'' | ૩૨૩ |
| ६. | श्री चिरंतनाचार्यकृत टीप्पणकम् | ૩૩૧ |
| ૭. | टीकागतानामुद्धरणानामकारादिक्रमः | ૩૩૭ |
| ૮. | टीकागतग्रन्थानामकारादिक्रमः | ૩૩૮ |
| ૯A. | टीकागतपरिभाषा - न्यायानामकारादिक्रमः | |
| ૯B. | टीकागतव्यक्तिविशेषनामानि | ૩૩૯ |

# પરિશિષ્ટ - ૧

## A - તત્ત્વાર્થ સૂત્રનો સ્વાધ્યાય

૧) નિયત કાલમર્યાદા પૂર્વે આયુષ્ય ભોગવાઈ જવાથી કૃતનાશ, અકૃતાગમ, નિષ્ફળતા દોષ કેમ નહીં લાગે ?

૨) એક જીવને એક સાથે કેટલા શરીર સંભવે, તેના ૫ અને ૭ વિકલ્પો લખો.

૩) ગર્ભ જન્મ કોને કોને હોય ?

૪) વિગ્રહ એટલે શું ?

૫) તૈજસ શરીરના કેટલા પ્રકાર છે ?

**(હા/ના માં જવાબ આપો.)**

૧) નિરૂપક્રમ આયુષ્ય અનપવર્તનીય જ હોય ?

૨) ચરમદેહી અને ઉત્તમ પુરુષોને સોપક્રમ અને નિરૂપક્રમ એમ બન્ને પ્રકારના અનપવર્તનીય આયુષ્ય હોય ?

૩) નારક અને સમ્મૂર્ચ્છિમોને પુરુષવેદ અને સ્ત્રીવેદ હોય ?

૪) દેવોને માત્ર પુરુષ વેદ જ હોય ?

૫) તૈજસ કાર્મણ શરીર સર્વ સંસારી જીવોને કાયમ માટે હોય ?

**ખાલી જગ્યા પૂરો.**

૧) ભાવોના કુલ . . . . . . ભેદો છે. (૩, ૨૧, ૫૩)

૨) સંસારી જીવ . . . . . . . . . . . . એમ બે પ્રકારે છે.

(સંસારી, મુકત / સમનસ્ક, અમનસ્ક / ત્રસ-સ્થાવર)

૩) સ્પર્શનેંદ્રિયનો અર્થ = વિષય . . . . . . છે. (રસ, ગંધ, સ્પર્શ)

૪) વિગ્રહગતિમાં વધુમાં વધુ . . . . . . વળાંક હોય છે. (૨, ૫, ૩)

૫) . . . . . . શરીર નિરૂપભોગ હોય છે. (તૈજસ, આહારક, કાર્મણ)

**જોડકાં જોડો.**

| | | | |
|---|---|---|---|
| ૧) ઔપશમિક | 5 | ૪) જન્મ | 2 |
| ૨) ઈન્દ્રિય | 3 | ૫) સ્થાવર | 2 |
| ૩) શરીર | 5 | | |

## B - હેમગિરાની અનુપ્રેક્ષા

૧) સોપક્રમ અને અનપવર્ત્ય બંને સાથે કઈ રીતે સંભવે ?

૨) આયુષ્ય ઘટે તેમ વધે કે નહીં ?

૩) ૧૦૦ વર્ષનું આયુષ્ય ૫૦ વર્ષમાં જ શી રીતે એક સાથે ભોગવાઈ જાય ? વ્યવહારિક દષ્ટાંતથી સમજાવો ?

૪) ઉપક્રમ કયા કયા છે ?

૫) પાંચ શરીરની ભિન્નતા વિવિધ દષ્ટિએ સમજાવો ?

૬) આહારક શરીર બનાવવાના કેટલા પ્રયોજનો છે ?

૭) કયા ચૌદપૂર્વી આહારકશરીર બનાવી શકે ?

**(હા/નામાં જવાબ આપો.)**

૧) ઉપક્રમ લાગવાથી જે આયુષ્ય તૂટે તે અથવા ઉપક્રમ લાગવાની જેને સંભાવના છે તે સોપક્રમ આયુષ્ય કહેવાય ?

૨) રાગ, સ્નેહ અને ભય આ ત્રણે અભ્યંતર ઉપક્રમ છે ?

૩) ઔદારિક શરીર સ્થૂલ જ હોય, સૂક્ષ્મ ન હોય ?

૪) માનવ અને તિર્યંચોને ગર્ભ જન્મ જ હોય ?

૫) માત્ર દેવોને જ ઉપપાત જન્મ હોય ?

૬) ભગવતી સૂત્રમાં સૂત્રથી ત્રણ વિગ્રહવાળી ગતિ દેખાડી છે ?

**ખાલી જગ્યા પૂરો.**

૧) મિશ્ર ભાવમાં . . . . . . ભાવનો સમાવેશ કર્યો છે. (સાન્નિપાતિક, ક્ષયોપશમિક, ક્ષાયિક)

૨) ક્ષાયિક ભાવમાં 'च' શબ્દથી . . . . . . ભાવોનું અનુકર્ષણ કર્યું છે. (૨૦, ૧૨, ૨)

૩) લેશ્યાનો . . . . . . . . . કર્મ પ્રકૃતિમાં અંતર્ભાવ કર્યો છે. (નામ, મોહનીય, મનઃપર્યાપ્તિનામ)

૪) ભગવતી સૂત્રમાં . . . . . . પ્રકારની આત્માઓ બતાવી છે. (૮, ૧૦, ૧૫)

૫) વિભંગ જ્ઞાનીને . . . . . . દર્શન હોય છે. (ચક્ષુ, અવધિ, વિભંગ)

૬) બાદર પૃથ્વીમાં મણિના . . . . . . પ્રકાર નામપૂર્વક દર્શાવ્યા છે. (૧૪, ૨૪, ૧૮)

૭) ઉપયોગ . . . . . . પ્રકારની ચેતના સ્વરૂપ છે. (૧૨, ૮, ૨)

**જોડકાં જોડો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧) દ્રવ્યેન્દ્રિય | 5 | ૩) ઔદયિક ભાવ | 2 | ૫) ક્ષાયોપશમિક | 21 |
| ૨) ઉપયોગ | 18 | ૪) જ્ઞાનોપયોગ | 2 | | |

# પરિશિષ્ટ : ૨ - सूत्रानुक्रम

| સૂત્રાંક | સૂત્ર | પૃષ્ઠાંક | સૂત્રાંક | સૂત્ર | પૃષ્ઠાંક |
|---|---|---|---|---|---|
| १. | औपशमिक-क्षायिकौ भावो मिश्रश्च जीवस्य स्वतत्त्वमौदयिक-परिणामिकौ च | ४ | २५. | संज्ञिनः समनस्काः | १३९ |
| २. | द्वि-नवाष्टादशैकविंशति-त्रिभेदा यथाक्रमम् | २० | २६. | विग्रहगतौ कर्मयोगः | १४८ |
| ३. | सम्यक्त्व-चारित्रे | २४ | २७. | अनुश्रेणि गतिः | १५६ |
| ४. | ज्ञान-दर्शन-दान-लाभ-भोगोपभोग-वीर्याणि च | २६ | २८. | अविग्रहाजीवस्य | १६१ |
| ५. | ज्ञानाज्ञान-दर्शन-दानादिलब्धय-श्चतुस्त्रि-त्रि-पञ्चभेदाः सम्यक्त्व-चारित्र-संयमा-संयमाश्च | ३० | २९. | विग्रहवती च संसारिणः प्राक्चतुर्भ्यः | १६२ |
| ६. | गति-कषाय-लिङ्ग-मिथ्यादर्शनाज्ञाना संयता-सिद्धत्व-लेश्याश्चतुश्चतुस्त्र्ये कैकैकैक-षड्भेदाः | ३५ | ३०. | एकसमयोऽविग्रहः | १७७ |
| ७. | जीव-भव्याभव्यत्वादीनि च | ४३ | ३१. | एकं द्वौ वाऽनाहारकः | १८० |
| ८. | उपयोगो लक्षणम् | ५१ | ३२. | सम्मूर्छन-गर्भोपपाता जन्म | १८८ |
| ९. | सद्विविधोऽष्ट-चतुर्भेदः | ५८ | ३३. | सचित्त-शीत-संवृताः सेतरा मिश्राश्चैक-शस्तद्योनयः | १९१ |
| १०. | संसारिणो मुक्ताश्च | ७२ | ३४. | जराय्वण्ड-पोतजानां गर्भः | १९९ |
| ११. | समनस्काऽमनस्काः | ७४ | ३५. | नारक-देवानामुपपातः | २०१ |
| १२. | संसारिणस्त्रस-स्थावराः | ७८ | ३६. | शेषाणां सम्मूर्च्छनम् | २०२ |
| १३. | पृथिव्यम्बु-वनस्पतयः स्थावराः | ७९ | ३७. | औदारिक-वैक्रियाहारक-तैजस-कार्मणानि शरीराणि | २०५ |
| १४. | तेजो-वायू द्वीन्द्रियादयश्च त्रसाः | ८९ | ३८. | परं परं सूक्ष्मम् | २१३ |
| १५. | पञ्चेन्द्रियाणि | ९३ | ३९. | प्रदेशतोऽसंख्येयगुणं प्राक् तैजसात् | २१६ |
| १६. | द्विविधानि | १०१ | ४०. | अनन्तगुणे परे | २१९ |
| १७. | निर्वृत्त्युपकरणे द्रव्येन्द्रियम् | १०२ | ४१. | अप्रतिघाते | २२१ |
| १८. | लब्ध्युपयोगौ भावेन्द्रियम् | १०९ | ४२. | अनादिसम्बन्धे च | २२३ |
| १९. | उपयोगः स्पर्शादिषु | ११४ | ४३. | सर्वस्य | २२५ |
| २०. | स्पर्शन-रसन-घ्राण-चक्षुः-श्रोत्राणि | ११९ | ४४. | तदादिनि भाज्यानि युगपदेकस्याचतुर्भ्यः | २३३ |
| २१. | स्पर्श-रस-गन्ध-वर्ण-शब्दास्तेषामर्थाः | १२१ | ४५. | निरुपभोगमन्त्यम् | २४० |
| २२. | श्रुतमनिन्द्रियस्य | १२७ | ४६. | गर्भ-सम्मूर्छनजमाद्यम् | २४१ |
| २३. | वाय्वन्तानामेकम् | १३१ | ४७. | वैक्रियमौपपातिकम् | २५० |
| २४. | कृमि-पिपीलिका-भ्रमर-मनुष्यादी-नामेकैकवृद्धानि | १३३ | ४८. | लब्धिप्रत्ययं च | २५१ |
| | | | ४९. | शुभं विशुद्धमव्याघाति चाहारकं चतुर्दशपूर्वधरस्यैव | २५२ |
| | | | ५०. | नारक-सम्मूर्छिनो नपुंसकानि | २८१ |
| | | | ५१. | न देवाः | २८४ |
| | | | ५२. | औपपातिक-चरमदेहोत्तमपुरुषाऽसङ्ख्येयवर्षायुषोऽनपवर्त्यायुषः | २९७ |

# પરિશિષ્ટ : ૩ - अकारादिक्रमेण सूत्रानुक्रम



| ક્રમ | સૂત્ર | સૂત્રાંક | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| १. | अनन्तगुणे परे | ४० | २१९ |
| २. | अनादिसम्बन्धे च | ४२ | २२३ |
| ३. | अनुश्रेणि गतिः | २७ | १५६ |
| ४. | अप्रतिघाते | ४१ | २२१ |
| ५. | अविग्रहा जीवस्य | २८ | १६१ |
| ६. | उपयोगो लक्षणम् | ८ | ५१ |
| ७. | उपयोगः स्पर्शादिषु | १९ | ११४ |
| ८. | एकसमयोऽविग्रहः | ३० | १७७ |
| ९. | एकं द्वौ वाऽनाहारकः | ३१ | १८० |
| १०. | औदारिक-वैक्रियाहारक-तैजस-कार्मणा-नि शरीराणि | ३७ | २०५ |
| ११. | औपपातिक-चरमदेहोत्तमपुरुषाऽसंख्येयवर्षायुषोऽनपवर्त्यायुषः | ५२ | २९७ |
| १२. | औपशमिक-क्षायिकौ भावौ मिश्रश्च जीवस्य स्वतत्त्वमौदयिक-पारिणामिकौ च | १ | ४ |
| १३. | कृमि-पिपीलिका-भ्रमर-मनुष्यादीनामे कैकवृद्धानि | २४ | १३३ |
| १४. | गति-कषाय-लिङ्ग-मिथ्यादर्शनाज्ञाना संयता-सिद्धत्व-लेश्याश्चतुश्चतुस्त्र्ये कैकैकैक-षड्भेदाः | ६ | ३५ |
| १५. | गर्भ-सम्मूर्छनजमाद्यम् | ४६ | २४९ |
| १६. | जराय्वण्ड-पोतजानां गर्भः | ३४ | १९९ |
| १७. | जीव-भव्याभव्यत्वादीनि च | ७ | ४३ |
| १८. | ज्ञान-दर्शन-दान-लाभ-भोगोपभोग-वीर्याणि च | ४ | २६ |
| १९. | ज्ञानाज्ञान-दर्शन-दानादिलब्धयश्चतुस्त्रित्रि-पञ्चभेदाः सम्यक्त्व-चारित्र-संयमा-संयमाश्च | ५ | ३० |
| २०. | तदादिनि भाज्यानि युगपदेकस्याचतुर्भ्यः | ४४ | २३३ |
| २१. | तेजो-वायू-द्वीन्द्रियादयश्च त्रसाः | १४ | ८९ |
| २२. | द्वि-नवाष्टादशैकविंशति-त्रिभेदा यथाक्रमम् | २ | २० |
| २३. | द्विविधानि | १६ | १०१ |
| २४. | न देवाः | ५१ | २८४ |
| २५. | नारक-देवानामुपपातः | ३५ | २०१ |
| २६. | नारक-सम्मूर्छिनो नपुंसकानि | ५० | २८१ |
| २७. | निरुपभोगमन्त्यम् | ४५ | २४० |
| २८. | निर्वृत्त्युपकरणे द्रव्येन्द्रियम् | १७ | १०२ |
| २९. | पञ्चेन्द्रियाणि | १५ | ९३ |
| ३०. | परं परं सूक्ष्मम् | ३८ | २१३ |
| ३१. | पृथिव्यम्बु-वनस्पतयः स्थावराः | १३ | ७९ |
| ३२. | प्रदेशतोऽसंख्येयगुणं प्राक् तैजसात् | ३९ | २१६ |
| ३३. | लब्धिप्रत्ययं च | ४८ | २५१ |
| ३४. | लब्ध्युपयोगौ भावेन्द्रियम् | १८ | १०९ |
| ३५. | वाय्वन्तानामेकम | २३ | १३१ |
| ३६. | विग्रहगतौ कर्मयोगः | २६ | १४८ |
| ३७. | विग्रहवती च संसारिणः प्राक्चतुर्भ्यः | २९ | १६२ |
| ३८. | वैक्रियमौपपातिकम् | ४७ | २५० |
| ३९. | शुभं विशुद्धमव्याघाति चाहारकं-चतुर्दशपूर्वधरस्यैव | ४९ | २५२ |
| ४०. | शेषाणां सम्मूर्च्छनम् | ३६ | २०२ |
| ४१. | श्रुतमनिन्द्रियस्य | २२ | १२७ |
| ४२. | सचित्त-शीत-संवृताः सेतरा मिश्राश्चैक-शस्तद्योनयः | ३३ | १९१ |
| ४३. | सद्विविधोऽष्ट-चतुर्भेदः | ९ | ५८ |
| ४४. | सम्मूर्छन-गर्भोपपाता जन्म | ३२ | १८८ |
| ४५. | समनस्काऽमनस्काः | ११ | ७४ |
| ४६. | सम्यक्त्व-चारित्रे | ३ | २४ |
| ४७. | सर्वस्य | ४३ | २२५ |
| ४८. | संसारिणो मुक्ताश्च | १० | ७२ |
| ४९. | संसारिणस्त्रस-स्थावराः | १२ | ७८ |
| ५०. | संज्ञिनः समनस्काः | २५ | १३९ |
| ५१. | स्पर्शन-रसन-घ्राण-चक्षु-श्रोत्राणि | २० | ११९ |
| ५२. | स्पर्श-रस-गन्ध-वर्ण-शब्दास्तेषामर्थाः | २१ | १२१ |

# परिशिष्ट : ४ - श्वेतांबर - दिगंबर पाठ भेद

| सूत्राङ्क | श्वेताम्बर पाठ | सूत्राङ्क | दिगम्बर पाठ |
|---|---|---|---|
| ५. | ज्ञानाज्ञानदर्शनदानादिलब्धयश्चतुस्त्रि-त्रिपञ्च भेदा: सम्यक्त्व० | ५. | ज्ञानाज्ञानदर्शनलब्धयश्चतुस्त्रि-त्रिपञ्चभेदा: सम्यक्त्व० |
| ६. | गतिकषायलिङ्गमिथ्यादर्शनाज्ञाना-संयतासिद्धत्व० | ६. | गतिकषायलिङ्गमिथ्यादर्शनाज्ञाना-संयतासिद्ध० |
| ७. | जीवभव्याभव्यत्वादीनि च | ७. | जीवभव्याभव्यत्वानि च |
| १३. | पृथिव्यम्बुवनस्पतय: स्थावरा: | १३. | पृथिव्यप्तेजो वायुवनस्पतय: स्थावरा: |
| १८. | तेजोवायुद्वीन्द्रियादयश्च त्रसा: | १४. | द्वीन्द्रियादयस्त्रसा: |
| १९. | उपयोग: स्पर्शादिषु | * | सूत्रं नास्ति |
| २१. | स्पर्शरसगन्धवर्णशब्दास्तेषामर्था: | २०. | स्पर्शरसगन्धवर्णशब्दास्तदर्था: |
| २३. | वाय्वन्तानामेकम् | २२. | वनस्पत्यान्तानामेकम् |
| ३०. | एकसमयोविग्रह: | २९. | एक समयाऽविग्रहा: |
| ३१. | एकं द्वौ वाऽनाहारक: | ३०. | एकं द्वौ त्रीन्वाऽनाहारक: |
| ३२. | सम्मूर्च्छनगर्भोपपाता जन्म | ३१. | सम्मूर्च्छनगर्भोपपादा जन्म: |
| ३४. | जराय्वण्डपोतजानां गर्भ: | ३३. | जराय्वण्डजपोतानां गर्भ: |
| ३५. | नारकदेवानामुपपात: | ३४. | देवनारकाणामुपपाद: |
| ३७. | औदारिक वैक्रिया० | ३६. | औदारिक वैक्रियिका० |
| ४१. | अप्रतिघाते | ४०. | अप्रतीघाते |
| ४४. | तदादीनिभाज्यानि युगपदेकस्याऽऽचतुर्भ्य: | ४३. | तदादीनिभाज्यानियुगपदेकस्मिन्नाचतुर्भ्य: |
| ४७. | वैक्रियमौपपातिकम् | ४६. | औपपादिक वैक्रियिकम् |
| | * सूत्रं नास्ति | ४८. | तैजसमपि |
| ४९. | शुभं विशुद्धमव्याघाति चाहारकं चतुर्दश पूर्वधरस्यैव | ४९. | शुभं विशुद्धंमव्याघातिचाहारकं-प्रमतसंयतस्यैव |
| | * सूत्रं नास्ति | ५२. | शेषास्त्रिवेदा: |
| ५२. | औपपातिकचरमदेहोत्तमपुरुषाऽसंख्येय वर्षायुषो० | ५३. | औपपादिक चरमोत्तमदेहाऽसंख्येय-वर्षायुषो० |

# શ્વેતાબંર - દિગંબર પાઠભેદ સ્પષ્ટીકરણ

(શ્વેતાંબર) (દિગંબર)

સૂત્ર ૫માં **दानादिलब्धय:**ને સ્થાને **लब्धय:** છે.

સૂત્ર ૬માં **सिद्धत्व**ને બદલે **सिद्ध** છે.

સૂત્ર ૭માં **त्वादीनी**ને બદલે **त्वानि** છે.

સૂત્ર ૧૩માં **पृथिव्यम्बु**ને બદલે **पृथिव्युप्तेजो वायु** છે.

સૂત્ર ૧૮માં **तेजोवायु** અને છેલ્લે **च** એટલા શબ્દો નથી.

સૂત્ર ૧૯માં દિગંબર આમ્નાયમાં નથી.

સૂત્ર ૨૧માં **तेषामर्था**ને સ્થાને **तदर्था:** છે.

સૂત્ર ૨૩માં **वाय्वन्तानाम्** બદલે **वनस्पत्यानाम्** છે.

સૂત્ર ૩૦માં **एक समयोऽविग्रह**ને બદલે **एक समयाऽविग्रहा** એવું સ્ત્રીલિંગ પદ છે.

સૂત્ર ૩૧માં **त्रीन्** શબ્દ વધારે છે.

સૂત્ર ૩૨માં **पपाता**ને બદલે **पपादा** છે.

સૂત્ર ૩૪માં **जरायु** અને **अण्ड** સાથે **ज** જોડેલ છે અને **पोत** સાથે **ज** જોડેલ નથી.

સૂત્ર ૩૫માં દેવનો ક્રમ પૂર્વે મુકી **देवनारका०** કહ્યું છે. **पात**ને બદલે **पाद** છે.

સૂત્ર ૩૭૫માં **वैक्रिय**ને સ્થાને **वैक्रियिक** છે.

સૂત્ર ૪૧માં **अप्रति**ને સ્થાને **अप्रती** એવો દીર્ઘ ઈકાર છે.

સૂત્ર ૪૪માં **एकस्य**ને બદલે **एकस्मिन्** છે.

સૂત્ર ૪૭માં **पातिक**ને બદલે **पादिक** છે, **वैक्रिय**ને બદલે **वैक्रियिकम्** છે તેમજ ક્રમ પણ આગળ પાછળ છે.

સૂત્ર ૪૯માં **चतुर्दश पूर्वधर**ને બદલે **प्रमत्तसंयत** લખેલ છે.

સૂત્ર ૫૨માં **पातिक**ને બદલે **पादिक** છે. **चरमदेहोत्तम**ને સ્થાને **चरमोत्तमदेहा** એવો ક્રમ ફેરફાર છે.

દિગંબર આમ્નાયમાં **तैजसमपि** અને **शेषास्त्रिवेदा:** બે સૂત્રો છે. જે અહીં સૂત્રકારે સ્વોપજ્ઞભાષ્યમાં સમાવી દીધા છે અને ૧૯મું **उपयोग: स्पर्शादिषु** સૂત્ર નથી માટે તેઓમાં કુલ **૫૩** સૂત્ર છે.

# परिशिष्ट - ५

## तत्त्वार्थाधिगमसूत्राणां बीजभूत "आगम सूत्राणि"

*तत्त्वार्थसूत्र अध्याय - १, सूत्र - १*

छव्विहे भावे पण्णत्ते, तं जहा-ओदइए उपसमिते खत्तिते खतोवसमिते पारिणामिते सन्निवाइए। (स्थानांग स्थान - ६, सूत्र - ५३७)

*तत्त्वार्थसूत्र अध्याय - २, सूत्र - २, ३, ४, ५, ६, ७*

से किं तं उदइए ? दुविहे पण्णत्ते, तं जहा - उदइए अ उदयनिप्फण्णे अ। से किं तं उदइए ? अट्ठण्हं कम्मपयडीणं उदएणं, से तं उदइए। से किं तं उदयनिप्फन्ने ? दुविहे पण्णत्ते, तं जहा - जीवोदयनिप्फन्ने अ अजीवोदयनिप्फन्ने अ। से किं तं जीवोदयनिप्फन्ने ? अणेगविहे पण्णत्ते, तं जहा - णेरइए तिरिक्खजोणिए मणुस्से देवे पुढविकाइए जाव तसकाइए कोहकसाई जाव लोहकसाई इत्थीवेदए पुरिसवेदए णपुंसगवेदए कण्हलेसे जाव सुक्कलेसे मिच्छादिट्ठो अविरए असण्णी अण्णाणी आहारए छउमत्थे सजोगी संसारत्थे असिद्धे, से तं जीवोदयनिप्फन्ने। से किं तं अजीवोदयनिप्फन्ने ? अणेगविहे पण्णत्ते, तं जहा - उरालिअं वा सरीरं उरालिअसरीर पओगपरिणामिअं वा दव्वं, वेउव्विअं वा सरीरं वेउव्वियसरीरपओगपरिणामिअं वा दव्वं, एवं आहारगं सरीरं तेअगं सरीरं कम्मगसरीरं च भाणिअव्वं, पओगपरिणामिए वण्णे गंधे रसे फासे, से तं अजीवोदयनिप्फण्णे। से तं उदयनिप्फण्णे, से तं उदइए।

से किं तं उवसमिए ? दुविहे पण्णत्ते, तं जहा - उवसमे अ उवसमनिप्फणे अ। से किं तं उवसमे ? मोहणिज्जस्स कम्मस्स उवसमेणं, से तं उवसमे। से किं तं उवसमनिप्फण्णे ? अणेगविहे पण्णत्ते, तं जहा - उवसंतकोहे जाव उवसंतलोभे उवसंतपेज्जे उवसंतदोसे उवसंतदंसण-मोहणिज्जे उवसंतमोहणिज्जे उवसमिआ सम्मत्तलद्धि उवसमिआ चरित्तलद्धी उवसंतकसाय-छउमत्थवीयरागे, से तं उवसमनिप्फण्णे। से तं उवसमिए।

से किं तं खइए ? दुविहे पण्णत्ते तं जहा - खइए अ खयनिप्फण्णे अ। से किं तं खइए ? अट्ठण्हं कम्मपयडीणं खएणं, से तं खइए। से किं तं खयनिप्फण्णे ? अणेगविहे पण्णत्ते, तं जहा - उप्पण्णणाणदंसणधरे अरहा जिणे केवली खीणआभिणिबोहियणाणावरणे खीणसुअणाणावरणे खीणओहिणाणावरणे खीणमणपज्जवणाणावरणे खीणकेवलणाणावरणे अणावरणे निरावरणे खीणावरणे णाणावरणिज्जकम्मविप्पमुक्के; केवलदंसी सव्वदंसी खीणनिद्दे खीणनिद्दानिद्दे खीण-पयले खीणपयला-पयले खीणथीणगिद्धी खीणचक्खुदंसणावरणे खीणअचक्खुदंसणावरणे खीणओहिदंसणावरणे खीणकेवलदंसणावरणे अणावरणे निरावरणे खीणावरणे दरिसणा-

वरणिज्जकम्मविप्पमुक्के; खीणसायावेअणिज्जे खीणअसायावेअणिज्जे अवेअणे निव्वेअणे खीणवेअणे सुभासुभवेअणिज्जकम्मविप्पमुक्के; खीणकोहे जाव खीणलोहे खीणपेज्जे खीणदोसे खीणदंसण-मोहणिज्जे खीणचरित्तमोहणिज्जे अमोहे निम्मोहे खीणमोहे मोहणिज्जकम्मविप्पमुक्के; खीणणेरइ-आउए खीणतिरिक्खजोणिआउए खीणमणुस्साउए खीणदेवाउए, अणाउए, निराउए खीणाउए, आउकम्मविप्पमुक्के; गइजाइसरीरंगोवंगबंधणसंघयण संठाणअणेगबोंदिविंदसंघायविप्पमुक्के खीण-सुभनामे खीणअसुभणामे अणामे निण्णामे खीणनामे सुभासुभणामकम्मविप्पमुक्के; खीणउच्चा-गोए खीणणीआगोए अगोए निग्गोए खीणगोए उच्चणीयगोत्तकम्मविप्पमुकके; खीणदाणंतराए, खीणलाभंतराए खीणभोगंतराए खीणउवभोगंतराए खीणविरियंतराए-अणंतराए णिरंतराए खीणंतराए अंतराकम्मविप्पमुक्के; सिद्धे बुद्धे मुत्ते परिणिव्वुए अंतगडे सव्वदुक्खप्पहीणे, से तं खयनिप्फण्णे, से तं खइए।

से किं तं खओवसमिए ? दुविहे पण्णत्ते, तं जहा - खओवसमिए य खओवसम-निप्फण्णे य। से किं तं खओवसमे ? चउण्हं घाइकम्माणं खओवसमेणं, तं जहा - णाणावरणि-ज्जस्स दंसणावरणिज्जस्स मोहणिज्जस्स अंतरायस्स खओवसमेणं, से तं खओवसमे। से किं तं खओवसम-निप्फण्णे ? अणेगविहे पण्णत्ते, तं जहा - खओवसमिआ आभिणिबोहिअ - णाणलद्धी जाव खओवसमिआ मणपज्जवणाणलद्धी खओवसमिआ मइअण्णाणलद्धी खओव-समिया सुअअण्णाणलद्धी खओवसमिआ विभंगणाणलद्धी खओवसमिआ चक्खुदंसणलद्धी अचक्खुदंसणलद्धी ओहिदंसणलद्धी एवं सम्मदंसणलद्धी मिच्छादंसणलद्धी सम्ममिच्छादंसण-लद्धी खओवसमिआ सामाइअचरित्तलद्धी एवं छेदोवट्ठावणलद्धी परिहारविसुद्धिअलद्धी सुहुमसंपरायचरित्तलद्धी एवं चरित्ताचरित्तलद्धी खओवसमिआ दाणलद्धी एवं लाभलद्धी भोगलद्धी उपभोगलद्धी खओवसमिआ वीरिअलद्धी एवं पंडिअवीरिअलद्धी बालवीरिअलद्धी बालपंडिअ-वीरिअलद्धी खओवसमिआ सोइन्दियलद्धी जाव खओवसमिआ फासिंदिय-लद्धी खओवसमिए आयारंगधरे एवं सुअगडंगधरे ठाणंगधरे समवायंगधरे विवाहपण्णत्तिधरे नायधम्मकहा० उवासगदसा० अंतगडदसा० अणुत्तरोववाइ अदसा० पण्हावागरणधरे विवाहसुअधरे खओवसमिए दिट्ठिवायधरे खओवसमिए णवपुव्वी खओवसमिए जाव चउद्दसपुव्वी खओवसमिए गणी खओवसमिए वायए, से तं खओवसमनिप्फण्णे। से तं खओवसमिए।

से किं तं पारिणामिए ? दुविहे पण्णत्ते, तं जहा - साइपारिणामिए अ अणाइपारिणामिए अ। से किं तं साइपारिणामिए ? अणेगविहे पण्णत्ते, तं जहा -

जुण्णसुरा जुण्णगुलो जुण्णघयं जुण्णतंदुला चेव।
अब्भो य अब्भा य अब्भ रुक्खा संझा गंधव्वणगरा य।।२४।।

उक्कावाया दिसादाहा गज्जियं विज्जूणिग्घाया जूवया जक्खादित्ता धूमिआ महिआ रयुग्घाया

चंदोवरागा सूरोवरागा चंदपरिवेसा सूरपरिवेसा पडिचंदा पडिसूरा इन्दधणू उदगमच्छा कवि-हसिया अमोहा वासा वासधरा गामा णगरा धरा पव्वता पायाला भवणा निरया रयणप्पहा सक्करप्पहा वालुअप्पहा पंकप्पहा धूमप्पहा तमप्पहा तमतमप्पहा सोहम्मे जाव अच्चूए गेवेज्जे अणुत्तरे ईसिप्पभाए परमाणुपोग्गले दुपएसिए जाव अणंतपएसिए, से तं साइपरिणामिए। से किं तं अणाइपरिणामिए ? धम्मत्थिकाए अधम्मत्थिकाए आगासत्थिकाए जीवत्थिकाए पुग्गलत्थिकाए अद्धासमए लोए अलोए भवसिद्धिआ अभवसिद्धिआ, से तं अणाइपारिणामिए। से तं पारिणामिए।

(अनुयोगद्वार सूत्र षट्भावाधिकार)

*तत्त्वार्थसूत्र अध्याय - २, सूत्र - ८*

उवओगलक्खणे जीवे। (भगवती सूत्र शत. - २, उद्देश - १०)

जीवो उवओगलक्खणो। (उत्तराध्ययन सूत्र अध्ययन - २८, गाथा - १०)

*तत्त्वार्थसूत्र अध्याय - २, सूत्र - ९*

कतिविहे णं भंते ! उवओगे पण्णत्ते ? गोयमा ! दुविहे उवओगे पण्णत्ते, तं जहा - सागारोवओगे, अणागारोवओगे य।।१।। सागारोवओगे णं भंते ! कतिविहे पण्णत्ते ? गोयमा ! अट्ठविहे पण्णत्ते। (प्रज्ञा. सूत्र पद - २९)

अणागारोवओगे णं भंते ! कतिविहे पण्णत्ते ? गोयमा ! चउव्विहे पण्णत्ते। (प्रज्ञा. सूत्र - २९)

*तत्त्वार्थसूत्र अध्याय - २, सूत्र - १०*

संसारसमावन्नगा चेव असंसारसमावन्नगा चेव।। (स्था. स्थान - २, उद्दे. - १, सूत्र - ४९)

*तत्त्वार्थसूत्र अध्याय - २, सूत्र - ११*

दुविहा नेरइया पण्णत्ता - तं जहा - सन्नी चेव असन्नी चेव,
एवं पंचेदिया सव्वे विगलिंदियवज्जा जाव वाणमंतरा वेमाणिया।

( स्था. स्थान - २, उद्दे. - १, सूत्र - ७९)

*तत्त्वार्थसूत्र अध्याय - २, सूत्र - १२*

तसच्चेव थावराच्चेव। (स्था. स्थान - २, उद्दे. - १, सूत्र - ४९)

*तत्त्वार्थसूत्र अध्याय - २, सूत्र - १३*

पंच थावरकाया पण्णत्ता, तं जहा - इंदे थावरकाए (पुढवीथावरकाए) बंभेथावरकाए (आऊथावरकाए) सिप्पे थावरकाए (तेऊ थावरकाए) संमती थावरकाए (वाऊथावरकाए) पाचावच्चेथावरकाए (वणस्सइथावरकाए)। (स्था. स्थान - ५, उद्दे. - १, सूत्र - ३९४)

*तत्त्वार्थसूत्र अध्याय - २, सूत्र - १४*

से किं तं ओराला तसा पाणा ? चउव्विहा पण्णत्ता, तं जहा - बेइंदिया तेइंदिया चउरिंदिया पंचेदिया। (जीवाभिगम प्रतिपत्ति - १, सूत्र - २७)

*तत्त्वार्थसूत्र अध्याय - २, सूत्र - १५*

कति णं भंते ! इंदिया पण्णत्ता ? गोयमा ! पंचेंदिया पण्णत्ता।
(प्रज्ञा. सूत्र - १५, इन्द्रिय पद उद्दे. - सू. १९१)

*तत्त्वार्थसूत्र अध्याय - २, सूत्र - १६*

कइविहा णं भंते ! इंदिया पण्णत्ता ? गोयमा ! दुविहा पण्णत्ता, तं जहा - दव्विंदिया य भाव्विंदिया य। (प्रज्ञा. पद - १५, उद्दे - १)

*तत्त्वार्थसूत्र अध्याय - २, सूत्र - १७*

कइविहा णं भते ! इंदियउवचए पण्णत्ते ? गोयमा ! पंचविहा इंदियउवचए पण्णत्ते।

कइविहे णं भंते ! इन्दियणिवत्तणा पण्णत्ता ? गोयमा ! पंचविहा इन्दियणिवत्तणा पण्णत्ता।
(प्रज्ञा. उद्दे. - २, इन्द्रिय पद - १५)

*तत्त्वार्थसूत्र अध्याय - २, सूत्र - १८*

कतिविहा णं भंते ! इन्दियलद्धी पण्णत्ता ? गोयमा ! पंचविहा इन्दियलद्धी पण्णत्ता।

कतिविहा णं भंते ! इन्दिय उवउगद्धा पण्णत्ता ? गोयमा ! पंचविहा इन्दियउवउगद्धा पण्णत्ता। (प्रज्ञा. उद्दे. - २, इन्द्रिय पद - १५)

*तत्त्वार्थसूत्र अध्याय - २, सूत्र - २०*

सोइन्दिए चक्खिंदिए घाणिंदिए जिब्भिंदिए फासिंदिए। (प्रज्ञा. इन्द्रिय पद - १५)

पंच इन्दियत्था पण्णत्ता, तं जहा - सोइन्दियत्थे जाव फासिंदियत्थे।
(स्था. स्थान - ५, उद्दे. - ३, सूत्र - ४४३)

*तत्त्वार्थसूत्र अध्याय - २, सूत्र - २१*

सुणइत्ति सुअं। (नन्दि सूत्र - २४)

*तत्त्वार्थसूत्र अध्याय - २, सूत्र - २२*

से किं तं एगिंदियसंसारसमावन्नजीवपण्णवणा ? एगिंदियसंसारसमावण्णजीवपण्णवणा पंचविहा पण्णत्ता, तं जहा - पुढवीकाइया, आउकाइया, तेउकाइया, वाउकाइया, वणस्सइकाइया।
(प्रज्ञा. प्रथम पद)

*तत्त्वार्थसूत्र अध्याय - २, सूत्र - २३*

**किमिया-पिपीलिया-भमरा-मणुस्स इत्यादि।** (प्रज्ञा. प्रथम पद)

*तत्त्वार्थसूत्र अध्याय - २, सूत्र - २४*

**जस्स णं अत्थि ईहा अवोहो मग्गणा गवेसगाचिंता वीमंसा से णं सण्णीति लब्भइ। जस्स णं नत्थि ईहा अवोहो मग्गणा गवेसगाचिंता वीमंसा से णं असन्नीति लब्भइ।**

(नन्दि सूत्र - ४०)

*तत्त्वार्थसूत्र अध्याय - २, सूत्र - २५*

**कम्मासरीरकायप्पओगे।** (प्रज्ञा. पद - १६)

*तत्त्वार्थसूत्र अध्याय - २, सूत्र - २६*

**परमाणुपोग्गलाणं भंते ! किं अणुसेढीं गती पवत्तति विसेढिं गती पवत्तति ? गोयमा ! अणुसेढीं गती पवत्तति नो विसेढिं गती पवत्तती ? दुपएसियाणं भंते ! खंधाणं अणुसेढीं गती पवत्तति विसेढिं गती पवत्तति एवं चेव, जाव अणंतपएसियाणं खंधाणं१ नेरइयाणं भंते ! किं अणुसेढीं गती पवत्तति एवं विसेढिं गती पवत्तति एवं चेव, एवं जाव वेमाणियाणं।**

(व्याख्या प्र. शत. - २५, उद्दे. - ३, सूत्र - ७३०)

*तत्त्वार्थसूत्र अध्याय - २, सूत्र - २७*

**उजूसेढीपडिवन्ने अफुसमाणगई उड्ढं एक्कसमएणं अविग्गहेणं गंता सागारोवउत्ते सिज्झिहिइ।**

(औपपातिक सूत्र सिद्धाधिकार सूत्र - ४३)

*तत्त्वार्थसूत्र अध्याय - २, सूत्र - २८*

**णेरइयाणं उक्कोसेणं तिसमतीतेणं विग्गहेणं उववज्जंति एगिंदिवज्जं जाव वेमाणियाणं।**

(स्था. स्थान - ३, उद्दे. - ४, सूत्र - २२५)

*तत्त्वार्थसूत्र अध्याय - २, सूत्र - २९*

**एगसमइयो विग्गहो नत्थि।** (व्या. प्रज्ञ. श. - ३४, सूत्र - ८५१)

*तत्त्वार्थसूत्र अध्याय - २, सूत्र - ३०*

**अणाहारे णं भंते ! अणाहार एत्ति पुच्छा ? गोयमा ! अणाहारए दुविहे पण्णत्ते, तं जहा - छउमत्थअणाहारए, केवलीअणाहारए, ..... गोयमा ! अजहण्णमनुक्कोसेणं तिण्णिसमया।**

(प्रज्ञा. पद - १८, द्वार - १४)

*तत्त्वार्थसूत्र अध्याय - २, सूत्र - ३१*

गब्भवक्कन्तिया..... (उत्त. - ३६, गाथा - ११७)

अंडया पोतया जराउया..... समुच्छिया..... उववाइया।

(दशवैकालिक अध्याय - ४, त्रसाधिकार)

*तत्त्वार्थसूत्र अध्याय - २, सूत्र - ३२*

कइविहाणं भंते ! जोणी पण्णत्ता ? गोयमा ! तिविहा जोणी पण्णत्ता, तं जहा - सीया जोणी, उसिणा जोणी सीओसिणा जोणी। तिविहा जोणी पण्णत्ता, तं जहा - सचित्ता जोणी, अचित्ता जोणी, मीसिया जोणी। तिविहा जोणी पण्णत्ता, तं जहा - संवुडा जोणी, वियडा जोणी, संवुडवियडा जोणी। (प्रज्ञा. योनिपद - ९)

*तत्त्वार्थसूत्र अध्याय - २, सूत्र - ३३*

अंडया पोतया जराउया। (दश. अध्याय - ४)

गब्भवक्कंतियाय। (प्रज्ञा. - १ पद)

*तत्त्वार्थसूत्र अध्याय - २, सूत्र - ३४*

दोण्हं उववाए पण्णत्ते देवाणं चेव नेरइयाणं चेव। (स्था. स्थान - २, उद्दे. - ३, सूत्र - ८५)

*तत्त्वार्थसूत्र अध्याय - २, सूत्र - ३५*

संमुच्छिमाय इत्यादि। (प्रज्ञा. पद - १) (सूत्रकृतांग द्वितीय श्रुतस्कंध, तृतीयाध्ययन)

*तत्त्वार्थसूत्र अध्याय - २, सूत्र - ३६*

कति णं भंते : सरीरया पण्णत्ता ? गोयमा ! पंच सरीरा पण्णत्ता, तं जहा - ''औरालिते, वेउव्विए, आहारए, तेयए, कम्मए।'' (प्रज्ञा. शरीर पद - २१)

*तत्त्वार्थसूत्र अध्याय - २, सूत्र - ३७, ३८, ३९*

गोयमा ! सव्वत्थोवा आहारगसरीरा दवट्ठयाए वेउव्वियसरीरा दवट्ठयाए असंखेज्जगुणा ओरालियसरीरा दव्वट्ठयाए असंखेज्जगुणा तेयाकम्मसरीरा दोवि तुल्ला दव्वट्ठयाए अणंतगुणा, पदेसट्ठाए सव्वत्थोवा आहारगसरीरा पदेसट्ठाए वेउव्वियसरीरा पदेसट्ठाए असंखेज्जगुणा ओरालियसरीरा पदेसट्ठाए असंखेज्जगुणा तेयगसरीरा पदेसट्ठाए अणंतगुणा कम्मगसरीरा पदेसट्ठाए अणंतगुणा इत्यादि। (प्रज्ञा. शरीर पद - २१)

*तत्त्वार्थसूत्र अध्याय - २, सूत्र - ४०*

अप्पडिहयगई। (राज. प्र. सूत्र - ६६)

*तत्त्वार्थसूत्र अध्याय - २, सूत्र - ४१*

कम्मगसरीरप्पयोगबंधे ..... अणाइए सपज्जवसिए अणाइए अपज्जवसिए वा एवं जहा तेयगस्स। (व्याख्याप्रज्ञप्ति शतक - ८, उद्दे. - ९ सू. - ३५१)

*तत्त्वार्थसूत्र अध्याय - २, सूत्र - ४२*

तेयगसरीरप्पयोगबंधे णं भन्ते ! कालओ कालचिरं होइ ? गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा - अणाइए वा अपज्जवसिए अणाइए वा सपज्जवसिए।

(व्याख्या प्र. शतक - ८, उद्दे. - ९, सूत्र - ३५०)

*तत्त्वार्थसूत्र अध्याय - २, सूत्र - ४३*

जस्स णं भंते ! ओरालियसरीरं ? गोयमा ! जस्स ओरालियसरीरं तस्स वेउव्वियसरीरं सिय अत्थि सिय णत्थि, जस्स वेउव्वियसरीरं तस्स ओरालियसरीरं सिय अत्थि सिय णत्थि। जस्स णं भंते ! ओरालियसरीरं तस्स आहारगसरीरं जस्स आहारगसरीरं तस्स ओरालियसरीरं ? गोयमा ! जस्स ओरालियसरीरं तस्स आहारगसरीरं सिय अत्थि सिय णत्थि, जस्स आहारग-सरीरं तस्स ओरालियसरीरं णियमा अत्थि। जस्स णं भंते ! ओरालियसरीरं तस्स तेयगसरीरं, जस्स तेयगसरीरं तस्स ओरालियसरीरं ? गोयमा ! जस्स ओरालियसरीरं तस्स तेयगसरीरं णियमा अत्थि, जस्स पुण तेयगसरीरं तस्स ओरालियसरीरं सिय अत्थि सिय णत्थि। एवं कम्मसरीरे वि। जस्स णं भंते ! वेउव्वियसरीरं तस्स आहारगसरीरं, जस्स आहारगसरीरं तस्स वेउव्विय-सरीरं ? गोयमा ! जस्स वेउव्वियसरीरं तस्स आहारगसरीरं णत्थि, जस्स पुण आहारगसरीरं तस्स वेउव्वियसरीरं णत्थि। तेयाकम्माइं जहा ओरालिएणं सममं तहेव, आहारगसरीरेण वि सम्मं तेयाकम्माइं तहेव उच्छारियव्वा। जस्स णं भंते ! तेयगसरीरं तस्स कम्मगसरीरं जस्स कम्मग-सरीरं तस्स तेयगसरीरं? गोयमा ! जस्स तेयगसरीरं तस्स कम्मगसरीरं णियमा अत्थि जस्स वि कम्मगसरीरं तस्सवि तेयगसरीरं णियमा अत्थि।

(प्रज्ञा. पद - २१)

*तत्त्वार्थसूत्र अध्याय - २, सूत्र - ४४*

विग्गहगइसमावन्नगाणं नेरइयाणं दोसरीरा पण्णत्ता, तं जहा - तेयए चेव कम्मए चेव ! निरंतरं जाव वेमाणियाणं। (स्था. स्थान - २, उद्दे. - १, सूत्र - ७६)

जीवे णं भंते ! गब्भं वक्कममाणे किं ससरीरी वक्कमइ, असरीरी वक्कमइ ?। गोयमा ! सिय ससरीरी वक्कमइ सिय असरीरी वक्कमइ। से केणट्ठेणं ? गोयमा ! ओरालियवेउव्विय-आहारयाइं पडुच्च असरीरी वक्कमइ। तेयाकम्माइं पडुच्च ससरीरी वक्कमइ।

(भग. श - १, उद्दे. - ७)

*तत्त्वार्थसूत्र अध्याय - २, सूत्र - ४५*

उरालिअसरीरे णं भंते कतिविहे पण्णत्ते ? गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा - समुच्छिम ......... गब्भवक्कंतिय। (प्रज्ञा. पद - २१)

*तत्त्वार्थसूत्र अध्याय - २, सूत्र - ४६*

णेरइयाणं दो सरीरगा पण्णत्ता, तं जहा - अब्भंतरगे चेव बाहिरगे चेव, अब्भंतरए कम्मए बाहिरए वेउव्विए, एवं देवाणं। (स्था. स्थान - २, उद्दे. - १, सूत्र - ७५)

*तत्त्वार्थसूत्र अध्याय - २, सूत्र - ४७*

वेउव्वियलद्धीए। (औपपातिक सूत्र - ४०)

*तत्त्वार्थसूत्र अध्याय - २, सूत्र - ४८*

तिहिं ठाणेहिं समणे णिग्गंथे संखित्तविउलतेउलेस्से भवति, तं जहा - आयावणताते १ खंतिखमाते २ अपाणगेणं तवो कम्मेणं ३.। (स्था. स्थान - ३, उद्दे. - ३, सूत्र - १८२)

*तत्त्वार्थसूत्र अध्याय - २, सूत्र - ४९*

आहारकसरीरे णं भंते ! कतिविहे पण्णत्ते ? गोयमा ! एगागारे पण्णत्ते ...... पमत्तसंजय सम्मदिट्ठि ...... समचउरंससंठाणसंठिए पण्णत्ते। (प्रज्ञा. पद - २१, सूत्र - २७३)

*तत्त्वार्थसूत्र अध्याय - २, सूत्र - ५०*

तिविहा नपुंसगा पण्णत्ता, तं जहा - णेरतियनपुंसगा तिरिक्खजोणियनपुंसगा मणुस्सनपुंसगा। (स्था. स्थान - ३, उद्दे. - १, सूत्र - १३१)

*तत्त्वार्थसूत्र अध्याय - २, सूत्र - ५१*

असुरकुमारा णं भंते ! किं इत्थीवेया पुरिसवेया नपुंसगवेया ? गोयमा ! इत्थीवेया पुरिसवेया णो नपुंसगवेया ...... जहा असुरकुमारा तहा वाणमंतरा जोइसिय वेमाणियावि। (समवायाङ्ग वेदाधिकरण सूत्र - १५६)

*तत्त्वार्थसूत्र अध्याय - २, सूत्र - ५२*

दो अहाउयं पालेंति देवाण चेव णेरइयाणं चेव। (स्था. स्थान - २, उद्दे. - ३, सूत्र - ७९)

देवा नेरइयावि य असंखवासाउया य तिरमणुआ।
उत्तमपुरिसा य तहा चरम सरीरा य निरुवक्कमा।। (इति स्थानाङ्गवृत्तौ)

# परिशिष्ट - ६

## श्री चिरन्तनाचार्यकृतटीप्पणकम्

१. **(औपशमिकक्षायिकौ मिश्रश्च)** - औपशमिकक्षायिकयोर्यथाक्रमं सर्वशः कर्मणामुपशमक्षयौ भवतः। प्रदेशतो विपाकतश्चेत्यर्थ॥ तद्यथा - जलपटलैरभिषिच्याभिषिच्य द्रुघणभृशकुट्टितरजः-पुञ्जोपमानि कर्माणि उपशमे जायन्ते। यथा भस्मसात्तु क्षायिकभावे भवन्ति। क्षायोपशमिको मिश्र इत्यनर्थान्तरम्। तत्र तु मारकपुरुष क्षयावलोकनभीतनिर्गच्छज्जिघांसुजनतावत्कर्मप्रयासः। कोऽर्थः, क्षयोपशमे सति पूर्वबद्धयथावद्विपाकशक्तेरुपशमः स्यात्प्रदेशतस्तूदयः स्यात्ततो विभक्तिभेदः॥

इह केचिद्वक्ष्यन्ति ननु सम्यक्त्वमोहनीयमप्यौदयिकभावे गृह्यतां, कर्मप्रकृतित्वात्। कर्मप्रकृतिश्च पुद्गल-निचिता, पुद्गलानां च वर्णगन्धरसस्पर्शगुणैरनादितन्मयत्वात् वर्णादयश्च परमार्थतो जीवस्याऽस्वकीया एव भवन्ति। चेतनालक्षणो जीव इति, चेतना ह्यरूपवती, ततः कथं मिथ्यादर्शनाख्यमोह एव औदयिक इति। अत्रोच्यते - देवानुप्रिय ! श्रूयतां - दर्शनमोहो यद्यपि त्रिधा प्ररूपितः, तथापि बन्धापेक्षया मिथ्यादर्शनस्यैवैकस्य बन्धो भवति, न च त्रयाणां तेषां, मिश्रसम्यक्त्वमोहयोर्विपाकैकाऽधिकारित्वात्, मिथ्यात्वपुद्गला एव परिणामविशुद्धिशोधिता वाच्यान्तरं भजन्ते हितार्थहेतवश्च भवन्ति हरिताल-प्रयोगवत् यथा हि तथाविधवैद्यजनतया सदुपायैरशोधितं तावद्धारि (वद्धरि) तालं लोकस्य तद्भक्षण-निरतस्य कुष्ठादिमहारोगविकारोत्पत्तिकारणं भवति, भृशपरीक्षितशोधितं च तदेव निखिल व्याधिमूलविनाशविधिदुर्निवारव्यसनं भवति। एवं महामोहोऽत्र मिथ्यात्वस्वरूपः, स च लेशतोऽपि सेविनोऽनन्तभवदुःखसन्ततये जायते, स एव कदाचित् परमभावविशुद्धिनिर्विषीकृतः प्रत्युत केवलिश्रुतसंघादिवर्णवादहेतुस्वभावो मुक्तिपदपदवीचरणगुणाय जाघटीति, ततश्च तस्य सम्यग्मोह इत्यभिधां प्राप्तस्याऽध्यक्षविचाराद् नहि चतुर्विधोऽपि बन्धो वक्तुं पार्यते। विपाकस्तु चेष्टत एव, परं शोधितहरितालनिर्विषत्वमनुवर्तनीयम्। कोऽर्थः सर्वथाऽपि मोहो बध्यमानः सन् महागरलबन्ध एव स्यात्, न च हरितालस्य रोगापहारिगुणरूपत्वेन सह मूलोत्पत्तिः। यश्च गुणनिबन्धनं योगस्तस्य स तु औपाधिकः पश्चादेव परप्रकाशित इत्यर्थः। उपाधावपि च तत्कथंचिच्छब्दान्तरं नाद्रियते, किन्तु विनिर्मलहरितालमित्येव। तथाऽसावपि सम्यक्त्वसाहाय्यदानात्सम्यक्त्वमोह इत्येव वाच्यः स्यात् न चैकान्तनामान्तरेण। ननु कथमेतदिति चेत् ब्रूमः → मोहशब्दसाहचर्यमद्याप्यस्तीति। अत्र तावानेव विपाकोऽनुभूयते यः खलु क्षायोपशमिकत्वं न व्यभिचरतीति शोधितयथाऽवस्थितविपाक इत्यर्थः। अत्यन्तविपाकस्तु बन्धं विना नागच्छतीति।

अत्र कोऽपि प्राह - क्षयोपशमसम्यक्त्वे यथा मिथ्यात्वमोहस्य क्षयोपशमस्तथा सम्यक्त्वमोहस्य, यथा च सम्यक्त्वमोहस्य तथा मिथ्यात्वमोहस्य, तत्कथं कथनयोग्यतैकत्वेऽपि सम्यग्मोहो विपाक-शब्देन कृत्वा भण्यते, व्यर्थं पुनः सम्यग्मोहस्य कर्मप्रकृतित्वं क्षयोपशमरूपत्वादेव तस्य। न च क्षयोपशमतयापि कर्मप्रकृतिर्वक्तुं योग्या। नो चेदवधिज्ञानिनामपि अवधिज्ञानावरणीयवन्तोऽमी इति

लोकोपचारविरुद्धा विख्यातिर्भवति। मैवं, यथा कश्चिद्भटविशेषः प्रतिज्ञां करोति-शतरूप्यक-धनतः परं द्रविणमात्रमेव मया लोकस्य लुण्टनीयमित्येवं च तस्य तिष्ठतः कदाचिद् द्वौ पथिकौ मिलितौ, एकस्य पार्श्वे धनलक्षं, द्वितीयस्य तु धनशतकमेव, ततोऽसौ भटः प्रथमं शतरूप्यक-धनावशेषं कृत्वा पर्यहरत्, द्वितीयस्तु यथास्थितधन एव त्यक्तः, नायं लुण्टित इत्युच्यते। न चापि विवक्षातोऽलुण्टित इति, शतरूप्यकातिरिक्त-वस्तुरक्षणासामर्थ्यकीर्त्यलाभात्। मत्वर्थीयप्रत्ययस्तु प्राधान्यम-पेक्षते, तद्यथा - निश्चीयते धनलक्षापहरणाऽवशेषितशतरूप्यकधनिकपुरुषाच्चिन्ताशोकविषाद दैन्यसमुद्र-पतितात् स्ववशभुज्यमानरूप्यशतकपुरुषो महाभागः पुण्यवानिति। ततश्च कार्यान्तरे तुल्यधनादपि पूर्वस्मादसौ सभ्याधिकारस्फूर्तिमधिरोहतीति। अत एव "**सद्वेद्यसम्यक्त्वहास्यरतिपुरुषवेदशुभायुर्नाम-गोत्राणि पुण्यम्**" इति वाचकमुख्योऽग्रे वक्ष्यति। किञ्चान्यत्, शोधितसुन्दरस्यापि हरितालस्य कुपथ्यं निकामसेवने यथा मूलाऽशोधितहरितालत्वमेव प्रादुर्भवति कुष्ठमहारोगादिबीजभूतत्वात्। एवं शङ्कितकांक्षिताद्यपथ्यभावितः शोधितमोहोऽपि मूलप्रकृतिमोहत्वमेव लभते, जिनवचनविराधना विपाकत्वात्। कोऽर्थः। यथातथानुभूयमानोऽयं नैवोपकाराय स्यात्किन्तु विवेकपरिक्षितसेवित एव तथाविधसद्गुरुवत्। यथा नाम सर्वेषामपि सद्गुरुर्मित्रमित्यभिधीयते, विराधिताशातितश्चासौ विचारकरणे महाशत्रुरिति देवगुरुधर्माणामेव तत्त्वभूतानां विराधनयाऽनन्तसंसारपाश बन्धाज्जीवानामिति।

(अ. - २, सू. - १) (पृ. - ४)

२. **(पारिणामिकः)** - अत्र घुणाक्षरन्यायात्पारिणामिकभावः। न खलु घुणाख्यजन्तुवेधितशुष्क काष्ठसूक्ष्मचूर्णकणसमुदायाऽधःपतनस्वयंपरिणताक्षरस्य कश्चिल्लेखको वर्तत इति। रूपान्तरपरिणमनं ह्युदयः, स च परमार्थतः पुद्गलेष्वेव, उपचारात्तु जीवेष्वपीति, यतो हि कदाचित्परमाणुरेकगुणकृष्णवर्ण-परिणतो भूत्वा द्विगुणकृष्णिमपरिणतः स्यात्। एकगुणत्वाद्द्विगुणत्वं रूपान्तरमेव, इत्येवमन्यत्रापि। परिणामः षड्द्रव्येऽपि। (अ. - २, सू. - १) (पृ. - १०)

३. **(कर्तृत्वं भोक्तृत्वं अनादिकर्मसन्तानबद्धत्वं)** - कर्तृत्वभोक्तृत्वानादिकर्मसन्तानबद्धत्वमिति त्रयं जीवेष्वेव। (अ. - २, सू. - ७) (पृ. - ४५)

४. **(असर्वगतत्वं)** - आकाशव्यतिरिक्तेष्वेव। (अ. - २, सू. - ७) (पृ. - ४५)

५. **(प्रदेशवत्त्वं)** - परमाणुव्यतिरिक्तेष्वेव। (अ. - २, सू. - ७) (पृ. - ४५)

६. **(अरुपत्वं)** - पुद्गलव्यतिरिक्तेष्वेव। (अ. - २, सू. - ७) (पृ. - ४५)

७. **(तेजोवायू)** - इह तेजोवायुग्रहणं यद्वनस्पतिपश्चात्कृतं तत्कथञ्चिद्द्वीन्द्रियादीनां त्रसत्वसाधर्म्यात्। किं चान्यत्, दारिद्र्यसाधर्म्यादप्येवमुचितं, यतस्तेजोवायुभ्यो द्वीन्द्रियादिभ्यस्त्रिभ्यश्च निर्गता न चैव सिद्ध्यन्तीति।(अ. - २, सू. - १४) (पृ. - ८९)

८. **(निर्वृत्त्युपकरणे)** - इह निर्वृत्तिः कर्णपर्पटिकादिरूपा। उपकरणं च द्वेधा। तत्र बाह्योपकरणं निर्वृत्तिरेव। अभ्यन्तरोपकरणं तु कर्मजनिता शब्दादिग्रहणशक्तिः। सा च कदम्बपुष्पाद्याकारा वेदितव्या।

लब्ध्युपयोगयोः परमार्थत ऐक्यमेव केवलमसौ भेदः, तद्यथा - इन्द्रियाणि विषयापेक्षया क्षायोपशमिकानि भवन्ति। परं तेषामुषयोगो ह्यान्तर्मुहूर्तिक एव स्यात्, लब्धिस्तु बहुतरकालपर्यन्तमिति। य एते एकेन्द्रियादयः स्पर्शनरसनघ्राणनयनश्रवणैर्यथोत्तरं वृद्धिशो वाच्या भवन्ति, ते च निर्वृत्त्युपकरणापेक्षया समाधीयन्ते मुख्यत्वात्। क्षयोपशमतस्तु पञ्चापीन्द्रियाण्येकेन्द्रियेष्वप्युपलभ्यन्ते। तद्यथा - **एहि भो ! मां परिणय परिणय इति यौवनाभिमुखसर्वाङ्गरमणीय कन्याकृतसम्बोधनमाकर्ण्य पारदस्तत्पृष्टौ धावति। नूपुररणरणत्कारप्रसिद्धचरणकमलया नार्य्या पादस्पृष्टोऽशोकतरुरकालं चापि पुष्यति (पुष्प्यति)। तिलकवृक्षश्च स्त्रिया मुखचुम्बनं ददत्वाऽकालं पुष्प्यति। कुरबकवृक्षस्तु सर्वाङ्ग-शृङ्गाररमणीयनार्याऽऽलिङ्गनमात्रप्राप्तावकालं पुष्प्यति। केशरवृक्षश्च नारीणां मुखारविन्द-मधुवासादकालं पुष्प्यतीति।।** (अ. - २, सू. - १७) (पृ. - १०२)

९. **(अर्थः)** - अर्थ इत्यवचनं तु ज्ञानापेक्षं स्वाम्यपेक्षं वा। न च वाच्यमन्यः श्रोता, अन्यो द्रष्टा अन्यो रसयितेत्यादि।। (अ. - २, सू. - २१) (पृ. - १२९)

१०. **(शतपदी)** - शतपदी कर्णखर्जूरिका कर्णशलाकेति।। (अ. - २, सू. - २४) (पृ. - १३५)

११. **(वृश्चिक)** - यत्तु कैश्चिदुच्यते वृश्चिकास्त्रीन्द्रिया इति तच्च तिमिरं ततः।। (अ. २, सू. २४) (पृ. - १३५)

१२. **(संज्ञिनः)** - ह्यस्तने दिवसेऽहमेवमकार्षं श्वस्तने त्वेवमन्यथा वा करिष्यामीति चिन्तनं, सा दीर्घकालिकी संज्ञेत्युच्यते। द्वित्रिचतुरिन्द्रियाणां हि यद्यपि हेतुवादोपदेशिकसंज्ञया भवति वर्तमानकाल-स्मरणं, तथापि ते "**दीनारमात्रेण कुतो धनवान्**", इति न्यायादसंज्ञिन एव बोध्या, अतीतानागतयोश्चिन्तनवैकल्यात्। अतो दीर्घकालिकसंज्ञयैव संज्ञितव्यवहारः, संज्ञा त्रिधा हेतुवादो-पदेशिकी दीर्घकालिकी दृष्टिवादोपदेशिकी चेति। अत्र तृतीया तु सम्यग्दर्शनवतामेव संज्ञिपञ्चेन्द्रियाणां भवति, तदपेक्षया सर्वे मिथ्यात्वीसंसारजीवा असंज्ञिन इत्युच्यमानाःस्युः। अत एव पञ्चमाङ्गे - "**नेरइया दुविहा पन्नता। तं जहा - सन्निभूया य असन्निभूया य इति**"। "**सन्नारहिया थिरा सव्वे**" इति तु तिसृणामपि संज्ञानामपेक्षया। केवलिनः सिद्धाश्च नोसंज्ञिनो नोऽसंज्ञिन इति। यद्यपि केवलिनां त्रयोदशगुणस्थाने त्रयोऽपि योगाः प्राप्यन्ते तथापि मनोवर्गणापुद्गलग्रहणाधीनं न हि तेषां चिन्तनं भवति। केवलं ते दूरस्थानामवधिमतां मनःपर्यायिणां वा कुतश्चिदुत्पन्नसंशयापायहेतोः प्रत्युत्तर-वार्ता अक्षररूपेण संकल्पयन्तीति। ततश्च द्रव्यमन एव तत्कथयितुं पार्यते, न च भावमनः। यथा हि - नाम कर्णेन्द्रियगृहीतुमुचिततद्वक्त्रविनिर्गतवर्ण-सन्दोहो द्रव्यश्रुततया भगवदपेक्षायां भण्यते तथेदम्। ननु नाम तर्हि द्रव्यस्य पर्यायवियुततया द्रव्यत्वमेव कुतस्तनं स्यात्। मैवम्। श्रोतृविज्ञातृछद्मस्थपुरुषान्त-स्तस्य भावस्फुटलाभात् न च ते भावा एकान्तशो द्रव्याद्भिन्नास्ततश्चाऽविरोधसिद्धिः।

(अ. - २, सू. - २५) (पृ. - १३९)

१३. **(विग्रहगती)** - यत्रालोकाकाशप्रदेशानां मार्गमध्ये प्राप्तिर्भवति तत्र ऋजुगतिर्व्याहन्यते। अलोकान्तः

खलु धर्माधर्मयोरवर्तमानत्वाज्जीवाऽजीवानां गतिः स्थितिश्च न भवितुं शक्नोत्यतो वक्रगतिव्यवहारः॥ (अ. - २, सू. - २६) (पृ. - १४८)

१४. **(चतुर्भ्यः)** - केचिदाचार्याः पञ्चसमयान्यावद्वक्रां मन्यन्ते। यदाह संग्रहण्यां श्रीचन्द्रः - "**उजुगइइग-समया वक्कं चउपंचसमयंता।**" इति, तच्च मतान्तरम्। (अ. - २, सू. - २९) (पृ. - १६२)

१५. **(अण्डजा-नाम्)** - अण्डजाः खलु गर्भमध्यशः समुत्पद्य येनिमार्गाद्विनिर्गता इह गृह्यन्ते, न च संज्ञि पञ्चेन्द्रियेभ्यो भिन्नजीवानां योनिर्भवति। योनिर्भगश्च्युतिर्वराङ्गः स्त्रीचिह्नमित्यनर्थान्तरम्। ततश्च यूकामत्कुण-कीटिकादीनामण्डजत्वं न स्यात्, ते हि जीवा बहिःस्थितस्वेदपिण्डादौ सम्मूर्छन्ति विवृत-योनित्वात्। संमूर्च्छनं त्वनेकविधं रसस्वेदोद्भेदादिप्रकारैः। श्रूयते त्रसानामप्यष्टविधयोनिकत्वम्।

"**अण्डजाः पक्षिसर्पाद्याः, पोन्जाः कुञ्जरादयः। रसजा मद्यकीटाद्या, नृ-गवाद्या जरायुजाः॥१॥**

**यूकाद्याः स्वेदजा मत्स्यादयः सम्मूर्च्छनोद्भवाः। खञ्जनास्तूद्भिदोऽथोपपादुका देवनारकाः॥२॥**

**त्रसयोनय इत्यष्टा**" इति हैमकोषः। "**अंडया पोयया जराउया रसया संसेइमा सम्मुच्छिमा उब्भिया उववाइया**" (दशवैकालिक अध्याय-४, त्रसाधिकारः) इत्यागमश्च। तथा -

"**कुरण्टाद्या अग्रबीजा, मूलजास्तूत्पलादयः। पर्वयोनय इक्ष्वाद्याः, स्कन्धजाः सल्लकीमुखाः॥१॥**

**शाल्योदयो बीजरुहाः, संमूर्च्छजास्तृणादयः। स्युर्वनस्पतिकायस्य, षडेता मूलजातयः॥२॥**"

इति हैमः।

"**अग्गबीया मूलबीया पोरबीया खंधबीया बीयरुहा, सम्मूर्च्छिमा**" (दशवैकालिक अध्याय - ४, त्रसाधिकारः) इत्यागमश्चापि॥ (अ. - २, सू. - ३४) (पृ. - १९९)

१६. **(सूक्ष्मं)** - सूक्ष्मतापरिणतं सूक्ष्ममित्यर्थः। "**शब्द-बन्ध-सौक्ष्म्य-स्थौल्य-संस्थान-भेद-तमश्छायातपोद्योतवन्तश्च**" इति अग्रे वक्ष्यति। कोऽर्थः, य एव परमाणवः स्कन्धतां प्राप्ताः स्थौल्यभाजो भवन्ति त एव च सौक्ष्म्यभाजोऽपि भवितुं शक्नुवन्ति तथाविधच्छद्मस्थ-जनागोचराऽनन्तानन्तशक्तित्वात्तेषाम्। ततश्च विचारणीयं यावन्तः पुद्गला एकमात्रवैक्रियशरीरत्वा-परिणता ये स्युस्तावन्तस्ते यदि औदारिकशरीरत्वपरिणामिनो जायन्ते तदा तद्वैक्रियपरिमाणा-वगाहनयाऽसङ्ख्येयान्यौदारिकाणि जायन्त इति। मा च कश्चित्संशयार्णवे पततु, यतस्ते पुद्गलास्तुल्याकाशप्रदेशेष्वत्यर्थाऽत्यर्थं कथं मान्तीति। श्रूयतां भोः आकाशप्रदेशो हि परमाणुद्रव्याऽवगाहना-परिमाणो भण्यते तस्मिन्नैव चैकत्र नभःप्रदेशे स्वयंसिद्धतावत्प्रमाणाऽवगाहनाभाजोऽनन्तानन्ताः परमाणु-पुद्गला मा तास्तिष्ठंतीत्येवमाकाशद्रव्यस्य पृथक्पृथक्प्रतीताऽवगाहदानशक्त्यानन्त्यं तथाविधज्ञानि-गम्यम्॥ (अ. - २, सू. - ३८) (पृ. - २१३)

१७. **(अनन्तगुणे)** - सूक्ष्मैकनिगोदजीवस्यापि तैजसं शरीरं यद्यौदारिकत्वपरिणतं स्यात्तदाऽसत्कल्प नयाऽनन्तयोजनव्याप्तं तद्वपुर्भवत्यतः॥ (अ. - २, सू. - ४०) (पृ. - २१९)

१८. **(अनादिसंबंधे)** - न आदिर्यस्य सम्बन्धस्य सोऽनादिसम्बन्ध इति। किमुक्तं भवति। न च कदाचिच्चिन्त्यं तैजसकार्मणाभ्यां प्रथमावस्थो जीवो जीवाद्वा प्रथमाऽवस्थे तैजसकार्मणे, किं तु त्रयमप्येतत्सहोत्थितं यथा नाम खानिविशेषे सुवर्णरजसी इति। (अ. २, सू. ४२) (पृ. - २२३)

१९. **(तैजसं)** - केन लक्षणेन कृत्वा तैजसं लक्ष्यमिति। अत्रोच्यते आहारपचनं हि तैजसस्यैवोपकारः। यानि च जीवतामौदारिकपिण्डे रुधिरमांसादीनि वह्नितापितघृतवदऽस्त्यानभाञ्जि भवन्ति तत्किल तैजसस्य सामर्थ्यम्। ततश्च जीवस्य तैजसकार्मणाभ्यां साकं भवान्तरे गतस्य पृष्टाऽविशेषितौदारिकं मांसाद्य-पेक्षया प्रायः स्त्यानीभूतं भवति लोकाश्च बादरदृष्टयो विमृश्य संशेरते रुधिरमेव नु जीव इत्यादि। (अ. - २, सू. - ४३) (पृ. - २२७)

२०. **(आहारकं चतुर्दशपूर्वधरस्यैव)** - आह्रियते गृह्यते सूक्ष्मातिसूक्ष्मविचारप्रत्युत्तरं परमेश्वरप्रदत्त मनेन शरीरेण कृत्वा पूर्वधरैरिति आहारकम्। तच्च शुक्लपाक्षिकभव्यानामेव भवति तेष्वपि चतुर्दश-पूर्वधरैरेव तत्प्राप्तुं शक्यते -

**चत्तारि य वाराओ, चउद्दसपुव्वी करेइ आहारं। संसारंमि वसंतो, एगभवे दुन्नि वाराओ॥ १॥**

प्राप्तचतुर्थाहारकदेहा नियतं तद्भवमुक्तिगामिन इत्यर्थः॥ (अ. - २, सू. - ४९) (पृ. - २५२)

२१. **(द्रव्योपचितं)** - आहारकशरीररूपं तीर्थंकरगणधरशरीरेभ्योऽनन्तगुणहीनं पञ्चमानुत्तरविमान-वासिदेवाच्चानन्तगुणाधिकं भवत्यतः। (अ. - २, सू. - ४९) (पृ. - २५३)

२२. **(औदारिकं)** - अत एव उदराद्भवमौदारिकमिति लौकिक एवार्थः। अन्यथा औदारिकस्य सम्मूर्च्छनं न स्यात्, न च सन्मूर्च्छितजीवा उदराज्जायन्त इति वक्तुं शक्यमतः। (अ. - २, सू. - ४९) (पृ. - २६२)

२३. **(छेद्यं भेद्यं दाह्यं)** - यद्यपि नारकाः परमाधार्मिकैश्छेद्यन्ते भेद्यन्ते दाह्यन्ते च तथापि न हि तेषां तद्देहं मूलतश्छेत्तुं भेत्तुं दग्धुं शक्यते केनापि पारद इव शीत्वा शीत्वाऽपि ते नारका नातिवेला-ऽतिक्रमेण मिलन्त्येव ततः॥ (अ. - २, सू. - ४९) (पृ. - २६५)

२४. **(हार्यं)** - हार्यमिति च वैक्रियं न स्यात्। कोऽर्थः, वैक्रियशरीरवान् नहि केनचित्स्वच्छन्दं सुखस्य दुःखस्य वा स्थाने पातयितुं शक्यते, किमुक्तं भवति। तुष्टैरपि प्राग्जन्मस्नेहादिना देवैः खलु नैरयिका यथा स्वर्गभूमौ नहि वास्या भवन्ति बलभद्रेणेव पञ्चमस्वर्गस्थितिमता कृष्णादय इव। एवं रुष्टैरपीन्द्रादिभिर्देवा नरकभूमौ न च निवास्या जायंते तेषां जन्मतोऽपीष्टफलदेहत्वात्ततः। (अ. - २, सू. - ४९) (पृ. - २६५)

२५. **(औदारिकं वैक्रियं)** - आगमे च "**उरालियं वेउव्वियं आहारगं**" इत्यादि। तत्र च उरलं विरलप्रदेशं तदेवौरालिकमित्यप्यर्थः। विकुव्व इति सिद्धान्तप्रसिद्धो धातुः। विकुर्वणं विकुर्वस्तद्भवं वैकुर्विकमित्यप्यर्थः॥ (अ. - २, सू. - ४९) (पृ. - २६७)

२६. **(भवति)** - यद्यपि यदृच्छया विनिर्मितबहुस्वरूपो वैक्रियशरीरी खण्डश इव जातो विलोक्यते,

तथापि तज्जीवस्यैकत्वात् खण्डविचारोऽपार्थः किमुक्तं भवति। मर्त्यलोकान्तभागवदर्हज्जन्मादिषु स्वर्गादिस्थानतोऽमरेन्द्रादयः स्वभवधारणीयकायं स्वात्मप्रदेशव्याप्तमेव तत्र विमुच्येह समागच्छन्ति। तदा भवधारणीयदेहस्थानादारभ्य समवसरणादिभूमिपर्यन्तं जीवप्रदेशव्याप्तिः स्यान्न च ते जीवप्रदेशाश्छद्मस्थगोचरा इति ततः॥ अन्यथा परमार्थादपि द्रव्यत्वं पर्यायवदनित्यं घटेतेति।

(अ. - २, सू. - ४९) (पृ. - २६८)

२७. **(विषयः)** - विषयो ह्यौदारिकस्य तिर्यग्विद्याधरानाश्रित्य नन्दीश्वरद्वीपपर्यन्तं, जङ्घाचारणांस्तु प्रति रुचकगिरेः वैक्रियस्याऽसंख्येया द्वीपसमुद्रा इत्यादि। (अ. - २, सू. - ४९) (पृ. - २७५)

२८. **(स्वामित्वं)** - स्वामित्वं त्वौदारिकस्य नृतिर्यक्ष्वेव वैक्रियस्य चतसृष्वपि गतिषु इत्यादि॥

(अ. - २, सू. - ४९) (पृ. - २७५)

२९. **(अवगाहना)** - अवगाहना औदारिकस्य सातिरेकयोजनसहस्रं वैक्रियस्य तु साधिकलक्षयोजनानि स्यादुत्कर्षत इत्यादि॥ (अ. २, सू. ४९) (पृ. - २७५)

३०. **(स्थितिः)** - स्थितिः औदारिकस्य पल्यत्रयं वैक्रियस्य तु त्रयस्त्रिंशत्सागराणीत्यादि॥

(अ. - २, सू. - ४९) (पृ. - २७७)

३१. **(अल्पबहुत्वं)** - अल्पबहुत्वं तु यथा सर्वस्तोकमाहारकम्, ततो वैक्रियौदारिके क्रमशोऽसंख्येये, ततस्तैजसकार्मणे तुल्ये इति अनन्तगुणे। (अ. - २, सू. - ४९) (पृ. - २७७)

३२. **(औपपातिक)** - उपपाते भवा औपपातिका उपपादुका इत्यनर्थान्तरम्। ते हि देवनारका एव भवन्ति। उत्पत्तिसमयादन्तर्मुहूर्तेणापि तारुण्यलाभात्तेषां जघन्यतो दशवर्षसहस्राण्यप्यायुःस्थितिममी लभन्ते ततोऽसंख्येयवर्षायुभ्योऽतिरिच्यन्ते। (अ. - २, सू. - ५२) (पृ. - २९७)

३३. **(अर्धचक्रवर्तिनः)** - इह राम-कृष्ण-प्रतिकृष्णा अर्द्धचक्रवर्तिन इत्युच्यन्ते।

(अ. - २, सू. - ५२) (पृ. - २९८)

३४. **(सोपक्रमा)** - चरमदेहानां तीर्थंकरपरमेश्वरवर्जितानां सोपक्रमत्वं शिष्योपचाराय ज्ञापितमस्ति। कोऽर्थः - स्कन्दकाचार्यान्तेवासिनामिव यन्त्रपीलनाद्युपसर्गप्राप्तिर्भवत्यपि तद्भवमुक्तिगामिनाम्। भण्यते च गजसुकुमालमहर्षिः सोमिलब्राह्मणविरचिताऽग्न्युपसर्गकष्टसहननिश्चलध्यानो मुक्तिमवापदिति। परमार्थतस्तु निरुपक्रमत्वमेवेह।

यदाह -

**''उत्तम चरमसरीरा सुरनेरइया असंखनरतिरिया।**
**हुंति निरुवक्कमाऊ, दुहावसेसा मुणेयव्वा॥ १॥''** इति।

अत्यन्तगाढाभिप्रायेण बद्धस्य कर्मणो निकाचितत्वं स्यान्निकाचितं चाऽवश्यक्रमवेद्यफलमिति।

(अ. - २, सू. - ५२) (पृ. - ३०३)

**॥ द्वितीयोऽध्यायसमाप्तम्॥**

# परिशिष्ट - ७

## टीकागतग्रन्थानामकारादिक्रमः


| ग्रंथ नाम | पृष्ठ |
|---|---|
| श्री आचारांग सूत्र | १३० |
| श्री आवश्यक सूत्र | १३० |
| श्री आवश्यक निर्युक्ति | ६५ |
| श्री तत्त्वार्थ सूत्र | १, २७, २८, ४७, ५९, १४७ ,१८६, १८७, २८० |
| श्री तत्त्वार्थ भाष्य | २ |
| श्री तत्त्वार्थ संबंध कारिका | ६५ |
| श्री नंदी सूत्र | ५२, १४० |
| श्री नंदी सूत्र हारिभद्रीय टीका | १४१ |
| पंच संग्रह | २९५ |
| श्री प्रज्ञापना सूत्र | ४२, ६३, ८५, १०५ |
| प्रशमरति | ७ |
| पाणिनी व्याकरण | ९६, २०१, २०२, २०६, २१७, २५४, २७३, |
| श्री भगवती सूत्र | १३, १८, ५४, ६१, ६५, ६६, ६७, ८६, १५४, १६६, १७०, २७०, २७१, २७२ |
| शब्द प्राभृत | ९७ |

## परिशिष्ट - ८

## टीकागतानामुद्धरणानामकारादिक्रमः


| गाथा | | पृष्ठ |
|---|---|---|
| अणगारे णं भंते | (भ. सू. ३/५/१६१) | २७० |
| अत्थि णं भंते | (भ. सू. १४/८/५३१) | २७१ |
| अद्धा जोगुक्कस्सा | (पंच संग्रह ... ११६) | २९५ |
| अन्येष्वपि दृश्यन्ते | (पा. व्या. ३/२/१००) | २०१ |
| अपज्जत्तगा णं भंते ! जीवा | (भ. सू. ८/२/३१८) | ६५ |
| अपज्जत्तसुहुमपुढविकाइए णं भंते अधो | (भ. सू. ३४/१/८५१) | १६१ |
| अपज्जत्तसुहुमपुढविकाइए णं भंते इमीसे | (भ. सू. ३४/१/८५०) | १६५ |
| अल्पाच्तरत्वात् | (पा. व्या. २/२/३४) | २०२ |
| आया भंते ! नाणे अण्णाणे ? | (भ. सू.) | ५४ |
| इतराभ्योऽपि दृश्यन्ते | (पा. व्या. ६/३/१४) | २१७ |
| इन्द्रियमिन्द्रलिङ्गमिन्द्र | (पा. व्या. २/५/९३) | २७० |
| एस णं भंते ! जीवे | (भ. सू. १४/४/५११) | १८ |
| कतिविधे णं भंते ! | (प्र. सू. पद २९, सू. ३१२) | ६३ |
| कृत्यल्युटो बहुलम् | (पा. व्या. ३/३/१३) | २०६, २५४, २७३ |
| जल्लेसाइं दव्वाइं | (प्र. सू. लेश्या पदे) | ४२ |
| जस्स दवियाता तस्स | (भ. सू. १२/१०/४६७) | ६६ |
| जातिस्सरे उ भगवं | (आ. नि. गाथा १९३) | ६५ |
| जीव च णं भंते ! | (भ. सू.) | १५४ |
| जीवे णं भंते ! गब्भातो | (भ. सू. १/७/६२) | ६७ |
| ज्ञानैः पूर्णाधिगतैः | (तत्त्वार्थ संबंध कारिका १२) | ६५ |
| देवे णं भंते महड्ढिए | (भ. सू. १८/७/६३५) | २७२ |
| पुढवीकाइए णं भंते ! अक्कंते | (भ. सू. १९/३/३१) | ८६ |
| पुढवीकाइया णं भंते ! किं सागारो | (प्र. सू. ३१२) | ८५ |
| फसिंदियं णं भंते ! संठिए | (प्र. सू. १९१) | १०५ |
| मति अण्णाणी णं भंते | (भ. सू. १९) | ६५ |
| षष्ठश्च सान्निपातिक | (प्र. प्र. १९७) | ७ |
| सव्वजीवाणं पि य णं अक्खरस्स | (नं. सू. ४२) | ५२ |
| संज्ञ्यसंज्ञीति सर्वत्र | (नं. सू. हारिभद्रीय टीका) | १४१ |
| से नूणं भंते ! णेरइयस्स वा | (भ. सू. १/४/४०) | १२ |

# परिशिष्ट - ९

## टीकागतपरिभाषा-न्यायानामकारादिक्रम:


| सूत्र | पृष्ठ |
|---|---|
| अनरवन्ति चक्राणि | ८१ |
| अनुदरकन्यावत् | १२८ |
| अव्यतिरेकलक्षणा षष्ठी | १४ |
| अश्वरथन्याय | १४९ |
| आरम्भो नियमार्थ: | ९४ |
| कर्तृलक्षणा षष्ठी | १३ |
| कृष्णसर्पवद्वल्मीकन्यायेन | ८१ |
| चानुकृष्टमुत्तरत्र नानुवर्तते | ३० |
| ज्ञापकादे: कथञ्चित् | २०० |
| तद्गुणसंविज्ञानबहुव्रीहि: | ९० |
| नोघटवत् | १३० |
| शाकपार्थिवादिवत् | १४९ |


## टीकागतव्यक्तिविशेषनामानि


| | |
|---|---|
| आर्यगङ्गनिह्नवक | ११८ |
| कपिल | ३९ |
| श्रेणिक | ७ |

*ગિરિવિહાર ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત*

## પ. પૂ. યોગનિષ્ઠ આચાર્ય શ્રી વિજયકેશરસૂરીશ્વરજી મ. સા.

### દ્વારા રચિત રસભરપૂર સાહિત્ય અને ગ્રંથ રત્નોની સૂચિ

**ગુજરાતી ભાષામાં પુસ્તકાકારે**

૧. આત્મવિશુદ્ધિ
૨. આત્મજ્ઞાન પ્રવેશિકા
૩. આત્માનો વિકાસક્રમ અને મહામોહનો પરાજય
૪. ધ્યાન દીપિકા
૫. યોગશાસ્ત્ર - ભાષાંતર
૬. સમ્યગ્ દર્શન
૭. પ્રભુના પંથે જ્ઞાનનો પ્રકાશ
૮. આનંદ અને પ્રભુ મહાવીર
૯. મહાવીર તત્ત્વપ્રકાશ
૧૦. પ્રબોધ ચિંતામણિ
૧૧. ધર્મોપદેશ તત્ત્વજ્ઞાન
૧૨. શાંતિનો માર્ગ
૧૩. ગૃહસ્થ ધર્મ
૧૪. નીતિમય ધર્મ
૧૫. નીતિવિચાર રત્નમાલા
૧૬. મહાબલ મલયાસુંદરી ચરિત્ર - ભાષાંતર
૧૭. સુદર્શના ચરિત્ર એટલે સમલીવિહાર - ભાષાંતર
૧૮. દશવૈકાલિક - ભાષાંતર
૧૯. અદ્ભુત યોગીની અમરકથા
૨૦. છીપ મોતી
૨૧. ચારિત્રમાં મુજ મન વસો, ચારિત્ર મુજ તનમાં વસો
૨૨. હસ્તરેખા સંજીવની
૨૩. બૃહદ્યોગ વિધિ
૨૪. શ્રી તપાગચ્છ વંશાવલી
૨૫. માર્ગદર્શક ગુરુદેવ અને આદર્શ ગચ્છાધિરાજ
૨૬. આદર્શ ગચ્છાધિરાજ
૨૭. પ. પૂ. આચાર્ય શ્રી વિજયકમલસૂરીશ્વરજી મ. સા.નું જીવન ચરિત્ર
૨૮. જિમ જિમ એ પ્રભુ સેવીએ, તિમ તિમ પાતિક જાય સલુણાં
૨૯. ધર્મરત્નનાં અજવાળા એટલે ધર્મરત્ન પ્રકરણ - ભાષાંતર
૩૦. ધર્મરત્ન પ્રકરણ (મૂલ તથા અર્થ સહિત
૩૧. અધ્યાત્મ કલ્પદ્રુમ અર્થ સહિત
૩૨. મુક્તિમાર્ગનો સાથી
૩૩. નિત્ય આરાધના
૩૪. સમાધિની સાધના
૩૫. ઉપદેશમાલા અંતર્ગત કથાસાગરનાં અનમોલ રત્નો
૩૬. શ્રી પંચજિનેશ્વર સ્તવન મંજરી
૩૭. શ્રી ચોવીસ જિનેશ્વર પરિચય ચક્ર
૩૮. જિન તેરે ચરણ કી શરણ ગ્રહું
૩૯. દિપાવલી આરાધના વિધિ
૪૦. શ્રી ગિરિશીલા પૂજન

**ગુજરાતી ભાષામાં પ્રતાકારે**

૪૧. જ્ઞાન વિમલ સૂરિકૃત કલ્પસૂત્રના ઢાળીયા
૪૨. મહાબલ મલયાસુંદરી ચરિત્ર - ભાષાંતર
૪૩. સુદર્શના ચરિત્ર એટલે સમલીવિહાર - ભાષાંતર
૪૪. શ્રી પંચ સૂત્ર ભાષાંતર
૪૫. ધર્મરત્નનાં અજવાળા એટલે ધર્મરત્ન - ભાષાંતર

**हिन्दी भाषा में पुस्तकाकार में**

४६. आत्मज्ञान प्रवेशिका
४७. आत्मविशुद्धि
४८. प्रभु के मार्ग में ज्ञान का प्रकाश
४९. शान्ति का मार्ग
५०. गृहस्थ धर्म
५१. नीतिमय जीवन
५२. धर्मोपदेश तत्त्वज्ञान
५३. ध्यान दीपिका
५४. मलयासुन्दरी चरित्र
५५. पथ प्रदर्शक गुरुदेव
५६. प्रभुभक्ति वंदना
५७. श्री चौवीस जिनेश्वर परिचय चक्र
५८. समाधि की साधना
५९. श्री प्रभव हेम संस्कार शिबिर

**हिन्दी भाषा में प्रताकार में**

६०. श्री ज्ञानविमलसूरीश्वरजी कृत कल्पसूत्र के ढालिये (हिन्दी लिपि में)

**अंग्रेजी भाषा में पुस्तक**

61. Knoeledge of Soul

**मराठी भाषा में पुस्तक**

६२. आत्मज्ञान प्रवेशिका



धन्य जिन्होंने उलट उदधि को एक बुँद में डाला।
ગંભીર અર્થ રૂપ દરિયાને સૂત્રના એક ટીપામાં મઢવાની કોશિશ કરનાર
એવા કુશળ કારીગર રૂપ શ્રી ઉમાસ્વાતિવાચકવર્યને તથા તે ઉપર ટીકા લખી
બિંદુમાંથી સિંધુ પ્રગટાવનાર ગંધહસ્તિ શ્રી સિદ્ધસેનગણિને અનંતશઃ વંદના...



પૂજ્યપાદ ભોપાલ તીર્થોદ્ધારક ગચ્છાધિપતિ
આચાર્યદેવ શ્રી વિજય હેમપ્રભસૂરીશ્વરજી મ. સા.

# મુખપૃષ્ઠ-પરિચય

जैनेन्द्रशासनसमुद्रमनन्तरत्न-
मालोड्य भव्यजनतोषविधायि येन।
रत्नत्रयं गुरुसमुद्धृतमिद्धबुद्धया,
तत्त्वार्थसङ्ग्रहकृते प्रणमामि तस्मै ।।१ ।।

-श्रीसिद्धसेनगणिप्रणीततत्त्वार्थटीकागत-मङ्गलश्लोक:

વિશ્વકલ્યાણકર આ જિનશાસન અનંત અને અક્ષય શ્રુતનો સાગર છે. જેમાં ચિંતામણિ રત્નથી પણ ચઢીયાતાં અનેક સિદ્ધાંત રત્નો ભરેલા છે. આ સ્યાદ્વાદ અને અનેકાંતવાદમય શ્રુતસાગરનું વાચકશ્રી ઉમાસ્વાતિજી મહારાજાએ પોતાની તેજસ્વી બુદ્ધિરૂપી રવૈયા વડે મંથન કરી-વલોવી તેમાંથી સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ ત્રણ રત્નોનું ઉદ્ધરણ કરી આ તત્ત્વાર્થાધિગમસૂત્ર રૂપી ગાગરમાં ભરી દીધા છે- તો ચાલો! મોક્ષમાર્ગને પામવા આ સૂત્રનો સ્વાધ્યાય કરીએ...